जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

**પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,**
**(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.**




www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**
Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**
Created by : nikhil sambhav™ NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

પરમ પૂજ્ય આચાર્ય
શ્રી ચન્દ્રમહત્તરાચાર્ય મહારાજશ્રી વિરચિત

# સપ્તતિકાનામા
## (છઠ્ઠો કર્મગ્રંથ)

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

: વિવેચક :
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

: પ્રકાશક :
શ્રી જૈન ધર્મપ્રસારણ ટ્રસ્ટ - સુરત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

परम पूज्य आचार्य

श्री चंद्रमहत्तराचार्य महाराज विरचित

# सप्ततिकानामा

(छठ्ठो कर्मग्रंथ)

JAINSITE .com
जैन साईट
जिनम् जयति शासनम्

❀ विवेचक ❀

धीरजलाल डाह्यालाल महेता

❀ प्रकाशक ❀

श्री जैन धर्म प्रसारण ट्रस्ट - सुरत

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

132033

# સપ્તતિકા નામા

(છટ્ઠો કર્મગ્રંથ)

- વિવેચક -

ધીરજલાલ ડી. મહેતા

વિક્રમ સંવત - ૨૦૬૨

ઈસ્વીસન - ૨૦૦૬

વીર સંવત - ૨૫૩૨

પ્રથમ આવૃત્તિ


પ્રકાશક

શ્રી જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ

૭૦૨, રામસા ટાવર, ગંગાજમના એપાર્ટમેન્ટ પાસે, અડાજણ પાટીયા, સુરત-૩૯૫૦૦૯. Guj. (INDIA). ફોન : (૦૨૬૧) ૨૭૮૮૯૪૩

પ્રાપ્તિસ્થાનો

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે, ન્યુ રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯ Guj. (INDIA). ફોન : (૦૨૬૧) ૨૭૮૮૯૪૩

શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે, મહેસાણા. (ઉત્તર ગુજરાત)

સેવંતીલાલ વી. જૈન

૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન (૦૨૨) ૨૨૪૧૨૪૪૫

સોમચંદ ડી. શાહ

સુઘોષા કાર્યાલય, જીવનનિવાસ સામે, પાલીતાણા-૩૬૪૨૭૦. (મો) : ૯૮૨૫૮૮૧૧૧૨.

સરસ્વતી પુસ્તક ભંડાર

હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧. ફોન (૦૭૯) ૨૫૩૫૬૬૯૨

જૈન પ્રકાશન મંદિર

દોશીવાડાની પોળ, અમદાવાદ-૧. ફોન (૦૭૯) ૨૫૩૫૬૮૦૬

કિંમત રૂા. ૧૬૦/-

મુદ્રક

ભરત ગ્રાફિક્સ

ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન (૦૭૯) ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩



જૈનમ્ સાઈટ JAINSITE.com જૈનમ્ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અમારા લખાયેલા પ્રકાશિત થયેલાં પુસ્તકો

૧. **યોગવિંશિકા** :- ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૨. **યોગશતક** :- સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૩. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત** :- નવકારથી સામાઈયવયજુત્તો સુધીના સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણસ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૪. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ** :- દેવસી-રાઈઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૫. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ** :- જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૬. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા** :- પ્રૌઢ સ્ત્રી-પુરુષોને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૭. **પ્રથમ કર્મગ્રન્થ (કર્મવિપાક)** :- સરળ ગુજરાતી વિવેચન.

૮. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ)** :- સરળ ગુજરાતી વિવેચન.

૯. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ)** :- સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ)** :- સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **પંચમ કર્મગ્રન્થ (શતક)** :- પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૨. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા)** :- છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. **પૂજા સંગ્રહ સાર્થ** :- પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

૧૪. **સ્નાત્રપૂજા સાર્થ** :- પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

૧૫. **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય** :- ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

૧૬. **નવસ્મરણ** :- મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઈંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઈંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭. **રત્નાકરાવતારિકા (ભાગ-૧)** :- પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

૧૮. **રત્નાકરાવતારિકા (ભાગ-૨)** :- પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

૧૯. **રત્નાકરાવતારિકા (ભાગ-૩)** :- પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

૨૦. **આઠ દૃષ્ટિની સજ્ઝાય** :- પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

૨૧. **યોગદૃષ્ટિ સમુચ્ચય** :- પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૨૨. **તત્ત્વાર્થાધિગમ સૂત્ર** :- સૂત્રોનું સરળ, રોચક તથા સંક્ષિપ્ત વિવેચન.

૨૩. **શ્રી વાસ્તુપૂજા સાર્થ** :- પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત પૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

૨૪. **શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત** :- વિવેચન સહ.

૨૫. **સવાસો ગાથાનું સ્તવન** :- પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

જૈન સાઈટ JAINSITE નમ્ જયતિ શાસનમ્

૨૬. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ** :- પૂ. ઉ. શ્રી યશોવિજયજી મ. શ્રી કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન યુક્ત અર્થ સાથે.

૨૭. **અઢાર પાપસ્થાનકની સજ્ઝાય** :- અર્થ-વિવેચન સાથે.

**ભાવિમાં લખવાની ભાવના**

૨૮. અમૃતવેલની સજ્ઝાયના અર્થ.

૨૯. **સમ્મતિ પ્રકરણ** :- પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૩૦. **જ્ઞાનસાર અષ્ટક** :- દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. **જૈનદર્શનનો સંક્ષિપ્ત પરિચય** :-

લિ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રાસંગિક નિવેદન

અનાદિ એવા આ સંસારમાં અનંત-અનંત જીવો છે. આ સર્વે જીવો સત્તાગત રીતે સિદ્ધ પરમાત્માની જેમ અનંત અનંત ગુણોથી ભરપૂર ભરેલા છે. પરંતુ તેના ઉપર કર્મોનાં આવરણો લાગેલાં છે. તેથી તે ગુણો ઢંકાયેલા છે. આ સર્વે ગુણો ખુલ્લા કરીને આત્માનું સત્તાગત શુદ્ધસ્વરૂપ જો પ્રાપ્ત કરવું હોય, તો તે કર્મોને ખપાવવાં જ પડે, તોડવાં જ પડે. તે કર્મોને તોડવા માટે કર્મોનું સાચું સ્વરૂપ ભણવું પડે. જાણવું પડે. આ કારણે જૈનદર્શનમાં કર્મના વિષયને જણાવતું ઘણું સાહિત્ય મહર્ષિ પુરુષોએ બનાવ્યું છે. તેમાં પ્રાથમિક અભ્યાસ રૂપે કર્મગ્રંથો ૧ થી ૬ સુપ્રસિદ્ધ છે.

૧ થી ૫ કર્મગ્રંથો, જો કે જુદા જુદા આચાર્ય મહર્ષિઓના બનાવેલા પણ છે. તો પણ સરળ અને સુખબોધ હોવાથી હાલ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજીના બનાવાયેલા જ વધારે ભણાય છે. તેથી તેને નવા પાંચ કર્મગ્રંથો કહેવાય છે. અને ભિન્ન ભિન્ન આચાર્યના પૂર્વે રચાયેલાને પ્રાચીન કર્મગ્રંથો કહેવાય છે. નવીન પાંચ કર્મગ્રંથોનું ગુજરાતી વિવેચન લખીને પ્રકાશિત કર્યા પછી હવે આ છઠ્ઠા કર્મગ્રંથનું ગુજરાતી વિવેચન તૈયાર કરીને શ્રી સંઘના કરકમલમાં સમર્પિત કરૂં છું. આ છઠ્ઠો કર્મગ્રંથ પરમ પૂજ્ય ચંદ્રમહત્તરાચાર્યનો બનાવેલો છે.

આ કર્મગ્રંથનું બીજું નામ "સપ્તતિકા" છે. આ ગ્રંથની મૂલ ગાથાઓ-૭૦ હતી. તેથી તેનું નામ સપ્તતિકા હતું. પછીથી આ ગ્રંથ દુર્ગમ લાગવાથી અને ૯૦મી ગાથામાં ગ્રંથકારશ્રીની અપૂર્ણ લાગતા અર્થને પૂર્ણ કરવાની અનુજ્ઞા હોવાથી ૨૧ ગાથાઓ પ્રક્ષિપ્ત કરવામાં આવી છે. તેથી કુલ ૭૦ + ૨૧ = ૯૧ ગાથાઓ છે. ગાથા નંબર - ૬, ૧૧, ૨૭, ૩૮, ૩૯, ૪૬, ૪૭, ૫૩, ૫૪, ૫૫, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૨, ૮૫ અને ૯૧ એમ કુલ ૨૧ ગાથાઓ અન્ય ગ્રંથોમાંથી પ્રક્ષેપ કરાયેલી છે. એમ કુલ ૯૧ ગાથાઓ થાય છે.

તથા ૯૦-૯૧ આ બન્ને ગાથાઓ સમાપ્તિસૂચક હોવાથી તે બે વિના ૮૯ ગાથાઓ આ ગ્રંથના વિષયને સૂચવનારી છે. તેથી જ છેલ્લી ૯૧મી ગાથામાં કહ્યું છે કે "एगूणा होइ नउइओ" આ રીતે ૮૯ ગાથાઓ મૂલવિષય સૂચવનારી અને છેલ્લી બે ગાથા ઉપસંહાર સૂચક કુલ ૯૧ ગાથાઓ છે. સપ્તતિકા ઉપર એક ચૂર્ણિ છે. તથા આ છઠ્ઠા કર્મગ્રંથ ઉપર પરમપૂજ્ય મલયગિરિજી મહારાજશ્રીની બનાવેલી ટીકા છે. તથા કેટલાંક ગુજરાતી વિવેચનો સુપ્રસિદ્ધ છે.

આ ગ્રંથનું વિવેચન લખવામાં મુખ્યત્વે સપ્તતિકાગ્રંથ, તેની ચૂર્ણિ, પૂ. મલયગિરિજી મ. શ્રીની ટીકા, સપ્તતિકા ભાષ્ય તથા કમ્મપયડિ અને પંચસંગ્રહ ઈત્યાદિ ગ્રંથોનો આધાર લીધેલ છે. તથા પૂજ્ય પંડિતજી શ્રી પુખરાજજી સાહેબના સંપાદિત કરેલા પંચસંગ્રહના ત્રીજા ભાગરૂપ સપ્તતિકાના વિવેચનનો વધારે સહારો લીધો છે. વળી મહેસાણા પાઠશાળા અને પંડિતવર્ય શ્રી રસિકભાઈના ગુજરાતી વિવેચનનો કયાંક કયાંક સહાલો લીધેલ છે. તે સર્વે ઉપકારીઓનો આભાર માનું છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથની ભંગજાળ ઘણી સૂક્ષ્મ છે. લખવામાં શક્ય બન્યો તેટલો ઉપયોગ રાખ્યો છે. છતાં છદ્મસ્થતાથી શરતચૂકથી કંઈ પણ લખાઈ ગયું હોય તો તે બદલ ક્ષમા યાચું છું અને મારી ભુલ મને તુરત જણાવવા ઉપકાર કરશો એવી આશા રાખું છું.

આ પુસ્તકનાં સર્વે પ્રુફો પંડિતજી શ્રી રતિલાલ ચીમનલાલ દોશીએ ઘણી જ કાળજીપૂર્વક જોઈ આપ્યાં છે. તે બદલ તેઓનો પણ આભાર માનું છું. તથા પુસ્તકના સુંદર છાપકામ બદલ ભરત ગ્રાફિકનો તથા તેમના સઘળા સ્ટાફનો પણ આભાર માનું છું.

સ્થળ
એ-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,
સુરત-૩૯૫૦૦૯.

લિ.
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
તા. ૨-૨-૨૦૦૬, વસંત પંચમી.

આ છઠ્ઠા કર્મગ્રંથના પ્રકાશનમાં નીચેની સંસ્થાઓ તરફથી યથોચિત સહયોગ મળ્યો છે. તેથી તે રકમમાંથી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને આ પુસ્તક યથાયોગ્ય ભેટ આપવામાં આવશે.

(૧) પ.પૂ. જ્યોતિપ્રભાશ્રીજી મ.સા. નાં શિષ્યા શ્રી જયશીલાશ્રીજી મ.સા. ની શુભ પ્રેરણાથી ભુરીબેન કકલદાલ અજબાણી જૈન ઉપાશ્રયની બહેનો તરફથી.

(૨) પ.પૂ. સાધ્વીજી મ.સા. શ્રી પદ્મલત્તાશ્રીજી મ.સા. તથા પ્રિયદર્શનાશ્રીજી મ.સા. ડહેલાવાળાની શુભપ્રેરણાથી સુભદ્રાબેન બાપાલાલ બાવીશી આરાધના ભુવનની બહેનો તરફથી પ્રેમચંદનગર, અમદાવાદ.

(૩) પ.પૂ. શ્રી જિતરક્ષિતવિજયજી મ. સાહેબ (પૂ. ચંદ્રશેખરવિજયજી મ.સા. ના શિષ્ય) ની શુભ પ્રેરણાથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, આણંદ તરફથી.

(૪) પ.પૂ. શ્રી સદ્‌ગુણાશ્રીજી મ.સા. તથા પૂ. પ્રગુણાશ્રીજી મ.સા. ની શુભ પ્રેરણાથી કતારગામના સંઘના ઉપાશ્રયની બહેનો તરફથી.

ઉપરોક્ત સંસ્થાઓના આવેલ સહયોગ બદલ હું તેઓનો આભાર માનું છું તથા તે તે સંસ્થાઓને પ્રેરણા કરનાર, પૂ. સાધુ તથા સાધ્વીજી મ.શ્રીઓનો પણ આભાર માનું છું. અને આ રકમમાંથી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને આ પુસ્તક યથાયોગ્ય ભેટ આપવામાં આવશે.

લિ.
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

# મૂળ ગાથાઓ

सिद्धपएहिं महत्थं, बंधोदयसंतपयडिठाणाणं ।
वुच्छं सुण संखेवं, नीसंदं दिट्ठिवायस्स ।।१ ।।
कइ बंधंतो वेयइ, कइ कइ वा संतपयडिठाणाणि ।
मूलुत्तरपगईसुं भंगविगप्पा मुणेअव्वा ।।२ ।।
अट्ठविहसत्तछब्बंधएसु, अट्ठेव उदयसंतंसा ।
एगविहे तिविगप्पो, एगविगप्पो अबंधम्मि ।।३ ।।
सत्तट्ठबंधअट्ठुदयसंत तेरससु जीवठाणेसु ।
एगम्मि पंच भंगा, दो भंगा हुंति केवलिणो ।।४ ।।
अट्ठसु एगविगप्पो, छस्सु वि गुणसन्निएसु दुविगप्पो ।
पत्तेयं पत्तेयं, बंधोदयसंतकम्माणं ।।५ ।।
पंच नव दुन्नि अट्ठावीसा, चउरो तहेव बायाला ।
दुन्नि य पंच य भणिया, पयडीओ आणुपुव्वीए ।।६ ।।
बंधोदयसंतंसा, नाणावरणंतराइए पंच ।
बंधोवरमे वि तहा, उदयसंतंसा हुंति पंचेव ।।७ ।।
बंधस्स य संतस्स य, पगइठाणाणि तिण्णि तुल्लाइं ।
उदयट्ठाणाईं दुवे, चउ पणगं दंसणावरणे ।।८ ।।
बीयावरणे नवबंधएसु, चउ पंच उदय नव संता ।
छच्चउ बंधे चेवं, चउ बंधुदए छलंसा य ।।९ ।।
उवरयबंधे चउ पण, नवंस चउरुदय छच्च चउ संता ।
वेयणियाऽऽउयगोए, विभज्ज मोहं परं वोच्छं ।।१० ।।
गोअंमि सत्तभंगा, अट्ठ य भंगा हवंति वेअणिए ।
पण नव नव पण भंगा, आउचउक्के वि कमसो उ ।।११ ।।
बावीस इक्कवीसा, सत्तरसं तेरसेव नव पंच ।
चउ तिग दुगं च इक्कं, बंधट्ठाणाणि मोहस्स ।।१२ ।।
एगं व दो व चउरो, एत्तो एगाहिया दसुक्कोसा ।
ओहेण मोहणिज्जे, उदयट्ठाणाणि नव हुंति ।।१३ ।।
अट्ठय-सत्तय-छच्चउ, तिगदुगएगाहिया भवे वीसा ।
तेरस बारिक्कारस, इत्तो पंचाइ एगूणा ।।१४ ।।

जैन साईट JAINSITE.com

संतस्स पयडिठाणाणि, ताणि मोहस्स हुंति पन्नरस ।
बंधोदयसंते पुण, भंगविगप्पा बहु जाण ।।१५ ।।
छब्बावीसे चउ इगवीसे, सत्तरस तेरसे दो दो ।
नवबंधगे वि दुण्णि उ, इक्किक्कमओ परं भंगा ।।१६ ।।
दस बावीसे नव इगवीसे, सत्ताइ उदयकम्मंसा ।
छाई नव सत्तरसे, तेरे पंचाइ अट्ठेव ।।१७ ।।
चत्तारिआइ नवबंधएसु उक्कोस सत्तमुदयंसा ।
पंचविहबंधगे पुण, उदओ दुण्हं मुणेअव्वो ।।१८ ।।
इत्तो चउ बंधाइ, इक्किक्कुदया हवंति सव्वे वि ।
बंधोवरमे वि तहा, उदयाभावे वि वा हुज्जा ।।१९ ।।
इक्कग छक्किक्कारस, दस सत्त चउक्क इक्कगं चेव ।
एए चउवीसगया, बार दुगिक्कम्मि इक्कारा ।।२० ।।
नव पंचाणउअसए, उदयविगप्पेहिं मोहिआ जीवा ।
अउणुत्तरिएगुत्तरि पयविंदसएहिं विन्नेआ ।।२१ ।।
नव तेसीइसएहिं, उदयविगप्पेहिं मोहिआ जीवा ।
अउणुत्तरि सीयाला, पयविंदसएहिं विन्नेया ।।२२ ।।
तिन्नेव य बावीसे, इगवीसे अट्ठवीस सत्तरसे ।
छच्चेव तेर नव बंधएसु, पंचेव ठाणाणि ।।२३ ।।
पंचविह चउव्विहेसु, छ छक्क सेसेसु जाण पंचेव ।
पत्तेयं पत्तेयं, चत्तारि अ बंधवुच्छेए ।।२४ ।।
दस नव पन्नरसाइं, बन्धोदयसन्तपयडिठाणाणि ।
भणिआणि मोहणिज्जे, इत्तो नामं परं वुच्छं ।।२५ ।।
तेवीस पण्णवीसा, छव्वीसा अट्ठवीस गुणतीसा ।
तीसेगतीसमेगं, बंधट्ठाणाणि नामस्स ।।२६ ।।
चउ पणवीसा सोलस, नव बाणउईसया य अडयाला ।
एयालुत्तरछायाल, सया इक्किक्कबंधविही ।।२७ ।।
वीसिगवीसा चउवीसगा, उ एगाहिया य इगतीसा ।
उदयट्ठाणाणि भवे, नव अट्ठ य हुंति नामस्स ।।२८ ।।
इक्कबियालिक्कारस, तित्तीसा छस्सयाणि तित्तीसा ।
बारससत्तरससयाणहिगाणि बिपंचसीईहिं ।।२९ ।।

जैन साईट JAINSITE.com जिनम् जयति शासनम्

अउणत्तीसिक्कारससयाणिहिअ सत्तरपंचसट्ठीहिं ।
इक्किक्कगं च वीसादट्ठुदयंतेसु उदयविही ।। ३० ।।
तिदुनउई गुणनउई, अडसी छलसी असीइ गुणसीई ।
अट्ठयच्छप्पन्नत्तरि, नव अट्ठ य नाम संताणि ।। ३१ ।।
अट्ठ य बारस बारस, बंधोदयसंतपयडिठाणाणि ।
ओहेणाएसेण य, जत्थ जहासंभवं विभजे ।। ३२ ।।
नव पणगोदय संता, तेवीसे पण्णवीस छव्वीसे ।
अट्ठ चउरट्ठवीसे, नव सगिगुणतीसतीसम्मि ।। ३३ ।।
एगेगमेगतीसे, एगे एगुदय अट्ठ संतम्मि ।
उवरयबंधे दस दस, वेअगसंतम्मि ठाणाणि ।। ३४ ।।
तिविगप्पपगइठाणेहिं, जीवगुणसन्निएसु ठाणेसु ।
भंगा पउंजियव्वा, जत्थ जहासंभवो भवइ ।। ३५ ।।
तेरससु जीवसंखेवएसु, नाणंतराय तिविगप्पो ।
इक्कंमि तिदुविगप्पो, करणं पइ इत्थ अविगप्पो ।। ३६ ।।
तेरे नव चउ पणगं, नव संतेगम्मि भंगमिक्कारा ।
वेयणीयाउयगोए, विभज्ज मोहं परं वुच्छं ।। ३७ ।।
पज्जत्तगसन्नियरे, अट्ठ चउक्कं च वेयणीयभंगा ।
सत्त य तिगं च गोए, पत्तेअं जीवठाणेसु ।। ३८ ।।
पज्जत्तापज्जत्तग, समणे पज्जत्त अमण सेसेसु ।
अट्ठावीसं दसगं, नवगं पणगं च आउस्स ।। ३९ ।।
अट्ठसु पंचसु एगे, एग दुगं दस य मोह बंधगए ।
तिग चउ नव उदयगए, तिग तिग पन्नरस संतंमि ।। ४० ।।
पण दुग पणगं पण चउ, पणगं पणगा हवंति तिन्नेव ।
पण छप्पणगं, छच्छ, पणगं अट्ठट्ठदसगं ति ।। ४१ ।।
सत्तेव अपज्जत्ता, सामी सुहुमाय बायरा चेव ।
विगलिंदिआउ तिन्नि उ, तह य असन्नी अ सन्नी अ ।। ४२ ।।
नाणंतरायतिविहमवि, दससु दो हुंति दोसु ठाणेसु ।
मिच्छासाणे बीए, नव चउ पण नव य संतंसा ।। ४३ ।।
मिस्साइ नियट्टीओ, छच्चउ पण नव य संतकम्मंसा ।
चउ बंध तिगे चउ पण, नवंस दुसु जुअल छस्संता ।। ४४ ।।

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

उवसंते चउ पण नव, खीणे चउरुदय छच्च चउ संता ।
वेयणियाउय गोए, विभज्ज मोहं परं वुच्छं ।।४५ ।।
चउ छस्सु दुन्नि सत्तसु, एगे चउ गुणिसु वेयणीयभंगा ।
गोए पण चउ दो तिसु, एगट्ठसु दुन्नि इक्कम्मि ।।४६ ।।
अट्ठच्छाहिगवीसा सोलस वीसं च बारस छ दोसु ।
दो चउसु तीसु इक्कं, मिच्छाइसु आउए भंगा ।। ४७ ।।
गुणठाणएसु अट्ठसु, इक्किक्कं मोहबंधठाणं तु ।
पंच अनियट्टिठाणे, बन्धोवरमो परं तत्तो ।। ४८ ।।
सत्ताइ दस उ मिच्छे, सासायणमीसए नवुक्कोसा ।
छाई नव उ अविरए, देसे पंचाइ अट्ठेव ।। ४९ ।।
विरए खओवसमिए, चउराई सत्त छच्चपुव्वम्मि ।
अणिअट्टिबायरे पुण, इक्को व दुवे व उदयंसा ।।५० ।।
एगं सुहुमसरागो, वेएइ अवेयगा भवे सेसा ।
भंगाणं च पमाणं, पुव्वुद्दिट्ठेण नायव्वं ।।५१ ।।
इक्क छडिक्कारिक्कारसेव, इक्कारसेव नव तिन्नि ।
एए चउवीसगया, बार दुगे पंच इक्कम्मि ।।५२ ।।
बारस पणसट्ठिसया, उदयविगप्पेहिं मोहिया जीवा ।
चुलसीइ सत्तुत्तरि, पयविंदसएहिं विन्नेया ।।५३ ।।
अट्ठग चउ चउ चउरट्ठगा य, चउरो य हुंति चउव्वीसा ।
मिच्छाइ अपुव्वंता, बारस पणगं च अनियट्टि ।।५४ ।।
अट्ठट्ठी बत्तीसं, बत्तीसं सट्ठीमेव बावन्ना ।
चोयालं दोसु वीसा वि य, मिच्छमाइसु सामन्नं ।।५५ ।।
जोगोवओगलेसाइएहिं गुणिया हवंति कायव्वा ।
जे जत्थ गुणट्ठाणे, हवंति ते तत्थ गुणकारा ।।५६ ।।
तिन्नेगे एगेगं, तिग मीसे पञ्च चउसु तिग पूव्वे ( नियट्टिए तिन्नि ) ।
इक्कार बायरम्मि उ, सुहुमे चउ तिन्नि उवसंते ।।५७ ।।
छन्नव छक्कं तिग सत्त दुगं, दुग तिग दुगं ति अट्ठ चउ ।
दुग छच्चउ दुग पण चउ, चउ दुग चउ पणग एग चउ ।।५८ ।।
एगेगमट्ठ एगेगमट्ठ, छउमत्थकेवलिजिणाणं ।
एग चऊ एग चऊ, अट्ठ चऊ दुछक्कमुदयंसा ।।५९ ।।

जैन साईट JAINSITE .com

चउ पणवीसा सोलस, नव चत्ताला सया य बाणउई ।
बत्तीसुत्तर छायाल, सया मिच्छस्स बंधविही ।। ६० ।।
अट्ठ सया चउसट्ठी, बत्तीससयाइं सासणे भेआ ।
अट्ठावीसाईसुं, सव्वाणट्ठहिग छन्नउइ ।। ६१ ।।
इगचत्तिगार बत्तीस, छसय इगतीसिगारनवनउई ।
सतरिगसिगुतीसचउद, इगारचउसट्ठि मिच्छुदया ।। ६२ ।।
बत्तीस दुन्नि अट्ठ य, बासीइसयाय पंच नव उदया ।
बारहिआ तेवीसा, बावन्निकारस सया य ।। ६३ ।।
दो छक्कट्ठ चउक्कं, पण नव इक्कार छक्कगं उदया ।
नेरइयासु सत्ता, ति पंच इक्कारस चउक्कं ।। ६४ ।।
इग विगलिंदिय सगले, पण पंच य अट्ठ बंधठाणाणि ।
पण छक्किक्कारुदया, पण पण बारस य संताणि ।। ६५ ।।
इय कम्मपगइठाणाणि, सुट्ठु बंधुदयसन्तकम्माणं ।
गइआइएहिं अट्ठसु, चउप्पयारेण नेयाणि ।। ६६ ।।
उदयस्सुदीरणाए, सामित्ताओ न विज्जइ विसेसो ।
मुत्तूण य इगयालं, सेसाणं सव्वपयडीणं ।। ६७ ।।
नाणंतरायदसगं, दंसण नव वेयणिज्ज मिच्छत्तं ।
सम्मत्त लोभ वेयाउआणि, नव नाम उच्चं च ।। ६८ ।।
तित्थयराहारगविरहियाउ, अज्जेइ सव्वपयडीओ ।
मिच्छत्तवेयगो सासणो वि, गुणवीस सेसाओ ।। ६९ ।।
छायालसेस मीसो, अविरयसम्मो तिआलपरिसेसा ।
तेवन्न देसविरओ, विरओ सगवन्नसेसाओ ।। ७० ।।
इगुणट्ठिमप्पमत्तो, बंधइ देवाअयस्स इअरो वि ।
अट्ठावन्नमपुव्वो, छप्पन्नं वा वि छव्वीसं ।। ७१ ।।
बावीसा एगूणं, बंधइ अट्ठारसंतमनियट्टी ।
सतरस सुहुमसरागो, सायममोहो सजोगुत्ति ।। ७२ ।।
एसो उ बंधसामित्तओहो, गइआइएसु वि तहेव ।
ओहाओ साहिज्जइ, जत्थ जहा पगइसब्भावो ।। ७३ ।।
तित्थयरदेवनिरयाउअं च, तिसु तिसु गईसु बोधव्वं ।
अवसेसा पयडीओ, हवंति सव्वासु वि गईसु ।। ७४ ।।
पढमकसायचउक्कं, दंसणतिग सत्तगा वि उवसंता ।
अविरयसम्मत्ताओ, जाव नियट्टित्ति नायव्वा ।। ७५ ।।
सत्तट्ठ नव य पनरस, सोलस अट्ठारसेव गुणवीसा ।
एगाहि दु चउवीसा, पणवीसा बायरे जाण ।। ७६ ।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सत्तावीसं सुहुमे, अट्ठावीसं च मोहपयडीओ ।
उवसंतवीअराए, उवसंता हुंति नायव्वा ।। ७७ ।।
पढमकसायचउक्कं, इत्तो मिच्छत्तमीससम्मत्तं ।
अविरयसम्मे देसे, पमत्ति अपमत्ति खीयंति ।। ७८ ।।
अनियट्टिबायरे थीणगिद्धितिग निरयतिरिअनामाओ ।
संखिज्जइमे सेसे, तप्पाउग्गाओ खीयंति ।। ७९ ।।
इत्तो हणइ कसायट्ठगंपि पच्छा नपुंसगं इत्थिं ।
तो नोकसायछक्कं, छुहइ संजलणकोहंमि ।। ८० ।।
पुरिसं कोहे कोहं, माणे माणं च छुहइ मायाए ।
मायं च छुहइ, लोहे लोहं सुहुमं पि तो हणइ ।। ८१ ।।
खीणकसायदुचरिमे, निद्दं पयलं च हणइ छउमत्थो ।
आवरणमंतराए, छउमत्थो चरिमसमयम्मि ।। ८२ ।।
देवगइसहगयाओ, दुचरमसमयभवियंमि खीयंति ।
सविवागेयरनामा, नीयागोयं पि तत्थेव ।। ८३ ।।
अन्नयरवेयणीअं, मणुआउअमुच्चगोअ नव नामे ।
वेएइ अजोगिजिणो, उक्कोस जहन्न मिक्कारा ।। ८४ ।।
मणुअगइ जाइ तस बायरं च, पज्जत्तसुभगमाइज्जं ।
जसकित्ती तित्थयरं, नामस्स हवंति नव एया ।। ८५ ।।
तच्चाणुपुव्विसहिया, तेरस भवसिद्धिअस्स चरमंमि ।
संतं सगमुक्कोसं, जहन्नयं बारस हवंति ।। ८६ ।।
मणुअगइसहगयाओ, भवखित्तविवागजीअविवागाओ ।
वेअणीयन्नयरुच्चं चरमसमयंमि खीयंति ।। ८७ ।।
अह सुइयसयलजगसिहरमरुअनिरुवमसहावसिद्धिसुहं ।
अनिहणमव्वाबाहं, तिरयणसारमणुहवंति ।। ८८ ।।
दुरहिगम-निउण-परमत्थ-रुइर-बहुभंग-दिट्ठिवायाओ ।
अत्था अणुसरिअव्वा, बंधोदयसंतकम्माणं ।। ८९ ।।
जो जत्थ अपडिपुन्नो, अत्थो अप्पागमेण बद्धो त्ति ।
तं खमिऊण बहुसुआ, पूरेउणं परिकहंतु ।। ९० ।।
गाहग्गं सयरीए, चंदमहत्तरमयाणुसारीए ।
टीगाइनिअमिआणं, एगुणा होइ नउईओ ।। ९१ ।।

● ● ● ●

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

णमोत्थु णं सिरिसमणभगवंतमहावीरस्स

# પૂજ્ય આચાર્યશ્રી ચન્દ્રમહત્તરાચાર્યકૃત
## (સપ્તતિકા નામનો)
# છટ્ઠો કર્મગ્રંથ

એકથી પાંચ કર્મગ્રંથો સમાપ્ત કરીને હવે છટ્ઠા કર્મગ્રંથનું કંઈક સરળ અને સુખબોધ એવું ગુજરાતી વિવેચન શરુ કરીએ છીએ. છટ્ઠા કર્મગ્રંથની મૂલ ગાથા ૭૦ હોવાથી તેનું 'સપ્તતિકા' આવું નામ છે. શ્રી ચંદ્રમહત્તરાચાર્યે આ ગ્રંથ બનાવ્યો છે. આ કર્મગ્રંથ ઉપર પૂ.આ.શ્રી મલયગિરિજીકૃત સંસ્કૃત ટીકા છે તથા કોઈ પૂ. ચિરંતનાચાર્યકૃત 'સત્તરી ગ્રંથ' (એટલે કે સપ્તતિકા ગ્રંથ) છે કે જેના ઉપર કોઈ પ્રાચીનાચાર્યકૃત ચૂર્ણિ છે. તથા પૂ.શ્રી ચન્દ્રર્ષિઆચાર્યકૃત પંચસંગ્રહના ત્રીજા ભાગ રૂપે સપ્તતિકા ગ્રંથ પણ છે કે જેના ઉપર પૂ. શ્રી મલયગિરિજીકૃત ટીકા છે તથા પૂ. અભયદેવાચાર્યકૃત 'સપ્તતિકા ભાષ્ય' છે કે જેના ઉપર પૂજ્ય આ.શ્રી માનતુંગાચાર્યકૃત સંસ્કૃત ટીકા છે. ઈત્યાદિ ગ્રંથોને સામે રાખીને અમે આ વિવેચન લખીએ છીએ. ગ્રંથની મૂલગાથા ૭૦ હોવા છતાં - ભાષ્યઆદિની વધારે ઉપયોગી લાગતી કોઈ કોઈ ગાથાઓ સ્પષ્ટ અર્થ માટે તેમાં ઉમેરવાથી ૯૧ ગાથાઓ પ્રચલિત છે. કઈ કઈ ગાથાઓ મૂલગ્રંથની છે અને કઈ કઈ ગાથાઓ ભાષ્ય આદિની છે, તે વાત તે તે ગાથા પ્રસંગે જ સમજાવીશું તથા અંતે પણ ગાથા નંબર સાથે જણાવીશું.

જૈન સાઈટ JAINSITE

વિદ્વાન પુરુષો આ ગ્રંથના અભ્યાસમાં સુખે સુખે પ્રવૃત્તિ કરે, તે માટે પ્રારંભમાં મંગલાચરણ, વિષય, સંબંધ અને પ્રયોજન જણાવે છે -

**सिद्धपएहिं महत्थं, बंधोदयसंतपयडिठाणाणं ।**
**वुच्छं सुण संखेवं, नीसंदं दिट्ठिवायस्स ।। १ ।।**

**सिद्धपदेभ्यः महार्थं, बन्धोदयसत्प्रकृतिस्थानानाम् ।**
**वक्ष्ये, श्रुणु संक्षेपं, निःस्यन्दं दृष्टिवादस्य ।। १ ।।**

*ગાથાર્થ - અચલિત પદોવાળા ગ્રંથોમાંથી (સંગ્રહ કરીને) બંધ ઉદય અને સત્તાપ્રકૃતિઓના સ્થાનોનો, મહાન અર્થવાળો અને દૃષ્ટિવાદ નામના બારમા અંગના ઝરણા સ્વરૂપ એવો સંક્ષેપ હું કહીશ. તે સંક્ષેપ હે ભવ્યજીવો ! તમે સાંભળો. ।।૧।।*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેચન - પરમાત્મા શ્રી તીર્થંકરદેવની અમૃતમય વાણી સાંભળીને શ્રી ગણધર ભગવંતો તે વાણીને શાસ્ત્રરૂપે ગુંથે છે. જેને દ્વાદશાંગી કહેવાય છે. તે દ્વાદશાંગીમાં બારમું અંગ દૃષ્ટિવાદ છે. તેના ઝરણા સ્વરૂપ (અંશભૂત) આ ગ્રંથ છે. કારણ કે બારમું જે દૃષ્ટિવાદ અંગ છે. તે પરિકર્મ, સૂત્ર, ચૂલિકા, પૂર્વગત અને પૂર્વાનુયોગ એમ પાંચ પ્રસ્થાનમય છે. તેમાં પૂર્વગતમાં ૧૪ પૂર્વો આવેલાં છે. તેમાંના અગ્રાયણી નામના બીજા પૂર્વમાં ૧૪ વસ્તુઓ છે. તેમાંની પાંચમી વસ્તુમાં ૨૦ પ્રાભૃત છે. તે ૨૦ પ્રાભૃતમાં ચોથું 'કર્મપ્રકૃતિ' નામનું પ્રાભૃત છે. તેમાં ૨૪ અનુયોગદ્વારો છે. તેમાં બંધોદયસત્તાના પ્રકરણનું એક અનુયોગદ્વાર છે. તેનો આ સંક્ષેપ છે. તેથી સંપૂર્ણ દૃષ્ટિવાદ રૂપ મહાસાગરના બિંદુ રૂપ આ સપ્તતિકા ગ્રંથ છે. ચૂર્ણિમાં કહ્યું છે કે - **'तत्थ चोद्दसण्हं पुव्वाणं बीयाओ अग्गेणीयपुव्वाओ, तस्स वि पंचवत्थूओ, तस्स वि वीसपाहुडपरिमाणस्स कम्मपगडिणामधेज्जं चउत्थं पाहुडं तओ नीणियं, चउवीसाणुओगदारमइयमहण्णवस्सेव एगो बिंदू'**

આ ગ્રંથ બંધ - ઉદય અને સત્તા પ્રકૃતિઓના સ્થાનોના સંક્ષેપરૂપ છે. એટલે કે બંધસ્થાનક - ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકોના સમન્વયને સમજાવતો અતિશય સંક્ષેપ છે. આત્માની સાથે કાર્મણવર્ગણાના સ્કંધોનો લોહાગ્નિની જેમ સંબંધ થવો તે બંધ. વિપાકને પામેલાં કર્મોને અનુભવવાં તે ઉદય. બાંધેલાં અથવા સંક્રમથી આવેલાં કર્મોનું આત્માથી છૂટા ન પડવું તે સત્તા. બે-ત્રણ-ચાર આમ વધારે પ્રકૃતિઓની જે સાથે વિચારણા કરવી તે સ્થાન. બંધને આશ્રયી જે સ્થાન તે બંધસ્થાનક. ઉદયને આશ્રયી જે સ્થાન તે ઉદયસ્થાનક અને સત્તાને આશ્રયી જે સ્થાન તે સત્તાસ્થાનક. આ ત્રણેનો સમન્વય કરવારૂપે (સાથે સાથે સમજાવવા રૂપે) સંક્ષેપાત્મકપણે જે પ્રતિપાદન કરવું. સમ્યક્ પ્રકારે વિભાગ કરવો. તે સ્વરૂપે આ ગ્રંથ રચાયો છે. આ ત્રણે સ્થાનોનો ઘણો વિસ્તારાર્થ તો તે કર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃતમાં છે. તેનો આ તો અત્યન્ત સંક્ષેપ માત્ર જ છે.

આ સંક્ષેપ હોવા છતાં મહાન અર્થવાળો છે. જેમ જેમ તેમાં ઉંડા ઉતરીએ તેમ તેમ તેમાં ઘણા ગૂઢાર્થો રહેલા જણાય છે. આ વાત તો આ સંક્ષેપ ભણવાથી અને સાંભળવાથી જ સમજાશે. આ ગ્રંથમાં કહેલી ભંગજાળને સમજતાં ઘણા પંડિત પુરુષો પણ માથુ ખંજવાળતા ઉદ્વેગ પામતા જોવાય છે. તેને છોડી દેતા પણ દેખાય છે. માટે ભલે આ સંક્ષેપ છે. તો પણ મહાર્થ છે.

પ્રશ્ન - જે કર્મપ્રકૃતિ નામના પ્રાભૃતમાંથી આ સંક્ષેપ લેવામાં આવ્યો છે, તે કર્મપ્રકૃતિ નામનું પ્રાભૃત કેવું છે ?

ઉત્તર - સિદ્ધ પદોવાળું છે. એટલે કે તેમાં કહેલાં પદો અને તેનો એકે એક ભાવ નિર્દોષપણે પંકાયેલ, નિર્દોષપણે પ્રસિદ્ધિ પામેલ, અર્થાત્ અચલિત સ્વરૂપવાળો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેમાંનું એક પણ પદ કે એક પણ અર્થ ચલિત કરવાને કોઈ શક્તિમાન નથી તેવા કર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃતમાંથી આ સંક્ષેપાત્મક ગ્રંથ બનાવ્યો છે. તે આ સંક્ષેપ આત્માર્થી જીવો માટે રસપ્રદ, સરળ અને સુખદ છે. તે માટે હે ભવ્ય જીવો ! મારા વડે કહેવાતા આ સંક્ષેપને તમે સાંભળો. (श्रुणु). અભ્યાસકવર્ગ અનાભોગ (અનુપયોગદશા)ના વશથી કદાચ પ્રમાદવાળા બની જાય તો પણ અભ્યાસ કરાવનારાએ કંટાળવું નહીં, ઉદ્વેગી બનવું નહીં, પણ વિશિષ્ટબોધમાં કારણ બને તેવાં સુમધુર વચનો દ્વારા શ્રોતાઓના મનને પ્રસન્ન કરીને આગમોના અર્થો ભણાવવા જોઈએ. પ્રિય આલાપો દ્વારા શ્રોતાવર્ગના હૃદયને આકર્ષીને પણ જ્ઞાનપ્રદાન કરવું જોઈએ. આવો ભાવ 'श्रुणु' શબ્દના ઉલ્લેખથી જાણવો.

મંગલાચરણ = 'सिद्धपएहिं' આ પદમાં મંગલાચરણ છે.

વિષય = 'बंधोदयसंतपयडिठाणाणं संखेवं' આ પદમાં વિષય છે.

સંબંધ = 'दिट्ठिवायस्स नीसंदं' આ પદમાં સંબંધ છે.

પ્રયોજન = ભવ્યજીવોના ઉપકાર માટે અને પોતાની સ્મરણ-શક્તિની વૃદ્ધિ માટે આ ગ્રંથરચના છે. આ વાત અધ્યાહારથી સમજી લેવી.

આ ગ્રંથમાં કહેલી સઘળી વાતો દૃષ્ટિવાદના ઝરણારૂપ હોવાથી અને કર્મપ્રકૃતિ નામના પ્રાભૃતને અનુસારે હોવાથી આ ગ્રંથ 'સર્વજ્ઞમૂલક' છે. તેથી પૂર્ણપણે સત્ય છે એવી શ્રદ્ધાપૂર્વક આ ગ્રંથનું અધ્યયન કરવું - કરાવવું ॥ ૧ ॥

JAINSITE.com જયતિ શાસનમ્

અવતરણ - બંધ - ઉદય અને સત્તા પ્રકૃતિઓનો આ સંક્ષેપ કેવી રીતે કહેવાશે? તે જણાવે છે-

**कइ बंधंतो वेयइ, कइ कइ वा संतपयडिठाणाणि ।**
**मूलुत्तरपयईसुं भंगविगप्पा मुणेअव्वा ॥ २ ॥**

**कति बध्नन् वेदयते कति वा सत्प्रकृतिस्थानानि ।**
**मूलोत्तरप्रकृतीनां भङ्गविकल्पास्तु बोद्धव्याः ॥ २ ॥**

*ગાથાર્થ - કેટલી પ્રકૃતિ બાંધતો જીવ કેટલી પ્રકૃતિ વેદે ? અથવા તેને કેટલી કેટલી પ્રકૃતિ સત્તામાં હોય ? આવા પ્રકારના ભાંગાના વિકલ્પો મૂલકર્મ અને ઉત્તરકર્મોમાં જાણવા જેવા છે. ॥ ૨ ॥*

વિવેચન - કોઈ પણ જીવ કેટલી કેટલી કર્મપ્રકૃતિઓને બાંધતો હોય ત્યારે કેટલી કેટલી કર્મપ્રકૃતિઓને ઉદયથી વેદતો હોય અને કેટલી વેદતો હોય ત્યારે કેટલી કર્મપ્રકૃતિઓ તે કાલે તે જીવને સત્તામાં હોય. આમ બંધ - ઉદય અને સત્તાની સાથે વિચારણા કરવી, સમ્યક્ પ્રકારે વિભાગ (વહેંચણી) કરવા રૂપે વિચારણા કરવી. તેને સંવેધ કહેવાય છે. જ્ઞાનાવરણીયાદિ મૂલ આઠ કર્મ અને મતિજ્ઞાનાવરણીયાદિ ૧૨૦-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨૨-૧૪૮ ઉત્તરકર્મોને વિષે ઘણી જાતની ભંગજાળ છે. તે બધી જાતના ભાંગાના વિકલ્પો બહુ જ સૂક્ષ્મબુદ્ધિપૂર્વક જાણવા જેવા છે. આ સઘળા ભાંગાઓ જ જાળની જેમ ગુંચવણ ભરેલા હોવાથી ભંગજાળ કહેવાય છે. આ ગાથાનાં પદો સંસ્કૃત ટીકાવાળી પ્રત અને પ્રસિદ્ધ ગુજરાતી વિવેચનોમાં કંઈક કંઈક તફાવતવાળાં છે. એટલે ગાથાઓ કંઠસ્થ કરીને સ્વાધ્યાય કરનારાઓને મુશ્કેલી ન થાય તેટલા માટે અમે પ્રસિદ્ધ પ્રણાલિકા પ્રમાણે ગાથાનાં પદો રાખ્યાં છે.

જ્ઞાનાવરણીયાદિ મૂલ આઠ કર્મો અને ઉત્તરપ્રકૃતિઓ ૧૨૦ - ૧૨૨ - ૧૪૮ પ્રથમ કર્મગ્રંથમાંથી જાણી લેવી. એકી સાથે એક કાલે એક જીવને જેટલી કર્મપ્રકૃતિઓ બંધમાં આવે તે બંધસ્થાનક કહેવાય છે. ઉદયમાં આવે તે ઉદયસ્થાનક કહેવાય છે અને સત્તામાં હોય તે સત્તાસ્થાનક કહેવાય છે. પહેલાં આ બંધસ્થાનક - ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક સમજી લઈ, તે ત્રણેની સાથે વિચારણા જે કરવી તેને સંવેધ કહેવાય છે. ત્યાં મૂલકર્મને વિષે બંધને આશ્રયી ૪ પ્રકૃતિસ્થાનો છે. (૪ બંધસ્થાનક છે).

આયુષ્યકર્મ જ્યારે બંધાતું હોય ત્યારે ૮નું બંધસ્થાનક. આ બંધસ્થાનક ત્રીજા ગુણસ્થાનક વિના ૧ થી ૭ ગુણસ્થાનક સુધી હોય છે અને ચારે ગતિના સર્વે જીવોને ભવમાં એકવાર આ બંધસ્થાનક આવે છે. (માત્ર તદ્ભવમોક્ષગામી મનુષ્યોને આ બંધસ્થાનક હોતું નથી).

જ્યારે આયુષ્યકર્મ ન બંધાતું હોય અને મોહનીયાદિ શેષ ૭ કર્મો બંધાતાં હોય ત્યારે ૭નું બંધસ્થાનક હોય છે. આ બંધસ્થાનક ૧ થી ૯ ગુણસ્થાનક સુધી હોય છે અને ચારે ગતિમાં વર્તતા સર્વે જીવોને હોય છે. (માત્ર ઉપશમ શ્રેણિ અને ક્ષપકશ્રેણિગત જીવોને દસમા ગુણસ્થાનકથી હોતું નથી).

દસમા ગુણસ્થાનકે આયુષ્યકર્મ અને મોહનીયકર્મ વિના શેષ ૬ કર્મો બંધાય છે. તે ૬નું બંધસ્થાનક છે અને તે બંધસ્થાનક માત્ર દસમે ગુણસ્થાનકે જ હોય છે, તેથી શ્રેણિગત મનુષ્યને જ હોય છે.

૧૧ - ૧૨ - ૧૩ આમ ત્રણ ગુણસ્થાનકોમાં માત્ર ૧ વેદનીય કર્મ જ બંધાય છે એટલે એકનું બંધસ્થાનક છે અને તે પણ કેવલ એક વેદનીય કર્મનું જ છે અને ઉપરોક્ત ત્રણ જ ગુણસ્થાનકે હોય છે તથા ૧૪મા ગુણસ્થાનકે કોઈ પણ કર્મનો બંધ ન હોવાથી અબંધ એટલે કે બંધનો અભાવ હોય છે. આ પ્રમાણે મૂલકર્મોનાં ૮ - ૭ - ૬ - ૧ એમ કુલ ૪ બંધસ્થાનક છે.

કાલપ્રમાણ - ૮નો બંધ ઉત્કૃષ્ટથી અને જઘન્યથી એમ બન્ને રીતે અંતર્મુહૂર્ત જ હોય છે. કારણ કે આયુષ્યનો બંધ સતત અંતર્મુહૂર્ત જ હોય છે. ૭નો બંધ

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગે અધિક છમાસન્યૂન ૩૩ સાગરોપમ પ્રમાણ હોય છે. ૬ના બંધનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત હોય છે અને ૧ના બંધનો કાળ જઘન્યથી ૧૧મા ગુણસ્થાનકને આશ્રયી ૧ સમય અને બારમા-તેરમાને આશ્રયી જઘન્યથી અંતર્મુહૂર્ત હોય છે તથા ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ હોય છે. અબંધનો કાળ ચૌદમા ગુણસ્થાનકને આશ્રયી પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચારણના કાલપ્રમાણ અને સિદ્ધાવસ્થાને આશ્રયી અનંતકાળ હોય છે.

મૂલકર્મોને આશ્રયી ૩ ઉદયસ્થાનક છે. એકથી દસ ગુણસ્થાનક સુધી સદાકાલ આઠે આઠ કર્મોનો ઉદય હોય છે તે ૮નું ઉદયસ્થાનક છે. તેનો કાલ અભવ્યને આશ્રયી અનાદિ - અનંત, ભવ્યને આશ્રયી અનાદિ-સાન્ત અને ૧૧મા ગુણસ્થાનકેથી પડેલાને આશ્રયી સાદિ-સાન્ત. તે કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અપાર્ધપુદ્‌ગલપરાવર્ત. અગિયારમા - બારમા ગુણસ્થાનકે મોહનીયકર્મનો ઉદય ન હોવાથી ૭ કર્મનું ઉદયસ્થાનક છે. તે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. તેરમા - ચૌદમા ગુણસ્થાનકે ઘનઘાતી કર્મો ક્ષય પામેલાં હોવાથી શેષ ૪ અઘાતી કર્મોનું ઉદયસ્થાનક છે. તેનો કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડવર્ષ પ્રમાણ છે. આમ ૮ - ૭ - ૪ નાં કુલ ત્રણ ઉદયસ્થાનક છે.

સત્તાસ્થાનક પણ ૮ - ૭ - ૪ આમ કુલ ત્રણ છે. એકથી અગિયાર ગુણસ્થાનક સુધી આઠે કર્મોની સત્તા હોવાથી ૮નું સત્તાસ્થાનક છે. તેનો કાલ અનાદિ - અનંત અને અનાદિ સાન્ત છે. અગિયારમે ગુણસ્થાનકે પણ આઠની જ સત્તા હોવાથી સાદિ - સાન્ત કાલ થતો નથી. બારમા ગુણસ્થાનકે મોહનીયકર્મ વિના ૭નું સત્તાસ્થાનક છે. તેનો કાલ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત જ છે. તેરમે - ચૌદમે ગુણસ્થાનકે અઘાતી એવાં ૪ કર્મોની જ સત્તા છે. તેનો કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ છે.

આ પ્રમાણે મૂલ આઠ કર્મોનાં ૮ - ૭ - ૬ - ૧ આમ કુલ ચાર બંધસ્થાનક છે, ૮ - ૭ - ૪ આમ કુલ ત્રણ ઉદયસ્થાનક છે. અને ૮ - ૭ - ૪ આમ કુલ ત્રણ સત્તાસ્થાનકો છે. હવે આ ત્રણેની સાથે વિચારણા કરીને સમન્વય કરવા રૂપે એટલે કે સમ્યગ્ રીતે વિભાગ કરવા રૂપે સંવેધ આવતી ત્રીજી ગાથામાં કહીશું. ॥ ૨ ॥

**अट्ठविहसत्तछब्बंधएसु, अट्ठेव उदयसंतंसा ।**
**एगविहे तिविगप्पो, एगविगप्पो अबंधम्मि ॥ ३ ॥**

अष्टविधसप्तषड्बन्धकेषु, अष्टैवोदयसत्तांशाः ।
एकविधे त्रिविकल्पः, एकविकल्पोऽबन्धे ॥ ३ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ - ૮ - ૭ - ૬ના બંધસ્થાનકમાં આઠનો જ ઉદય અને આઠની જ સત્તા હોય છે. ૧ના બંધસ્થાનકમાં ત્રણ વિકલ્પો (ત્રણ ભાંગા) હોય છે અને અબંધમાં માત્ર એક જ વિકલ્પ (ભાંગો) હોય છે. ॥ ૩ ॥*

**વિવેચન** - પ્રથમ મૂલકર્મનો બંધ - ઉદય અને સત્તાને આશ્રયી સંવેધ કહીએ છીએ.

આયુષ્યકર્મનો બંધ હોતે છતે નિયમા ૮નું જ બંધસ્થાનક હોય છે. કારણ કે આયુષ્ય બંધાય ત્યારે નિયમા આઠે કર્મો બંધાય જ છે. મોહનીયકર્મનો બંધ હોતે છતે ૮નું અથવા ૭નું એમ બે જ બંધસ્થાનક હોય છે. આયુષ્ય બંધાય ત્યારે ૮ અને શેષકાલે ૭ આમ કુલ બે જ બંધસ્થાનક મોહનીયના બંધકાળે હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, નામ, ગોત્ર અને અંતરાય આ પાંચ કર્મોમાંના કોઈ પણ કર્મના બંધની સાથે ૮-૭-૬ આમ કુલ ૩ બંધસ્થાનક હોય છે અને ૧ વેદનીય કર્મના બંધકાલે ૮-૭-૬-૧ આમ ચારે બંધસ્થાનક હોય છે.

ઉદયની બાબતમાં મોહનીયના ઉદયકાલે ૮નું એક જ ઉદયસ્થાનક છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયના ઉદયકાલે ૮નું અને ૭નું આમ બે ઉદયસ્થાનક છે અને શેષ ૪ અઘાતીના ઉદયકાલે ૮નું, ૭નું અને ૪નું આમ ૩ ઉદયસ્થાનકો છે.

સત્તાની બાબતમાં મોહનીયકર્મની સત્તાકાલે ૮નું એક જ સત્તાસ્થાનક છે. જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય અને અંતરાયની સત્તા હોય ત્યારે ૮નું અને ૭નું એમ બે સત્તાસ્થાનક છે અને શેષ ચાર અઘાતી કર્મોની સત્તા હોય ત્યારે ૮ની, ૭ની અને ૪ની આમ ત્રણ જાતની સત્તા હોય છે. આ વિષય બીજા કર્મગ્રંથના અભ્યાસને અનુસારે સહેજે સમજાય તેમ છે. તેથી વધારે વિસ્તાર કરતા નથી.

હવે મૂલ ૮ કર્મોનો સંવેધ લખીએ છીએ -

૮નો બંધ આયુષ્યના બંધકાલે હોય છે તેથી ત્રીજા ગુણસ્થાનક વિના મિથ્યાદૃષ્ટિથી અપ્રમત્ત ગુણસ્થાનક સુધી આ બંધસ્થાન હોય છે. તે કાલે મોહનીયનો ઉદય તથા મોહનીયની સત્તા નિયમા હોવાથી આઠનો જ ઉદય અને આઠની જ સત્તા હોય છે. એટલે ૮નો બંધ, ૮નો ઉદય અને ૮ની સત્તા. આ પ્રથમ ભંગ થયો.

૭નો બંધ આયુષ્યના અબંધકાલે હોય છે. તેથી તે મિથ્યાદૃષ્ટિથી અનિવૃત્તિ સુધી હોય છે. તે નવે ગુણસ્થાનકોમાં પણ મોહનીયનો ઉદય તથા મોહનીયની સત્તા અવશ્ય હોવાથી સાતના બંધે પણ આઠનો જ ઉદય અને આઠે કર્મની સત્તા હોય છે. આ બીજો ભાંગો થયો.

૬નો બંધ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે હોય છે, ત્યાં પણ મોહનીયનો ઉદય અને સત્તા હોવાથી છના બંધે પણ આઠનો જ ઉદય અને આઠની જ સત્તા હોય છે. આ ત્રીજો ભાંગો થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ના બંધે ત્રણ વિકલ્પો એટલે કે ૩ ભાંગા હોય છે. ૧નો બંધ અગિયારમે - બારમે અને તેરમે ગુણઠાણે હોય છે. ત્યાં અગિયારમા ગુણસ્થાનકે મોહનીયનો ઉદય હોતો નથી. પરંતુ તેની સત્તા હોય છે માટે ૭નો ઉદય અને ૮ની સત્તા અગિયારમે ગુણસ્થાનકે હોય છે. બારમે ગુણઠાણે મોહનીયનો ઉદય પણ હોતો નથી અને મોહનીયની સત્તા પણ હોતી નથી. તેથી સાત કર્મનો જ ઉદય અને સાત કર્મની જ સત્તા હોય છે તથા તેરમા ગુણસ્થાનકે ઘનઘાતી કર્મોનો ક્ષય થયેલ હોવાથી ચાર (અઘાતી કર્મોનો) જ ઉદય અને ચારની જ સત્તા હોય છે.

અબંધ ચૌદમે હોય છે. ત્યાં ચાર અઘાતી કર્મોનો ઉદય અને તે જ ચાર અઘાતી કર્મોની સત્તા જાણવી. આ પ્રમાણે વિચારતાં મૂલ ૮ કર્મોના કુલ ૭ સંવેધ ભાંગા થાય છે.

ચિત્ર આ પ્રમાણે છે

| અનુક્રમ | બંધ | ઉદય | સત્તા | ગુણસ્થાનક | ઉત્કૃષ્ટ કાલપ્રમાણ |
|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૮ | ૮ | ત્રીજા વિના ૧ થી ૭ | અંતર્મુહૂર્ત |
| ૨ | ૭ | ૮ | ૮ | ૧ થી ૯ | ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગના વર્ષથી અધિક છ માસન્યૂન ૩૩ સાગરોપમ |
| ૩ | ૬ | ૮ | ૮ | ૧૦મું | ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત |
| ૪ | ૧ | ૭ | ૮ | ૧૧મું | ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત |
| ૫ | ૧ | ૭ | ૭ | ૧૨મું | ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત |
| ૬ | ૧ | ૪ | ૪ | ૧૩મું | દેશોનપૂર્વક્રોડ વર્ષ |
| ૭ | ૦ | ૪ | ૪ | ૧૪મું | પાંચ હ્રસ્વસ્વરના ઉચ્ચારણ કાલ પ્રમાણ |

અવતરણ - હવે મૂલકર્મોના આ આઠ સંવેધભાંગા ૧૪ જીવસ્થાનકોમાં સમજાવે છે. કયા જીવસ્થાનકમાં મૂલકર્મોના કેટલા સંવેધભાંગા હોય ?

**सत्तट्ठबंधअट्ठुदयसंत तेरससु जीवठाणेसु ।**
**एगम्मि पंच भंगा, दो भंगा हुंति केवलिणो ।। ४ ।।**

सप्ताष्टबन्धोऽष्टोदयसती त्रयोदशसु जीवस्थानेषु ।
एकस्मिन् पञ्च भङ्गा द्वौ भङ्गौ भवतः केवलिनः ।। ४ ।।

*ગાથાર્થ - તેર જીવસ્થાનકોમાં સાત અથવા આઠનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા એમ બે ભાંગા હોય છે અને એક જીવસ્થાનકમાં (સંજ્ઞી પંચેન્દ્રિયમાં) પાંચ ભાંગા હોય છે તથા કેવલી ભગવાનને બે ભાંગા હોય છે. ।। ૪ ।।*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેચન - સંસારમાં અનંતા જીવો છે. તેના વિવક્ષાભેદે ૫૬૩ ભેદ પણ છે અને ૧૪ ભેદ પણ છે. ૫૬૩ ભેદો જીવવિચારમાં સમજાવ્યા છે અને ૧૪ ભેદો ચોથા કર્મગ્રંથમાં સમજાવ્યા છે. તે ૧૪ ભેદોની અપેક્ષાએ જીવસ્થાનકમાં સંવેધ અહીં સમજાવે છે.

(૧) સૂક્ષ્મ એકેન્દ્રિય, (૨) બાદર એકેન્દ્રિય, (૩) બેઈન્દ્રિય, (૪) તેઈન્દ્રિય, (૫) ચઉરિન્દ્રિય, (૬) અસંજ્ઞી પંચેન્દ્રિય, અને (૭) સંજ્ઞી પંચેન્દ્રિય આમ કુલ ૭ જીવસ્થાનક છે. તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે બે ભેદ કરવાથી કુલ ૧૪ જીવસ્થાનક થાય છે. તે ૧૪ જીવસ્થાનકોમાંથી અંતિમભેદ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાને છોડીને બાકીના ૧૩ જીવસ્થાનકોમાં મૂલ આઠકર્મોના ૭ ભાંગામાંથી ૨ ભાંગા હોય છે.

સાતનો બંધ આઠનો ઉદય અને આઠની સત્તા (૭ - ૮ - ૮) આ ભાંગો તેરે જીવસ્થાનકોમાં આયુષ્યના બંધકાલ વિનાના સર્વે કાલમાં હોય છે અને આઠનો બંધ આઠનો ઉદય અને આઠની સત્તા (૮ - ૮ - ૮) આ ભાંગો તેરે જીવસ્થાનકોમાં આયુષ્ય-બંધકાલે અંતર્મુહૂર્ત માત્ર હોય છે. આ તેર જીવસ્થાનકોમાં ૧ - ૨ - ૪માંથી જ યથાયોગ્ય ગુણસ્થાનકો હોય છે. અન્ય ગુણસ્થાનકો સંભવતાં નથી અને ૧ - ૨ - ૪ આ ગુણસ્થાનકોમાં ઉપરોક્ત બે જ ભાંગા સંભવે છે તથા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં પ્રથમના ૧ થી ૫ ભાંગા હોય છે. ત્યાં ૮ - ૮ - ૮ આ ભાંગો આયુષ્ય બંધકાલે, ૭ - ૮ - ૮ આ ભાંગો આયુષ્યના બંધકાલના અભાવમાં, ૬ - ૮ - ૮ આ ભાંગો ઉપશમ અને ક્ષપક શ્રેણિમાં સૂક્ષ્મસંપરાયે, ૧ - ૭ - ૮ આ ભાંગો ઉપશમ શ્રેણિમાં ઉપશાન્તમોહે અને ૧ - ૭ - ૭ આ ભાંગો ક્ષપકશ્રેણિમાં ક્ષીણમોહે હોય છે. મનોવિજ્ઞાનવાળાને સંજ્ઞી કહેવાય છે. જે મન દ્વારા ચિંતન - મનન કરે છે તે સંજ્ઞી. આ વિવક્ષાથી ૧ થી ૧૨ ગુણસ્થાનકવાળા જીવો જ સંજ્ઞી તરીકે કહ્યા છે. કેવલી પરમાત્મા કેવલજ્ઞાનયુક્ત હોવાથી મનન - ચિંતનસ્વરૂપ ભાવમન રહિત હોવાથી સંજ્ઞી તરીકે કહ્યા નથી. કેવલી પરમાત્માને નો સંજ્ઞી અને નો અસંજ્ઞી કહેવાય છે. તેથી કેવલી પરમાત્માની સંજ્ઞી તરીકે વિવક્ષા ન કરવાથી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાને ૫ ભાંગા ઘટે છે. ચિત્ર આ પ્રમાણે છે

કેવલી પરમાત્માને છેલ્લા બે ભાંગા હોય છે. તેરમા ગુણસ્થાનકે એકનો બંધ, ચારનો ઉદય અને ચારની સત્તા (૧-૪-૪) તથા ચૌદમે ગુણસ્થાનકે અબંધ, ચારનો ઉદય અને ચારની સત્તા (૦-૪-૪) આમ છેલ્લા બે ભાંગા જ હોય છે.

| ૧૩ જીવસ્થાનકમાં | | |
|---|---|---|
| બંધ | ઉદય | સત્તા |
| ૮ | ૮ | ૮ |
| ૭ | ૮ | ૮ |
| કેવલી પરમાત્મામાં | | |
| ૧ | ૪ | ૪ |
| ૦ | ૪ | ૪ |

| સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં | | |
|---|---|---|
| બંધ | ઉદય | સત્તા |
| ૮ | ૮ | ૮ |
| ૭ | ૮ | ૮ |
| ૬ | ૮ | ૮ |
| ૧ | ૭ | ૮ |
| ૧ | ૭ | ૭ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવતરણ - હવે આ જ મૂલકર્મોના સંવેધભાંગા ૧૪ ગુણસ્થાનકોમાં ઘટાવે છે.

अट्ठसु एगविगप्पो, छस्सु वि गुणसन्निएसु दुविगप्पो ।
पत्तेयं पत्तेयं, बंधोदयसंतकम्माणं ।। ५ ।।

अष्टसु एकविकल्पः, षट्सु अपि गुणसंज्ञिकेषु द्वौ विकल्पौ ।
प्रत्येकं प्रत्येकं, बन्धोदयसत्कर्मणाम् ।। ५ ।।

*ગાથાર્થ - આઠ ગુણસ્થાનકોમાં એક એકમાં ૧ ભાંગો અને છ ગુણસ્થાનકોમાં દરેકમાં ૨-૨ ભાંગા હોય છે. આ રીતે બંધ-ઉદય અને સત્તા કર્મોના ભાંગા જાણવા. ।।૫।।*

વિવેચન - ચૌદ ગુણસ્થાનકોમાં જ્યાં આયુષ્યકર્મના બંધને યોગ્ય અધ્યવસાય સ્થાનોનો સંભવ નથી તેવા મિશ્રદૃષ્ટિ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આમ ૩ ગુણસ્થાનકોમાં સાતનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા (૭-૮-૮) એમ એક એક જ ભાંગો હોય છે તથા સૂક્ષ્મસંપરાયે આયુષ્ય અને મોહનીયનો બંધ ન હોવાથી છ મૂલકર્મોનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા (૬-૮-૮), ઉપશાન્તમોહે માત્ર વેદનીયનો જ બંધ હોવાથી અને મોહનીયનો ઉદય ન હોવાથી એકનો બંધ, સાતનો ઉદય અને આઠની સત્તા (૧-૭-૮), ક્ષીણમોહે મોહનીયની સત્તા પણ ન હોવાથી એકનો બંધ, સાતનો ઉદય અને સાતની સત્તા (૧-૭-૭), સયોગી કેવલી ગુણસ્થાનકે ઘનઘાતી કર્મોનો ક્ષય હોવાથી તેનો ઉદય અને તેની સત્તા નથી, તે માટે એકનો બંધ, ચારનો ઉદય અને ચારની સત્તા (૧-૪-૪) અને ચૌદમા ગુણસ્થાનકે વેદનીયકર્મનો પણ બંધ ન હોવાથી અબંધ, ચારનો ઉદય અને ચારની સત્તા (૦-૪-૪). આમ ૩-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩-૧૪ આ આઠ ગુણસ્થાનકોમાં મૂલકર્મોના ૭ ભાંગામાંથી માત્ર એક એક ભાંગો જ યથોચિત સંભવે છે.

શેષ ૬ ગુણસ્થાનકોમાં પ્રથમના બે ભાંગા સંભવે છે. મિથ્યાદૃષ્ટિ - સાસ્વાદન - અવિરત - દેશવિરત - પ્રમત્ત અને અપ્રમત્ત આ છ ગુણસ્થાનકોમાં જ્યારે જ્યારે આયુષ્યનો બંધ થતો હોય છે ત્યારે ત્યારે આઠનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા (૮ - ૮ - ૮) આ પ્રથમ ભાંગો હોય છે અને આયુષ્યના બંધકાલ વિનાના શેષકાલે સાતનો બંધ, આઠનો ઉદય અને આઠની જ સત્તા (૭ - ૮ - ૮) આમ બીજો ભાંગો હોય છે. આ રીતે છ ગુણસ્થાનકોમાં પ્રથમના ૨ ભાંગા અને આઠ ગુણસ્થાનકોમાં યથાયોગ્ય એક જ ભાંગો હોય છે. ।। ૫ ।।

અવતરણ - આ પ્રમાણે મૂલકર્મના સંવેધ ભાંગા સમજાવીને હવે ઉત્તરપ્રકૃતિઓના સંવેધભાંગા ગ્રંથકારશ્રી સમજાવે છે. ત્યાં કયા કયા મૂલકર્મની કેટલી કેટલી ઉત્તરપ્રકૃતિઓ છે ? તે પ્રથમ કર્મગ્રંથના અભ્યાસને અનુસારે સમજાવેલું છે, તો પણ તેની સ્મૃતિ તાજી કરવા છઠ્ઠી ગાથામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તરપ્રકૃતિઓની સંખ્યા કહે છે. આ ગાથા મૂલગ્રંથની (સપ્તતિકાની) નથી. પરંતુ શતક પ્રકરણની ૩૯મી ગાથા છે. જે અહીં પ્રક્ષિપ્ત કરાયેલી છે -

**पंच नव दुन्नि अट्ठावीसा, चउरो तहेव बायाला ।**
**दुन्नि य पंच य भणिया, पयडीओ आणुपुव्वीए ।। ६ ।।**

**पञ्च नव द्वे अष्टाविंशतिः, चतस्रस्तथैव द्वाचत्वारिंशत् ।**
**द्वे च पञ्च च भणिताः, प्रकृतय आनुपूर्व्या ।। ६ ।।**

*ગાથાર્થ - મૂલ આઠે કર્મોની ઉત્તરપ્રકૃતિઓ અનુક્રમે પાંચ, નવ, બે, અઠ્યાવીસ, ચાર, બેંતાલીસ, બે અને પાંચ છે. ।। ૬ ।।*

વિવેચન - જ્ઞાનાવરણીયાદિ મૂલ આઠે કર્મોની ઉત્તરપ્રકૃતિઓ આ પ્રમાણે છે - જ્ઞાનાવરણીય કર્મની મતિજ્ઞાનાવરણીયાદિ પાંચ ઉત્તરપ્રકૃતિઓ છે. દર્શનાવરણીય કર્મની ચક્ષુદર્શનાવરણાદિ ચાર અને નિદ્રાપંચક એમ નવ ઉત્તરપ્રકૃતિઓ છે. વેદનીય કર્મની સાતા - અસાતા એમ બે ઉત્તરપ્રકૃતિઓ છે. મોહનીયકર્મની મિથ્યાત્વમોહનીયાદિ ત્રણ દર્શનમોહનીય, સોળ કષાયમોહનીય અને નવ નોકષાયમોહનીય એમ અટ્ઠાવીસ ઉત્તરપ્રકૃતિઓ છે. આયુષ્યકર્મની નરકાયુષ્યાદિ ચાર ઉત્તરપ્રકૃતિઓ છે. નામકર્મની ગતિ-જાતિ આદિ (૧૪) ચૌદ પિંડપ્રકૃતિઓ, પરાઘાતાદિ આઠ પ્રત્યેક પ્રકૃતિઓ અને ત્રસદસક તથા સ્થાવરદસક એમ ૪૨ ઉત્તરપ્રકૃતિઓ છે. ગોત્રકર્મની ઉચ્ચ-નીચ એમ બે ઉત્તરપ્રકૃતિઓ છે અને અંતરાયકર્મની દાનાન્તરાયાદિ પાંચ ઉત્તરપ્રકૃતિઓ છે. આ સર્વે ઉત્તરપ્રકૃતિઓ કર્મવિપાક નામના પ્રથમકર્મગ્રંથમાં સવિસ્તરપણે સમજાવેલી છે, તેથી અહીં તેનો ફરી વિસ્તાર કરતા નથી.

મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિઓ છે. પરંતુ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય બંધમાં નથી. કારણ કે મિથ્યાત્વમોહનીય એક જ બંધાય છે. બંધાયેલી મિથ્યાત્વમોહનીય જ શુદ્ધિકરણ કરવાથી મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ મોહનીયરૂપે બને છે. તેથી બંધમાં મોહનીયકર્મની સમ્યક્ત્વ મોહનીય - મિશ્રમોહનીય વિના છવ્વીસ જ ગણાય છે. ઉદય અને સત્તામાં અટ્ઠાવીસ ગણાય છે.

નામકર્મની ૧૪ પિંડપ્રકૃતિ, ૮ પ્રત્યેકપ્રકૃતિ, ૧૦ ત્રસદશક અને ૧૦ સ્થાવરદશક આમ કુલ ૪૨ પ્રકૃતિઓ કહી છે. પરંતુ બંધ અને ઉદયમાં નામકર્મની ૬૭ અને સત્તામાં ૯૩ (અથવા ૧૦૩) ગણાય છે. જે ૧૪ પિંડપ્રકૃતિઓ છે તેના જ ઉત્તરભેદો ૬૫ થાય છે. ગતિના ૪, જાતિના ૫, શરીરના ૫, અંગોપાંગના ૩, બંધનના ૫, સંઘાતનના ૫, સંઘયણના ૬, સંસ્થાનના ૬, વર્ણના ૫, ગંધના ૨, રસના ૫, સ્પર્શના ૮, આનુપૂર્વીના ૪ અને વિહાયોગતિના ૨ આમ કુલ ૬૫ ભેદો થાય છે. તેમાંથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધનના પાંચ અને સંઘાતનના પાંચ ભેદો શરીરની અંતર્ગત ગણાય છે તથા વર્ણાદિના ૨૦ ઉત્તરભેદને બદલે વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ એમ સામાન્યથી વર્ણચતુષ્ક જ ગણાય છે. તેથી આ ૬૫ ઉત્તરભેદોમાંથી ૫ બંધન, ૫ સંઘાતન અને વર્ણાદિના ૧૬ કુલ ૨૬ ભેદો ઓછા કરતાં ૩૯ પિંડપ્રકૃતિના ભેદો થાય છે તથા ૮ પરાઘાતાદિ અને ૨૦ ત્રસદશક-સ્થાવરદશક મળીને નામકર્મના ૬૭ ઉત્તરભેદો બંધ અને ઉદયમાં ગણાય છે. પરંતુ સત્તામાં પાંચ બંધન, પાંચ સંઘાતન અને વર્ણાદિના ૨૦ ભેદ જુદા જુદા ગણાતા હોવાથી સત્તામાં નામકર્મની ૯૩ પ્રકૃતિઓ ગણાશે. આ વિષય પ્રથમ કર્મગ્રંથમાં આવેલો હોવાથી અહીં વધારે વિસ્તાર કરતા નથી. ।। ૬ ।।

| | જ્ઞાના. | દર્શના. | વેદ. | મોહ. | આયુ. | નામ. | ગોત્ર | અંત. | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બંધમાં | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૦ |
| ઉદયમાં | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| સત્તામાં | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |

અવતરણ - મૂલકર્મની ઉત્તરપ્રકૃતિઓ કહીને હવે એક એક કર્મની ઉત્તરપ્રકૃતિઓને આશ્રયી સંવેધભાંગા જણાવે છે. ત્યાં સૌથી પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ અને અંતરાયકર્મના (બન્નેના ભાંગા તુલ્ય હોવાથી બન્નેના સાથે) સંવેધભાંગા જણાવે છે -

**बंधोदयसंतंसा, नाणावरणंतराइए पंच ।**
**बंधोवरमे वि तहा, उदयसंता हुंति पंचेव ।। ७ ।।**

**बन्धोदयसदंशाः, ज्ञानावरणान्तराययोः पञ्च ।**
**बन्धोपरमेऽपि तथा, उदयसती भवतः पञ्चैव ।। ७ ।।**

*ગાથાર્થ - જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મમાં બંધ- ઉદય અને સત્તા રૂપે પાંચ પાંચ પ્રકૃતિઓ (૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી) હોય છે તથા બંધ અટક્યા પછી પણ ઉદય અને સત્તા પાંચની હોય છે. ।। ૭ ।।*

વિવેચન - જ્ઞાનાવરણીય કર્મની મતિજ્ઞાનાવરણીયાદિ પાંચે પ્રકૃતિઓ અને અંતરાય કર્મની દાનાન્તરાયાદિ પાંચે પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી સાથે જ બંધાય છે. અને સદાકાળ બંધાય છે. પરંતુ કોઈ વાર એક પ્રકૃતિ બંધાય અને કોઈ વાર બે ત્રણ પ્રકૃતિઓ બંધાય, આવું બનતું નથી. તેથી પાંચ પ્રકૃતિ-આત્મક એક જ બંધસ્થાનક છે તથા ધ્રુવોદયી હોવાથી અને ધ્રુવસત્તા હોવાથી ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક પણ પાંચ પ્રકૃતિ-આત્મક એક જ છે.

મિથ્યાત્વ ગુણસ્થાનકથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી આ બંને કર્મોનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'પાંચનો બંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા (૫-૫-૫)' આમ એક જ સંવેધભાંગો ઘટે છે તથા ઉપશાન્તમોહે અને ક્ષીણમોહે બંધવિચ્છેદ થયેલ હોવાથી 'અબંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા (૦-૫-૫)' આમ બીજો એક જ ભાંગો સંભવે છે. આ રીતે જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મમાં (૧) પાંચનો બંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા (૫-૫-૫) અને (૨) અબંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા (૦-૫-૫) આમ બે જ સંવેધભાંગા થાય છે. તેરમે, ચૌદમે ગુણસ્થાનકે જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મનો બંધ - ઉદય અને સત્તા ન હોવાથી ત્યાં કોઈ ભાંગા થતા નથી. ॥ ૭ ॥

હવે દર્શનાવરણીય કર્મના સંવેધભાંગા કહે છે.

**बंधस्स य संतस्स य, पगइठाणाणि तिण्णि तुल्लाणि ।**
**उदयट्ठाणाईं दुवे, चउ पणगं दंसणावरणे ॥ ८ ॥**

**बन्धस्य च सतश्च, प्रकृतिस्थानानि त्रीणि तुल्यानि ।**
**उदयस्थाने द्वे, चत्वारि पञ्च दर्शनावरणे ॥ ८ ॥**

*ગાથાર્થ - દર્શનાવરણીયકર્મમાં બંધનાં અને સત્તાનાં સ્થાનો (૯ - ૬ - ૪ આમ કુલ) ત્રણ તુલ્ય છે. પરંતુ ઉદયસ્થાનક ચાર અને પાંચનું એમ બે જ છે. ॥ ૮ ॥*

વિવેચન - દર્શનાવરણીય કર્મમાં ૯નું, ૬નું અને ૪નું આમ ત્રણ બંધસ્થાનક છે અને આ જ ત્રણ સત્તાસ્થાનક છે. તેથી બંધસ્થાનક અને સત્તાસ્થાનક પરસ્પર તુલ્ય છે, તે આ પ્રમાણે -

પહેલા અને બીજા ગુણસ્થાનકે દર્શનાવરણીયકર્મની નવે પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી અવશ્ય બંધાય જ છે. આ નવનું બંધસ્થાનક કહ્યું તે પહેલા - બીજા ગુણસ્થાનકે જ હોય છે. અભવ્યને આશ્રયી અનાદિ - અનંત, ભવ્યને આશ્રયી અનાદિ - સાન્ત અને સમ્યક્ત્વ પામીને પડેલાને આશ્રયી સાદિ - સાન્ત. તેનો જઘન્યકાલ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાલ દેશોન અપાર્ધપુદ્ગલ પરાવર્ત જાણવો.

ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી થીણદ્ધિત્રિક વિના ૬નું બંધસ્થાનક જાણવું. આ બંધસ્થાનકનો જઘન્ય કાલ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાલ સાધિક બે છાસઠ સાગરોપમ પ્રમાણ જાણવો. અપૂર્વકરણના બીજા ભાગથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી નિદ્રાદ્વિકનો પણ બંધવિચ્છેદ થયેલ હોવાથી ચક્ષુદર્શનાવરણીય આદિ ચાર (૪) પ્રકૃતિનું બંધસ્થાનક હોય છે. આ બંધસ્થાનકનો જઘન્ય કાલ ૧ સમય અને ઉત્કૃષ્ટ કાલ અંતર્મુહૂર્ત હોય છે. ઉપશમશ્રેણીમાં આઠમાના બીજા ભાગે આવ્યા પછી એક સમય માત્ર રહીને કાલ કરે અને સ્વર્ગલોકમાં જાય ત્યાં ચોથું ગુણસ્થાનક આવવાથી ૬નો બંધ કરે તેવા જીવને આશ્રયી ઉપશમશ્રેણીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક સમયનો જઘન્યકાલ ચારના બંધનો સંભવે છે. શ્રેણીમાં ૮-૯-૧૦ આ ત્રણે ગુણસ્થાનકનો કાલ વધુમાં વધુ અંતર્મુહૂર્ત માત્ર જ છે. તેથી ઉત્કૃષ્ટ કાલ ચારના બંધનો અંતર્મુહૂર્ત હોય છે.

દર્શનાવરણીયકર્મનાં સત્તાસ્થાનકો પણ ૯નું, ૬નું અને ૪નું એમ ત્રણ જ હોય છે. દર્શનાવરણીયકર્મની નવે પ્રકૃતિઓની સત્તા ઉપશમશ્રેણીમાં અગિયારમા ગુણસ્થાનક સુધી અને ક્ષપકશ્રેણીમાં નવમા ગુણસ્થાનકના પ્રથમ ભાગ સુધી (કેટલોક કાલ) હોય છે. તેથી જ આ સત્તાસ્થાનનો કાલ અભવ્યને આશ્રયી અનાદિ - અનંત અને ભવ્યને આશ્રયી અનાદિ - સાન્ત એમ બે જ પ્રકારે સંભવે છે. પતિતને આશ્રયી સાદિ - સાન્તવાળો કાલ અહીં સંભવતો નથી. કારણ કે અગિયારમા ગુણસ્થાનક સુધી નવની જ સત્તા હોય છે. તેથી નવની સત્તાની સાદિ થતી નથી અને ક્ષપકશ્રેણીમાં ૬ - ૪ની સત્તા આવે છે. પરંતુ ત્યાંથી પતનનો સંભવ નથી તેથી ક્ષપકશ્રેણીમાં પણ નવની સત્તાની સાદિ થતી નથી.

છની સત્તા ક્ષપકશ્રેણીમાં જ આવે છે અને તે નવમા ગુણસ્થાનકના બીજા ભાગથી પ્રારંભીને બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી હોય છે તેથી જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જ કાલ હોય છે. ચારની સત્તા ક્ષપકશ્રેણીમાં બારમા ગુણસ્થાનકના ચરમ સમયે જ માત્ર હોય છે. તેથી તેનો કાલ એક સમય માત્ર છે.

ઉદયસ્થાનક પાંચનું અને ચારનું એમ બે જ છે. કારણ કે ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર પ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી ચારનું ઉદયસ્થાન તો સ્વાભાવિકપણે સદા હોય જ છે અને નિદ્રાપંચક અધ્રુવોદયી હોવાથી ક્યારેક ઉદયમાં હોય છે અને ક્યારેક ઉદયમાં હોતી નથી. તેથી જ્યારે તે ઉદયમાં હોય ત્યારે પણ પાંચમાંની કોઈ એક જ નિદ્રા એક કાલે ઉદયમાં આવી શકે છે. એકી સાથે બે-ત્રણ નિદ્રા ઉદયમાં આવતી નથી. તેથી કોઈ પણ એક નિદ્રા સાથે ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર જોડવાથી પાંચનું ઉદયસ્થાનક થાય છે. જો કે આ પાંચનું ઉદયસ્થાનક પાંચ પ્રકારે થાય છે. જેમ કે નિદ્રા સાથે ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર, પ્રચલા સાથે ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર, નિદ્રાનિદ્રા સાથે ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર, પ્રચલાપ્રચલા સાથે ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર અને થીણદ્ધિના ઉદય સાથે આ જ ચાર, એમ પાંચનો ઉદય પાંચ પ્રકારે બને છે, તો પણ સંખ્યા પાંચની (તુલ્ય) હોવાથી એક જ ઉદયસ્થાનક ગણાય છે.

આ પ્રમાણે દર્શનાવરણીય કર્મમાં ૯, ૬, ૪ એમ ત્રણ બંધસ્થાનક, ૪, ૫ એમ બે ઉદયસ્થાનક, અને ૯, ૬, ૪ એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે. હવે પછીની ગાથામાં આ દર્શનાવરણીયકર્મનો સંવેધ કહેવાય જ છે. એટલે અહીં અમે વધારે વિસ્તાર કરતા નથી તથા ઉપરોક્ત બંધ-ઉદય અને સત્તાનું સ્વરૂપ કર્મસ્તવ નામના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજા કર્મગ્રંથના અભ્યાસના આધારે સુગમ છે. છઠ્ઠા કર્મગ્રંથનો અભ્યાસ કરતી વખતે ૧ થી ૫ કર્મગ્રંથોનો અભ્યાસ અત્યન્ત સ્મૃતિગોચર રાખવો. તો જ આ કર્મગ્રંથનો અભ્યાસ સરળ બને છે. ॥ ૮ ॥

અવતરણ - હવે દર્શનાવરણીય કર્મનો સંવેધ કહે છે.

**बीयावरणे नवबंधएसु, चउ पंच उदय नव संता ।**
**छच्चउ बंधे चेवं, चउ बंधुदए छलंसा य ।। ९ ।।**

**द्वितीयावरणे नवबन्धकेषु, चत्वारः पञ्चोदयाः नव सन्तः ।**
**षट्चतुर्बन्धे चैवं, चतसृणां (प्रकृतीनां) बन्धोदये षडंशाश्च ।। ९ ।।**

*ગાથાર્થ - બીજા દર્શનાવરણીય કર્મમાં નવના બંધમાં ચાર અથવા પાંચ પ્રકૃતિઓનો ઉદય અને નવની સત્તા હોય છે તથા છના બંધમાં અને ચારના બંધમાં પણ તેમ જ હોય છે તથા ચારના બંધે ચારના ઉદયે છની સત્તા પણ હોય છે. (આગળ સંબંધ ચાલુ). ॥૯॥*

વિવેચન - દર્શનાવરણીય નામના બીજા કર્મમાં નવનો બંધ મિથ્યાત્વે અને સાસ્વાદન ગુણસ્થાનકે હોય છે. ધ્રુવબંધી હોવાથી નવે નવ પ્રકૃતિઓ અવશ્ય બંધાય છે. બીજા ગુણસ્થાનકથી આગળ થીણદ્ધિત્રિકનો બંધ ન હોવાથી નવનું આ બંધસ્થાનક પ્રથમનાં માત્ર બે જ ગુણસ્થાનકોમાં ઘટે છે.

ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર પ્રકૃતિઓ, ધ્રુવોદયી હોવાથી ચારનું ઉદયસ્થાનક (નિદ્રાના ઉદયકાલ વિના) સર્વકાલે હોય છે. પરંતુ નિદ્રાપંચક અધ્રુવોદયી હોવાથી ક્યારેક કોઈ એક નિદ્રા ઉદયમાં આવે છે અને ક્યારેક એકે નિદ્રા ઉદયમાં આવતી નથી. તેથી ૪નું અને ૫નું એમ બે ઉદયસ્થાનક હોય છે તથા સત્તા નવે પ્રકૃતિની પ્રથમનાં બે ગુણસ્થાનકોમાં અવશ્ય હોય છે. કારણ કે ધ્રુવબંધી હોવાથી નવે બંધાય છે. માટે નવે સત્તામાં હોય જ છે. આ રીતે વિચારતાં પહેલા - બીજા ગુણસ્થાનકે નવના બંધવાળા બે ભાંગા થાય છે. (૧) નવનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા (૯-૪-૯) અને (૨) નવનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા (૯-૫-૯). પહેલો ભાંગો નિદ્રાના અનુદય કાલે હોય છે અને બીજો ભાંગો નિદ્રાના ઉદયકાલે હોય છે.

'छच्चउबंधे चेवं' છના બંધે અને ચારના બંધે પણ આમ જ કહેવું. એટલે કે મિશ્ર ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી (૧) છનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા (૬-૪-૯) તથા (૨) છનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા (૬-૫-૯) આમ બે ભાંગા છના બંધે થાય છે. તેવી જ રીતે આઠમા ગુણસ્થાનકના બીજા ભાગથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી (૧) ચારનો બંધ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારનો ઉદય, નવની સત્તા (૪-૪-૯) અને (૨) ચારનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા (૪-૫-૯) એમ બે ભાંગા ઉપશમશ્રેણી આશ્રયી ઘટે છે. અહીં એક વિશેષતા ખાસ તે જાણવા જેવી છે કે ક્ષપકશ્રેણીમાં આઠમા ગુણસ્થાનકના પ્રથમસમયથી બારમા ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી કેટલાક આચાર્યો નિદ્રાનો ઉદય માને છે અને કેટલાક આચાર્યો નિદ્રાનો ઉદય માનતા નથી. તેથી નિદ્રાના ઉદયવાળા (એટલે કે પાંચના ઉદયવાળા) ભાંગા, નિદ્રાનો ઉદય ક્ષપકશ્રેણીમાં જેઓ માને છે તેઓના મતે ઘટે અને જેઓ નિદ્રાનો ઉદય ક્ષપકશ્રેણીમાં માનતા નથી તેઓના મતે નિદ્રાના ઉદયવાળા તે ભાંગા ત્યાં ન ઘટે. (આવો વિવેક આપણે સ્વયં કરવો.)

પ્રાચીન કર્મસ્તવકારાદિ આચાર્યો, નવીનકર્મગ્રંથ બનાવનાર શ્રી દેવેન્દ્રસૂરિજી આદિ તથા પંચસંગ્રહકારાદિ ક્ષપકશ્રેણીમાં નિદ્રાનો ઉદય માને છે. **'निद्दा पयला य तहा खीणदुचरिमम्मि उदयविच्छेओ'** (પ્રાચીન કર્મસ્તવ નામના બીજા કર્મગ્રંથની ૩૩મી ગાથા). **सगवन्न खीणदुचरिमे, निद्ददुगंतोअ चरिमि पणवन्ना** (અર્વાચીન કર્મસ્તવ નામનો બીજો કર્મગ્રંથ ગાથા ૨૦) **मोत्तुण खीणरागं इंदियपज्जत्ता उदीरेंति निद्दापयला** (પંચસંગ્રહ - ઉદીરણાકરણ ગાથા ૧૮/૧૯) પંચસંગ્રહના સપ્તતિકા પ્રકરણ ગાથા ૧૨માં નિદ્રાનો ઉદય બારમાના દ્વિચરમ સમય સુધી માનેલો છે. (**छसु चउसु जा खीणो**)

પરંતુ ચિરંતનાચાર્યકૃત 'સિત્તરી' નામના ગ્રંથની ૮/૯મી ગાથામાં તથા તેના ઉપર પ્રાચીનાચાર્યકૃત ચૂર્ણિમાં ક્ષપકશ્રેણીમાં નિદ્રાના ઉદયનો નિષેધ કરેલો છે. ચૂર્ણિમાં લખ્યું છે કે - **'नाइविसुद्धस्स संकिलिट्ठस्स वा निद्दोदयो'** તથા તેમાં લખ્યું છે કે **'खवगखीणकसायाणं निद्दापयलाणं उदओ अत्थि इइ अण्णे पढंति तं न घडइ'** પંચસંગ્રહના ત્રીજા ભાગ રૂપે જે 'સપ્તતિકા પ્રકરણ' છે તેમાં પણ ૧૪મી ગાથામાં પોતે ઉદય સ્વીકાર્યો નથી. બીજા કેટલાક ઉદય માને છે એમ કહ્યું છે. તે ગાથા આ પ્રમાણે **खवगे सुहुमंमि चउबंधंमि, अबंधगंमि खीणम्मि, छस्संतं चउरुदयो पंचण्हवि केइ इच्छंति** ।। ૧૪ ।। છટ્ઠા કર્મગ્રંથકારે પણ નવમી દસમી ગાથાની રચના જોતાં નિદ્રાના ઉદયવાળા ભાંગા ક્ષપકશ્રેણી અને ક્ષીણમોહમાં લીધા નથી. એટલે અહીં બન્ને મતે વિવેચનમાં સમજાવીશું. પરંતુ મૂલગ્રંથકારને નિદ્રાના ઉદયવાળા ભાંગા ક્ષપકશ્રેણીમાં ઈષ્ટ નથી.

આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગે ૬નો બંધ, ૪નો ઉદય, ૯ની સત્તા (૬ - ૪ - ૯) આ ભાંગો ઉપશમશ્રેણીમાં અને ક્ષપકશ્રેણીમાં બધા જ આચાર્યોના મતે હોય છે. પરંતુ ૬નો બંધ, ૫નો ઉદય, ૯ની સત્તા (૬-૫-૯) આ ભાંગો ઉપશમશ્રેણીમાં બન્ને આચાર્યોના મતે હોય છે. પરંતુ ક્ષપકશ્રેણીમાં નિદ્રાનો ઉદય માનનારાના મતે ઘટે છે. નિદ્રાનો ઉદય ન માનનારાના મતે આ ભાંગો સંભવતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આઠમા ગુણસ્થાનકના બીજા ભાગથી ઉપશમશ્રેણીમાં સૂક્ષ્મસંપરાય સુધી અને ક્ષપકશ્રેણીમાં નવમાના પહેલા ભાગ સુધી ૪નો બંધ, ૪નો ઉદય, નવની સત્તા (૪ - ૪ - ૯) આ ભાંગો સર્વે આચાર્યોના મતે ઘટે છે. પરંતુ ૪નો બંધ, ૫નો ઉદય, ૯ની સત્તા (૪ - ૫ - ૯) આ ભાંગો ઉપશમશ્રેણીમાં બધાના મતે ઘટે છે. પરંતુ ક્ષપકશ્રેણીમાં તો નિદ્રાનો ઉદય માનનારાના મતે જ ઘટે છે. અન્યના મતે નહીં.

તથા ક્ષપકશ્રેણીમાં નવમા ગુણસ્થાનકના પહેલા ભાગના ચરમ સમયે થીણદ્ધિત્રિકની સત્તાનો ક્ષય થવાથી નવમાના બીજા ભાગથી સૂક્ષ્મસંપરાય સુધી ચારનો બંધ, ચારનો ઉદય અને છની સત્તા (૪ - ૪ - ૬) આ ભાંગો સર્વે આચાર્યોના મતે ઘટે છે. ગ્રંથકારે પણ 'चउबंधुदए छलंसा य' આ છેલ્લા પદમાં આ ભાંગો માનેલો છે. પરંતુ નિદ્રાના ઉદયવાળો (૪ - ૫ - ૬) આ ભાંગો ગ્રંથકારે કહેલો નથી. તેથી નિદ્રાનો ઉદય માનનારા આચાર્યોના મતે ચારનો બંધ, પાંચનો ઉદય અને છની સત્તા (૪ - ૫ - ૬) આ ભાંગો નવમે - દસમે સંભવે છે. પરંતુ ક્ષપકશ્રેણીમાં નિદ્રાનો ઉદય ન માનનારાના મતે (૪ - ૫ - ૬) આ ભાંગો ઘટતો નથી. અહીં 'छलंसा' આવું જે મૂલપદ છે. ત્યાં અંશ શબ્દનો અર્થ સત્કર્મ - અર્થાત્ સત્તા એવો કરવો. ચૂર્ણિમાં કહ્યું છે કે - 'अंस इति संतकम्मं भण्णइ'

આ પ્રમાણે દર્શનાવરણીય કર્મના ૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં કુલ સ્વમતે ૭ અને નિદ્રાનો ઉદય માનનારાના મતે ૮ ભાંગા સમજાવ્યા. હવે પછીની ગાથામાં અગિયારમે, બારમે ગુણઠાણે દર્શનાવરણીયકર્મના જે બીજા ભાંગા થાય છે તે બતાવશે. ।। ૯ ।।

**उवरयबंधे चउ पण, नवंस चउरुदय छच्च चउ संता ।**
**वेयणियाऽऽउयगोए, विभज्ज मोहं परं वोच्छं ।। १० ।।**

**उपरतबन्धे चतस्रः पञ्च, नवांशाश्चतसृणामुदये षट् च चतस्रस्सत्यः ।**
**वेदनीयायुर्गोत्राणि विभज्य मोहं परं वक्ष्ये ।। १० ।।**

*ગાથાર્થ - દર્શનાવરણીય કર્મનો બંધ અટક્યા પછી ચાર અથવા પાંચ પ્રકૃતિઓ ઉદયમાં અને નવ પ્રકૃતિઓ સત્તામાં હોય છે તથા ચારના ઉદયમાં છની અને ચારની સત્તા હોય છે. હવે વેદનીયકર્મ, આયુષ્યકર્મ અને ગોત્રકર્મ કહીને ત્યારબાદ મોહનીયકર્મ કહીશું. ।। ૧૦ ।।*

વિવેચન - દર્શનાવરણીય કર્મનો બંધ ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી જ થાય છે. ત્યાં સુધીના ભાંગા નવમી ગાથામાં સમજાવ્યા. હવે બંધ વિરામ થયા પછી અગિયારમા ગુણસ્થાનકે દર્શનાવરણીય કર્મનો બંધ નથી પણ ઉદય ચાર અથવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચનો હોય છે અને સત્તા નવની હોય છે. એટલે (૦ - ૪ - ૯) (૦ - ૫ - ૯) આમ બે ભાંગા માત્ર ઉપશમશ્રેણીમાં ઉપશાન્તમોહ ગુણઠાણે સંભવે છે.

ક્ષપકશ્રેણીમાં ક્ષીણમોહ ગુણઠાણે અબંધ ચારનો ઉદય અને છની સત્તા દ્વિચરમ સુધી હોય છે અને જેઓ ક્ષપકશ્રેણીમાં અને ક્ષીણમોહે પણ નિદ્રાનો ઉદય માને છે તેઓના મતે અબંધ પાંચનો ઉદય અને છની સત્તાવાળો ભાંગો પણ બારમાના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી હોય છે તથા બારમાના ચરમ સમયે અબંધ, ચારનો ઉદય અને ચારની જ સત્તાવાળો ભાંગો હોય છે. આ પ્રમાણે દર્શનાવરણીય કર્મના ગ્રંથકારના મતે કુલ ૧૧ ભાંગા થાય છે અને મતાન્તરે ક્ષપકમાં અને ક્ષીણમોહે નિદ્રાનો ઉદય સ્વીકારતાં ૧૩ ભાંગા થાય છે. તેનું સામાન્ય ચિત્ર આ પ્રમાણે છે-

: દર્શનાવરણીય કર્મનું સંવેધ યંત્ર :

| નંબર | બંધ | ઉદય | સત્તા | વિકલ્પો | |
|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૪ | ૯ | ૧ | પહેલા - બીજા ગુણસ્થાનકે |
| ૨ | ૯ | ૫ | ૯ | ૫ | પહેલા - બીજા ગુણસ્થાનકે |
| ૩ | ૬ | ૪ | ૯ | ૧ | ત્રીજાથી આઠમાના પહેલા ભાગ સુધી |
| ૪ | ૬ | ૫ | ૯ | ૫ | ત્રીજાથી આઠમાના પહેલા ભાગ સુધી |
| ૫ | ૪ | ૪ | ૯ | ૧ | આઠમાના બીજા ભાગથી ઉપશમશ્રેણીમાં દસમા સુધી, ક્ષપકશ્રેણીમાં ૯/૧ ભાગ સુધી |
| ૬ | ૪ | ૫ | ૯ | ૨ | આઠમાના બીજા ભાગથી ઉપશમશ્રેણીમાં દસમા સુધી. ક્ષપકશ્રેણીમાં સ્વમતે નથી. મતાન્તરે ૯/૧ ભાગ સુધી |
| ૭ | ૪ | ૪ | ૬ | ૧ | ક્ષપકશ્રેણીમાં ૯/૨ ભાગથી ૧૦મા ગુણસ્થાનક સુધી |
| ×૮ | ૪ | ૫ | ૬ | ૨ | આ ભાંગો સ્વમતે ઘટતો નથી. મતાન્તરે ૯/૨ ભાગથી ૧૦મા ગુણસ્થાનક સુધી |
| ૯ | ૦ | ૪ | ૯ | ૧ | ઉપશમશ્રેણીમાં ઉપશાન્તમોહે |
| ૧૦ | ૦ | ૫ | ૯ | ૨ | ઉપશમશ્રેણીમાં ઉપશાન્તમોહે |
| ૧૧ | ૦ | ૪ | ૬ | ૧ | ક્ષીણમોહના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી |
| ×૧૨ | ૦ | ૫ | ૬ | ૨ | આ ભાંગો સ્વમતે ઘટતો નથી. મતાન્તરે બારમાના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી |
| ૧૩ | ૦ | ૪ | ૪ | ૧ | બારમાના ચરમ સમયે |
| | | | | ૨૫ | |

× ચોકડીવાળા ભાંગા મતાન્તરે જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપરોક્ત ૧૩ ભાંગામાંથી પોતાના મતે આઠમા અને બારમા ભાંગા વિના ૧૧ ભાંગા સંભવે છે અને ક્ષપક તથા ક્ષીણમોહને નિદ્રાનો ઉદય માનનારાના મતે ૧૩ ભાંગા ઘટે છે. તે ૧૩ ભાંગામાં પણ પહેલો ભાંગો એક જ પ્રકારનો છે. બીજો ભાંગો જે પાંચના ઉદયવાળો છે તેમાં નિદ્રા-નિદ્રાનિદ્રા-પ્રચલા-પ્રચલાપ્રચલા અને થીણદ્ધિનો ઉદય વારાફરતી બદલતાં પાંચ પ્રકારે થાય છે. ત્રીજો ભાંગો એક જ પ્રકારે છે. ચોથો ભાંગો પાંચે નિદ્રાનો ઉદય વારાફરતી સંભવતો હોવાથી પાંચ પ્રકારે થાય છે. પરંતુ ૬ના બંધે આ પાંચે પ્રકારો ૩-૪-૫-૬ ગુણસ્થાનકે જ ઘટે છે. સાતમે અને આઠમાના પહેલા ભાગે થીણદ્ધિત્રિકનો ઉદય ન હોવાથી નિદ્રા અને પ્રચલાના વારાફરતી ઉદયવાળા બે જ પ્રકાર સંભવે છે. ત્યારબાદ ૫-૭-૯-૧૧ અને ૧૩મા નંબરવાળા ભાંગા નિદ્રાના ઉદયવાળા ન હોવાથી એક જ પ્રકારના છે. પરંતુ ૬-૮-૧૦-૧૨ નંબરવાળા જે ભાંગા છે તે બે પ્રકારની નિદ્રાવાળા હોવાથી બે બે પ્રકારે થાય છે. આ પ્રમાણે ૧૧ ભાંગાના ૨૧ પ્રકારો અને ૧૩ ભાંગાના ૨૫ પ્રકારો થાય છે.

આ પ્રમાણે દર્શનાવરણીય કર્મ સમજાવ્યું. હવે તેની પછી ક્રમ પ્રમાણે જો કે વેદનીયકર્મ અને મોહનીયકર્મને કહેવાનો અવસર આવે છે. પરંતુ ગોત્રકર્મ તથા આયુષ્યકર્મમાં અલ્પ વક્તવ્ય હોવાથી અને મોહનીયકર્મમાં વધારે વક્તવ્ય હોવાથી પ્રથમ વેદનીય - આયુષ્ય - ગોત્ર કર્મ કહીને ત્યારબાદ મોહનીયકર્મ કહીશું અને મોહનીય કર્મ કહ્યા પછી અતિઘણું વક્તવ્ય હોવાથી નામકર્મ કહીશું. ॥ ૧૦ ॥

**गोअंमि सत्तभंगा, अट्ठ य भंगा हवंति वेअणिए ।**
**पण नव नव पण भंगा, आउचउक्के वि कमसो उ ॥ ११ ॥**

**गोत्रे सप्तभङ्गा, अष्टौ च भङ्गा भवन्ति वेदनीये ।**
**पञ्च नव नव पञ्च भङ्गाः, आयुश्चतुष्केऽपि क्रमशस्तु ॥ ११ ॥**

*ગાથાર્થ - ગોત્ર કર્મમાં સાત ભાંગા થાય છે. વેદનીયકર્મમાં આઠ ભાંગા થાય છે અને આયુષ્યકર્મમાં અનુક્રમે પાંચ-નવ-નવ અને પાંચ ભાંગા થાય છે. ॥ ૧૧ ॥*

વિવેચન - આ ગાથા મૂલ 'સપ્તતિકા'ની એટલે કે છટ્ઠા કર્મગ્રંથની નથી, પાછળથી ઉપયોગી હોવાથી પ્રક્ષિપ્ત કરાયેલી છે. કારણ કે ચૂર્ણિમાં તથા મલયગિરિજી મ. કૃત ટીકામાં આ ગાથા નથી.

ગોત્રકર્મમાં સંવેધભાંગા સાત થાય છે. ત્યાં ઉચ્ચગોત્ર અને નીચગોત્ર બંધમાં અને ઉદયમાં પ્રતિપક્ષી (પરસ્પર વિરોધી) હોવાથી ગમે ત્યારે પણ એક જ ગોત્ર બંધાય છે અને એક જ ગોત્ર ઉદયમાં આવે છે. પરંતુ એકી સાથે બન્ને બંધમાં કે ઉદયમાં આવતાં નથી. પરંતુ પૂર્વાપરકાલે બાંધેલાં બન્ને ગોત્રકર્મો આત્માની પાસે સત્તામાં (સ્ટોકમાં) હોઈ શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઉકાય-વાઉકાયમાં ગયેલા જીવો ઉચ્ચ ગોત્રની ઉદ્વલનાનો પ્રારંભ કરે છે. પલ્યોપમના અસંખ્યાતમા ભાગકાલે ઉચ્ચ ગોત્રની તે ઉદ્વલના સમાપ્ત થાય છે. ત્યાર બાદ ઉચ્ચગોત્રની સત્તા હોતી નથી. તેથી ઉદ્વલના કરે ત્યાં સુધી બે ગોત્રની સત્તા હોય છે અને ઉદ્વલના સમાપ્ત થયા પછી ફરી ઉચ્ચગોત્ર બંધાય નહિ ત્યાં સુધી એકલા નીચ ગોત્રની જ સત્તા હોય છે વળી ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી બન્ને ગોત્રની સત્તા હોય છે. પરંતુ ચૌદમાના ચરમ સમયે નીચ ગોત્રની સત્તા હોતી નથી તેથી ચૌદમાના દ્વિચરમ સમય સુધી બે ગોત્રની સત્તા અને ચરમ સમયે એક ઉચ્ચગોત્રની જ સત્તા હોય છે. આ પ્રમાણે બંધ-ઉદય અને સત્તા હોવાથી તેના સંવેધભાંગા ૭ થાય છે. તે આ પ્રમાણે -

બંધસ્થાનક ૧નું જ હોય છે. જો નીચગોત્ર બંધાય તો પહેલા અને બીજા ગુણસ્થાનક સુધી બંધાય છે અને જો ઉચ્ચગોત્ર બંધાય તો ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી બંધાય છે. પરંતુ એકી સાથે બે ગોત્ર કર્મ પરસ્પર વિરોધી હોવાથી બંધાતાં નથી. તેથી ૧નું એક જ બંધસ્થાનક હોય છે તથા ઉદયસ્થાનક પણ એકનું એક જ હોય છે. ત્યાં નીચગોત્રનો ઉદય ૧ થી ૫ ગુણસ્થાનક સુધી અને ઉચ્ચગોત્રનો ઉદય ૧ થી ૧૪ ગુણસ્થાનક સુધી જાણવો. પરંતુ એકી સાથે બે ગોત્રકર્મનો ઉદય સંભવતો નથી. સત્તાસ્થાન ૨ છે. ૧નું અને ૨નું. તેઉકાય-વાઉકાયમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના થઈ ગયા પછીથી તે તેઉકાય - વાઉકાયમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી તો એક નીચગોત્રની જ સત્તા હોય છે. અને ત્યાંથી નીકળીને એકેન્દ્રિયાદિ શેષ તિર્યંચોમાં ઉત્પન્ન થાય ત્યાં પણ કેટલોક કાળ (શરીર પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યાં સુધી - અંતર્મુહૂર્ત કાલ) એકલા નીચગોત્રની જ સત્તા હોય છે તથા ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે એકલા ઉચ્ચગોત્રની જ સત્તા હોય છે. શેષ સર્વકાલે બન્ને ગોત્રકર્મની સત્તા હોય છે.

(૧) નીચનો બંધ, નીચનો ઉદય, નીચની સત્તા આ પ્રથમ ભાંગો મિથ્યાત્વ ગુણઠાણે જ તેઉકાય-વાઉકાયમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછીથી હોય છે અને તેમાંથી નીકળેલા શેષ એકેન્દ્રિયાદિ તિર્યંચોમાં પણ શરીરપર્યાપ્તિની સમાપ્તિ સુધી હોય છે.

(૨) નીચનો બંધ, નીચનો ઉદય, બન્ને ગોત્રની સત્તા - આ બીજો ભાંગો પહેલા બીજા બે ગુણસ્થાનકે હોય છે. કારણ કે નીચનો બંધ ત્યાં સુધી જ છે.

(૩) નીચનો બંધ, ઉચ્ચનો ઉદય, બન્ને ગોત્રની સત્તા-આ ત્રીજો ભાંગો પણ પહેલા-બીજા બે જ ગુણસ્થાનકે હોય છે. કારણ કે નીચગોત્રનો બંધ બે ગુણસ્થાનક સુધી જ છે.

(૪) ઉચ્ચનો બંધ, નીચનો ઉદય, બન્ને ગોત્રની સત્તા - આ ચોથો ભાંગો ૧ થી ૫ ગુણસ્થાનક સુધી છે. કારણ કે આ ભાંગામાં નીચગોત્રનો ઉદય છે. તે વધુમાં વધુ પાંચ ગુણસ્થાનક સુધી જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) ઉચ્ચનો બંધ, ઉચ્ચનો ઉદય, બન્ને ગોત્રની સત્તા - આ પાંચમો ભાંગો ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી હોય છે. કારણ કે આ ભાંગામાં જે ઉચ્ચગોત્રનો બંધ છે. તે ૧૦મા ગુણસ્થાનક સુધી જ છે.

(૬) અબંધ, ઉચ્ચનો ઉદય, બન્ને ગોત્રની સત્તા - આ છટ્ઠો ભાંગો અગિયારમા ગુણસ્થાનકથી ચૌદમાના દ્વિચરમ સુધી જ હોય છે. કારણ કે ચરમ સમયે બે ગોત્રની સત્તા નથી અને અગિયારમા ગુણસ્થાનકની પૂર્વે દસ ગુણસ્થાનક સુધી ગોત્રનો 'અબંધ' નથી. પણ બંધ ચાલુ છે.

(૭) અબંધ, ઉચ્ચનો ઉદય, ઉચ્ચની સત્તા - આ સાતમો ભાંગો ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે જ હોય છે. તે સાતે ભાંગાનું સામાન્ય ચિત્ર આ પ્રમાણે છે-

: ગોત્રકર્મના સંવેધનું ચિત્ર :

| નંબર | બંધ | ઉદય | સત્તા | વિશેષતા |
|---|---|---|---|---|
| ૧ | નીચ | નીચ | નીચ | મિથ્યાત્વ ગુણ. તેઉ - વાઉમાં ઉદ્વલના સમાપ્ત થયા પછી તથા તેમાંથી નીકળેલ શેષ તિર્યંચોમાં અંતર્મુહૂર્ત |
| ૨ | નીચ | નીચ | ૨ | મિથ્યાત્વ - સાસ્વાદને |
| ૩ | નીચ | ઉચ્ચ | ૨ | મિથ્યાત્વ - સાસ્વાદને |
| ૪ | ઉચ્ચ | નીચ | ૨ | ૧ થી ૫ ગુણસ્થાનક સુધી |
| ૫ | ઉચ્ચ | ઉચ્ચ | ૨ | ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી |
| ૬ | ૦ | ઉચ્ચ | ૨ | ઉપશાન્તમોહથી અયોગીના દ્વિચરમ સમય સુધી |
| ૭ | ૦ | ઉચ્ચ | ઉચ્ચ | અયોગીના ચરમ સમયે |

હવે વેદનીય કર્મના ૮ સંવેધભાંગા થાય છે. તે સમજાવાય છે. સાતાવેદનીય અને અસાતાવેદનીય બંધમાં અને ઉદયમાં પરસ્પર પરાવર્તમાન હોવાથી એકીસાથે એક જ બંધાય છે અને એક જ ઉદયમાં આવે છે. પરંતુ બન્ને સાથે બંધમાં કે ઉદયમાં આવતી નથી. માટે બંધસ્થાનક ૧નું એક જ છે અને ઉદયસ્થાનક પણ એકનું એક જ છે. પરંતુ સત્તામાં આગળ - પાછળ બાંધેલી સાતા-અસાતા બન્ને સાથે હોઈ શકે છે. માટે ૨નું સત્તાસ્થાન પણ છે અને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે એકનું (સાતા અથવા અસાતાનું) સત્તાસ્થાન પણ છે. આમ સત્તાસ્થાનક બે છે. હવે આઠ સંવેધભાંગા સમજાવાય છે -

(૧) અસાતાનો બંધ, અસાતાનો ઉદય, બન્નેની સાતા, (૨) અસાતાનો બંધ, સાતાનો ઉદય, બન્નેની સત્તા, આ અસાતાના બંધવાળા બે ભાંગા છે. તે મિથ્યાત્વથી માંડીને પ્રમત્ત ગુણસ્થાનક સુધી જ હોય છે. કારણ કે અસાતાનો બંધ પ્રમત્ત

Jain Education International jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

ગુણસ્થાનક સુધી જ છે. જો કે અપ્રમત્તાદિ ગુણસ્થાનકમાં અસાતા - સાતાનો ઉદય અને સાતા - અસાતા બન્નેની સત્તા છે. તો પણ પ્રમત્ત ગુણસ્થાનકથી આગળ અસાતાનો બંધ નથી અને આ બન્ને ભાંગા અસાતાના બંધવાળા છે. તેથી અપ્રમત્તાદિ ગુણસ્થાનકોમાં આ ભાંગા હોતા નથી.

(૩) સાતાનો બંધ, અસાતાનો ઉદય, સાતા-અસાતા બન્નેની સત્તા (૪) સાતાનો બંધ, સાતાનો ઉદય, સાતા-અસાતા બન્નેની સત્તા. આ બન્ને ભાંગા મિથ્યાત્વથી સયોગિકેવલી ગુણસ્થાનક સુધી હોય છે. કારણ કે આ બન્ને ભાંગામાં સાતાનો બંધ છે અને તે બંધ તેરમા ગુણસ્થાનક સુધી જ છે. ચૌદમે યોગ ન હોવાથી વેદનીયનો બંધ નથી.

(૫) અબંધ, અસાતાનો ઉદય અને સાતા - અસાતા બન્નેની સત્તા, (૬) અબંધ, સાતાનો ઉદય અને સાતા - અસાતા બન્નેની સત્તા આ બન્ને ભાંગા અયોગી ગુણઠાણાના પ્રથમ સમયથી તેના દ્વિચરમ સમય સુધી હોય છે. કારણ કે ચૌદમે ગુણઠાણે વેદનીયકર્મનો બંધ નથી તથા અસાતા અને સાતા એમ બન્નેનો ઉદય ભિન્ન ભિન્ન જીવમાં હોઈ શકે છે અને બન્ને વેદનીયની સત્તા પણ સંભવે જ છે.

(૭) અબંધ, અસાતાનો ઉદય, અસાતાની સત્તા (૮) અબંધ સાતાનો ઉદય, સાતાની સત્તા આ બે ભાંગા ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે હોય છે. ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે જે આત્માઓને સાતાનો ઉદય અને સત્તા ક્ષય પામી તેને ચરમ સમયે સાતમો ભાંગો હોય છે અને જે આત્માઓને અસાતાનો ઉદય અને સત્તા ક્ષય પામી તેને ચરમ સમયે આઠમો ભાંગો હોય છે. આ રીતે વેદનીયકર્મના કુલ આઠ સંવેધભાંગા થાય છે. તેનું ચિત્ર આ પ્રમાણે છે -

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

: વેદનીય કર્મના સંવેધનું ચિત્ર :

| | બંધ | ઉદય | સત્તા | વિશેષતા |
|---|---|---|---|---|
| ૧ | અસાતા | અસાતા | બન્ને | ૧ થી ૬ ગુણસ્થાનક સુધી |
| ૨ | અસાતા | સાતા | બન્ને | ૧ થી ૬ ગુણસ્થાનક સુધી |
| ૩ | સાતા | અસાતા | બન્ને | ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી |
| ૪ | સાતા | સાતા | બન્ને | ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી |
| ૫ | ૦ | અસાતા | બન્ને | ચૌદમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી |
| ૬ | ૦ | સાતા | બન્ને | ચૌદમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી |
| ૭ | ૦ | અસાતા | અસાતા | ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે |
| ૮ | ૦ | સાતા | સાતા | ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે આયુષ્યકર્મના સંવેધભાંગા કહીશું -

આયુષ્યકર્મમાં બંધસ્થાનક એકાયુષ્ય કર્મનું એક જ હોય છે. કારણ કે કોઈ પણ ભવમાં બે-ત્રણ આયુષ્યો બંધાતાં નથી. તેવી જ રીતે ઉદયસ્થાનક પણ એકાયુષ્ય કર્મનું એક જ હોય છે. બે - ત્રણ આયુષ્યકર્મ સાથે ઉદયમાં આવતાં નથી. સત્તાસ્થાનક આયુષ્યકર્મમાં બેનું અને એકનું એમ બે હોય છે. કારણ કે ચારે ગતિમાં વર્તતા જીવોએ જ્યારે પરભવાયુષ્ય બાંધ્યું ત્યારથી પ્રારંભીને પરભવમાં ન જાય ત્યાં સુધી ચાલુ ભવનું ભોગવાતું આયુષ્ય અને પરભવનું બાંધેલું આયુષ્ય એમ બે આયુષ્યકર્મની સત્તા હોય છે અને ચાલુ ભવનું ભોગવાતું આયુષ્ય પૂર્ણ થતાં પરભવમાં ગયા પછી ત્યાં નવું આયુષ્ય ન બાંધે ત્યાં સુધી તે વર્તમાન ભવનું એક જ આયુષ્ય સત્તામાં હોય છે. આ રીતે બંધસ્થાનક ૧નું એક જ, ઉદયસ્થાનક ૧નું એક જ અને સત્તાસ્થાનક ૨નું તથા ૧નું એમ બે હોય છે.

આયુષ્યકર્મની બાબતમાં નારક - તિર્યંચ - મનુષ્ય અને દેવ ભવ આશ્રયી જુદા જુદા સંવેધભાંગા થાય છે. કારણ કે ચારે ગતિમાં જુદા જુદા આયુષ્યનો ઉદય હોય છે તથા દરેક ભવમાં ત્રણ અવસ્થા હોય છે. પરભવનું આયુષ્ય બંધાય તેના પૂર્વકાલની અવસ્થા કે જેને પૂર્વાવસ્થા કહેવાય છે. આયુષ્ય બંધાય તે કાલની અવસ્થા કે જેને બન્ધકાલાવસ્થા કહેવાય છે. અને પરભવનું આયુષ્ય બંધાઈ જાય ત્યાર પછીની જે અવસ્થા તે ઉત્તરકાલાવસ્થા અથવા પશ્ચાદવસ્થા - આમ ત્રણ અવસ્થા છે. હવે નારક જીવને આશ્રયી ત્રણે અવસ્થા સંબંધી સંવેધભાંગા પ્રથમ વિચારીએ.

નરકના જીવોને પરભવનું માત્ર તિર્યંચનું અને મનુષ્યનું એમ બે જ આયુષ્ય બંધાય છે. પરંતુ દેવનું કે નરકનું આયુષ્ય બંધાતું નથી. કારણ કે નારક જીવોની ઉત્પત્તિ તે ભવમાં થતી નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે -

'देवा नारगा देवेसु नारगेसु वि न उववज्जंति त्ति'

તથા નારકીના જીવોને ચાર આયુષ્યમાંથી ફક્ત ૧ નરકાયુષ્યનો જ ઉદય હોય છે તથા પરભવનું આયુષ્ય ન બાંધ્યું હોય ત્યાં સુધી પોતાના ભવના એક નરકાયુષ્યની જ સત્તા હોય છે અને પરભવનું આયુષ્ય બંધાવા માંડે, ત્યારથી પ્રારંભીને તે ભવમાં જીવે ત્યાં સુધી બે આયુષ્યની સત્તા થાય છે. આ પ્રમાણે હોવાથી સંવેધભાંગા નીચે પ્રમાણે પાંચ થાય છે.

(૧) 'અબંધ - નરકાયુષ્યનો ઉદય અને નરકાયુષ્યની સત્તા' - આ ભાંગો નરકના ભવમાં ઉત્પન્ન થાય ત્યારથી પરભવાયુષ્યના બંધકાલ પૂર્વે હોય છે. જઘન્યથી ૬ માસન્યૂન ૧૦,૦૦૦ વર્ષ કાલ પ્રમાણ અને ઉત્કૃષ્ટથી ૬ માસ ન્યૂન ૩૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાગરોપમ પ્રમાણ કાલ જાણવો. કારણ કે દેવ - નારકીના જીવો પોતાના ભવના ૬ માસ બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. તથા ૧ થી ૪ ગુણસ્થાનક સમજવાં. શેષ ગુણસ્થાનકો નરકમાં સંભવતાં જ નથી.

(૨) 'તિર્યંચાયુષ્યનો બંધ, નરકાયુષ્યનો ઉદય, નરક - તિર્યંચાયુષ્યની સત્તા' - નરક ગતિમાં આયુષ્યકર્મનો આ બીજો ભાંગો છે. પરભવનું તિર્યંચ આયુષ્ય બંધાતું હોય ત્યારે બધ્યમાનાવસ્થાકાલે આ ભાંગો સંભવે છે. આ ભાંગે મિથ્યાત્વ અને સાસ્વાદન એમ બે જ ગુણસ્થાનક હોય છે. કારણ કે તિર્યંચાયુષ્યનો બંધ બે ગુણસ્થાનક સુધી જ થાય છે. તેનો કાલ અંતર્મુહૂર્ત માત્ર છે.

(૩) 'મનુષ્યાયુષ્યનો બંધ, નરકાયુષ્યનો ઉદય, નરક-મનુષ્યાયુષ્યની સત્તા' - નરકગતિમાં આયુષ્યકર્મનો આ ત્રીજો ભાંગો છે. પરભવનું મનુષ્ય આયુષ્ય બંધાતું હોય ત્યારે જ બધ્યમાનાવસ્થાકાલે આ ભાંગો સંભવે છે. મિથ્યાત્વ સાસ્વાદન અને અવિરતસમ્યગ્દષ્ટિ (૧ - ૨ - ૪) આમ ત્રણ ગુણસ્થાનકે આ ભાંગો હોય છે. અંતર્મુહૂર્ત કાલ છે.

(૪) 'અબંધ, નરકાયુષ્યનો ઉદય, નરક - તિર્યંચાયુષ્યની સત્તા' નરકગતિમાં આ ચોથો ભાંગો તિર્યંચ આયુષ્ય બાંધી લીધા પછીના કાલે હોય છે ૧ થી ૪ ગુણસ્થાનક હોય છે અને અંતર્મુહૂર્ત ન્યૂન ૬ માસનો કાલ હોય છે.

(૫) 'અબંધ, નરકાયુષ્યનો ઉદય, નરક - મનુષ્યાયુષ્યની સત્તા' નરકગતિમાં આ પાંચમો ભાંગો મનુષ્યાયુષ્ય બાંધી લીધા પછીના કાલે હોય છે. અને અંતર્મુહૂર્ત ન્યૂન ૬ માસનો કાલ હોય છે. ૧ થી ૪ ગુણસ્થાનક હોય છે કારણ કે મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય બાંધી લીધા પછી તે જીવ મિથ્યાત્વે અને અવિરતે આવ-જા કરી શકે છે. તેથી ચારે ગુણસ્થાનક સંભવી શકે છે.

નરકાયુષ્યના ઉદયવાળા નરકગતિમાં જેવી રીતે પાંચ ભાંગા કર્યા તેવી જ રીતે દેવાયુષ્યના ઉદયવાળા દેવગતિમાં પણ પાંચ ભાંગા થાય છે.

(૧) 'અબંધ, દેવાયુષ્યનો ઉદય, દેવાયુષ્યની સત્તા' આયુષ્ય બંધની પૂર્વાવસ્થામાં આ ભાંગો હોય છે.

(૨) 'તિર્યંચાયુષ્યનો બંધ, દેવાયુષ્યનો ઉદય, દેવ-તિર્યંચ આયુષ્યની સત્તા' - આ ભાંગો બધ્યમાનાવસ્થામાં હોય છે અને અંતર્મુહૂર્ત હોય છે.

(૩) 'મનુષ્યાયુષ્યનો બંધ, દેવાયુષ્યનો ઉદય, દેવ - મનુષ્ય આયુષ્યની સત્તા' - આ ભાંગો પણ બધ્યમાનાવસ્થાકાલે અંતર્મુહૂર્ત માત્ર હોય છે.

(૪) 'અબંધ, દેવાયુષ્યનો ઉદય, દેવ - તિર્યંચાયુષ્યની સત્તા' તિર્યંચાયુષ્ય બંધાયા પછી જીવનપર્યંત દેવોને આ ભાંગો હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) 'અબંધ, દેવાયુષ્યનો ઉદય, દેવ - મનુષ્યાયુષ્યની સત્તા' મનુષ્યાયુષ્ય બાંધનારા દેવોને આયુષ્ય બાંધ્યા પછી જીવનપર્યંત આ ભાંગો હોય છે.

દેવોને ઉપરોક્ત પાંચ ભાંગા આયુષ્યકર્મના છે અને તે પાંચે ભાંગા નારકીની જેમ જ છે. પ્રથમ ભાંગો ૧ થી ૪ ગુણસ્થાનકે હોય છે તથા છ માસ ન્યૂન ૧૦,૦૦૦ વર્ષનો કાલ જઘન્યથી અને છ માસ ન્યૂન ૩૩ સાગરોપમ કાલ ઉત્કૃષ્ટથી છે. આ ભાંગો પૂર્વાવસ્થામાં હોય છે. બીજો ભાંગો તિર્યંચાયુષ્યના બંધવાળો હોવાથી ૧-૨ ગુણસ્થાનક અને બધ્યમાનાવસ્થામાં અંતર્મુહૂર્ત કાલ હોય છે. ત્રીજો ભાંગો ૧-૨-૪ ગુણસ્થાનક અને બધ્યમાનાવસ્થામાં અંતર્મુહૂર્ત હોય છે. ચોથો-પાંચમો ભાંગો ૧-૨-૩-૪ ગુણસ્થાનકે, આયુષ્યબંધ કર્યા પછીના કાળે હોય છે. તેથી અંતર્મુહૂર્ત ન્યૂન છ માસનો કાલ જાણવો.

તિર્યંચગતિમાં તિર્યંચાયુષ્યના ઉદયવાળા અને મનુષ્યગતિમાં મનુષ્યાયુષ્યના ઉદયવાળા પણ આ જ રીતે આયુષ્યકર્મના ભાંગા થાય છે. પરંતુ તિર્યંચ-મનુષ્યો ચારે ગતિનાં આયુષ્ય બાંધી શકતા હોવાથી કુલ નવ-નવ ભાંગા બન્ને ગતિમાં થાય છે. પૂર્વાવસ્થામાં ૧, બધ્યમાનાવસ્થામાં ૪ અને ઉત્તરાવસ્થામાં ૪, આમ નવ નવ ભાંગા બન્ને ગતિમાં થાય છે. તે ભાંગાઓમાં કાલપ્રમાણ તથા ગુણસ્થાનકો આ પ્રમાણે છે.

તિર્યંચગતિમાં તથા મનુષ્યગતિમાં આયુષ્યબંધની પૂર્વના ૧ ભાંગાનો ઉત્કૃષ્ટકાળ યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યને આશ્રયી છ માસ ન્યૂન ત્રણ પલ્યોપમ, અયુગલિકને આશ્રયી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડવર્ષ, બંધાવસ્થાના ચાર ચાર ભાંગામાં અંતર્મુહૂર્ત, અને બંધ પછીના ચાર ચાર ભાંગામાં યુગલિકને આશ્રયી અંતર્મુહૂર્ત ન્યૂન છ માસ, અને અયુગલિકને આશ્રયી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગ પ્રમાણ કાલ છે.

તિર્યંચગતિના પ્રથમ ભાંગામાં ૧ થી ૫ ગુણસ્થાનક, મનુષ્યના પ્રથમ ભાંગામાં ૧ થી ૧૪ ગુણસ્થાનક, બંધાવસ્થાના ૪ ભાંગામાંથી નરકાયુષ્યના બંધવાળાને પહેલું એક જ ગુણસ્થાનક, તિર્યંચાયુષ્યના બંધવાળા અને મનુષ્યાયુષ્યના બંધવાળા ભાંગામાં ૧-૨ એમ બે ગુણસ્થાનક, દેવાયુષ્યના બંધવાળામાં તિર્યંચગતિમાં ત્રીજા વિના ૧ થી ૫, મનુષ્યગતિમાં ત્રીજા વિના ૧ થી ૭, બંધાવસ્થા પછીના તિર્યંચગતિના ૪ ભાંગામાં ૧ થી ૫, મનુષ્યગતિના ત્રણ ભાંગામાં ૧ થી ૭, દેવાયુષ્યની સત્તાવાળા નવમા ભાંગામાં ૧ થી ૧૧ ગુણસ્થાનકો હોય છે.

સમ્યગ્દષ્ટિ તિર્યંચો અને સમ્યગ્દષ્ટિ મનુષ્યો નિયમા દેવાયુષ્ય જ બાંધે છે. તેથી ૯મા અને ૧૮મા ભાંગામાં પ્રથમનાં બે જ ગુણસ્થાનકો લખ્યાં છે. નરકગતિમાં ૫, તિર્યંચગતિમાં ૯, મનુષ્યગતિમાં ૯ અને દેવગતિમાં ૫, આમ કુલ આયુષ્યકર્મના ૨૮ ભાંગા થાય છે. આ પ્રમાણે ગોત્રકર્મ, વેદનીયકર્મ અને આયુષ્યકર્મ કહીને હવે મોહનીયકર્મ કહીશું. ।। ૧૧ ।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આયુષ્ય કર્મના સંવેધનું યન્ત્ર

| નંબર | બંધ | ઉદય | સત્તા | ગુણસ્થાનક | વિશેષતા |
|---|---|---|---|---|---|
| ૧ | અબંધ | નરકાયુ | નરકાયુ | ૧ થી ૪ | આયુષ્ય બાંધ્યા પૂર્વે |
| ૨ | તિર્યંચાયુ | નરકાયુ | નરક-તિર્યંચ | ૧-૨ | બધ્યમાનકાલે |
| ૩ | મનુષ્યાયુ | નરકાયુ | નરક-મનુ. | ૧-૨-૪ | બધ્યમાનકાલે |
| ૪ | અબંધ | નરકાયુ | નરક-તિર્યંચ | ૧ થી ૪ | આયુષ્ય બાંધ્યા પછી |
| ૫ | અબંધ | નરકાયુ | નરક-મનુ. | ૧ થી ૪ | આયુષ્ય બાંધ્યા પછી |
| ૬ | અબંધ | તિર્યંચાયુ | તિર્યંચાયુ | ૧ થી ૫ | આયુષ્ય બાંધ્યા પૂર્વે |
| ૭ | નરકાયુ | તિર્યંચાયુ | તિ.-નરક | ૧ | આયુષ્યબંધકાલે |
| ૮ | તિર્યંચાયુ | તિર્યંચાયુ | તિ.-તિ. | ૧-૨ | આયુષ્યબંધકાલે |
| ૯ | મનુષ્યા. | તિર્યંચાયુ | તિર્યં-મનુ | ૧-૨ | આયુષ્યબંધકાલે |
| ૧૦ | દેવાયુ | તિર્યંચાયુ | તિર્યં-દેવ | ૧-૨-૪-૫ | આયુષ્યબંધકાલે |
| ૧૧ | અબંધ | તિર્યંચાયુ | તિર્યં-નરક | ૧ થી ૫ | આયુષ્ય બાંધ્યા પછી |
| ૧૨ | અબંધ | તિર્યંચાયુ | તિર્યં-તિર્યંચ. | ૧ થી ૫ | આયુષ્ય બાંધ્યા પછી |
| ૧૩ | અબંધ | તિર્યંચાયુ | તિર્યં-મનુ. | ૧ થી ૫ | આયુષ્ય બાંધ્યા પછી |
| ૧૪ | અબંધ | તિર્યંચાયુ | તિર્યં-દેવ | ૧ થી ૫ | આયુષ્ય બાંધ્યા પછી |
| ૧૫ | અબંધ | મનુષ્યાયુ | મનુષ્યાયુ | ૧ થી ૧૪ | આયુષ્ય બાંધ્યા પૂર્વે |
| ૧૬ | નરકાયુ | મનુષ્યાયુ | મનુ-નરક | ૧ | બધ્યમાનકાલે |
| ૧૭ | તિર્યંચ. | મનુષ્યાયુ | મનુ-તિર્યં | ૧-૨ | બધ્યમાનકાલે |
| ૧૮ | મનુષ્યા. | મનુષ્યાયુ | મનુ-મનુ. | ૧-૨ | બધ્યમાનકાલે |
| ૧૯ | દેવાયુ | મનુષ્યાયુ | મનુ-દેવાયુ | ૧-૨-૪, ૫-૬-૭ | બધ્યમાનકાલે |
| ૨૦ | અબંધ | મનુષ્યાયુ | મનુ-નરક | ૧ થી ૭ | ઉત્તરાવસ્થાના કાલે |
| ૨૧ | અબંધ | મનુષ્યાયુ | મનુ-તિર્યં | ૧ થી ૭ | ઉત્તરાવસ્થાના કાલે |
| ૨૨ | અબંધ | મનુષ્યાયુ | મનુ-મનુ. | ૧ થી ૭ | ઉત્તરાવસ્થાના કાલે |
| ૨૩ | અબંધ | મનુષ્યાયુ | મનુ-દેવ | ૧ થી ૧૧ | ઉત્તરાવસ્થાના કાલે |
| ૨૪ | અબંધ | દેવાયુ | દેવાયુ | ૧ થી ૪ | પૂર્વાવસ્થામાં |
| ૨૫ | તિર્યંચ | દેવાયુ | દેવ-તિર્યં. | ૧-૨ | બધ્યમાનાવસ્થામાં |
| ૨૬ | મનુષ્ય | દેવાયુ | દેવ-મનુ. | ૧-૨-૪ | બધ્યમાનાવસ્થામાં |
| ૨૭ | અબંધ | દેવાયુ | દેવ-તિર્યં. | ૧ થી ૪ | ઉત્તરાવસ્થામાં |
| ૨૮ | અબંધ | દેવાયુ | દેવ-મનુ. | ૧ થી ૪ | ઉત્તરાવસ્થામાં |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવતરણ - હવે મોહનીયકર્મનાં બંધસ્થાનક જણાવે છે -

**बावीस इक्कवीसा, सत्तरसं तेरसेव नव पंच ।**
**चउ तिग दुगं च इक्कं, बंधट्ठाणाणि मोहस्स ।। १२ ।।**

**द्वाविंशतिरेकविंशतिस्सप्तदश त्रयोदशैव नव पञ्च ।**
**चतस्त्रस्तिस्त्रः द्वे चैका ( प्रकृतिः ) बन्धस्थानानि मोहस्य ।। १२ ।।**

*ગાથાર્થ - ૨૨ - ૨૧ - ૧૭ - ૧૩ - ૯ - ૫ - ૪ - ૩ - ૨ - ૧ પ્રકૃતિઓનાં કુલ ૧૦ બંધસ્થાનકો મોહનીયકર્મનાં છે. ।। ૧૨ ।।*

વિવેચન - મોહનીયકર્મની કુલ ૨૮ પ્રકૃતિઓ છે. તેમાંથી સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય બંધમાં હોતી જ નથી. કારણ કે મિથ્યાત્વ મોહનીય બંધાયા પછી જીવ સમ્યક્ત્વ પામે, ત્યારે તેના પ્રભાવે રૂપાંતર થઈને આ બે પ્રકૃતિ બને છે. તેથી બંધમાં ૨૬ પ્રકૃતિઓ જ છે. તેમાં પણ ત્રણ વેદો અને બે યુગલ પરસ્પર વિરોધી અને અધ્રુવબંધી હોવાથી એકી સાથે બંધાતાં નથી. કોઈપણ એક વેદ અને એક જ યુગલ બંધાય છે. સોળ કષાયો, મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, આ ૧૯ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી એકી સાથે બંધાય છે. તેથી ઉપરોક્ત ૧૯ ધ્રુવબંધી, તથા ૧ વેદ અને ૧ યુગલની ૨, આમ ૧૯+૧+૨=૨૨ પ્રકૃતિનું બંધસ્થાનક ઉત્કૃષ્ટથી હોય છે અને તે પહેલા ગુણઠાણે હોય છે. તેના ત્રણ વેદ અને બે યુગલના પરાવર્ત્તનથી કુલ ૬ બંધ ભાંગા થાય છે.

(૧) સોળ કષાય, મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, પુરુષવેદ હાસ્ય - રતિ.
(૨) સોળ કષાય, મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, પુરુષવેદ શોક - અરતિ.
(૩) સોળ કષાય, મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ હાસ્ય - રતિ.
(૪) સોળ કષાય, મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ શોક - અરતિ.
(૫) સોળ કષાય, મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, નપુંસકવેદ હાસ્ય - રતિ.
(૬) સોળ કષાય, મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, નપુંસકવેદ શોક - અરતિ.

આમ, મિથ્યાત્વ ગુણઠાણે ૨૨નો બંધ અને તેના ૬ બંધ ભાંગા હોય છે.

બીજા સાસ્વાદન ગુણસ્થાનકે મિથ્યાત્વમોહનીયનો બંધ ન હોવાથી ૨૧નું બંધસ્થાનક થાય છે. ત્યાં ત્રણ વેદો વારાફરતી બંધાતા નથી. કારણ કે નપુંસકવેદનો બંધવિચ્છેદ થયેલ છે. તેથી સ્ત્રીવેદ અને પુરુષવેદ આમ બે વેદ જ વારાફરતી બંધાય છે. તેથી તેના ૨ યુગલ સાથે ચાર જ પ્રકાર થાય છે, પરંતુ ૨૨ના બંધની જેમ ૬ પ્રકાર થતા નથી.

ત્રીજા - ચોથા ગુણસ્થાનકે અનંતાનુબંધી ચાર કષાયનો પણ બંધવિચ્છેદ થયેલ હોવાથી ૧૭નું બંધસ્થાનક છે. ત્યાં ત્રણ વેદોમાંથી પુરુષવેદ જ માત્ર બંધાતો હોવાથી બે યુગલ સાથે ૨ જ બંધભાંગા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચમા ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય ચાર કષાયનો પણ બંધવિચ્છેદ હોવાથી ૧૩ પ્રકૃતિઓનું બંધસ્થાનક છે. તેના પણ બે યુગલ આશ્રયી ૨ ભાંગા છે. છટ્ઠે - સાતમે અને આઠમે ગુણસ્થાનકે પ્રત્યાખ્યાનાવરણ ૪ કષાયનો પણ બંધવિચ્છેદ હોવાથી ૪ સંજ્વલન, ભય, જુગુપ્સા, પુરુષવેદ, એક યુગલ આમ ૯ પ્રકૃતિઓનું બંધસ્થાનક હોય છે. આ નવના બંધના છટ્ઠે ગુણઠાણે બે યુગલાશ્રયી ૨ ભાંગા હોય છે પણ સાતમે- આઠમે ગુણઠાણે અરતિ - શોક ન બંધાતા હોવાથી પુરુષવેદ સાથે હાસ્ય - રતિ યુગલનો ૧ જ ભાંગો હોય છે.

નવમા ગુણસ્થાનકના પાંચે ભાગોમાં અનુક્રમે ૫, ૪, ૩, ૨ અને ૧નું બંધસ્થાનક હોય છે. પુરુષવેદ અને સંજ્વલનચતુષ્કની એક - એક પ્રકૃતિનો બંધવિચ્છેદ થતો જાય છે. આ પાંચે બંધસ્થાનકોમાં પ્રતિપક્ષી પ્રકૃતિઓ ન હોવાથી એક એક ભાંગો જ છે.આ રીતે મોહનીયકર્મનાં ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, ૧ એમ કુલ ૧૦ બંધસ્થાનકો છે અને તેના અનુક્રમે ૬, ૪, ૨, ૨, ૨, ૧, ૧, ૧, ૧, ૧ આમ કુલ ૨૧ ભાંગા છે. અર્થાત્ ૨૧ બંધભાંગા છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સોળ કષાય, | ભય, | જુગુપ્સા, | મિથ્યાત્વ, | ૧ વેદ, | ૨ એકયુગલ | = મિથ્યાત્વે | ૨૨ |
| સોળ કષાય, | ભય, | જુગુપ્સા, | × | ૧ વેદ, | ૨ એકયુગલ | = સાસ્વાદને | ૨૧ |
| બાર કષાય, | ભય, | જુગુપ્સા, | પુરુષવેદ, | | ૨ એક યુગલ | = મિશ્રે-અવિરતે | ૧૭ |
| આઠ કષાય, | ભય, | જુગુપ્સા, | પુરુષવેદ, | | ૨ એક યુગલ | = દેશવિરતે | ૧૩ |
| ચાર કષાય, | ભય, | જુગુપ્સા, | પુરુષવેદ, | | ૨ એક યુગલ | = ૬ થી ૮માં | ૯ |
| ચાર સંજ્વલ કષાય | | | પુરુષવેદ | | | = ૯/૧ ભાગે | ૫ |
| ચાર સંજ્વલન કષાય | | | | | | = ૯/૨ ભાગે | ૪ |
| ત્રણ સંજ્વલન કષાય | | | | | | = ૯/૩ ભાગે | ૩ |
| બે સંજ્વલન કષાય | | | | | | = ૯/૪ ભાગે | ૨ |
| એક સંજ્વલન કષાય | | | (લોભ) | | | = ૯/૫ ભાગે | ૧ |
| | | | | | | કુલ બંધસ્થાનકો | ૧૦ |

આ પ્રમાણે બંધસ્થાનકો ૧૦ અને તેના બંધભાંગા ૨૧ કહીને હવે પછીની ગાથામાં મોહનીયનાં ઉદયસ્થાનકો કહે છે. ।। ૧૨ ।।

**एगं व दो व चउरो, एत्तो एगाहिया दसुक्कोसा ।**
**ओहेण मोहणिज्जे, उदयट्ठाणाणि नव हुंति ।। १३ ।।**

**एकं वा द्वे वा चत्वारि, एतस्मादेकाधिकानि दशोत्कृष्टानि ।**
**ओघेन मोहनीये, उदयस्थानानि नव भवन्ति ।। १३ ।।**

*ગાથાર્થ - એક, બે, ચાર, તેનાથી એક એક અધિક, આમ વધારેમાં વધારે દસ સુધીનાં સામાન્યથી મોહનીયકર્મનાં કુલ ૯ ઉદયસ્થાનકો છે. ।। ૧૩ ।।*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેચન - સોળે કષાયો ધ્રુવબંધી હોવાથી સાથે બંધાય છે. પરંતુ ઉદયમાં ધ્રુવોદયી નથી. અધ્રુવોદયી છે. ક્રોધ - માન - માયા - લોભ આમ ચારે કષાયો એકી સાથે ઉદયમાં હોતા નથી. એક કાલે એક જ ઉદયમાં આવે છે. આ ચારેનો વારાફરતી આવતો ઉદય એટલો બધો વેગથી ફરે છે કે સામાન્ય માણસોને ચારેનો ઉદય સાથે હોય એમ લાગે છે. પરંતુ તત્ત્વથી તેમ નથી. તથા અનંતાનુબંધી ક્રોધનો ઉદય ચાલતો હોય ત્યારે ચારે કષાયો (ના ચારે ક્રોધો)નો ઉદય સાથે જ ચાલે છે. અનંતાનુબંધી માનનો ઉદય ચાલતો હોય ત્યારે ચારે પ્રકારના કષાયો (ના ચારે માનનો) ઉદય સાથે જ ચાલે છે. એમ ચાર માયા અને ચાર લોભનો ઉદય સાથે હોય છે. કારણ કે અનંતાનુબંધી ક્રોધાદિ કોઈ ૧ કષાય ઉદયમાં હોય ત્યારે પહેલું - બીજું ગુણસ્થાનક હોવાથી જેમ સમ્યક્ત્વ નથી, તેમ સમ્યક્ત્વપૂર્વકની દેશવિરતિ, સમ્યક્ત્વપૂર્વકની સર્વવિરતિ અને યથાખ્યાત ચારિત્ર પણ નથી. તેથી સમ્યક્ત્વનો ઘાતક અનંતાનુબંધી કષાય જેમ ઉદયમાં વર્તે છે. તેવી જ રીતે દેશવિરતિ આદિ શેષ ત્રણે ગુણો ન હોવાથી તે ૩ ગુણોના ઘાતક કષાયોનો ઉદય પણ ત્યાં સાથે અવશ્ય વર્તે જ છે. આમ ક્રોધ ચારે સાથે, માન ચારે સાથે, માયા ચારે સાથે અને લોભ ચારે સાથે ઉદયમાં હોય છે. પરંતુ ક્રોધ, માન, માયા અને લોભનો ઉદય સાથે હોતો નથી.

આ નવે ઉદયસ્થાનો સરળ રીતે સમજાય તે માટે પશ્ચાનુપૂર્વીએ સમજાવીએ છીએ. અગિયારમા ગુણસ્થાનકે મોહનીયકર્મનો બિલકુલ ઉદય નથી. મોહ સર્વથા ઉપશાન્ત છે. ત્યાંથી પડીને દસમા ગુણઠાણે જીવ જ્યારે આવે ત્યારે સંજ્વલન સૂક્ષ્મ લોભનો અને નવમા ગુણઠાણે આવે ત્યારે બાદર લોભનો જે ઉદય શરુ થાય છે તે મોહનીયકર્મની ૧ પ્રકૃતિનું પહેલું ઉદયસ્થાનક છે. ત્યાર પછી પડતાં પડતાં માયા, માન, ક્રોધ એક પછી એક ઉદયમાં આવે છે. તો પણ તે ચાર સાથે ઉદયમાં ન હોવાથી ૧ પ્રકૃતિનું જ ઉદયસ્થાનક ગણાય છે. જ્યારે નવમા ગુણઠાણાના પહેલા ભાગે આવે છે ત્યારે વેદનો ઉદય શરુ થાય છે. તેથી સંજ્વલન એક કષાય અને ત્રણ વેદમાંથી એક વેદ એમ ૨ પ્રકૃતિનું બીજું ઉદયસ્થાનક થાય છે.

પડતાં પડતાં આઠમા ગુણસ્થાનકે જ્યારે આવે છે ત્યારે હાસ્ય - રતિ અથવા અરતિ - શોક આ બે યુગલમાંથી એક યુગલ ઉદયમાં શરુ થાય છે. (ભય - જુગુપ્સા, અધ્રુવોદયી હોવાથી ઉદયમાં આવે જ એવો નિયમ નથી) તેથી ૧ સં.કષાય, ૧ વેદ, ૨ એક યુગલ એમ ચારનું ઉદયસ્થાનક બને છે. તેમાં જો ભય અથવા જુગુપ્સાનો ઉદય શરુ થાય છે તો પાંચ પ્રકૃતિનું અને બન્નેનો ઉદય શરુ થાય તો છ પ્રકૃતિનું ઉદયસ્થાનક બને છે. ત્યાંથી સાતમે - છટ્ઠે થઈને પાંચમે ગુણઠાણે આવતાં પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય વધવાથી સાત, ચોથે ગુણઠાણે અપ્રત્યાખ્યાનીય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કષાયનો ઉદય વધવાથી આઠ, બીજા ગુણઠાણે અનંતાનુબંધી કષાયનો ઉદય વધવાથી નવ અને પહેલા ગુણઠાણે મિથ્યાત્વમોહનો ઉદય વધવાથી દસ એમ ૧ - ૨ - ૪ - ૫ - ૬ - ૭ - ૮ - ૯ - ૧૦ કુલ નવ ઉદયસ્થાનો થાય છે. તેમાંનાં એક એક ઉદયસ્થાનો ઘણી રીતે પણ થાય છે. તે ગ્રંથકારશ્રી પોતે જ આગળ કહેવાના છે. એટલે હાલ અમે અહીં વિસ્તાર કરતા નથી.

૧ સંજ્વલન ચાર કષાયમાંથી કોઈ પણ એક કષાય ........................ ૧
૨ સંજ્વલન ચાર કષાયમાંથી એક તથા કોઈ પણ એક વેદ ............. ૨
૩ સં. એક કષાય, ત્રણ વેદમાંથી ૧ વેદ અને એક યુગલ .............. ૪
૪ સં. ૧ કષાય, ૧ વેદ, ૧ યુગલ, ભય અથવા જુગુપ્સા ............... ૫
૫ સં. ૧ કષાય, ૧ વેદ, ૧ યુગલ, ભય અને જુગુપ્સા ................. ૬
૬ સં. અને પ્ર. ૨ કષાય, ૧ વેદ, ૧ યુગલ, ભય-જુગુપ્સા ............. ૭
૭ સંજ્વલનાદિ ૩ કષાય, ૧ વેદ, ૧ યુગલ, ભય-જુગુપ્સા ............. ૮
૮ સંજ્વલનાદિ ૪ કષાય, ૧ વેદ, ૧ યુગલ, ભય-જુગુપ્સા ............. ૯
૯ સંજ્વલનાદિ ૪ કષાય, ૧ વેદ, ૧ યુગલ, ભય-જુગુપ્સા મિથ્યાત્વ ૧૦

આ પ્રમાણે કુલ ૯ ઉદયસ્થાનો મોહનીયકર્મનાં છે. ।। ૧૩ ।।

હવે મોહનીયનાં સત્તાસ્થાનકો સમજાવે છે -

**अट्ठय-सत्तय-छच्चउ, तिगदुगएगाहिया भवे वीसा ।**
**तेरस बारिक्कारस, इत्तो पंचाइ एगूणा ।। १४ ।।**
**संतस्स पयडिठाणाणि, ताणि मोहस्स हुंति पन्नरस ।**
**बंधोदयसंते पुण, भंगविगप्पा बहु जाण ।। १५ ।।**

अष्टक-सप्तक-षट्चतुस्त्रि द्व्येकाधिका भवेद् विंशतिः ।
त्रयोदश, द्वादशैकादश, एतस्मात् पञ्चाद्येकोनाः ।। १४ ।।
सतः प्रकृतिस्थानानि, तानि मोहस्य भवन्ति पञ्चदश ।
बन्धोदयसत्सु पुन भङ्गविकल्पाः बहून् जानीहि ।। १५ ।।

ગાથાર્થ - આઠ-સાત-છ-ચાર-ત્રણ-બે અને એક અધિક એવા વીસ (એટલે કે ૨૮-૨૭-૨૬-૨૪-૨૩-૨૨-૨૧) તથા તેર, બાર, અગિયાર, એની પછી પાંચથી માંડીને એક એક ન્યૂન (૫-૪-૩-૨-૧). આમ કુલ મોહનીયકર્મનાં ૧૫ સત્તાસ્થાનો છે. તે મોહનીયકર્મમાં બંધ - ઉદય અને સત્તાસ્થાનકોમાં ભાંગાના વિકલ્પો ઘણા થાય છે. તે બહુ પ્રકારે વિકલ્પોને તમે જાણો. ।। ૧૪-૧૫ ।।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેચન - એકી સાથે જે પ્રકૃતિઓ સત્તામાં હોય તેને સત્તાસ્થાનક કહેવાય છે. મોહનીયકર્મનાં કુલ ૧૫ સત્તાસ્થાનકો છે. સમ્યક્ત્વ પામેલા જીવો સમ્યક્ત્વના પ્રતાપે મિથ્યાત્વમોહનીય કર્મનાં દલિકોને શુદ્ધ કરીને ત્રિપુંજીકરણ કરે છે. ત્યારથી એક મિથ્યાત્વમોહનીયને બદલે સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય એમ ૩ પ્રકૃતિઓ દર્શનમોહનીયની સત્તામાં ગણાય છે. આવા જીવોને મોહનીયકર્મની ૨૮ની સત્તા હોય છે. તે જીવો સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે જ્યારે આવે છે ત્યારે પ્રથમ સમયથી જ સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના કરે છે. (તે બન્ને પ્રકૃતિનાં દલિકો ઉદ્વલના સંક્રમ વડે મિથ્યાત્વમોહનીયમાં નાખે છે.)

પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ કાલ જાય ત્યારે સમ્યક્ત્વ મોહનીય સંપૂર્ણપણે ઉવેલાઈ જાય છે. (મિથ્યાત્વમોહનીયમાં સંક્રમી જાય છે.) સમ્યક્ત્વમોહનીય સંપૂર્ણ ન સંક્રમે ત્યાં સુધી ૨૮ની સત્તા અને ઉદ્વલના સમાપ્ત થયા પછી ૨૭ની સત્તા હોય છે તથા મિશ્રમોહનીયની પણ ઉદ્વલના મિથ્યાત્વગુણસ્થાનકના પ્રથમ સમયથી શરુ કરેલી છે. પરંતુ પલ્યોપમના બે અસંખ્યાતમા ભાગ જાય ત્યારે ઉદ્વલના પુરી થાય છે. એટલે સમ્યક્ત્વ મોહનીય ઉવેલાયે છતે જે ૨૭ની સત્તા છે તે જ મિશ્રમોહનીયની ઉદ્વલના પુરી થાય ત્યારે ૨૬ની સત્તા બને છે અથવા અનાદિ મિથ્યાદષ્ટિ જીવ કે જેણે ત્રિપુંજીકરણ કર્યું જ નથી તેવા જીવને પણ ૨૬ની જ સત્તા હોય છે.

તથા ૪ થી ૭ ગુણસ્થાનકમાં વર્તતા જીવો જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વ પામવાની શરુઆત કરે છે, ત્યારે સૌથી પ્રથમ અનંતાનુબંધી ચાર કષાયોનો ક્ષય કરે છે. તે ક્ષય ન થાય ત્યાં સુધી ૨૮ની સત્તા, અનંતાનુબંધી ચાર કષાયોનો ક્ષય અથવા વિસંયોજના કર્યા પછી ૨૪ની સત્તા, મિથ્યાત્વ મોહનીયનો ક્ષય કર્યા પછી ૨૩ની સત્તા, મિશ્રમોહનીયનો ક્ષય કર્યા પછી ૨૨ની સત્તા અને સમ્યક્ત્વ મોહનીયકર્મનો ક્ષય કર્યા પછી ૨૧ની સત્તા હોય છે.

ક્ષપકશ્રેણિમાં ૯મા ગુણસ્થાનકના પ્રારંભમાં અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય ૪+૪=૮ કષાયોનો ક્ષય કરવાથી ૧૩ની સત્તા, ત્યારબાદ નપુંસકવેદનો ક્ષય કરવાથી ૧૨ની સત્તા, સ્ત્રીવેદનો ક્ષય કરવાથી ૧૧ની સત્તા, હાસ્યષટ્કનો ક્ષય કરવાથી પાંચની સત્તા અને ત્યારબાદ પુરુષવેદ, સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભનો ક્રમશઃ ક્ષય થવાથી અનુક્રમે ચાર-ત્રણ-બે અને એકની સત્તા થાય છે. આ પ્રમાણે મોહનીયકર્મનાં ૨૮-૨૭-૨૬-૨૪-૨૩-૨૨-૨૧-૧૩-૧૨-૧૧-૫-૪-૩-૨-૧ કુલ ૧૫ સત્તાસ્થાનો છે. મોહનીયકર્મમાં બંધસ્થાનક ૧૦, ઉદયસ્થાનક ૯ અને સત્તાસ્થાનક ૧૫ છે. તે ત્રણેના પરસ્પર ભાંગાઓના વિકલ્પો ઘણા થાય છે. જે જાણવા જેવા છે. હવે પછીની ગાથાઓમાં તે સઘળી વાત કહેવાશે. ।। ૧૪-૧૫ ।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**छब्बावीसे चउ इगवीसे, सत्तरस तेरसे दो दो ।**
**नवबंधगे वि दुण्णि उ, इक्किक्कमओ परं भंगा ।। १६ ।।**

**षड् द्वाविंशतौ चत्वार एगविंशतौ, सप्तदशसु त्रयोदशसु द्वौ द्वौ ।**
**नवबन्धकेऽपि द्वौ तु, एक एकोऽतः परं भङ्गाः ।। १६ ।।**

*ગાથાર્થ - બાવીસના બંધે છ, એકવીસના બંધે ચાર, સત્તર, તેર અને નવના બંધે બે બે, તેનાથી આગળ પાંચ - ચાર - ત્રણ - બે અને એકના બંધને વિષે એક એક ભાંગા થાય છે. ।। ૧૬ ।।*

**વિવેચન** - હવે મોહનીયકર્મનાં ૧૦ બંધસ્થાનકના મળીને કુલ ૨૧ બંધભાંગા થાય છે તે સમજાવે છે. ૧૬ કષાયો, ભય, જુગુપ્સા, મિથ્યાત્વ, એક વેદ અને એક યુગલ એમ ૨૨નું બંધસ્થાનક મિથ્યાત્વ ગુણસ્થાનકે હોય છે. ત્યાં પુરુષવેદ-સ્ત્રીવેદ અને નપુંસકવેદને આશ્રયી ૩ ભાંગા થાય છે. તેમાં હાસ્ય-રતિનું યુગલ અને અરતિ - શોકનું યુગલ જોડવાથી ૩×૨=કુલ ૬ ભાંગા બાવીસના બંધે થાય છે. જેમ કે-

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૬ કષાય, | ભય, | જુગુપ્સા, | મિથ્યાત્વ, | પુરુષવેદ, | હાસ્ય-રતિ | ૨૨ |
| ૨ | ૧૬ કષાય, | ભય, | જુગુપ્સા, | મિથ્યાત્વ, | પુરુષવેદ, | અરતિ-શોક | ૨૨ |
| ૩ | ૧૬ કષાય, | ભય, | જુગુપ્સા, | મિથ્યાત્વ, | સ્ત્રીવેદ, | હાસ્ય-રતિ | ૨૨ |
| ૪ | ૧૬ કષાય, | ભય, | જુગુપ્સા, | મિથ્યાત્વ, | સ્ત્રીવેદ, | અરતિ-શોક | ૨૨ |
| ૫ | ૧૬ કષાય, | ભય, | જુગુપ્સા, | મિથ્યાત્વ, | નપુંસકવેદ, | હાસ્ય-રતિ | ૨૨ |
| ૬ | ૧૬ કષાય, | ભય, | જુગુપ્સા, | મિથ્યાત્વ, | નપુંસકવેદ, | અરતિ-શોક | ૨૨ |

આવી જ રીતે ૨૧ના બંધે ચાર બંધભાંગા થાય છે. કારણ કે ૨૧નો બંધ સાસ્વાદને થાય છે. ત્યાં નપુંસકવેદ બંધાતો નથી. તેથી બે વેદ અને બે યુગલના પરસ્પર પરાવર્તનથી ચાર ભાંગા થાય છે.

સત્તરનો બંધ ત્રીજે-ચોથે ગુણઠાણે જ બંધાય છે અને ત્યાં સ્ત્રીવેદ પણ બંધાતો નથી. તેથી એક પુરુષવેદની સાથે વારાફરતી બે યુગલ જોડવાથી બે જ બંધ ભાંગા થાય છે. તેરનો બંધ પાંચમા ગુણઠાણે થાય છે. ત્યાં પણ પુરુષવેદની સાથે ક્રમશઃ બે યુગલ જોડવાથી બે જ બંધભાંગા થાય છે. નવનો બંધ છઠ્ઠે, સાતમે અને આઠમે ગુણઠાણે થાય છે. ત્યાં પણ પુરુષવેદની સાથે ક્રમશઃ બે યુગલ જોડવાથી બે ભાંગા થાય છે. પરંતુ આ બે ભાંગા છઠ્ઠે ગુણઠાણે જ સંભવે છે. સાતમે-આઠમે ગુણઠાણે અરતિ-શોક યુગલ ન બંધાતું હોવાતી પુરુષવેદની સાથે હાસ્ય-રતિના યુગલવાળો એક જ ભાંગો ઘટે છે.

ત્યારબાદ ૫-૪-૩-૨-૧ પ્રકૃતિવાળાં પાંચે બંધસ્થાનકોમાં કોઇ પ્રતિપક્ષવાળી પ્રકૃતિઓનો બંધ ન હોવાથી એક એક જ ભાંગો થાય છે. તેથી ૧૦ બંધસ્થાનકમાં અનુક્રમે ૬+૪+૨+૨+૨+૧+૧+૧+૧+૧=કુલ ૨૧ બંધભાંગા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ દસે બંધસ્થાનકના જઘન્ય - ઉત્કૃષ્ટ કાલનું પ્રમાણ આ પ્રમાણે છે. ૨૨નો બંધ અભવ્યને આશ્રયી અનાદિ - અનંત, ભવ્યને આશ્રયી અનાદિ સાન્ત, સમ્યક્ત્વથી પતિતને આશ્રયી સાદિ - સાન્ત, તેનો કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન જાણવો.

૨૧નો બંધ સાસ્વાદને છે. તેનો કાલ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા જાણવો. ૧૭નો બંધ ત્રીજે - ચોથે હોય છે. તેનો કાલ સાધિક ૩૩ સાગરોપમ પ્રમાણ છે[1]. ૧૩ અને ૯નો બંધ અનુક્રમે દેશવિરતિધર અને સર્વવિરતિધરને હોય છે. તે બન્નેનો કાલ દેશોન પૂર્વક્રોડ વર્ષ જાણવો. પૂર્વક્રોડ વર્ષથી અધિક આયુષ્યવાળાને (યુગલિકને) દેશવિરતિ - સર્વવિરતિ સંભવતી નથી.

૫-૪-૩-૨-૧ના બંધનો કાલ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જાણવો. જઘન્યથી જે ૧ સમય કાલ છે. તે ઉપશમશ્રેણીમાં જ હોય છે. કારણ કે તે તે બંધસ્થાનક પ્રારંભીને ૧ સમય બાદ આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પામી દેવલોકમાં જન્મ પામનારાને આશ્રયી ૧ સમય કાલ ઘટે છે. ક્ષપકશ્રેણીમાં મૃત્યુનો અસંભવ હોવાથી જઘન્યથી પણ અંતર્મુહૂર્ત જ કાલ હોય છે. ઉત્કૃષ્ટથી બન્ને શ્રેણીમાં પણ અંતર્મુહૂર્ત જ કાલ હોય છે. કારણ કે તે તે ગુણસ્થાનકનો કાલ પણ તેટલો જ છે. ॥ ૧૬ ॥

અવતરણ - હવે આ ૧૦ બંધસ્થાનકોમાં કયા કયા બંધસ્થાનકે કેટલાં કેટલાં ઉદયસ્થાનો સંભવે ? તે સમજાવે છે -

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

**दस बावीसे नव इगवीसे, सत्ताइ उदयकम्मंसा ।**
**छाई नव सत्तरसे, तेरे पंचाइ अट्ठेव ॥ १७ ॥**
**चत्तारिआइ नवबंधएसु उक्कोस सत्तमुदयंसा ।**
**पंचविहबंधगे पुण, उदओ दुण्हं मुणेअव्वो ॥ १८ ॥**

**दश द्वाविंशतौ, नवैकविंशतौ, सप्तादय उदयकर्मांशाः ।**
**षडादयो नव सप्तदशे, त्रयोदशे पञ्चादयोऽष्टैव ॥ १७ ॥**
**चतुरादयो नवबन्धकेषु, उत्कृष्टात्सप्तोदयांशाः ।**
**पञ्चविधबन्धके पुनः, उदयो द्वयोर्ज्ञातव्यः ॥ १८ ॥**

(૧) છાસઠ - છાસઠ સાગરોપમ પ્રમાણ બે વાર અને વચ્ચે અંતર્મુહૂર્ત મિશ્રે આવતાં સાધિક બે છાસઠ સાગરોપમ પ્રમાણ કાલ મિથ્યાત્વ વિનાનો હોય છે. તો પણ વચ્ચે વચ્ચેના માનવભવમાં દેશવિરતિ કે સર્વવિરતિ આવતી હોવાથી પાંચમું - છઠ્ઠું - સાતમું ગુણસ્થાનક આવવાથી ૧૭ના બંધનો કાળ તો સાધિક ૩૩ સાગરોપમ જ પ્રાપ્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ - બાવીસના બંધે સાતથી પ્રારંભીને દસ સુધીનાં અને એકવીસના બંધે સાતથી નવ સુધીનાં ઉદયસ્થાનો હોય છે. સત્તરના બંધે છથી નવ સુધીનાં, તેરના બંધે પાંચથી આઠ સુધીનાં ઉદયસ્થાનો હોય છે. નવના બંધક જીવોમાં ચારથી સાત સુધીનાં વધારેમાં વધારે ઉદયસ્થાનક હોય છે. પાંચના બંધે બેનો જ ઉદય હોય છે. ।।૧૭-૧૮।।*

વિવેચન - ૨૨ પ્રકૃતિનું મોહનીયકર્મનું બંધસ્થાનક મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે જ હોય છે. અને ત્યાં ઉદયસ્થાનક ૭-૮-૯-૧૦ એમ ચાર હોય છે. ત્યાં ઓછામાં ઓછી સાત પ્રકૃતિઓનો તો અવશ્ય ઉદય હોય જ છે. (૧) મિથ્યાત્વ મોહનીય, અપ્રત્યાખ્યાનીયાદિ ૩ કષાય (૩ ક્રોધ અથવા ૩ માન અથવા ૩ માયા અથવા ૩ લોભ). ત્રણ વેદમાંથી ૧ વેદ અને હાસ્ય - રતિ અથવા અરતિ - શોકનું એક યુગલ. આમ ઓછામાં ઓછી ૭ પ્રકૃતિઓ મિથ્યાત્વ ગુણસ્થાનકે અવશ્ય ઉદયમાં હોય છે.

પ્રશ્ન - મિથ્યાત્વ ગુણસ્થાનકે અને સાસ્વાદન ગુણસ્થાનકે અનંતાનુબંધી બંધાતો હોવાથી સત્તા છે જ. તો તેનો ઉદય પણ અવશ્ય હોવો જ જોઈએ. તો અપ્રત્યાખ્યાનીય - પ્રત્યાખ્યાનીય - સંજ્વલન એમ ત્રણ કષાયોનો ઉદય કેમ કહો છો ? અનંતાનુબંધી સાથે ચારે કષાયોનો ઉદય હોવો જોઈએ ?

ઉત્તર - પહેલા - બીજા ગુણસ્થાનકે અનંતાનુબંધીનો ઉદય જો કે અવશ્ય હોય છે. તો પણ જે જીવે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્યાં અનંતાનુબંધી ચાર કષાયની વિસંયોજના કરી છે અને દર્શનત્રિકને ખપાવવા અસમર્થ બન્યો છે. તે જીવ મિથ્યાત્વમોહનો ઉદય થવાથી સમ્યક્ત્વથી પડીને જ્યારે મિથ્યાત્વે આવે છે અને અનંતાનુબંધી કષાયને પુનઃ નવા બાંધે છે, ત્યારે પ્રથમની એક બંધાવલિકા સુધી અનંતાનુબંધીનો ઉદય હોતો નથી. શેષકાલે સર્વદા નિત્ય ઉદય હોય છે.

પ્રશ્ન - આવા જીવને અનંતાનુબંધીની વિસંયોજના કરેલી હોવાથી જુનો અનંતાનુબંધી કષાય તો સત્તામાં છે જ નહીં અને મિથ્યાત્વે આવવાથી જે નવો અનંતાનુબંધી કષાય બંધાય છે. તેની જઘન્યથી પણ અંતર્મુહૂર્ત અબાધા હોવાથી અંતર્મુહૂર્ત સુધી અનંતાનુબંધીનો અનુદયકાળ હોવો જોઈએ ? ફક્ત એક આવલિકા જ કેમ કહો છો ?

ઉત્તર - મિથ્યાત્વે જીવ આવે ત્યારે પહેલા સમયથી જ અનંતાનુબંધી કષાય બંધાય છે. બંધ ચાલુ થવાથી તેની સત્તા તથા તેની પતદ્ગ્રહતા પણ ચાલુ થાય છે. પતદ્ગ્રહ બનવાથી બંધાતા એવા તે અનંતાનુબંધી કષાયમાં અપ્રત્યાખ્યાનાદિ ત્રણે કષાયો સંક્રમ પામવા માંડે છે. એટલે કે અપ્રત્યાખ્યાન-પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયોનું દલિક અનંતાનુબંધી રૂપે થવા લાગે છે. આ સંક્રમ કહેવાય છે. સંક્રમથી આવેલા તે અનંતાનુબંધીનો એક સંક્રમાવલિકા સુધી ઉદય થતો નથી. ત્યારબાદ તે સંક્રમથી આવેલા અનંતાનુબંધીનો અવશ્ય ઉદય શરુ થાય છે. તે માટે એક આવલિકા અનંતાનુબંધીનો અનુદય કાલ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રશ્ન - એક આવલિકા અનંતાનુબંધીનો જે અનુદય કાલ કહ્યો. તે બંધાવલિકા કહેવાય ? કે સંક્રમાવલિકા કહેવાય ?

ઉત્તર - નવો અનંતાનુબંધી કષાય જે બંધાય છે. તેને આશ્રયી પહેલા ગુણસ્થાનકની પહેલી જે આવલિકા છે તે બંધાવલિકા કહેવાય છે. આ જ પ્રથમ આવલિકા અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાયોના સંક્રમથી થયેલા અનંતાનુબંધીની અપેક્ષાએ સંક્રમાવલિકા કહેવાય છે. માટે આવલિકા એક જ છે. પરંતુ બંધાતા અનંતાનુબંધીને આશ્રયી તેને બંધાવલિકા અને સંક્રમથી થયેલા અનંતાનુબંધીને આશ્રયી સંક્રમાવલિકા કહેવાય છે. નવા બંધાતા અનંતાનુબંધીનો જઘન્યથી પણ અંતર્મુહૂર્ત અબાધાકાલ હોવાથી અંતર્મુહૂર્ત પછી જ ઉદય શરુ થાય છે. પરંતુ સંક્રમથી આવેલા અનંતાનુબંધીનો તે (બંધાવલિકા અથવા સંક્રમાવલિકારૂપ) એક આવલિકા ગયા પછી અવશ્ય ઉદય શરૂ થાય છે. તે માટે મિથ્યાત્વે આવા પ્રકારના જીવને અનંતાનુબંધીનો ઉદય એક આવલિકા કાલ ન હોવાથી ત્યાં ઓછામાં ઓછી ૭ (સાત) પ્રકૃતિઓનો ઉદય સંભવે છે.

ક્રોધ - માન - માયા - લોભ આ ચારે પરસ્પર વિરોધી હોવાથી એકીસાથે ચારે પ્રકૃતિઓ ઉદયમાં આવતી નથી. પરંતુ અનંતાનુબંધી ક્રોધ જો ઉદયમાં હોય તો પાછળના ત્રણે ક્રોધ સમાનજાતીય હોવાથી અવશ્ય ઉદયમાં હોય છે. એવી જ રીતે અનંતાનુબંધી માન જો ઉદયમાં હોય તો ચારે માન, અનંતાનુબંધીની માયાના ઉદયે ચારે માયા અને અનંતાનુબંધી લોભના ઉદયે ચારે લોભ અવશ્ય ઉદયમાં હોય છે તથા જ્યાં અનંતાનુબંધી કષાય ઉદયમાં ન હોય અને અપ્રત્યાખ્યાનીય ક્રોધાદિ ઉદયમાં હોય તો અપ્રત્યાખ્યાનીયની સાથે પ્રત્યાખ્યાની અને સંજ્વલનના ક્રોધાદિ અવશ્ય ઉદયમાં હોય છે. આમ હોવાથી વિસંયોજક જીવને મિથ્યાત્વ ગુણઠાણાની પહેલી આવલિકામાં અનંતાનુબંધી કષાય વિના કોઈને ૩ ક્રોધ, કોઈને ૩ માન, કોઈને ૩ માયા અને કોઈને ૩ લોભ ઉદયમાં હોય છે. તેથી કષાય આશ્રયી ૪ ભાંગા થાય છે.

તેમાં પણ કોઇ જીવને પુરુષવેદનો ઉદય, કોઇ જીવને સ્ત્રીવેદનો ઉદય અને કોઇ જીવને નપુંસકવેદનો ઉદય હોય છે. તેથી ૪ કષાય × ૩ વેદ કરવાથી ૧૨ ભાંગા થાય છે. તેમાં પણ કોઈ જીવને હાસ્ય - રતિનું યુગલ અને કોઈને અરતિ - શોકનું યુગલ ઉદયમાં હોય છે. આ રીતે ૪ કષાય × ૩ વેદ × ૨ યુગલ = ૨૪ ઉદયભાંગા સાતના ઉદયના થાય છે. તેને એક ચોવીસી કહેવાય છે.

૧ મિથ્યાત્વ, ૩ પ્રકારના ક્રોધ, પુરુષવેદ, હાસ્ય-રતિ = એમ ૭
૧ મિથ્યાત્વ, ૩ પ્રકારના ક્રોધ, પુરુષવેદ, અરતિ-શોક = એમ ૭
૧ મિથ્યાત્વ, ૩ પ્રકારના ક્રોધ, સ્ત્રીવેદ, હાસ્ય-રતિ = એમ ૭
૧ મિથ્યાત્વ, ૩ પ્રકારના ક્રોધ, સ્ત્રીવેદ, અરતિ-શોક = એમ ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ મિથ્યાત્વ, ૩ પ્રકારના ક્રોધ, નપુંસકવેદ, હાસ્ય-રતિ = એમ ૭
૧ મિથ્યાત્વ, ૩ પ્રકારના ક્રોધ, નપુંસકવેદ, અરતિ-શોક = એમ ૭

આ પ્રમાણે ક્રોધની સાથે જેમ ઉપર મુજબ ૬ ભાંગા થયા. તે જ રીતે ૩ માન સાથે, ૩ માયા સાથે અને ૩ લોભ સાથે જોડવાથી છ છ ભાંગા થતાં સાત પ્રકૃતિઓનો ઉદય ૨૪ પ્રકારે થાય છે. તેને ચોવીસી કહેવાય છે. એક ચોવીસી એટલે ચોવીસ પ્રકારના ભાંગાઓનો સમૂહ.

ઉપરોક્ત સાત પ્રકૃતિઓમાં એક અનંતાનુબંધી કષાય અથવા ભય અથવા જુગુપ્સાનો ઉદય વધારે ગણીએ ત્યારે ત્રણ પ્રકારે આઠનો ઉદય થાય છે. અનંતાનુબંધી કષાયનો વિસંયોજક જીવ પહેલા ગુણઠાણે જ્યારે આવે અને પ્રથમની આવલિકા પસાર કરે ત્યારે આવલિકા પછી અનંતાનુબંધીનો ઉદય થવાથી આઠનો ઉદય થાય છે. ત્યાં પણ ક્રોધ - માન - માયા - લોભ સાથે કષાયના ચાર, તેમાં ત્રણ વેદ જોડવાથી બાર અને તેમાં બે યુગલ જોડવાથી ૨૪ ભાંગા થાય છે અથવા તે જ પ્રથમની આવલિકામાં કોઈ જીવને ભયનો ઉદય થાય તો ભય સાથે આઠનો ઉદય થતાં પણ ૨૪ ભાંગા થાય છે અને કોઈ જીવને ભયનો ઉદય ન થાય અને જુગુપ્સાનો ઉદય થાય તો પણ તેના ૨૪ ભાંગા (૧ ચોવીસી) થાય છે. આ રીતે આઠના ઉદયે મિથ્યાત્વ ગુણઠાણે ત્રણ ચોવીસી (૭૨) ઉદયભાંગા થાય છે.

તથા ઉપરોક્ત સાત પ્રકૃતિઓમાં અનંતાનુબંધી અને ભય અથવા અનંતાનુબંધી અને જુગુપ્સા અથવા ભય અને જુગુપ્સા એમ બે પ્રકૃતિઓનો ઉદય વધારે હોય ત્યારે નવનો ઉદય ત્રણ પ્રકારે થાય છે અને ત્યાં પણ ત્રણ ચોવીસી (૭૨) ઉદયભાંગા થાય છે તથા તે જ સાત પ્રકૃતિમાં અનંતાનુબંધી-ભય અને જુગુપ્સા એમ ત્રણેનો ઉદય વધારે થાય ત્યારે ૧૦ પ્રકૃતિઓનો ઉદય થાય છે. તેમાં ૧ ચોવીસી (૨૪) ભાંગા થાય છે.

| કષાય | વેદ | યુગલ | મિથ્યાત્વ | ભય | જુગુપ્સા | ઉદયસ્થાન | ચોવીસી | ઉદયભાંગા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૭ | ૧ | ૨૪ | ૨૪ ભાંગા |
| ૪ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૮ | ૧ | ૨૪ | ૩ ચોવીસી |
| ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૮ | ૧ | ૨૪ | તેના |
| ૩ | ૧ | ૨ | ૧ | ૦ | ૧ | ૮ | ૧ | ૨૪ | ૭૨ ભાંગા |
| ૪ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૯ | ૧ | ૨૪ | ૩ ચોવીસી |
| ૪ | ૧ | ૨ | ૧ | ૦ | ૧ | ૯ | ૧ | ૨૪ | તેના |
| ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૯ | ૧ | ૨૪ | ૭૨ ભાંગા |
| ૪ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૧ | ૨૪ | ૨૪ ભાંગા |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર મુજબ બાવીસના બંધે મિથ્યાત્વ ગુણસ્થાનક, છ બંધ ભાંગા, ૭-૮-૯-૧૦ કુલ ચાર ઉદયસ્થાનક, સાતના ઉદયે ૧, આઠના ઉદયે ૩, નવના ઉદયે ૩ અને દસના ઉદયે ૧ એમ કુલ આઠ ચોવીસી થાય છે. તેના કુલ ૮×૨૪=૧૯૨ ઉદયભાંગા થાય છે.

એક જીવને એકી સાથે મોહનીયકર્મની જેટલી પ્રકૃતિઓ ઉદયમાં વર્તે તે મોહનીયકર્મનું ઉદયસ્થાનક કહેવાય છે. તે તે ઉદયસ્થાનકમાં કષાય-વેદ અને યુગલનો ઉદય ક્રમશઃ બદલવાથી ઉદયના જે પ્રકારો થાય તેને ઉદયભાંગા કહેવાય છે. સાત પ્રકૃતિઓનો એકી સાથે એક જીવને જે ઉદય હોય છે તે સાતનું ઉદયસ્થાનક કહેવાય છે અને તે સાતમાં કોઈને ક્રોધાદિ, કોઈને માનાદિ, કોઈને માયાદિ પ્રકૃતિઓ ભિન્ન ભિન્ન જે ઉદયમાં આવે છે તે પ્રકારોને ઉદયભાંગા કહેવાય છે. સાતના ઉદયે ૧ ચોવીસી (૨૪) ઉદયભાંગા થાય છે. આઠનો અને નવનો ઉદય ત્રણ રીતે થાય છે અને એકેકમાં એક-એક ચોવીસી થતી હોવાથી ત્રણ ત્રણ ચોવીસી અને ૭૨-૭૨ ઉદયભાંગા થાય છે અને દસનો ઉદય એક જ પ્રકારે છે તે માટે ૧ ચોવીસી એટલે ૨૪ ઉદયભાંગા જાણવા.

**ઉદયપદ અને પદવૃંદ**

એકી સાથે એક જીવને જેટલી પ્રકૃતિઓ ઉદયમાં આવે તેના સમૂહને ઉદયસ્થાનક કહેવાય છે. પરંતુ ૧ ચોવીસીના કોઈપણ એક ભાંગે એકીસાથે એક જીવને જેટલી પ્રકૃતિઓ ઉદયમાં આવે તે એક એક પ્રકૃતિને ઉદયપદ (ઉદયમાં આવેલી પ્રકૃતિઓ) કહેવાય છે. જેમ કે અનંતાનુબંધી આદિ ૪ કષાય, ૧ વેદ, ૨ એક યુગલ, મિથ્યાત્વ, ભય અને જુગુપ્સા મળીને ૧૦નું એક ઉદયસ્થાનક કહેવાય છે. પરંતુ તે ૧૦ના ઉદયસ્થાનકમાં ઉદયમાં આવેલી દસ પ્રકૃતિઓને ૧૦ ઉદયપદ કહેવાય છે. સાતના ઉદયસ્થાનકના ૭ પદ, આઠના ઉદયનાં ૮ પદ, પરંતુ આઠનો ઉદય ત્રણ પ્રકારે છે. તેથી ત્રણ વાર આઠ આઠ ઉદયપદ થવાથી ૨૪ ઉદયપદ, નવના ઉદયનાં ૯ પદ પરંતુ નવનો ઉદય ત્રણ પ્રકારે છે. તેથી ત્રણ વાર નવ નવ ઉદયપદ થવાથી ૨૭ ઉદયપદ અને દસના ઉદયનાં ૧૦ ઉદયપદ કહેવાય છે. આ પ્રમાણે ૭ + ૨૪ + ૨૭ + ૧૦ = ૬૮ ઉદયપદો બાવીસના બંધે થાય છે.

હવે દસના ઉદયે ૧૦ ઉદયપદ (એકી સાથે એક જીવને મોહનીયકર્મની ૧૦ પ્રકૃતિઓ ઉત્કૃષ્ટથી ઉદયમાં આવે છે. માટે ૧૦ ઉદયપદ) થાય છે. પરંતુ તે ૧૦નો ઉદય ૨૪ પ્રકારે હોય છે. કારણ કે એક ચોવીસી (૨૪ ઉદયભાંગા) થાય છે. તેથી ચોવીસે ઉદયભાંગામાંના એક એક ઉદયભાંગે ૧૦ - ૧૦ પ્રકૃતિઓ ઉદયમાં આવેલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તે દરેક ભાંગાની ઉદયમાં આવેલી પ્રકૃતિઓને જુદી જુદી ગણીએ તો પદવૃંદ (ઉદયમાં આવેલી પ્રકૃતિઓનો સમૂહ) કહેવાય છે. તેથી ૧૦ના ઉદયે ઉદયપદ ૧૦, પરંતુ ઉદયપદવૃંદ ૧૦ × ૨૪ = ૨૪૦ થાય છે. આ પ્રમાણે આગળ આગળ પણ સર્વઠેકાણે સમજવું.

| ૨૨ના બંધે | ચોવીસી | ઉદયભાંગા | ઉદયપદ | પદવૃંદ | ગુણસ્થાનક |
|---|---|---|---|---|---|
| ૭ના ઉદયે | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | મિથ્યાત્વે |
| ૮ના ઉદયે | ૩ | ૭૨ | ૨૪ | ૫૭૬ | મિથ્યાત્વે |
| ૯ના ઉદયે | ૩ | ૭૨ | ૨૭ | ૬૪૮ | મિથ્યાત્વે |
| ૧૦ના ઉદયે | ૧ | ૨૪ | ૧૦ | ૨૪૦ | મિથ્યાત્વે |
| કુલ | ૮ | ૧૯૨ | ૬૮ | ૧૬૩૨ | |

હવે ૨૧ના બંધસ્થાનકે ઉદયસ્થાનાદિ સમજાવાય છે. મૂલગાથામાં सत्ताइ એવું જે પદ છે તે પદ 'दस बावीसे'માં પણ જોડવાનું છે અને તે જ सत्ताइ પદ 'नव इगवीसे'માં પણ જોડવાનું છે. તેથી 'सत्ताइ दस बावीसे' અને 'सत्ताइ नव इगवीसे' આવાં પદો જોડવાં. આમ કરવાથી બાવીસના બંધે સાતથી દસ સુધીનાં ૪ ઉદયસ્થાનકો હોય છે તેમ એકવીસના બંધે સાતથી નવ સુધીનાં (૭ - ૮ - ૯) ત્રણ ઉદયસ્થાનકો હોય છે. આવો અર્થ થશે. આ ૨૧નો બંધ સાસ્વાદને જ હોય છે અને ત્યાં નપુંસકવેદ બંધાતો ન હોવાથી ૨૧ના બંધના ૨ વેદ × ૨ યુગલથી ૪ બંધભાંગા થાય છે. ૭ - ૮ - ૯ આમ ત્રણ ઉદયસ્થાનક હોય છે.

અહીં ૨૧ના બંધે સાસ્વાદને અનંતાનુબંધીનો ઉદય નિયમા હોય છે પણ મિથ્યાત્વનો ઉદય હોતો નથી. તેથી અનંતાનુબંધી આદિ ૪ કષાય, પુરુષવેદાદિમાંથી ૧ વેદ અને બે યુગલમાંથી એક યુગલ (બે પ્રકૃતિઓ) આમ ઓછામાં ઓછી (૪ + ૧ + ૨ =) સાત પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. તેમાં કોઈ જીવને ભયનો ઉદય થાય તો આઠનું ઉદયસ્થાનક બને છે અથવા કોઈ જીવને ભયને બદલે જુગુપ્સાનો ઉદય થાય તો પણ આઠનું ઉદયસ્થાનક થાય છે. એમ આઠનો ઉદય બે રીતે સંભવે છે અને જે જીવને ભય - જુગુપ્સા બન્ને ઉદયમાં હોય છે તેને નવનું ઉદયસ્થાનક થાય છે. દરેક ઉદયસ્થાનોમાં ક્રોધાદિ ચાર કષાયો, પુરુષવેદાદિ ત્રણે વેદો અને હાસ્ય - રતિ તથા અરતિ - શોક યુગલના પરાવર્તનથી ઉદય સંભવે છે. તેથી એક એક ચોવીસી અને ચોવીસ-ચોવીસ ઉદયભાંગા થાય છે. ઉદયપદ અને પદવૃંદ ઉપર સમજાવેલી રીત પ્રમાણે ચિત્ર ઉપરથી સ્વયં જાણી લેવાં. તેનું ચિત્ર આ પ્રમાણે છે-

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ઉદય સ્થાનક | પ્રકૃતિઓ કષાય | વેદ | યુગલ | ભય | જુ. | ઉદય ભાંગા | ઉદય ચોવીસી | ઉદય પદ | પદવૃંદ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૪ | ૧ | ૨ | ૦ | ૦ | ૨૪ | ૧ | ૭ | ૧૬૮ |
| ૮ | ૪ | ૧ | ૨ | ૧ | ૦ | ૨૪ | ૧ | ૮ | ૧૯૨ |
| ૮ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૨૪ | ૧ | ૮ | ૧૯૨ |
| ૯ | ૪ | ૧ | ૨ | ૧ | ૧ | ૨૪ | ૧ | ૯ | ૨૧૬ |
| | | | | | કુલ | ૯૬ | ૪ | ૩૨ | ૭૬૮ |

સાસ્વાદન ગુણસ્થાનકે ૨૧ના બંધે ઉપર પ્રમાણે જાણવું.

૧૭નો બંધ ત્રીજે - ચોથે ગુણસ્થાનકે હોય છે. ત્યાં માત્ર પુરુષવેદ જ બંધાતો હોવાથી યુગલની સાથે ૨ બંધભાંગા થાય છે. 'छाइ नव सत्तरसे' ૬ થી ૯ સુધીનાં કુલ ૪ ઉદયસ્થાનક હોય છે. મિશ્રગુણસ્થાનકે મિશ્રમોહનીયનો ઉદય હોય છે અને અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાને સમકિતમોહનીયનો ઉદય હોય છે. ક્ષાયિકસમ્યક્ત્વીને અને ઔપશમિક સમ્યક્ત્વીને એકે દર્શનમોહનીયનો ઉદય હોતો નથી. તથા મિથ્યાત્વે અને સાસ્વાદને જે અનંતાનુબંધી કષાયનો ઉદય હતો, તે અહીં ૧૭ના બંધે ત્રીજે - ચોથે ગુણઠાણે હોતો નથી. તેથી અપ્રત્યાખ્યાનીયાદિ ૩ ક્રોધનો ઉદય અથવા આ જ ૩ માનનો ઉદય અથવા આ જ ત્રણ માયાનો ઉદય અથવા આ જ ૩ લોભનો ઉદય તથા એક વેદ અને એક યુગલ એમ ૩ + ૧ + ૨ = ૬ પ્રકૃતિઓનો ઉદય ૧૭ના બંધે ચોથે ગુણઠાણે જ માત્ર હોય છે. (ત્રીજે નહીં) અને તે પણ ઔપશમિક - ક્ષાયિક સમ્યક્ત્વીને જ હોય છે. કારણ કે આ સમ્યક્ત્વવાળા જીવને દર્શનમોહનીય કાં તો ઉપશાન્ત છે અથવા તો ક્ષીણ છે. પરંતુ ઉદયમાં નથી. આ ૬ ના ઉદયે ક્રોધાદિ ચાર કષાય, પુરુષવેદાદિ ત્રણ વેદ અને બે યુગલમાંથી ૧ યુગલનો ઉદય ક્રમશઃ વિચારતાં ૪ × ૩ × ૨ = ૨૪ એક ચોવીસી અને ૨૪ ઉદયભાંગા થાય છે. છનો ઉદય હોવાથી ૬ ઉદયપદ, ૧૪૪ ઉદયપદવૃંદ થાય છે.

આ ૬ પ્રકૃતિઓમાં મિશ્રમોહનીયનો ઉદય ઉમેરતાં ૭નો ઉદય થાય છે. પણ આ સાતનો ઉદય મિશ્રના ઉદયયુક્ત હોવાથી ત્રીજે ગુણસ્થાનકે જ હોય છે અથવા આ ૬માં સમ્યક્ત્વમોહનીયનો ઉદય ઉમેરતાં ૭નો ઉદય થાય છે. તે ચોથે ગુણઠાણે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાને જ હોય છે અથવા ઉપરોક્ત ૬માં ભય મેળવવાથી જે સાતનો ઉદય થાય અને ભયને બદલે જુગુપ્સા મેળવવાથી જે ૭નો ઉદય થાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બન્ને પ્રકારનો સાતનો ઉદય ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવોને જ હોય છે. આ રીતે મિશ્ર સાથે ૭નો ઉદય, સમ્યક્ત્વમોહનીય સાથે ૭નો ઉદય, ભય સાથે ૭નો ઉદય અને જુગુપ્સા સાથે ૭નો ઉદય, આમ ૧૭ના બંધે ૭નો ઉદય ચાર પ્રકારે થાય છે. સાતનો ઉદય ચાર પ્રકારે હોવાથી ૪ ચોવીસી, દરેક ચોવીસીમાં ૨૪-૨૪ ઉદયભાંગા, કુલ ૯૬ ઉદયભાંગા, ચાર વાર સાત સાત ૭ × ૪ = ૨૮ ઉદયપદ અને તેને ચોવીસે ગુણવાથી ૬૭૨ ઉદયપદવૃંદો સાતના ઉદયે થાય છે.

મિશ્રમોહનીય, સમ્યક્ત્વમોહનીય, ભય અને જુગુપ્સા આ ચાર પ્રકૃતિઓમાંની કોઈ પણ ૨ પ્રકૃતિઓ ૬ના ઉદયમાં મેળવવાથી આઠનું (૮નું) ઉદયસ્થાનક બને છે. મિશ્ર + ભય અને મિશ્ર + જુગુપ્સા આમ બે પ્રકૃતિઓ ૬ના ઉદયમાં મેળવવાથી બે પ્રકારે જે આઠનો ઉદય થાય છે. તે મિશ્રગુણઠાણે સંભવે છે. બન્ને પ્રકારના આઠના ઉદયમાં મિશ્ર ગુણઠાણે એક-એક ચોવીસી અને ચોવીસ - ચોવીસ ઉદયભાંગા થાય છે. સમ્યક્ત્વમોહનીય + ભય અથવા સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા મેળવવાથી જે ૮નો ઉદય થાય છે. તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને હોય છે અને દર્શનમોહનીય વિના કેવલ ભય + જુગુપ્સા મેળવવાથી જે ૮નો ઉદય થાય છે તે ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વીને હોય છે. આમ ચોથે ગુણઠાણે ૮નો ઉદય ત્રણ પ્રકારે થાય છે. દરેક પ્રકારમાં એક એક ચોવીસી અને ચોવીસ ચોવીસ ઉદયભાંગા થાય છે. મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વમોહનીયનો એકીસાથે ઉદય હોતો નથી. આમ ૮નો ઉદય મિશ્રગુણ સ્થાનકે બે પ્રકારે અને સમ્યક્ત્વ ગુણસ્થાનકે ત્રણ પ્રકારે મળીને કુલ પાંચ પ્રકારે થાય છે. માટે ૫ ચોવીસી, ૧૨૦ ઉદયભાંગા, ૮ × ૫ = ૪૦ ઉદયપદો અને ૪૦ × ૨૪ = ૯૬૦ ઉદયપદવૃંદ ૮ના ઉદયે હોય છે.

ઉપરોક્ત ૬ના ઉદયમાં મિશ્ર - ભય - જુગુપ્સા મેળવવાથી ૯નો ઉદય થાય છે. આ ૯નો ઉદય મિશ્રગુણઠાણે જ માત્ર હોય છે. ત્યાં ૧ ચોવીસી અને ૨૪ ઉદયભાંગા થાય છે તથા ૬માં સમ્યક્ત્વ મોહનીય + ભય + જુગુપ્સા ઉમેરવાથી પણ ૯નો ઉદય થાય છે. તે ચોથા ગુણઠાણે ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને જ માત્ર હોય છે. ત્યાં પણ ૧ ચોવીસી અને ૨૪ ઉદયભાંગા થાય છે. નવના ઉદયે કુલ ૨ ચોવીસી, ૪૮ ઉદયભાંગા, ૯ × ૨ = ૧૮ ઉદયપદ અને ૧૮ × ૨૪ = ૪૩૨ ઉદયપદવૃંદ થાય છે. આ પ્રમાણે ૧૭ના બંધે ૨ બંધભાંગા, ૬ થી ૯ સુધીનાં કુલ ૪ ઉદયસ્થાનક, અનુક્રમે ૧, ૪, ૫, ૨ એમ ૧૨ ઉદયચોવીસી, ૧૨ × ૨૪ = ૨૮૮ ઉદયભાંગા, કુલ ૯૨ ઉદયપદ અને ૯૨ × ૨૪ = ૨૨૦૮ ઉદયપદવૃંદ થાય છે. તેનું ચિત્ર આ પ્રમાણે છે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭ના બંધનું ચિત્ર -

| ઉદય સ્થાનક | પ્રકૃતિઓ કષા. | વેદ. | યુગ. | ભય. | જુગુ. | મિશ્ર | સમ્ય. | ઉદય ચોવીસી | ઉદય ભાંગા | ઉદય પદ | પદ વૃંદ | ગુણ સ્થાનક | સમ્યક્ત્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૩ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ચોથું | ક્ષા.ઔ. |
| ૭ | ૩ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ચોથું | ક્ષા.ઔ. |
| ૭ | ૩ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ચોથું | ક્ષા.ઔ. |
| ૭ | ૩ | ૧ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ત્રીજું | મિશ્ર |
| ૭ | ૩ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ચોથું | ક્ષાયોપશમિક |
| ૮ | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ચોથું | ક્ષા.ઔ. |
| ૮ | ૩ | ૧ | ૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ત્રીજું | મિશ્ર |
| ૮ | ૩ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ચોથું | ક્ષાયોપ. |
| ૮ | ૩ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ત્રીજું | મિશ્ર |
| ૮ | ૩ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ચોથું | ક્ષાયોપ. |
| ૯ | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૨૪ | ૯ | ૨૧૬ | ત્રીજું | મિશ્ર |
| ૯ | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૨૪ | ૯ | ૨૧૬ | ચોથું | ક્ષાયોપ. |
| કુલ | | | | | | | | ૧૨ | ૨૮૮ | ૯૨ | ૨૨૦૮ | | |

ઉપરોક્ત ૧૭ના બંધમાં ૪ ચોવીસી મિશ્રમોહનીયના ઉદયવાળી છે. તે ત્રીજે ગુણઠાણે હોય છે. ૪ ચોવીસી સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળી છે. તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને ચોથે ગુણઠાણે હોય છે અને બાકીની ૪ ચોવીસી દર્શનમોહનીયના ઉદય વિનાની છે. તે ક્ષાયિક - ઔપશમિકને ચોથે ગુણઠાણે હોય છે. તેને અનુસારે ઉદયભાંગા - ઉદયપદ અને પદવૃંદ સ્વયં સમજી લેવાં.

હવે ૧૩ના બંધે પાંચમું ગુણસ્થાનક હોય છે. બે બંધભાંગા હોય છે. 'तेरसे पंचाइ अट्ठेव' તેરના બંધે પાંચથી આઠ સુધીનાં ૫-૬-૭-૮ કુલ ૪ ઉદયસ્થાનક હોય છે. પાંચમા ગુણસ્થાનકે ક્ષાયિક-ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જીવો હોય છે. પરંતુ મિશ્રમોહનીયના ઉદયવાળા જીવો સંભવતા નથી. તેથી ૧૭ના બંધની જેમ જ અહીં જાણવું. પરંતુ મિશ્રમોહનીયના ઉદયવાળી ૪ ચોવીસી, ૯૬ ઉદયભાંગા વગેરે ન કહેવું તથા દેશવિરતિનો ઘાતક અપ્રત્યાખ્યાનીય નામનો જે બીજો કષાય છે. તેનો ઉદય અહીં હોતો નથી. તેથી પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન ક્રોધાદિ ૨ કષાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ વેદ અને એક યુગલ (૨) આમ આ તેરના બંધે ઓછામાં ઓછો કુલ પાંચ પ્રકૃતિનો ઉદય હોય છે અને તે ક્ષાયિક તથા ઔપશમિક સમ્યક્ત્વીને હોય છે. તેમાં ભય-જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય એમ એક એક ઉમેરવાથી ત્રણ પ્રકારે છનો ઉદય થાય છે. બે બે ઉમેરવાથી ત્રણ પ્રકારે સાતનો ઉદય થાય છે અને ત્રણે ઉમેરવાથી એક જ પ્રકારે આઠનો ઉદય થાય છે. ચિત્ર આ પ્રમાણે છે -

: ૧૩ના બંધનું ચિત્ર :

| ઉદય | પ્રકૃતિઓ | | | | | | ઉદય | ઉદય | ઉદય | પદ | ગુણ | સમ્યક્ત્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્થાનક | કષા. | વેદ. | યુગલ | ભય | જુગુ. | સમ્ય. | ચોવીસી | ભાંગા | પદ | વૃંદ | સ્થાનક | |
| ૫ | ૨ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૪ | ૫ | ૧૨૦ | પાંચમું | ક્ષા.ઔ. |
| ૬ | ૨ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | પાંચમું | ક્ષા.ઔ. |
| ૬ | ૨ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | પાંચમું | ક્ષા.ઔ. |
| ૬ | ૨ | ૧ | ૨ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | પાંચમું | ક્ષાયોપશમિક |
| ૭ | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | પાંચમું | ક્ષા.ઔ. |
| ૭ | ૨ | ૧ | ૨ | ૧ | ૦ | ૧ | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | પાંચમું | ક્ષાયોપશમિક |
| ૭ | ૨ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | પાંચમું | ક્ષાયોપશમિક |
| ૮ | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | પાંચમું | ક્ષાયોપશમિક |
| | | | | | | કુલ | ૮ | ૧૯૨ | ૫૨ | ૧૨૪૮ | | |

સમ્યક્ત્વમોહનીયના ઉદય વિનાની ચાર ચોવીસી ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વીને હોય છે અને સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળી ચાર ચોવીસી ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને હોય છે. ।। ૧૭ ।।

હવે ૯ના બંધે ૬ - ૭ - ૮ એમ ત્રણ ગુણસ્થાનક હોય છે. હાસ્ય - રતિ અને અરતિ - શોકના યુગલ સાથે બે બંધભાંગા હોય છે. પરંતુ આ બે બંધભાંગા છટ્ઠે જ હોય છે. સાતમે- આઠમે ગુણઠાણે અરતિ - શોકનો બંધ ન હોવાથી હાસ્ય - રતિના બંધવાળો એક જ બંધભાંગો હોય છે. અહીં અનંતાનુબંધી - અપ્રત્યાખ્યાનીય અને સર્વવિરતિનો ઘાતક એવો પ્રત્યાખ્યાનાવરણ નામનો જે ત્રીજો કષાય એમ પ્રથમના ત્રણે કષાયનો ઉદય સંભવતો નથી. માત્ર એક સંજ્વલન કષાય જ ઉદયમાં સંભવે છે. ક્ષાયિક - ઔપશમિક અને ક્ષાયોપશમિક એમ ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા જીવો સંભવે છે. પરંતુ આઠમા ગુણસ્થાનકે શ્રેણીનો પ્રારંભ હોવાથી અને સમ્યક્ત્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહનીયનો સાતમે ઉદયવિચ્છેદ થયેલ હોવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જીવો આઠમે ગુણઠાણે હોતા નથી.

સંજ્વલન ક્રોધાદિમાંથી ૧ કષાય, ૧ વેદ, ૧ યુગલ (પ્રકૃતિ ૨) એમ ઓછામાં ઓછો ૪નો ઉદય નવના બંધે હોય છે. તેમાં ભય-જુગુપ્સા અને સમ્યક્ત્વ મોહનીયની એક એક પ્રકૃતિ ઉમેરવાથી ત્રણ પ્રકારે પાંચનો ઉદય હોય છે. બે-બે ઉમેરવાથી ત્રણ પ્રકારે છનો ઉદય હોય છે અને ત્રણે ઉમેરવાથી એક જ પ્રકારે સાતનો ઉદય હોય છે. ચોવીસી, ઉદયભાંગા, ઉદયપદ અને પદવૃંદ વગેરે ઉપર સમજાવ્યું છે તેને અનુસારે તેની જેમ જ ચિત્ર ઉપરથી સ્વયં સમજી લેવું. ચિત્ર આ પ્રમાણે છે -

: ૯ના બંધનું ચિત્ર :

| ઉદય | પ્રકૃતિઓ | | | | | | ઉદય | ઉદય | ઉદય | પદ | ગુણ | સમ્યક્ત્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્થાનક | કષા. | વેદ. | યુગલ | ભય | જુગુ. | સમ્ય. | ચોવીસી | ભાંગા | પદ | વૃંદ | સ્થાનક | |
| ૪ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૪ | ૪ | ૯૬ | ૬થી૮ | ક્ષા.ઔ. |
| ૫ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ | ૨૪ | ૫ | ૧૨૦ | ૬થી૮ | ક્ષા.ઔ. |
| ૫ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૨૪ | ૫ | ૧૨૦ | ૬થી૮ | ક્ષા.ઔ. |
| ૫ | ૧ | ૧ | ૨ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૪ | ૫ | ૧૨૦ | ૬થી૭ | ક્ષાયોપશમિક |
| ૬ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૬થી૮ | ક્ષા.ઔ. |
| ૬ | ૧ | ૧ | ૨ | ૧ | ૦ | ૧ | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૬થી૭ | ક્ષાયોપશમિક |
| ૬ | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૬થી૭ | ક્ષાયોપશમિક |
| ૭ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ૬થી૭ | ક્ષાયોપશમિક |
| | | | | | | કુલ | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ | | |

મોહનીયકર્મની પાંચ પ્રકૃતિનું બંધસ્થાનક નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે હોય છે. ત્યાં સમ્યક્ત્વમોહનીય - ભય કે જુગુપ્સાનો ઉદય હોતો નથી. કારણ કે શ્રેણી હોવાથી ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યક્ત્વી જીવો જ અહીં હોય છે. તેઓને સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોતો નથી. તથા હાસ્યષટ્કનો ઉદય આઠમા ગુણઠાણે જ વિચ્છેદ પામેલ હોવાથી ભય - જુગુપ્સા પણ ઉદયમાં નથી તથા હાસ્ય - રતિ અને અરતિ - શોકનું યુગલ પણ ઉદયમાં નથી. તેથી કષાય - વેદ અને યુગલના ગુણાકારથી જે ચોવીસીઓ થતી હતી તે ચોવીસીઓ હવે અહીં થતી નથી. માત્ર કષાય અને વેદના ગુણાકારથી ૪ × ૩ = ૧૨ ઉદયભાંગા જ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંજ્વલન ક્રોધાદિ ચાર કષાયમાંનો ૧ કષાય અને ત્રણ વેદમાંનો ૧ વેદ એમ બે પ્રકૃતિનું એક જ ઉદયસ્થાનક હોય છે. ત્યાં ૪ કષાય × ૩ વેદ = ૧૨ ઉદયભાંગા થાય છે. ચોવીસી ન હોવાથી ઉદયપદ કહેવાતાં નથી. કારણ કે ૧ ચોવીસીના કોઈપણ એક ભાંગે એકસાથે એક જીવને ઉદયમાં આવેલી પ્રકૃતિઓ, તે ઉદયપદ કહેવાય છે. અહીં ચોવીસી ન હોવાથી આ વ્યાખ્યા લાગુ પડતી નથી. પરંતુ બારે ભાંગે બે બે પ્રકૃતિઓ ઉદયમાં હોવાથી ૧૨ × ૨ = ૨૪ ઉદયપદવૃંદ થાય છે. આ પ્રમાણે પાંચના બંધે ૧ બંધભાંગો, બે પ્રકૃતિનું ૧ ઉદયસ્થાનક, તેના ૧૨ ઉદયભાંગા અને ૨૪ ઉદયપદવૃંદ હોય છે. ।। ૧૮ ।।

**इत्तो चउ बंधाइ, इक्किक्कुदया हवंति सव्वे वि ।**
**बंधोवरमे वि तहा, उदयाभावे वि वा हुज्जा ।। १९ ।।**

**एतस्माच्चतुर्बन्धादय, एकैकोदया भवन्ति सर्वेऽपि ।**
**बन्धोपरमेऽपि तथा, उदयाभावेऽपि वा भवेत् ।। १९ ।।**

*ગાથાર્થ - આ (પાંચના) બંધથી આગળ ચારનો બંધ વગેરે (૪ - ૩ - ૨ - ૧ આમ) ચારે બંધસ્થાનકો એક એક પ્રકૃતિના ઉદયવાળા છે તથા દસમા ગુણસ્થાનકે બંધનો ઉપરમ (વિરામ) થવા છતાં પણ ઉદય હોય છે અને અગિયારમા ગુણસ્થાનકે ઉદયનો અભાવ હોવા છતાં પણ સત્તા હોય છે. ।। ૧૯ ।।*

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વિવેચન - બંધને આશ્રયી નવમા ગુણસ્થાનકના પાંચ ભાગ કર્મસ્તવાદિમાં જણાવેલા છે. ત્યાં પ્રથમભાગના ચરમ સમયે પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય છે. તે જ સમયે વેદનો ઉદય પણ ટળી જાય છે. **'पुरुषवेदस्य च युगपत् बन्धोदयौ व्यवच्छिद्येते'** આવું ટીકાકારનું વચન છે. તથા **'चउविहबंधगस्स वेदोदए पुरिसवेदबंधे य जुगवं फिट्टे एक्कमेव उदयट्ठाणं लब्भति'** આવું ચૂર્ણિકારનું વચન છે. તેથી પુરુષવેદનો બંધવિચ્છેદ થાય ત્યારે વેદનો ઉદય પણ વિચ્છેદ થતો હોવાથી નવમા ગુણઠાણાના બીજા ભાગે ચારના બંધે ૧ સંજ્વલન કષાયનો જ ઉદય હોય છે. તેના ક્રોધ - માન - માયા - લોભને આશ્રયી ચારના બંધે એકના ઉદયના ચાર ઉદયભાંગા થાય છે. કારણ કે કોઈ જીવે ક્રોધના ઉદયે શ્રેણીનો પ્રારંભ કર્યો હોય, કોઈ જીવે માનના ઉદયે શ્રેણીનો પ્રારંભ કર્યો હોય, એમ ચારે પ્રકારનો ઉદય સંભવી શકે છે. માટે ચારના બંધે એકના ઉદયે ૪ ઉદયભાંગા થાય છે.

અહીં કોઈક આચાર્યો પુરુષવેદનો બંધવિચ્છેદ થવા છતાં પણ તેની સાથે જ વેદનો ઉદયવિચ્છેદ થઈ જાય એમ માનતા નથી. પરંતુ બંધવિચ્છેદ થયા પછી ચારના બંધે પ્રારંભમાં કેટલોક કાલ વેદનો ઉદય હોય છે એમ માને છે. તેઓના મતે ચારના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધે પ્રારંભકાલમાં કષાય અને વેદ એમ બે પ્રકૃતિનું ઉદયસ્થાનક અને ૪ × ૩ = ૧૨ ઉદયભાંગા હોય છે. વેદનો ઉદય અટક્યા પછી પાછલા કાલમાં કેવલ એકલા કષાયનો ઉદય અને તેના એટલે કે ૧ના ઉદયના ૪ ઉદયભાંગા થાય છે. આમ અન્ય આચાર્યો માને છે. આ મતે બે પ્રકૃતિનો ઉદય પાંચના બંધે તથા ચારના બંધે એમ બન્ને બંધે હોવાથી ૧૨ + ૧૨ મળીને કુલ ૨૪ ઉદયભાંગા બેના ઉદયના થાય છે. ૨૪ ભાંગા થવાથી ૨ ઉદયપદ પણ ગણાય છે. ગ્રંથકારના મતે તો ચારના બંધે એક કષાયનો જ ઉદય હોય છે અને તેના ૪ જ ઉદયભાંગા થાય છે. ચારના બંધે ગ્રંથકારશ્રીના મતે એકોદયના ૪ ઉદયભાંગા અને અન્ય આચાર્યોના મતે પ્રારંભકાલમાં દ્વિકોદયના ૧૨ ભાંગા અને પાછલા કાલમાં એકોદયના ૪ ભાંગા એમ કુલ ૧૬ ઉદયભાંગા થાય છે.

નવમા ગુણસ્થાનકના બીજા ભાગના ચરમ સમયે સંજ્વલન ક્રોધનો બંધવિચ્છેદ તથા ઉદયવિચ્છેદ થવાથી ત્રીજા ભાગે સં. માન - માયા અને લોભ એમ ૩નું બંધસ્થાનક હોય છે. ૧ સંજ્વલન કષાયનો ઉદય હોય છે. પરંતુ ક્રોધનો ઉદય વિચ્છેદ થયેલ હોવાથી માન - માયા અને લોભના ઉદયના ત્રણ જ ઉદયભાંગા થાય છે. આ જ રીતે ત્રીજા ભાગના છેડે સં. માનનો બંધ તથા ઉદય વિચ્છેદ થતો હોવાથી ચોથા ભાગે બેનો બંધ, એકનો ઉદય. અને તેના માયાનો ઉદય અથવા લોભનો ઉદય એમ બે ઉદયભાંગા હોય છે. ચોથા ભાગના છેલ્લા સમયે સં. માયાનો પણ બંધવિચ્છેદ તથા ઉદયવિચ્છેદ થવાથી પાંચમા ભાગે ૧નો બંધ, ૧ સં. લોભનો જ ઉદય હોય છે. ઉદયમાં પ્રતિપક્ષી કોઈ ન હોવાથી ૧ ઉદયભાંગો જાણવો.

નવમાના ચરમ સમયે લોભનો બંધવિચ્છેદ થાય છે. પરંતુ ઉદયવિચ્છેદ થતો નથી. કારણ કે નવમે બાદર લોભનો જ ઉદય અટકે છે. સૂક્ષ્મ કીટ્ટી રૂપે કરાયેલો લોભ ૧૦મા ગુણઠાણે ઉદયમાં વર્તે છે તથા લોભની સત્તા પણ વર્તે છે. તેથી બંધના અભાવે દસમા ગુણઠાણે ૧નો (સં. સૂક્ષ્મલોભનો) ઉદય અને ૧ની (સં. લોભની) સત્તા હોય છે તથા અગિયારમા ગુણસ્થાનકે બંધ તથા ઉદયનો સંપૂર્ણ વિચ્છેદ થવા છતાં ઉપશમશ્રેણી હોવાથી મોહનીયકર્મને ઉપશમાવીને જીવ ત્યાં આવેલ હોવાથી ૨૮ - ૨૪ - ૨૧ની સત્તા હોય છે અને ૧૨મા ગુણઠાણે મોહનો બંધ, ઉદય તથા સત્તા, એમ ત્રણે હોતાં નથી. જો કે બંધસ્થાનક તથા ઉદયસ્થાનકની સાથે સત્તાસ્થાનક કહેવા સ્વરૂપ સંવેધનું આ વિધાન ચાલી રહ્યું છે. તેવા પ્રસંગે કેવલ એકલી સત્તાનું કથન કરવું તે ઉપયોગી નથી. તો પણ પ્રસંગાનુસાર ગ્રંથકારશ્રીએ તેનું કથન અહીં કરેલું છે. ચિત્ર આ પ્રમાણે છે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૫ આદિ શેષ બંધોનું ચિત્ર -

| બંધ સ્થાનક | ઉદય કષાય-વેદ | ઉદય સ્થાનક | ઉદય ભાંગ | પદ વૃંદ | ગુણ સ્થાનક | વિશેષતા |
|---|---|---|---|---|---|---|
| ૫ | ૧-૧ | ૨ | ૧૨ | ૨૪ | નવમાના પ્રથમ ભાગે | |
| ૪ | ૧-× | ૧ | ૪ | ૪ | બીજા ભાગે | સ્વમતે |
| ૪ | ૧-૧ | ૨ | ૧૨ | ૨૪ | બીજા ભાગે પ્રારંભમાં | આ ભાંગા તથા ઉદય મતાન્તરે હોય છે |
| | ૧-× | ૧ | ૪ | ૪ | બીજા ભાગે પાછલા કાલમાં | આ ભાંગા તથા ઉદય મતાન્તરે હોય છે |
| ૩ | ૧-× | ૧ | ૩ | ૩ | ત્રીજા ભાગે | |
| ૨ | ૧-× | ૧ | ૨ | ૨ | ચોથા ભાગે | |
| ૧ | ૧-× | ૧ | ૧ | ૧ | પાંચમા ભાગે | |
| ૦ | ૧-× | ૧ | ૧ | ૧ | દસમા ગુણઠાણે | |

॥ ૧૯ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

અવતરણ - મોહનીયકર્મના ૧૦ આદિ ઉદયસ્થાનોમાં કેટલી ચોવીસીઓ થઈ ? અને કેટલા ઉદયભાંગા થયા ? તે હવે સમજાવે છે -

**इक्कग छक्किक्कारस, दस सत्त चउक्क इक्कगं चेव ।**

**एए चउवीसगया, बार दुगिक्कम्मि इक्कारा ॥ २० ॥**

(चउवीसं दुगिक्कमिक्कारा । (પાઠાન્તર)

**एककषडेकादश, दश सप्त चत्वार एककश्चैव**

**एते चतुर्विंशतिगताः, द्वादश द्विके, एके एकादश ॥ २० ॥**

(चतुर्विंशतिर्द्विके, एके एकादश । (પાઠાન્તર)

*ગાથાર્થ - દસ આદિ ઉદયસ્થાનોમાં અનુક્રમે ૧ - ૬ - ૧૧ - ૧૦ - ૭ - ૪ - ૧ કુલ ૪૦ ચોવીસીઓ થાય છે તથા બેના ઉદયે ૧૨ ભાંગા (મતાન્તરે ૨૪ ભાંગા) અને એકના ઉદયે ૧૧ ઉદયભાંગા થાય છે. ॥ ૨૦ ॥*

વિવેચન - મોહનીયકર્મમાં પહેલા ગુણસ્થાનકે ૨૨ના બંધે ૭ - ૮ - ૯ - ૧૦ એમ ૪ ઉદયસ્થાનો છે અને તેમાં પૂર્વે સમજાવ્યા પ્રમાણે અનુક્રમે ૧ - ૩ -



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩ - ૧ કુલ ૮ ચોવીસી ઉદયભાંગા થાય છે. સાસ્વાદને ૨૧ના બંધે ૭ - ૮ - ૯ એમ ૩ ઉદયસ્થાનક અને અનુક્રમે ૧ - ૨ - ૧ કુલ ૪ ચોવીસી ઉદયભાંગા થાય છે. મિશ્રે અને અવિરતે ૧૭ના બંધે ૬ - ૭ - ૮ - ૯ એમ કુલ ૪ ઉદયસ્થાનક અને અનુક્રમે ૧ - ૪ - ૫ - ૨ એમ ૧૨ ઉદયચોવીસી ભાંગા થાય છે. દેશવિરતે ૧૭ના બંધે ૫ - ૬ - ૭ - ૮ એમ ૪ ઉદયસ્થાનક અને અનુક્રમે ૧-૩-૩-૧ કુલ ૮ ચોવીસી ઉદયભાંગા થાય છે તથા ૯ના બંધે ૪-૫-૬-૭ એમ કુલ ૪ ઉદયસ્થાનક અને અનુક્રમે ૧-૩-૩-૧ એમ ૮ ચોવીસી ઉદયભાંગા થાય છે. આ પ્રમાણે આ સઘળી ચોવીસી જો મેળવવામાં આવે તો દસ વગેરે ઉદયસ્થાનકોમાં ૧-૬-૧૧-૧૦-૭-૪-૧ મળીને ૪૦ ચોવીસીઓ થાય છે. તેનું ચિત્ર આ પ્રમાણે -

| | ૨૨નો | ૨૧નો | ૧૭નો | ૧૩નો | ૯નો | કુલ |
|---|---|---|---|---|---|---|
| | બંધ | બંધ | બંધ | બંધ | બંધ | બંધ |
| ૧૦ના ઉદયે | ૧ | | | | | ૧ |
| ૯ના ઉદયે | ૩ | ૧ | ૨ | | | ૬ |
| ૮ના ઉદયે | ૩ | ૨ | ૫ | ૧ | | ૧૧ |
| ૭ના ઉદયે | ૧ | ૧ | ૪ | ૩ | ૧ | ૧૦ |
| ૬ના ઉદયે | | | ૧ | ૩ | ૩ | ૭ |
| ૫ના ઉદયે | | | | ૧ | ૩ | ૪ |
| ૪ના ઉદયે | | | | | ૧ | ૧ |
| કુલ | ૮ | ૪ | ૧૨ | ૮ | ૮ | ૪૦ |

આ ચાલીસે ચોવીસીઓ ચોવીસી સ્વરૂપ હોવાથી એક-એકમાં ૨૪ - ૨૪ ઉદયભાંગા થાય છે. તેથી ૪૦ × ૨૪ = ૯૬૦ ઉદયભાંગા દશના ઉદયથી ચારના ઉદય સુધીમાં થાય છે તથા બેનો ઉદય ગ્રંથકારશ્રીના મતે માત્ર પાંચના બંધે જ છે. ત્યાં વેદ અને કષાયગુણિત ૧૨ જ ઉદયભાંગા થાય છે. તો પણ મતાન્તરે ચારના બંધના પ્રારંભમાં કેટલોક કાલ વેદનો ઉદય હોય છે. તેથી તે મતે ચારના બંધે પણ પ્રારંભમાં વેદ અને કષાય ગુણિત ૧૨ ઉદયભાંગા થાય છે. બન્ને મળીને બેના ઉદયના ૨૪ ઉદયભાંગા મતાન્તરે જાણવા તથા એકના ઉદયે ચારના બંધે ૪, ત્રણના બંધે ૩, બેના બંધે ૨ અને એકના બંધે ૧ એમ કુલ નવમા ગુણઠાણે એકના ઉદયના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦ ઉદયભાંગા તથા દસમા ગુણઠાણે અબંધે એકના ઉદયનો ૧ ઉદયભાંગો જે થાય છે તે મેળવતાં ૧ના ઉદયે કુલ ૪ + ૩ + ૨ + ૧ + ૧ = ૧૧ ઉદયભાંગા થાય છે. જો કે પ્રથમના જે ચાર ભાંગા છે તેમાં ક્રોધ-માન-માયા-લોભ પ્રતિપક્ષી છે. ૩-૨-૧ના બંધે તથા અબંધે પણ આ ચારમાંના જ પાછલા-પાછલા ઉદયભાંગા હોય છે, તો પણ બંધસ્થાનક ભિન્ન ભિન્ન હોવાથી ઉદયભાંગા ભિન્ન ભિન્ન ગણાય છે. આ પ્રમાણે ૪૦ ચોવીસીના ૪૦ × ૨૪ = ૯૬૦ તથા બેના ઉદયના ૧૨ અને એકોદયના ૧૧ ઉદયભાંગા મેળવતાં મોહનીયકર્મના કુલ ઉદયભાંગા સ્વમતે ૯૬૦ + ૧૨ + ૧૧ = ૯૮૩ થાય છે અને મતાન્તરે ૯૬૦ + ૨૪ + ૧૧ = ૯૯૫ થાય છે.

**नव पंचाणउअसए, उदयविगप्पेहिं मोहिआ जीवा ।**
**अउणुत्तरिएगुत्तरि पयविंदसएहिं विन्नेआ ।। २१ ।।**

**नव तेसीइसएहिं, उदयविगप्पेहिं मोहिआ जीवा ।**
**अउणुत्तरि सीयाला, पयविंदसएहिं विन्नेया ।। २२ ।।**

**नव पञ्चनवत्यधिकशतैः, उदयविकल्पैः मोहिताः जीवाः ।**
**एकोनसप्ततिभिरेकसप्तत्यधिकैः पदवृन्दशतैः विज्ञेयाः ।। २१ ।।**

**नव त्र्यशीत्यधिकशतैः, उदयविकल्पैः मोहिताः जीवाः ।**
**एकोनसप्ततिभिश्चतुःसप्तत्यधिकैः पदवृन्दशतैः विज्ञेयाः ।। २२ ।।**

*ગાથાર્થ - મતાન્તરે ૯૯૫ ઉદય વિકલ્પો વડે (ઉદયભાંગાઓ વડે) અને ૬૯૭૧ ઉદયપદવૃંદો વડે મોહિત થયેલા સંસારી જીવો જાણવા. તથા સ્વમતે ૯૮૩ ઉદય વિકલ્પો વડે અને ૬૯૪૭ પદવૃંદો વડે મોહિત થયેલા સંસારી જીવો જાણવા. ॥ ૨૧-૨૨ ॥*

વિવેચન - દસ આદિ ઉદયસ્થાનોની જે ૪૦ ચોવીસીઓ કહી તેના ઉદયભાંગા ૪૦ × ૨૪ = ૯૬૦ તથા મતાન્તરે બેના ઉદયના ૧૨ + ૧૨ = ૨૪ અને એકના

(૧) સ્વમત પહેલો મુકી મતાન્તર પછી મુકવો જોઈએ પરંતુ ચૂર્ણિમાં તથા ટીકામાં મતાન્તર પહેલો અને સ્વમત પછી છે તથા ગાથા પણ મતાન્તરવાળી ૨૧ અને સ્વમતવાળી ૨૨મી છે. એટલે અમે પણ ગાથા તે પ્રમાણે આપી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદયના ૧૧ ભાંગા એમ ૯૯૫ ઉદયભાંગાઓ વડે આ સકલ સંસારી જીવો મૂંઝાયેલા છે. અર્થાત્ ૯૯૫ ઉદયભાંગામાં સર્વે સંસારીજીવોનો સમાવેશ થાય છે. પરંતુ સ્વમતે બેના ઉદયના ૧૨+૧૨=૨૪ ભાંગા ન ગણતાં માત્ર પાંચના બંધે ૧૨ જ ઉદયભાંગા ગણતાં કુલ ૯૮૩ ઉદયભાંગાઓ વડે આ સંસારીજીવો મૂંઝાયેલા જાણવા.

તેનાં ઉદયપદો મતાન્તરે ૨૯૦ અને સ્વમતે ૨૮૮ થાય છે અને તેનાં પદવૃંદો મતાન્તરે ૬૯૭૧ અને સ્વમતે ૬૯૪૭ થાય છે. તે આ પ્રમાણે છે -

**સ્વમતે ચિત્ર આ પ્રમાણે -**

| ઉદય સ્થાનક | ઉદય ચોવીસી | ઉદય પદ | પદ વૃંદ |
|---|---|---|---|
| ૧૦ | ૧ | ૧૦×૨૪ | ૨૪૦ |
| ૯ | ૬ | ૫૪×૨૪ | ૧૨૯૬ |
| ૮ | ૧૧ | ૮૮×૨૪ | ૨૧૧૨ |
| ૭ | ૧૦ | ૭૦×૨૪ | ૧૬૮૦ |
| ૬ | ૭ | ૪૨×૨૪ | ૧૦૦૮ |
| ૫ | ૪ | ૨૦×૨૪ | ૪૮૦ |
| ૪ | ૧ | ૪×૨૪ | ૯૬ |
| | ૪૦ | ૨૮૮ | ૬૯૧૨ |

બેના ઉદયના ૧૨ + ૧૨ = ૨૪ ભાંગા એટલે કે ૧ ચોવીસી થતી હોવાથી ૨ ઉદયપદ મતાન્તરે ગણાય છે. તે માટે ૨૮૮ + ૨ = ૨૯૦ ઉદયપદો મતાન્તરે થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મતાન્તરે ૨ના ઉદયના ૧૨+૧૨=૨૪ ભાંગા છે.
તે બેના ઉદયનાં હોવાથી ૨૪ ભાંગામાં બે બે પ્રકૃતિઓ છે.

૬૯૧૨
એટલે ૨૪+૨=૪૮ પદવૃંદો બેના ઉદયનાં + ૪૮
એકના ઉદયના ૧૧ ભાંગામાં ૧-૧ + ૧૧
૬૯૭૧ પદવૃંદો મતાન્તરે થાય છે.
અને સ્વમતે બેના ઉદયના ૧૨ ભાંગા ૨૪
અને એક એક ભાંગામાં બે બે પ્રકૃતિ
એમ કુલ ૨૪ પદવૃંદો ઓછા કરતાં ૬૯૪૭ પદવૃંદો સ્વમતે થાય છે.

।। ૨૧-૨૨ ।।

અવતરણ - હવે બંધસ્થાનકમાં સત્તાસ્થાનકો સમજાવે છે.

**तिन्नेव य बावीसे, इगवीसे अट्ठवीस सत्तरसे ।**
**छच्चेव तेर नव बंधएसु, पंचेव ठाणाणि ।। २३ ।।**

पंचविह चउव्विहेसु, छ छक्क सेसेसु जाण पंचेव ।
पत्तेयं पत्तेयं, चत्तारि अ बंधवुच्छेए ।। २४ ।।

त्रीण्येव तु द्वाविंशतौ, एकविंशतौ अष्टाविंशतिः सप्तदशे ।
षडेव त्रयोदशसु, नव बन्धकेषु पञ्चैव स्थानानि ।। २३ ।।

पञ्चविधचतुर्विधेषु षट् षट्, शेषेसु जानीहि पञ्चैव ।
प्रत्येकं प्रत्येकं, चत्वारि तु बन्धव्यवच्छेदे ।। २४ ।।

*ગાથાર્થ - બાવીસના બંધે ત્રણ, એકવીસના બંધે અઠ્યાવીસનું, સત્તરના બંધમાં છ અને તેરના બંધમાં તથા નવના બંધમાં પાંચ પાંચ સત્તાસ્થાન હોય છે. ।। ૨૩ ।। પાંચ અને ચારના બંધમાં છ છ સત્તાસ્થાનો છે અને બાકીનાં દરેક બંધસ્થાનકોમાં પાંચ પાંચ જ સત્તાસ્થાનક છે તથા બંધવિચ્છેદ થયા પછી સૂક્ષ્મસંપરાયે ચાર સત્તાસ્થાનક હોય છે. ।। ૨૪ ।।*

વિવેચન - મોહનીયકર્મનો ૨૨નો બંધ મિથ્યાત્વે હોય છે. ત્યાં મોહનીયકર્મનાં ૨૮ - ૨૭ - ૨૬ આ ત્રણ સત્તાસ્થાનો હોય છે. એકીસાથે એક જીવને જેટલી પ્રકૃતિઓ સત્તામાં હોય તેને સત્તાસ્થાનક કહેવાય છે. સમ્યક્ત્વ પામીને ત્રિપુંજીકરણ કરીને જે જીવો મિથ્યાત્વે આવ્યા છે તેવા જીવોને ૨૮ની સત્તા હોય છે. મિથ્યાત્વે આવી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ કાલ સુધીમાં સમ્યક્ત્વમોહનીયની અને બીજા અસંખ્યાતમા ભાગમાં મિશ્ર મોહનીયની ઉદ્વલના (સમાપ્ત) કરે છે. જ્યાં સુધી સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના સમાપ્ત ન થાય ત્યાં સુધી સમ્યક્ત્વમોહનીયની સત્તા હોવાથી ૨૮ની સત્તા ગણાય છે. સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના પૂર્ણ થયા પછી ૨૭ની સત્તા હોય છે અને મિશ્રમોહનીયની ઉદ્વલના પૂર્ણ થયા પછી ૨૬ની સત્તા હોય છે તથા જે જીવો સમ્યક્ત્વ પામ્યા જ નથી અને તેના કારણે ત્રિપુંજીકરણ કર્યું જ નથી તેવા અનાદિ મિથ્યાત્વી આત્માઓને પણ ૨૬ની જ સત્તા હોય છે.

૭ - ૮ - ૯ - ૧૦ આ ચાર ઉદયસ્થાનક અને તેની ૮ ચોવીસી અને તેના ૧૯૨ ઉદયભાંગા ૨૨ના બંધે હોય છે. તેમાં અનંતાનુબંધીના ઉદય વિનાની જે ૪ ચોવીસીઓ છે. તે અનંતાનુબંધીની વિસંયોજના કરીને સમ્યક્ત્વથી પડીને પહેલા ગુણઠાણે આવનારા જીવને પ્રથમ આવલિકા માત્રમાં જ હોય છે. કારણ કે પ્રથમ સંક્રમાવલિકા ગયે છતે અપ્રત્યાખ્યાનીયાદિ કષાયોના સંક્રમથી થયેલ અનંતાનુબંધીનો ઉદય શરૂ થાય છે અને પછી બંધ દ્વારા થયેલા અનંતાનુબંધીનો પણ ઉદીરણા દ્વારા ઉદય શરૂ થાય છે. પરંતુ પ્રથમાવલિકામાં અનંતાનુબંધીનો ઉદય હોતો નથી. તે કાલે સમ્યક્ત્વ - મિશ્ર મોહનીયની ઉદ્વલના થયેલી નથી. પરંતુ ત્રિપુંજીકરણ કરીને ચોથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણઠાણેથી સત્તા લઈને જ આવેલો જીવ છે. માટે આ ૪ ચોવીસીઓમાં માત્ર ૨૮ની એક જ સત્તા હોય છે અને બાકીની અનંતાનુબંધીના ઉદયવાળી જે ૪ ચોવીસીઓ છે. તેમાં ૨૮ - ૨૭ - ૨૬ એમ ત્રણે સત્તા હોય છે. તેથી ચિત્ર આવું બને છે-

૨૨ના બંધનું ચિત્ર

| બંધ | ઉદય | કેવા પ્રકારે | ઉદય ચોવીસી | ઉદય ભાંગા | ઉદય પદ | પદ વૃંદ | સત્તાસ્થાનક |
|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ૭ | ભ.જુ.અનં.રહિત | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | માત્ર ૨૮ |
| ૨૨ | ૮ | ભય સહિત | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | માત્ર ૨૮ |
| ૨૨ | ૮ | જુગુપ્સા સહિત | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | માત્ર ૨૮ |
| ૨૨ | ૮ | અનંતા. સહિત | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ૨૮ - ૨૭ - ૨૬ |
| ૨૨ | ૯ | ભય.જુગુ. સહિત | ૧ | ૨૪ | ૯ | ૨૧૬ | માત્ર ૨૮ |
| ૨૨ | ૯ | ભય.અનં.સહિત | ૧ | ૨૪ | ૯ | ૨૧૬ | ૨૮ - ૨૭ - ૨૬ |
| ૨૨ | ૯ | જુગુ.અનં.સહિત | ૧ | ૨૪ | ૯ | ૨૧૬ | ૨૮ - ૨૭ - ૨૬ |
| ૨૨ | ૧૦ | ભ.જુ.અનં.સહિત | ૧ | ૨૪ | ૧૦ | ૨૪૦ | ૨૮ - ૨૭ - ૨૬ |
| | | કુલ | ૮ | ૧૯૨ | ૬૮ | ૧૬૩૨ | ૧૬ |

૨૧નો બંધ સાસ્વાદને હોય છે. ત્યાં ૪ બંધભાંગા છે. ૭ - ૮ - ૯ આ ત્રણ ઉદયસ્થાન, ૪ ચોવીસી, ૯૬ ઉદયભાંગા વગેરે છે. ત્યાં સર્વત્ર માત્ર એક ૨૮ની જ સત્તા સંભવે છે. કારણ કે સાસ્વાદન ગુણસ્થાનક ઉપશમસમ્યક્ત્વથી પતિત થતા જીવને જ આવે છે અને તેવા જીવને ત્રિપુંજીકરણ કરેલું હોવાથી નિયમા ૨૮ની જ સત્તા હોય છે. તેથી ચિત્ર આવું બને છે -

૨૧ના બંધનું ચિત્ર

| બંધ | ઉદય | કેવી રીતે | ઉદય ચોવીસી | ઉદય ભાંગા | ઉદય પદ | પદ વૃંદ | સત્તાસ્થાનક |
|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૭ | ભય-જુગુ રહિત | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | માત્ર ૨૮ |
| ૨૧ | ૮ | ભય સહિત | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | માત્ર ૨૮ |
| ૨૧ | ૮ | જુગુપ્સા સહિત | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | માત્ર ૨૮ |
| ૨૧ | ૯ | ભ.જુ. સહિત | ૧ | ૨૪ | ૯ | ૨૧૬ | માત્ર ૨૮ |
| | | | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ | ૪ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭નો બંધ ત્રીજે - ચોથે ગુણઠાણે હોય છે. બે જ બંધભાગા છે. ૬ - ૭ - ૮ - ૯ એમ ચાર ઉદયસ્થાનક છે. અનુક્રમે ૧ - ૪ - ૫ - ૨ = ૧૨ ઉદયચોવીસી છે. ૨૮૮ ઉદયભાંગા વગેરે હોય છે. તેમાં ૨૮ - ૨૭ - ૨૪ - ૨૩ - ૨૨ - ૨૧ એમ કુલ ૬ સત્તાસ્થાનક છે. મોહનીયની સર્વે પ્રકૃતિઓ જેને સત્તામાં છે. અર્થાત્ ત્રિપુંજીકરણ કર્યું છે અને કોઈ દર્શનમોહનીયાદિનો ક્ષય કે ઉદ્વલના કરી નથી તેવા જીવને ૨૮ની સત્તા હોય છે. પહેલા ગુણસ્થાનકે જઈ સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરીને મિશ્રમોહનીયનો ઉદય થવાથી ત્રીજે ગુણઠાણે આવનારા જીવને ૨૭ની સત્તા હોય છે. અનંતાનુબંધી ચાર કષાયોની વિસંયોજના અથવા ક્ષય કરનારા સમ્યગ્દષ્ટિને તથા વિસંયોજના કરીને મિશ્રે આવેલા જીવને ૨૪ની સત્તા હોય છે. ચોથે ગુણઠાણે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતા જીવને અનંતાનુબંધીનો ક્ષય કર્યા પછી મિથ્યાત્વમોહનીયનો ક્ષય કરવાથી ૨૩ની સત્તા, મિશ્ર મોહનીયનો ક્ષય કરવાથી ૨૨ની સત્તા અને સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય કરવાથી ૨૧ની સત્તા હોય છે.

૧૭ના બંધે કુલ ૧૨ ચોવીસી છે. તેમાં ૪ ચોવીસી મિશ્રમોહનીયના ઉદયવાળી છે. જે મિશ્રગુણઠાણે જ સંભવે છે. તેમાં ૨૮- ૨૭ - ૨૪ એમ ત્રણ સત્તાસ્થાન ઘટે છે. ક્ષાયિક સમ્યક્ત્વ પામતાં જે સત્તાસ્થાનક આવે છે. તે ૨૩ - ૨૨ - ૨૧ ત્યાં મિશ્રે સંભવતાં નથી તથા ચોથા ગુણઠાણે જે સમ્યક્ત્વ મોહનીયના ઉદય વિનાની ૪ ચોવીસી છે. તે ઉપશમસમ્યક્ત્વી અને ક્ષાયિકસમ્યક્ત્વીને જ હોય છે. તેથી ઉપશમસમ્યક્ત્વીને ૨૮ - ૨૪ અને ક્ષાયિકસમ્યક્ત્વીને ૨૧ એમ કુલ ૩ સત્તાસ્થાનો જ હોય છે. ક્ષાયિક પામતાં જે સત્તાસ્થાનો આવે છે તે ૨૩ - ૨૨ અને મિશ્રે જ માત્ર આવનાર ૨૭ એમ ૩ સત્તાસ્થાનક ત્યાં (ઉપશમ અને ક્ષાયિકમાં) હોતાં નથી તથા સમ્યક્ત્વ મોહનીયના ઉદયવાળી જે ૪ ચોવીસી છે, તેમાં ક્ષાયિક પામવાનો પ્રારંભ થાય છે. તેથી ૨૮ - ૨૪ - ૨૩ - ૨૨ આ ચાર સત્તાસ્થાનક હોય છે. આ રીતે મિશ્રમોહનીયના ઉદયવાળામાં ૨૮ - ૨૭ - ૨૪, સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળામાં ૨૮ - ૨૪ - ૨૩ - ૨૨ અને ઉપશમ - ક્ષાયિકવાળામાં ૨૮ - ૨૪ - ૨૧ની સત્તા હોય છે. આટલું ધ્યાન રાખીને હવે નીચેનું ચિત્ર જુઓ -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧૭ના બંધનું ચિત્ર

| બંધ | ઉ. | કેવી રીતે | કયા સમ્યક્ત્વ વાળા જીવો | ઉદય ચોવીસી | ઉદય ભાંગા | ઉદય પદ | પદ વૃંદ | સત્તાસ્થાનક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭ | ૬ | ઉપશમ અને ક્ષાયિક | ઉપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૨૮-૨૪-૨૧ |
| ૧૭ | ૭ | ઉપશમ અને ક્ષાયિક ભય સાથે | ઉપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ૨૮-૨૪-૨૧ |
| ૧૭ | ૭ | ઉપશમ અને ક્ષાયિક જુગુ. સાથે | ઉપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ૨૮-૨૪-૨૧ |
| ૧૭ | ૭ | ક્ષાયોપશમિક સમ્ય. સાથે | ક્ષાયોપશમિક | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| ૧૭ | ૭ | મિશ્ર મોહ. સાથે | મિશ્ર | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ૨૮-૨૪-૨૭ |
| ૧૭ | ૮ | ઉપ. ક્ષાયિક. ભય. જુગુ. સાથે | ઉપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ૨૮-૨૪-૨૧ |
| ૧૭ | ૮ | મિશ્ર-ભય સાથે | મિશ્ર | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ૨૮-૨૪-૨૭ |
| ૧૭ | ૮ | મિશ્ર-જુગુ. સાથે | મિશ્ર | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ૨૮-૨૪-૨૭ |
| ૧૭ | ૮ | સમ્ય. ભય સાથે | ક્ષાયોપશમિક | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| ૧૭ | ૮ | સમ્ય. જુગુ. સાથે | ક્ષાયોપશમિક | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| ૧૭ | ૯ | મિ.ભ.જુ. સાથે | મિશ્ર | ૧ | ૨૪ | ૯ | ૨૧૬ | ૨૮-૨૪-૨૭ |
| ૧૭ | ૯ | સમ્ય.ભ.જુ. સાથે | ક્ષાયોપશમિક | ૧ | ૨૪ | ૯ | ૨૧૬ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| | | | કુલ | ૧૨ | ૨૮૮ | ૯૨ | ૨૨૦૮ | ૪૦ |

કોઈપણ ૧ સત્તાસ્થાનક બે, ત્રણ, ચાર વાર આવે છતાં તેને જુદું જુદું ન ગણીએ તો ૨૮-૨૭-૨૪-૨૩-૨૨-૨૧ એમ કુલ ૬ સત્તાસ્થાનકો ૧૭ના બંધે હોય છે.

તેરનો બંધ માત્ર દેશવિરતિ ગુણઠાણે જ છે. બે બંધભાંગા છે. ૫-૬-૭-૮ એમ ચાર ઉદયસ્થાનક, આઠ ઉદય ચોવીસી, ૧૯૨ ઉદયભાંગા વગેરે જાણવા. ૨૮-૨૪-૨૩-૨૨-૨૧ એમ કુલ પાંચ સત્તાસ્થાનક છે. આ તેરના બંધે સઘળાં સત્તાસ્થાનો સત્તરના બંધની જેમ જ જાણવાં. ફક્ત તફાવત એટલો જ છે કે ૧૭નો બંધ ત્રીજે-ચોથે બન્ને ગુણઠાણે છે. તેથી મિશ્ર મોહનીયના ઉદયવાળી ચોવીસીઓ ઉદયભાંગા અને ૨૭નું સત્તાસ્થાન વગેરે જે છે. તે તેરના બંધમાં ઘટતું નથી. કારણ કે તેરનો બંધ કરનારા દેશવિરત ઔપશમિક-ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જીવો જ હોય છે. ત્યાં ઔપશમિકને ૨૮-૨૪, ક્ષાયિકને ૨૧ અને ક્ષાયોપશમિકને ૨૮-૨૪-૨૩-૨૨ ચાર સત્તાસ્થાનકો હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્તરના બંધે, તેરના બંધે અને હવે કહેવાતા ૯ના બંધે ૨૮ની સત્તા ઔપશમિક સમ્યક્ત્વીને અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને એમ બન્નેને હોય છે. ૨૪ની સત્તા ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને અનંતાનુબંધી ૪ કષાયોની વિસંયોજના અથવા ક્ષય કર્યા પછી અને ઔપશમિક સમ્યક્ત્વીને અનંતાનુબંધીની વિસંયોજના કર્યા પછી હોય છે. ૨૩ અને ૨૨ની સત્તા ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને જ ક્ષાયિક પામતાં હોય છે. ત્યાં ૨૩ની સત્તા મનુષ્યગતિમાં જ ઘટે, અને ૨૨ની સત્તા પણ પ્રધાનતાએ મનુષ્યગતિમાં જ ઘટે, પણ છેલ્લો ગ્રાસ (અંતર્મુહૂર્ત માત્ર સ્થિતિને) વેદતો મનુષ્ય મૃત્યુ પામીને ચારે ગતિમાં પણ જાય છે એટલે તેટલો કાલ ચારે ગતિમાં પણ ૨૨ની સત્તા હોય છે. ૨૧ની સત્તા માત્ર ક્ષાયિકસમ્યક્ત્વીને જ હોય છે અને તે ચારે ગતિમાં હોઈ શકે છે. કારણ કે ક્ષાયિક સમ્યક્ત્વ પામવાનો પ્રારંભ મનુષ્ય જ કરી શકે છે. પરંતુ ક્ષાયિકની પૂર્ણાહુતિ ચારે ગતિમાં જીવ કરી શકે છે. આ રીતે ચોથે ગુણઠાણે ૨૮ અને ૨૪ની સત્તા ચારે ગતિમાં હોય છે તથા પાંચમે તિર્યંચ-મનુષ્યમાં જ હોય છે. તથા ૬ થી ૧૧ ગુણસ્થાનકમાં મનુષ્ય જ હોય છે. ૨૩ની સત્તા ક્ષાયિક પામતા સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યને જ ૪ થી ૭ ગુણસ્થાનકમાં હોય છે. ૨૨ની સત્તા સં. વર્ષના આયુષ્યવાળા મનુષ્યને ૪ થી ૭ ગુણસ્થાનકે તથા ચરમ ગ્રાસે મરીને થયેલા દેવ-નારકી અને અસં. વર્ષવાળા યુગલિક તિર્યંચ-મનુષ્યને ચોથે ગુણઠાણે હોય છે અને ૨૧ની સત્તા દેવ-નારકી, યુગલિક તિર્યંચ અને યુગલિક મનુષ્યને ચોથે ગુણઠાણે તથા અયુગલિક મનુષ્યને ૪ થી ૧૧ સુધીના ગુણસ્થાનકોમાં હોય છે.

તેરના બંધે સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળી ૪ ચોવીસી છે. તેમાં ૨૮-૨૪-૨૩-૨૨ આમ ચાર ચાર સત્તાસ્થાનક હોય છે અને સમ્યક્ત્વમોહનીયના ઉદયવિનાની ઔપશમિક અને ક્ષાયિકને જ સંભવે એવી ચાર ચોવીસીમાં ૨૮-૨૪-૨૧ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનક હોય છે. તેમાં પણ ૨૮ અને ૨૪ની સત્તા દેશવિરતિધર તિર્યંચો અને દેશવિરતિધર મનુષ્યોને ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાને હોય છે. તેથી આઠે ચોવીસીમાં ૨૮-૨૪ની સત્તા હોય છે. ૨૩ની સત્તા ક્ષાયિક પામતા ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા સંખ્યાત વર્ષાયુષ્યવાળા મનુષ્ય માત્રને જ હોય છે. તેથી સમકિત મોહનીયના ઉદયવાળી ૪ ચોવીસીમાં જ ૨૩ની સત્તા હોય છે. ૨૨ની સત્તા પાંચમા ગુણઠાણે ક્ષાયિક પામતા ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા સંખ્યાતવર્ષાયુષ્યવાળા મનુષ્યમાત્રને જ હોય છે. કારણ કે દેવ-નારકી, અસંખ્યાતવર્ષાયુષ્યવાળા તિર્યંચ-મનુષ્યને ચરમગ્રાસ વેદતાં વેદતાં ત્યાં ગયેલા જીવને આશ્રયી ૨૨ની સત્તા સંભવે છે. પરંતુ ત્યાં પાંચમું ગુણસ્થાનક નથી. માટે પાંચમે ગુણઠાણે ૨૨ની સત્તા સંખ્યાતવર્ષાયુવાળા મનુષ્યને જ હોય છે. ૨૧ની સત્તા પણ પાંચમે ગુણઠાણે ક્ષાયિક પામેલા સંખ્યાત વર્ષાયુષ્યવાળા મનુષ્યને જ હોય છે. દેવ-નારકી-અસંખ્યાત વર્ષાયુષ્યવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચ અને મનુષ્યમાં ક્ષાયિક સમ્યક્ત્વી જીવ જન્મે છે. ૨૧ની સત્તા સંભવે છે, પણ ત્યાં પાંચમું ગુણસ્થાનક નથી. સંખ્યાત વર્ષાયુષ્યવાળા તિર્યંચોમાં પાંચમું ગુણસ્થાનક છે. પણ ત્યાં ક્ષાયિક સમ્યક્ત્વી ઉત્પન્ન થતા નથી. તેથી ત્યાં ૨૧ની સત્તા નથી. આ બાબતમાં ચૂર્ણિમાં આ પ્રમાણે પાઠ છે - तत्थ तेरसबंधगस्स तिरिक्खस्स अट्ठावीसा, चउवीसा च । एए मोत्तुणं सेसा न संभवंति । कहं ? भण्णइ - तेवीसा बावीसा य खाइग सम्मत्तं उप्पाएन्तस्स, सो उप्पाएन्तो नियमा मणुओत्ति काउं, तेण नत्थि । एगवीसा तिरिक्खेसु संजयासंजयेसु नत्थि। कहं ? भण्णइ-संखेज्जवासाउएसु तिरिक्खेसु खाइग सम्मद्दिट्ठी ण उववज्जइ, असंख-वासाउएसु उववज्जेज्जा, वि देसविरई नत्थि। तम्हा तिण्णि वि मणुयदेसविरएसु भाणेयव्वाणि।

તેથી ૧૩ના બંધે દેશવિરતિગુણઠાણે ચિત્ર આવું બને છે -

| બંધ | ઉદય | કેવી રીતે | કયા સમ્યક્ત્વી | ઉદય ચોવીસી | ઉદય ભાંગા | ઉદય પદ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | ૫ | ભય, જુગુ, સમ્ય. મોહના ઉદય વિના | ઔપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૫ | ૧૨૦ | ૨૮-૨૪-૨૧ |
| ૧૩ | ૬ | જુગુ, સમ્ય. મોહના ઉદય વિના | ઔપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૨૮-૨૪-૨૧ |
| ૧૩ | ૬ | ભય, સમ્ય. મોહના ઉદય વિના | ઔપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૨૮-૨૪-૨૧ |
| ૧૩ | ૬ | સમ્ય. મોહ સાથે | ક્ષાયો. | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| ૧૩ | ૭ | ભય-જુગુપ્સા સાથે | ઔપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ૨૮-૨૪-૨૧ |
| ૧૩ | ૭ | ભય-સમ્ય. મોહ સાથે | ક્ષાયો. | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| ૧૩ | ૭ | જુગુ-સમ્ય. મોહ સાથે | ક્ષાયો. | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| ૧૩ | ૮ | ત્રણે સાથે | ક્ષાયો. | ૧ | ૨૪ | ૮ | ૧૯૨ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| કુલ | | | | ૮ | ૧૯૨ | ૫૨ | ૧૨૪૮ | ૨૮ |

નવનો બંધ છઠ્ઠે, ૭મે અને ૮મે ગુણસ્થાનકે હોય છે. બે બંધભાંગા હોય છે અને પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય ઘટવાથી ૪ - ૫ - ૬ - ૭ એમ ૪ ઉદયસ્થાનક અને ૮ ચોવીસી, ૧૯૨ ઉદયભાંગા વગેરે હોય છે. સત્તાસ્થાનક ૨૮ - ૨૪ - ૨૩ - ૨૨ - ૨૧ એમ પાંચ હોય છે. નવનો બંધ તથા ૬ - ૭ - ૮ ગુણસ્થાનકો મનુષ્યગતિમાં જ હોય છે. તેથી નવના બંધે આ સત્તાસ્થાનો પણ મનુષ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગતિમાં જ સંભવે છે. અહીં પણ ઔપશમિક સમ્યક્ત્વીને ૨૮-૨૪ની સત્તા, ક્ષાયોપશમિકને ૨૮-૨૪-૨૩-૨૨ની સત્તા અને ક્ષાયિકને ૨૧ની સત્તા જાણવી. તેથી સમ્યક્ત્વમોહનીયના ઉદય વિનાની જે ૪ ચોવીસીઓ છે. તે ઔપશમિક અને ક્ષાયિકને જ હોય છે. માટે ૨૮-૨૪-૨૧ની સત્તા ત્યાં હોય છે અને સમ્યક્ત્વ મોહનીયના ઉદયવાળી જે ૪ ચોવીસીઓ છે. તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાને જ હોય છે. માટે ત્યાં ૨૮-૨૪-૨૩-૨૨ એમ ૪ સત્તાસ્થાનકો હોય છે.

છઠ્ઠે અને ૭મે ગુણસ્થાનકે ત્રણે સમ્યક્ત્વવાળા જીવો હોય છે. તેથી ૪-૫-૬-૭ ચારે ઉદયસ્થાનક અને આઠે ઉદયચોવીસી અને તેના ૧૯૨ ઉદયભાંગા વગેરે બધું સંભવે છે. પરંતુ આઠમા ગુણસ્થાનકે શ્રેણીનો પ્રારંભ થતો હોવાથી ઔપશમિક અને ક્ષાયિક એમ બે જ સમ્યક્ત્વવાળા જીવો ત્યાં હોય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જીવો સાતમા સુધી જ હોવાથી આઠમે હોતા નથી. 'सम्मत्तंतिमसंघयण' ઈત્યાદિ બીજા કર્મગ્રંથની ગાથા ૧૮ માં સમ્યક્ત્વમોહનીયનો ઉદય પણ સાતમા સુધી જ કહ્યો છે. તેથી આઠમા ગુણસ્થાનકે ૪-૫-૬ એમ ત્રણ જ ઉદયસ્થાનક, તેની ૪ ચોવીસી, ૯૬ ઉદયભાંગા હોય છે તથા ઔપશમિકને ૨૮-૨૪ અને ક્ષાયિકને ૨૧નું એમ ૩ જ સત્તાસ્થાન હોય છે. ૨૩-૨૨ની સત્તા સંભવતી નથી. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ નથી માટે. બંધભાંગા પણ બે છે. તે છઠ્ઠે જ સંભવે છે. સાતમે - આઠમે હાસ્ય - રતિ જ બંધાતું હોવાથી એક જ બંધભાંગો હોય છે.

નવના બંધે ચિત્ર આ પ્રમાણે છે -

| બંધ | ઉદય સ્થાન | કેવી રીતે | કયા સમ્યક્ત્વી | ઉદય ચોવીસી | ઉદય ભાંગા | ઉદય પદ | પદ વૃંદ | સત્તાસ્થાનક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૧ કષા. ૧ વેદ યુગલ ૨ | ઔપ-ક્ષાયિક | ૧ | ૨૪ | ૪ | ૯૬ | ૨૮-૨૪-૨૧ |
| ૯ | ૫ | ભય સાથે | ઔપ-ક્ષાયિક | ૧ | ૨૪ | ૫ | ૧૨૦ | ૨૮-૨૪-૨૧ |
| ૯ | ૫ | જુગુ. સાથે | ઔપ-ક્ષાયિક | ૧ | ૨૪ | ૫ | ૧૨૦ | ૨૮-૨૪-૨૧ |
| ૯ | ૫ | સમ્ય. સાથે | ક્ષાયોપશમિક | ૧ | ૨૪ | ૫ | ૧૨૦ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| ૯ | ૬ | ભય-જુગુ સાથે | ઔપ-ક્ષાયિક | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૨૮-૨૪-૨૧ |
| ૯ | ૬ | ભય-સમ્ય. સાથે | ક્ષાયોપશમિક | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| ૯ | ૬ | જુગુ-સમ્ય. સાથે | ક્ષાયોપશમિક | ૧ | ૨૪ | ૬ | ૧૪૪ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| ૯ | ૭ | ત્રણે સાથે | ક્ષાયોપશમિક | ૧ | ૨૪ | ૭ | ૧૬૮ | ૨૮-૨૪-૨૩-૨૨ |
| | | | કુલ | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ | ૨૮ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે પાંચનો બંધ અને બીજા ભાગે ચાર સંજ્વલન કષાયનો બંધ બન્ને શ્રેણીમાં હોય છે. પ્રતિપક્ષી પ્રકૃતિઓનો બંધ ન હોવાથી એક એક બંધભાંગો હોય છે. પહેલા ભાગે વેદ+કષાય એમ બે પ્રકૃતિનું ૧ ઉદયસ્થાનક હોય છે. તેના ૩×૪=૧૨ ઉદયભાંગા હોય છે. અને બન્ને શ્રેણીમાં થઈને ૨૮-૨૪-૨૧-૧૩-૧૨-૧૧ એમ કુલ ૬ સત્તાસ્થાનક હોય છે. ત્યાં ઉપશમશ્રેણીમાં ઉપશાન્ત કષાયવાળાને ૨૮, અનંતાનુબંધીના વિસંયોજકને ૨૪, આમ ઉ. શ્રેણીમાં ઉપશમ સમ્યક્ત્વીને બે સત્તાસ્થાન હોય છે અને ક્ષાયિકસમ્યક્ત્વે ઉપશમ શ્રેણી માંડનારને ૨૧ની સત્તા હોય છે. તેથી ઉપશમશ્રેણીમાં ૨૮-૨૪-૨૧ કુલ ૩ સત્તાસ્થાક પાંચના બંધે, ચારના બંધે, ત્રણના બંધે, બેના બંધે, એકના બંધે, અબંધે (સૂક્ષ્મસંપરાયે) અને ઉપશાન્તમોહે સર્વત્ર હોય છે. ઉપશમશ્રેણીમાં આગળ આગળ કષાયોનો ઉપશમ કરાય છે. પણ ક્ષય કરાતો નથી. તેથી બંધ અને ઉદયમાંથી કષાયો નીકળી જાય છે. પરંતુ સત્તામાંથી પ્રકૃતિઓ ઓછી થતી નથી. સર્વત્ર ૨૮-૨૪-૨૧ની સત્તા જ હોય છે.

ક્ષપકશ્રેણીમાં ક્ષાયિકસમ્યક્ત્વી જીવ જ પ્રારંભક હોવાથી પ્રારંભથી જ ૨૧ની સત્તા હોય છે. જ્યાં સુધી આઠ કષાયોનો ક્ષય ન કરે ત્યાં સુધી આ ૨૧ની સત્તા હોય છે. આઠ કષાયોનો ક્ષય કરે ત્યારે ૧૩ની સત્તા અને ત્યારબાદ પુરુષવેદે, સ્ત્રીવેદે અને નપુંસકવેદે ક્ષપકશ્રેણી માંડનારને આશ્રયી જુદી જુદી સત્તા આવે છે. તે આ પ્રમાણે-

પુરુષવેદે ક્ષપકશ્રેણી માંડનારને આઠ કષાયનો ક્ષય ન થાય ત્યાં સુધી ૨૧ની સત્તા, આઠ કષાયોનો ક્ષય થયા પછી ૧૩ની સત્તા, તેમાંથી નપુંસકવેદનો ક્ષય થાય ત્યારે ૧૨ની સત્તા અને ત્યારબાદ સ્ત્રીવેદનો ક્ષય થાય ત્યારે ૧૧ની સત્તા પાંચના બંધે હોય છે. પાંચના બંધમાંથી નવમાના પ્રથમભાગે જેવો પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય છે તે જ સમયે હાસ્યષટ્કનો ક્ષય થતો હોવાથી (૫) પાંચ પ્રકૃતિની સત્તા થાય છે. પરંતુ પુરુષવેદનો બંધવિચ્છેદ થયેલ હોવાથી તે ૫ની સત્તા ચારના બંધે ગણાય છે અને બે સમયન્યૂન બે આવલિકાકાલે તેમાંથી પુરુષવેદની સત્તા પણ ક્ષીણ થાય છે. એટલે તેટલા કાલ પછી ચારના બંધે ચારની સત્તા પુરુષવેદી જીવને ક્ષપકશ્રેણીમાં આવે છે.

સ્ત્રીવેદે ક્ષપકશ્રેણી માંડનારને આઠ કષાયોનો ક્ષય ન થાય ત્યાં સુધી ૨૧ની સત્તા, આઠ કષાયોનો ક્ષય થયા પછી ૧૩ની સત્તા અને તેમાંથી નપુંસકવેદનો ક્ષય થયા પછી ૧૨ની સત્તા પાંચના બંધે હોય છે. ત્યારબાદ જેવો સ્ત્રીવેદનો ક્ષય થાય છે તેવો જ પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય છે. તેથી ૧૧ની સત્તા આવે છે. પણ બંધ ચારનો થઈ જાય છે એટલે ૧૧ ની સત્તા ચારના બંધે સંભવે છે. ત્યારબાદ હાસ્યષટ્ક અને પુરુષવેદની સત્તા એકીસાથે ક્ષય પામે છે તેથી ૪ના બંધે ચારની સત્તા થાય છે. પાંચના બંધે ૨૧-૧૩-૧૨ અને ચારના બંધે ૧૧-૪ની સત્તા સ્ત્રીવેદી જીવને ક્ષપકશ્રેણીમાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નપુંસકવેદે ક્ષપકશ્રેણી માંડનાર જીવને આઠ કષાયોનો ક્ષય ન કરે ત્યાં સુધી ૨૧ની સત્તા અને આઠ કષાયોનો ક્ષય કર્યા પછી ૧૩ની સત્તા પાંચના બંધે હોય છે. તેમાંથી નપુંસકવેદ અને સ્ત્રીવેદ એમ બન્ને વેદ એકસાથે ક્ષય કરે છે. પરંતુ તે જ સમયે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે. તેથી ૧૧ની સત્તા ચારના બંધે આવે છે. ત્યારબાદ હાસ્યષટ્ક અને પુરુષવેદ એમ ૭ પ્રકૃતિઓનો ક્ષય એકીસાથે કરે છે ત્યારે ચારના બંધે ૪ની સત્તા હોય છે. આ રીતે નપુંસકવેદીને પાંચના બંધે ૨૧ - ૧૩ અને ચારના બંધે ૧૧ - ૪ની સત્તા હોય છે.

ઉપર મુજબ સત્તાસ્થાન વિચારતાં ક્ષપકશ્રેણીમાં નપુંસક વેદીને પાંચના બંધે અને ચારના બંધે અનુક્રમે ૧૨નું અને ૫નું સત્તાસ્થાનક સંભવતું નથી, સ્ત્રીવેદે શ્રેણી માંડનારને ૫નું સત્તાસ્થાનક સંભવતું નથી તથા વેદનો ઉદય જો કે પાંચના બંધે જ હોય છે. ચારના બંધથી આગળ વેદનો ઉદય હોતો નથી. તો પણ પૂર્વકાલે જે વેદના ઉદયે શ્રેણી માંડી હોય, તે વેદવાળો જીવ ચારના બંધ આદિમાં પણ કહેવાય છે. પાંચના બંધે વેદનો ઉદય હોવાથી ૩ × ૪ = ૧૨ ઉદયભાંગા છે. પરંતુ ચારના બંધે વેદનો ઉદય ન હોવાથી એકોદયના ૪ ભાંગા જ છે. છતાં પૂર્વકાલમાં જેને જેને જે જે વેદનો ઉદય હતો. તે વેદવાળો આ જીવ છે એમ ભૂતકાળના નયથી આવો વ્યવહાર થાય છે. મતાન્તરે ચારના બંધે પ્રારંભકાળમાં વેદનો ઉદય હોય છે. આ વાત પૂર્વે સમજાવી છે. આ રીતે વિચારતાં સત્તાસ્થાનકોનું ચિત્ર આ પ્રમાણે બને છે-

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | ઉપશમ શ્રેણીમાં | | ક્ષપક શ્રેણીમાં | |
|---|---|---|---|---|
| | પાંચના બંધે | ચારના બંધે | પાંચના બંધે | ચારના બંધે |
| | ૯/૧ ભાગે | ૯/૨ ભાગે | ૯/૧ ભાગે | ૯/૨ ભાગે |
| પુરુષવેદીને | ૨૮-૨૪-૨૧ | ૨૮-૨૪-૨૧ | ૨૧-૧૩-૧૨-૧૧ | ૫-૪ |
| સ્ત્રીવેદીને | ૨૮-૨૪-૨૧ | ૨૮-૨૪-૨૧ | ૨૧-૧૩-૧૨ | ૧૧-૪ |
| નપુંસકવેદીને | ૨૮-૨૪-૨૧ | ૨૮-૨૪-૨૧ | ૨૧-૧૩ | ૧૧-૪ |

આ પ્રમાણે વિચારતાં પાંચના બંધે ઉપશમશ્રેણીમાં ૨૮ - ૨૪ - ૨૧ એમ ત્રણ અને ક્ષપકશ્રેણીમાં ૨૧ - ૧૩ - ૧૨ - ૧૧ એમ ચાર મળીને કુલ ૩ + ૪ = ૭ સાત સત્તાસ્થાનક થાય છે. પરંતુ ૨૧નું સત્તાસ્થાનક બે વાર હોવાથી બે વાર ન ગણતાં કુલ છ જ સત્તાસ્થાનો થાય છે તથા ચારના બંધે ઉપશમશ્રેણીમાં ૨૮ - ૨૪ - ૨૧ અને ક્ષપકશ્રેણીમાં પુરુષવેદીને ૫ - ૪, સ્ત્રીવેદીને ૧૧ - ૪ અને

નપુંસકવેદીને ૧૧ - ૪ની સત્તા હોય છે. તેમાં કોઈ પણ સત્તાસ્થાનને એકવાર જ ગણીએ તો ૨૮ - ૨૪ - ૨૧ - ૧૧ - ૫ - ૪ એમ કુલ ૬ જ સત્તાસ્થાનો ચારના બંધે સંભવે છે તથા પુરુષવેદનો બંધ વિચ્છેદ થયા પછી અંતિમકાલમાં બંધાયેલો તે પુરુષવેદ બે સમયન્યૂન બે આવલિકા કાલે સત્તામાંથી ક્ષય થાય છે. જ્યાં સુધી ક્ષય ન થાય ત્યાં સુધી સત્તામાં હોય છે અને સત્તામાંથી ક્ષય થયા પછી છેલ્લે તો ચાર કષાયની જ સત્તા હોય છે.

આ જ રીતે ૩ - ૨ - ૧ના બંધે પણ બે સમયન્યૂન બે આવલિકા કાલ સુધી બંધવિચ્છેદ થયેલા કષાયની સત્તા હોય છે. ત્યારબાદ તે તે કષાયની સત્તા ક્ષય પામે છે. તેથી ક્ષપકશ્રેણીમાં ત્રણના બંધે પ્રારંભમાં ૪ની સત્તા, પછી ૩ની સત્તા, એવી જ રીતે બેના બંધે પ્રારંભમાં ૩ની સત્તા, પછી ૨ની સત્તા અને એકના બંધે પ્રારંભમાં ૨ની સત્તા અને પછી ૧ની સત્તા હોય છે. ઉપશમશ્રેણીમાં સર્વત્ર ૨૮ - ૨૪ - ૨૧ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોય છે.

કેટલાક આચાર્યો પુરુષવેદનો બંધવિચ્છેદ થયા પછી પણ કેટલાક કાલ સુધી ચારના બંધે પણ વેદનો ઉદય માને છે. તેઓના મતે ચારના બંધે પ્રારંભમાં બેનો ઉદય અને તેના ૧૨ ઉદયભાંગા થાય છે. ત્યાં પાંચના બંધે બેના ઉદયે જેમ સત્તાસ્થાનો કહ્યાં. તેવી રીતે ચારના બંધે બેના ઉદયે પણ યથાયોગ્ય સત્તાસ્થાનો ત્રણે વેદીને જુદાં જુદાં હોઈ શકે છે. પરંતુ તે મતાન્તર હોવાથી અહીં લખતા નથી.

પુરુષવેદ, સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભ જ્યારે જ્યારે બંધવિચ્છેદ પામે છે ત્યારે બે સમયન્યૂન બે આવલિકા કાલમાં ક્ષય કરી શકાય તેવી સ્થિતિવાળી તેની સત્તા હોય છે. પુરુષવેદની ૮ વર્ષ પ્રમાણ, ક્રોધાદિની ૨ માસ, ૧ માસ, ૦॥ માસની સ્થિતિ ચરમ સમયે બંધાઈ છે અને તે બંધવિચ્છેદ પછી સત્તામાં છે. તો પણ બે સમયન્યૂન બે આવલિકા કાલમાં તે સત્તાનો આ જીવ નાશ કરી શકે છે. એટલે બે સમયન્યૂન બે આવલિકા કાલ ચાલે તેટલી સત્તા તેની પાસે હોય છે અને તેટલા કાલમાં તેનો નાશ કરે છે. તેથી પુરુષવેદના બંધવિચ્છેદ પછી બે સમયન્યૂન બે આવલિકા કાલ સુધી ૫ની સત્તા, ત્યારબાદ અંતર્મુહૂર્ત સુધી ૪ની સત્તા, ૯/૨ ભાગે હોય છે. ૯/૩ ભાગે પ્રારંભમાં બે સમયન્યૂન બે આવલિકા કાલ સુધી સં. ક્રોધની સત્તા હોય છે. એટલે ૩ના બંધે તેટલો કાલ ૪ની સત્તા અને ત્યારબાદ અંતર્મુહૂર્ત સુધી ૩ની સત્તા જાણવી. એવી જ રીતે ૯/૪ ભાગે ૨ના બંધે બે સમયન્યૂન બે આવલિકા કાલ સુધી ૩ની અને પછી અંતર્મુહૂર્ત સુધી ૨ની સત્તા હોય છે અને ૧ના બંધે ૯/૫ ભાગે પ્રારંભમાં ૨ની અને પછી ૧ની સત્તા જાણવી. ચિત્ર આ પ્રમાણે છે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | ત્રણના બંધે | બેના બંધે | એકના બંધે |
|---|---|---|---|
| ઉપશમ શ્રેણીમાં | ૨૮-૨૪-૨૧ | ૨૮-૨૪-૨૧ | ૨૮-૨૪-૨૧ |
| ક્ષપક શ્રેણીમાં | ૪-૩ | ૩-૨ | ૨-૧ |
| કુલ | ૫ | ૫ | ૫ |

આ પ્રમાણે ૫ - ૪ના બંધે ૬ - ૬ અને ૩ - ૨ - ૧ના બંધે ૫ - ૫ સત્તાસ્થાનો થાય છે તથા દસમા ગુણઠાણે બંધ નથી. ઉદય એક સૂક્ષ્મ લોભનો છે. એક ઉદયભાંગો છે. ત્યાં ઉપશમશ્રેણીમાં ૨૮ - ૨૪ - ૨૧ એમ ૩ સત્તાસ્થાનો પૂર્વની જેમ છે અને ક્ષપકશ્રેણીમાં માત્ર એક સૂક્ષ્મલોભની જ સત્તા હોય છે. આ રીતે બન્ને શ્રેણીમાં થઈને અબંધે દસમે ગુણઠાણે ૨૮ - ૨૪ - ૨૧ - ૧ એમ કુલ ૪ સત્તાસ્થાનક છે તથા અગિયારમા ગુણસ્થાનકે માત્ર ઉપશમશ્રેણી જ હોવાથી ૨૮ - ૨૪ - ૨૧ એમ ત્રણ જ સત્તાસ્થાનકો સંભવે છે. ક્ષપકશ્રેણીમાં જ આવનારાં સત્તાસ્થાનો ત્યાં હોતાં નથી. બારમા - તેરમા અને ચૌદમા ગુણઠાણે મોહનીયકર્મ સંબંધી બંધ - ઉદય કે સત્તા કંઈ જ હોતું નથી. હવે પછીની ગાથામાં મોહનીયકર્મનો ઉપસંહાર કરે છે. ॥ ૨૪ ॥

**दस नव पन्नरसाइं, बन्धोदयसन्तपयडिठाणाणि ।**
**भणिआणि मोहणिज्जे, इत्तो नामं परं वोच्छं ॥ २५ ॥**

दश, नव, पञ्चदश, बन्धोदयसत्प्रकृतिस्थानानि ।
भणितानि मोहनीये, अतो नाम परं वक्ष्ये ॥ २५ ॥

*ગાથાર્થ - મોહનીયકર્મનાં ૧૦ બંધસ્થાનક, ૯ ઉદયસ્થાનક અને ૧૫ સત્તાસ્થાનકો ઘણા જ વિસ્તારથી કહ્યાં. હવે અહીંથી આગળ નામકર્મ કહીશું. ॥ ૨૫ ॥*

વિવેચન - ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, ૧ આમ કુલ ૧૦ બંધસ્થાનકો તથા તેના અનુક્રમે ૬ - ૪ - ૨ - ૨ - ૨ - ૧ - ૧ - ૧ - ૧ - ૧ = ૨૧ બંધભાંગા કહ્યા તથા ૧૦ - ૯ - ૮ - ૭ - ૬ - ૫ - ૪ - ૨ - ૧ આમ ૯ ઉદયસ્થાનક, તેના ઉદયભાંગા, ઉદયપદો અને પદવૃંદો સમજાવ્યાં તથા ૨૮ - ૨૭ - ૨૬ - ૨૪ - ૨૩ - ૨૨ - ૨૧ - ૧૩ - ૧૨ - ૧૧ - ૫ - ૪ - ૩ - ૨ - ૧ = કુલ ૧૫ સત્તાસ્થાનો કહ્યાં તથા તે ત્રણેનો પરસ્પર સંવેધ સમજાવ્યો. હવે અમે નામકર્મ કહીશું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહનીયકર્મનું ઉદયચોવીસી અને ઉદયભાંગા ઉપર સત્તાનું ચિત્ર

| ઉદયસ્થાનક | ગુણસ્થાનક | કઈ રીતે | ચોવીસી | ઉદયભાંગા | સત્તાસ્થાનક | ઉદયભાંગાથી ગુણિતસત્તા | ઉદયપદ | પદ વૃંદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧ | અનંતા. ભય -જુગુ. સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૭-૨૬ | ૭૨ | ૧૦ | ૨૪૦ |
| ૯ | ૧ | અનં. ભય સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૭-૨૬ | ૭૨ | ૯ | ૨૧૬ |
| ૯ | ૧ | અનં. જુગુ. સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૭-૨૬ | ૭૨ | ૯ | ૨૧૬ |
| ૯ | ૧ | ભય-જુગુ. સાથે | ૧ | ૨૪ | ૨૮ | ૨૪ | ૯ | ૨૧૬ |
| ૯ | ૨ | ભય-જુગુ. સાથે | ૧ | ૨૪ | ૨૮ | ૨૪ | ૯ | ૨૧૬ |
| ૯ | ૩ | મિશ્ર મોહ. ભય-જુગુ. સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૭-૨૪ | ૭૨ | ૯ | ૨૧૬ |
| ૯ | ૪ | સમ્ય. મોહ. ભ. જુ. સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૯ | ૨૧૬ |
| ૮ | ૧ | અનંતા. સહિત | ૧ | ૨૪ | ૨૮-૨૭-૨૬ | ૭૨ | ૮ | ૧૯૨ |
| ૮ | ૧ | ભય સહિત | ૧ | ૨૪ | ૨૮ | ૨૪ | ૮ | ૧૯૨ |
| ૮ | ૧ | જુગુ. સહિત | ૧ | ૨૪ | ૨૮ | ૨૪ | ૮ | ૧૯૨ |
| ૮ | ૨ | ભય સહિત | ૧ | ૨૪ | ૨૮ | ૨૪ | ૮ | ૧૯૨ |
| ૮ | ૨ | જુગુ. સહિત | ૧ | ૨૪ | ૨૮ | ૨૪ | ૮ | ૧૯૨ |
| ૮ | ૩ | મિશ્ર, ભય સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૭-૨૪ | ૭૨ | ૮ | ૧૯૨ |
| ૮ | ૩ | મિશ્ર, જુગુ. સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૭-૨૪ | ૭૨ | ૮ | ૧૯૨ |
| ૮ | ૪ | ભય-જુગુ. સાથે ઉપ. ક્ષા.વાળાને | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૮ | ૧૯૨ |
| ૮ | ૪ | સમ્ય. ભય સાથે ક્ષાયો. વાળાને | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૮ | ૧૯૨ |
| ૮ | ૪ | સમ્ય. જુગુ. સાથે ક્ષાયોપ. વાળાને | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૮ | ૧૯૨ |
| ૮ | ૫ | સમ્ય. ભય-જુગુ. સાથે દેશવિરતે ક્ષાયો. વાળાને | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૮ | ૧૯૨ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ઉદયસ્થાનક | ગુણસ્થાનક | કઈ રીતે | ચોવીસી | ઉદયભાંગા | સત્તાસ્થાનક | ઉદયભાંગાથી ગુણિતસત્તા | ઉદયપદ | પદ વૃંદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | અનં. ભય-જુગુ. રહિત | ૧ | ૨૪ | ૨૮ | ૨૪ | ૭ | ૧૬૮ |
| ૭ | ૨ | ભય-જુગુ. મિથ્યા. રહિત અનં. સહિત | ૧ | ૨૪ | ૨૮ | ૨૪ | ૭ | ૧૬૮ |
| ૭ | ૩ | મિશ્ર સહિત ભય જુગુ. રહિત | ૧ | ૨૪ | ૨૮-૨૭-૨૪ | ૭૨ | ૭ | ૧૬૮ |
| ૭ | ૪ | ભય સહિત સમ્ય. રહિત | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૭ | ૧૬૮ |
| ૭ | ૪ | જુગુ. સહિત સમ્ય. રહિત | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૭ | ૧૬૮ |
| ૭ | ૪ | સમ્ય. સહિત ભય-જુગુ. રહિત ક્ષાયો. | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૭ | ૧૬૮ |
| ૭ | ૫ | ભય-જુગુ. સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૭ | ૧૬૮ |
| ૭ | ૫ | ભય. સમ્ય. સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૭ | ૧૬૮ |
| ૭ | ૫ | જુગુ. સમ્ય. સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૭ | ૧૬૮ |
| ૭ | ૬/૭ | ભય-જુગુ. સમ્ય. સાથે | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૭ | ૧૬૮ |
| ૬ | ૪ | ભ-જુ.-સમ્ય.રહિત ઔપ.-ક્ષાયિક | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૬ | ૧૪૪ |
| ૬ | ૫ | ભય સહિત, ઔપ.ક્ષાયિક | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૬ | ૧૪૪ |
| ૬ | ૫ | જુગુપ્સા સહિત ઔપ.-ક્ષાયિક | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૬ | ૧૪૪ |
| ૬ | ૫ | સમ્ય. સહિત ક્ષાયોપશમિક | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૬ | ૧૪૪ |
| ૬ | ૬/૭/૮ | ભય-જુગુ. સાથે ઔપ.-ક્ષાયિક | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૬ | ૧૪૪ |
| ૬ | ૬/૭ | ભય. સમ્ય. સાથે ક્ષાયોપ. | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૬ | ૧૪૪ |
| ૬ | ૬/૭ | જુગુ. સમ્ય. સાથે ક્ષાયોપ. | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૬ | ૧૪૪ |
| ૫ | ૫ | ભય-જુગુ.સ.રહિત, ઔપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૫ | ૧૨૦ |
| ૫ | ૬/૭/૮ | ભય સહિત ઔપ. ક્ષાયિક | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૫ | ૧૨૦ |

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ઉદયસ્થાનક | ગુણસ્થાનક | કઈ રીતે | ચોવીસી | ઉદયભાંગા | સત્તાસ્થાનક | ઉદયભાંગાથી ગુણિતસત્તા | ઉદયપદ | પદ વૃંદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૬/૭/૮ | જુગુ. સહિત, ઔપ. ક્ષાયિ. | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૫ | ૧૨૦ |
| ૫ | ૬/૭ | સમ્ય. સહિત, ક્ષાયોપ. | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૩-૨૨ | ૯૬ | ૫ | ૧૨૦ |
| ૪ | ૬/૭/૮ | ઔપ - ક્ષાયિક | ૧ | ૨૪ | ૨૮-૨૪-૨૧ | ૭૨ | ૪ | ૯૬ |
| કુલ | | | ૪૦ | ૯૬૦ | | ૨૭૮૪ | ૨૮૮ | ૬૯૧૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯/૧ | ઉપશમશ્રેણી | ૦ | ૧૨ | ૨૮-૨૪-૨૧ | ૩૬ | ૨૪ |
| | ૯/૧ | ક્ષપકશ્રેણી | પુરુષને | ૪ | ૨૧-૧૩-૧૨-૧૧ | ૧૬ | ૮ |
| | | | સ્ત્રીને | ૪ | ૨૧-૧૩-૧૨ | ૧૨ | ૮ |
| | | | નપુંસકને | ૪ | ૨૧-૧૩ | ૮ | ૮ |
| ૧ | ૯/૨ | ૪ના બંધે | ઉપશમશ્રેણી | ૪ | ૨૮-૨૪-૨૧ | ૧૨ | ૪ |
| | | ક્ષપકશ્રેણી | પુરુષને | ૪ | ૫-૪ | ૮ | ૪ |
| | | | સ્ત્રીને | ૪ | ૧૧-૪ | ૮ | ૪ |
| | | | નપુંસકને | ૪ | ૧૧-૪ | ૮ | ૪ |
| | ૯/૩ | બન્ને શ્રેણીમાં થઈને | | ૩ | ૨૮-૨૪-૨૧-૪-૩ | ૧૫ | ૩ |
| | ૯/૪ | ” | | ૨ | ૨૮-૨૪-૨૧-૩-૨ | ૧૦ | ૨ |
| | ૯/૫ | ” | | ૧ | ૨૮-૨૪-૨૧-૨-૧ | ૫ | ૧ |
| ૦ | ૧૦ | બન્ને શ્રેણીમાં થઈને | ૧ | | ૨૮-૨૪-૨૧-૧ | ૪ | ૧ |

જૈનમ્ સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૨૭ની સત્તાનો કાલ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. ૨૬ની સત્તાનો કાલ અભવ્ય આશ્રયી અનાદિ - અનંત, ભવ્ય આશ્રયી અનાદિ - સાન્ત અને સમ્યક્ત્વથી પતિતને આશ્રયી ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તન છે. ૨૮ - ૨૪ની સત્તાનો કાલ કંઈક અધિક બે છાસઠ સાગરોપમ છે. ૨૧ની સત્તાનો કાલ સાધિક તેત્રીસ સાગરોપમ છે. બાકીનાં સત્તાસ્થાનકોનો (૨૩ - ૨૨ - ૧૩ - ૧૨ - ૧૧ - ૫ - ૪ - ૩ - ૨ - ૧ નો) કાલ અંતર્મુહૂર્ત છે. આ પ્રમાણે મોહનીય કર્મ કહીને હવે નામકર્મ કહીશું ! ॥ ૨૫ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तेवीस पणवीसा, छव्वीसा अट्ठवीस गुणतीसा ।**
**तीसेगतीसमेगं, बंधट्ठाणाणि नामस्स ।। २६ ।।**

**त्रयोविंशतिः पञ्चविंशतिः, षड्विंशतिरष्टाविंशतिरेकोनत्रिंशत् ।**
**त्रिंशदेकत्रिंशदेकं, बन्धस्थानानि नाम्नः ।। २६ ।।**

*ગાથાર્થ - ૨૩ - ૨૫ - ૨૬ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ - ૧ આ પ્રમાણે નામકર્મનાં કુલ ૮ બંધસ્થાનકો છે. ॥ ૨૬ ॥*

વિવેચન - સંસારી તમામ જીવો વિવક્ષિત પોતાનો ભવ પૂર્ણ કરીને જ્યારે બીજા ભવમાં જાય છે. ત્યારે આયુષ્યકર્મ ઉદયમાં આવે છે અને તેને અનુસારે નામકર્મ ઉદયમાં આવે છે. તે નામકર્મનો ઉદય શરીર - અંગોપાંગ - શરીરનાં રૂપ - રંગ - આદિ સાંસારિક જીવન જીવવાની સાધન - સામગ્રી આપે છે. આવી સામગ્રી અપાવનારું કર્મ તે સામગ્રીની પ્રાપ્તિવાળા ભવથી પૂર્વભવોમાં બંધાય છે. સામાન્યથી સંસારમાં ચાર ગતિ છે. નરક - તિર્યંચ - મનુષ્ય અને દેવ.

આ ભવથી મરીને જે જીવો નરકમાં જવાના હોય છે, તે જીવો નરકભવને યોગ્ય નામકર્મ બાંધે છે અને જે જીવો એકેન્દ્રિયમાં જવાના હોય છે તે જીવો એકેન્દ્રિયપ્રાયોગ્ય નામકર્મ બાંધે છે. આ વાતને ધ્યાનમાં રાખીને નામકર્મનાં બંધસ્થાનક વિચારીએ.

| | | | |
|---|---|---|---|
| ૧ | એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાનક | ૨૩ - ૨૫ - ૨૬ | |
| ૨ | વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધસ્થાનક | ૨૫ - ૨૯ - ૩૦ | |
| ૩ | પંચે. તિર્યંચ પ્રાયોગ્ય બંધસ્થાનક | ૨૫ - ૨૯ - ૩૦ | |
| ૪ | મનુષ્ય પ્રાયોગ્ય બંધસ્થાનક | ૨૫ - ૨૯ - ૩૦ | |
| ૫ | દેવ પ્રાયોગ્ય બંધસ્થાનક | ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ | |
| ૬ | નરક પ્રાયોગ્ય બંધસ્થાનક | ૨૮ | |
| ૭ | ગતિને અપ્રાયોગ્ય બંધસ્થાનક | ૧ | કુલ બંધસ્થાનક ૮ |

જે જીવો મૃત્યુ પામીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાના હોય તેવા જીવો (એકે. વિકલે. પં.તિર્યંચ મનુષ્ય અને દેવો) એકેન્દ્રિય પ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે. પહેલું જે ૨૩નું બંધસ્થાનક છે, તે અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય છે અને ૨૫ - ૨૬ પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. અયુગલિક તમામ તિર્યંચો અને મનુષ્યો પર્યાપ્તા - અપર્યાપ્તા એમ બન્ને પ્રકારના એકેન્દ્રિયમાં જઇ શકે છે તેથી ૨૩ - ૨૫ - ૨૬ એમ ત્રણે બંધસ્થાનક બાંધે છે. પરંતુ દેવો અપર્યાપ્તા એકેન્દ્રિયમાં જન્મ પામતા નથી, તેથી ૨૩નું બંધસ્થાનક બાંધતા નથી. માત્ર ૨૫ - ૨૬ બાંધે છે. યુગલિક તિર્યંચ-મનુષ્યો, નારકી અને સનત્કુમારાદિ દેવો એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામકર્મની પ્રકૃતિઓ ઘણી હોવાથી યાદ રાખવી મુશ્કેલ ન બને અને સુખે સુખે સ્મૃતિગોચર રહે તે માટે પ્રથમ ક્રમસર ૧૪ પિંડ પ્રકૃતિઓમાંથી, ત્યારબાદ પરાઘાતાદિ ૮ પ્રત્યેક પ્રકૃતિઓમાંથી અને ત્યારબાદ ત્રસ દશક અને સ્થાવર દશકમાંથી પહેલા કર્મગ્રંથમાં જણાવેલા ક્રમે જ પ્રકૃતિઓ અહીં લખાશે. તેથી તે ક્રમ બરાબર યાદ રાખવો. વળી પહેલા કર્મગ્રંથમાં નામકર્મની ૪૨ - ૬૭ - ૯૩ - ૧૦૩ પ્રકૃતિઓ જણાવી છે. પરંતુ ત્યાં જ 'इह सत्तट्ठी बन्धोदए य' આ ગાથામાં બંધના અધિકારમાં અને ઉદયના અધિકારમાં ૬૭ લેવાનું કહ્યું છે. તે પ્રમાણે અહીં ૬૭ની સંખ્યાથી જ કહેવાશે તથા સત્તામાં ૯૩ અને ૧૦૩ એમ બે સંખ્યા છે. પરંતુ ૧૦૩ની સંખ્યા ગર્ગર્ષિ આદિ અન્ય આચાર્યોના મતે છે. એટલે તેને છોડીને સ્વમતે ૯૩ની સંખ્યા પ્રમાણે કહેવાશે. બંધસ્થાનક તથા તેના બંધભાંગા સમજતાં પહેલાં બંધને આશ્રયી કેટલાક નિયમો જાણવા જેવા છે. તે આ પ્રમાણે -

(૧) અપર્યાપ્તા પ્રાયોગ્ય જે જે બંધસ્થાનક આવે છે તે લબ્ધિ અપર્યાપ્તાને આશ્રયી જ સમજવાં. (તે ભવમાં ગયા પછી માત્ર ૩ પર્યાપ્તિઓ અથવા ૪/૫ પૂર્ણ કરીને તે જીવો મૃત્યુ જ પામનારા જાણવા.) તેથી અપર્યાપ્તા પ્રાયોગ્ય બંધ જ્યારે થતો હોય ત્યારે પર્યાપ્તાને જ ઉદયમાં આવે તેવાં પરાઘાત નામકર્મ અને ઉચ્છ્વાસ નામકર્મ બંધાતાં નથી. માત્ર પર્યાપ્તા પ્રાયોગ્યમાં જ તે પરાઘાત અને ઉચ્છ્વાસનો બંધ થાય છે.

(૨) આતપ નામકર્મનો ઉદય સૂર્યના વિમાનમાં રહેલા રત્નાદિગત પૃથ્વીકાયજીવોને જ હોય છે. એટલે ત્યાં ઉત્પન્ન થનારા જીવો આતપ નામકર્મ બાંધે છે અને તે રત્નાદિગત પૃથ્વીકાય જીવો બાદર-પર્યાપ્તા જ હોય છે. તેથી પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬માં જ આતપ નામકર્મ બંધાય છે. પણ બાકીનાં બંધસ્થાનકમાં બંધાતું નથી તથા આતપ બંધાય ત્યારે નિયમા બાદર-પર્યાપ્તા-પ્રત્યેક નામકર્મ જ બંધાય છે. પણ સૂક્ષ્મ-અપર્યાપ્ત કે સાધારણ નામકર્મ બંધાતાં નથી. કારણ કે તેવા જીવોમાં આતપનો ઉદય સંભવતો નથી.

(૩) ઉદ્યોત નામકર્મનો બંધ પણ પ. એકે., પ. વિકલે. અને પ. પં. તિર્યંચ પ્રાયોગ્ય બંધકાલે જ થાય છે. તેથી તિર્યંચગતિ બંધાતી હોય ત્યારે જ ઉદ્યોત બંધાય છે અને પુણ્યપ્રકૃતિ હોવાથી તેનો ઉદય અપર્યાપ્તાને, સૂક્ષ્મને અને સાધારણને હોતો નથી. તેથી ઉદ્યોતનો બંધ અપર્યાપ્ત નામકર્મ, સૂક્ષ્મ નામકર્મ અને સાધારણ નામકર્મની સાથે થતો નથી. પણ બાદર-પર્યાપ્તા-પ્રત્યેકની સાથે જ થાય છે.

(૪) યશ નામકર્મ પણ પુણ્યપ્રકૃતિ હોવાથી સૂક્ષ્મ-અપર્યાપ્ત અને સાધારણ નામકર્મ જ્યારે-જ્યારે બંધાય છે, ત્યારે ત્યારે તે બંધાતું નથી પણ બાદર-પર્યાપ્ત અને પ્રત્યેક નામકર્મ બંધાય છે ત્યારે જ યશ નામકર્મ બંધાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) દેવ અને નરકના ભવમાં ઓછામાં ઓછું ૧૦,૦૦૦ વર્ષનું આયુષ્ય હોવાથી લબ્ધિ - અપર્યાપ્ત અવસ્થા હોતી નથી. તેથી જ્યારે દેવગતિ અથવા નરક ગતિ બંધાય ત્યારે અપર્યાપ્ત નામકર્મ બંધાતું નથી. પરંતુ પર્યાપ્ત નામકર્મ જ બંધાય છે તથા દેવ-નરકના ભવમાં સૂક્ષ્મપણું અને સાધારણપણું આવતું ન હોવાથી દેવ - નરક પ્રાયોગ્ય બંધકાલે સૂક્ષ્મ તથા સાધારણ નામકર્મ પણ બંધાતાં નથી.

(૬) દેવનો ભવ શુભ હોવાથી સૌભાગ્ય - આદેય અને સુસ્વર નામકર્મ જ બંધાય છે. તેની પ્રતિપક્ષી એવી દૌર્ભાગ્ય - અનાદેય અને દુઃસ્વર નામકર્મ બંધાતાં નથી. પરંતુ સ્થિર - અસ્થિર, શુભ - અશુભ અને યશ - અયશમાં કોઈપણ શુભ અથવા અશુભ એક એક જ બંધાય છે વળી નરકનો ભવ અશુભ હોવાથી ત્રસ - બાદર - પર્યાપ્ત અને પ્રત્યેક વિનાની પરાવર્તમાન બાકીની સઘળી અશુભ જ બંધાય છે.

(૭) પર્યાપ્ત પં. તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય બંધ જ્યારે થાય છે ત્યારે સ્થિરાદિ ૬ એ પ્રકૃતિઓ પ્રતિપક્ષે બંધાય છે. તથા બન્ને વિહાયોગતિ, છએ સંઘયણ અને છએ સંસ્થાન પણ પ્રતિપક્ષપણે બંધાય છે. પરંતુ અપર્યાપ્ત તિ. મ. પ્રાયોગ્ય બંધ જ્યારે થાય છે ત્યારે નિયમા અસ્થિરાદિ અશુભ જ બંધાય છે તથા અશુભ વિહાયોગતિ, છેલ્લું સંઘયણ અને છેલ્લું સંસ્થાન જ બંધાય છે.

(૮) એકેન્દ્રિયના ભવમાં અંગ-ઉપાંગ અને સંઘયણનો સંભવ નથી. તેથી એકેન્દ્રિય પ્રાયોગ્ય-૨૩-૨૫-૨૬ના બંધમાં અંગોપાંગ અને સંઘયણ નામકર્મ બંધાતાં નથી.

(૯) વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-તૈજસ-કાર્મણ-અગુરુલઘુ નિર્માણ અને ઉપઘાત આ નવ ધ્રુવબંધી શતક નામના પાંચમા કર્મગ્રંથની ગાથા ૨ પ્રમાણે પ્રસિદ્ધ છે. માટે વારંવાર તેનાં નામો લખાશે નહીં. પણ "નવ ધ્રુવબંધી" આટલું જ લખાશે.

આવા પ્રકારના કેટલાક નિયમો કંઠસ્થ કરવા. વારંવાર મગજમાં ઠસાવવા. જેથી હવે કહેવાતાં બંધસ્થાનક અને બંધભાંગા બરાબર સમજાય.

હવે અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ના બંધની શરુઆત કરીએ -

અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩નો બંધ, ૪ બંધભાંગા

| | | |
|---|---|---|
| (૧) તિર્યંચગતિ | (૬) સ્થાવર | (૧૧) અશુભ |
| (૨) એકેન્દ્રિય જાતિ | (૭) સૂક્ષ્મ-બાદરમાંથી એક | (૧૨) દુર્ભગ |
| (૩) ઔદા. શરીર | (૮) અપર્યાપ્ત | (૧૩) અનાદેય |
| (૪) હુંડક સંસ્થાન | (૯) સાધારણ-પ્રત્યેકમાંથી એક | (૧૪) અયશ |
| (૫) તિર્યંચાનુપૂર્વી | (૧૦) અસ્થિર | (૧૫ થી ૨૩) નવ ધ્રુવબંધી. |

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

ઉપરોક્ત ૨૩નો બંધ અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. તેને બાંધનારા એકે. વિકલે. અયુગલિક પં. તિર્યંચ અને મનુષ્યો છે અને તે પણ મિથ્યાદૃષ્ટિ માત્ર જ છે. તેમાં સૂક્ષ્મ અને બાદર તથા પ્રત્યેક અને સાધારણ આ બે પ્રકૃતિઓ પ્રતિપક્ષી છે. બાકીની તમામ ૨૧ પ્રકૃતિઓ અપ્રતિપક્ષી છે. તેથી ૨૩ના બંધના ૪ બંધભાંગા (વિકલ્પો) થાય છે.

(૧) ૨૧ અપ્રતિપક્ષી + સૂક્ષ્મ + સાધારણ = ૨૩
(૨) ૨૧ અપ્રતિપક્ષી + સૂક્ષ્મ + પ્રત્યેક = ૨૩
(૩) ૨૧ અપ્રતિપક્ષી + બાદર + સાધારણ = ૨૩
(૪) ૨૧ અપ્રતિપક્ષી + બાદર + પ્રત્યેક = ૨૩

આ પ્રમાણે અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩નો બંધ અને તેના ૪ બંધભાંગા જાણવા.

---

પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫નો બંધ, તેના ૨૦ બંધભાંગા -

આ જ ગાથાના વિવેચનમાં કહેલા ૧ થી ૮ નિયમોમાંના પ્રથમ નિયમના આધારે આ જ ૨૩ પ્રકૃતિઓમાં પરાઘાત અને ઉચ્છ્વાસ નામકર્મ ઉમેરતાં ૨૫ પ્રકૃતિઓનું બંધસ્થાનક થાય છે અને તે અપર્યાપ્તા એકે. પ્રાયોગ્યને બદલે પર્યાપ્તા એકે. પ્રાયોગ્ય કહેવાય છે. તેથી તેમાંથી અપર્યાપ્ત નામકર્મને બદલે પર્યાપ્ત નામકર્મ જ લેવું તથા બાદર-સૂક્ષ્મ, પ્રત્યેક-સાધારણ આ બે જ પ્રતિપક્ષી લેવાને બદલે પાંચ પ્રકૃતિઓ પ્રતિપક્ષી બંધાય છે. બાદર-સૂક્ષ્મમાંથી ૧, પ્રત્યેક-સાધારણમાંથી એક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક અને યશ-અયશમાંથી એક. તેથી ૨૫ પ્રકૃતિઓ આ પ્રમાણે થાય છે.

પર્યાપ્તા એકે. પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓ -

| | | |
|---|---|---|
| (૧) તિર્યંચગતિ | (૭) ઉચ્છ્વાસ નામકર્મ | (૧૩) શુભ - અશુભમાંથી એક |
| (૨) એકે. જાતિ | (૮) સ્થાવર | (૧૪) દુર્ભગ |
| (૩) ઔદા. શરીર | (૯) બાદર - સૂક્ષ્મમાંથી એક | (૧૫) અનાદેય |
| (૪) હુંડક સંસ્થાન | (૧૦) પર્યાપ્ત નામકર્મ | (૧૬) યશ - અયશમાંથી એક |
| (૫) તિર્યંચાનુપૂર્વી | (૧૧) પ્રત્યેક - સાધારણમાંથી એક | (૧૭ થી ૨૫) નવ ધ્રુવબંધી. |
| (૬) પરાઘાત | (૧૨) સ્થિર - અસ્થિરમાંથી એક | |

આ ૨૫ પ્રકૃતિઓ પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય જાણવી.

અહીં બાદર - સૂક્ષ્મ અને પ્રત્યેક - સાધારણના ૨૩ના બંધની જેમ જે ૪ ભાંગા થાય છે. તેમાં બાદર - પ્રત્યેક હોય ત્યારે સ્થિર - અસ્થિર, શુભ - અશુભ અને યશ - અયશના ૮ ભાંગા થાય છે અને નિયમ ૪ પ્રમાણે સૂક્ષ્મ કે સાધારણ હોય ત્યાં યશ નામકર્મ ન બંધાતું હોવાથી સ્થિર - અસ્થિર અને શુભ - અશુભ નામકર્મના અયશની સાથે ૪ ભાંગા જ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) બાદર - પર્યાપ્ત પ્રત્યેક સ્થિર શુભ યશ.
(૨) બાદર - પર્યાપ્ત પ્રત્યેક સ્થિર શુભ અયશ.
(૩) બાદર - પર્યાપ્ત પ્રત્યેક સ્થિર અશુભ યશ.
(૪) બાદર - પર્યાપ્ત પ્રત્યેક સ્થિર અશુભ અયશ.
(૫) બાદર - પર્યાપ્ત પ્રત્યેક અસ્થિર શુભ યશ.
(૬) બાદર - પર્યાપ્ત પ્રત્યેક અસ્થિર શુભ અયશ.
(૭) બાદર - પર્યાપ્ત પ્રત્યેક અસ્થિર અશુભ યશ.
(૮) બાદર - પર્યાપ્ત પ્રત્યેક અસ્થિર અશુભ અયશ.

બાદર પર્યાપ્તા પ્રત્યેકની સાથે ઉપરોક્ત જે ૮ ભાંગા થાય છે. તેમાંથી બાદર પર્યાપ્ત સાધારણ બંધાય ત્યારે તથા સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક બંધાય ત્યારે અને સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણ બંધાય ત્યારે યશ નામકર્મવાળા ૧, ૩, ૫, ૭ નંબરના ભાંગા કાઢીને બાકીના ૨, ૪, ૬, ૮ નંબરના ચાર-ચાર ભાંગા જ બંધાય છે. કારણ કે સૂક્ષ્મ અને સાધારણ બંધાય ત્યારે યશ નામકર્મ બંધાતું નથી. આ પ્રમાણે હોવાથી ૨૫ના બાંધે -

| | | |
|---|---|---|
| બાદર- પર્યાપ્ત પ્રત્યેક સાથે | ૮ | બંધભાંગા. યશ-અયશવાળા. |
| બાદર- પર્યાપ્ત સાધારણ સાથે | ૪ | બંધભાંગા. ફક્ત અયશવાળા. |
| સૂક્ષ્મ- પર્યાપ્ત પ્રત્યેક સાથે | ૪ | બંધભાંગા. ફક્ત અયશવાળા. |
| સૂક્ષ્મ- પર્યાપ્ત સાધારણ સાથે | ૪ | બંધભાંગા. ફક્ત અયશવાળા. |

આ પ્રમાણે ૨૫ના બંધે એકેન્દ્રિય પ્રાયોગ્ય કુલ ૨૦ બંધભાંગા થાય છે.

બાદર - પર્યાપ્તા - પ્રત્યેકવાળા ૮ ભાંગાને બાંધનાર મિથ્યાદૃષ્ટિ એવા એકે. વિકલે. પં. તિર્યંચો, મનુષ્યો અને ઈશાન સુધીના દેવો જાણવા. પરંતુ શેષ ૧૨ ભાંગાને બાંધનાર દેવ વિના મિથ્યાદૃષ્ટિ-તિર્યંચ-મનુષ્ય એકે. વિક. માત્ર જ જાણવા.

---

પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬નો બંધ, ૧૬ બંધભાંગા -

ઉપરોક્ત પરાઘાત-ઉચ્છ્વાસ સાથેની ૨૫ પ્રકૃતિના બંધમાં ઉદ્યોત અથવા આતપ નામકર્મ ઉમેરવાથી ૨૬નો બંધ થાય છે. તેમાં બાદર-પર્યાપ્ત-પ્રત્યેક જ બંધાય છે. પણ સૂક્ષ્મ-અપર્યાપ્ત કે સાધારણ નામકર્મ બંધાતું નથી. માત્ર સ્થિર-અસ્થિર, શુભ- અશુભ અને યશ-અયશ આ ત્રણ જ પ્રતિપક્ષી પ્રકૃતિઓ બંધાય છે. તેમાં ૨૫ના બંધમાં જણાવ્યા પ્રમાણે ૮ બંધભાંગા થાય છે. તે આઠ ભાંગા ઉદ્યોતના બંધ સાથે પણ થાય છે અને આતપના બંધ સાથે પણ થાય છે. તેથી ૨૬ના બંધે કુલ ૮+૮=૧૬ બંધભાંગા થાય છે. આ ૨૬નો બંધ કરનારા મિથ્યાદૃષ્ટિ એવા એકે. વિકલે. પં. તિર્યંચ, મનુષ્ય અને ઈશાનાન્ત દેવો જાણવા. આ પ્રમાણે ૨૭ના બંધે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪, ૨૫ના બંધે ૨૦ અને ૨૬ના બંધે ૧૬ મળીને એકેન્દ્રિય પ્રાયોગ્ય કુલ ૩ બંધસ્થાનક અને ૪૦ બંધભાંગા જાણવા.

---

વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫, ૨૯, ૩૦ કુલ ૩ બંધસ્થાનક અને ૫૧ બંધભાંગા.

૨૫નું બંધસ્થાનક અપર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય છે અને ૨૯, ૩૦ આ બે બંધસ્થાનક પર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય છે. અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩માં ઔદારિક અંગોપાંગ અને છેવઠ્ઠું સંઘયણ ઉમેરવાથી અપર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫નું બંધસ્થાનક બને છે. કારણ કે વિકલેન્દ્રિય જીવોને શરીરમાં અંગ અને ઉપાંગ તથા છેવઠ્ઠા સંઘયણની રચના હોય છે. તેથી ત્યાં ઉત્પન્ન થનારા મિથ્યાદૃષ્ટિ તિર્યંચો અને મનુષ્યો ૨૩ પ્રકૃતિ કરતાં આ બે પ્રકૃતિ વધારે બાંધે છે. ત્યાં ત્રસ, બાદર, અપર્યાપ્ત - પ્રત્યેક નામકર્મ જ બંધમાં ગણવાં. પણ સૂક્ષ્મ કે સાધારણ નામકર્મ બંધમાં ન કહેવાં. કારણ કે વિકલેન્દ્રિય જીવો સૂક્ષ્મ કે સાધારણ હોતા જ નથી. તેથી તત્પ્રાયોગ્ય બંધમાં સૂક્ષ્મ કે સાધારણ નામકર્મ બંધાતું નથી. તથા અપર્યાપ્તા પ્રાયોગ્ય બંધ હોવાથી અસ્થિર - અશુભ - દુર્ભગ - અનાદેય અને અયશ એમ બધી જ અશુભ પ્રકૃતિઓ કહેવી. સ્થાવરને બદલે ત્રસ કહેવું. તેથી બેઈન્દ્રિય - તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયમાં એક એક બંધભાંગો થવાથી ૩ બંધભાંગા થાય છે.

અપર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓ -

| | | | |
|---|---|---|---|
| (૧) તિર્યંચ ગતિ | (૭) તિર્યંચાનુપૂર્વી | (૧૩) અશુભ | અહીં બધી જ પ્રકૃતિઓ અશુભ હોવાથી અપર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય આ ૨૫ના બંધમાં ૧ બંધભાંગો થાય છે. |
| (૨) બેઈન્દ્રિય જાતિ | (૮) ત્રસ | (૧૪) દુર્ભગ | |
| (૩) ઔદા. શરીર | (૯) બાદર | (૧૫) અનાદેય | |
| (૪) ઔદા.અંગોપાંગ | (૧૦) અપર્યાપ્ત | (૧૬) અયશ | |
| (૫) છેવઠ્ઠું સંઘયણ | (૧૧) પ્રત્યેક | (૧૭ થી ૨૫) | |
| (૬) હુંડક સંસ્થાન | (૧૨) અસ્થિર | નવ ધ્રુવબંધી. | |

અપર્યાપ્ત બેઈન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ના બંધમાં જેમ ૧, તેમ અપર્યાપ્ત તેઈન્દ્રિય પ્રાયોગ્ય ૨૫માં અને અપર્યાપ્ત ચઉરિન્દ્રિય પ્રાયોગ્ય ૨૫માં પણ બધી જ અશુભ પ્રકૃતિઓ બંધાતી હોવાથી અને કોઈ જ પ્રતિપક્ષી બંધાતી ન હોવાથી એક એક બંધભાંગો થાય છે. માત્ર બેઈન્દ્રિય જાતિને બદલે તેઈન્દ્રિય જાતિ અથવા ચઉરિન્દ્રિય જાતિ કહેવાની છે. આ પ્રમાણે ૨૫નો બંધ અપર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય છે. તેના ૩ બંધભાંગા છે અને તેને બાંધનારા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પં. તિર્યંચ અને મનુષ્યો છે અને તે પણ મિથ્યાદૃષ્ટિ માત્ર જ જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ૨૫માં અપર્યાપ્તને બદલે પર્યાપ્તા લઇએ અને પરાઘાત - ઉચ્છ્વાસ - અશુભવિહાયોગતિ અને દુઃસ્વર ઉમેરીએ તો કુલ ૨૯ પ્રકૃતિઓ થાય છે. ત્યાં ૨૯નો બંધ પર્યાપ્ત પ્રાયોગ્ય હોવાથી બાંધનારા જીવોમાં કંઈક શુભ અધ્યવસાય હોય છે. તેથી સ્થિર - અસ્થિર, શુભ - અશુભ અને યશ - અયશ એમ ૩ પ્રતિપક્ષી પ્રકૃતિઓ બંધાય છે. તેથી તેના આઠ આઠ બંધભાંગા ત્રણે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ના બંધમાં થાય છે. તેથી વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ના બંધમાં બેઈન્દ્રિય પ્રાયોગ્યના ૮, તેઈન્દ્રિય પ્રાયોગ્યના ૮ અને ચઉરિન્દ્રિય પ્રાયોગ્યના ૮ એમ કુલ ૨૪ બંધભાંગા થાય છે.

આ ૨૯માં ઉદ્યોત નામકર્મ મેળવવાથી વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦નો બંધ થાય છે. ત્યાં પણ સ્થિર - અસ્થિર, શુભ - અશુભ અને યશ - અયશના આઠ આઠ બંધભાંગા થવાથી કુલ ૨૪ બંધભાંગા થાય છે. આ પ્રમાણે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ - ૨૯ - ૩૦ એમ ત્રણ બંધસ્થાનક છે અને તેના અનુક્રમે ૩+૨૪+૨૪=કુલ ૫૧ બંધભાંગા થાય છે. તેમાં બેઈન્દ્રિયના ૧+૮+૮=૧૭, તેઈન્દ્રિયના પણ ૧+૮+૮=૧૭ અને ચઉરિન્દ્રિયના પણ ૧+૮+૮=૧૭ બંધભાંગા થાય છે. આ એકેન્દ્રિય - વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધના સ્વામી જે કહ્યા છે, તે નિયમા મિથ્યાદષ્ટિ માત્ર જાણવા. કારણ કે ચાર જાતિ પહેલા ગુણઠાણે જ બંધાય છે. માટે તત્પ્રાયોગ્ય બંધ પહેલા ગુણઠાણે જ થાય છે.

---

પં. તિર્યંચ પ્રાયોગ્ય ૨૫, ૨૯, ૩૦ એમ ૩ બંધસ્થાનક અને ૯૨૧૭ બંધભાંગા-

પં. તિર્યંચ પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓ વિકલેન્દ્રિયની જેમ જ કહેવી. માત્ર જાતિ પંચેન્દ્રિય કહેવી. અપર્યાપ્તા પ્રાયોગ્ય આ બંધ હોવાથી સર્વે પ્રકૃતિઓ અશુભ છે. એકેન્દ્રિય કરતાં અંગોપાંગ અને સંઘયણ વધારે બંધાય છે. પ્રતિપક્ષી કોઈ ન હોવાથી એક જ બંધભાંગો થાય છે.

| | | | |
|---|---|---|---|
| (૧) તિર્યંચ ગતિ | (૭) તિર્યંચાનુપૂર્વી | (૧૩) અશુભ | આ અપર્યાપ્તા પં. તિર્યંચ પ્રાયોગ્ય બંધ જાણવો. પ્રતિપક્ષી ન હોવાથી એક જ બંધભાંગો થાય છે. |
| (૨) પંચેન્દ્રિય જાતિ | (૮) ત્રસ | (૧૪) દુર્ભગ | |
| (૩) ઔદા. શરીર | (૯) બાદર | (૧૫) અનાદેય | |
| (૪) ઔદા.અંગોપાંગ | (૧૦) અપર્યાપ્ત | (૧૬) અયશ | |
| (૫) છેવટ્ઠુ સંઘયણ | (૧૧) પ્રત્યેક | (૧૭ થી ૨૫) | |
| (૬) હુંડક સંસ્થાન | (૧૨) અસ્થિર | નવ ધ્રુવબંધી | |

આ ૨૫માં પરાઘાત - ઉચ્છ્વાસ - વિહાયોગતિ અને સ્વર એમ ચારનો બંધ અધિક લેવાથી ૨૯નું બંધસ્થાનક થાય છે. એકેન્દ્રિય - વિકલેન્દ્રિય કરતાં પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ જીવો વિશિષ્ટાવસ્થાવાળા હોવાથી તે ભવમાં જનારા જીવોને કેટલીક પ્રકૃતિઓ પ્રતિપક્ષરૂપે વધારે બંધાય છે. તેથી બંધભાંગા વધારે થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ૨૯ પ્રકૃતિઓ બાંધનારા એકેન્દ્રિય વિકલેન્દ્રિય પં. તિર્યંચ-મનુષ્ય, સહસ્રાર સુધીના દેવો અને નારકો હોય છે.

### પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓ

| | | | |
|---|---|---|---|
| (૧)તિર્યંચગતિ | (૮)બે વિહાયોગતિમાંથી એક | (૧૫)સ્થિર-અસ્થિરમાંથી એક | આ પર્યાપ્ત પંચેન્દ્રિય |
| (૨)પંચેન્દ્રિય જાતિ | (૯)પરાઘાત | (૧૬)શુભ-અશુભમાંથી એક | તિર્યંચ પ્રાયોગ્ય બંધ |
| (૩)ઔદારિક શરીર | (૧૦)ઉચ્છ્વાસ | (૧૭)સૌ.દો.માંથી એક | જાણવો. તેના ભાંગા |
| (૪)ઔદારિક અંગોપાંગ | (૧૧)ત્રસ | (૧૮)સુ-દુ.માંથી એક | ૪૬૦૮ કેવી રીતે |
| (૫)છ સંઘયણમાંથી એક | (૧૨)બાદર | (૧૯)આ-અના.માંથી એક | થાય તે હવે |
| (૬)છ સંસ્થાનમાંથી એક | (૧૩)પર્યાપ્ત | (૨૦)યશ-અયશમાંથી એક | સમજાવાય છે. |
| (૭)તિર્યંચાનુપૂર્વી | (૧૪)પ્રત્યેક | (૨૧ થી ૨૯)નવ ધ્રુવબંધી | |

(૧) છ સંઘયણમાંથી કોઈ પણ ૧ સંઘયણ - એટલે ........................... ૬ ભાંગા.
(૨) છ સંસ્થાનમાંથી કોઈ પણ ૧ સંસ્થાન - એટલે ૬ x ૬ =.૩૬ ભાંગા.
(૩) શુભ - અશુભ વિહાયોગતિમાંથી ૧ - એટલે ૩૬ x ૨ =..૭૨ ભાંગા.
(૪) સ્થિર - અસ્થિરમાંથી કોઈપણ ૧ - એટલે ૭૨ x ૨ = .૧૪૪ ભાંગા.
(૫) શુભ - અશુભ નામકર્મમાંથી કોઈપણ ૧ - એટલે ૧૪૪ x ૨ = .. ૨૮૮ ભાંગા.
(૬) સૌભાગ્ય - દૌર્ભાગ્યમાંથી ૧, એટલે ૨૮૮ x ૨ =........ ૫૭૬ ભાંગા.
(૭) આદેય - અનાદેયમાંથી ૧, એટલે ૫૭૬ x ૨ =.........૧૧૫૨ ભાંગા.
(૮) સુસ્વર - દુઃસ્વરમાંથી ૧, એટલે ૧૧૫૨ x ૨ =........ ૨૩૦૪ ભાંગા.
(૯) યશ અને અયશ નામકર્મમાંથી ૧, એટલે ૨૩૦૪ x ૨ =૪૬૦૮ ભાંગા.

આ પ્રમાણે પર્યાપ્ત પં. તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધે ૪૬૦૮ બંધભાંગા થાય છે. તેમાં કોઈ કોઈ જીવો જ્યારે ઉદ્યોત નામકર્મ સાથે ઉપરોક્ત ૨૯ બાંધે છે. એટલે કે ૧+૨૯=૩૦ પ્રકૃતિઓ બાંધે છે ત્યારે પણ ઉપરોક્ત નવે પ્રકૃતિઓ પ્રતિપક્ષી બંધાતી હોવાથી ૪૬૦૮ બંધભાંગા થાય છે. આ ૨૯ - ૩૦ના બંધે ૪૬૦૮ બંધભાંગા બાંધનારા જીવો મિથ્યાદૃષ્ટિ જાણવા. જો સાસ્વાદન-ગુણસ્થાનકવાળા જીવો ૨૯ - ૩૦ ના બંધક હોય તો છેવટ્ઠું અને હુંડક બંધાતું ન હોવાથી ૫ x ૫ = ૨૫ x ૨ x ૨ x ૨ x ૨ x ૨ x ૨ x ૨ = ૩૨૦૦ જ બંધભાંગા બાંધે છે. પણ તે ૩૨૦૦ બંધભાંગા ૪૬૦૮ ની અંદર આવી ગયા છે. એટલે જુદા ગણાતા નથી. તથા તિ. પ્રા. બંધ ફક્ત બે ગુણસ્થાનક સુધી જ થાય છે. આ પ્રમાણે ૨૫ના બંધે ૧, ૨૯ના બંધે ૪૬૦૮ અને ૩૦ના બંધે પણ ૪૬૦૮ મળીને કુલ ૯૨૧૭ બંધભાંગા પં. તિર્યંચ પ્રાયોગ્ય બંધના થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચ પ્રાયોગ્ય બંધસ્થાનક અને બંધભાંગા -

| બંધસ્થાનક | ૨૩ | ૨૫ | ૨૬ | ૨૯ | ૩૦ | કુલ બંધસ્થાન | કુલ બંધભાંગા |
|---|---|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય પ્રાયોગ્ય | ૪ | ૨૦ | ૧૬ | - | - | ૩ | ૪૦ |
| બેઈન્દ્રિય પ્રાયોગ્ય | - | ૧ | - | ૮ | ૮ | ૩ | ૧૭ |
| તેઈન્દ્રિય પ્રાયોગ્ય | - | ૧ | - | ૮ | ૮ | ૩ | ૧૭ |
| ચઉરિન્દ્રિય પ્રાયોગ્ય | - | ૧ | - | ૮ | ૮ | ૩ | ૧૭ |
| પં. તિર્યંચ પ્રાયોગ્ય | - | ૧ | - | ૪૬૦૮ | ૪૬૦૮ | ૩ | ૯૨૧૭ |
| કુલ ભાંગા | ૪ | ૨૪ | ૧૬ | ૪૬૩૨ | ૪૬૩૨ | - | ૯૩૦૮ |

મનુષ્ય પ્રાયોગ્ય બંધસ્થાનક ૩ અને બંધભાંગા ૪૬૧૭ -

મનુષ્યો પણ બે પ્રકારના છે. લબ્ધિ અપર્યાપ્તા અને લબ્ધિ પર્યાપ્તા. ત્યાં જે લબ્ધિ અપર્યાપ્તા મનુષ્યો છે, તેમાં ઉત્પન્ન થનારા જીવો ૨૫નું બંધસ્થાનક બાંધે છે. અને લબ્ધિ પર્યાપ્તામાં ઉત્પન્ન થનારા જીવો ૨૯ અને ૩૦નું બંધસ્થાનક બાંધે છે. લબ્ધિ અપર્યાપ્ત પ્રાયોગ્ય ૨૫નો બંધ કરનારા મિથ્યાદૃષ્ટિ તિર્યંચ - મનુષ્યો જ હોય છે. પરંતુ લબ્ધિ પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૯નો બંધ કરનારા ૧ થી ૪ ગુણસ્થાનકમાં વર્તનારા દેવ - નારકી તથા ફક્ત ૧ - ૨ ગુણસ્થાનકે વર્તનારા તિર્યંચ - મનુષ્યો હોય છે કારણ કે મિશ્રદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો નિયમા દેવ પ્રાયોગ્ય જ બંધ કરે છે, અને પર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ કરનારા માત્ર સમ્યગ્દૃષ્ટિ - દેવ - નારકીના જ જીવો હોય છે. દેવોમાં પણ વૈમાનિક દેવો જ અને નરકમાં પણ પ્રથમની ૩ નરકના જીવો જ મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધના સ્વામી જાણવા.

JAINSITE .com जैनम् जयतु शासनम्

લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓ અને ૧ બંધભાંગો -

| | | | |
|---|---|---|---|
| (૧) મનુષ્ય ગતિ | (૭) મનુષ્યાનુપૂર્વી | (૧૩) અશુભ | અહીં બધી જ પ્રકૃતિઓ |
| (૨) પંચેન્દ્રિય જાતિ | (૮) ત્રસ | (૧૪) દૌર્ભાગ્ય | અશુભ જ બંધાતી હોવાથી |
| (૩) ઔદા. શરીર | (૯) બાદર | (૧૫) અનાદેય | ૧ જ બંધભાંગો છે. |
| (૪) ઔદા. અંગો | (૧૦) અપર્યાપ્ત | (૧૬) અપયશ | આ લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય |
| (૫) છેવટ્ઠું સંઘયણ | (૧૧) પ્રત્યેક | (૧૭ થી ૨૫) | પ્રાયોગ્ય બંધ જાણવો. |
| (૬) હુંડક સંસ્થાન | (૧૨) અસ્થિર | નવ ધ્રુવબંધી | |

પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૯નો બંધ, ૪૬૦૮ બંધભાંગા -

અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય જે ૨૫ પ્રકૃતિઓ છે. તેમાં પરાઘાત-ઉચ્છ્વાસ-

વિહાયોગતિ અને સ્વર આમ ૪ પ્રકૃતિઓ ઉમેરવાથી ૨૯નું બંધસ્થાનક થાય છે. આ બંધસ્થાનક પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય હોવાથી અપર્યાપ્તને બદલે પર્યાપ્ત નામકર્મ લેવું અને તિર્યંચની જેમ ૯ પ્રકૃતિઓ પ્રતિપક્ષી લેવી - (૧) છ સંઘયણમાંથી ૧, (૨) છ સંસ્થાનમાંથી ૧, (૩) બે વિહાયોગતિમાંથી ૧, (૪) સ્થિર-અસ્થિરમાંથી ૧, (૫) શુભ-અશુભમાંથી ૧, (૬) સૌભાગ્ય- દૌર્ભાગ્યમાંથી ૧, (૭) આદેય-અનાદેયમાંથી ૧, (૮) સુસ્વર-દુઃસ્વરમાંથી ૧ અને (૯) યશ-અપયશમાંથી ૧ - આ નવેના પરસ્પર ગુણાકારથી ૪૬૦૮ બંધભાંગા થાય છે. આ બંધસ્થાનક બાંધનારા તેઉકાય-વાયુકાય, પર્યાપ્તા યુગલિક તિર્યંચ અને પર્યાપ્તા યુગલિક મનુષ્ય તથા મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદની એવા સાતમી નરકને છોડીને બાકીના ચારે ગતિના જીવો હોય છે. ત્યાં મનુષ્ય-તિર્યંચ મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદની હોય તો જ આ પ્રકૃતિઓ બાંધે છે અને દેવ-નારકી ૧ થી ૪ ગુણઠાણામાંથી કોઈ પણ ગુણઠાણે આ પ્રકૃતિઓ બાંધે છે. તિર્યંચો અને મનુષ્યો જો મિશ્રદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ હોય તો નિયમા દેવ પ્રાયોગ્ય જ બંધ કરે છે.

---

પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ અને ૮ બંધભાંગા -

ઉપરોક્ત ૨૯ પ્રકૃતિઓમાં તીર્થંકર નામકર્મ ઉમેરવાથી ૩૦નું બંધસ્થાનક થાય છે. અહીં જિન નામનો બંધ હોવાથી સમ્યગ્દૃષ્ટિ દેવ, પ્રથમની ૩ નારકીના જીવો જ આ બંધસ્થાનક બાંધે છે તથા જિન નામનો બંધ હોવાથી અને બાંધનારા સમ્યગ્દૃષ્ટિ જીવો હોવાથી બધી જ પુણ્યપ્રકૃતિઓ બંધાય છે. માત્ર સ્થિર - અસ્થિર, શુભ - અશુભ અને યશ - અપયશ આ ત્રણ જ પ્રકૃતિઓ પ્રતિપક્ષી બંધાય છે. તેના ૮ જ બંધભાંગા થાય છે. બાકીની પ્રકૃતિઓમાં સંઘયણ પહેલું જ, સંસ્થાન પહેલું જ, વિહાયોગતિ શુભ જ, સૌભાગ્ય - આદેય અને સુસ્વર જ આ જીવો બાંધે છે, તેથી વધારે બંધભાંગા થતા નથી. આ પ્રમાણે મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ - ૨૯ - ૩૦ એમ ૩ બંધસ્થાનક, તેના અનુક્રમે ૧-૪૬૦૮-૮ કુલ ૪૬૧૭ બંધભાંગા થાય છે.

---

નારકી પ્રાયોગ્ય ૨૮નો બંધ, ૧ બંધભાંગો -

નારકી જીવો નિયમા લબ્ધિપર્યાપ્તા જ હોય છે. મનુષ્ય તથા તિર્યંચ પ્રાયોગ્ય જે ૨૯નો બંધ છે. તેમાંથી સંઘયણ વિના તે જ ૨૮ પ્રકૃતિઓનો બંધ નરકયોગ્ય કહેવાય છે. માત્ર તેમાં ગતિ, આનુપૂર્વી, શરીર, અંગોપાંગ વગેરે યથાયોગ્ય પ્રકૃતિઓ નરકની કહેવી. નારકી પ્રાયોગ્ય બંધ કરનારાના પરિણામ અશુભ હોવાથી જે કોઈ પ્રકૃતિઓ બંધાય છે, તે સઘળી અશુભ જ બંધાય છે. તે માટે ૧ જ બંધભાંગો થાય છે. તેને બાંધનારા મિથ્યાદૃષ્ટિ પં. તિર્યંચ અને મનુષ્ય જ હોય છે.

જૈન સાઈટ JAINSITE.com જ્ઞાનમ્ જ્યાતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દેવપ્રાયોગ્ય ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ એમ ૪ બંધસ્થાનક અને ૧૮ બંધભાંગા-**

દેવપ્રાયોગ્ય બંધસ્થાનક ૨૮-૨૯-૩૦-૩૧ એમ ૪ હોય છે. ત્યાં મનુષ્ય અને તિર્યંચ પ્રાયોગ્ય જે ૨૯ પ્રકૃતિઓ છે. તેમાંથી ૧ સંઘયણ બાદ કરતાં અને ગતિ, આનુપૂર્વી વગેરે બદલાવતાં બાકીની ૨૮ જે પ્રકૃતિઓ થાય છે. તે જ ૨૮ દેવપ્રાયોગ્ય છે. ફક્ત ત્યાં સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશ-અયશ એમ ૩ જ પ્રકૃતિઓ પ્રતિપક્ષી બંધાય છે. બાકીની બધી પ્રતિપક્ષી પ્રકૃતિઓ શુભ જ બંધાય છે. તેથી આ ૩ પ્રતિપક્ષીના પરસ્પર ફેરફારથી ૮ બંધભાંગા થાય છે. આ ૨૮નો દેવપ્રાયોગ્ય બંધ ૧ થી ૫ ગુણસ્થાનકમાં વર્તતા લબ્ધિપ. તિર્યંચો તથા ૧ થી ૮/૬ ભાગ સુધીમાં વર્તતા લબ્ધિ પર્યાપ્તા મનુષ્યો કરે છે.

આ ૨૮માં જિનનામ મેળવવાથી ૨૯નો બંધ થાય છે. ત્યાં પણ સ્થિરાદિ ૩ જ પ્રતિપક્ષી બંધાય છે. તેથી ૮ જ બંધભાંગા થાય છે અને તે ૨૯ને બાંધનારા ૪ થી ૮/૬ ભાગ સુધીના ગુણસ્થાનકોમાં વર્તતા મનુષ્ય માત્ર જ છે. કારણ કે તે બંધમાં જિન નામકર્મ છે અને તિર્યંચો જિનનામ બાંધતા નથી. તે ૨૮માં આહારકદ્વિક જો મેળવીએ તો ૩૦નો બંધ દેવપ્રાયોગ્ય થાય છે અને તે ૨૮માં આહારકદ્વિક અને જિનનામ એમ બન્ને મેળવીએ તો ૩૧નો બંધ દેવપ્રાયોગ્ય થાય છે. આ બંને ૩૦-૩૧ના બંધો આહારકદ્વિક સહિત હોવાથી સાતમે ગુણઠાણે અને આઠમા ગુણઠાણાના છઠ્ઠા ભાગ સુધીમાં વર્તનારા મનુષ્યો જ માત્ર બાંધે છે. ત્યાં અસ્થિર અશુભ - અપયશ ન બંધાતાં હોવાથી સર્વે શુભ પ્રકૃતિઓ જ બંધાય છે. તે માટે એક એક બંધભાંગો હોય છે. કુલ ૨૮ના બાંધે ૮, ૨૯ના બંધે ૮, ૩૦ના બંધે ૧ અને ૩૧ના બંધે ૧, મળીને ૧૮ બંધભાંગા દેવપ્રાયોગ્ય ૪ બંધસ્થાનકના હોય છે.[1]

(૧) અહીં એક શંકા થવી સંભવિત છે કે જિનનામ અને આહારકદ્વિક અત્યંત શુભ પ્રકૃતિઓ છે. શુભ અધ્યવસાયથી બંધાય છે. તો પછી આઠમાના છઠ્ઠા ભાગથી તેનો બંધવિચ્છેદ કેમ થયો ? ઉપશમ અને ક્ષપક એમ બંને શ્રેણીમાં આઠમાના છઠ્ઠા ભાગથી આગળ પણ ઘણી વિશુદ્ધિ છે. અત્યંત શુભ પરિણામ છે. તેથી નવમા - દસમા ગુણઠાણે પણ જિનનામ - આહારકદ્વિક બંધાવું જોઈએ. આવી શંકાનો ઉત્તર આ પ્રમાણે સમજવો કે શુભ અધ્યવસાયોથી પુણ્ય પ્રકૃતિઓ બંધાય છે એમ નથી. પરંતુ અધ્યવસાયમાં રહેલા શુભ (પ્રશસ્ત) એવા રાગ - દ્વેષાત્મક જે કાષાયિક પરિણામ છે. તે રૂપ પ્રશસ્ત કષાયથી પુણ્યપ્રકૃતિઓ બંધાય છે. જિનેશ્વર પરમાત્મા પ્રત્યે, તેમની વાણી પ્રત્યે, તેમના ચારિત્ર પ્રત્યે, જગતના સત્યસ્વરૂપ પ્રત્યે જે રાગ અને મિથ્યા કલ્પનાઓ પ્રત્યે જે દ્વેષ, તે રૂપ પ્રશસ્ત કષાયથી પુણ્ય પ્રકૃતિઓ બંધાય છે અને આવા પ્રકારના પુણ્યના બંધનો હેતુ બને તેવા કષાયો આઠમાના છઠ્ઠા ભાગ સુધી જ હોય છે. ત્યારબાદ હાસ્યષટ્ક ઉપશાંત અથવા ક્ષીણ થતું હોવાથી બંધહેતુ બને એવા રાગ-દ્વેષ છે જ નહીં. તેથી જિનનામ અને આહારકદ્વિક બંધાતાં નથી. આવા જીવોને મુક્તિનો રાગ અને સંસારનો દ્વેષ પણ ટળી જાય છે. એટલે અધ્યયસાયમાં રહેલા પ્રશસ્ત કષાયો બંધહેતુ છે. તે આઠમાના છઠ્ઠા ભાગથી આગળ નથી. માટે તીવ્ર વૈરાગ્યવાળા અને વીતરાગતા પ્રાપ્ત કરવાની પ્રધાનતાવાળા શુભ અધ્યવસાયોથી કેવળ નિર્જરા જ થાય છે. પરંતુ આવી પુણ્યપ્રકૃતિઓ પણ બંધાતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચારે ગતિને આશ્રયી અપ્રાયોગ્ય ૧ બંધસ્થાનક, ૧ બંધભાંગો-**

આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગથી આગળ (૩૦ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થવાથી) ૧૦મા ગુણસ્થાનક સુધી નામકર્મની માત્ર ૧ યશ જ પ્રકૃતિ બંધાય છે. આ જે ૧નું બંધસ્થાનક છે તે ચારે ગતિમાંથી કોઈ પણ ગતિ પ્રાયોગ્ય નથી. કારણ કે તે તે ગતિમાં જવાને આશ્રયી આ ૧નું બંધસ્થાનક બંધાતું નથી. ફક્ત નામકર્મનો બંધહેતુ જે કષાય છે તે અલ્પમાત્રાએ હોવાથી નામકર્મની ૧ જ પ્રકૃતિ બંધાય છે. તેમાં કોઈ પ્રતિપક્ષી પ્રકૃતિ ન હોવાથી ૧ બંધભાંગો થાય છે. બધા જ બંધસ્થાનકોનું અને બંધભાંગાઓનું ચિત્ર આ પ્રમાણે છે -

| બંધસ્થાન | ૨૩ | ૨૫ | ૨૬ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૧ | કુલ બંધભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ એકેન્દ્રિય પ્રા. | ૪ | ૨૦ | ૧૬ | - | - | - | - | - | ૪૦ |
| ૨ વિકલેન્દ્રિય પ્રા. | - | ૩ | - | - | ૨૪ | ૨૪ | - | - | ૫૧ |
| ૩ પં. તિર્યંચ પ્રા. | - | ૧ | - | - | ૪૬૦૮ | ૪૬૦૮ | - | - | ૯૨૧૭ |
| ૪ મનુષ્ય પ્રા. | - | ૧ | - | - | ૪૬૦૮ | ૮ | - | - | ૪૬૧૭ |
| ૫ નારકી પ્રા. | - | - | - | ૧ | - | - | - | - | ૧ |
| ૬ દેવ પ્રા. | - | - | - | ૮ | ૮ | ૧ | ૧ | - | ૧૮ |
| ૭ ગતિને અપ્રાયો. | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| કુલ બંધભાંગા | ૪ | ૨૫ | ૧૬ | ૯ | ૯૨૪૮ | ૪૬૪૧ | ૧ | ૧ | ૧૩૯૪૫ |

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**આ પ્રમાણે નામકર્મનાં કુલ ૮ બંધસ્થાનકો છે અને તેના ૧૩૯૪૫ બંધભાંગા છે. ॥૨૬॥**

નામકર્મના આઠે બંધસ્થાનકે કેટલા કેટલા બંધભાંગા થયા, તે સંખ્યાથી જણાવે છે. (આ ગાથા સપ્તતિકાભાષ્યની છે.)

**चउ पणवीसा सोलस, नव बाणउईसया य अडयाला ।**
**एयालुत्तरछायाल, सया इक्किक्कबंधविही ।। २७ ॥**

चत्वारः पञ्चविंशतिष्षोडश, नव द्विनवतिशतानि चाष्टचत्वारिंशत् ।
एकचत्वारिंशदधिकषट्चत्वारिंशत्शतानि चैकैकबन्धविधयः ।। २७ ॥

*ગાથાર્થ - ૪ - ૨૫ - ૧૬ - ૯ - ૯૨૪૮ - ૪૬૪૧ - ૧ - ૧ અનુક્રમે આઠે બંધસ્થાનકના બંધભાંગા છે. (કુલ ૧૩૯૪૫ બંધભાંગા છે.) ॥ ૨૭ ॥*

વિવેચન - આ ગાથા પૂ. ચિરંતનાચાર્યકૃત મૂલ સપ્તતિકા (સિત્તરી) ગ્રંથની નથી. પરંતુ અભયદેવસૂરિ રચિત 'સપ્તતિકા ભાષ્ય'ની ૮૦મી ગાથા છે. અહીં પ્રક્ષેપ કરાયેલી ગાથા છે. પૂર્વે જણાવેલી ૨૬મી ગાથાના વિવેચનમાં આ ગાથાનો અર્થ ઘણા જ વિસ્તારથી સમજાવ્યો છે. તેને અનુસારે આ ગાથામાં આઠે બંધસ્થાનકોમાં કુલ કેટલા કેટલા બંધભાંગા થયા ? તેનો સરવાળો કરીને અંકસંખ્યા જ માત્ર જણાવેલી છે. અમે આ જ વાત ૨૬મી ગાથાના અંતે ચિત્રમાં જણાવેલી જ છે. ૨૩ના બંધે કુલ ૪ બંધભાંગા, ૨૫ના બંધે કુલ ૨૫ બંધભાંગા, ૨૬ના બંધે કુલ ૧૬ બંધભાંગા, ૨૮ના બંધે કુલ ૯ બંધભાંગા, ૨૯ના બંધે કુલ ૯૨૪૮ બંધભાંગા, ૩૦ના બંધે કુલ ૪૬૪૧ બંધભાંગા અને ૩૧ તથા ૧ના બંધે એક એક બંધભાંગા છે. આમ મળીને નામકર્મના કુલ ૧૩૯૪૫ બંધભાંગા થાય છે. ॥ ૨૭ ॥

હવે નામકર્મનાં ઉદયસ્થાનકો જણાવે છે -

**वीसिगवीसा चउवीसगा, उ एगाहिया य इगतीसा ।**
**उदयट्ठाणाणि भवे, नव अट्ठ य हुंति नामस्स ।। २८ ।।**

**विंशतिरेकविंशतिश्चतुर्विंशत्याद्येकाधिकाश्चैकत्रिंशत् ।**
**उदयस्थानानि भवेयुः, नवाष्टौ च नाम्नः ।। २८ ॥**

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

*ગાથાર્થ - ૨૦, ૨૧, ૨૪થી આગળ એક એક અધિક કરતાં ૩૧ સુધી તથા ૯ અને ૮ એમ નામકર્મનાં કુલ ૧૨ ઉદયસ્થાનો છે. ॥ ૨૮ ॥*

વિવેચન - હવે નામકર્મનાં ઉદયસ્થાનક સમજાવાય છે. જે જે ભવ વર્તતો હોય તે તે ભવને યોગ્ય નામકર્મની પ્રકૃતિઓ ઉદયમાં વર્તે છે. પ્રતિપક્ષી પ્રકૃતિઓના ઉદયના આધારે ઉદયભાંગા થાય છે. અહીં જે જીવો લબ્ધિ અપર્યાપ્તા હોય (પોતાના ભવને ઉચિત પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં જ નિયમા મૃત્યુ જ પામવાના હોય) તેવા જીવોને જ અપર્યાપ્ત નામકર્મનો ઉદય હોય છે અને જે જીવો લબ્ધિ પર્યાપ્તા હોય તે જીવોને (કરણ અપર્યાપ્તા હોય તો પણ) નિયમા પર્યાપ્ત નામકર્મનો જ ઉદય હોય છે. દેવ - નારકીના જીવો ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યવાળા હોવાથી નિયમા લબ્ધિ પર્યાપ્તા જ હોય છે. માત્ર એકેન્દ્રિય - વિકલેન્દ્રિય - પં. તિર્યંચ અને મનુષ્યો જ લબ્ધિ અપર્યાપ્ત પણ હોય છે તથા લબ્ધિ પર્યાપ્ત પણ હોય છે.

ઉદયસ્થાનકો સમજવા માટે જેમાં જેમાં જુદી જુદી પ્રકૃતિઓ ઉદયમાં આવે છે તેનો ભેદ સમજવા માટે મહાત્મા પુરુષોએ જીવોના ૧૦ પ્રકાર પાડ્યા છે. તે વિગતવાર આ પ્રમાણે છે તથા તેઓમાં ઉદયસ્થાનકો આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| ૧ | એકેન્દ્રિય જીવો | : ૨૧-૨૪-૨૫-૨૬-૨૭ | એમ ૫ ઉદયસ્થાનો. |
| ૨ | વિકલેન્દ્રિય જીવો | : ૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ | એમ ૬ ઉદયસ્થાનો. |
| ૩ | સામાન્યપંચેન્દ્રિય તિ. | : ૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ | એમ ૬ ઉદયસ્થાનો. |
| ૪ | વૈક્રિય પંચે. તિર્ય. | : ૨૫-૨૭-૨૮-૨૯-૩૦ | એમ ૫ ઉદયસ્થાનો. |
| ૫ | સામાન્ય મનુષ્ય | : ૨૧-૨૬-૨૮-૨૯-૩૦ | એમ ૫ ઉદયસ્થાનો. |
| ૬ | વૈક્રિય મનુષ્ય | : ૨૫-૨૭-૨૮-૨૯-૩૦ | એમ ૫ ઉદયસ્થાનો. |
| ૭ | આહારક મનુષ્ય | : ૨૫-૨૭-૨૮-૨૯-૩૦ | એમ ૫ ઉદયસ્થાનો. |
| ૮ | કેવલીમનુષ્ય | : ૨૦-૨૧-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૯-૮ | એમ ૧૦ ઉદયસ્થાનો. |
| ૯ | દેવો | : ૨૧-૨૫-૨૭-૨૮-૨૯-૩૦ | એમ ૬ ઉદયસ્થાનો. |
| ૧૦ | નારકો | : ૨૧-૨૫-૨૭-૨૮-૨૯ | એમ ૫ ઉદયસ્થાનો. |

દરેક સંસારી જીવોને એકભવથી મૃત્યુ પામીને બીજા ભવમાં જતાં વચ્ચેની વિગ્રહગતિમાં ભવયોગ્ય શરીરાદિ નહીં હોવાથી ઓછામાં ઓછી પ્રકૃતિઓ ઉદયમાં હોય છે અને તે ૨૧ પ્રકૃતિઓ હોય છે. પરભવમાં પહોંચ્યા પછી આહાર - શરીર - ઈન્દ્રિય વગેરે પર્યાપ્તિઓ જેમ જેમ પૂર્ણ થાય છે તેમ તેમ તે તે પ્રકૃતિઓનો ઉદય વધતાં પછી પછીનાં ઉદયસ્થાનકો આવે છે. લબ્ધિ પર્યાપ્તાને પૂર્વે કહેલાં તે તે સર્વે ઉદયસ્થાનકો હોય છે. પરંતુ લબ્ધિ અપર્યાપ્તાને પરાઘાત - ઉચ્છ્વાસ - સ્વર વગેરે પ્રકૃતિઓનો ઉદય ન થવાના કારણે પોત પોતાનાં ઉદયસ્થાનોમાંથી પ્રથમનાં બે જ ઉદયસ્થાનો હોય છે. હવે વિગતવાર પ્રકૃતિઓ આપણે જોઈએ -

જૈનમ્ જયતિ શાસનમ્

નિર્માણ-સ્થિર-અસ્થિર-અગુરુલઘુ-શુભ-અશુભ-તૈજસ-કાર્મણ-વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આ ૧૨ પ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી સંસારમાં સર્વદા સર્વે જીવોને ઉદયમાં હોય છે. તે વારંવાર લખાશે નહીં. ફક્ત "બાર ધ્રુવોદયી" આટલું જ લખાશે.

બંધની જેમ ઉદયમાં પણ કેટલાક નિયમો સમજવા જરૂરી છે. તે નિયમો આ પ્રમાણે છે.

(૧) સૂક્ષ્મ અને અપર્યાપ્તા સાથે યશનો ઉદય હોતો નથી.
(૨) પૃથ્વી - અપ્ - તેઉ - વાયુ અને ત્રસને સાધારણ નામકર્મનો ઉદય હોતો નથી. તથા તેઉ - વાયુને યશનો ઉદય પણ હોતો નથી.
(૩) પરાઘાત - ઉચ્છ્વાસ આદિનો ઉદય પર્યાપ્તાને જ હોય છે. અપર્યાપ્તાને નહીં.
(૪) આતપનો ઉદય બાદર પર્યાપ્ત પૃથ્વીકાયને જ હોય છે. તેથી ત્યાં સૂક્ષ્મ - અપર્યાપ્ત અને સાધારણ નામકર્મનો ઉદય ન હોય.
(૫) ઉદ્યોતનો ઉદય બાદર - પૃથ્વીકાય - અપ્કાય - વનસ્પતિકાય તથા બેઈન્દ્રિયાદિ જીવોને હોય છે. ત્યાં સૂક્ષ્મનો ઉદય ન હોય.
(૬) તેઉકાય - વાયુકાયને આતપ - ઉદ્યોતનો ઉદય ન હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકેન્દ્રિય પ્રાયોગ્ય ૫ ઉદયસ્થાનક - ૪૨ ઉદયભાંગા –

વિગ્રહગતિમાં વર્તતા એકેન્દ્રિય જીવોને ૧ તિર્યંચગતિ, (૨) એકેન્દ્રિય જાતિ, (૩) તિર્યંચાનુપૂર્વી, (૪) સ્થાવર, (૫) બાદર-સૂક્ષ્મમાંથી એક, (૬) પર્યાપ્ત-અપર્યાપ્તમાંથી એક, (૭) દૌર્ભાગ્ય, (૮) અનાદેય, (૯) યશ-અપયશમાંથી એક તથા ઉપરોક્ત ૧૨ ધ્રુવોદયી એમ ૨૧ પ્રકૃતિઓનો ઉદય હોય છે. અહીં બાદર-સૂક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત અને યશ-અપયશ એમ ૩ પ્રકૃતિઓ પ્રતિપક્ષી છે. તેથી બંધમાં સ્થિર-અસ્થિરાદિ ૩ પ્રતિપક્ષીના ૮ ભાંગા જેમ કર્યા હતા. તેમ અહીં ઉદયમાં પણ ૩ પ્રતિપક્ષી હોવાથી ૮ ભાંગા થવા જોઈએ. પરંતુ સૂક્ષ્મ નામકર્મની સાથે તથા અપર્યાપ્ત નામકર્મની સાથે યશ નામકર્મનો ઉદય હોતો નથી. સપ્તતિકા (સિત્તરી)ની ૨૫મી ગાથાની ચૂર્ણિમાં કહ્યું છે કે 'सुहुमेणं अपज्जत्तगेण य सह जसकित्तीए उदओ नत्थि' તેથી ૮ ને બદલે ૫ ભાંગા જ થાય છે -

૧ બાદર પર્યાપ્ત સાથે યશ ૩ બાદર અપર્યાપ્ત સાથે અયશ.
૨ બાદર પર્યાપ્ત સાથે અયશ ૪ સૂક્ષ્મ પર્યાપ્ત સાથે અયશ.
૫ સૂક્ષ્મ અપર્યાપ્ત સાથે અયશ.

આ ૨૧નો ઉદય અને તેના પાંચ ઉદયભાંગા વિગ્રહગતિમાં વર્તતા એકેન્દ્રિય જીવોને હોય છે. બાદર એકેન્દ્રિયને બાદરનો ઉદય, સૂક્ષ્મૈકેન્દ્રિયને સૂક્ષ્મનો ઉદય, પર્યાપ્તૈકેન્દ્રિયને પર્યાપ્તનો ઉદય અને અપર્યાપ્તૈકેન્દ્રિયને અપર્યાપ્ત નામકર્મનો ઉદય સમજવો. આગળ આગળ પણ આમ સમજી લેવું.

વિગ્રહગતિ સમાપ્ત કરીને જીવ જ્યારે ઉત્પત્તિસ્થાનમાં પહોંચે છે ત્યારે આનુપૂર્વી નામકર્મનો ઉદય અટકી ગયેલ હોવાથી તેના વિના અને ભવધારણીય શરીરને યોગ્ય ઔદા. શરીર, હુંડકસંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક - સાધારણમાંથી એક એમ ૪ પ્રકૃતિઓનો ઉદય વધતાં ઉત્પત્તિસ્થાનના પ્રથમ સમયથી જ આ એકેન્દ્રિય જીવોને ૨૪નો ઉદય શરૂ થાય છે. ૨૧ના ઉદયમાં જે ૩ પ્રતિપક્ષી પ્રકૃતિઓ હતી અને તેના કારણે તેના ૫ ઉદયભાંગા થતા હતા તે પાંચે ભાંગા ૨૪ના ઉદયમાં પ્રત્યેક સાથે જોડતાં અને સાધારણ સાથે જોડતાં ૧૦ ઉદયભાંગા ૨૪ના ઉદયમાં થાય છે તથા વાયુકાયના જીવો ઔદારિક શરીરની અપેક્ષાએ સર્વપર્યાપ્તિએ પર્યાપ્તા ભલે થયા હોય અને તેથી ૨૫ - ૨૬ના ઉદયને પામી ચૂક્યા હોય તો પણ વંટોળીયા આદિ રૂપે જ્યારે મહાવાયુ પણે વૈક્રિયશરીરની રચના કરે છે ત્યારે વૈક્રિયશરીર સંબંધી પોતાના ભવની ચારે પર્યાપ્તિઓ ફરીથી કરવી પડે છે ત્યારે પ્રથમની ત્રણ પર્યાપ્તિ સુધી આ જ ૨૪નું ઉદયસ્થાનક હોય છે. પરંતુ તેમાં ઔદારિક શરીરને બદલે વૈક્રિય શરીરનો ઉદય હોય છે તથા બાદર વાયુકાયનો ભવ હોવાથી બાદર-પર્યાપ્તા-પ્રત્યેક-અપયશનો જ ઉદય હોય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. સપ્તતિકાની ચૂર્ણિમાં ગાથા ૨૫માં કહ્યું છે કે - 'तेउकाय-वाउकाइगेसु साहारण-जसकित्तीओ नत्थित्ति काउं' તેથી ત્યાં પ્રતિપક્ષી કોઈ ન હોવાથી અને શરીર વૈક્રિય હોવાથી ૨૪ના ઉદયનો ૧ ભાંગો જુદો ગણાય છે. આ પ્રમાણે ૨૪ના ઉદયે એકેન્દ્રિય જીવોને વૈક્રિય વાયુકાયના ૧ ભાંગા સાથે કુલ ૧૧ ઉદયભાંગા હોય છે.

૨૫નો ઉદય આ ૨૪ના ઉદયમાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત નામકર્મનો ઉદય ઉમેરવાથી થાય છે. પ્રતિપક્ષીમાં પર્યાપ્તા-અપર્યાપ્તા બેમાંથી ફક્ત ૧ પર્યાપ્ત નામકર્મનો જ ઉદય હોય છે. કારણ કે પરાઘાતનો ઉદય પર્યાપ્તા જીવને જ થાય છે. તેથી ૨૪ના ઉદયમાં જે ૧૦+૧=૧૧ ઉદયભાંગા હતા. તેમાંથી અપર્યાપ્ત નામના ઉદયવાળા ચાર ભાંગા દૂર કરીને પર્યાપ્તાના ઉદયવાળા બાકીના ૬+૧=૭ ઉદયભાંગા ૨૫ના ઉદયે હોય છે.

(૧) બાદર - પર્યાપ્ત - પ્રત્યેક યશ.
(૨) બાદર - પર્યાપ્ત - પ્રત્યેક અયશ.
(૩) બાદર - પર્યાપ્ત - સાધારણ યશ.
(૪) બાદર - પર્યાપ્ત - સાધારણ અયશ.
(૫) સૂક્ષ્મ - પર્યાપ્ત - પ્રત્યેક અયશ.
(૬) સૂક્ષ્મ - પર્યાપ્ત - સાધારણ અયશ.
(૭) વૈક્રિય વાયુકાયનો ૧ ભાંગો.

૨૬નો ઉદય ૨૫માં ઉચ્છ્વાસ મેળવવાથી પણ થાય તથા ઉચ્છ્વાસના અનુદયે ઉદ્યોતના ઉદયથી પણ થાય છે. અને ઉચ્છ્વાસના અનુદયે આતપના ઉદયથી પણ ૨૬નો ઉદય થાય છે. આમ ૨૬નો ઉદય ત્રણ પ્રકારે છે. જ્યારે ઉચ્છ્વાસ સાથે ૨૬નો ઉદય લઈએ ત્યારે ૨૫ના ઉદયમાં લખેલા વૈક્રિય વાયુકાય સાથે જે ૭ ભાંગા છે. તે જ ૭ ભાંગા ઉચ્છ્વાસ સાથે ૨૬માં હોય છે. ઉચ્છ્વાસના અનુદયે ઉદ્યોતનો ઉદય જ્યારે હોય છે. ત્યારે તે ઉદ્યોતનો ઉદય બાદરને જ માત્ર હોય છે. સૂક્ષ્મને ઉદ્યોતનો ઉદય હોતો નથી તથા પૃથ્વી - અપ્ - વનસ્પતિને જ હોય છે. તેઉ - વાયુને નહીં. તેથી ઉપરોક્ત ૭માંથી પ્રથમના બાદરના ઉદયવાળા ૪ જ ભાંગા ઘટે છે. તથા ઉચ્છ્વાસ અને ઉદ્યોતના અનુદયે આતપનો ઉદય જો થયો હોય તો ૭માંનો પહેલો અને બીજો એમ ૨ જ ભાંગા હોય છે. કારણ કે આતપનો ઉદય બાદર - પર્યાપ્તા - પ્રત્યેક એવા પૃથ્વીકાયને જ હોય છે. ત્યાં સાધારણ કે સૂક્ષ્મનો ઉદય સંભવતો નથી. આ પ્રમાણે ઉચ્છ્વાસ સાથે ૨૬ના ૭, ઉદ્યોત સાથે ૨૬ના ૪ અને આતપ સાથે ૨૬ના ૨ એમ કુલ ૧૩ ઉદયભાંગા ૨૬ના ઉદયે થાય છે.

ઉચ્છ્વાસના ઉદય પૂર્વક ૨૬નો ઉદય થયા પછી જો ઉદ્યોત અથવા આતપનો ઉદય થાય તો ૨૭નો ઉદય બને છે અને ત્યાં ૨૬માં કહ્યા મુજબ જ ઉદ્યોત સાથે ૪ અને આતપ સાથે ૨૭ના ૨ એમ ૬ ઉદયભાંગા થાય છે. આ રીતે ૨૧ - ૨૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

- ૨૫ - ૨૬ - ૨૭ના ઉદયમાં એકેન્દ્રિય જીવોને અનુક્રમે ૫ + ૧૧ + ૭ + ૧૩ + ૬ = ૪૨ ઉદયભાંગા થાય છે.

---

વિકલેન્દ્રિયને ૬ ઉદયસ્થાનક અને ૬૬ ઉદયભાંગા -

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવોને ૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ એમ ૬ ઉદયસ્થાનક હોય છે. ત્યાં ૨૧ પ્રકૃતિનો ઉદય વિગ્રહ ગતિમાં હોય છે. પ્રકૃતિઓ એકેન્દ્રિયની જેમ હોય છે. છતાં યથાયોગ્ય તેમાં ફેરફાર કરવાનો હોય છે. જેમ કે એકેન્દ્રિય જાતિને બદલે બેઇન્દ્રિયાદિ જાતિ, સ્થાવરને બદલે ત્રસ, બાદર - સૂક્ષ્મમાંથી એકને બદલે માત્ર બાદર જ, વગેરે ફેરફારો આપણી બુદ્ધિથી સમજી લેવા. તે ૨૧ પ્રકૃતિઓ આ પ્રમાણે છે -

| | | |
|---|---|---|
| (૧) તિર્યંચ ગતિ | (૪) ત્રસ | (૭) દૌર્ભાગ્ય |
| (૨) બેઇન્દ્રિયાદિ જાતિ | (૫) બાદર | (૮) અનાદેય |
| (૩) તિર્યંચાનુપૂર્વી | (૬) પર્યાપ્ત અપર્યાપ્તમાંથી ૧ | (૯) યશ - અયશમાંથી ૧ |

આ નવ તથા ૧૨ ધ્રુવોદયી. એમ ૨૧નો ઉદય વિગ્રહગતિમાં હોય છે.

આ ૨૧નો ઉદય વિગ્રહગતિમાં હોય છે. બેઇન્દ્રિય જીવોને બેઇન્દ્રિય જાતિનો ઉદય, તેઇન્દ્રિય જીવોને તેઇન્દ્રિય જાતિનો ઉદય અને ચઉરિન્દ્રિય જીવોને ચઉરિન્દ્રિય જાતિનો ઉદય હોય છે. પર્યાપ્ત સાથે યશ અને અયશના ઉદયના ૨ ભાંગા અને અપર્યાપ્ત સાથે માત્ર અયશના ઉદયનો ૧ મળીને કુલ ૩ ઉદયભાંગા ૨૧ના ઉદયે બેઇન્દ્રિય જીવોને હોય છે. (૧) પર્યાપ્ત-યશ, (૨) પર્યાપ્ત-અયશ, (૩) અપર્યાપ્ત-અયશ આમ ૩ ભાંગા જાણવા.

વિગ્રહગતિ સમાપ્ત કરીને ઉત્પત્તિસ્થાનમાં આવે ત્યારે પ્રથમ સમયથી જ આનુપૂર્વીનો ઉદય ટળી જાય છે અને શરીર સંબંધી ૬ પ્રકૃતિઓ ઉદયમાં શરુ થાય છે. આહાર લેવાના કારણે અને શરીર રચનાના પ્રારંભના કારણે (૧) ઔદારિક શરીર, (૨) ઔદા. અંગોપાંગ, (૩) છેવટ્ઠું સંઘયણ, (૪) હુંડક સંસ્થાન, (૫) ઉપઘાત અને (૬) પ્રત્યેક નામકર્મ - આ ૬ પ્રકૃતિ ઉમેરતાં ૨૬નું ઉદયસ્થાન બને છે. ત્યાં પણ પર્યાપ્ત - અપર્યાપ્ત અને યશ-અયશ આ બે જ પ્રતિપક્ષી હોવાથી પર્યાપ્તની સાથે યશ - અયશના ૨ અને અપર્યાપ્તની સાથે અયશનો ૧ એમ ત્રણ જ ઉદયભાંગા બેઇન્દ્રિય જીવોમાં ૨૬ના ઉદયના થાય છે. બેઇન્દ્રિયાદિ જીવો માત્ર બાદર અને પ્રત્યેક જ હોવાથી ત્યાં સૂક્ષ્મ અને સાધારણનો ઉદય હોતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ૨૬માં શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી પરાઘાત અને અશુભ વિહાયોગતિનો ઉદય મેળવવાથી ૨૮નો ઉદય થાય છે. ત્યાં પરાઘાતનો ઉદય થયેલ હોવાથી અપર્યાપ્ત નામકર્મ ઉદયમાં હોતું નથી. માટે પર્યાપ્ત સાથે યશ અને અયશના માત્ર ૨ જ ઉદયભાંગા ૨૮ના ઉદયે બેઇન્દ્રિય જીવોને હોય છે. વિક્લેન્દ્રિયના જીવોને અશુભ વિહાયોગતિ જ ઉદયમાં હોય છે. શુભવિહાયોગતિ હોતી નથી તેથી તદાશ્રિત વધારે ભાંગા થતા નથી. ચૂર્ણિમાં કહ્યું છે કે - 'अपज्जत्थोदओ पसत्थ विहायोगती य नत्थि त्ति काउं'. વિકલેન્દ્રિયને ૨૮ના ઉદયમાં અપર્યાપ્તનો અને પ્રશસ્ત વિહાયોગતિનો ઉદય હોતો નથી.

આ ૨૮માં ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થવાથી ૨૯નો ઉદય થાય છે. ત્યાં યશ-અયશ વિના બીજી કોઈ પ્રતિપક્ષી ન હોવાથી ઉચ્છ્વાસ-યશ તથા ઉચ્છ્વાસ-અયશ સાથે ૨ જ ઉદયભાંગા થાય છે તથા ઉચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં ઉચ્છ્વાસના અનુદયે શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા કોઈ કોઈ જીવોને ઉદ્યોતનો ઉદય પણ થાય છે. તેથી ૨૮માં ઉદ્યોત મેળવવાથી પણ ૨૯નો ઉદય થાય છે. ત્યાં પણ યશ-અયશ સાથે ૨ ઉદયભાંગા થાય છે. આમ ૨૯ના ઉદયે ઉચ્છ્વાસ સાથે ૨ અને ઉદ્યોત સાથે ૨ મળીને કુલ ૪ ઉદયભાંગા બેઇન્દ્રિય જીવોને હોય છે.

ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને ઉચ્છ્વાસના ઉદય સાથે જે ૨૯નો ઉદય છે તે જ જીવને આગળ જતાં ભાષાપર્યાપ્તિ પૂર્ણ કરતાં સ્વરનો ઉદય શરુ થાય છે. સુસ્વર અથવા દુઃસ્વર બેમાંથી ૧ સ્વરનો ઉદય વધે છે. તેથી ૨૯+સ્વર મળીને ૩૦નો ઉદય થાય છે. આ ૩૦ના ઉદયના સુસ્વર-દુઃસ્વર તથા યશ-અયશના મળીને ૪ ઉદયભાંગા થાય છે. (૧) સુસ્વર-યશ, (૨) સુસ્વર-અયશ, (૩) દુઃસ્વર-યશ, (૪) દુઃસ્વર - અયશ. આમ ૪ ભાંગા સ્વર સહિત [1]જાણવા તથા ભાષા પર્યાપ્તિએ અપર્યાપ્તાને ઉચ્છવાસના ઉદય પછી ઉદ્યોતનો ઉદય પણ કોઈ કોઈ જીવને થાય છે. ત્યારે ઉદ્યોત સાથે યશ - અયશના ૨ ભાંગા ૩૦ના ઉદયમાં વધારે થાય છે. તેથી સ્વર સાથે ૩૦ના ૪ અને ઉદ્યોત સાથે ૩૦ના ૨ એમ મળીને ૩૦ના ઉદયે બેઇન્દ્રિય જીવને ૬ ઉદયભાંગા થાય છે.

ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા જીવને સ્વરનો ઉદય થવાથી સ્વર સાથે થયેલી ૩૦ પ્રકૃતિમાં પછીથી ઉદ્યોતનો ઉદય ભેળવવાથી ૩૧નો ઉદય થાય છે. ત્યાં સુસ્વર-દુઃસ્વર અને યશ - અયશના ૪ ભાંગા ત્રીસના ઉદયની જેમ જાણવા. આ પ્રમાણે બેઇન્દ્રિય જીવોને ૨૧ - ૨૬ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ આમ ૬ ઉદયસ્થાનક

(૧) કેટલાક આચાર્યો બેઇન્દ્રિયાદિ જીવોને સુસ્વરનો ઉદય માનતા નથી. માત્ર દુઃસ્વરનો જ ઉદય હોય છે એમ માને છે. પરંતુ આ મત બરાબર નથી. કારણ કે શંખાદિમાં સુસ્વરનો ઉદય દેખાય છે તથા કર્મગ્રંથ - પંચસંગ્રહાદિમાં કહેલો પણ છે. ચૂર્ણિની ૨૫મી ગાથામાં આવો પાઠ છે - अण्णे भणंति – सुस्सरं विगलिंदियाणं णत्थि, तण्ण संतकम्मे उक्तत्वात् ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તેના અનુક્રમે ૩ - ૩ - ૨ - ૪ - ૬ - ૪ = ૨૨ ઉદયભાંગા જાણવા. તે જ પ્રમાણે તેઈન્દ્રિય જીવોને અને ચઉરિન્દ્રિય જીવોને પણ છ - છ ઉદયસ્થાનો અને ૨૨ - ૨૨ ઉદયભાંગા જાણવા. તેથી વિકલેન્દ્રિયના ઉદયભાંગા સાથે ગણતાં અનુક્રમે ૯ - ૯ - ૬ - ૧૨ - ૧૮ - ૧૨ મળીને કુલ ૬૬ ઉદયભાંગા થાય છે. શાસ્ત્રાનુસારે આ ઉદયભાંગા જોતાં નીચેના નિયમો ફલિત થાય છે -

(૧) બેઈન્દ્રિયાદિ જીવો, સ્વતંત્ર એક એક શરીરવાલા અને સ્થૂલ શરીરવાળા હોવાથી પ્રત્યેક અને બાદરનો જ ઉદય હોય છે. સાધારણ અને સૂક્ષ્મનો નહીં.

(૨) વિકલેન્દ્રિય જીવોમાં અશુભ વિહાયોગતિ, દુર્ભગ - અનાદેય વગેરે અશુભ પ્રકૃતિઓનો જ ઉદય હોય છે.

(૩) પ્રતિપક્ષીમાં સુસ્વર - દુઃસ્વર અને યશ - અયશનો ઉદય હોઈ શકે છે.

---

સામાન્ય પં. તિર્યંચને ૬ ઉદયસ્થાનક અને ૪૯૦૬ ઉદયભાંગા-

સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના જીવોને વિકલેન્દ્રિયના જીવોની જેમ જ ૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ એમ ૬ ઉદયસ્થાનક હોય છે. માત્ર પ્રતિપક્ષી ઘણી પ્રકૃતિઓનો ઉદય સંભવતો હોવાથી ઉદયભાંગાઓ વધારે જાણવા. ૨૧ના ઉદયમાં સૌભાગ્ય - દૌર્ભાગ્ય, આદેય-અનાદેય અને યશ-અયશ એમ ૩ પ્રતિપક્ષી પર્યાપ્તની સાથે છે. તેથી તેના ૮ ભાંગા થાય છે અને અપર્યાપ્તને બધી જ અશુભ ઉદયમાં હોવાથી ૧ ભાંગો થાય છે. કુલ ૯ ભાંગા ૨૧ના ઉદયે હોઈ શકે છે. ૨૧ પ્રકૃતિઓ આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (૧) તિર્યંચગતિ | (૪) ત્રસ | (૭) સૌ.દો. માંથી એક |
| (૨) પંચેન્દ્રિય જાતિ | (૫) બાદર | (૮) આદે.અના. માંથી એક |
| (૩) તિર્યંચાનુપૂર્વી | (૬) પર્યાપ્ત-અપર્યાપ્તમાંથી એક | (૯) યશ-અયશમાંથી એક |

ઉપરોક્ત ૯ તથા ૧૨ ધ્રુવોદયી. એમ ૨૧.

૨૬ના ઉદયે પર્યાપ્તની સાથે ૬ સંઘયણ, ૬ સંસ્થાન, સૌભાગ્ય - દૌર્ભાગ્ય, આદેય - અનાદેય અને યશ - અયશ પ્રતિપક્ષીપણે ઉદયમાં આવતી હોવાથી પરસ્પરના ગુણાકારથી ૬ x ૬ x ૨ x ૨ x ૨ = ૨૮૮ ઉદયભાંગા થાય છે તથા અપર્યાપ્તની સાથે બધી જ અશુભ પ્રકૃતિઓ ઉદયમાં હોવાથી ૧ ભાંગો થાય છે. કુલ ૨૮૯ ઉદયભાંગા ૨૬ના ઉદયના જાણવા. આ ૨૬માં પરાઘાત અને શુભ કે અશુભ વિહાયોગતિ મેળવતાં ૨૮નો ઉદય થાય છે. ત્યાં પર્યાપ્ત જીવો જ હોય છે. અપર્યાપ્ત નહીં. તેથી ઉપરોક્ત પ્રતિપક્ષીના જે ૨૮૮ ઉદયભાંગા છે તેને જ બે વિહાયોગતિ સાથે જોડતાં ૫૭૬ ઉદયભાંગા ૨૮ના ઉદયમાં થાય છે. અહીં ૨૮ના ઉદયે અપર્યાપ્ત જીવો હોતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૯નો ઉદય પં. તિર્યંચમાં વિકલેન્દ્રિયની જેમ ૧ ઉચ્છ્વાસ સાથે અને બીજો ઉચ્છ્વાસના અનુદયે ઉદ્યોત સાથે થાય છે એમ બંને પ્રકારમાં સંઘયણ-સંસ્થાન-વિહાયોગતિ, સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય-અનાદેય અને યશ-અયશના પરસ્પર જોડાણથી ૫૭૬+૫૭૬ ઉદયભાંગા થાય છે. ઉચ્છ્વાસ સાથે પણ ૫૭૬ અને ઉદ્યોત સાથે પણ ૫૭૬ એમ બંને મળીને ૨૯ના ઉદયમાં ૧૧૫૨ ઉદયભાંગા જાણવા.

ઉચ્છ્વાસ સાથે જે ૨૯નો ઉદય શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી થયો. તેમાં ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયે છતે સ્વર નામકર્મનો ઉદય થવાથી ૨૯ + ૧ સ્વર = ૩૦નો ઉદય થાય છે. ત્યાં સુસ્વર - દુઃસ્વર એમ બંને સ્વરોનો ઉદય જુદા - જુદા જીવોમાં સંભવતો હોવાથી ૫૭૬ x ૨ = ૧૧૫૨ ઉદયભાંગા પં. તિર્યંચમાં સ્વર સાથેના ૩૦ના ઉદયમાં થાય છે અથવા કોઈ કોઈ જીવોને ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં સ્વરના અનુદયે ઉદ્યોતનો ઉદય પણ થઈ શકે છે તેથી ઉચ્છ્વાસ સહિતની ૨૯માં ઉદ્યોત ભેળવવાથી પણ ૩૦નો ઉદય થાય છે. ત્યાં બીજી કોઈ વધારે પ્રતિપક્ષી ન હોવાથી ૫૭૬ જ ઉદયભાંગા થાય છે. આ રીતે પં. તિર્યંચમાં ૩૦ના ઉદયે ૧૧૫૨ + ૫૭૬ મળીને કુલ ૧૭૨૮ ઉદયભાંગા થાય છે.

તથા ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયે છતે સ્વરનો ઉદય થવાથી ૩૦નો ઉદય થયા બાદ કોઈ કોઈ જીવોને જો ઉદ્યોતનો ઉદય થાય તો સ્વર સાથે ૩૦ + ૧ ઉદ્યોત આમ મળીને કુલ ૩૧નો ઉદય એક જ રીતે થાય છે. તેમાં બે સ્વર પ્રતિપક્ષી હોવાથી ૧૧૫૨ ઉદયભાંગા થાય છે. આ રીતે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચમાં ૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ એમ છ ઉદયસ્થાનકો અને તેના અનુક્રમે ૯-૨૮૯-૫૭૬-૧૧૫૨-૧૭૨૮-૧૧૫૨ ઉદયભાંગા થાય છે. છએ ઉદયસ્થાનકોના મળીને કુલ ઉદયભાંગા ૪૯૦૬ થાય છે.[1]

વૈક્રિય પં. તિર્યંચનાં ૫ ઉદયસ્થાનક અને ૫૬ ઉદયભાંગા -

તપશ્ચર્યા આદિ ગુણો દ્વારા તિર્યંચભવમાં પં. તિર્યંચના જીવો વૈક્રિય શરીરની લબ્ધિ પ્રાપ્ત કરી શકે છે અને જ્યારે વૈક્રિય શરીરની રચના કરે છે. ત્યારે ઔદારિક

(૧) કેટલાક આચાર્યો સૌભાગ્યની સાથે આદેય જ અને દૌર્ભાગ્યની સાથે અનાદેય જ ઉદયમાં હોય છે એમ માને છે. તેથી સા. પં. તિર્યંચને ૨૧ના ઉદયે પર્યાપ્તાના ૮ને બદલે ૪, ૨૬ના ઉદયે ૨૮૮ને બદલે ૧૪૪ ઈત્યાદિ સર્વઠેકાણે અર્ધા ભાંગા થાય છે. મનુષ્ય - દેવાદિમાં પણ આ મતે અર્ધા ભાંગા સમજી લેવા. ચૂર્ણિમાં કહ્યું છે કે - अण्णे आयरिया भणंति - सूभग - आएज्जा उ जुगवं उयेंति, दूभग - अणाएज्जा जुगवं उदेंति, तम्हा एत्थ पंच भंगत्ति । પૂ. મલયગિરિજી મ.ની ટીકામાં પણ કહ્યું છે કે - 'अपरे पुनराहुः - सुभगादेये युगपदुदयमायातः दुर्भगानादेये च ।' इत्यादि.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીરાદિને બદલે વૈક્રિયશરીરાદિ હોવાથી ઉદયસ્થાનક અને ઉદયભાંગા જુદા ગણાય છે. વૈક્રિયશરીરની રચના કરે ત્યારે તે શરીરમાં અસ્થિ (હાડકાં) ન હોવાથી સંઘયણનો ઉદય હોતો નથી તથા સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય અને યશ-અયશ આ ત્રણ જ પ્રકૃતિઓ પ્રતિપક્ષીપણે ઉદયમાં આવતી હોવાથી સર્વઠેકાણે આઠ-આઠ જ ઉદયભાંગા થાય છે.

તથા વૈક્રિયશરીર બનાવનાર તિર્યંચોએ (તથા મનુષ્યોએ) જો કે પોતાના મૂલ ઔદારિક શરીરને આશ્રયી છએ પર્યાપ્તિઓ પૂર્ણ કરી લીધી છે. તેથી નિયમા લબ્ધિપર્યાપ્તા અને કરણપર્યાપ્તા જ છે. તો પણ વૈક્રિય શરીરની રચના કરે ત્યારે વૈક્રિય શરીર સંબંધી પર્યાપ્તિઓ નવી કરવી જ પડે છે. (માત્ર વિગ્રહગતિ હોતી નથી તેથી ૨૧નો ઉદય વૈક્રિયશરીરને સંભવતો નથી પણ) સા. તિર્યંચનાં જે ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧નાં ઉદયસ્થાનો કહ્યાં છે તેમાંથી ૧ સંઘયણ બાદ કરવાથી બનેલાં ૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦ એમ પાંચ ઉદયસ્થાનો હોય છે. સર્વ ઠેકાણે સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય અને યશ-અયશ આ ત્રણ જ પ્રતિપક્ષી પ્રકૃતિ હોવાથી ૮-૮ ઉદયભાંગા હોય છે.

(૧) તિર્યંચ ગતિ, (૨) પં. જાતિ, (૩) વૈક્રિય શરીર, (૪) વૈ. અંગોપાંગ, (૫) સમચતુરસ્ર સં., (૬) ઉપઘાત, (૭) ત્રસ, (૮) બાદર, (૯) પર્યાપ્ત, (૧૦) પ્રત્યેક, (૧૧) સુભગ-દુર્ભગમાંથી ૧, (૧૨) આદેય-અનાદેયમાંથી ૧, (૧૩) યશ-અયશમાંથી ૧ અને ૧૨ ધ્રુવોદયી મળીને કુલ ૨૫નો ઉદય વૈક્રિય શરીરની રચના કરતા પંચેન્દ્રિય તિર્યંચોને વૈક્રિય શરીર સંબંધી શરીર પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યાં સુધી હોય છે અને તેના ૮ ઉદયભાંગા થાય છે. શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી પરાઘાત અને શુભવિહાયોગતિ ભેળવતાં ૨૭નો ઉદય અને તેના ૮ ભાંગા થાય છે. ૨૭માં ઉચ્છ્વાસનો ઉદય ભેળવતાં અથવા ઉચ્છ્વાસના અનુદયે ઉદ્યોતનો ઉદય ભેળવતાં બંને રીતે ૮+૮=૧૬ ઉદયભાંગા થાય છે. ઉચ્છ્વાસવાળી ૨૮માં સુસ્વર અથવા ઉદ્યોત ભેળવવાથી ૨૯નો ઉદય થાય છે અને બંને સ્થાને ૮+૮ ઉદયભાંગા થાય છે. કુલ ૨૯ના ઉદયે ૧૬ ઉદયભાંગા જાણવા. સ્વર સહિત આ ૨૯માં પછીથી ઉદ્યોતનો ઉદય થાય ત્યારે ૩૦નો ઉદય થાય છે. તેમાં ૮ ઉદયભાંગા થાય છે.

આ રીતે વૈક્રિય તિર્યંચને આશ્રયી ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ પાંચ ઉદયસ્થાનકો અને તેના અનુક્રમે ૮ + ૮ + ૧૬ + ૧૬ + ૮ = ૫૬ ઉદયભાંગા થાય છે. એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સામાન્ય પં. તિર્યંચના ૪૯૦૬ અને વૈક્રિય પં. તિર્યંચના ૫૬, આમ સર્વે મળીને તિર્યંચ ગતિમાં ૨૧ અને ૨૪ થી ૩૧ સુધીનાં ૯ ઉદયસ્થાનકો અને કુલ ૫૦૭૦ ઉદયભાંગા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સામાન્ય મનુષ્યનાં ૫ ઉદયસ્થાનક અને ૨૬૦૨ ઉદયભાંગા -**

સામાન્ય મનુષ્યને સામાન્ય પં. તિર્યંચની જેમ જ ઉદયસ્થાનકો તથા ઉદયભાંગા હોય છે. પરંતુ તિર્યંચગતિને બદલે મનુષ્યગતિ આદિ યથાયોગ્ય પ્રકૃતિઓનો ફેરફાર સ્વયં જાણી લેવો તથા વૈક્રિયશરીરી અને આહારકશરીરી મનુષ્યોને મૂકીને સામાન્ય મનુષ્યોને ઉદ્યોતનો ઉદય હોતો નથી. **वेउव्वियसंजए मोत्तूण उज्जोवो मणुयाणं नत्थित्ति काउं** (ચૂર્ણિ ગાથા ૨૫), **वैक्रियाहारकसंयतान् मुक्त्वा शेषमनुष्याणामुद्योतोदयाभावात्** (શ્રી મલયગિરિજી કૃત સપ્તતિની ટીકા ગાથા ૨૭). આવા પ્રકારનાં વચનોના આધારે ૨૯ અને ૩૦ના ઉદયો ઉદ્યોત વિનાના કહેવા તથા ઉદ્યોતના ઉદયના અભાવે ૩૧નો ઉદય સંભવતો જ નથી. તેથી ગર્ભજ પર્યાપ્ત મનુષ્યોને ૨૧-૨૬-૨૮-૨૯-૩૦ આમ પાંચ ઉદયસ્થાનકો છે અને તેના અનુક્રમે ૯-૨૮૯-૫૭૬-૫૭૬-૧૧૫૨=૨૬૦૨ ઉદયભાંગા થાય છે. સંમૂર્ચ્છિમ મનુષ્યો લબ્ધિ અપર્યાપ્તા જ હોવાથી તેઓને તથા ગર્ભજ અપર્યાપ્તાને ૨૧-૨૬ બે ઉદયસ્થાનક અને ૧-૧ એમ બે જ ઉદયભાંગા હોય છે.

जैन साईट JAINSITE

**વૈક્રિયશરીરી મનુષ્યોને ૫ ઉદયસ્થાનક અને ૩૫ ઉદયભાંગા -**

વૈક્રિય મનુષ્યોને ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ આમ ૫ ઉદયસ્થાનક હોય છે. પ્રકૃતિઓ વૈ.તિ.ની જેમ જ હોય છે. ગતિ - આદિ પ્રકૃતિઓ યથાયોગ્ય ફેરવી લેવી. પ્રતિપક્ષી ૩ જ હોય છે. તેથી ૮ જ ઉદયભાંગા થાય છે.

| | | | |
|---|---|---|---|
| (૧) મનુષ્ય ગતિ | (૬) ઉપઘાત | (૧૧) સુભગ-દુર્ભગમાંથી ૧ | પ્રતિપક્ષી ત્રણ |
| (૨) પંચે. જાતિ | (૭) ત્રસ | (૧૨) આદેય-અનાદેયમાંથી ૧ | પ્રકૃતિઓ |
| (૩) વૈક્રિય શરીર | (૮) બાદર | (૧૩) યશ - અયશમાંથી ૧ | હોવાથી કુલ |
| (૪) વૈક્રિય અંગો. | (૯) પર્યાપ્ત | (૧૪ થી ૨૫) બાર ધ્રુવોદયી. | ૮ ઉદયભાંગા |
| (૫) સમચતુરસ્ર | (૧૦) પ્રત્યેક | | જાણવા. |

આ ૨૫માં પરાઘાત અને શુભવિહાયોગતિ ઉમેરતાં ૨૭નો ઉદય, ત્રણ પ્રતિપક્ષી અને ૮ ઉદયભાંગા જાણવા. ૨૭માં ઉચ્છ્વાસ ઉમેરીએ તો પણ ૨૮ અને ઉદ્યોત ઉમેરીએ તો પણ ૨૮. એમ ૨૮નો ઉદય બે પ્રકારે હોય છે. ત્યાં ઉચ્છ્વાસવાળી ૨૮માં ત્રણ પ્રતિપક્ષી હોવાથી ૮ ઉદયભાંગા થાય છે. પરંતુ ઉદ્યોતવાળી ૨૮નો ઉદય માત્ર સાધુ-સંતોને જ હોય છે અને ત્યાં વિરતિના પ્રતાપે દુર્ભગ - અનાદેય અને અયશનો ઉદય હોતો નથી. **संजयाणं दूभगाणाएज्जजसकित्तीओ न उएंतित्ति काउं।** (ચૂર્ણિ ગાથા ૨૫) તેથી ઉદ્યોતવાળી ૨૮માં ૧ ઉદયભાંગો થાય છે. આ રીતે ૨૮ના ઉદયે કુલ ૮ + ૧ = ૯ ઉદયભાંગા જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ જ રીતે ઉચ્છ્વાસવાળી ૨૮માં સુસ્વરનો ઉદય ભેળવતાં ૨૯નો ઉદય અને તેમાં પણ પ્રતિપક્ષીના લીધે ૮ ઉદયભાંગા તથા સ્વરના અનુદયે ઉદ્યોત મેળવતાં પણ ૨૯નો ઉદય થાય છે. પણ ત્યાં ૧ ઉદયભાંગો એમ કુલ ૨૯ના ઉદયે ૯ ઉદયભાંગા થાય છે તથા સુસ્વરવાળી ૨૯ પ્રકૃતિઓમાં ઉદ્યોત મેળવતાં ૩૦નો ઉદય થાય છે. ત્યાં પણ ૧ ઉદયભાંગો થાય છે. સારાંશ કે જ્યાં જ્યાં ઉદ્યોતનો ઉદય છે ત્યાં ત્યાં સર્વે પ્રકૃતિઓ શુભ જ હોવાથી ૧ ઉદયભાંગો થાય છે અને જ્યાં જ્યાં ઉદ્યોત નથી ત્યાં ત્યાં ૮ ઉદયભાંગા થાય છે. આ પ્રમાણે ૨૫-૨૭-૨૮-૨૯-૩૦ના ઉદયસ્થાનોમાં અનુક્રમે ૮+૮+૯+૯+૧=૩૫ ઉદયભાંગા વૈક્રિય મનુષ્યના થાય છે.

આહારક મનુષ્યને ૫ ઉદયસ્થાનક અને ૭ ઉદયભાંગા -

આહારક શરીરની વિકુર્વણા કરીને મહાવિદેહ ક્ષેત્રમાં પ્રશ્ન પૂછવા આદિના કારણે ગમનાગમન કરનારા મુનિને ૨૫-૨૭-૨૮-૨૯-૩૦ આમ પાંચ ઉદયસ્થાનો હોય છે. આ શરીરવાળા આત્માઓ છઠ્ઠા - સાતમા ગુણઠાણાવાળા હોવાથી સર્વે શુભ પ્રકૃતિઓનો જ ઉદય હોય છે. કોઈ પણ પ્રતિપક્ષી ઉદયમાં હોતી નથી. તેથી ૨૫ના ઉદયે ૧, ૨૭ના ઉદયે ૧, ૨૮ના ઉદયે ઉચ્છ્વાસ સાથે ૧ અને ઉદ્યોત સાથે ૧ એમ કુલ ૨, ૨૯ના ઉદયે પણ સુસ્વર સાથે ૧ અને ઉદ્યોત સાથે ૧ એમ કુલ ૨ અને ૩૦ના ઉદયે ઉદ્યોત સાથે ૧ આમ કુલ ૭ ઉદયભાંગા હોય છે. આ આહારકશરીરીના ૨૫ આદિ ઉદયસ્થાનોમાં વૈક્રિય શરીરને બદલે આહારક શરીર અને વૈક્રિય અંગોપાંગને બદલે આહારક અંગોપાંગ વગેરે ફેરફાર સ્વયં સમજી લેવો.

કેવલી મનુષ્યનાં ૧૦ ઉદયસ્થાનક અને ૮ (૬૨) ઉદયભાંગા -

તેરમા ચૌદમા ગુણસ્થાનકે વર્તતા સર્વજ્ઞ કેવલજ્ઞાની પરમાત્મા બે પ્રકારના હોય છે. (૧) તીર્થંકર પ્રભુ અને (૨) અતીર્થંકર પ્રભુ (એટલે કે સામાન્ય કેવલી). તીર્થંકર પ્રભુને તીર્થંકર નામકર્મનો ઉદય હોય છે તથા તે તીર્થંકર નામકર્મરૂપ તીવ્ર પુણ્યોદયના કારણે સર્વે પુણ્યપ્રકૃતિઓ જ ઉદયમાં આવે છે. પ્રતિપક્ષી અશુભ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી અને અતીર્થંકર (સામાન્ય કેવલી) પ્રભુને તીર્થંકર નામકર્મનો ઉદય હોતો નથી. તેથી સંસ્થાન - વિહાયોગતિ અને સ્વર આ ત્રણ પ્રકૃતિઓ પ્રતિપક્ષીપણે ઉદયમાં હોય છે. કોઈને શુભ અને કોઈને અશુભ. બાકીની બધી પ્રકૃતિઓ શુભ જ ઉદયમાં હોય છે.

કેવલી સમુદ્ઘાતમાં ૩ - ૪ - ૫ સમયે કેવલી પ્રભુના આત્માનો ઘણો ખરો ભાગ ઔદારિક શરીર બહાર પ્રવર્તતો હોવાથી, ત્યાં ઔદારિક શરીરની પ્રવૃત્તિ ન હોવાથી 'માત્ર તૈજસ - કાર્મણ શરીરની જ પ્રવૃત્તિ હોવાથી' એકલો કાર્મણ કાયયોગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાય છે. તેથી તે કાલે ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, સંઘયણ - સંસ્થાન - ઉપઘાત - પ્રત્યેક આદિ શરીર સંબંધી પ્રકૃતિઓનો ઉદય હોતો નથી. તથા ૨ - ૬ - ૭ આ ત્રણ સમયમાં આત્માનો બહુભાગ ઔદારિકમાં અને બહુભાગ બહાર હોવાથી ઔદારિક અને કાર્મણ એ બંનેનો મિશ્ર એટલે ઔદારિકમિશ્ર કાયયોગ હોય છે. ત્યાં શરીર - અંગોપાંગ આદિ ૬ પ્રકૃતિઓ ઉદયમાં વધારે હોય છે. પરંતુ પરાઘાત - વિહાયોગતિ - ઉચ્છ્વાસ અને સ્વરનો ઉદય હોતો નથી અને ૧ - ૮ સમયે તથા કેવલી સમુદ્ઘાત સિવાયના તેરમા ગુણઠાણાના સઘળા કાલમાં ઔદારિક શરીરસ્થ આત્માને સામાન્ય મનુષ્યની જેમ સંભવતી સર્વે પ્રકૃતિઓનો ઉદય હોય છે. સામાન્ય કેવલીને ૩૦ અને તીર્થંકર કેવલીને ૩૧. ફક્ત તેરમા ગુણઠાણાના છેડે યોગનિરોધ કરતાં વચનયોગનો નિરોધ કરે ત્યારે સ્વરનો અને ઉચ્છ્વાસનો નિરોધ કરે ત્યારે ઉચ્છ્વાસ નામકર્મનો ઉદય અટકી જાય છે અને અયોગી કેવલી પરમાત્માને શરીર સાથે સંબંધ ન હોવાથી શરીર સંબંધી પ્રવૃત્તિ ન હોવાના કારણે તેના સંબંધી બધી જ પ્રકૃતિઓનો ઉદય અટકી જાય છે. ફક્ત જીવવિપાકી ૮ - ૯ પ્રકૃતિઓનો જ ઉદય હોય છે. હવે આપણે કેવલી ભગવાનનાં ઉદયસ્થાનક અને તેના ઉદયભાંગા જોઈએ-

૨૦ - ૨૧ - ૨૬ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ - ૮ - ૯ આમ કુલ ૧૦ ઉદયસ્થાનક બંને પ્રકારના કેવલીને આશ્રયી હોય છે. તેમાંથી સામાન્ય કેવલીપ્રભુને ૨૦ - ૨૬ - ૨૮ - ૨૯ - ૩૦ - ૮ આમ ૬ અને તીર્થંકર કેવલીપ્રભુને ૨૧ - ૨૭ - ૨૯ - ૩૦ - ૩૧ - ૯ આમ ૬ ઉદયસ્થાન હોય છે. ૨૯ અને ૩૦નું ઉદયસ્થાન બંને કેવલી પ્રભુને હોય છે. તેથી કુલ દશ જ ઉદયસ્થાન થાય છે. વધારે વિગત આ પ્રમાણે છે.

સામાન્ય મનુષ્યને વિગ્રહગતિમાં જે ૨૧નો ઉદય છે. તેમાંથી ૧ મનુષ્યાનુપૂર્વી બાદ કરીને બાકીની તે જ ૨૦ પ્રકૃતિઓ (પ્રતિપક્ષી અશુભ વિનાની) સામાન્ય કેવલી પ્રભુને કેવલી સમુદ્ઘાતના ૩-૪-૫ સમયે હોય છે. કારણ કે તે સમયોમાં માત્ર કાર્મણ કાયયોગ જ છે. (૧) મનુષ્ય ગતિ, (૨) પંચેન્દ્રિય જાતિ, (૩) ત્રસ, (૪) બાદર, (૫) પર્યાપ્ત, (૬) સૌભાગ્ય, (૭) આદેય, (૮) યશ અને ૧૨ ધ્રુવોદયી કુલ ૨૦નો ઉદય હોય છે. તેમાં બધી જ પ્રકૃતિઓ શુભ હોવાથી ૧ ઉદયભાંગો થાય છે. તીર્થંકર પ્રભુને કેવલી સમુદ્ઘાતના આ જ ૩-૪-૫ સમયે એક તીર્થંકર નામકર્મનો ઉદય અધિક હોવાથી ૨૧નો ઉદય થાય છે. અને તેનો પણ ૧ ઉદયભાંગો હોય છે.

કેવલી સમુદ્ઘાતના ૨ - ૬ - ૭ સમયે ઔદારિકમિશ્ર કાયયોગ હોવાથી ઉપરોક્ત ૨૦ - ૨૧માં ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, વજ્રઋષભ નારાચ સંઘયણ, એક સંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક આ છ પ્રકૃતિઓનો ઉદય વધવાથી ૨૬-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૭નો ઉદય હોય છે. સામાન્ય કેવલી પ્રભુને છએ સંસ્થાનનો ઉદય સંભવતો હોવાથી ૨૬ના ઉદયના ૬ ઉદયભાંગા થાય છે. પરંતુ તીર્થંકરપ્રભુને તો એક સમચતુરસ્ર જ સંસ્થાન હોવાથી ૨૭ના ઉદયનો ૧ જ ઉદયભાંગો થાય છે. કેવલી સમુદ્‌ઘાતના ૧-૮મા સમયે તથા શરીરસ્થ અવસ્થાના શેષ તમામ કાલમાં પરાઘાત-વિહાયોગતિ-ઉચ્છ્‌વાસ અને સ્વર આમ ચાર પ્રકૃતિઓનો ઉદય વધારે હોવાથી ૨૬-૨૭ને બદલે ૩૦-૩૧નો ઉદય હોય છે. તેમાં સામાન્ય કેવલીપ્રભુને સંસ્થાન-વિહાયોગતિ અને સ્વર આ ત્રણ પ્રતિપક્ષીપણે ઉદયમાં હોઈ શકે છે. તેથી ૬X૨X૨=૨૪ ઉદયભાંગા ૩૦ના ઉદયે થાય છે. પરંતુ તીર્થંકર પ્રભુને સમચતુરસ્ર, શુભવિહાયોગતિ અને સુસ્વરનો જ ઉદય હોવાથી ૩૧ના ઉદયે ૧ જ ઉદયભાંગો થાય છે.

આ ૩૦ - ૩૧ના ઉદયમાંથી યોગનિરોધ કાલે વચનયોગનો નિરોધ કરતાં સ્વરનો ઉદય ટળી જતાં બંને કેવલીપ્રભુને અનુક્રમે ૨૯ - ૩૦નો ઉદય થાય છે. ત્યાં સ્વર ન હોવાથી ૨૯ના ઉદયે સામાન્ય કેવલીને (સંસ્થાન અને વિહાયોગતિ પ્રતિપક્ષી ઉદયમાં હોવાથી ૬ X ૨ = ૧૨) બાર ઉદયભાંગા થાય છે. પરંતુ તીર્થંકરપ્રભુને બધી જ પ્રકૃતિઓ શુભ હોવાથી ૩૦ના ઉદયે ૧ ભાંગો થાય છે. તેમાંથી પણ જ્યારે ઉચ્છ્‌વાસનો નિરોધ થાય છે ત્યારે ૨૮ - ૨૯નો ઉદય થાય છે. તેમાં સામાન્ય કેવલીપ્રભુને ૨૮ના ઉદયે પૂર્વની જેમ ૧૨ અને તીર્થંકર પ્રભુને ૨૯ના ઉદયે ૧ ઉદયભાંગો હોય છે.[1]

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

(૧) અહીં સામાન્ય કેવલીપ્રભુને ૨૯ - ૨૮ના ઉદયે સંસ્થાન ૬ અને વિહાયોગતિ ૨ ના પરસ્પર ગુણાકારથી ૧૨ ઉદયભાંગા કહ્યા. પરંતુ સિત્તરીની ગાથા ૨૫ની ચૂર્ણિમાં તથા પૂ. અભયદેવસૂરિકૃત સપ્તતિકાભાષ્યની ગાથા ૧૧૮ - ૧૧૯માં સામાન્યકેવલીને ૨૮ - ૨૯ ઉદયે માત્ર સંસ્થાન આશ્રયી ૬ જ ઉદયભાંગા કહ્યા છે. વિહાયોગતિથી ગુણીને ૧૨ ભાંગા કહ્યા નથી. આ બાબતનો વધારે કોઈ ખુલાસો ચૂર્ણિમાં કરેલો નથી. પરંતુ સપ્તતિકાભાષ્યની પૂ. મેરુતુંગાચાર્યજીકૃત ટીકામાં સ્પષ્ટ ખુલાસો કર્યો છે.

ચૂર્ણિનો પાઠ આ પ્રમાણે છે - **अतित्थंगर केवलिस्स तीसोदए वट्टमाणस्स तओ सरे निरुद्धे एगूणतीसा भवइ । तओ उसासे निरुद्धे अट्ठावीसा भवइ । एत्थच्छभंगा संठाणेहिं । ते सामण्णोदयगहणेहिं गहिया ।**

સપ્તતિકાભાષ્યની ટીકાનો પાઠ આ પ્રમાણે છે - **सामान्यकेवलिनस्त्रिंशदुदये वर्तमानस्य स्वरे रुद्धे सत्येकोनत्रिंशद् भवति, अत्र षड्भिः संस्थानैः षड् भङ्गाः स्युः । परं प्रागुक्तादेव हेतोर्न गण्यन्ते तत उच्छ्वासरोधेऽष्टाविंशतिः, अत्रापि षड्भङ्गाः प्रागिव न गणनीयाः ।** તથા આ જ ટીકામાં આવો પાઠ આપ્યા પછી પ્રશ્ન ઉઠાવ્યો છે કે જો સામાન્ય કેવલીને ૩૦ના ઉદયમાં ૨૪ ઉદયભાંગા કહો છો. તો તેમાંથી સ્વર માત્રનો નિરોધ થવાથી ૨૯ના ઉદયમાં અને ઉચ્છ્‌વાસનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અયોગી ગુણઠાણે સામાન્યકેવલીને ૮ અને તીર્થંકરપ્રભુને ૯નો ઉદય અને પ્રતિપક્ષી કોઈ ન હોવાથી ૧ - ૧ ઉદયભાંગો હોય છે. આ રીતે વિચારતાં કેવલી મનુષ્યનાં ઉદયસ્થાનો અને ઉદયભાંગાઓનું ચિત્ર આ પ્રમાણે બને છે -

| | સામાન્ય કેવલીપ્રભુને | | તીર્થંકરપ્રભુને | |
|---|---|---|---|---|
| કઈ અવસ્થામાં | ઉદયસ્થાનક | ઉદયભાંગા | ઉદયસ્થાનક | ઉદયભાંગા |
| કેવલી સમુદ્ઘાતના ૩-૪-૫ સમયમાં | ૨૦ | ૧ | ૨૧ | ૧ |
| ૨-૬-૭ સમયમાં | ૨૬ | ૬ | ૨૭ | ૧ |
| ૧-૮ સમયમાં તથા શરીરસ્થકાલમાં | ૩૦ | ૨૪ | ૩૧ | ૧ |
| સ્વર નિરોધ કરે ત્યારે | ૨૯ | ૧૨ | ૩૦ | ૧ |
| ઉચ્છ્વાસનો નિરોધ કરે ત્યારે | ૨૮ | ૧૨ | ૨૯ | ૧ |
| અયોગી ગુણઠાણે | ૮ | ૧ | ૯ | ૧ |
| કુલ | ૬ ઉદયસ્થાન | ૫૬ ઉદયભાંગા | ૬ ઉદયસ્થાન | ૬ ઉદયભાંગા |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે સામાન્યકેવલી પ્રભુને ૬ ઉદયસ્થાનક અને ૫૬ ઉદયભાંગા તથા તીર્થંકરપ્રભુને ૬ ઉદયસ્થાનક અને ૬ ઉદયભાંગા થાય છે. બંને મળીને (૨૯ - ૩૦નો ઉદય બંને કેવલીપ્રભુમાં હોવાથી તે બે વાર ન ગણતાં) કુલ ૧૦ ઉદયસ્થાનક અને ૬૨ ઉદયભાંગા થાય છે.

---

નિરોધ થવાથી ૨૮ના ઉદયમાં સંસ્થાન અને વિહાયોગતિના ઉદય દ્વારા ૧૨ - ૧૨ ઉદયભાંગા થવા જોઈએ તે કેમ કહેતા નથી ? ઉત્તરમાં કહ્યું છે કે - વચનયોગનો અને ઉચ્છ્વાસનો નિરોધ કરે છે ત્યારે કાયયોગનો નિરોધ પણ ચાલુ જ છે અને વિહાયોગતિનો ઉદય કાયયોગ દ્વારા ચલનાત્મક ક્રિયાસ્વરુપ છે. તે ક્ષીયમાણ હોવાથી શુભાશુભની ચિંતવના કરવી શક્ય નથી. કાયયોગનો નિરોધકાલ હોવાથી શુભાશુભ એમ બંને વિહાયોગતિનો રસ લગભગ ક્ષીણપ્રાય થયેલો છે. દલિકમાત્રનો જ ઉદય હોવાથી વિહાયોગતિનો ઉદયમાત્ર કહેવાય છે. આટલો જ વ્યવહાર કરાય છે. આ ઉદય અત્યંત નીરસ લીંબડાના અને શેરડીના સાંઠાના આસ્વાદન તુલ્ય જાણવો. વિશેષાર્થીએ સપ્તતિકાભાષ્યની ગાથા ૧૧૮ - ૧૧૯ની ટીકા જોઈ લેવી તથા મહેસાણા પાઠશાળા તરફથી પ્રકાશિત થયેલા અને પંડિતશ્રી હીરાલાલ દેવચંદભાઈએ કરેલા અનુવાદવાળા તથા પંડિતજી પૂજ્યશ્રી પુખરાજજી સાહેબે કરેલા સંપાદનવાળા પંચસંગ્રહના ત્રીજા ભાગરૂપ સપ્તતિકાસંગ્રહની ગાથા ૮૭ના વિવેચનમાં પણ પાના નંબર ૧૦૧ની ફૂટનોટમાં આ ચર્ચા લખેલી છે. તત્ત્વ કેવલી પરમાત્મા જાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીર્થંકરપ્રભુના છએ ઉદયસ્થાનોના છએ ભાંગામાં તીર્થંકર નામકર્મનો ઉદય છે. જે સામાન્ય મનુષ્યના ઉદયસ્થાનો અને ઉદયભાંગામાં (૨૬૦૨માં) ક્યાંય નથી. તેથી તે ૬ ભાંગા સામાન્ય મનુષ્યથી જુદા ગણવાના રહે છે. પરંતુ સામાન્યકેવલીના ૨૦ અને ૮ના ઉદયના ૧ - ૧ એમ ૨ ભાંગા જ સામાન્ય મનુષ્યના ૨૬૦૨ ભાંગામાં આવતા નથી. માટે જુદા ગણવાના રહે છે. બાકીના ૨૬ - ૨૮ - ૨૯ - ૩૦ના ઉદયના અનુક્રમે ૬ - ૧૨ - ૧૨ - ૨૪ = ૫૪ ઉદયભાંગા સામાન્ય મનુષ્યના તે તે ઉદયસ્થાનમાં આવી જ જાય છે. કોઈ પણ પ્રકૃતિનો ઉદય જુદો નથી તેથી તે જુદા ગણાતા નથી. આ કારણે તીર્થંકરપ્રભુના ૬ અને સામાન્ય કેવલીપ્રભુના (૨૦ - ૮નો એક-એક એમ) ૨ ઉદયભાંગા મળીને કેવલીપ્રભુના ૮ ઉદયભાંગા લેવાશે. જ્યાં સામાન્ય મનુષ્યના ઉદયભાંગા નહીં જ લેવાના હોય અને એકલા કેવલી મનુષ્યના જ ઉદયભાંગા લેવાનો પ્રસંગ હશે. ત્યાં કેવલી મનુષ્યના ૬૨ ઉદયભાંગા લેવાશે.

આ પ્રમાણે સામાન્ય મનુષ્યના ૨૬૦૨, વૈક્રિયમનુષ્યના ૩૫, આહારક મનુષ્યના ૭ અને કેવલી મનુષ્યના ૮ મળીને કુલ મનુષ્યગતિમાં ૨૬૫૨ ઉદયભાંગા થાય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

---

દેવોને ૬ ઉદયસ્થાનક ૬૪ ઉદયભાંગા -

દેવોને ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ આમ ૬ ઉદયસ્થાનકો છે. ત્યાં વૈક્રિય તિર્યંચને જે ઉદયસ્થાનક અને ઉદયભાંગા હોય છે. તેમાં ફક્ત વિગ્રહગતિવાળું ૨૧નું ઉદયસ્થાનક વૈ.તિર્યંચ કરતાં વધારે કહેવાનું છે તથા ગતિ આદિની ફેરબદલી સમજી લેવાની છે.

| | | | |
|---|---|---|---|
| (૧) દેવગતિ | (૪) ત્રસ | (૮) આદે. અના.માંથી ૧ | (૧૦ થી ૨૧) |
| (૨) પંચે. જાતિ | (૫) બાદર | (૯) યશ - અયશમાંથી ૧ | બાર ધ્રુવોદયી |
| (૩) દેવાનુપૂર્વી | (૬) પર્યાપ્ત | | આ ૨૧ |
| | (૭) સૌ. દૌ. માંથી ૧ | | પ્રકૃતિનો ઉદય |

દેવોને વિગ્રહ ગતિમાં હોય છે.

આ ૨૧માં પ્રતિપક્ષી ૩ હોવાથી ૮ ઉદયભાંગા થાય છે. દેવોમાં લબ્ધિ અપર્યાપ્તા હોતા નથી. માટે અપર્યાપ્તાના ઉદયવાળા ભાંગા થતા નથી. તેમાં ઉત્પત્તિના પ્રથમ સમયથી શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય ત્યાં સુધી વૈક્રિયશરીર, વૈક્રિય અંગોપાંગ, સમચતુરસ્ર સંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક આમ પાંચ પ્રકૃતિઓનો ઉદય વધે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આનુપૂર્વીનો ઉદય ઘટે છે. તેથી ૨૫નો ઉદય થાય છે. ત્યાં પણ આ ત્રણ જ પ્રતિપક્ષી પ્રકૃતિઓ છે. માટે ૮ ઉદયભાંગા થાય છે. દેવોને સંઘયણનો ઉદય હોતો નથી. માટે ૨૬નો ઉદય સંભવતો નથી તથા શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી પરાઘાત અને શુભવિહાયોગતિ ઉમેરવાથી ૨૭નો ઉદય થાય છે. તેમાં પણ ૮ ઉદયભાંગા થાય છે.

શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થતાં ઉચ્છ્વાસનો ઉદય થાય ત્યારે ૨૮નો ઉદય અને ૮ ઉદયભાંગા અને ઉચ્છ્વાસના અનુદયે [1]ઉદ્યોતનો ઉદય થાય તો પણ ૨૮નો ઉદય અને ૮ ઉદયભાંગા થાય છે. આમ બંને મળીને ૨૮ના ઉદયે કુલ ૧૬ ઉદયભાંગા જાણવા. ૨૮માં સુસ્વર સાથે પણ ૨૯ અને સ્વરના અનુદયે ઉદ્યોતના ઉદયે પણ ૨૯નો ઉદય થાય છે. બંને સ્થાને ૮-૮ કુલ ૧૬ ઉદયભાંગા જાણવા અને સુસ્વર સહિત જે ૨૯નો ઉદય છે. તેમાં ઉદ્યોતનો ઉદય મેળવતાં ૩૦નો ઉદય થાય છે. તેમાં પૂર્વની જેમ ૮ ઉદયભાંગા જાણવા. આ પ્રમાણે દેવોમાં ૨૧-૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦ એમ ૬ ઉદયસ્થાનક અને તેના અનુક્રમે ૮-૮-૮-૧૬-૧૬-૮ મળીને ૬૪ ઉદયભાંગા થાય છે.

નારકીને ૫ ઉદયસ્થાનક અને ૫ ઉદયભાંગા -

નારકીના જીવોને દેવોની જેમ જ ઉદયસ્થાનક હોય છે. પરંતુ સર્વે પણ પ્રકૃતિઓ અશુભ જ ઉદયમાં હોય છે. તેથી સર્વત્ર ૧ - ૧ જ ઉદયભાંગો હોય છે તથા ઉદ્યોતનો ઉદય દેવ - નારકીમાંથી દેવોને જ હોય છે. નારકીને હોતો નથી. તે માટે ઉદ્યોતવાળા ઉદયભાંગા નારકીને સંભવતા નથી. તેથી ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ એમ ૫ ઉદયસ્થાનક અને આ પાંચે ઉદયસ્થાનકે એક એક ઉદયભાંગો હોવાથી કુલ પાંચ ઉદયભાંગા હોય છે. નારકીના જીવોને ઉદયમાં આવેલી ૨૧ આદિ પ્રકૃતિઓ યથોચિત ફેરફાર સાથે દેવોની જેમ જાણવી.

આ પ્રમાણે ચારે ગતિના સર્વે જીવોને આશ્રયી તિર્યંચગતિના ૫૦૭૦, મનુષ્યગતિના ૨૬૫૨, દેવગતિના ૬૪ અને નરકગતિના ૫ મળીને કુલ ઉદયભાંગા ૭૭૯૧ થાય છે. તેનું સામાન્ય ચિત્ર આ પ્રમાણે છે -

(૧) ઉદ્યોતના ઉદયવાળા ૨૮-૨૯-૩૦ ના ઉદયે ૮-૮-૮ એમ ૨૪ ઉદયભાંગા દેવમાં જે સમજાવવામાં આવ્યા છે. તે ભાંગા ઉત્પત્તિકાલે કરણ અપર્યાપ્તાવસ્થામાં હોતા નથી. પરંતુ મૂલશરીરસંબંધી બધી જ પર્યાપ્તિ પૂર્ણ કર્યા બાદ જ્યારે દેવો ઉત્તરવૈક્રિયશરીર બનાવે અને તે શરીર સંબંધી શરીર પર્યાપ્તિ આદિ પૂરી કરે ત્યારે જ ઉદ્યોતનો ઉદય થાય છે. તેથી ઉદ્યોતના ઉદયવાળા ભાંગા ઉત્તરવૈક્રિયમાં જ સમજવા. (उत्तरवेउव्वियं करेंतस्स देवस्स उज्जोवो लब्भइ ચૂર્ણિકાર) તથા (उत्तरवैक्रियं हि कुर्वतो देवस्योद्योतोदयो भवति ટીકાકારશ્રી મલયગિરિજી) તથા (जइदेवुत्तरविक्किय કર્મગ્રંથકાર).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | ૨૦ | ૨૧ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૯ | ૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | - | ૫ | ૧૧ | ૭ | ૧૩ | ૬ | - | - | - | - | - | - | ૪૨ |
| વિકલેન્દ્રિય | - | ૯ | - | - | ૯ | - | ૬ | ૧૨ | ૧૮ | ૧૨ | - | - | ૬૬ |
| સા.પં.તિર્યંચ | - | ૯ | - | - | ૨૮૯ | - | ૫૭૬ | ૧૧૫૨ | ૧૭૨૮ | ૧૧૫૨ | - | - | ૪૯૦૬ |
| વૈ. પં. તિ. | - | - | - | ૮ | - | ૮ | ૧૬ | ૧૬ | ૮ | - | - | - | ૫૬ |
| સા. મનુષ્ય | - | ૯ | - | - | ૨૮૯ | - | ૫૭૬ | ૫૭૬ | ૧૧૫૨ | - | - | - | ૨૬૦૨ |
| વૈ. મનુષ્ય | - | - | - | ૮ | - | ૮ | ૯ | ૯ | ૧ | - | - | - | ૩૫ |
| આહા.મનુષ્ય | - | - | - | ૧ | - | ૧ | ૨ | ૨ | ૧ | - | - | - | ૭ |
| કેવલીમનુષ્ય | ૧ | ૧ | - | - | (૬) | ૧ | (૧૨) | (૧૨)૧ | (૨૪)૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| દેવો | - | ૮ | - | ૮ | - | ૮ | ૧૬ | ૧૬ | ૮ | - | - | - | ૬૪ |
| નારકી | - | ૧ | - | ૧ | - | ૧ | ૧ | ૧ | - | - | - | - | ૫ |
| કુલ | ૧ | ૪૨ | ૧૧ | ૩૩ | ૬૦૦ | ૩૩ | ૧૨૦૨ | ૧૭૮૫ | ૨૯૧૭ | ૧૧૬૫ | ૧ | ૧ | ૭૭૯૧ |

આ પ્રમાણે નામકર્મનાં કુલ ૧૨ ઉદયસ્થાનકો છે અને ૭૭૯૧ ઉદયભાંગા છે. આ વિષય ઘણી જ સ્થિરતાપૂર્વક અવધારી લેવો. ॥ ૨૮ ॥

**इक्कबियालिक्कारस, तित्तीसा छस्सयाणि तित्तीसा ।**
**बारससत्तरससयाणहिगाणि बिपंचसीईहिं ।। २९ ।।**

**अउणत्तीसिक्कारससयाणिहिअ सत्तरसपंचसट्ठीहिं ।**
**इक्किक्कगं च वीसादट्ठुदयंतेसु उदयविही ।। ३० ।।**

**एकद्विचत्वारिंशदेकादश, त्रयस्त्रिंशत्षट्शतानि त्रयस्त्रिंशत् ।**
**द्वादशसप्तदशशताधिकानि द्विपञ्चाशीतिभिः ।। २९ ।।**

**एकोनत्रिंशदेकादशशताधिकानि सप्तदशपञ्चषष्टिभिः ।**
**एकैकं च विंशतेरष्टोदयान्तेषूदयविधयः ।। ३० ।।**

*ગાથાર્થ - ૧ - ૪૨ - ૧૧ - ૩૩ - ૬૦૦ - ૩૩ (બે અને ૮૫ વડે અધિક એવા અનુક્રમે બારસો અને ૧૭૦૦ એટલે કે) ૧૨૦૨, ૧૭૮૫ તથા (સત્તર અને પાંસઠ વડે અધિક એવા અનુક્રમે ઓગણત્રીસસો અને અગીયારસો એટલે કે) ૨૯૧૭ - ૧૧૬૫ તથા ૧ - ૧ એમ ઉદયવિધિ (એટલે કે ઉદયભાંગા) ૨૦ના ઉદયથી માંડીને આઠ સુધીનાં ઉદયસ્થાનોમાં જાણવા. ॥ ૨૯ - ૩૦ ॥*

વિવેચન - ૨૦ના ઉદયથી માંડીને દરેક ઉદયસ્થાનોમાં કુલ ઉદયભાંગા કેટલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયા ? તે આ બે ગાથામાં ગ્રંથકારશ્રી સમજાવે છે. તે ૨૮મી ગાથાના વિવેચનથી અને છેલ્લે આલેખેલા ચિત્રથી સમજાય તેમ છે.

૨૦ના ઉદયે સામાન્યકેવલી પ્રભુનો ૧ ઉદયભાંગો જ હોય છે.

૨૧ના ઉદયે એકેન્દ્રિયના ૫, વિકલેન્દ્રિયના ૯, સામાન્ય તિર્યંચના ૯, સામાન્ય મનુષ્યના ૯, તીર્થંકરપ્રભુનો ૧, દેવોના ૮ અને નારકીનો ૧ મળીને કુલ ૪૨ ઉદયભાંગા હોય છે.

૨૪ના ઉદયે એકેન્દ્રિયના ૧૧ ઉદયભાંગા હોય છે.

૨૫ના ઉદયે એકેન્દ્રિયના ૭, વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહારક મનુષ્યનો ૧, દેવોના ૮ અને નારકીનો ૧ કુલ ૩૩ ઉદયભાંગા છે.

૨૬ના ઉદયે એકેન્દ્રિયના ૧૩, વિકલેન્દ્રિયના ૯, સામાન્ય તિર્યંચના ૨૮૯, સામાન્ય મનુષ્યના ૨૮૯, મળીને કુલ ૬૦૦ ઉદયભાંગા હોય છે.

૨૭ના ઉદયમાં એકેન્દ્રિયના ૬, વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહારક મનુષ્યનો ૧, તીર્થંકરપ્રભુનો ૧, દેવોના ૮ અને નારકીનો ૧ મળીને કુલ ૩૩ ઉદયભાંગા હોય છે.

૨૮ના ઉદયે વિકલેન્દ્રિયના ૬, સામાન્ય પં. તિર્યંચના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારક મનુષ્યના ૨, દેવોના ૧૬ અને નારકીનો ૧ મળીને કુલ ૧૨૦૨ ઉદયભાંગા હોય છે.

૨૯ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૨, સામાન્ય પં. તિર્યંચના ૧૧૫૨, વૈક્રિય પં. તિર્યંચના ૧૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારક મનુષ્યના ૨, તીર્થંકર પ્રભુનો ૧, દેવના ૧૬ અને નારકીનો ૧ એમ સર્વે મળીને કુલ ૧૭૮૫ ઉદયભાંગા થાય છે.

૩૦ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૮, સામાન્ય પં. તિર્યંચના ૧૭૨૮, વૈક્રિય પં. તિર્યંચના ૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨, વૈક્રિય મનુષ્યનો ૧, આહારક મનુષ્યનો ૧, કેવલી મનુષ્યનો ૧ અને દેવના ૮ મળીને કુલ ૨૯૧૭ ઉદયભાંગા થાય છે.

૩૧ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૨, સામાન્ય પં. તિર્યંચના ૧૧૫૨ અને તીર્થંકર પ્રભુનો ૧ મળીને કુલ ૧૧૬૫ ઉદયભાંગા થાય છે.

૯ના ઉદયે તીર્થંકર પ્રભુનો ૧ અને ૮ના ઉદયે સામાન્ય કેવલીપ્રભુનો ૧, ઉદયભાંગો જાણવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બારે ઉદયસ્થાનકના મળીને કુલ ૭૭૯૧ ઉદયભાંગા થાય છે. ॥૨૯-૩૦॥

હવે નામકર્મનાં સત્તાસ્થાનક કહે છે -

**तिदुनउई गुणनउई, अडसी छलसी असीइ गुणसीई ।**
**अट्ठयच्छप्पन्नत्तरि, नव अट्ठ य नाम संताणि ।। ३१ ।।**

**त्रिद्विनवतिरेकोननवतिरष्टाशीतिष्षडशीतिः अशीतिरेकोनाशीतिः ।**
**अष्टषट्पञ्चसप्ततिः नवाष्टौ च नामसत्तास्थानानि ।। ३१ ।।**

*ગાથાર્થ - ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૯, ૭૮, ૭૬, ૭૫, ૯ અને ૮ આમ નામકર્મનાં સત્તાસ્થાનો કુલ ૧૨ હોય છે. ॥ ૩૧ ॥*

વિવેચન - નામકર્મની પ્રકૃતિઓ સત્તામાં ૯૩ અથવા ૧૦૩ આમ બંને પ્રકારે ગણવામાં આવે છે. અહીં પાંચ જ બંધનની વિવક્ષા કરીને ૯૩ની સંખ્યાને આશ્રયી સત્તાસ્થાનો કહેલાં છે, તે આ પ્રમાણે છે.

તીર્થંકર નામકર્મ અને આહારકચતુષ્ક જે જીવોએ બાંધેલું છે એટલે કે નામકર્મની સર્વે પ્રકૃતિઓ જેને સત્તામાં છે તેવા જીવોને ૯૩નું સત્તાસ્થાન હોય છે. તીર્થંકર નામકર્મ નથી બાંધ્યું પરંતુ આહારક ચતુષ્ક બાંધ્યું છે તેવા જીવોને ૯૨નું સત્તાસ્થાન હોય છે. જિન નામકર્મ બાંધ્યું છે પરંતુ આહારક ચતુષ્ક નથી બાંધ્યું તેવા જીવોને ૮૯નું સત્તાસ્થાન હોય છે અને જિનનામ તથા આહારક ચતુષ્ક બંને નહીં બાંધનારને ૮૮નું સત્તાસ્થાન હોય છે. આ ૯૩-૯૨-૮૯-૮૮ ચાર સત્તાસ્થાનકને 'પ્રથમ સત્તા ચતુષ્ક' કહેવાય છે.

જિનનામ તથા આહારક ચતુષ્કની સત્તા વિનાના ૮૮ની સત્તાવાળા જીવો પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયમાં જ્યારે જાય છે ત્યારે ત્યાં વૈક્રિય અષ્ટકની ઉદ્‌વલના કરે છે. છઠ્ઠા કર્મગ્રંથની મલયગિરિજીકૃત ટીકામાં આ ૮૮ની સત્તામાંથી એકેન્દ્રિયના ભવમાં પ્રથમ દેવદ્વિક અથવા નરકદ્વિકની ઉદ્‌વલના કરવાથી ૮૬ની સત્તા આવે છે એમ કહ્યું છે. ततो नरकगतिनरकानुपूर्व्योरथवा देवगतिदेवानुपूर्व्योरुद्वलितयोः षडशीतिः આવો પાઠ છે. સામાન્યપણે પ્રકાશિત થયેલાં ગુજરાતી વિવેચનોમાં પણ આમ જ પ્રસિદ્ધ છે.

પરંતુ સિત્તરિની ચૂર્ણિમાં અને સપ્તતિકાના ભાષ્યમાં પહેલું નિયમા દેવદ્વિક જ ઉવેલાય અને ૮૬ની સત્તા થાય, એમ કહેલ છે. (तओ देवगइ-देवगइपाउग्गाणुपुव्वी उव्वलिए छासी भवइ ચૂર્ણિપાઠ) તથા छासीई असई सुरदुगि ઇત્યાદિ મૂલપાઠવાળી ૧૫૩મી સપ્તતિકાભાષ્યની ગાથામાં તથા તેની મેરુતુંગાચાર્યકૃત ટીકામાં પણ પ્રથમ સુરદ્વિકની જ ઉદ્‌વલના થાય અને ૮૬ની સત્તા થાય એમ કહ્યું છે. (ततः



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सुरगतिसुरानुपुर्वीलक्षणे सुरद्विके उद्वलितत्वादसति षडशीतिः, ततो नरकोचितषट्के नरकगतिनरकानुपूर्वीवैक्रियदेहवैक्रियाङ्गोपाङ्गवैक्रियसङ्घातवैक्रियबन्धनलक्षणे उद्वलितत्वादसत्यशीतिः ।

સપ્તતિકા-ભાષ્યની ૧૫૩મી ગાથાની ટીકામાં શ્રી મેરુતુંગાચાર્યશ્રીએ તો આ વિષયની લંબાણપૂર્વકની ચર્ચા કરતાં છેલ્લે કહ્યું છે કે સપ્તતિકાની વૃત્તિમાં (એટલે કે છઠ્ઠા કર્મગ્રંથની ટીકામાં) શ્રી મલયગિરિજી મ.શ્રી વડે નરકદ્વિકની ઉદ્વલના વડે ૮૬ની અને ત્યારબાદ દેવદ્વિક તથા વૈક્રિય ચતુષ્કની ઉદ્વલના વડે ૮૦ની સત્તા જે કહી છે તે સમ્યક્ પ્રકારે સમજાતી નથી. કારણ કે સર્વે પણ જીવો એકેન્દ્રિયપણું પામે છે તે પ્રથમ દેવદ્વિક જ ઉવેલે છે. ત્યારબાદ નરકદ્વિક અને વૈક્રિય ચતુષ્ક યુગપદ્પણે ઉવેલે છે.

કમ્મપયડિની સાક્ષી આપીને તેઓએ આ ટીકામાં આગળ લખતાં - 'एगिंदियस्स सुरदुगमओ सव्वेउ वि नरयदुगं ति' કમ્મપયડિની આ ગાથા લખીને કહ્યું છે કે શ્રી મલયગિરિજી મ.શ્રીએ જ કમ્મપયડિની આ ગાથાની ટીકામાં લખ્યું છે કે એકેન્દ્રિયના જીવો પ્રથમ દેવદ્વિકની જ ઉદ્વલના કરે છે. ત્યારબાદ નરકદ્વિકની ઉદ્વલના કરે છે. છતાં અહીં સપ્તતિકાની ટીકામાં આમ કેમ લખ્યું છે, તે બરાબર સમજાતું નથી. વિશેષાર્થીએ સપ્તતિકાભાષ્યની ટીકાનો આ પાઠ જોવો. આપણે છઠ્ઠા કર્મગ્રંથની ટીકાના આધારે ટીકાકારશ્રી મલયગિરિજીના પાઠને અનુસરીને અર્થ કરીએ છીએ કે-

૮૮માંથી કોઇ પણ એક દ્વિકની ઉદ્વલના એકેન્દ્રિયમાં કરે ત્યારે ૮૬ની સત્તા થાય. તેમાંથી શેષદ્વિક અને વૈક્રિય ચતુષ્કની (એમ ૬ની) ઉદ્વલના કરે ત્યારે ૮૦ની સત્તા થાય. આ ૮૮ - ૮૬ - ૮૦ ત્રણે સત્તાસ્થાનો પૃથ્વીકાયાદિ પાંચે એકેન્દ્રિયમાં આવે છે તથા ૮૦ની સત્તાવાળા પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવો પં. તિર્યંચ - મનુષ્યાદિમાં આવે અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા ન થાય. ત્યાં સુધી ૮૦ની જ સત્તા અને સર્વ પર્યાપ્તિ પૂર્ણ કરે. ત્યારબાદ દેવપ્રાયોગ્ય અથવા નરકપ્રાયોગ્ય બંધ કરે ત્યારે ૮૬ની સત્તા અને દેવ અથવા નરકમાંથી કોઇ પણ એક પ્રાયોગ્ય બંધ કરીને બીજા પ્રાયોગ્ય બંધ કરે ત્યારે ૮૮ની સત્તા પંચેન્દ્રિયના ભવમાં પણ આવે છે.

પૃથ્વીકાય-અપ્કાય અને વનસ્પતિકાયના ભવમાં વૈક્રિયાષ્ટકની ઉદ્વલના કરીને ૮૦ની સત્તાવાળા થઇને તેઉકાય-વાઉકાયમાં જે જીવો જાય તેવા જીવો અથવા પ્રથમથી જ તેઉકાય - વાઉકાયમાં આવીને જ વૈક્રિયાષ્ટકની ઉદ્વલના કરીને ૮૦ની સત્તાવાળા થયા બાદ તે જ જીવો મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે છે. જે જીવો જે કર્મપ્રકૃતિઓ ભવસ્વભાવે બાંધતા જ ન હોય તે જીવો તે ભવમાં વધારે કાલ રહે તો સત્તામાં રહેલી તે પ્રકૃતિઓની ઉદ્વલના કરીને સત્તાનો પણ ક્ષય કરે છે. તેઉકાય-વાઉકાયમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮૮-૮૬-૮૦ની સત્તા થયા બાદ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાલ ગયે છતે મનુષ્યદ્વિકની ઉદ્‌વલના સમાપ્ત થતાં ૭૮ની સત્તા થાય છે. આ ૭૮ની સત્તા જ્યાં સુધી તેઉકાય-વાઉકાયમાં રહે છે ત્યાં સુધી રહે છે અને તેઉકાય-વાઉકાયના ભવમાંથી નીકળીને જે જીવો એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને ગર્ભજ-સંમુર્છિમ પંચેન્દ્રિય તિર્યંચમાં જાય છે. તેઓને પણ તે તે ભવમાં શરીર પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી પ્રથમનાં બે ઉદયસ્થાને નિયમા ૭૮ની જ સત્તા હોય છે. શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ત્રીજા ઉદયસ્થાનથી નિયમા મનુષ્યદ્વિક બાંધે જ છે અને ૮૦ની સત્તા થાય છે.[1]

આ રીતે ઉદ્‌વલના કરતાં ૮૮માંથી ૮૬-૮૦-૭૮ની જે સત્તા આવે છે અને ઉદ્‌વલના કરીને બીજા ભવોમાં જઈને ફરીથી મનુષ્યદ્વિક, વૈક્રિયષટ્ક અને શેષદ્વિક બાંધતાં ૭૮માંથી ૮૦-૮૬-૮૮ની જે સત્તા આવે છે તે સત્તાસ્થાનક એક જ ગણાય છે. કારણ કે પ્રકૃતિઓ તેની તે જ છે. કમ્મપયડિ, સિત્તરીની ચૂર્ણિ, સપ્તતિકાભાષ્ય તથા તેની ટીકા. આ ચારે ગ્રંથો પહેલાં નિયમા દેવદ્વિક જ ઉવેલાય અને ત્યારબાદ નરકદ્વિક અને વૈક્રિયચતુષ્ક ઉવેલાય એમ કહે છે અને છઠ્ઠા કર્મગ્રંથની પૂ. મલયગિરિજીકૃત ટીકા તથા પ્રસિદ્ધ ગુજરાતી વિવેચનો ગમે તે એક દ્વિકની ઉદ્‌વલના કરવાથી ૮૬ની સત્તા થાય એમ લખે છે. આ ૮૬-૮૦-૭૮ એમ ત્રણ સત્તાસ્થાનોને અધ્રુવ સત્તાત્રિક કહેવાય છે.

૯૩-૯૨-૮૯-૮૮ની સત્તાવાળા જીવો જો ઉપશમશ્રેણીમાં ચઢે અને ઉતરે તો ત્યાં નામકર્મની સત્તાનો ફરક પડતો નથી. કારણ કે માત્ર ઉપશમ જ કરે છે અને તે પણ મોહનીયકર્મનો, તથા ઉપશમ કરે તો પણ સત્તા તો રહે જ છે. તેથી ઉપશમશ્રેણીમાં નામકર્મનાં ઉપરોક્ત ચાર સત્તાસ્થાનક જ હોય છે. પરંતુ ક્ષપકશ્રેણીમાં નવમા ગુણસ્થાનકના પ્રથમભાગે ૧૩ નામકર્મ અને થિણદ્ધિત્રિકનો ક્ષય થતાં ઉપરોક્ત ચારે સત્તાવાળા જીવોને અનુક્રમે ૮૦-૭૯-૭૬- ૭૫ આવાં ચાર સત્તાસ્થાનકો થાય છે. તેને 'દ્વિતીય સત્તા ચતુષ્ક' કહેવાય છે. આ ચારે સત્તાસ્થાનો નવમાના બીજા ભાગથી ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી હોય છે.

ચૌદમા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે અનુદયવતી સર્વે પ્રકૃતિઓની સત્તાનો ક્ષય થતાં ચરમસમયે તીર્થંકરપ્રભુને ૯ અને સામાન્યકેવલીને ૮ની સત્તા હોય છે.

(૧) આ બાબતમાં કેટલાક આચાર્યો એમ પણ માને છે કે તેઉ-વાઉમાંથી ૭૮ની સત્તાવાળો થઈને પૃથ્વીકાયાદિ શેષ ભવોમાં જાય ત્યાં સર્વપર્યાપ્તિઓ પૂર્ણ કરે ત્યાં સુધી ૭૮ની સત્તા હોઈ શકે છે. કારણ કે ૭૮ની સત્તાવાળા થઈને અન્ય ભવોમાં આવેલા જીવો મનુષ્યદ્વિક બાંધે જ એવો નિયમ નથી. જુઓ - આ કર્મગ્રંથની ગાથા ૩૪-૩૫નું વિવેચન. પાના નંબર-૯૮/૯૯

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે નામકર્મનાં ૯૩, ૯૨, ૮૯, ૮૮ આ ચાર પ્રથમચતુષ્ક ૮૬ - ૮૦ - ૭૮ આ ત્રણ અધ્રુવસત્તા, ૮૦ - ૭૯ - ૭૬ - ૭૫ આ ચાર દ્વિતીયચતુષ્ક અને ચૌદમાના ચરમ સમયે ૯નું અને ૮નું એમ ૨, સર્વે મળીને ૪ + ૩ + ૪ + ૨ = ૧૩ સત્તાસ્થાનક થાય છે. તેમાં ૮૦નું સત્તાસ્થાનક બે વાર છે તે સંખ્યાતુલ્ય હોવાથી ૧ વાર ગણવાથી નામકર્મનાં કુલ ૧૨ સત્તાસ્થાનક થાય છે. ॥ ૩૧ ॥

**अट्ठ य बारस बारस, बंधोदयसंतपयडिठाणाणि ।**
**ओहेणाएसेण य, जत्थ जहासंभवं विभजे ।। ३२ ।।**

**अष्ट च द्वादश द्वादश, बन्धोदयसत्प्रकृतिस्थानानि ।**
**ओघेनादेशेन च, यत्र यथासम्भवं विभजेत् ।। ३२ ।।**

*ગાથાર્થ - અમે બંધસ્થાનક - ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક અનુક્રમે ૮ - ૧૨ - ૧૨ સમજાવ્યાં. હવે જે જ્યાં સંભવે તે ત્યાં યથાસંભવ ઓઘથી (સામાન્યથી) અને આદેશથી (વિશેષથી) તમારે કહેવાં. ॥ ૩૨ ॥*

जैन साईट JAINSITE.com जयतु शासनम्

વિવેચન - ગ્રંથકારશ્રી શ્રોતાવર્ગ ઉપર સ્થિરતા પૂર્વકના અભ્યાસ માટે પ્રેરણા કરતાં જણાવે છે કે નામકર્મનાં બંધસ્થાનક ૮, ઉદયસ્થાનક ૧૨ અને સત્તાસ્થાનક ૧૨ અમે બહુ જ વિસ્તારપૂર્વક સમજાવ્યાં છે. હવે તમારે ઓઘથી (સામાન્યથી) અને આદેશથી (વિશેષથી) યથાસંભવ વિભાગ કરવાનો રહે છે.

કયાં બંધસ્થાનકો બાંધતા જીવોને કેટલાં ઉદયસ્થાનક હોય ? કેટલા ઉદયભાંગા હોય ? કેટલાં સત્તાસ્થાનક હોય ? આમ વિચારવું તે ઓઘ કહવાય છે. કારણ કે તેમાં ગુણસ્થાનક - માર્ગણસ્થાનક કે જીવસ્થાનક વાર ઝીણવટભરી વિચારણા નથી. સર્વે ગુણસ્થાનકાદિને સામે રાખીને વિચારણા કરાય છે. એટલે તે સામાન્યથી અર્થાત્ ઓઘથી વિચારણા કરી કહેવાય છે.

હવે ઓઘે ઓઘે વિચારણા કર્યા બાદ ૧૪ ગુણસ્થાનકોમાં, ૬૨ માર્ગણાસ્થાનોમાં અને ૧૪ જીવસ્થાનકોમાં કયાં કયાં બંધસ્થાનક અને બંધભાંગા હોય ? તે તે બંધસ્થાનક બાંધતા તે તે જીવોને કયાં કયાં ઉદયસ્થાનક - ઉદયભાંગા અને સત્તાસ્થાનક હોય ? ઈત્યાદિ ઝીણવટભરી વિચારણા કરવી તે વિસ્તારથી અર્થાત્ આદેશથી વિચારણા કરી એમ કહેવાય છે. બંધસ્થાનકાદિ ત્રણેની એકી સાથે વિભાગવાર વિચારણા કરવી તેને 'સંવેધ' કહેવાય છે. જો કે તેઓએ આવી વિચારણા કરવાનું શ્રોતા વર્ગ ઉપર છોડ્યું છે. તો પણ કરુણાના સાગર એવા તેઓ હવે પછીની બે ગાથામાં ઓઘે ઓઘે (સામાન્યથી) સંવેધ અને ત્યાર પછીની ગાથાઓમાં આઠ કર્મોનો આદેશે આદેશે (વિશેષે) સંવેધ સમજાવશે. અત્યંત ધીરજપૂર્વક આ વિષય અવધારવા જેવો છે. ॥૩૨॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नव पणगोदय संता, तेवीसे पणवीस छव्वीसे ।
अट्ठ चउरट्ठवीसे, नव सगिगुणतीसतीसम्मि ।। ३३ ।।

एगेगमेगतीसे, एगे एगुदय अट्ठ संतम्मि ।
उवरयबंधे दस दस, वेअगसंतम्मि ठाणाणि ।। ३४ ।।

नव पञ्चोदयसत्ते, त्रयोविंशत्यां, पञ्चविंशतिषड्विंशत्योः ।
अष्ट चत्वार्यष्टाविंशतौ, नव सप्त एकोनत्रिंशत्त्रिंशतोः ।। ३३ ।।

एकमेकमेकत्रिंशति, एकस्मिन्नेकोदयोऽष्ट सन्ति ।
उपरतबन्धे दश दश, वेदकसतोः स्थानानि ।। ३४ ।।

*ગાથાર્થ - ૨૩-૨૫ અને ૨૬ના બંધે નવ ઉદયસ્થાનક અને પાંચ સત્તાસ્થાનક હોય છે. અઠ્યાવીસના બંધે આઠ ઉદયસ્થાનક અને ચાર સત્તાસ્થાનક હોય છે. ઓગણત્રીસ અને ત્રીસના બંધમાં નવ ઉદયસ્થાનક અને સાત સત્તાસ્થાનક હોય છે.*

*એકત્રીસના બંધસ્થાનકમાં એક ઉદયસ્થાનક અને એક સત્તાસ્થાનક હોય છે. એકના બંધસ્થાનકમાં એક ઉદયસ્થાનક અને આઠ સત્તાસ્થાનક હોય છે. બંધ અટક્યા પછી એટલે કે અબંધે દશ ઉદયસ્થાનક અને દશ સત્તાસ્થાનક હોય છે. ॥ ૩૪ ॥*

વિવેચન - ૨૩નું બંધસ્થાનક અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. ત્યાં ઉત્પન્ન થનારા જીવો આ બંધસ્થાનક બાંધે છે. ૨૩ના આ બંધસ્થાનકના કર્તા (બંધક જીવો) સર્વે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યો હોય છે. આ જીવો જ્યારે મિથ્યાદૃષ્ટિ હોય છે ત્યારે ૨૩નો બંધ કરવાનો સંભવ છે. આ ૨૩નો બંધ કરનારા જીવોનાં ઉદયસ્થાનકો ૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ એમ કુલ ૯ ઉદયસ્થાનક સંભવે છે. શેષ ૨૦-૮-૯નાં ઉદયસ્થાનકો કેવલી પરમાત્માને જ હોય છે અને તેઓ નામકર્મના બંધક જ નથી.

૨૩ના બંધે નવે ઉદયસ્થાનકોમાં એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સામાન્ય પં. તિર્યંચના ૪૯૦૬, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૨ અને વૈક્રિય મનુષ્યના (ઉદ્યોતના ઉદયવાળા જે ભાંગા છે. તે મુનિને જ હોવાથી તેના વિનાના બાકીના) ૩૨. એમ કુલ ૭૭૦૪ ઉદયભાંગા હોય છે. બાકીના ઉદ્યોતવાળા વૈ. મનુષ્યના ૩, આહારક મનુષ્યના ૭, કેવલી ભગવંતના ૮, દેવના ૬૪ અને નારકીના ૫ એમ કુલ ૮૭ ઉદયભાંગા સંભવતા નથી. કારણ કે તે જીવો અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩નો બંધ કરતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્તાસ્થાનકોમાં જે જિનનામવાળાં છે તે ૯૩-૮૯ તથા ક્ષપકશ્રેણીમાં જ આવવાવાળાં ૭૯-૭૬-૭૫-૯-૮ એમ કુલ ૭ સત્તાસ્થાનકો છોડીને બાકીનાં ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ એમ પાંચ સત્તાસ્થાનક ૨૩ના બંધે હોય છે. જિનનામની સત્તાવાળા જીવો તિર્યંચ પ્રાયોગ્ય બંધ જ કરતા નથી. તે માટે ૯૩ - ૮૯ની સત્તા હોતી નથી. ક્ષપકશ્રેણીમાં એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ જ નથી. માટે ક્ષપકશ્રેણીમાં જ આવનારાં સત્તાસ્થાનો પણ ૨૩ના બંધે હોતાં નથી.

૨૧-૨૪-૨૫-૨૬ આ ચાર ઉદયસ્થાનકોમાં ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચે સત્તાસ્થાનક સંભવે છે. કારણ કે તેઉકાય - વાયુકાયને આ ચાર ઉદયસ્થાનક પણ હોય છે અને ૭૮ની સત્તા પણ હોય છે. તથા તેઉ - વાયુમાંથી નીકળીને પૃથ્વીકાયાદિમાં ગયેલાને પ્રથમનાં બે ઉદયસ્થાનક સુધી ૭૮ની સત્તા હોય છે. તેથી પૃથ્વી - અપ્કાય - વનસ્પતિકાયને ૨૧ - ૨૪માં અને વિકલેન્દ્રિય તથા સા.પં. તિર્યંચને ૨૧-૨૬માં ૭૮ની સત્તા સંભવે છે. બાકીનાં ૯૨-૮૮-૮૬-૮૦નાં સત્તાસ્થાનો તો સુખે સુખે સંભવે છે. પરંતુ ૨૭-૨૮-૨૯-૩૦-૩૧ આ પાંચ ઉદયસ્થાનોમાં ૭૮ વિના બાકીનાં ચાર જ સત્તાસ્થાનક હોય છે. કારણ કે આ પાંચ ઉદયસ્થાનો તેઉ - વાઉને છે જ નહીં કે જેથી ૭૮ની સત્તા સંભવે. તથા પૃથ્વીકાયાદિ શેષ જીવોને યથાયોગ્ય આ ઉદયસ્થાનો હોય છે. પરંતુ તેઓને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયેલી હોવાથી અવશ્ય મનુષ્યદ્વિક બાંધે જ છે એટલે ૮૦ આદિ સત્તાસ્થાનો હોય છે. પરંતુ ૭૮ની સત્તા હોતી નથી. આ રીતે વિચારતાં નવ ઉદયસ્થાનવાર કુલ ૪૦ સત્તાસ્થાનો ૨૩ના બંધે થાય છે.[1] તેનું ચિત્ર આ પ્રમાણે -

(૧) ચૂર્ણિકાર, સપ્તતિકાકાર (છટ્ઠા કર્મગ્રંથના કર્તા) તથા તેની ટીકા લખનાર શ્રી મલયગિરિજી મ. શ્રી ૭૮ની સત્તા તેઉ-વાયુને અને ત્યાંથી નીકળીને પૃથ્વીકાયાદિમાં ઉત્પન્ન થયેલા જીવોને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ૨૧-૨૪માં અને ૨૧-૨૬માં જ માને છે. અવૈક્રિય તેઉ-વાઉને ૨૧-૨૪-૨૫-૨૬માં ૭૮ની સત્તા હોય એમ માને છે. (अट्ठत्तरी तेउवाऊपजत्तगे अवेउव्विगे पडुच्च लब्भइ सेसपज्जत्तगेसु अट्ठत्तरी न लब्भइ तेउवाउ वज्जो पज्जत्तगो मणुयगइं (२) नियमा बंधइत्ति काउं । (ચૂર્ણિનો પાઠ) તથા यतस्तेजस्कायिकवायुकायिकवर्जोऽन्यः सर्वोऽपि पर्याप्तको नियमान्मनुष्यगतिमनुष्यापूर्व्यौ बध्नाति (સપ્તતિકાની ટીકાનો પાઠ.)

છતાં સપ્તતિકાભાષ્યની ગાથા ૧૭૯માં પૂ. અભયદેવસૂરિજી મ. તિર્યંચગતિમાં સર્વે ઉદયસ્થાનોમાં ૭૮ની સત્તા હોય છે એમ કહે છે. તેની ટીકામાં ટીકાકાર શ્રી મેરુતુંગાચાર્ય મ.શ્રી આ વાત વધારે સ્પષ્ટ કરે છે. ૧૭૯ ગાથા આ પ્રમાણે -

सव्वत्थ वि अडसयरि, अन्ने तिरियाण उरलउदएसु ।
पणसगवीसुदएसुं तेवीसचउ वि मणुएसु ।। १७९ ॥

| નંબર | ઉદયસ્થાનક | ઉદયભાંગા | સત્તાસ્થાનક | કયાં કયાં |
|---|---|---|---|---|
| ૧ | ૨૧ | ૩૨ | ૫ | ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ |
| ૨ | ૨૪ | ૧૧ | ૫ | ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ |
| ૩ | ૨૫ | ૨૩ | ૫ | ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ |
| ૪ | ૨૬ | ૬૦૦ | ૫ | ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ |
| ૫ | ૨૭ | ૨૨ | ૪ | ૯૨, ૮૮, ૮૬, ૮૦ |
| ૬ | ૨૮ | ૧૧૮૨ | ૪ | ૯૨, ૮૮, ૮૬, ૮૦ |
| ૭ | ૨૯ | ૧૭૬૪ | ૪ | ૯૨, ૮૮, ૮૬, ૮૦ |
| ૮ | ૩૦ | ૨૯૦૬ | ૪ | ૯૨, ૮૮, ૮૬, ૮૦ |
| ૯ | ૩૧ | ૧૧૬૪ | ૪ | ૯૨, ૮૮, ૮૬, ૮૦ |
| કુલ | ૯ | ૭૭૦૪ | ૪૦ | ૪૦ |

૨૩ના બંધનો સંવેધ -

૨૧ના ઉદયે એકેન્દ્રિયના ૫, વિકલેન્દ્રિયના ૯, સા. તિર્યંચના ૯ એમ ૨૩ ઉદયભાંગાઓમાં પાંચ સત્તાસ્થાનક હોય છે. પરંતુ મનુષ્યના ૯ ઉદયભાંગામાં ૭૮ વિના ૪ સત્તાસ્થાનક હોય છે. કારણ કે મનુષ્યોને મનુષ્યદ્વિકની સત્તા અવશ્ય હોય જ. આ રીતે ૨૩x૫=૧૧૫+૯x૪=૩૬=૧૫૧ સત્તાસ્થાન ૨૧ના ઉદયે થાય છે.

૨૪ના ઉદયે એકેન્દ્રિયના ૧૧ ઉદયભાંગામાં વૈક્રિય વાઉકાયના ૧ ઉદયભાંગે ૯૨, ૮૮, ૮૬ એમ ૩ સત્તાસ્થાન હોય, કારણ કે વૈક્રિયની વિકુર્વણા કરેલી હોવાથી તેની સત્તા છે જ. વૈક્રિયની ઉદ્‌વલના કરી નથી. તે સિવાયના ૧૦ ઉદયભાંગામાં ૭૮ સાથે પાંચ પાંચ સત્તાસ્થાન ઘટી શકે છે. ૧૦ x ૫ = ૫૦ +૩=૫૩ સત્તાસ્થાનક ૨૪ના ઉદયે થાય છે.

---

અન્ય આચાર્યો કહે છે કે ઔદારિકશરીરવાળા ઉદયસ્થાનોમાં (૨૧ - ૨૪ - ૨૫ - ૨૬ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧માં) સર્વત્ર ૭૮ની સત્તા હોય છે. ટીકામાં ખુલાસો કર્યો છે કે તેઉ - વાયુમાંથી ૭૮ની સત્તાવાળા થઈને પૃથ્વીકાયાદિ શેષ તિર્યંચોમાં ઉત્પન્ન થનારા આ જીવો શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા થવા છતાં મનુષ્યદ્વિક બાંધે જ એવો નિયમ નથી. તેથી જ્યાં સુધી મનુષ્યદ્વિક ન બાંધે ત્યાં સુધી સર્વત્ર ૭૮ની સત્તા હોય છે. આ મતાન્તર જાણવો.

તથા વૈક્રિયતિર્યંચ અને વૈક્રિય મનુષ્યો મિથ્યાદૃષ્ટિ હોય તો ૨૩નો બંધ કરે એમ સપ્તતિકામાં, ચૂર્ણિમાં, સપ્તતિકાની મલયગિરિજીકૃત ટીકામાં કહ્યું છે. પરંતુ સપ્તતિકાભાષ્યમાં આ જ ૧૭૯ની ગાથામાં કહ્યું છે કે વૈક્રિય તિ. અને વૈક્રિય મ. દેવતુલ્ય હોવાથી એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩નો બંધ કરતા નથી. તેથી વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યના ઉદયભાંગા અનુક્રમે ૫૬ અને ૩૨ આ એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ના બંધે ન લેવા. ઈત્યાદિ બાબત ધ્યાનમાં લેવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૫ના ઉદયે એકેન્દ્રિયના ૭ ઉદયભાંગા છે. તેમાં ૧ વૈ. વાઉકાયના ભાંગે ૯૨, ૮૮, ૮૬ એમ ૩ સત્તાસ્થાનક હોય છે. બાકીના ૬ ઉદયભાંગામાંથી જે ભાંગા તેઉ - વાયુમાં સંભવે છે તેમાં ૭૮ સાથે પાંચ સત્તા અને જે ભાંગા પૃથ્વી અપ્-વનસ્પતિમાં જ સંભવે તેવા છે. ત્યાં શરીર પર્યાપ્તિ પૂર્ણ થયેલી હોવાથી મનુષ્યદ્વિક અવશ્ય બંધાય જ છે. માટે ૭૮ વિના ૪ સત્તા હોય છે. - (૧) બાદર - પર્યાપ્ત - પ્રત્યેક - અયશ અને (૨) સૂક્ષ્મ - પર્યાપ્ત - પ્રત્યેક - અયશ આ બે ભાંગા તેઉ - વાયુમાં સંભવે છે. તેથી તેમાં પાંચ સત્તાસ્થાન અને બાકીના ૪ ભાંગા (૧. બા.પ.પ્ર. યશ, ૨. બા.પ.સા. યશ, ૩. બા.પ.સા. અયશ, ૪. સૂ.પ.સા. અયશ)માં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાન હોય છે. તેઉ - વાયુને યશ અને સાધારણનો ઉદય નથી. તેથી આ ચાર ભાંગામાંથી પહેલો ભાંગો પૃથ્વીકાય - અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિ કાયને હોય છે અને બાકીના પાછળના ત્રણે ભાંગા સાધારણ વનસ્પતિકાયને ઘટે છે. ત્યાં શરીરપર્યાપ્તિ પૂર્ણ થયેલી છે. માટે ૭૮ વિના ૪ સત્તાસ્થાન હોય છે. વૈ. તિર્યંચ અને વૈ. મનુષ્યના ૮ + ૮ = ૧૬ ભાંગામાં ૯૨ અને ૮૮ એમ બે જ સત્તાસ્થાન હોય છે. ૧ x ૩ = ૩ । ૨x૫=૧૦ । ૪ x ૪ = ૧૬ । ૧૬ x ૨ = ૩૨ । કુલ ૬૧ સત્તાસ્થાન ૨૫ના ઉદયે થાય છે.

૨૬ના ઉદયે વૈ. વાઉકાયના ૧ ભાંગામાં ૯૨, ૮૮, ૮૬ એમ ૩ સત્તા હોય છે. બાકીના એકેન્દ્રિયના ૧૨ ભાંગામાંથી તેઉ - વાઉમાં ઘટી શકે તેવા ઉચ્છ્વાસ સાથે બાદર પ.પ્ર. અયશ અને સૂક્ષ્મ-પ-પ્ર-અયશ આ બે ભાંગામાં પાંચ સત્તા ઘટે છે. બાકીના ઉચ્છ્વાસવાળા ૪, ઉદ્યોતવાળા ૪ અને આતપવાળા ૨ એમ કુલ ૧૦ ઉદયભાંગામાં ૭૮ વિના ચાર ચાર સત્તા હોય છે. વિકલે.ના ૯ અને સા. તિર્યંચના ૨૮૯માં શરીરપર્યાપ્તિ સમાપ્ત થયેલ ન હોવાથી ૭૮ સાથે ૫. અને મનુષ્યના ૨૮૯ ભાંગામાં ૭૮ વિના ૪ સત્તાસ્થાન હોય છે. આ રીતે ૨૬ના ઉદયે ૧ x ૩ = ૩। ૨ x ૫ = ૧૦ । ૧૦ x ૪ = ૪૦ । ૯ x ૫ = ૪૫ । ૨૮૯ x ૫ = ૧૪૪૫। ૨૮૯ x ૪ = ૧૧૫૬। ૨૬ના ઉદયે કુલ ૨૬૯૯ સત્તાસ્થાન થાય છે.

૨૭ના ઉદયે એકેન્દ્રિયના ૬ ભાંગા છે. આ છએ ભાંગામાં ૭૮ વિના ૪ સત્તા હોય છે. કારણ કે તે ભાંગા આતપ-ઉદ્યોતના ઉદયવાળા છે. તેથી પૃથ્વીકાય-અપ્કાય અને વનસ્પતિકાયમાં યથોચિત સંભવે છે. ત્યાં શરીર પર્યાપ્તિ પૂર્ણ થયેલી હોવાથી ૭૮ની સત્તા હોતી નથી. તેઉકાય-વાયુકાયમાં આ ભાંગા ઘટતા નથી. વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યના આઠ આઠ ભાંગાએ ૯૨-૮૮ એમ બે બે સત્તા હોય છે. ૬x૪=૨૪ । ૮x૨=૧૬ । ૮x૨=૧૬ । કુલ ૫૬ સત્તાસ્થાન ૨૭ના ઉદયે થાય છે.

૨૮ના ઉદયે વિકલે.ના ૬, સા.પં. તિર્યંચના ૫૭૬, સા. મનુષ્યના ૫૭૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાંગામાં ચાર ચાર સત્તા, વૈ. તિર્યંચના ૧૬ અને વૈ. મનુષ્યના ૮માં ૯૨-૮૮ એમ બે સત્તા। ૬x૪=૨૪ । ૫૭૬x૪=૨૩૦૪ । ૫૭૬x૪=૨૩૦૪ । ૧૬x૨=૩૨ । ૮x૨=૧૬ । કુલ સર્વે મળીને ૪૬૮૦ સત્તાસ્થાન ૨૮ના ઉદયે થાય છે.

૨૯ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૨, સા. તિર્યંચના ૧૧૫૨, સા. મનુષ્યના ૫૭૬ ઉદયભાંગામાં ૭૮ વિના ૪, વૈ. તિર્યંચના ૧૬ અને વૈ. મનુષ્યના ૮માં બે સત્તા હોય છે. ૧૨x૪ = ૪૮ । ૧૧૫૨x૪ = ૪૬૦૮ । ૫૭૬x૪ = ૨૩૦૪। ૧૬x૨ = ૩૨ અને ૮x૨ = ૧૬ । સર્વે મળીને ૨૯ના ઉદયે કુલ ૭૦૦૮ સત્તાસ્થાન હોય છે.

૩૦ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૮, સા. તિર્યંચના ૧૭૨૮ અને સા. મનુષ્યના ૧૧૫૨ ભાંગામાં ૭૮ વિના ૪ સત્તા, વૈ. તિર્યંચના ૮માં ૨ સત્તા હોય છે. ૧૮ x ૪ = ૭૨ । ૧૭૨૮ x ૪ = ૬૯૧૨ । ૧૧૫૨ x ૪ = ૪૬૦૮ । ૮ x ૨ = ૧૬। કુલ ૧૧૬૦૮ સત્તાસ્થાન થાય છે.

૩૧ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૨, સા. તિર્યંચના ૧૧૫૨માં ચાર ચાર સત્તા હોય છે. ૧૨x૪=૪૮ । ૧૧૫૨x૪=૪૬૦૮ । કુલ ૪૬૫૬ સત્તાસ્થાન થાય છે.

આ રીતે નવે ઉદયસ્થાને ઉદયભાંગાથી ગુણિત સત્તાસ્થાનો જો જાણવાં હોય તો અનુક્રમે ૧૫૧, ૫૩, ૬૧, ૨૬૯૯,૫૬, ૪૬૮૦, ૭૦૦૮, ૧૧૬૦૮ અને ૪૬૫૬ થાય છે. સર્વે મળીને ૩૦૯૭૨ સત્તાસ્થાન થાય છે. તે ૨૩ના બંધના ૪ બંધભાંગામાં એક એક બંધભાંગે આટલાં ઉદયસ્થાન, ઉદયભાંગા અને ઉદયભાંગા વાર આટલાં સત્તાસ્થાન હોઈ શકે છે. તેથી ૨૩ના બંધે નવે ઉદયે થઈને ઉદયભાંગાથી ગુણિત ૩૦૯૭૨ x ૪ (બંધભાંગાથી ગુણતાં) = ૧,૨૩,૮૮૮ એક લાખ ત્રેવીસ હજાર આઠસો અઠ્યાસી સત્તાસ્થાનકો હોઈ શકે છે.

---

૨૫ના બંધનો સંવેધ -

૨૫નું બંધસ્થાનક પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય (૨૦ બંધભાંગા), અપર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૩ બંધભાંગા), અપર્યાપ્ત તિર્યંચ પ્રાયોગ્ય (૧) અને અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય (૧) બંધભાંગો છે. તેના કુલ ૨૦+૩+૧+૧=૨૫ બંધભાંગા થાય છે.

સામાન્યથી ૨૧થી ૩૧ સુધીનાં ૯ ઉદયસ્થાનક છે. ઉદ્યોતવાળા વૈ. મનુષ્યના ૩, આહારક મનુષ્યના ૭, કેવલી ભગવંતના ૮ અને નારકીના ૫ એમ ૨૩ ભાંગા છોડીને બાકીના ૭૭૬૮ ઉદયભાંગા હોય છે. ૨૩ના બંધમાં ૭૭૦૪ ઉદયભાંગા હતા. તેમાં દેવોના ૬૪ ભાંગા ઉમેરતાં ૭૭૬૮ ઉદયભાંગા અહીં સંભવે છે અને સત્તાસ્થાનક ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ - ૭૮ એમ પૂર્વોક્ત પાંચ જ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૧ - ૨૪ - ૨૫ - ૨૬ આ પ્રથમનાં ચાર ઉદયસ્થાનકમાં ૭૮ની સત્તા સંભવતી હોવાથી પાંચ પાંચ સત્તાસ્થાન અને પાછળનાં પાંચે ઉદયસ્થાનોમાં ૭૮ની સત્તા ન હોવાથી ચાર ચાર સત્તાસ્થાન હોય છે. તેથી ૨૩ના બંધની જેમ ઉદયસ્થાનવાર જુદી જુદી સત્તા ગણતાં ૪૦ સત્તાસ્થાન થાય છે. ભાંગા વાર સત્તા વિચારવી હોય તો ૨૩ના બંધની જેમ સત્તા છે. પણ દેવોના ૬૪ ઉદયભાંગા બંધક તરીકે જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં ૯૨ - ૮૮ એમ બે-બે સત્તાસ્થાન વધારે જાણવાં.

૨૫ના બંધના ૨૫ બંધભાંગા છે. તેમાં એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ના બંધના જે ૨૦ બંધભાંગા છે. તેમાં બાદર-પર્યાપ્તા-પ્રત્યેકના બંધવાળા ૮ બંધભાંગાનો સંવેધ કંઈક જુદો છે. કારણ કે તે ૮ ભાંગા દેવો પણ બાંધે છે તેથી ત્યાં ૭૭૦૪+૬૪= ૭૭૬૮ ઉદયભાંગા હોય છે. તથા બાકી રહેલા એકેન્દ્રિયના ૧૨ બંધભાંગા, અપર્યાપ્તા વિકલેન્દ્રિયના ૩ બંધભાંગા અને અપર્યાપ્તા તિર્યંચનો ૧ બંધભાંગો એમ ૧૬ બંધભાંગાનો સંવેધ બરાબર ૨૩ના બંધની જેમ જ છે. કારણ કે જે ૨૩ના બંધક છે તે જ તેને બાંધનારા છે તેથી ત્યાં ૭૭૦૪ ઉદયભાંગા હોય છે. તથા અપર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય જે ૧ બંધભાંગો છે તેનો સંવેધ પણ ૨૩ના બંધની જેમ જ જાણવો. તફાવત માત્ર એટલો જ છે કે ૨૩ના બંધકમાં જ્યાં જ્યાં પાંચ સત્તા કહી હોય ત્યાં ત્યાં સર્વત્ર અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય આ બંધભાંગે ૭૮ વિના ૪ સત્તા કહેવી. કારણ કે મનુષ્યપ્રાયોગ્ય બંધમાં મનુષ્યદ્વિકની સત્તા અવશ્ય હોય જ છે અને વૈક્રિય વાઉકાયના ૩ ઉદયભાંગા ન લેવા. કારણ કે તેઉ-વાયુના જીવો મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરતા નથી. જેથી ૭૭૦૧ ઉદયભાંગા જાણવા.

એકેન્દ્રિય પ્રાયોગ્ય ૧૨, વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩ અને પં. તિર્યંચ પ્રાયોગ્ય ૧ એમ ૧૬ બંધભાંગાનો સંવેધ સંપૂર્ણપણે ૨૩ના બંધની જેમ જ છે. તેથી ૨૧ થી ૩૧ સુધીનાં કુલ ૯ ઉદયસ્થાન, ૭૭૦૪ ઉદયભાંગા, સામાન્યથી ૫ સત્તાસ્થાન, ઉદય સ્થાનવાર વિચારીએ તો ૪૦ સત્તાસ્થાન અને ઉદયભાંગાવાર વિચારીએ તો ૨૩ના બંધની જેમ ૩૦૯૭૨ સત્તાસ્થાન હોય છે. (ગ્રંથગૌરવના ભયથી તે ફરીથી લખતા નથી.) આ ૩૦૯૭૨ને ૧૬ બંધભાંગા વડે ગુણીએ તો ૧૬ બંધભાંગામાં ૪,૯૫,૫૫૨ સત્તાસ્થાન થાય છે.

૮ બંધભાંગામાં ૨૩ના બંધની જેમ તો છે જ. તદુપરાંત દેવો બંધક તરીકે વધારે છે. તેના ૬૪ ઉદયભાંગા વધારે છે. દરેક ઉદયભાંગે બે બે સત્તા વધારે છે. એટલે ૨૧ થી ૩૧ એમ કુલ ૯ ઉદયસ્થાનક, ૭૭૬૮ ઉદયભાંગા, સામાન્યથી ૫ સત્તાસ્થાનક, ઉદયસ્થાનવાર ૪૦ સત્તાસ્થાનક અને ઉદયભાંગા વાર ગુણીએ તો ૩૦૯૭૨ જે ૨૩ના બંધે સત્તા થઈ છે. તેમાં દેવોના ૬૪ ભાંગામાં બે બે સત્તા ગણતાં ૧૨૮ સત્તાસ્થાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉમેરીએ એટલે ૩૧૧૦૦ સત્તાસ્થાન થાય છે. તેને ૮ બંધ ભાંગાથી ગુણીએ તો ૩૧૧૦૦×૮=૨,૪૮,૮૦૦ સત્તાસ્થાન આઠ બંધભાંગે ૨૫ના બંધે હોય છે.

અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૧ બંધભાંગે ૨૧ થી ૩૧ કુલ ૯ ઉદયસ્થાન, વૈક્રિય વાઉકાયના ૩ ઉદયભાંગા છોડીને ૭૭૦૧ ઉદયભાંગા હોય છે અને ૨૧ થી ૩૧ સુધીના નવે ઉદયસ્થાનકે ૯૨, ૮૮, ૮૬, ૮૦ એમ ૪ - ૪ સત્તાસ્થાન હોય છે. એટલે ૯ (ઉદયસ્થાનક) X ૪ = ૩૬ સત્તાસ્થાનક ઉદયવાર થાય છે. ઉદયભાંગાવાર સત્તાસ્થાનક આ પ્રમાણે છે. એકેન્દ્રિયના ૩૯ ઉદયભાંગામાં, વિકલેન્દ્રિયના ૬૬ ઉદયભાંગામાં, સા. તિર્યંચના ૪૯૦૬ અને સામાન્ય મનુષ્યના ૨૬૦૨ ઉદયભાંગામાં સર્વત્ર ૭૮ વિના ચાર ચાર સત્તા હોય છે અને વૈક્રિય તિર્યંચના ૫૬ તથા વૈક્રિય મનુષ્યના ૩૨ ઉદયભાંગામાં ૯૨ - ૮૮ એમ બે બે સત્તાસ્થાન હોય છે. ૩૯ X ૪ = ૧૫૬ । ૬૬ X ૪ = ૨૬૪ । ૪૯૦૬ X ૪ = ૧૯૬૨૪ । ૨૬૦૨ X ૪ = ૧૦૪૦૮ । ૫૬ X ૨ = ૧૧૨ । ૩૨ X ૨ = ૬૪ । સર્વે મળીને કુલ ૩૦૬૨૮ થાય છે. તેને ૧ બંધભાંગાથી ગુણીએ તો પણ આટલી જ સત્તા થાય છે. આ પ્રમાણે ૨૫ના બંધે -

| | | | |
|---|---|---|---|
| ૧૬ | બંધભાંગામાં ૭૭૦૪ ઉદયભાંગા, | ૪,૯૫,૫૫૨ | સત્તાસ્થાન. |
| ૮ | બંધભાંગામાં ૭૭૬૮ ઉદયભાંગા, | ૨,૪૮,૮૦૦ | સત્તાસ્થાન. |
| ૧ | બંધભાંગામાં ૭૭૦૧ ઉદયભાંગા, | ૩૦૬૨૮ | સત્તાસ્થાન. |
| કુલ ૨૫ | બંધભાંગામાં પચ્ચીસના બંધે | ૭,૭૪,૯૮૦ | સત્તાસ્થાન હોય છે. |

---

૨૬ના બંધનો સંવેધ -

૨૬નો બંધ બાદર પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. તેના ૧૬ બંધભાંગા છે તેને બાંધનારા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સામાન્ય તિર્યંચ, વૈક્રિય તિર્યંચ, સામાન્ય મનુષ્ય, (ઉદ્યોતના ઉદય વિનાના) વૈક્રિય મનુષ્ય અને દેવો હોય છે. તેના ૭૭૬૮ ઉદયભાંગા પૂર્વની જેમ જાણવા. સત્તાસ્થાનક સામાન્યથી પાંચ, ઉદયસ્થાનવાર વિચારીએ તો ૪૦ થાય છે. ઉદયભાંગાવાર વિચારીએ તો આ પ્રમાણે છે. ૨૫ના બંધે બાદર-પર્યાપ્ત પ્રત્યેકના ૮ ભાંગામાં જે સત્તાસ્થાનક કહ્યાં. તે જ અહીં હોય છે. કારણ કે આ ૮ બંધભાંગાના બંધક તરીકે ત્યાં જેમ દેવો લીધા છે. તેમ અહીં ૨૬ના બંધે પણ દેવો બંધક તરીકે લેવાના છે. તેથી ૨૬ના બંધના ૧૬ બંધભાંગામાં બંધક તરીકે દેવો લેવાના હોવાથી ૨૩ના બંધની જેમ ૩૦૯૭૨ સત્તા ઉપરાંત દેવોના ૬૪X૨ = ૧૨૮ સત્તા ઉમેરતાં ૩૧૧૦૦ સત્તાસ્થાન ઉદયભાંગાવાર થાય છે. તેને ૧૬ બંધભાંગાથી ગુણતાં

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૪,૯૭,૬૦૦ સત્તાસ્થાન થાય છે. આ પ્રમાણે ૨૩-૨૫-૨૬ના બંધે ૯ ઉદયસ્થાન અને ૫ સત્તાસ્થાન હોય છે. તે ગાથાના પૂર્વાર્ધનો અર્થ અહીં પૂર્ણ થાય છે.

---

૨૮ના બંધનો સંવેધ -

**अट्ठ चउरट्ठवीसे** = ૨૮ના બંધે ૮ ઉદયસ્થાનક અને ૪ સત્તાસ્થાનક સામાન્યથી હોય છે. ૨૮નો બંધ દેવ પ્રાયોગ્ય પણ છે અને નરક પ્રાયોગ્ય પણ છે. તેના અનુક્રમે ૮ અને ૧ મળીને કુલ ૯ બંધભાંગા છે. તેને બાંધનારા જીવો લબ્ધિ પર્યાપ્ત સામાન્ય તિર્યંચો, વૈક્રિય તિર્યંચો, લબ્ધિ પર્યાપ્ત સામાન્ય મનુષ્યો, વૈક્રિય મનુષ્યો અને આહારક મનુષ્યો હોય છે. ૨૧ - ૨૬ના ઉદયમાં લબ્ધિ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યનો જે એક એક ઉદયભાંગો છે તેમાં વર્તતા તિર્યંચો અને મનુષ્યો લબ્ધિ અપર્યાપ્તા હોવાથી વિશિષ્ટ વિશુદ્ધિ અને વિશિષ્ટ સંક્લેશવાળા ન હોવાથી દેવ - નરક પ્રાયોગ્ય બંધ કરતા નથી. અપર્યાપ્તા હોવાથી માનસિક વિશિષ્ટ શુદ્ધિ કે અશુદ્ધિ સંભવતી નથી. તેથી તે ૪ ઉદયભાંગા વર્જી દેવા. તથા એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-દેવો-નારકી અને કેવલી ભગવંતો આ ૨૮નો બંધ કરતા જ નથી. તેથી સા. તિર્યંચના ૪૯૦૪, વૈ. તિર્યંચના ૫૬, સા. મનુષ્યના ૨૬૦૦, વૈ. મનુષ્યના ૩૫ અને આહારક મનુષ્યના ૭ મળીને ૭૬૦૨ ઉદયભાંગા સંભવે છે. (બાકીના એકે.ના ૪૨, વિકલે.ના ૬૬, અપર્યાપ્તા તિર્યંચ - મનુષ્યના ૨, ૨, દેવોના ૬૪, નારકીના ૫, કેવલી ભગવંતના ૮ મળીને કુલ ૧૮૯ ઉદયભાંગા ૨૮ના બંધે સંભવતા નથી.)

આ દેવ - નરક પ્રાયોગ્ય બંધ છે. તેથી ૯૨, ૮૯, ૮૮, ૮૬ એમ ૪ સત્તાસ્થાનક હોય છે. ૯૩ની અને ૮૯ની સત્તામાં જિનનામની સત્તા છે. જિનનામની જેને સત્તા હોય તેને જો સમ્યક્ત્વ હોય તો અવશ્ય જિનનામનો બંધ થાય જ છે અને તે જીવો નિયમા સમ્યગ્દષ્ટિ જ હોવાથી જિનનામ બંધાવાથી બંધ ૨૯નો થઈ જાય. અત્યારે આપણે ૨૮ના બંધની વિચારણા કરીએ છીએ. તેથી સમ્યગ્દષ્ટિ જીવોને ૨૮ના બંધે ૯૩ની કે ૮૯ની સત્તા સંભવતી નથી. પરંતુ જે જીવોએ પ્રથમ નરકાયુષ્ય બાંધીને ક્ષયોપશમ સમ્યક્ત્વ પામીને જિનનામ બાંધ્યું છે તેવા જીવોને નરકાભિમુખ કાલે મિથ્યાત્વ ગુણઠાણે જિનનામના બંધ વિના પણ જિનનામની સત્તા અંતર્મુહૂર્ત માત્ર હોય છે. તેથી ત્યાં ૮૯ની સત્તા હોઈ શકે છે. ૯૩ની સત્તા મિથ્યાત્વે સંભવતી નથી. કારણ કે 'नोभयसंते मिच्छो' ઉભયની સત્તાવાળો જીવ મિથ્યાત્વે જતો નથી. આ કારણે ૨૮ના બંધે ૯૩ની સત્તા નથી. પણ ૮૯ની સત્તા અંતર્મુહૂર્ત માત્ર હોય છે તથા ૮૦ અને ૭૮ની સત્તામાં વૈક્રિયાષ્ટક નથી અને આ દેવ -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નરકપ્રાયોગ્ય બંધ હોવાથી વૈક્રિયાષ્ટક અવશ્ય બંધ અને સત્તામાં હોય જ છે. બીજાં સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં અને કેવલી પરમાત્માને હોય છે. ત્યાં ૨૮નો બંધ નથી. તે માટે શેષ સત્તાસ્થાનો અહીં ઘટતાં નથી. ઉપરોક્ત ચાર જ સત્તાસ્થાન સંભવે છે.

૨૮ના બંધે ૯૨ - ૮૮ની સત્તા તો સ્વાભાવિકપણે હોય છે, તે સહજપણે સમજાય તેમ છે અને પૂર્વે નરકાયુષ્ય બાંધી, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામી, જિનનામ બાંધીને નરકાભિમુખ થયેલા મિથ્યાદૃષ્ટિ જીવને ૮૯ની સત્તા પણ હોય છે તથા એકેન્દ્રિયમાં જઈને વૈક્રિય અષ્ટક ઉવેલીને ૮૦ની સત્તાવાળો થયેલો તે જીવ જ્યારે પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યમાં આવે અને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તો થાય ત્યારે કરણપર્યાપ્તાવસ્થામાં ૩૦ - ૩૧ના ઉદયે દેવપ્રાયોગ્ય દેવષટ્ક બાંધતાં અથવા નરકપ્રાયોગ્ય નરકષટ્ક બાંધતાં ૨૮ના બંધે ૮૬ની સત્તાવાળો પણ હોય છે.

નરકપ્રાયોગ્ય ૨૮નો બંધ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યો મિથ્યાદૃષ્ટિ હોય તે જ કરે છે. લબ્ધિ અપર્યાપ્તા કે કરણ અપર્યાપ્તા જીવો નરકપ્રાયોગ્ય બંધ કરતા નથી. દેવપ્રાયોગ્ય ૨૮નો બંધ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ એમ બંને કરે છે. ત્યાં જો મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો દેવપ્રાયોગ્ય ૨૮નો બંધ કરે તો નિયમા સર્વપર્યાપ્તિએ પર્યાપ્તા ૩૦ - ૩૧ના ઉદયવાળા હોય તે જ કરે છે. પરંતુ જો સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો દેવ પ્રાયોગ્ય ૨૮નો બંધ કરે તો લબ્ધિપર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા જીવો ઉત્પત્તિના પ્રથમ સમયથી જ દેવ પ્રાયોગ્ય ૨૮નો બંધ કરી શકે છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ - મનુષ્યોને અન્ય ગતિપ્રાયોગ્ય બંધ ન હોવાથી દેવ પ્રાયોગ્ય જ બંધ થાય છે. તેથી ૨૧ - ૨૬ - ૨૮ - ૨૯ આદિ ઉદયસ્થાનો દેવપ્રાયોગ્ય બંધમાં ઘટી શકે છે. આ રીતે વિચારતાં દેવ - નરક પ્રાયોગ્ય ૨૮નો બંધ સાથે વિચારીએ ત્યારે ૨૧ - ૨૫ - ૨૬ - ૨૭ - ૨૮ - ૨૯ આ ૬ ઉદયસ્થાનકમાં ૯૨ - ૮૮ બે બે સત્તા હોય છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવો હોવાથી જો જિનનામની સત્તા લઈએ તો જિનનામનો બંધ પણ થાય જેથી બંધ ૨૯નો થઈ જાય માટે ૯૩-૮૯ની સત્તા ન હોય. તથા આ જીવો સમ્યગ્દૃષ્ટિ હોવાથી ઉદ્વલના યોગ્ય ભવોમાંથી આવેલા નથી માટે ૮૦-૮૬ સત્તાસ્થાન પણ સંભવતાં નથી. ૩૦ના ઉદયમાં ૯૨, ૮૮, ૮૯, ૮૬ એમ ૪ સત્તાસ્થાન હોય છે અને ૩૧ના ઉદયે ફક્ત ૯૨, ૮૮, ૮૬ એમ ૩ સત્તાસ્થાન સંભવે છે. કુલ ૬ x ૨ = ૧૨ + ૪ + ૩ = ૧૯ સત્તાસ્થાનક ઉદયસ્થાન પ્રમાણે થાય છે. ઉદયભાંગાવાર વિચાર આ પ્રમાણે છે -

દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધે ૮ બંધભાંગા, ૨૧ - ૨૫ - ૨૬ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ એમ કુલ ૮ ઉદયસ્થાનક, તેને બાંધનારા સામાન્ય તિર્યંચના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૯૦૪, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૦, વૈક્રિય મનુષ્યના ૩૫ અને આહારક મનુષ્યના ૭ મળીને ૭૬૦૨ ઉદયભાંગા હોય છે. આહારકના ૭ ભાંગામાં ફક્ત એક ૯૨નું જ સત્તાસ્થાન હોય છે તથા કરણ પર્યાપ્તા એવા પં. તિર્યંચના ૩૦ના ઉદયના સ્વરવાળા ૧૧૫૨ ભાંગામાં, ૩૧ના ઉદયના ૧૧૫૨ ભાંગામાં અને સામાન્ય મનુષ્યના ૩૦ના ઉદયના ૧૧૫૨ ભાંગામાં ૯૨-૮૮-૮૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનક હોય છે. કારણ કે ત્યાં સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા હોવાથી સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એમ બંને પ્રકારના તિર્યંચ-મનુષ્યો બંધક છે. બાકીના સર્વે ઉદયભાંગામાં ૯૨-૮૮ એમ બે જ સત્તાસ્થાનક છે. કારણ કે બાકીના સઘળા ઉદયભાંગા કરણાપર્યાપ્તાવસ્થાભાવી છે. ત્યાં બંધક સમ્યગ્દૃષ્ટિ જ છે તથા વૈક્રિય તિર્યંચના ૫૬ અને વૈક્રિય મનુષ્યના ૩૫ ઉદયભાંગામાં પણ ૯૨-૮૮ બે જ સત્તાસ્થાન હોય છે. ૮૯ની સત્તા દેવપ્રાયોગ્ય ૨૮ના બંધે ક્યાંય હોતી નથી. તેથી સત્તાસ્થાનની સંખ્યા આ પ્રમાણે બને છે.

| | | | |
|---|---|---|---|
| સા. તિર્યંચના ૩૦-૩૧ ના ઉદયના ૧૧૫૨-૧૧૫૨ = કુલ ૨૩૦૪ ભાંગામાં દરેક ભાંગે ત્રણ ત્રણ સત્તાસ્થાન | ૨૩૦૪ × ૩ | = | ૬૯૧૨ |
| સા.મનુષ્યના ૩૦ના ઉદયના ૧૧૫૨ માં ૩ સત્તાસ્થાન | ૧૧૫૨ × ૩ | = | ૩૪૫૬ |
| બાકીના સા.તિર્યંચના ૨૬૦૦ માં ૯૨-૮૮ બે જ સત્તા. | ૨૬૦૦ × ૨ | = | ૫૨૦૦ |
| બાકીના સા.મનુષ્યના ૧૪૪૮માં પણ ૯૨-૮૮ બે જ સત્તા. | ૧૪૪૮ × ૨ | = | ૨૮૯૬ |
| વૈ.તિર્યંચના ૫૬, વૈ.મનુષ્યના ૩૫માં બે બે સત્તાસ્થાન | ૯૧ × ૨ | = | ૧૮૨ |
| આહારક મનુષ્યના ૭ ભાંગામાં એક ૯૨ની જ સત્તા | ૭ × ૧ | = | ૭ |
| | ૭૬૦૨ | ઉદયભાંગામાં | ૧૮૬૫૩ |

દેવપ્રાયોગ્ય ૨૮ના બંધે ૭૬૦૨ ઉદયભાંગે ૧૮૬૫૩ સત્તાસ્થાન હોય છે. બંધભાંગા ૮ હોવાથી તેને ૮ વડે ગુણતાં કુલ ૧,૪૯,૨૨૪ સત્તાસ્થાન થાય છે.

દેવગતિ પ્રાયોગ્ય ૨૮ના બંધનું જે આ નિરૂપણ કર્યું છે તે સપ્તતિકાની ટીકા, ચૂર્ણિ, પંચસંગ્રહની ટીકા અને કેટલાંક ગુજરાતી વિવેચનોના આધારે કરેલ છે. પરંતુ 'સપ્તતિકા ભાષ્ય'ની ગાથા ૧૨૮માં ૨૧ના ઉદયથી ઉદ્યોતવાળા ૩૦ના ઉદય સુધી કરણ અપર્યાપ્તાવસ્થાભાવી સામાન્ય તિર્યંચના જે ૨૬૦૦ ઉદયભાંગા લીધા છે. તે અનુક્રમે ૮, ૨૮૮, ૫૭૬, ૧૧૫૨ અને ઉદ્યોતવાળા ૫૭૬ ને બદલે ૮, ૮, ૧૬, ૩૨ અને ૧૬ એમ ૮૦ જ ઉદયભાંગા લેવાનું સૂચવ્યું છે. તેનું કારણ તે ૧૨૮મી ગાથામાં અને ટીકામાં એવું જણાવ્યું છે કે કરણાપર્યાપ્તા તિર્યંચમાં ૨૧થી ૩૦ના ઉદય સુધીમાં ક્ષાયિકસમ્યક્ત્વી અને ૨૨ની મોહનીયની સત્તાવાળા વેદક સમ્યગ્દૃષ્ટિ જ જીવો હોય છે અને તે નિયમા યુગલિક જ હોય છે. કારણ કે પૂર્વકાલમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચાયુષ્ય બાંધ્યું હોય અને ક્ષાયિક પામે તો નિયમા યુગલિક તિર્યંચનું જ બાંધેલું આયુષ્ય હોય તે જ જીવો ક્ષાયિક પામી શકે છે અને ૨૨ની સત્તાવાળો વેદક સમ્યક્ત્વી જે થાય છે તે પણ મરીને યુગલિકમાં જ જાય છે. ત્યાં પહેલું જ સંઘયણ અને પહેલું જ સંસ્થાન વગેરે હોવાથી વધારે ઉદયભાંગા સંભવતા નથી. તેથી ૭૬૦૨ને બદલે ૫૦૮૨ જ ઉદયભાંગા જણાવ્યા છે.

પરંતુ સપ્તતિકાવૃત્તિ, ચૂર્ણિ અને પંચસંગ્રહની ટીકા આદિમાં આવો યુગલિકનો ઉલ્લેખ નથી. આ ત્રણે ગ્રંથોમાં 'દેવગતિપ્રાયોગ્ય ૨૮ના બંધક જીવોને ૨૧નો ઉદય ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ અથવા વેદકસમ્યગ્દૃષ્ટિ એવા પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યોને હોય છે' આટલો જ ઉલ્લેખ છે. તથા '૨૬નો ઉદય ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ અથવા વેદકસમ્યગ્દૃષ્ટિ એવા પંચેન્દ્રિય તિર્યંચ - મનુષ્યોને જ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને હોય છે.' આવો ઉલ્લેખ છે. આ ત્રણે ગ્રંથોના પાઠો જોતાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અને ૨૨ની સત્તાવાળા વેદકસમ્યગ્દૃષ્ટિ ભલે યુગલિક તિર્યંચ - મનુષ્યમાં જ જતા હોય એવું બને. પરંતુ ૨૮ - ૨૪ની સત્તાવાળા વેદક સમ્યગ્દૃષ્ટિ (એટલે કે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ) જીવો પૂર્વે તિર્યંચાયુષ્ય-મનુષ્યાયુષ્ય બાંધ્યું હોય તો મૃત્યુ પામીને અયુગલિક તિર્યંચમાં જઈ શકતા હોવા જોઈએ. તીર્થંકર ભગવંતો આદિ કોઈ કોઈ ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો માતાની કુક્ષિ આદિમાં અયુગલિકપણામાં મનુષ્યમાં આવે છે. આ વાત જાણીતી છે. પણ અયુગલિક તિર્યંચમાં આવતા હોય એવું કોઈ ઉદાહરણ જાણીતું નથી. પરંતુ ત્રણે ગ્રંથોમાં વેદકસમ્યગ્દૃષ્ટિને ૨૧-૨૬ આદિનો ઉદય કહ્યો છે. હવે જો વેદકસમ્યગ્દૃષ્ટિ શબ્દથી ૨૨ની સત્તાવાળા જ જો લઈએ તો યુગલિક જ તિર્યંચ-મનુષ્ય આવે. અને જો ૨૮-૨૪ની સત્તાવાળા લઈએ તો અયુગલિક તિર્યંચ-મનુષ્ય પણ આવે. આ બાબતમાં વિશેષ તત્ત્વ કેવલી ભગવાન જાણે. સપ્તતિકા ભાષ્યની ગાથામાં ૫૦૮૨ ઉદયભાંગા લેવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આવા પ્રકારનો ૭૬૦૨ ઉદયભાંગા લેવાનો શબ્દ દ્વારા સ્પષ્ટ ઉલ્લેખ આ ત્રણે ગ્રંથોમાં ક્યાંય મળતો નથી. તેથી સ્પષ્ટાર્થ નીકળતો નથી. પરંતુ પ્રસિદ્ધ વિવેચનોના આધારે અમે લખેલ છે.

હવે નરકપ્રાયોગ્ય ૨૮નો બંધ કરનારા મિથ્યાદૃષ્ટિ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા તિર્યંચ - મનુષ્યો જ હોય છે. તિર્યંચોમાં સંમૂર્છિમ અને ગર્ભજ એમ બંને પ્રકારના કરણ પર્યાપ્તા ૩૦ - ૩૧ના ઉદયવાળા જીવો નરક પ્રાયોગ્ય ૨૮ બાંધી શકે છે અને બંને ઉદયના સ્વરવાળા ૧૧૫૨ - ૧૧૫૨ ઉદયભાંગા ઘટે છે અને તે ૨૩૦૪ ઉદયભાંગામાં ૯૨ - ૮૮ - ૮૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાન સંભવે છે. પરંતુ નરક પ્રાયોગ્ય ૨૮નો બંધ કરનાર જો મનુષ્યો લઈએ તો નિયમા ગર્ભજ, સર્વ પર્યાપ્તિએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યાપ્તા ૩૦ના જ ઉદયવાળા હોય છે. ૧૧૫૨ ઉદયભાંગા હોય છે અને ત્યાં ૯૨, ૮૮, ૮૯, ૮૬ એમ ૪ સત્તાસ્થાનક હોય છે. જે જીવોએ પહેલાં નરકાયુષ્ય બાંધ્યું હોય પછી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે, જિનનામ બાંધે અને મૃત્યુ નજીક આવે ત્યારે નરકાભિમુખ થાય તે કાલે ૮૯ની સત્તા નરક પ્રાયોગ્ય ૨૮ના બંધે હોઈ શકે છે. આ રીતે તિર્યંચના ૧૧૫૨ + ૧૧૫૨ = ૨૩૦૪ x ૩ = ૬૯૧૨ સત્તાસ્થાન થાય છે અને મનુષ્યના ૧૧૫૨ x ૪ = ૪૬૦૮ સત્તાસ્થાન થાય છે કુલ ૧૧૫૨૦ સત્તાસ્થાન થાય છે.

તથા નરકપ્રાયોગ્ય ૨૮ના બંધે વૈક્રિયતિર્યંચ (ના ૫૬ ભાંગા) અને વૈક્રિય મનુષ્યો (ના ઉદ્યોત વિનાના ૩૨ ભાંગા) લીધા નથી. કારણ કે ચૂર્ણિ - સપ્તતિકાવૃત્તિ, પંચસંગ્રહની વૃત્તિ આદિમાં ક્યાંય વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યનાં ઉદયસ્થાનો અને ઉદયભાંગા લીધાનો ઉલ્લેખ નથી.

तीसेक्कतीसोदया दोण्णि निरयगइपाउग्गं बंधमाणस्स, । (ચૂર્ણિનો પાઠ) 'नरकगतिप्रायोग्यायास्तु बन्धे द्वे, तद्यथा-'त्रिंशदेकत्रिंशत्' (સપ્તતિકાવૃત્તિનો પાઠ) 'नरकगतिप्रायोग्यां त्वष्टाविंशतिं बध्नतां त्रिंशदुदयः, पञ्चेन्द्रियतिर्यङ्मनुष्याणां मिथ्यादृष्टीनाम् । एकत्रिंशदुदयः पञ्चेन्द्रियतिरश्चां मिथ्यादृशाम्' (આ પાઠ પંચસંગ્રહની ટીકાનો છે)

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ રીતે દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધે ૧,૪૯,૨૨૪ અને નરકપ્રાયોગ્ય ૨૮ના બંધે ૧૧૫૨૦ સત્તાસ્થાન થાય છે. બંને મળીને ૧,૬૦,૭૪૪ સત્તાસ્થાન ૨૮ના બંધે જાણવાં -

---

૨૯ના બંધનો સંવેધ -

૨૯નો બંધ પર્યાપ્તા વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૨૪), પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૪૬૦૮), પર્યાપ્તા મનુષ્યપ્રાયોગ્ય (૪૬૦૮) અને દેવપ્રાયોગ્ય (૮) એમ ચાર જાતનો છે અને કુલ ૯૨૪૮ બંધભાંગા છે. કેવલી ભગવાન સિવાય બધા જ જીવો કોઈને કોઈ રીતે આ બંધના બંધક છે. તેથી ૨૧થી ૩૧ સુધીનાં કુલ ૯ ઉદયસ્થાનક અને ૭૭૮૩ ઉદયભાંગા સંભવે છે. ક્ષપકશ્રેણીમાં જ અને અયોગી કેવલીમાં જ સંભવતાં સત્તાસ્થાનોને છોડીને ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૮ એમ સાત સત્તાસ્થાનક ૨૯ના બંધે હોય છે.

૨૯નો બંધ કરનારા જુદા જુદા જીવોમાં ૨૧ના ઉદયે ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ સાતે સત્તાસ્થાન હોઈ શકે છે. ૨૪નો ઉદય માત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકેન્દ્રિયને જ હોય છે. ત્યાં તિર્યંચ ગતિ હોવાથી જિનનામની સત્તા નથી. તેથી ૯૩ - ૮૯ વિના ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ એમ પાંચ જ સત્તાસ્થાન સંભવે છે. ૨૫ના ઉદયે અને ૨૬ના ઉદયે સાતે સત્તાસ્થાન ઘટી શકે છે. પણ ૨૭ - ૨૮ - ૨૯ અને ૩૦ના ઉદયમાં ૭૮ વિનાનાં છ જ સત્તાસ્થાન હોય છે. કારણ કે ૨૭ આદિ ઉદયસ્થાનોમાં તેઉકાય - વાયુકાય નથી અને ત્યાંથી નીકળી એકેન્દ્રિયાદિમાં ગયેલાને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયેલી હોવાથી ૭૮ની સત્તા સંભવતી નથી અને છેલ્લા ૩૧ના ઉદયે માત્ર તિર્યંચો જ હોવાથી ૯૩, ૮૯ અને ૭૮ વિનાનાં બાકીનાં ૯૨, ૮૮, ૮૬, ૮૦ આ ચાર જ સત્તાસ્થાન હોય છે. કારણ કે આ ઉદયસ્થાન કેવળ તિર્યંચોને જ છે. તેઓને જિનનામની સત્તા હોતી નથી. માટે ૯૩ - ૮૯ નથી. સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયેલ હોવાથી ૭૮ની સત્તા પણ નથી.

આ પ્રમાણે ૨૧ના ઉદયે ૭, ૨૪ના ઉદયે ૫, ૨૫ - ૨૬ના ઉદયે ૭ - ૭, ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ના ઉદયે ૬ - ૬ અને ૩૧ના ઉદયે ૪ એમ સર્વે મળીને સામાન્યથી ઉદયસ્થાનવાર સત્તાસ્થાનક ૫૪ થાય છે. ૨૯ના બંધે વિકલેન્દ્રિયાદિ જીવોમાં એક એક પ્રાયોગ્યનો સંવેધ હવે કહેવાશે.

૨૯ના બંધે - વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ના બંધનો સંવેધ -

વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ના બંધના બેઈન્દ્રિયાદિના ૮ + ૮ + ૮ એમ ત્રણેના મળીને કુલ ૨૪ બંધભાંગા થાય છે. તેને બાંધનારા જીવો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સા. તિર્યંચ, વૈક્રિય તિર્યંચ, સા. મનુષ્ય અને વૈ. મનુષ્ય (ઉદ્યોતના ઉદય વિનાના) છે. તે બાંધનારા જીવોમાં ૨૧ થી ૩૧ સુધીનાં ૯ ઉદયસ્થાનક છે. ૪૨ + ૬૬ + ૪૯૦૬ + ૫૬ + ૨૬૦૨ + ૩૨ = ૭૭૦૪ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાન અલ્પ પણ ફેરફાર વિના ૨૩ના બંધની જેમજ છે. કારણ કે ૨૩ના બંધના બંધક જે જીવો છે તે જ અહીં છે અને તેવી જ સત્તા છે. તેથી ૨૧ના ઉદયે ૧૫૧, ૨૪ના ઉદયે ૫૩, ૨૫ના ઉદયે ૬૧, ૨૬ના ઉદયે ૨૬૯૯, ૨૭ના ઉદયે ૫૬, ૨૮ના ઉદયે ૪૬૮૦, ૨૯ના ઉદયે ૭૦૦૮, ૩૦ના ઉદયે ૧૧૬૦૮ અને ૩૧ના ઉદયે ૪૬૫૬ સત્તાસ્થાન હોય છે. કુલ ૩૦૯૭૨ સત્તાસ્થાન થાય છે. તેને ૨૪ બંધભાંગા હોવાથી ૨૪ વડે ગુણીએ તો ૭, ૪૩, ૩૨૮ સત્તાસ્થાન થાય છે.

૨૯ના બંધે - પં. તિર્યંચપ્રાયોગ્ય બંધનો સંવેધ -

પં. તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધે ૪૬૦૮ બંધભાંગા છે. તેને બાંધનારા જીવોમાં ઉપરોક્ત જીવો તો છે જ. તદુપરાંત દેવ - નારકીઓ પણ હોય છે. એટલે


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સા. તિર્યંચ, વૈ. તિર્યંચ, સા. મનુષ્ય, વૈ. મનુષ્ય (ઉદ્યોતના ઉદય વિનાના) તથા દેવો અને નારકો. આટલા જીવો પં. તિર્યંચ પ્રાયોગ્ય ૨૯નો બંધ કરે છે. તે બાંધનારા જીવોમાં ઉદયસ્થાનક ૨૧ થી ૩૧ સુધીનાં ૯ હોય છે. ઉદયભાંગા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સા. તિર્યંચ, વૈ. તિર્યંચ, સા. મનુષ્ય, વૈ. મનુષ્ય, દેવ અને નારકીમાં અનુક્રમે ૪૨ - ૬૬ - ૪૯૦૬ - ૫૬ - ૨૬૦૨ - ૩૨ - ૬૪ - ૫ મળીને કુલ ૭૭૭૩ સંભવે છે. ઉદ્યોતવાળા વૈક્રિય મનુષ્યના ૩, આહારકના ૭ અને કેવલી પ્રભુના ૮ એમ ૧૮ ઉદયભાંગા તિ.પ્રા. ૨૯ના બંધે સંભવતા નથી.

સત્તાસ્થાનક ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ કુલ ૫ હોય છે. તિર્યંચ પ્રાયોગ્ય બંધે જિન નામની સત્તા હોતી નથી. તેથી ૯૩-૮૯ની સત્તા નથી. દેવોના ૬૪ અને નારકીના ૫ ઉદયભાંગામાં તિ.પ્રા. ૨૯ બાંધતાં ૯૨-૮૮ એમ ૨ જ સત્તાસ્થાન હોય છે. કારણ કે તિર્યંચ પ્રાયોગ્ય બંધે જિન નામની સત્તા હોય નહીં એટલે ૯૩-૮૯ ન હોય. તથા ૮૬-૮૦-૭૮ ઉદ્‌વલના કરતાં આવે છે અથવા ઉદ્‌વલના કરીને તિર્યંચ-મનુષ્યમાં આવે ૭૮ની સત્તા કેટલોક કાળ અને ૮૬-૮૦ ની સત્તામાં તે તે પ્રકૃતિ બાંધે ત્યારે આવે છે. પરંતુ આ દેવ અને નરકના ૬૪ + ૫ ઉદયભાંગા છે. ત્યાં જનારા જીવોએ પૂર્વભવમાં તો નિયમા વૈક્રિયાષ્ટક બાંધેલું જ હોય છે. તેથી ૮૬-૮૦-૭૮ની સત્તા હોતી નથી. બાકીના એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સા. તિર્યંચના ૪૯૦૬, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૨, વૈક્રિય મનુષ્યના ૩૨ ઉદયભાંગામાં ૨૩ના બંધની જેમ જ સત્તાસ્થાનો છે. કંઈ પણ તફાવત નથી. આ રીતે ૨૩ના બંધે જે ૩૦૯૭૨ સત્તાસ્થાન કહ્યાં છે. તેમ અહીં પણ જાણવું તથા તેમાં દેવ-નારકીના ૬૪ + ૫ = ૬૯ ભાંગામાં બે બે સત્તાસ્થાન ગણતાં ૧૩૮ સત્તાસ્થાન ઉમેરવાથી પં. તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધે ૩૧૧૧૦ સત્તાસ્થાન થાય છે. તેને ૪૬૦૮ બંધભાંગાથી જો ગુણીએ તો ૧૪,૩૩,૫૪,૮૮૦ સત્તાસ્થાન થાય છે.

જૈન સાઈટ JAINSITE.com નમામિ શાસનમ્

૨૯ના બંધે - મનુષ્ય પ્રાયોગ્ય બંધનો સંવેધ -

મનુષ્યપ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ બંધભાંગા છે. તેને બાંધનારા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સા, તિર્યંચ, વૈક્રિય તિર્યંચ, સા. મનુષ્ય, વૈ. મનુષ્ય, દેવ અને નારકી હોય છે. તેઉકાય - વાયુકાય - સાતમી નારકી, ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિય મનુષ્ય, આહારક મનુષ્ય અને કેવલી મનુષ્ય આટલા જીવો આ બંધસ્થાનક બાંધતા નથી. કારણ સુગમ છે. આ જીવોનાં ઉદયસ્થાનક ૨૧ થી ૩૧ સુધીનાં કુલ ૯ હોય છે. વૈક્રિય વાયુકાયના ૩, ઉદ્યોતવાળા વૈ. મનુષ્યના ૩, આહારકના ૭ અને કેવલીના ૮ કુલ ૨૧ ઉદયભાંગા છોડીને બાકીના ૭૭૭૦ ઉદયભાંગા આ બંધે સંભવે છે.

૯૨, ૮૮, ૮૯, ૮૬, ૮૦ એમ કુલ પાંચ સત્તાસ્થાનક હોય છે. કારણ કે ૯૩ની સત્તામાં જિનનામ છે. જો જિનનામની સત્તા હોય તો સમ્યગ્દષ્ટિ આત્મા નિયમા તેનો બંધ કરે જ છે. તેથી બંધ ૩૦નો થઈ જાય અને મિથ્યાત્વી હોય તો ઉભયની સત્તા પહેલે હોય નહીં. માટે મનુષ્ય પ્રાયોગ્ય બંધે ૯૩ની સત્તા નથી. ૮૯ની સત્તા જિનનામ બાંધીને નરકમાં ગયેલા જીવને હોય છે. મનુષ્યભવમાં જેણે પહેલાં નરકાયુષ્ય બાંધ્યું હોય, ત્યારબાદ તે જીવ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામ્યો હોય, જિનનામ બાંધ્યું હોય. મૃત્યુકાલ નજીક આવતાં મિથ્યાત્વે જઈ મૃત્યુ પામી નરકમાં ગયો હોય તેવા જીવને નરકમાં ગયા પછી સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી નવું સમ્યક્ત્વ આવતું નથી, મિથ્યાત્વાવસ્થા જ રહે છે. ત્યારે નરકગતિમાં ૨૧ થી ૨૯ સુધીનાં પાંચ ઉદયસ્થાનોમાં તે જીવને ૮૯ની સત્તા આ ૨૯ના બંધે હોય છે. મનુષ્ય પ્રાયોગ્ય બંધ હોવાથી ૭૮ની સત્તા અહીં હોતી જ નથી.

૨૧ થી ૩૧ કુલ ૯ ઉદયસ્થાનક છે. બધા જ ઉદયસ્થાનોમાં ૯૨-૮૮-૮૬-૮૦ એમ ચાર ચાર સત્તાસ્થાન સંભવે છે. ફક્ત નરકનાં પાંચ ઉદયસ્થાનોમાં ૮૯ની સત્તા વધારે હોય છે. તેથી ૨૧, ૨૫, ૨૭, ૨૮, ૨૯ આ પાંચ ઉદયસ્થાનોમાં પાંચ પાંચ (૫ X ૫ = ૨૫) અને ૨૪, ૨૬, ૩૦, ૩૧ આ ચાર ઉદયસ્થાનોમાં નારકી ન હોવાથી ૯૨, ૮૮, ૮૬, ૮૦ એમ ૪ સત્તાસ્થાનક (૪ X ૪ = ૧૬) મળીને ઉદય સ્થાન વાર સત્તાસ્થાન ૪૧ થાય છે. ઉદયભાંગાવાર સત્તાસ્થાનક આ પ્રમાણે છે.

જૈન સાઈટ JAINSITE .com

૨૫ના બંધે અપર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્યમાં જે જે ઉદયભાંગે જેટલાં જેટલાં સત્તાસ્થાનકો કહ્યાં છે. તે તે સઘળાં સત્તાસ્થાનકો (૩૦૬૨૮) અહીં (પર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધે) ઘટે છે. તદુપરાંત આ પર્યાપ્તા મનુષ્યપ્રાયોગ્ય બંધ છે. તેથી બાંધનારા જે દેવો છે તેના ૬૪ ભાંગામાં ૯૨-૮૮ બે બે સત્તા હોય છે અને નારકીના જે પાંચ ભાંગા છે. ત્યાં ૯૨, ૮૮ અને ૮૯ એમ ત્રણ ત્રણ સત્તા ઘટે છે. તે ઉમેરતાં (૩૦૬૨૮ + ૧૨૮ + ૧૫ = ૩૦૭૭૧) કુલ ૩૦૭૭૧ સત્તાસ્થાન મનુષ્યપ્રાયોગ્ય ૨૯ના બંધે થાય છે. મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ બંધભાંગામાંથી ૮ ભાંગે જ આટલાં સત્તાસ્થાનકો ઘટે છે. બાકીના ૪૬૦૦ ભાંગામાં ૮૯ વિના ૩૦૭૬૬ સત્તાસ્થાન હોય છે. કારણ કે જિનનામનો બંધ આઠ ભાંગે જ હોય છે. તેથી ૩૦૭૭૧X૮ = ૨૪૬૧૬૮ તથા ૩૦૭૬૬X૪૬૦૦ = ૧૪,૧૫,૨૩,૬૦૦ સત્તાસ્થાન હોય છે.[1] સર્વે મળીને કુલ ૧૪,૧૭,૬૯,૭૬૮ સત્તાસ્થાન થાય છે.

(૧) મનુષ્યપ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ બંધભાંગામાંથી પહેલું સંઘયણ - પહેલું સંસ્થાન, સૌભાગ્ય - આદેય સુસ્વરની સાથે સ્થિર - અસ્થિર - શુભ - અશુભ અને યશ - અયશના જે ૮ બંધભાંગા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૨૯ના બંધે – દેવ પ્રાયોગ્ય ૨૯ના બંધનો સંવેધ -**

દેવપ્રાયોગ્ય ૨૯નો બંધ જિનનામ સહિત હોય છે. તેથી તેના ૮ જ બંધભાંગા છે. તેને બાંધનારા માત્ર લબ્ધિ પર્યાપ્તા મનુષ્ય જ હોય છે. અને તે પણ સમ્યગ્દષ્ટિ જ. કારણ કે તિર્યંચો જિનનામ બાંધે નહીં અને દેવ-નારકીના જીવો દેવપ્રાયોગ્ય બંધ કરે નહીં. મનુષ્યમાં પણ લબ્ધિ અપર્યાપ્તા જીવો તેવી વિશુદ્ધિવાળા ન હોવાથી જિનનામ બાંધે નહીં. તેથી ૨૧ - ૨૬ના ઉદયનો લબ્ધિ અપર્યાપ્તાનો એક - એક ઉદયભાંગો આ બંધે ન હોય. કેવલી ભગવંતો નામકર્મ બાંધતા જ નથી. તેથી સામાન્ય મનુષ્યના ૨૬૦૦, વૈ. મનુષ્યના ૩૫ અને આહારક મનુષ્યના ૭ એમ કુલ ૨૬૪૨ ઉદયભાંગા હોય છે. ઉદયસ્થાનક ૨૧ - ૨૫ - ૨૬ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ કુલ ૭ હોય છે. ૨૪નો ઉદય એકેન્દ્રિયને જ છે. મનુષ્યોને નથી તથા ૩૧નો ઉદય તિર્યંચોને જ છે. સામાન્ય મનુષ્યોને નથી. માટે બે ઉદય વિના શેષ ૭ ઉદયસ્થાનક હોય છે.[1]

સાત ઉદયસ્થાનકે ૯૩ - ૮૯ એમ બે બે સત્તા હોવાથી ઉદયસ્થાનવાર સત્તાસ્થાન વિચારીએ તો ૭ x ૨ = ૧૪ સત્તાસ્થાન હોય છે. ઉદયભાંગાવાર જ્યારે વિચારીએ ત્યારે સામાન્ય મનુષ્યના ૨૬૦૦ અને વૈક્રિય મનુષ્યના ૩૫ ઉદયભાંગામાં ૯૩ - ૮૯ એમ બે બે સત્તાસ્થાન અને આહારક મનુષ્યના ૭ ઉદયભાંગામાં કેવલ

JAINSITE જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

છે. તેમાં જ નરકના પાંચ ઉદયભાંગે ૮૯ની સત્તા ઘટે છે. કારણ કે જિનનામની સત્તાવાળો જીવ મિથ્યાત્વે હોય તો પણ આ ત્રણ વિના બીજી બધી પ્રકૃતિઓ શુભ જ બાંધે છે. તેથી બાકીના બંધભાંગે ૮૯ની સત્તા હોતી નથી. તેથી મનુષ્ય પ્રાયોગ્ય બંધના ૪૬૦૮ બંધભાંગામાંથી ૮ જ ભાંગે ૩૦૭૭૧ સત્તાસ્થાન મળે છે. બાકીના ૪૬૦૦ બંધભાંગે ૩૦૭૬૬ સત્તાસ્થાન જ મળે છે. આ રીતે ગુણાકાર કરતાં ૧૪,૧૭,૬૯,૭૬૮ સત્તાસ્થાનો થાય છે.

(૧) દેવપ્રાયોગ્ય જિનનામ સહિત ૨૯ના બંધનો જે સંવેધ લખ્યો. તેમાં આવી વિચારણા આવવી શક્ય છે કે જિનનામ ત્રીજા ભવથી બંધાય છે. વચ્ચેનો ભવ દેવ અથવા નારકીનો જ કરે છે. તે વચ્ચેના ભવે તો દેવપ્રાયોગ્ય આ ૨૯ બાંધવાની હોતી નથી. ચરમભવમાં અને ત્રીજા ભવમાં જ આ દેવપ્રાયોગ્ય ૨૯ બંધાય છે. હવે ચરમભવમાં તો આ જીવ નિયમા તીર્થંકર થવાના હોવાથી સર્વે પ્રકૃતિઓ શુભ જ ઉદયમાં હોય. પહેલું જ સંઘયણ - પહેલું જ સંસ્થાન ઈત્યાદિ પ્રકૃતિઓનો ઉદય હોય એટલે ચરમભવમાં માતાની કુક્ષિમાં આવેલા લબ્ધિપર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા તે તીર્થંકરપ્રભુના જીવને ૨૧ - ૨૬ - ૨૮ - ૨૯ ઉદયસ્થાનકો ઘટી શકે છે. પરંતુ ઉદયભાંગા ૮ - ૨૮૮ - ૫૭૬ - ૫૭૬ને બદલે ૧ - ૧ - ૧ - ૧ હોવા જોઈએ. ૩૦નો ઉદય સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાનો છે એટલે ચરમભવમાં તો ૩૦ના ઉદયે પણ ૧ જ ભાંગો સંભવે પરંતુ પૂર્વના ત્રીજા ભવમાં સૌભા. - દૌભા., આદેય - અના, યશ - અયશ લઈએ તો ૮ અને કદાચ તે ભવમાં મનુષ્યયોગ્ય સઘળી પ્રતિપક્ષી લઈએ તો પણ જિનનામ બાંધનાર મનુષ્યને પ્રથમ સંઘયણ

એક ૯૩નું જ સત્તાસ્થાનક હોય છે. તેથી ૨૬૦૦ × ૨ = ૫૨૦૦, ૩૫ × ૨ = ૭૦, ૭ × ૧ = ૭ કુલ ૫૨૭૭ સત્તાસ્થાન હોય છે. તેને દેવપ્રાયોગ્યના ૮ બંધભાંગે ગુણવાથી ૪૨૨૧૬ સત્તાસ્થાન થાય છે. આ પ્રમાણે ૨૯ના બંધે ચારે પ્રકારના બંધને આશ્રયી કુલ સત્તાસ્થાન આ પ્રમાણે છે -

| | | | |
|---|---|---|---|
| (૧) | વિકલેન્દ્રિય પ્રાયોગ્ય | ૨૯ના બંધે | ૭,૪૩,૩૨૮ |
| (૨) | પં. તિર્યંચ પ્રાયોગ્ય | ૨૯ના બંધે | ૧૪,૩૩,૫૪,૮૮૦ |
| (૩) | મનુષ્ય પ્રાયોગ્ય | ૨૯ના બંધે | ૧૪,૧૭,૬૯,૭૬૮ |
| (૪) | દેવ પ્રાયોગ્ય | ૨૯ના બંધે | ૪૨,૨૧૬ |
| | | | ૨૮,૫૯,૧૦,૧૯૨ |

૩૦ના બંધનો સંવેધ -

નામકર્મનો ૩૦નો બંધ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય, પં. તિર્યંચ પ્રાયોગ્ય, મનુષ્ય પ્રાયોગ્ય અને દેવપ્રાયોગ્ય એમ ચાર પ્રકારનો છે. તેના અનુક્રમે ૨૪, ૪૬૦૮, ૮ અને ૧ મળીને ૪૬૪૧ બંધભાંગા છે. આ ૩૦નો બંધ કરનારા જીવો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સા. તિર્યંચ, વૈ. તિર્યંચ, સા. મનુષ્ય, વૈ. મનુષ્ય તથા દેવ અને નારકી હોય છે. આહારક મનુષ્ય, ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિય મનુષ્ય અને કેવલી ભગવંતો આ ૩૦નો બંધ કરતા નથી. જે જીવો આ ૩૦નો બંધ કરે છે તેમાં ૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ એમ ૯ ઉદયસ્થાન સંભવે છે. ઉદયભાંગા એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સા. તિર્યંચના ૪૯૦૬, વૈ. તિર્યંચના ૫૬, સા. મનુષ્યના ૨૬૦૨, વૈ. મનુષ્યના ૩૨, દેવોના ૬૪ અને નારકીના ૫ મળીને કુલ ૭૭૭૩ ઉદયભાંગા હોય છે. ૭૭૭૩ ઉદયભાંગામાં વર્તનારા જીવો ઉપરોક્ત ચાર પ્રકારના ૩૦ના બંધમાંથી કોઇ જીવ કોઈ કોઈ પ્રકારનો ૩૦નો બંધ જરૂર કરે છે.

જ હોય છે. એવું આવશ્યક ચૂર્ણિમાં કહેલું હોવાથી શેષપ્રતિપક્ષી લેતાં ૧૯૨ ઉદયભાંગા ઘટે. આ રીતે ૧ - ૧ - ૧ - ૧ - ૧૯૨ મળીને ૧૯૬ ઉદયભાંગા સંભવે. સપ્તતિકાવૃત્તિ - ચૂર્ણિ - પંચસંગ્રહ ટીકા આદિ ગ્રંથોમાં દેવપ્રાયોગ્ય ૨૯ના બંધે મનુષ્યોના ઉદયસ્થાનક અને તે તે ઉદયસ્થાને સત્તા જણાવી છે. પરંતુ ઉદયસ્થાને ઉદયસ્થાને ઉદયભાંગા કેટલા લેવા ? તે સ્પષ્ટ કરેલ નથી. તેથી આ વાત વિચારણીય રહે છે. વૈક્રિયમનુષ્યના ૩૫ અને આહારક મનુષ્યના જે ૭ ભાંગા લીધા, તે પણ ત્રીજા ભવમાં જિનનામના બંધનો પ્રારંભ કર્યા પછી વૈક્રિય અથવા આહારકલબ્ધિ ફોરવે તે આશ્રયીને જાણવું. કારણ કે ચરમભવમાં તો આ જીવ તીર્થંકર થવાના છે તેથી આવી લબ્ધિઓ ફોરવતા નથી. બીજા વિવેચનોના આધારે મનુષ્યોના ૨૬૦૦ ઉદયભાંગા લખ્યા છે. પરંતુ ઉપરોક્ત શંકા રહે છે. જે વિચારણીય છે. તત્ત્વ કેવલિગમ્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદ્યોતવાળા વૈ. મનુષ્યના ૩, આહારક મનુષ્યના ૭ ઉદયભાંગા વૈક્રિય અને આહારક શરીરની વિકુર્વણા કરનારા છઠ્ઠા ગુણઠાણાવાળા મુનિમહાત્માને જ હોય છે. ત્યાં વિકલેન્દ્રિયપ્રાયોગ્ય, પં. તિર્યંચ પ્રાયોગ્ય અને મનુષ્યપ્રાયોગ્ય તો ૩૦નો બંધ છે જ નહીં અને દેવ પ્રાયોગ્ય બંધ છે. પરંતુ છઠ્ઠું ગુણઠાણું હોવાથી આહારકદ્વિક બંધાતું નથી. તેથી દેવપ્રાયોગ્ય ૨૮ - ૨૯ જ બંધાય છે. પણ ૩૦ - ૩૧ પ્રકૃતિઓ બંધાતી નથી. માટે તે ઉદયભાંગા અહીં લીધા નથી. બાકીના વૈક્રિય મનુષ્યના ૩૨ ઉદયભાંગા તો મિથ્યાત્વી જીવને પણ હોઈ શકે છે અને તે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય અને પં. તિર્યંચપ્રાયોગ્ય ૩૦ બાંધી શકે છે તેથી ૩૨ ઉદયભાંગા લીધા છે.

અહીં એક પ્રશ્ન થઈ શકે છે કે વૈક્રિય અને આહારકની વિકુર્વણા છટ્ઠે ગુણઠાણે કર્યા પછી તે શરીરસંબંધી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ થયા બાદ તે જીવ સાતમા અપ્રમત્ત ગુણઠાણે જાય છે અને ત્યાં જઈને આહારકદ્વિક બાંધી શકે છે. તે કાલે દેવપ્રાયોગ્ય ૩૦નો બંધ સંભવી શકે છે. તે માટે વૈક્રિય અને આહારક મનુષ્યના સ્વર સાથેના જે જે ઉદયભાંગા છે તે તે ઉદયભાંગા ૩૦ના બંધે લેવા જોઈએ. (૨૯ના ઉદયે વૈ.મ. નો તથા આહારક મનુષ્યનો ૧-૧ અને ૩૦ના ઉદયે વૈ. તથા આ. મનુષ્યનો ૧-૧ આ ઉદયભાંગા લેવા જોઈએ.) પરંતુ તે કાલે અપ્રમત્તતાનો કાલ અલ્પ છે તથા શરીરની વિકુર્વણા કરેલી હોવાથી બંને શરીરોમાં વ્યગ્ર આત્મા છે. તેથી એક શરીરસ્થ આત્માના જેવી વિશિષ્ટ અપ્રમત્તદશા નથી. માટે આહારકદ્વિક ન બાંધે. આવી વિવક્ષા કરેલી છે તેમ જાણવું. ચૂર્ણિમાં ૩૦મી ગાથામાં ૩૦ના બંધે આવો પાઠ છે કે - **'जो आहारगसहियं तीसं बंधइ, तस्स तीसोदए चेव एक्कं संतं बाणउई, तित्थगरबंधाभावा ।'** પંચસંગ્રહ સંબંધી સપ્તતિકાની ૯૯મી ગાથાની ટીકામાં **'देवप्रायोग्ये त्रिंशद्बन्धे त्रिंशदुदये द्विनवतिरूपमेकमेव सत्स्थानम्'** આ પાઠો જોતાં જો વૈ. મનુષ્ય અને આહારક મનુષ્યના ભાંગા સાતમે ગુણઠાણે ઈષ્ટ હોત તો ૨૯ - ૩૦ એમ બે ઉદયસ્થાન લખત. આમ લખ્યું નથી. માટે વૈક્રિય અને આહારકની વિકુર્વણા કરનારાને અપ્રમત્તે જવા છતાં આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્ય ૩૦ બંધાતી [1]નથી.

---

(૧) જો કે ચૂર્ણિ અને સપ્તતિકાવૃત્તિમાં વૈક્રિય અને આહારક મનુષ્યના ૨૯ - ૩૦ના ઉદય અને ઉદયભાંગા અપ્રમત્તે લીધા નથી તો પણ 'સપ્તતિકા ભાષ્ય'ની ગાથા ૧૪૨માં ચૌદે ગુણસ્થાનકમાં ઉદયભાંગા સમજાવતાં અપ્રમત્તે ૧૪૮ ઉદયભાંગા લખ્યા છે. વૈક્રિય-આહારકના ૨૯-૩૦ના ઉદયભાંગા ૪ લીધેલા છે. પરંતુ આ ચાર ઉદયભાંગામાં વર્તનારા જીવો અપ્રમત્તે જાય છે. તો પણ તે વૈક્રિય-આહારકની વિકુર્વણાવાળા જીવો વિશિષ્ટ અપ્રમત્ત ન હોવાથી કાં તો આહારકદ્વિક બાંધતા નથી એમ જાણવું અથવા કદાચ આહારકદ્વિક બાંધે તો પણ તેની ગ્રંથકારે અલ્પકાળ હોવાથી વિવક્ષા કરી નથી એમ જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્તાસ્થાનક ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૮ એમ કુલ ૭ હોય છે. મનુષ્યપ્રાયોગ્ય ૩૦ દેવો જ્યારે બાંધશે ત્યારે ૯૩, ૮૯, નારકીના જીવો જ્યારે મનુષ્યપ્રાયોગ્ય ૩૦ બાંધશે ત્યારે ૮૯, એકેન્દ્રિયાદિ જીવો વિકલેન્દ્રિય પ્રાયોગ્ય અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બાંધશે ત્યારે ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ - ૭૮ એમ પાંચ સત્તાસ્થાનો સંભવે છે. બીજાં સત્તાસ્થાનો ક્ષપકશ્રેણી આદિમાં આવતાં હોવાથી તથા જિનનામવાળાં હોવાથી અહીં ન હોય. ૨૧ અને ૨૫ના ઉદયે દેવોમાં ૯૩ - ૮૯ની સત્તા અને નારકીમાં ૮૯ની સત્તા સંભવતી હોવાથી સાત - સાત સત્તાસ્થાન છે. ૨૪ - ૨૬ના ઉદયે દેવો અને નારકી ન હોવાથી ૯૩ - ૮૯ વિનાનાં બાકીનાં ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ - ૭૮ એમ પાંચ સત્તાસ્થાનક હોય છે. ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ના ઉદયમાં યથોચિત ઉદયે દેવ - નારકી હોવાથી ૯૩ - ૮૯ છે. પણ તેઉ - વાયુ ન હોવાથી અને બીજા જીવોને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયેલી હોવાથી ૭૮ની સત્તા નથી. તે માટે ૬ - ૬ સત્તાસ્થાન હોય છે. ૩૧નો ઉદય ફક્ત તિર્યંચોને જ છે. માટે ૯૨, ૮૮, ૮૬, ૮૦ એમ ૪ જ સત્તાસ્થાન છે. આ રીતે ૨૧માં ૭, ૨૪માં ૫, ૨૫માં ૭, ૨૬માં ૫, ૨૭માં ૬, ૨૮માં ૬, ૨૯માં ૬, ૩૦માં ૬ અને ૩૧માં ૪, સર્વે મળીને ઉદયસ્થાનવાર સત્તાસ્થાન બાવન (૫૨) થાય છે. ઉદયભાંગાવાર સત્તાસ્થાન હવે સમજાવીશું.

**૩૦ના બંધે - વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦ના બંધનો સંવેધ -**

વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦ના બંધે ૨૪ બંધભાંગા છે. તે બાંધનારા જીવોમાં ૨૧ થી ૩૧ સુધીનાં ૯ ઉદયસ્થાનક છે. ઉદયભાંગા ૭૭૦૪ છે. દેવોના ૬૪, નારકીના ૫, ઉદ્યોતવાળા વૈ. મનુષ્યના ૩, આહારકના ૭ અને કેવલી ભગવંતના ૮ એમ કુલ ૮૭ ઉદયભાંગા આ બંધે સંભવતા નથી. તે વિનાના બાકીના ૭૭૦૪ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાનક ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ એમ પાંચ જ હોય છે. ૯૩ - ૮૯માં જિનનામની સત્તા છે અને વિકલેન્દ્રિયપ્રાયોગ્ય બંધે જિનનામની સત્તા સંભવતી નથી. અહીં ૭૮ની સત્તા તેઉ - વાયુમાં અથવા ત્યાંથી નીકળીને પૃથ્વીકાયાદિમાં ગયેલાને શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ હોય છે.

વિકલેન્દ્રિયપ્રાયોગ્ય ૩૦ના બંધનો સંવેધ સંપૂર્ણપણે ૨૩ના બંધની જેમ જ છે. કારણ કે અપર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩ના બંધના બંધક જે જીવો છે તે જ જીવો વિકલેન્દ્રિયપ્રાયોગ્ય ૩૦ના બંધક છે. તેથી ૨૩ના બંધની જેમ ૩૦૯૭૨ સત્તાસ્થાન થાય છે. તેને વિકલેન્દ્રિયના ૨૪ બંધભાંગે ગુણવાથી ૭, ૪૩, ૩, ૨૮ બંધભાંગાથી ગુણિત સત્તાસ્થાન થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦ના બંધે પં. તિર્યંચપ્રાયોગ્ય ૩૦ના બંધનો સંવેધ -

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના બંધે ૪૬૦૮ બંધભાંગા છે. તે બંધને કરનારા-એકેન્દ્રિય-વિકલેન્દ્રિય, સા. તિર્યંચ, વૈક્રિય તિર્યંચ, સા. મનુષ્ય, વૈ. મનુષ્ય, દેવો અને નારકી છે. આ ૩૦નો બંધ કરનારા જીવોને ૨૧ થી ૩૧ સુધીનાં ૯ ઉદયસ્થાનક હોય છે. ઉદ્યોતવાળા વૈ. મનુષ્યના ૩, આહારક મનુષ્યના ૭ અને કેવલી મનુષ્યના ૮ ઉદયભાંગા છોડીને બાકીના ૭૭૭૩ ઉદયભાંગા ત્યાં હોય છે. એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સા. તિર્યંચના ૪૯૦૬, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૨, વૈક્રિય મનુષ્યના ૩૨, દેવોના ૬૪ અને નારકીના ૫, સર્વે મળીને ૭૭૭૩ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાનક ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચ છે. ૨૧થી ૨૬ સુધીનાં પ્રથમનાં ચાર ઉદયસ્થાનકમાં ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ પાંચ પાંચ સત્તાસ્થાન અને ૨૭થી ૩૧ સુધીનાં પાછલાં ૫ ઉદયસ્થાનોમાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાનક હોય છે. ઉદયસ્થાન પ્રમાણે કુલ ૪૦ સત્તાસ્થાનક હોય છે.

ઉદયભાંગાવાર સંવેધ ૨૩ના બંધની જેમ જ જાણવો. વૈ. વાયુકાયના ૩ ભાંગામાં ૯૨, ૮૮, ૮૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાન, બાકીના એકેન્દ્રિયના ૩૯ ઉદયભાંગામાંથી ૨૧ આદિના ઉદયે અનુક્રમે ૫ + ૧૦ + ૨ + ૨ = ૧૯ ઉદયભાંગામાં પાંચ પાંચ સત્તાસ્થાન, બાકી રહેલા એકેન્દ્રિયના ૪ + ૧૦ + ૬ = ૨૦ ઉદયભાંગામાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાનક, વિકલેન્દ્રિયના ૬૬ ઉદયભાંગામાંથી પ્રથમના ૯ + ૯ = ૧૮માં પાંચ સત્તાસ્થાન, બાકીના ૬ + ૧૨ + ૧૮ + ૧૨ = ૪૮ ઉદયભાંગામાં ૭૮ વિના ચાર સત્તાસ્થાન. સામાન્ય તિર્યંચના પ્રથમના ૯ + ૨૮૯ ઉદયભાંગામાં પાંચ પાંચ સત્તાસ્થાન, બાકીના ૫૭૬ - ૧૧૫૨ - ૧૭૨૮ - ૧૧૫૨ ઉદયભાંગામાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાન, વૈક્રિય તિર્યંચના ૫૬ ભાંગામાં ૯૨ - ૮૮ એમ બે સત્તાસ્થાન, સામાન્ય મનુષ્યના ૨૬૦૨ ઉદયભાંગામાં ૭૮ વિના ૪ સત્તાસ્થાન, વૈ. મનુષ્યના ૩૨ ભાંગામાં ૯૨ - ૮૮ એમ બે બે સત્તાસ્થાન જાણવાં. આટલું ૨૩ના બંધની જેમ જ સમજવું.

તથા દેવોના ૬૪ ઉદયભાંગામાં અને નારકીના ૫ ઉદયભાંગામાં ૯૨ - ૮૮ એમ બે બે સત્તાસ્થાન (૨૩ના બંધ કરતાં) વધારે જાણવાં. કારણ કે દેવ - નારકી ૨૩નો બંધ કરતા નથી. પણ સા. તિ. પ્રાયોગ્ય ૩૦નો બંધ કરે છે. આ રીતે ૩૦૯૭૨ + ૧૩૮ = ૩૧૧૧૦ કુલ સત્તાસ્થાનક જાણવાં. તે તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના બંધના એક એક બંધભાંગે પ્રાપ્ત થાય છે. તેથી ૩૧૧૧૦ X ૪૬૦૮ = ૧૪,૩૩,૫૪,૮૮૦ સત્તાસ્થાનક પં. તિર્યંચપ્રાયોગ્ય ૩૦ના બંધે થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦ના બંધે - મનુષ્યપ્રાયોગ્ય ૩૦ના બંધનો સંવેધ -

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ જિન નામકર્મ સહિત છે. તેના ૮ બંધભાંગા છે. તેને સમ્યગ્દષ્ટિ દેવ અને નારકીના જીવો જ બાંધે છે. કારણ કે એકેન્દ્રિય - વિકલેન્દ્રિય કે તિર્યંચ પંચેન્દ્રિય જીવો જિનનામ કર્મ બાંધતા જ નથી. મનુષ્યો જો સમ્યગ્દષ્ટિ હોય તો નિયમા દેવ પ્રાયોગ્ય જ બંધ કરે છે અને જો મિથ્યાદષ્ટિ હોય તો જિન નામકર્મ બાંધતા નથી. તેથી તિર્યંચ-મનુષ્યોને છોડીને કેવલ દેવ - નારકીના જીવો જ મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ બાંધી શકે છે. આમ હોવાથી ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ ૬ જ ઉદયસ્થાનક હોય છે. ૬૪ + ૫ = ૬૯ જ ઉદયભાંગા હોય છે. દેવોના ૬૪ ઉદયભાંગામાં ૯૩ અને ૮૯ એમ બંને સત્તા હોય છે. કારણ કે જિન નામકર્મનો બંધ ચાલુ જ છે. એટલે મનુષ્યભવમાં આહારક બાંધીને દેવમાં ગયેલાને ૯૩ અને આહારક બાંધ્યા વિના દેવમાં ગયેલાને ૮૯ એમ બે બે સત્તાસ્થાન દેવના ૬૪ ભાંગામાં હોય છે.

નારકીના પાંચે ઉદયભાંગે માત્ર એક ૮૯ની જ સત્તા હોય છે. કારણ કે આહારક અને જિનનામ એમ ઉભયની સત્તાવાળો જીવ જેમ મિથ્યાત્વે જતો નથી. તેમ નરકમાં પણ જતો નથી. ચૂર્ણિકાર લખે છે કે, 'तम्मि चेव उदए नेरइयस्स एगुणनउई एगा, किं कारणं ? भण्णइ – जस्स तित्थगराहारगाणि जुगवं संताणि सो नेरइएसु न उववज्जइ त्ति काउं ।' આ રીતે દેવના ૬૪ ભાંગામાં બે બે સત્તાસ્થાન હોવાથી ૧૨૮ સત્તાસ્થાન તથા નારકીના ૫ ભાંગે ૮૯ની એક સત્તા હોવાથી ૫ X ૧ = ૫, બંને મળીને કુલ ૧૩૩ સત્તાસ્થાન થાય છે. મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધના ૮ બંધભાંગા હોવાથી એક એક બંધભાંગે ૧૩૩ - ૧૩૩ સત્તા હોવાથી ૧૦૬૪ સત્તા થાય છે.

૩૦ના બંધે - દેવપ્રાયોગ્ય ૩૦ના બંધનો સંવેધ -

દેવપ્રાયોગ્ય ૩૦નો બંધ આહારકદ્વિક સહિત છે. તેમાં સર્વપ્રતિપક્ષી પ્રકૃતિઓ શુભ જ બંધાતી હોવાથી તેનો ૧ બંધભાંગો છે. તેને બાંધનારા સાતમા - આઠમા ગુણઠાણાવાળા મુનિ જ છે. તેથી સામાન્ય મનુષ્ય સંબંધી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાનું ૩૦નું એક જ ઉદયસ્થાન હોય છે. બીજાં કોઈ ઉદયસ્થાનો કે ઉદયભાંગા સંભવતા નથી. તથા સાતમા - આઠમા ગુણઠાણે સૌભાગ્ય, આદેય અને યશ જ ઉદયમાં હોય છે. દૌર્ભાગ્ય, અનાદેય અને અપયશ ઉદયમાં હોતાં નથી. તેથી ૬ સંઘયણ X ૬ સંસ્થાન X ૨ વિહાયોગતિ X ૨ સ્વરના મળીને માત્ર ૧૪૪ ઉદયભાંગા અને ૩૦નું જ એક ઉદયસ્થાન દેવપ્રાયોગ્ય ૩૦ના બંધે સંભવે છે અને ત્યાં ૧૪૪ ઉદયભાંગામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માત્ર એક ૯૨ની સત્તા હોય છે. ૯૩ની જો સત્તા લઈએ તો સમ્યગ્દષ્ટિ હોવાથી જિનનામનો બંધ ચાલુ થઈ જાય, તેથી આ ૩૦નું બંધસ્થાનક જ ન રહે અને આહારકનો બંધ ચાલુ હોવાથી આહારકની સત્તા તો છે જ. માટે એક ૯૨ની જ સત્તા ઘટે છે અહિં ચૂર્ણિ - સપ્તતિકાવૃત્તિ અને પંચસંગ્રહની ટીકા આદિ ગ્રંથોના આધારે માત્ર ૩૦નો ઉદય અને ૧૪૪ ઉદયભાંગા લખેલ છે.

પૂ. અભયદેવસૂરિજી કૃત 'સપ્તતિકા ભાષ્ય'ની ગાથા ૧૪૨ની મેરુતુંગાચાર્યકૃત ટીકામાં સાતમા ગુણઠાણે ૧૪૮ ઉદયભાંગા લખ્યા છે. તે પંક્તિઓ આ પ્રમાણે છે - **अप्रमत्तेऽष्टचत्वारिंशं शतं (१४८) यतोऽस्य द्वावुदयौ, तत्रैकोनत्रिंशति वैक्रियाहारकयोरेक, एक इति द्वौ, एवं त्रिंशत्यपि वैक्रियाहारकयोर्द्वौ, स्वभावस्थस्य पुनश्चतुश्चत्वारिंशं शतं, तच्च प्राग्वत्, एवं यथोदितमेव ।** અર્થ સમજાઈ જાય તેમ છે.

પરંતુ આ પાઠ ઉપરથી વૈક્રિય-આહારક શરીરની વિકુર્વણા કરેલા જીવો સાતમે ગુણઠાણે જઈ શકે છે. ૩૦-૩૧નો ઉદય હોઈ શકે છે. સર્વે શુભ પ્રકૃતિઓના ઉદયવાળા એક-એક ઉદયભાંગા હોઈ શકે છે. આટલું જ સિદ્ધ થાય છે. પણ તેઓ સાતમે જઈને આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્ય ૩૦-૩૧ બાંધે છે. એવો અર્થ સિદ્ધ થતો નથી. તેથી આ પાઠના આધારે પણ વૈક્રિય-આહારક મનુષ્યના છેલ્લા ૪ ઉદયભાંગામાં ૩૦-૩૧નો બંધ ન લેવો. સાતમે ગુણઠાણે ૧૪૮ ઉદયભાંગા લેવા, પણ આત્મા બે શરીરોમાં વ્યગ્ર હોવાથી એવી વિશિષ્ટ અપ્રમત્તાવસ્થા નથી કે આહારકદ્વિક બંધાય. આમ અર્થ જાણવો.[1]

૧૪૪ ઉદયભાંગામાં એક જ સત્તાસ્થાન હોવાથી ૧૪૪ સત્તાસ્થાન થાય છે.

| | |
|---|---|
| વિક્લેન્દ્રિય પ્રા. બંધે | ૭,૪૩,૩૨૮ |
| પં. તિર્યંચા પ્રા. બંધે | ૧૪,૩૩,૫૪,૮૮૦ |
| મનુષ્ય પ્રા. બંધે | ૧૦૬૪ |
| દેવ પ્રાયોગ્ય બંધે | ૧૪૪ |
| | ૧૪,૪૦,૯૯,૪૧૬ |

આ પ્રમાણે ચાર પ્રકારના ૩૦ના બંધે કુલ ૧૪,૪૦,૯૯,૪૧૬ સત્તાસ્થાનક થાય છે.

(૧) જો કે 'સપ્તતિકા ભાષ્યની' ૧૪૮મી ગાથામાં આવી પંક્તિ પણ છે કે, 'अप्रमत्तस्याष्टाविंशत्यादीनि चत्वारि बन्धस्थानानि, द्वे उदयस्थाने, एकोनत्रिंशत्त्रिंशत् । तत्र चतुर्ष्वपि बन्धस्थानेषु प्रत्येकं द्वावप्युदयौ वाच्यौ ।' તેથી ભાષ્યકાર વૈક્રિય અને આહારકવાળાને તે શરીર સંબંધી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થાય ત્યારે સ્વરવાળા ઉદયભાંગામાં ૩૦ - ૩૧નો બંધ ઈચ્છતા હોય એમ લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૧ના બંધનો સંવેધ (દેવપ્રાયોગ્ય માત્ર) -

૩૧નો બંધ ફક્ત દેવપ્રાયોગ્ય જ છે અને તે પણ આહારકદ્વિક તથા જિનનામ સહિત છે. તેમાં સર્વ પ્રકૃતિઓ શુભ જ બંધાતી હોવાથી ૧ જ બંધભાંગો છે. આ બંધ કરનારા સાતમા - આઠમા ગુણઠાણાવાળા મુનિઓ માત્ર જ છે અને તે પણ ઔદારિક શરીરસ્થ જ હોય છે. વૈક્રિય અને આહારકની વિકુર્વણાવાળા નથી. તેથી માત્ર ૩૦નું એક જ ઉદયસ્થાન છે. તેના સાતમે ગુણઠાણે ૧૪૪ ઉદયભાંગા થાય છે અને આઠમા ગુણઠાણે પ્રથમનાં ૩ જ સંઘયણનો ઉદય હોવાથી ૩ x ૬ સંસ્થાન x ૨ વિહાયોગતિ x ૨ સ્વર મળીને ૭૨ જ ઉદયભાંગા થાય છે. પરંતુ સાતમા ગુણઠાણાવાળાના જે ૧૪૪ ઉદયભાંગા છે. તેમાં આ ૭૨ ઉદયભાંગા સમાયેલા છે. કોઈ ભિન્ન પ્રકૃતિ નથી માટે જુદા ન ગણવા. ૯૩ની ૧ જ સત્તા છે. એકસો ચુમ્માલીસ ઉદયભાંગે એક ૯૩નું જ સત્તાસ્થાન હોવાથી ૧૪૪ x ૧ = ૧૪૪ સત્તાસ્થાન થાય છે.

ચૂર્ણિમાં આવો પાઠ છે કે 'एगतीसबंधगस्स एगं उदयट्ठाणं तीसा । किं कारणं? देवगइपाउग्गं आहारगतित्थगरसहियं एक्कतीसं बंधमाणो अप्पमत्तसंजओ अपुव्वकरणो वा। ते वेउव्वियं न करेंति त्ति ।' સપ્તતિકાની વૃત્તિ અને પંચસંગ્રહની ટીકા આદિમાં પણ આવા જ પાઠો છે. તત્ત્વ કેવલિગમ્ય જાણવું.

૧ના બંધનો સંવેધ -

એક યશ નામકર્મનો બંધ આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગે, નવમા ગુણસ્થાનકે અને દસમા ગુણસ્થાનકે હોય છે. ત્યાં ઉપશમ શ્રેણી અથવા ક્ષપકશ્રેણી જ માત્ર હોય છે. તેથી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત દેહસ્થ એવા મનુષ્યો જ હોઈ શકે છે. તેથી ૩૦નું એક જ ઉદયસ્થાન ઘટે છે. અહીં વૈક્રિય કે આહારક શરીરની રચના કરતો નથી. તેથી ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ ઉદયસ્થાનો સંભવતાં નથી.

પહેલા ત્રણ સંઘયણના ઉદયવાળો જીવ ઉપશમશ્રેણી પ્રારંભે છે અને ક્ષપકશ્રેણી પહેલા સંઘયણવાળો જ પ્રારંભે છે. તેથી બંને શ્રેણીમાં થઈને ત્રણ સંઘયણ, છ સંસ્થાન, બે વિહાયોગતિ અને સુસ્વર - દુઃસ્વર આટલી જ પ્રતિપક્ષી પ્રકૃતિઓ ઉદયમાં સંભવી શકે છે. બાકીની બધી શુભ જ ઉદયમાં હોય છે. તેથી ૩ x ૬ x ૨ x ૨ = ૭૨ ઉદયભાંગા હોય છે. પહેલા સંઘયણના ૨૪, બીજા સંઘયણના ૨૪ અને ત્રીજા સંઘયણના ૨૪ મળીને કુલ ૭૨ ઉદયભાંગા હોય છે. પહેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંઘયણના ૨૪ ભાંગા બંને શ્રેણીમાં અને બીજા - ત્રીજા સંઘયણના ૪૮ ભાંગા માત્ર ઉપશમશ્રેણીમાં જ હોય છે.

સત્તાસ્થાનક ૯૩, ૯૨, ૮૯, ૮૮ અને ૮૦, ૭૯, ૭૬, ૭૫ મળીને કુલ ૮ સત્તાસ્થાનક હોય છે. પ્રથમનાં ચાર સત્તાસ્થાનક ઉપશમશ્રેણીમાં આઠમે, નવમે અને દસમે એમ ત્રણે ગુણઠાણે હોય છે જ્યારે ક્ષપકશ્રેણીમાં નવમા ગુણઠાણે ૧૬નો ક્ષય ન કરે ત્યાં સુધી (અર્થાત્ નવમાના પહેલા ભાગ સુધી) હોય છે. ત્યારબાદ નવમાના બીજા ભાગથી દસમા ગુણઠાણા સુધી ૮૦ - ૭૯ - ૭૬ - ૭૫ આ ચાર સત્તાસ્થાન હોય છે.

ઉદયભાંગાવાર વિચારીએ તો બીજા - ત્રીજા સંઘયણવાળા જે ૨૪ + ૨૪ = ૪૮ ઉદયભાંગા છે. તે માત્ર ઉપશમશ્રેણીમાં જ ઘટે છે. ક્ષપકશ્રેણીમાં નહીં. તેથી તે ૪૮ ભાંગામાં ૯૩, ૯૨, ૮૯, ૮૮ એમ ચાર સત્તાસ્થાન હોઈ શકે છે. અહીં જિનનામકર્મની સત્તા લેવાય છે. તે નિકાચિતને આશ્રયી જ લેવાય છે. તેથી તીર્થંકર થનારા જે આત્માને છેલ્લા ત્રણ ભવમાં જિનનામની સત્તા હોય છે તેને જ ૯૩ કે ૮૯ની સત્તા હોય છે. ત્રણ ભવમાં પણ વચ્ચેનો ભવ દેવ અથવા નારકીનો છે. છેલ્લો ભવ તીર્થંકર થનારનો છે. તેથી તે બે ભવમાં ઉપશમશ્રેણી સંભવતી નથી. માટે છેલ્લેથી ત્રીજા ભવમાં જિનનામ બાંધનારા જીવો ક્ષપકશ્રેણી ન માંડવાની હોવાથી કદાચ જો ઉપશમશ્રેણી માંડે તો તેઓને ૯૩ - ૮૯ની સત્તા હોઈ શકે છે. ૯૨ - ૮૮ની સત્તા તો ઉપશમ શ્રેણીમાં સહજપણે હોય જ છે. કોઈક આચાર્યો એમ પણ માને છે કે જે જીવો પહેલા સંઘયણવાળા હોય છે તે જ જીવો જિનનામ બાંધે છે. જો આ મત લઈએ તો બીજા - ત્રીજા સંઘયણવાળા ૪૮ ઉદય ભાંગામાં માત્ર ૯૨ - ૮૮ની બે જ સત્તા હોય છે. આ રીતે ૪૮ ઉદયભાંગામાં ૪ (અને મતાન્તરે ૨) સત્તાસ્થાન હોય છે.

પહેલા સંઘયણના જે ૨૪ ઉદયભાંગા છે. તેમાં પહેલું સંઘયણ, પહેલું સંસ્થાન, શુભવિહાયોગતિ અને સુસ્વર (એમ સર્વે શુભપ્રકૃતિઓ)ના ઉદયવાળો જ ૧ ભાંગો તીર્થંકર થનારા પરમાત્માને ઘટે છે અને બાકીના ૨૩ ભાંગામાં કોઈને કોઈ પ્રકૃતિ અશુભ હોવાથી તીર્થંકર થનારા જીવને તે ૨૩ ભાંગાવાળો ૩૦નો ઉદય ન સંભવે. તેથી આ ૨૩ ઉદયભાંગા ઉપશમશ્રેણીમાં પણ હોઈ શકે અને ક્ષપકશ્રેણીમાં પણ સામાન્યકેવલી થનારાને હોઈ શકે છે. તેથી તે ૨૩ ઉદયભાંગામાં ઉપશમશ્રેણીમાં ૯૩, ૯૨, ૮૯, ૮૮ એમ ચાર સત્તાસ્થાન જાણવાં. (તેમાં પણ ૯૩ અને ૮૯ની જિનનામવાળી સત્તા, તીર્થંકર થનારા જીવને છેલ્લેથી ત્રીજા ભવમાં ઉપશમશ્રેણી માંડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે જાણવી) તીર્થંકર થનારા જીવને તથા સામાન્ય કેવલી થનારા જીવને આઠમાના ૭મા ભાગથી નવમા ગુણઠાણે તેરનો ક્ષય ન કરે ત્યાં સુધી ૧ના બંધે ૯૨ અને ૮૮ની સત્તા આ ૨૩ ભાંગે જાણવી. ૨૩ ભાંગે કુલ ૬ સત્તાસ્થાન જાણવાં.

હવે સર્વે શુભ પ્રકૃતિઓના ઉદયવાળો જે ૧ ભાંગો છે તે ઉપશમ શ્રેણીમાં તથા ક્ષપકશ્રેણીમાં સામાન્યકેવલી થનારાને અને તીર્થંકર થનારાને એમ બધાંને હોઈ શકે છે. તેથી ઉપશમશ્રેણીમાં ૯૩, ૯૨, ૮૯, ૮૮ એમ ૪ સત્તાસ્થાન જાણવાં. (૯૩ - ૮૯ની સત્તા તીર્થંકર થનારા જીવને છેલ્લેથી ત્રીજા ભવમાં ઉપશમ શ્રેણી માંડે ત્યારે હોય છે.)

ક્ષપકશ્રેણીમાં ૮મા ગુણઠાણાના સાતમા ભાગથી નવમાના પ્રથમભાગ સુધી (૧૩ ક્ષય ન થાય ત્યાં સુધી) સામાન્ય કેવલી થનારા આત્માને ૯૨-૮૮ અને તીર્થંકર થનારા આત્માને સર્વે શુભ પ્રકૃતિવાળા ૧ ભાંગામાં ૯૩-૮૯ની સત્તા જાણવી.

નવમાના બીજા ભાગથી દસમા ગુણઠાણા સુધી સામાન્યકેવલી થનારાને ૭૯-૭૫ અને તીર્થંકર થનારા આત્માને ૮૦-૭૬ની સત્તા હોય છે. એમ કુલ ૮ સત્તાસ્થાનક સર્વ શુભ પ્રકૃતિવાળા ૧ ભાંગે જાણવાં. આ રીતે ૪૮ ભાંગે ૪, ૨૩ ભાંગે ૬ અને ૧ ભાંગે ૮ સત્તાસ્થાનક હોય છે. તેથી । ૪૮ X ૪ = ૧૯૨ । ૨૩ X ૬ = ૧૩૮ । ૧ X ૮ = ૮ । આ ત્રણે મળીને એકના બંધે કુલ ૩૩૮ સત્તાસ્થાન હોય છે.

જૈનમ્ જયતિ શાસનમ્

---

અબંધનો સંવેધ -

નામકર્મનો બંધ ૧૦મા ગુણસ્થાનક સુધી જ છે. તેથી ૧૧ - ૧૨ - ૧૩ - ૧૪ આ ચાર ગુણસ્થાનકે અબંધ જાણવો. તે ચારે ગુણસ્થાનકે અબંધને આશ્રયી અહીં સાથે સંવેધ વિચારાય છે. બંધ નથી. તેથી બંધભાંગા પણ નથી. ઉદયસ્થાન ૨૦ - ૨૧ - ૨૬ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ - ૯ - ૮ એમ કુલ ૧૦ હોય છે. ૧૧મા ગુણઠાણે ફક્ત ૩૦નો જ ઉદય હોય અને ત્રણે સંઘયણ હોવાથી ૭૨ ઉદયભાંગા હોય, તથા ૧૨મા ગુણઠાણે ક્ષપકશ્રેણી હોવાથી ૩૦નો જ ઉદય અને પહેલા સંઘયણવાળા ૨૪ જ ઉદયભાંગા હોય, તેરમા ગુણઠાણે કેવલી સમુદ્ઘાત - યોગનિરોધ અને સ્વાભાવિક દેહસ્થ અવસ્થા એમ ત્રણે પ્રકાર હોવાથી ૨૦ થી ૩૧ સુધીનાં ૮ ઉદયસ્થાનક હોય છે અને તેના અનુક્રમે ૧ - ૧ - ૬ - ૧ - ૧૨ - ૧૩ - ૨૫ - ૧ મળીને કુલ ૬૦ ઉદયભાંગા હોય છે અને ચૌદમા ગુણઠાણે ૯ - ૮ એમ બે ઉદયસ્થાનક જાણવાં. અને તેના ૧ - ૧ = ૨ ઉદયભાંગા જાણવા.

કુલ ઉદયભાંગા - સામાન્યકેવલી અને તીર્થંકર કેવલીના મળીને ૬૨ અને બીજા-ત્રીજા સંઘયણવાળા ૪૮ મળીને ૧૧૦ ઉદયભાંગા થાય છે.

સત્તાસ્થાનક ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૦, ૭૯, ૭૬, ૭૫, ૯, ૮ એમ કુલ ૧૦ હોય છે. ત્યાં જે જે ઉદયસ્થાનો અને ઉદયભાંગા તીર્થંકર પ્રભુને જ માત્ર હોય છે ત્યાં ૮૦ - ૭૬ની સત્તા, જે જે ભાંગા સામાન્યકેવલીને જ હોય છે ત્યાં ૭૯ - ૭૫ની સત્તા અને ઉપશાંતમોહવાળા ઉદયભાંગામાં ૯૩, ૯૨, ૮૯, ૮૮ની સત્તા હોય છે. આ વાતને લક્ષ્યમાં રાખતાં આ પ્રમાણે સત્તાસ્થાનક ઘટે છે.

| ઉદય સ્થાન | કોને | ક્યારે | ઉદય ભાંગા | સત્તા સ્થાન | કઈ કઈ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૨૦ | સામાન્ય કેવલીને | કેવલી સમુદ્‌ઘાતમાં ૩-૪-૫ સમયે | ૧ | ૨ | ૭૯-૭૫ | ૨ |
| ૨૧ | તીર્થંકર કેવલીને | કેવલી સમુદ્‌ઘાતમાં ૩-૪-૫ સમયે | ૧ | ૨ | ૮૦-૭૬ | ૨ |
| ૨૬ | સામાન્ય કેવલીને | કેવલી સમુદ્‌ઘાતમાં ૨-૬-૭ સમયે | ૬ | ૨ | ૭૯-૭૫ | ૧૨ |
| ૨૭ | તીર્થંકર પ્રભુને | કેવલી સમુદ્‌ઘાતમાં ૨-૬-૭ સમયે | ૧ | ૨ | ૮૦-૭૬ | ૨ |
| ૨૮ | સા. કેવલીને | ઉચ્છ્‌વાસ નિરોધે | ૧૨ | ૨ | ૭૯-૭૫ | ૨૪ |
| ૨૯ | સા. કેવલીને | સ્વર નિરોધે | ૧૨ | ૨ | ૭૯-૭૫ | ૨૪ |
| ૨૯ | તીર્થંકર પ્રભુને | ઉચ્છ્‌વાસ નિરોધે | ૧ | ૨ | ૮૦-૭૬ | ૨ |
| ૩૦ | સામાન્ય કેવલીને | દેહસ્થને | ૨૪ | ૨ | ૭૯-૭૫ | ૪૮ |
| ૩૦ | તીર્થંકર પ્રભુને | સ્વરનિરોધે | ૧ | ૨ | ૮૦-૭૬ | ૨ |
| ૩૦ | ઉપશમ શ્રેણીમાં | ત્રણ સંઘયણવાળાને | ૭૨ | ૪ | ૯૩,૯૨, ૮૯,૮૮ | ૨૮૮ |
| ૩૧ | તીર્થંકર પ્રભુને | દેહસ્થને | ૧ | ૨ | ૮૦-૭૬ | ૨ |
| ૯ | તીર્થંકર પ્રભુને | અયોગીના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી | ૧ | ૨ | ૮૦-૭૬ | ૨ |
| ૯ | તીર્થંકર પ્રભુને | " ચરમ સમયે | ૧ | ૧ | ૯ | ૧ |
| ૮ | સામાન્ય કેવલીને | " દ્વિચરમ સમય સુધી | ૧ | ૨ | ૭૯-૭૫ | ૨ |
| ૮ | સામાન્ય કેવલીને | " ચરમ સમયે | ૧ | ૧ | ૮ | ૧ |

આ પ્રમાણે નામકર્મનો બંધ - ઉદય અને સત્તાનો સંવેધ લખ્યો છે. સપ્તતિકાની વૃત્તિ, ચૂર્ણિ, સપ્તતિકાભાષ્ય, પંચસંગ્રહની ટીકા વગેરે મૌલિકગ્રંથોમાં અને ટીકાઓમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદયસ્થાન ઉપર સત્તાસ્થાન જણાવ્યાં છે. પણ ઉદયભાંગા ઉપર સત્તાસ્થાન જણાવ્યાં નથી તેથી ઉદયભાંગા ઉપર સત્તાસ્થાન લખવામાં કોઈ મૌલિક આધાર મળ્યો નથી. પરંતુ હાલના ગુજરાતી વિવેચનોનો તથા મળી શક્યો તેટલો મૂલગ્રંથોનો આધાર લઈને અમે આ સંવેધ લખ્યો છે. છતાં તેમાં કોઈ ક્ષતિ જણાય તો ક્ષમા કરવા અને જણાવવા મહાત્મા પુરુષોને વિનંતિ છે. (ગુજરાતી વિવેચનોમાં મહેસાણા પાઠશાળા તરફથી પ્રકાશિત થયેલ છઠ્ઠા કર્મગ્રંથનું વિવેચન, પંચસંગ્રહના ત્રીજા ભાગ રૂપે પૂજ્યશ્રી પુખરાજજી સાહેબ દ્વારા સંપાદિત થયેલ અને મહેસાણા પાઠશાળા દ્વારા પ્રકાશિત થયેલ ગુજરાતી વિવેચન, તથા પંડિતવર્ય શ્રી રસિકલાલ શાંતિલાલ દ્વારા પ્રકાશિત થયેલ સપ્તતિકા કર્મગ્રંથ ઈત્યાદિનો આધાર લઈને આ લખેલ છે. આ સર્વે ઉપકારી પુરુષોનો આ સમયે આભાર માનું છું અને નમસ્કાર કરું છું.) ॥ ૩૩-૩૪ ॥

**तिविगप्पपगइठाणेहिं, जीवगुणसन्निएसु ठाणेसु ।**
**भंगा पउंजियव्वा, जत्थ जहासंभवो भवइ ।। ३५ ।।**

**त्रिविकल्पप्रकृतिस्थानैः जीवगुणसंज्ञितेषु स्थानेषु ।**
**भङ्गाः प्रयोक्तव्याः, यत्र यथासम्भवो भवति ।। ३५ ।।**

*ગાથાર્થ - બંધ - ઉદય અને સત્તા એમ આ ત્રણે પ્રકારનાં સ્થાનો દ્વારા જીવસ્થાનક અને ગુણસ્થાનકમાં જ્યાં જેટલા સંભવે ત્યાં તેટલા ભાંગા કરવા. ॥ ૩૫॥*

વિવેચન - આ કર્મગ્રંથની ૧ થી ૩૪ ગાથામાં મૂલ આઠ કર્મોના તથા જ્ઞાનાવરણીયાદિ એક એક મૂલકર્મોનાં બંધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકો સમજાવ્યાં તથા તેના ભાંગા પણ વિસ્તારથી સમજાવ્યા છે. તેને બરાબર સમજી લઈ, ચૌદ જીવસ્થાનકોમાં અને ચૌદ ગુણસ્થાનકોમાં (તથા ૬૨ માર્ગણાસ્થાનોમાં) આ ઉદયસ્થાનકો, ઉદયભાંગાઓ, સત્તાસ્થાનકો જ્યાં જેટલાં જેટલાં સંભવતાં હોય તેનો અતિશય સૂક્ષ્મ વિચાર કરીને (પણ) જાણવાં જોઈએ. ભંગજાળ જોઈને કંટાળવું નહીં કે ઉદ્વેગ પામવો નહીં. પરંતુ આ વિષયના વધારે રસિક બનીને દીર્ઘ વિચારણા કરવાપૂર્વક ભાંગાઓ જાણવા. ॥ ૩૫ ॥

હવે ચૌદ જીવસ્થાનક ઉપર જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મનો સંવેધ કહે છે.

**तेरससु जीवसंखेवएसु, नाणंतराय तिविगप्पो ।**
**इक्कंमि तिदुविगप्पो, करणं पइ इत्थ अविगप्पो ।। ३६ ।।**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

त्रयोदशसु जीवसंक्षेपकेषु, ज्ञानान्तरराययोस्त्रिविकल्पः ।
एकस्मिन् त्रिद्विविकल्पः, करणं प्रत्यत्राविकल्पः ।। ३६ ।।

*ગાથાર્થ : જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મનો તેર જીવસ્થાનકોમાં ત્રણ વિકલ્પોવાળો ભાંગો હોય છે. તથા એક જીવસ્થાનકમાં ત્રણ વિકલ્પવાળો અને બે વિકલ્પવાળો ભાંગો હોય છે અને કરણને (દ્રવ્યમનને) આશ્રયીને અહીં અવિકલ્પ હોય છે. ॥ ૩૬ ॥*

વિવેચન - જ્ઞાનાવરણીયાદિ એક એક મૂલકર્મના સંવેધ ભાંગા હવે ચૌદ જીવસ્થાનકોમાં સમજાવાય છે. ત્યાં સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિયાદિ (સંજ્ઞી પં. પર્યાપ્ત વિનાનાં) તેર જીવસ્થાનકોમાં યથાયોગ્ય એક, બે (૧-૨) ગુણસ્થાનકો હોય છે. લબ્ધિપર્યાપ્ત અને કરણઅપર્યાપ્ત એવા આ જીવસ્થાનકોમાં એક, બે ગુણસ્થાનક હોઈ શકે છે. જોકે અહીં તો જે અપર્યાપ્તા જીવભેદ લેવાના છે તે લબ્ધિ અપર્યાપ્તા જ લેવાના છે. તેની જ વિવક્ષા કરીને આ સંવેધ લખાયો છે. તેને પહેલું એકજ ગુણસ્થાનક છે. અને લબ્ધિપર્યાપ્તા એકેન્દ્રિયાદિમાં ૧-૨, ગુણસ્થાનક હોય છે. તે બન્ને ગુણસ્થાનકે જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મનો બંધ પાંચનો છે કારણ કે દશમા ગુણઠાણા સુધી પાંચે બંધાય છે. ઉદય પણ પાંચનો જ છે. કારણ કે બારમા સુધી પાંચેનો ઉદય શાસ્ત્રોમાં કહેલો છે અને સત્તા પણ પાંચની છે. કારણ કે બારમાના ચરમસમય સુધી પાંચેની સત્તા હોય છે. આ કારણથી તેર જીવસ્થાનકોમાં જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મનો પાંચનો બંધ, પાંચનો ઉદય અને પાંચની સત્તાવાળો આવા પ્રકારના ત્રણે વિકલ્પવાળો એક જ ભાંગો હોય છે.

તથા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા નામના ચૌદમા એક જીવસ્થાનકમાં જોકે ૧ થી ૧૪ ગુણસ્થાનકો છે. તો પણ કેવલી પરમાત્માને આશ્રયી આ ગાથાના ચોથા પદમાં જુદું કહેવાના હોવાથી ભાવમનને આશ્રયી જે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા છે. તેમાં ૧ થી ૧૨ ગુણસ્થાનક અહીં વિવક્ષ્યાં છે તેવા પ્રકારના ભાવમનવાળા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં ત્રણ વિકલ્પવાળો ૧ ભાંગો, અને બે વિકલ્પવાળો ૧ ભાંગો એમ મળીને કુલ ૨ ભાંગા હોય છે. બંધ-ઉદય અને સત્તા એમ ત્રણે પાંચ-પાંચ હોય એવો ત્રણ વિકલ્પવાળો પહેલો ભાંગો ૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં છે. અને બંધવિચ્છેદ થયા પછી ૧૧-૧૨ આ બે ગુણઠાણે બંધ વિના કેવળ ઉદય અને સત્તાને આશ્રયી બે વિકલ્પવાળો ભાંગો હોય છે. એમ કુલ ૨ ભાંગા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩-૧૪ મા ગુણઠાણે વર્તતા કેવલી પરમાત્મા ચિંતન-મનનાત્મક ભાવ મન વિનાના છે. તેથી સંજ્ઞી નથી. તથા અન્ય દેશમાં રહેલા મનઃપર્યવજ્ઞાની તથા અનુત્તરવાસી દેવો આદિ વડે પુછાયેલા પ્રશ્નોના ઉત્તરો આપવા રૂપે, મનોવર્ગણા ગ્રહણ કરીને બનાવેલા દ્રવ્યમનને આશ્રયી સંજ્ઞી પણ છે તેમાં પણ ૧૩ મા ગુણઠાણાવાળા કેવલી આવા પ્રકારના દ્રવ્યમનવાળા છે. તે માટે સંજ્ઞી છે અને ચૌદમા ગુણઠાણાવાળા તો ભાવમનવાળા પણ નથી અને દ્રવ્યમનવાળા પણ નથી તો પણ ભૂતકાળમાં દ્રવ્યમનવાળા હતા, તેને આશ્રયી સંજ્ઞી છે. આમ બન્ને પ્રકારના કેવલી એવા સંજ્ઞીમાં અવિકલ્પવાળો ભાંગો હોય છે. એટલે કે બંધ, ઉદય અને સત્તા આ ત્રણેનો સંપૂર્ણપણે અભાવ જ છે. તેથી "અવિકલ્પ" વાળો એટલે કે ત્રણેના વિકલ્પના અભાવવાળો ભાંગો હોય છે. ચૂર્ણિમાં કહ્યું છે કે- "मणाकरणं केवलिणो वि अत्थि तेण सण्णिणो, मणोविण्णाणं पडुच्च ते सन्निणो न भवन्ति । एवमिंदियं पि पडुच्च सन्निणो न भवंति ।" સપ્તતિકાની પૂ. મલયગિરિજી મ. શ્રી કૃત ટીકામાં કહ્યું છે કે "इह केवलिनो मनोविज्ञानमधिकृत्य संज्ञिनो न भवन्ति, द्रव्यमनः-सम्बन्धात् पुनस्तेऽपि संज्ञिनो व्यवह्रियन्ते ।"

આ બન્ને કર્મોનું જીવસ્થાનક ઉપર આવું ચિત્ર બને છે.

| જીવસ્થાનક | બંધ | ઉદય | સત્તા | કુલ ભાંગા | કેવો ભાંગો |
|---|---|---|---|---|---|
| ૧૩ | ૫ | ૫ | ૫ | ૧ | ત્રણ વિકલ્પવાળો |
| સંજ્ઞી પં. ૫. | ૫ | ૫ | ૫ | | ત્રણ વિકલ્પવાળો |
| | ૦ | ૫ | ૫ | {૨} | બે વિકલ્પવાળો |
| કેવલીપ્રભુ | ૦ | ૦ | ૦ | ૦ | અવિકલ્પવાળો |

॥ ૩૬ ॥

ચૌદ જીવસ્થાનક ઉપર દર્શનાવરણીય કર્મનો સંવેધ કહે છે. -

**तेरे नव चउ पणगं, नव संतेगम्मि भंगमिक्कारा ।**
**वेयणीयाउयगोए, विभज्ज मोहं परं वोच्छं ।। ३७ ।।**

त्रयोदशसु नव, चत्वारि पञ्च, नव सन्त एकस्मिन् भङ्गा एकादश ।
वेदनीयायुर्गोत्राणि, विभज्य मोहं परं वक्ष्ये ।। ३७ ।।

*ગાથાર્થ - તેર જીવસ્થાનકોમાં નવનો બંધ, ચાર-પાંચનો ઉદય અને નવની સત્તાવાળા બે ભાંગા હોય છે. એક જીવસ્થાનકમાં ૧૧ ભાંગા હોય છે. વેદનીય-આયુષ્ય અને ગોત્રકર્મને કહીને પછી મોહનીય કર્મ કહીશું. ॥ ૩૭ ॥*



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેચન - સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા વિનાના સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિય આદિ ૧૩ જીવસ્થાનકોમાં દર્શનાવરણીયકર્મના ૨ ભાંગા હોય છે. (૧) નવનો બંધ, ચારનો ઉદય અને નવની સત્તા, તથા (૨) નવનો બંધ, પાંચનો ઉદય, અને નવની સત્તા. કારણ કે સર્વે કર્મોના સંવેધમાં પર્યાપ્તા કે અપર્યાપ્તા જે લેવાય છે તે સર્વે જીવભેદો લબ્ધિને આશ્રયી જ લેવાય છે. કારણ કે તેવા જીવોને વિગ્રહગતિથી જ પર્યાપ્ત અને અપર્યાપ્તનામકર્મનો ઉદય હોય છે. કરણ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તાને આશ્રયી પર્યાપ્ત-અપર્યાપ્ત નામકર્મનો ઉદય હોતો નથી. જેમકે કરણ અપર્યાપ્તો ભલે હોય (પર્યાપ્તિઓ પૂર્ણ ભલે ન કરી હોય) તો પણ લબ્ધિ પર્યાપ્તાને પર્યાપ્તનામકર્મ જ ઉદયમાં હોય છે.

આવા પ્રકારના લબ્ધિ અપર્યાપ્તા ૭ જીવસ્થાનકમાં માત્ર પહેલું ગુણસ્થાનક અને લબ્ધિપર્યાપ્તા ૬ જીવસ્થાનકમાં પહેલું અને બીજું એમ બે ગુણસ્થાનક હોય છે. માટે દર્શનાવરણીય કર્મના નવના બંધે ચાર અથવા પાંચના ઉદયવાળા અને નવની સત્તાવાળા બે જ ભાંગા હોય છે. (જો કરણ અપર્યાપ્તા લઈએ તો આ તેર જીવસ્થાનકમાંથી સંજ્ઞી પં. અપર્યાપ્તામાં ચોથું ગુણસ્થાનક પણ હોવાથી છના બંધના પણ ૨ ભાંગા હોઈ શકે છે પણ અહીં લબ્ધિ અપર્યાપ્તાની જ વિવક્ષા છે તેથી ૬ના બંધના ભાંગા લીધા નથી). હવે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વે ગુણસ્થાનક હોવાથી પૂર્વે જણાવ્યા પ્રમાણે દર્શનાવરણીય કર્મના અગિયારે ભાંગા ઘટી શકે છે. ગ્રંથકારશ્રી ક્ષપકશ્રેણીમાં નિદ્રાનો ઉદય માનતા નથી તેથી મૂલગાથામાં ૧૧ ભાંગા હોવાનું કથન કરેલ છે. જે આચાર્યો ક્ષપકશ્રેણીમાં નિદ્રાનો ઉદય માને છે તેઓના મતે સંજ્ઞી. પં. પર્યાપ્તામાં ૧૩ ભાંગા દર્શનાવરણીયકર્મના હોય છે. એમ પણ જાણવું.

હવે વેદનીય-આયુષ્ય-અને ગોત્રકર્મ કહીને પછી મોહનીયકર્મ કહીશું. (હવે આવતી બે ગાથા મૂલ સપ્તતિકા ગ્રંથની નથી). ॥ ૩૭ ॥

**पज्जत्तगसन्नियरे, अट्ठ चउक्कं च वेयणीयभंगा ।**
**सत्त य तिगं च गोए, पत्तेअं जीवठाणेसु ॥ ३८ ॥**
**(जीवठाणेसु वत्तव्वा पाठान्तर)**

**पर्याप्तकसंज्ञीतरयोः, अष्ट चत्वारश्च वेदनीयभङ्गाः ।**
**सप्त च त्रिकञ्च गोत्रे, प्रत्येकं जीवस्थानेषु ॥ ३८ ॥**
**(जीवस्थानेषु वक्तव्याः)**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ - પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયમાં, અને ઈતર (બાકીનાં) ૧૩ જીવસ્થાનકોમાં વેદનીયકર્મના અનુક્રમે આઠ અને ચાર ભાંગા હોય છે તથા ગોત્રકર્મના અનુક્રમે સાત અને ત્રણ ભાંગા હોય છે. ॥ ૩૮ ॥*

વિવેચન - આ ગાથા મૂલસપ્તતિકાની નથી. પરંતુ ભાષ્યાદિ કોઈ અન્ય ગ્રંથની છે. ચૂર્ણિમાં કહ્યું છે કે - **तत्थ वेयणिय-गोत्ताणं भंगनिरूवणत्थमन्तर्भाष्यगाथा** - પૂ. મલયગિરિજી મ. શ્રીની ટીકામાં પણ કહ્યું છે કે - "**तत्रेयं वेदनीयगोत्रयोर्विकल्प-निरूपणार्थमन्तर्भाष्यगाथा**" પરંતુ "સપ્તતિકા ભાષ્ય" ની ૧૯૧ ગાથાઓ છે. તે સઘળી ગાથાઓ જોવા છતાં તેમાં અમને મળી નથી. માટે અન્ય કોઈ ગ્રંથમાં કોઈ અન્ય ગ્રન્થકર્તાની બનાવેલી આ ગાથા અહીં પ્રક્ષિપ્ત કરેલી હોય એમ લાગે છે.

પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયને સર્વે ગુણસ્થાનક છે. અને બાકીના તેર જીવસ્થાનકોને (લબ્ધિ અપર્યાપ્તા-પર્યાપ્તા લેવાના કારણે) માત્ર પહેલું અને બીજું ગુણસ્થાનક છે. વેદનીયકર્મના કુલ ૮ ભાંગા થાય છે. જે પહેલાં ગાથા-૧૧ માં સમજાવ્યા છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વે ગુણસ્થાનક હોવાથી વેદનીયકર્મના આઠે આઠ ભાંગા હોઈ શકે છે. અહીં તેરમા ગુણઠાણાવાળા કેવલી ભગવાન દ્રવ્યમનવાળા હોવાથી અને ચૌદમા ગુણઠાણાવાળા ભગવંતો ભૂતકાળમાં મનવાળા હતા એથી ઉપચાર કરીને તેઓની સંજ્ઞી તરીકે વિવક્ષા કરી છે. આ વિવક્ષા લઈએ તો જ વેદનીય કર્મના છેલ્લા ચાર ભાંગા સંજ્ઞીમાં ઘટે. અન્યથા તો પ્રથમના ચાર જ ભાંગા ઘટે.

| નંબર | બંધ | ઉદય | સત્તા | ક્યાંથી ક્યાં સુધી |
|---|---|---|---|---|
| ૧ | અસાતા | અસાતા | બન્ને | આ ભાંગો ૧ થી ૬ ગુણ. સુધી |
| ૨ | અસાતા | સાતા | બન્ને | આ ભાંગો ૧ થી ૬ ગુણ. સુધી |
| ૩ | સાતા | અસાતા | બન્ને | આ ભાંગો ૧ થી ૧૩ ગુણ. સુધી |
| ૪ | સાતા | સાતા | બન્ને | આ ભાંગો ૧ થી ૧૩ ગુણ. સુધી |
| ૫ | ૦ | અસાતા | બન્ને | ૧૪માના આદ્યસમયથી દ્વિચરમસમય સુધી |
| ૬ | ૦ | સાતા | બન્ને | ૧૪માના આદ્યસમયથી દ્વિચરમસમય સુધી |
| ૭ | ૦ | અસાતા | અસાતા | ૧૪ માના ચરમસમયે માત્ર |
| ૮ | ૦ | સાતા | સાતા | ૧૪ માના ચરમસમયે માત્ર |

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા વિનાના બાકીના ૧૩ જીવસ્થાનકોમાં માત્ર પહેલું અને બીજું જ ગુણસ્થાનક હોવાથી ઉપરોક્ત ૮ માંથી પ્રથમના ૪ ભાંગા જ હોય છે. છેલ્લા ચાર અબંધવાળા ભાંગા ત્યાં સંભવતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"सत्तयतिगं च गोए" ગોત્ર કર્મના કુલ ૭ ભાંગા છે. જે પહેલાં ૧૧ મી ગાથામાં સમજાવ્યા છે. તે સાતે ભાંગા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સંભવે છે. કારણ કે તે જીવમાં ચૌદે ગુણસ્થાનક છે. તથા તેઉકાય-વાયુકાયમાં ઉચ્ચગોત્રની ઉદ્‌વલના કરીને પંચેન્દ્રિય તિર્યંચમાં આવે ત્યારે ઉચ્ચગોત્ર નવું ન બાંધે ત્યાં સુધી લબ્ધિ પર્યાપ્તા સંજ્ઞી પં. તિર્યંચમાં નીચનો બંધ, નીચનો ઉદય, અને નીચની સત્તા ઘટી શકે છે. માટે સંજ્ઞી પં. પર્યાપ્તામાં સાતે ભાંગા ઘટી શકે છે. બાકીના તેર જીવસ્થાનકોમાં ગોત્રકર્મના ૭ ભાંગામાંથી નીચગોત્રના ઉદયવાળા (પહેલો-બીજો અને ચોથો) એમ કુલ ત્રણ જ ભાંગા હોય છે. કારણ કે તે તેર જીવસ્થાનકમાંથી ૧૧ જીવસ્થાનક તો તિર્યંચગતિમાં જ સંભવે છે. (એકેન્દ્રિયનાં ૪, વિકલેન્દ્રિયનાં ૬, અને અસંજ્ઞી પર્યાપ્ત) આ ૧૧ જીવસ્થાનકમાં વર્તતા જીવો તિર્યંચ જ હોય છે. અને તિર્યંચોને નીચગોત્રનો જ ઉદય હોય છે. ચૂર્ણિમાં કહ્યું છે કે - "उच्चागोओदओ तिरिएसु नत्थित्ति काउं" સપ્તતિકાની ટીકામાં પણ કહ્યું છે કે तिर्यक्षूच्चैर्गोत्रस्योदयाभावात्

તથા અસંજ્ઞી અપર્યાપ્તા અને સંજ્ઞી અપર્યાપ્તા આ બન્ને જીવભેદો તિર્યંચ-મનુષ્ય બન્ને ગતિમાં સંભવે છે. પરંતુ લબ્ધિ અપર્યાપ્તાની વિવક્ષા હોવાથી તે બન્ને જીવભેદોમાં તથાવિધ વિશુદ્ધિના અભાવે ઉચ્ચગોત્રનો ઉદય હોતો નથી. માટે (૧) નીચનો બંધ, નીચનો ઉદય અને નીચની સત્તા, (૨) નીચનો બંધ, નીચનો ઉદય અને બેની સત્તા, તથા (૩) ઉચ્ચનો બંધ, નીચનો ઉદય અને બેની સત્તા, આ ત્રણ ભાંગા જ તેર જીવસ્થાનકમાં હોય છે. ॥ ૩૮ ॥

जैनम् जयति शासनम्

ચૌદ જીવસ્થાનકમાં હવે આયુષ્યકર્મના ભાંગા કહે છે. આ ગાથા પણ મૂલસપ્તતિકાની નથી. ભાષ્યાદિ કોઈ અન્ય ગ્રંથની છે.

**पज्जत्तापज्जत्तग, समणे पज्जत्त अमण सेसेसु ।**
**अट्ठावीसं दसगं, नवगं पणगं च आउस्स ।। ३९ ।।**

**पर्याप्तापर्याप्तकयोः, समनसि पर्याप्तामनसि शेषेसु ।**
**अष्टाविंशतिर्दशकं, नवकं पञ्चकञ्चायुषः ।। ३९ ।।**

*ગાથાર્થ - પર્યાપ્તા સંજ્ઞીમાં, અપર્યાપ્તા સંજ્ઞીમાં, પર્યાપ્તા અસંજ્ઞીમાં અને બાકીના ૧૧ જીવભેદોમાં આયુષ્યકર્મના અનુક્રમે ૨૮-૧૦-૯-૫ ભાંગા હોય છે. ॥ ૩૯ ॥*

વિવેચન - આ ગાથા પણ સપ્તતિકાની નથી. ભાષ્યાદિ કોઈ અન્ય ગ્રંથની છે. આયુષ્યકર્મના કુલ ૨૮ ભાંગા છે. નરકગતિમાં ૫, તિર્યંચગતિમાં ૯, મનુષ્યગતિમાં ૯, અને દેવગતિમાં ૫, જે પહેલાં ગાથા ૧૧ મીમાં સમજાવ્યા છે. દેવ અને નારકીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવો માત્ર તિર્યંચ અને મનુષ્યનું જ આયુષ્ય બાંધે છે. તેથી બંધ પહેલાંનો ૧, આયુષ્ય બંધ કાલના ૨, અને બંધ પછીના ૨, એમ પાંચ પાંચ ભાંગા દેવ-નરકગતિમાં હોય છે. તિર્યંચ-મનુષ્યો ચારે ગતિનું પરભવનું આયુષ્ય બાંધે છે. તેથી બંધકાલ પૂર્વનો ૧, બંધકાલ સમયના ૪, બંધ પછીના ૪, એમ નવ નવ ભાંગા તિર્યંચ અને મનુષ્યગતિમાં હોય છે. પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયમાં ચારે ગતિના જીવો આવતા હોવાથી ચારે ગતિના આયુષ્યકર્મના ૫+૯+૯+૫ = ૨૮ ભાંગા સંભવી શકે છે.

અપર્યાપ્ત સંજ્ઞીમાં આયુષ્યકર્મના ૧૦ ભાંગા સંભવે છે. કારણ કે અપર્યાપ્ત સંજ્ઞી, તિર્યંચો અને મનુષ્યો એમ બે જ હોય છે. અને તેઓ પણ આવતા ભવનું નિયમા તિર્યંચ-મનુષ્યનું જ આયુષ્ય બાંધે છે. અપર્યાપ્તાવસ્થામાં મન ન હોવાથી તથાવિધ વિશિષ્ટ વિશુદ્ધિ કે સંક્લિષ્ટતા સંભવતી નથી. તેથી બંધકાલ પૂર્વનો ૧, બંધકાલના ૨, અને બંધકાલ પછીના ૨, આમ મળીને કુલ ૫ ભાંગા તિર્યંચગતિમાં અને ૫ ભાંગા મનુષ્યગતિમાં મળીને કુલ ૧૦ ભાંગા અપર્યાપ્ત સંજ્ઞીમાં હોય છે. (અહીં અપર્યાપ્ત જે લીધા છે તે લબ્ધિ અપર્યાપ્તા જ સર્વત્ર લીધેલા છે. તેથી તિર્યંચ-મનુષ્ય જ આવે છે. દેવ-નારકી નહીં. જો કરણ અપર્યાપ્તા લઈએ તો દેવ-નારકીના ભવનો પણ બંધકાલ પૂર્વનો ૧-૧ ભાંગો વધારે આવી શકે છે. પણ તે વિવક્ષા અહીં નથી.)

પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ જ હોય છે. અને તેઓ ચારે ગતિનું આયુષ્ય બાંધે છે. કારણ કે મૃત્યુ પામીને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા દેવ-નારકી અને યુગલિક તિર્યંચ-મનુષ્યમાં પણ જાય છે. પાંચમા કર્મગ્રંથમાં જ કહ્યું છે કે "इगविगलपुव्वकोडिं पलियासंखंस आउचउ अमणा" તેથી તિર્યંચગતિના આયુષ્યકર્મના જે ૯ ભાંગા છે, તે નવે નવ ભાંગા આ જીવભેદમાં ઘટે છે. દેવ-નારકી અસંજ્ઞી હોતા જ નથી. મનુષ્યો અસંજ્ઞી (સંમૂર્છિમ) હોય છે પણ તે નિયમા અપર્યાપ્તા જ હોય છે. પર્યાપ્તા હોતા નથી. તેથી અસંજ્ઞી પર્યાપ્તા તિર્યંચ જ સંભવે છે. તેથી તિર્યંચગતિવાળા ૯ ભાંગા જ હોય છે.

બાકીના ૧૧ જીવભેદો તિર્યંચ જ હોવાથી અને તેઓ તિર્યંચ-મનુષ્યનું એમ બે જ આયુષ્ય બાંધતા હોવાથી તિર્યંચગતિવાળા નવ ભાંગામાંથી બંધ પૂર્વનો ૧, બંધકાલના ૨, અને બંધ પછીના ૨ એમ કુલ ૫ બંધ-ભાંગા સંભવે છે. અહીં એકેન્દ્રિયના ૪, અને વિકલેન્દ્રિયના ૬, એમ ૧૦ જીવભેદ તો તિર્યંચ જ છે. પરંતુ ૧૧ મો જીવભેદ અપર્યાપ્ત અસંજ્ઞી નામનો જે છે. તે તિર્યંચ પણ છે અને મનુષ્ય પણ છે તેથી તે અપર્યાપ્ત અસંજ્ઞીમાં તિર્યંચગતિના ૫, અને મનુષ્યગતિના ૫, મળીને કુલ ૧૦ ભાંગા લખવા જોઈએ અને ૧૦ ભાંગા સંભવી પણ શકે છે. પરંતુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકેન્દ્રિયાદિ શેષ જે ૧૦ જીવભેદો છે. તે માત્ર તિર્યંચ જ હોવાથી તેના સાહચર્યથી અહીં અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય તરીકે તિર્યંચ જીવોની જ વિવક્ષા કરી છે. અપર્યાપ્તા અસંજ્ઞી (સંમૂર્છિમ) મનુષ્યોની વિવક્ષા કરી નથી એમ સમજવું. જો વિવક્ષા કરીએ તો આ અપર્યાપ્તા અસંજ્ઞીમાં ૧૦ ભેદ સંભવે છે. ॥ ૩૯ ॥

**अट्ठसु पंचसु एगे, एग दुगं दस य मोह बंधगए ।**
**तिग चउ नव उदयगए, तिग तिग पन्नरस संतंमि ।। ४० ।।**

**अष्टसु पञ्चस्वेकस्मिन्नेकं द्वे दश च मोहबन्धगतानि ।**
**त्रीणि चत्वारि नवोदयगतानि, त्रीणि त्रीणि पञ्चदश सति ।। ४० ।।**

*ગાથાર્થ - આઠ જીવસ્થાનકમાં, પાંચ જીવસ્થાનકમાં, અને એક જીવસ્થાનકમાં અનુક્રમે મોહનીયનાં ૧-૨-૧૦ બંધસ્થાનક, ૩-૪-૯ ઉદયસ્થાનક અને ૩-૩-૧૫ સત્તાસ્થાનક હોય છે. ॥ ૪૦ ॥*

વિવેચન - આ ગાથામાં ૧૪ જીવસ્થાનકોમાં મોહનીયકર્મનો સંવેધ સમજાવે છે. સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત-અપર્યાપ્તા ૨, તથા અપર્યાપ્તા એવા બાદર-એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિય એમ શેષ અપર્યાપ્તા ૬, બન્ને મળીને ૮ જીવભેદોમાં (૭ અપર્યાપ્તા અને સૂક્ષ્મ એકે. પર્યાપ્તા એમ ૮ જીવભેદોમાં) મોહનીયકર્મનું ૧ માત્ર ૨૨ નું જ બંધસ્થાનક હોય છે. અહીં અપર્યાપ્તા જે કહ્યા છે તે સર્વત્ર લબ્ધિ અપર્યાપ્તા જ સમજવા. તેથી મિથ્યાત્વ નામનું ૧ જ ગુણસ્થાનક હોય છે. તેના કારણે એક ૨૨ નું બંધસ્થાનક હોય છે. તેના ૬ બંધભાંગા પૂર્વે કહ્યા પ્રમાણે ૨ યુગલ અને ૩ વેદના ગુણાકારથી હોય છે. (જો કરણ અપર્યાપ્તા લઈએ તો બાદર-એકેન્દ્રિયાદિ ૫ અપર્યાપ્ત જીવભેદમાં પહેલું-બીજું બે ગુણસ્થાનક અને ૨૨-૨૧ એમ બે બંધસ્થાનક સંભવે તથા સંજ્ઞી અપર્યાપ્તમાં ૧-૨-૪ ગુણસ્થાનક અને ૨૨-૨૧-૧૭ નું બંધસ્થાનક સંભવે. પરંતુ અહીં તેની વિવક્ષા કરી નથી. માત્ર સર્વત્ર લબ્ધિ અપર્યાપ્તની જ વિવક્ષા છે).

તથા બાદર એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય આ પાંચ લબ્ધિપર્યાપ્તા જીવભેદમાં પહેલું અને બીજું બે ગુણસ્થાનક હોય છે. સાસ્વાદન ગુણસ્થાનક લઈને ઉપરોક્ત પાંચ જીવભેદમાં ઉત્પન્ન થનારા જીવો (કરણની અપેક્ષાએ અપર્યાપ્ત હોવા છતાં પણ) લબ્ધિની અપેક્ષાએ પર્યાપ્તા જ હોય છે. ત્યાં પ્રથમની છ આવલિકામાં સાસ્વાદન હોઈ શકે છે. તેથી ૨૨-૨૧ એમ બે બંધસ્થાનક હોય છે. તેના અનુક્રમે ૬+૪=૧૦ બંધભાંગા હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં ચૌદ ગુણસ્થાનક હોવાથી મોહનીયનાં દશે દશ બંધસ્થાનક અને ૨૧ બંધભાંગા હોય છે. આ રીતે ૮-૫-૧ જીવભેદમાં અનુક્રમે ૧-૨-૧૦ બંધસ્થાનક અને ૬-૧૦-૨૧ બંધભાંગા સમજવા.

આ જ ૮-૫-૧ જીવભેદમાં અનુક્રમે ૩-૪-૯ ઉદયસ્થાનક હોય છે ત્યાં સાત (લબ્ધિ) અપર્યાપ્તા અને સૂક્ષ્મ પર્યાપ્તા એમ ૮ જીવભેદમાં પ્રથમ ગુણસ્થાનક માત્ર હોવાથી ૭-૮-૯-૧૦ એમ ચાર ઉદયસ્થાનકોમાંથી ફક્ત ૮-૯-૧૦ એમ ત્રણ જ ઉદયસ્થાનક હોય છે. કારણ કે ચોથે ગુણઠાણે અનંતાનુબંધીની વિસંયોજના કરીને પહેલે ગુણઠાણે આવનારા એવા અનંતાનુબંધીના અનુદયવાળા જીવો આ ૮ જીવભેદમાં સંભવતા નથી. વિસંયોજના સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં જ થાય છે માટે. તેથી અનંતાનુબંધીના ઉદયવાળાં જ ઉદયસ્થાનો અને ઉદયભાંગાઓ આ ૮ જીવભેદમાં સંભવે છે. તથા આ આઠે જીવભેદ નપુંસકવેદના જ ઉદયવાળા છે. સ્ત્રી-પુરુષવેદ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં જ ઘટે છે. તેથી ચોવીસીને બદલે કષાય અને યુગલથી ગુણિત અષ્ટક જ થાય છે.

जैन साईट JAINSITE

આ પ્રમાણે વિચારતાં ૮-૯-૧૦ એમ ત્રણ ઉદય સ્થાનક અને ૮ ના ઉદયનું એક, ૯ ના ઉદયનાં બે, અને ૧૦ ના ઉદયનું ૧ અષ્ટક એમ કુલ ૪ અષ્ટક સંભવે છે. તેના કારણે ૮×૪=૩૨ ઉદયભાંગા થાય છે.

જયતિ શાસનમ્

બાદર-એકેન્દ્રિય પર્યાપ્તા આદિ પાંચ જીવભેદમાં પહેલું-બીજું બે ગુણસ્થાનક હોવાથી ૭-૮-૯-૧૦ એમ ચાર ઉદયસ્થાનક છે અને ચારે ઉદયસ્થાનકે અનુક્રમે ૧-૩-૩-૧ એમ કુલ ૮ અષ્ટક હોય છે તેમાં પણ પહેલા ગુણઠાણે ૮-૯-૧૦ એમ ત્રણ ઉદયસ્થાનક અને ૩૨ ઉદયભાંગા તથા બીજા સાસ્વાદન ગુણસ્થાનકે ૭-૮-૯ એમ ત્રણ ઉદયસ્થાનક અને ૩૨ ઉદયભાંગા. બન્ને મળીને કુલ ૬૪ ઉદયભાંગા સંભવે છે. અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં ચૌદ ગુણસ્થાનકો હોવાથી મોહનીયકર્મનાં સર્વે ઉદયસ્થાનક અને ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાનક પ્રથમ કહેલા ૮ જીવભેદમાં પહેલું જ ગુણસ્થાનક હોવાથી તથા બાદર-એકેન્દ્રિય પર્યાપ્તાદિ ૫ જીવભેદમાં પહેલું અને બીજું એમ બે જ ગુણસ્થાનક હોવાથી ૨૮-૨૭-૨૬ એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે. અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વે ગુણસ્થાનક હોવાથી સર્વે (૧૫) સત્તાસ્થાનક હોય છે. હવે આ ૮-૫-૧ જીવભેદોમાં મોહનીયક કર્મનો સંવેધ કહીશું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઉપરોક્ત આઠ જીવભેદોમાં પહેલું જ ગુણસ્થાનક, બાવીસનો જ એક બંધ, છ બંધભાંગા, ૮-૯-૧૦ એમ કુલ ૩ ઉદયસ્થાનક, આ ત્રણે ઉદયસ્થાનકો અનંતાનુબંધીના ઉદયપૂર્વકનાં જ લેવાં. તેમાં આઠના ઉદયે ૧ અષ્ટક, ભયસહિત અથવા જુગુપ્સા સહિત નવનો ઉદય બે પ્રકારે, તેમાં બે અષ્ટક, અને ભય-જુગુપ્સા સહિત ૧૦ નો ઉદય, તેમાં એક અષ્ટક મળીને કુલ ૪ અષ્ટક અને ૩૨ ઉદયભાંગા થાય છે અને દરેક ઉદયસ્થાને તથા ઉદયભાંગે ૨૮-૨૭-૨૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનક જાણવાં. આઠના ઉદયનાં ૮ ઉદય પદ, નવના ઉદયનાં (બે અષ્ટક હોવાથી) બે વાર નવ-નવ ઉદયપદ, અને દસના ઉદયનાં દસ ઉદયપદ મળીને કુલ ૩૬ ઉદયપદ છે અને ૩૬×૮=૨૮૮ પદવૃંદ થાય છે.

બાદર-એકેન્દ્રિય (લબ્ધિ) પર્યાપ્તા આદિ પાંચ જીવ ભેદોમાં પહેલું અને બીજું એમ બે ગુણસ્થાનક, ૨૨-૨૧ એમ બે બંધસ્થાનક, છ અને ચાર એમ દશ બંધભાંગા અને ૭-૮-૯-૧૦ ચાર ઉદયસ્થાનક હોય છે. ત્યાં ૨૨ ના બંધે અનંતાનુબંધી સહિત ૮-૯-૧૦ એમ ૩ ઉદયસ્થાનક અને ૧-૨-૧ કુલ ૪ અષ્ટક, તથા ૨૧ ના બંધે મિથ્યાત્વમોહ વિના ૭-૮-૯ એમ ૩ ઉદયસ્થાનક અને ૧-૨-૧ અષ્ટક, કુલ ૪ ઉદયસ્થાનક, ૮ અષ્ટક અને ૬૪ ઉદયભાંગા હોય છે. ઉદયપદો ૭ ના ઉદયે ૭, આઠના ઉદયે ૨૪, નવના ઉદયે ૨૭ અને દસના ઉદયે ૧૦ કુલ ૬૮ ઉદયપદ અને ૬૮×૮=૫૪૪ ઉદયપદવૃંદ જાણવાં. સત્તાસ્થાન ૨૨ ના બંધે ૮-૯-૧૦ ના ઉદયે ૨૮-૨૭-૨૬ એમ ત્રણ ત્રણ જાણવાં. પરંતુ ૨૧ ના બંધે ૭-૮-૯ ના ઉદયે માત્ર ૨૮ નું એક જ સત્તાસ્થાન જાણવું[1].

(૧) આ પાંચ લબ્ધિપર્યાપ્તા જીવભેદમાં ૨૨ ના અને ૨૧ ના બંધે ચાર ચાર કુલ ૮ અષ્ટક અને ૬૪ ઉદયભાંગા વગેરે જે કહ્યું તે આ ગાથાની પૂ. મલયગિરિજી મ. શ્રીની ટીકા તથા પ્રસિદ્ધ ગુજરાતી વિવેચનોના આધારે કહેલ છે. ટીકાનો પાઠ આ પ્રમાણે છે - तथा उक्तरूपेषु पञ्चसु जीवस्थानेषु प्रत्येकं चत्वारि चत्वारि उदयस्थानानि, तद्यथा-सप्त अष्टौ नव दश । तत्र सासादनभावकाले एकविंशतिबन्धे सप्ताष्टनवरूपाणि त्रीण्युदयस्थानानि, वेदश्च तेषामुदयप्राप्तो नपुंसकवेदः। इत्यादि.

પરંતુ ચૂર્ણિકાર આચાર્યશ્રી આ પાંચ લબ્ધિપર્યાપ્તામાંથી અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં ત્રણે વેદનો ઉદય સ્વીકારે છે અને તેથી ૭-૮-૯-૧૦ ચારે ઉદયસ્થાનકોમાં અષ્ટકને બદલે ૧-૩-૩-૧ ચોવીસી જ સ્વીકારે છે. તેથી ૧૯૨ ઉદયભાંગા થાય એમ કહે છે. તે પાઠ ગાથા ૩૫ ની ચૂર્ણિમાં આ પ્રમાણે પાઠ છે. - असन्निपजत्तगस्स तिहिं वेदेहिं उड्डावेयव्वा ।

તથા પૂ. મલયગિરિજી મ. શ્રીએ આ જ ગાથાની ટીકામાં નપુંસકવેદનો જ માત્ર ઉદય સ્વીકારી આઠ અષ્ટક કહીને કહ્યું છે કે "चूर्णिकारस्त्वसंज्ञिन्यपि लब्धिपर्याप्तके त्रीन् वेदान्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વ બંધસ્થાનક, સર્વ ઉદયસ્થાનક અને સર્વ સત્તાસ્થાનક અર્થાત્ ૧૦ બંધસ્થાનક, ૯ ઉદયસ્થાનક અને ૧૫ સત્તાસ્થાનક હોય છે. પૂર્વે ગાથા ૧૨ થી ૨૫ માં જે સામાન્ય સંવેધ જણાવ્યો છે. તે સઘળો સંવેધ આ જીવભેદમાં સમજવો. તેથી ૧૦ બંધસ્થાનક, ૨૧ બંધભાંગા, ૯ ઉદયસ્થાનક, ૪૦ ચોવીશી, બેના ઉદયના ૧૨ ભાંગા, એકના ઉદયના ૧૧ ભાંગા, કુલ ૯૮૩ ઉદયભાંગા, મતાન્તરે ૯૯૫ ઉદયભાંગા, ૨૮૮ ઉદયપદ, મતાન્તરે ૨૯૦ ઉદયપદ, ૬૯૪૭ ઉદયપદવૃંદ મતાન્તરે ૬૯૭૧ ઉદયપદવૃંદ, તથા ૧૫ સત્તાસ્થાત વગેરે પૂર્વની જેમ જાણવું. પરંતુ અહીં એક વાત ખાસ ધ્યાન ખેંચવા જેવી છે કે સંજ્ઞી પંચેન્દ્રિય જે જીવ લબ્ધિપર્યાપ્તા પણ હોય અને કરણ પર્યાપ્તા પણ હોય તેવા જીવમાં જ ઉપરોક્ત સર્વ વસ્તુ જાણવી અને જે સંજ્ઞી પંચેન્દ્રિય લબ્ધિ પર્યાપ્તા છે. પણ કરણ અપર્યાપ્તા છે. તેવા જીવમાં ૧-૨-૪ એમ ત્રણ જ ગુણસ્થાનક છે. તેથી ૨૨-૨૧-૧૭ એમ ત્રણ જ બંધસ્થાનક છે. તેને અનુસારે બંધભાંગા આદિ સ્વયં સમજી લેવા. ॥ ૪૦ ॥

**पण दुग पणगं पण चउ, पणगं पणगा हवंति तिन्नेव ।**
**पण छप्पणगं, छच्छ, पणगं अट्ठट्ठदसगं ति ।। ४१ ।।**

**सत्तेव अपज्जत्ता, सामी सुहुमा बायरा चेव ।**
**विगलिंदिआउ तिन्नि उ, तह य असन्नी अ सन्नी अ ।।४२।।**

**पञ्च द्वे पञ्च पञ्च चत्वारि, पञ्च पञ्च भवन्ति त्रीण्यपि ।**
**पञ्च षट् पञ्च षट्षट् पञ्च, अष्टाष्ट दश इति ।। ४१ ।।**

**सप्तैवापर्याप्ताः स्वामिनः सूक्ष्मा बादराश्चैव ।**
**विकलेन्द्रियाश्च त्रयस्तु, तथा चासंज्ञिनश्च संज्ञिनश्च ।। ४२ ।।**

*ગાથાર્થ - ૫-૨-૫, ૫-૪-૫, ત્રણે પાંચ પાંચ એટલે કે ૫-૫-૫, ૫-૬-૫, ૬-૬-૫, ૮-૮-૧૦ બંધસ્થાનક-ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકના સ્વામી અનુક્રમે સાત અપર્યાપ્તા, સૂક્ષ્મપર્યાપ્તા, બાદર પર્યાપ્તા, વિકલેન્દ્રિયપર્યાપ્તા, તથા અસંજ્ઞી પર્યાપ્તા અને સંજ્ઞી પર્યાપ્તા જીવો જાણવા. ॥ ૪૧-૪૨ ॥*

---

**यथायोगमुदयप्राप्तानिच्छन्ति, ततस्तन्मतेन तस्य द्वाविंशति-बन्धे एकविंशति-बन्धे च प्रत्येक-मेकैकस्मिन् सप्तादावुदयस्थाने त्रिभिर्वेदैश्चतुर्विंशतिभङ्गा अवसेयाः ।"** આટલું લખ્યા પછી વધારે કંઈ ખુલાસો કરેલ નથી. તેથી સમજાય છે કે પૂજ્ય મલયગિરિજી મ. શ્રીને નપુંસકવેદનો જ ઉદય ઈષ્ટ છે અને ચૂર્ણિકારને ત્રણે વેદનો ઉદય ઈષ્ટ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેચન - આ બન્ને ગાથામાં ૧૪ જીવસ્થાનકોમાં નામકર્મનાં બંધસ્થાનક-ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકની સંખ્યા માત્ર કહી છે તેનું વિવેચન પૂર્વે કરેલા વિસ્તારને અનુસારે આપણે સ્વયં જાણી લેવાનું છે. ગાથામાં કહેલી સંખ્યામાંથી ત્રણ ત્રણ સંખ્યા સાથે સાથે લેવી. ત્રણ સંખ્યામાંથી પહેલી સંખ્યા બંધસ્થાનક સૂચક, બીજી સંખ્યા ઉદયસ્થાનક સૂચક, અને ત્રીજી સંખ્યા સત્તાસ્થાન સૂચક સમજવી. ત્રણ ત્રણ સંખ્યા લેતાં કુલ ૬ ભાગ થશે. તે છએ ભાગને ૪૨ મી ગાથામાં કહેલા જીવભેદોની સાથે ક્રમસર જોડવા. જેથી નીચે મુજબ અર્થફલિત થશે.

| | | | |
|---|---|---|---|
| (૧) સાત અપર્યાપ્તા જીવસ્થાનકોમાં | ૫ (બંધ સ્થા.) | ૨ (ઉદય.) | ૫ (સત્તા.) |
| (૨) સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિયમાં | ૫ (બંધ સ્થા.) | ૪ (ઉદય.) | ૫ (સત્તા.) |
| (૩) બાદર પર્યાપ્તા એકેન્દ્રિયમાં | ૫ (બંધ સ્થા.) | ૫ (ઉદય.) | ૫ (સત્તા.) |
| (૪) વિકલેન્દ્રિય પર્યાપ્તા જીવભેદોમાં | ૫ (બંધ સ્થા.) | ૬ (ઉદય.) | ૫ (સત્તા.) |
| (૫) અસંજ્ઞી પં. પર્યાપ્તા જીવસ્થાનકમાં | ૬ (બંધ સ્થા.) | ૬ (ઉદય.) | ૫ (સત્તા.) |
| (૬) સંજ્ઞી પં. પર્યાપ્તા જીવસ્થાનકમાં | ૮ (બંધ સ્થા.) | ૮ (ઉદય.) | ૧૦ (સત્તા.) |

હવે આ છ પ્રકારોમાંથી સૌથી પ્રથમ સાત અપર્યાપ્તા જીવભેદમાં કહેલાં ૫ બંધસ્થાનક, ૨ ઉદયસ્થાનક અને ૫ સત્તાસ્થાનક વિચારીએ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૧) સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિય જીવમાં પહેલું જ ગુણસ્થાનક હોય છે. આ જીવો તિર્યંચ જ કહેવાય છે અને તિર્યંચ-મનુષ્ય-પ્રાયોગ્ય જ બંધ કરે છે. દેવ-નરકપ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી દેવના ૧૮, નારકીનો ૧, મનુષ્યપ્રાયોગ્ય ૩૦ ના બંધના જિનનામવાળા ૮ અને ગતિ અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ એમ કુલ ૨૮ બંધભાંગાને છોડીને બાકીના ૧૩૯૧૭ બંધભાંગા હોય છે. ઉદયસ્થાનક ૨૧ અને ૨૪ એમ બે જ છે. કારણ કે અહિં સાતે અપર્યાપ્તા કે પર્યાપ્તા લબ્ધિને આશ્રયી જ લેવાના હોય છે. તેઓ ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરે ત્યાં સુધી જ જીવે છે. એટલે પરાઘાત આદિ પ્રકૃતિઓ ઉદયમાં આવતી નથી માટે ૨૧-૨૪ એમ બે જ ઉદયસ્થાનક ઘટે છે. ત્યાં ૨૧ ના ઉદયે "સૂક્ષ્મ-અપર્યાપ્ત-અયશ" ના ઉદયવાળો ૧ ઉદયભાંગો હોય છે અને ૨૪ ના ઉદયે આ જ ઉદયભાંગો પ્રત્યેક અને સાધારણની સાથે કરતાં બે ઉદયભાંગા થાય છે. કુલ ૩ ઉદયભાંગા હોય છે. જિનનામ કર્મની સત્તાવાળાં અને ક્ષપક શ્રેણીમાં આવનારાં સત્તાસ્થાનો આ જીવભેદમાં સંભવતાં નથી તેથી ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ એમ પાંચ સત્તાસ્થાનક સંભવે છે. સંવેધ આ પ્રમાણે છે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| તિર્યંચપ્રાયોગ્ય બંધના ૯૩૦૮ બંધભાંગે | | મનુષ્યપ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગે | |
|---|---|---|---|
| ૨૧ ના ઉદયે, ૧ ભાંગે ૫ સત્તા | = ૫ | ૨૧ ના ઉદયે, ૧ ભાંગે ૪ સત્તા | = ૪ |
| ૨૪ ના ઉદયે, ૨ ભાંગે ૫ સત્તા | = ૧૦ | ૨૪ ના ઉદયે, ૨ ભાંગે ૪ સત્તા | = ૮ |
| | ૧૫ | | ૧૨ |
| | × ૯૩૦૮ | | × ૪૬૦૯ |
| | ૧,૩૯,૬૨૦ | | ૫૫,૩૦૮ |

બન્ને મળીને સૂ. અપર્યાપ્તામાં કુલ બંધભાંગા અને ઉદયભાંગા ગુણિત સત્તાસ્થાનક ૧૯૪૯૨૮ થાય છે. આ પ્રમાણે બીજા જીવભેદોમાં પણ આગળ-પાછળ કહેલા વિવેચનના આધારે સ્વયં સમજી લેવું.

(૨) બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયમાં સૂક્ષ્મ અપર્યાપ્તાની જેમજ ૨૩ આદિ પાંચ બંધસ્થાનક, ૧૩૯૧૭ બંધભાંગા, ૨૧-૨૪ એમ બે ઉદયસ્થાન, અનુક્રમે ૧+૨=૩ ઉદયભાંગા હોય છે. પરંતુ આ ઉદયભાંગા "બાદર-અપર્યાપ્ત-અયશ" ના લેવા. ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ પાંચ સત્તાસ્થાનક અને બંધભાંગા-ઉદયભાંગાથી ગુણિત ૧,૯૪,૯૨૮ સત્તાસ્થાન હોય છે.

(૩-૪-૫) અપર્યાપ્તા વિકલેન્દ્રિયના ૩ જીવભેદમાં પણ ઉપર મુજબ પાંચ બંધસ્થાનક, ૧૩૯૧૭ બંધભાંગા હોય છે. પરંતુ ઉદયસ્થાનક ૨૧-૨૬ એમ બે હોય છે. ૨૧ ના ઉદયે બેઈન્દ્રિયાદિ ત્રણે જીવભેદોનો એક એક, એમ ૩ ઉદયભાંગા, અને ૨૬ના ઉદયે પણ આવા જ ૩ ઉદયભાંગા, એમ કુલ ૬ ઉદયભાંગા હોય છે. અને ૯૨ આદિ પાંચ સત્તાસ્થાનક હોય છે.

| તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગે | | મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગે | |
|---|---|---|---|
| ૨૧ ના ઉદયે | ૩ × ૫ = ૧૫ | ૨૧ ના ઉદયે | ૩ × ૪ = ૧૨ |
| ૨૬ ના ઉદયે | ૩ × ૫ = ૧૫ | ૨૬ ના ઉદયે | ૩ × ૪ = ૧૨ |
| | ૩૦ | | ૨૪ |
| તિર્યંચ પ્રાયોગ્ય બંધભાંગા | × ૯૩૦૮ | મનુષ્ય પ્રાયોગ્ય બંધના | × ૪૬૦૯ |
| | ૨,૭૯,૨૪૦ | | ૧,૧૦,૬૧૬ |

ત્રણે વિકલેન્દ્રિય અપર્યાપ્તામાં કુલ ૩,૮૯,૮૫૬ સત્તાસ્થાન હોય છે.

(૬-૭) અસંજ્ઞી-અપર્યાપ્ત અને સંજ્ઞી અપર્યાપ્તામાં ૨૩ આદિ પાંચ બંધસ્થાનક, ૧૩૯૧૭ બંધભાંગા, ૨૧-૨૬ એમ બે ઉદયસ્થાનક હોય છે. અહીં અસંજ્ઞી અપર્યાપ્તા અને સંજ્ઞી અપર્યાપ્તા તિર્યંચો પણ હોય છે અને મનુષ્યો પણ હોય છે. તેથી તિર્યંચ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યના ૨૧ ના ઉદયમાં ૯-૯ અને ૨૬ ના ઉદયમાં ૨૮૯-૨૮૯ જે ઉદયભાંગા છે. તેમાં બન્ને ઉદયસ્થાનોમાં તિર્યંચ અને મનુષ્યનો ૧-૧ ઉદયભાંગો અપર્યાપ્તાનો છે. તેથી કુલ ૪ ઉદયભાંગા થાય છે. ત્યાં તિર્યંચના બન્ને ઉદયભાંગે પાંચ પાંચ સત્તાસ્થાનક અને મનુષ્યના બન્ને ઉદયભાંગે ચાર ચાર સત્તાસ્થાનક જાણવાં[1]. તેથી

| | | | |
|---|---|---|---|
| ૨૧ ના ઉદયે પં.તિર્યંચના ૧ ભાંગે | ૫ | ૨૧ ના ઉદયે પં.તિર્યંચના ૧ ભાંગે | ૪ |
| ૨૬ ના ઉદયે પં.તિર્યંચના ૧ ભાંગે | ૫ | ૨૬ ના ઉદયે પં.તિર્યંચના ૧ ભાંગે | ૪ |
| ૨૧ ના ઉદયે મનુષ્યના ૧ ભાંગે | ૪ | ૨૧ ના ઉદયે મનુષ્યના ૧ ભાંગે | ૪ |
| ૨૬ ના ઉદયે મનુષ્યના ૧ ભાંગે | ૪ | ૨૬ ના ઉદયે મનુષ્યના ૧ ભાંગે | ૪ |
| | ૧૮ | | ૧૬ |
| તિર્યંચ પ્રાયોગ્ય બંધના ૯૩૦૮ ભાંગે | × ૯૩૦૮ | મનુષ્ય પ્રાયોગ્ય બંધના ૪૬૦૯ ભાંગે | × ૪૬૦૯ |
| | ૧,૬૭,૫૪૪ | | ૭૩,૭૪૪ |

બન્ને પ્રકારના બંધભાંગાઓનાં મળીને કુલ બંધભાંગા-ઉદયભાંગા ગુણિત સત્તાસ્થાન ૨,૪૧,૨૮૮ થાય છે. અસંજ્ઞી અપર્યાપ્તામાં અને સંજ્ઞી અપર્યાપ્તામાં ઉપર મુજબ ૨,૪૧,૨૮૮ +૨,૪૧,૨૮૮ સત્તા સંભવે છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૧) અહીં અસંજ્ઞી અપર્યાપ્તા અને સંજ્ઞી અપર્યાપ્તા એમ બન્ને જીવભેદમાં ૨૧-૨૬ ના ઉદયના તિર્યંચ-મનુષ્યના ૨+૨=૪ ઉદયભાંગા સમજાવ્યા છે. તે સપ્તતિકાભાષ્ય તથા પ્રસિદ્ધ ગુજરાતી વિવેચનોના આધારે લખેલ છે. પરંતુ ચૂર્ણિ, સપ્તતિકાની પૂ. મલયગિરિજીકૃત ટીકા, અને પંચસંગ્રહની ટીકામાં માત્ર સંજ્ઞી અપર્યાપ્તામાં ૪ જીવભેદ લેવાના કહ્યા છે. અસંજ્ઞી અપર્યાપ્તામાં ૪ ભેદનો ઉલ્લેખ નથી. ચૂર્ણિની ગાથા ૩૬-૩૭ નો પાઠ આ પ્રમાણે - **विगलिंदियअसण्णि सण्णिअपज्जत्तगाणं पत्तेयं पत्तेयं दोण्णि दोण्णि उदयट्ठाणाणि-२१-२६ । एक्कवीसोदए एक्को भंगो, छव्वीसे एक्को, सव्वे दो पत्तेयं पत्तेयं, नवरि सन्निअपज्जत्तगस्स तिरियस्स दो, मणुयस्स दो, सव्वे चत्तारि ।** સપ્તતિકાની (છઠ્ઠા કર્મગ્રંથની) ૩૮-૩૯ મી ગાથાની ટીકામાં પૂ. મલયગિરિજી મ. શ્રી પણ આમ જ લખે છે તે પાઠ આ પ્રમાણે છે - **केवलमपर्याप्तसंज्ञिकाश्चत्वारः, यतो द्वौ भङ्गावपर्याप्तसंज्ञिनस्तिरश्चः प्राप्येते, द्वौ चापर्याप्तसंज्ञिनो मनुष्यस्य इति ।** તથા પંચસંગ્રહની સપ્તતિકાની ૧૩૮ મી ગાથાની પૂ. મલયગિરિજી મ. શ્રીની ટીકામાં પણ ઉપર મુજબ જ પાઠ છે. આ ત્રણે ગ્રંથો જોતાં અપર્યાપ્તા અસંજ્ઞીમાં તિર્યંચના ૨ જ ઉદય ભાંગા લીધા છે અને અપર્યાપ્તા સંજ્ઞીમાં તિર્યંચના ૨ તથા મનુષ્યના ૨ મળીને કુલ ૪ ઉદયભાંગા લીધા છે. સંમૂર્છિમ મનુષ્યો કે જે અસંજ્ઞી અપર્યાપ્તા છે. તેની અહિં અવિવક્ષા કરી હોય તેમ જણાય છે.

જો કે વિચાર કરતાં અસંજ્ઞી અપર્યાપ્તામાં પણ મનુષ્યના ૨ ભાંગા સહિત ચાર ઉદયભાંગા ઘટી શકે છે. કારણ કે સંમૂર્છિમ મનુષ્યોના અપર્યાપ્તાના ૧૦૧ ભેદો જીવવિચારાદિ ગ્રંથોમાં આવે જ છે. તથા સપ્તતિકાભાષ્યમાં કેવળ એકલા સંજ્ઞી અપર્યાપ્તામાં જ ઉદયભાંગા લેવાનો જુદો ઉલ્લેખ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૮) હવે સાત પર્યાપ્તામાંથી પ્રથમ સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિયમાં પાંચ બંધસ્થાનક, ૧૩૯૧૭ બંધ ભાંગા, ૨૧-૨૪-૨૫-૨૬ એમ ૪ ઉદયસ્થાનક હોય છે. સૂક્ષ્મ એકેન્દ્રિયમાં ઉદ્યોત-આતપ તથા યશનો ઉદય હોતો નથી. તેથી ૨૧ ના ઉદયે સૂક્ષ્મ પર્યાપ્તા અયશવાળો ૧ ઉદયભાંગો હોય છે. ૨૪ ના ઉદયે તે જ ૧ ઉદયભાંગો પ્રત્યેક અથવા સાધારણ સાથે જોડવાથી ૨ ઉદયભાંગા થાય છે. ૨૫ ના ઉદયે પરાઘાત સાથે તે જ ૨, અને ૨૬ ના ઉદયે ઉચ્છ્વાસ સાથે પણ તે જ ૨ ઉદયભાંગા હોય છે. સર્વે મળીને ૧-૨-૨-૨ કુલ ૭ ઉદયભાંગા થાય છે.

જ્યારે તિર્યંચપ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગામાંનો કોઈ પણ બંધભાંગો બાંધે છે ત્યારે ૨૧ ના ઉદયે ૧ ભાંગે, અને ૨૪ ના ઉદયે બન્ને ભાંગે પાંચ પાંચની સત્તા હોય છે. પરંતુ ૨૫-૨૬ના ઉદયે અવૈક્રિય તેઉ-વાયુમાં સંભવે તેવા પ્રત્યેક નામકર્મના ઉદયવાળા ૧-૧ ભાંગામાં પાંચ પાંચ સત્તા, અને સાધારણના ઉદયવાળા ૧-૧ ભાંગામાં ૭૮ વિના ચાર ચાર સત્તા હોય છે. કારણ કે ૨૫-૨૬ માં શરીર પર્યાપ્તિ પૂર્ણ થયેલી હોવાથી અવૈક્રિય તેઉ-વાયુને જ ૭૮ ની સત્તા સંભવે, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયને ૭૮ ની સત્તા ન સંભવે અને તેઉ-વાઉમાં સાધારણ નામકર્મનો ઉદય હોતો નથી. મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગે સર્વત્ર ૭૮ વિના ચાર-ચાર સત્તાસ્થાનક સંભવે છે.

---

નથી. તેથી તેમાં અસંજ્ઞી-સંજ્ઞી એમ બન્ને અપર્યાપ્તામાં ચાર ચાર ઉદયભાંગા લેવાનો અર્થ નીકળી શકે છે. ગાથા ૧૬૭ ના ભાષ્યમાં આવો પાઠ છે. एवमन्येषामपि षण्णामपर्याप्तानां भावनीयं, नवरं स्वौ स्वावुदयौ प्रागुक्तस्वरूपौ वाच्यौ । અહીં પ્રાગુક્તસ્વરૂપ આવા પ્રકારના શબ્દના કથનથી બન્ને અપર્યાપ્તામાં ચાર-ચાર ભાંગા હોવાનું વિધાન નીકળી શકે છે.

તથા સપ્તતિકાસંગ્રહના ગુજરાતી વિવેચનમાં ગાથા ૧૩૮ માં પાના નં. ૧૯૩ માં પૂજ્ય પંડિતવર્ય શ્રી પુખરાજજી સાહેબે કૌંસમાં લખ્યું છે કે "આ રીતે અપર્યાપ્તા અસંજ્ઞીના પણ ચાર ભાંગા થઈ શકે છે. કેમકે જેમ અપર્યાપ્તા અસંજ્ઞી તિર્યંચ છે. તેમ અસંજ્ઞી અપર્યાપ્તા મનુષ્ય પણ છે." મહેસાણા પાઠશાળાના છઠ્ઠા કર્મગ્રંથના વિવેચનમાં તથા પંડિતવર્ય શ્રી રસિકભાઈના વિવેચનમાં ઉપરોક્ત કોઈપણ જાતની ચર્ચા વિના ૨૧-૨૬ ના ઉદયે બન્ને જીવભેદમાં ૪-૪ ઉદયભાંગા લઈને સંવેધ લખેલો છે.

આ બધા પાઠો જોતાં અને ચિંતન-મનન કરતાં ૨૧-૨૬ ના બન્ને ઉદયે બન્ને જીવભેદમાં ચાર ચાર ઉદયભાંગા લેવા જોઈએ એ વાત વધારે યુક્તિસંગત લાગે છે. કદાચ વિકલેન્દ્રિય જીવો માત્ર તિર્યંચ જ છે. તેથી તેના સાહચર્યથી અસંજ્ઞી પંચેન્દ્રિય પણ તિર્યંચ જ વિવક્ષ્યા હોય અને મનુષ્યોની વિવક્ષા ન કરી હોય આવી કલ્પના બેસે છે. છતાં તત્ત્વ કેવલી પરમાત્મા જાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| તિર્યંચપ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગે | | | મનુષ્યપ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગે |
|---|---|---|---|
| ૨૧ના ઉદયે | ૧ ઉદયભાંગે | ૫ = ૫ | ૧ × ૪ = ૪ |
| ૨૪ના ઉદયે | ૨ ઉદયભાંગે | ૫ = ૧૦ | ૨ × ૪ = ૮ |
| ૨૫ના ઉદયે પ્રત્યેક સાથે | ૧ ઉદયભાંગે | ૫ = ૫ | ૨ × ૪ = ૮ |
| ૨૫ના ઉદયે સાધારણ સાથે | ૧ ઉદયભાંગે | ૪ = ૪ | |
| ૨૬ના ઉદયે પ્રત્યેક સાથે | ૧ ” | ૫ = ૫ | ૨ × ૪ = ૮ |
| ૨૬ના ઉદયે સાધારણ સાથે | ૧ ” | ૪ = ૪ | |
| કુલ ઉદયભાંગા | ૭ | સત્તા ૩૩ | ઉદયભાંગા ૭ સત્તા ૨૮ |
| | | × ૯૩૦૮ | × ૪૬૦૯ |
| | | ૩,૦૭,૧૬૪ | ૧,૨૯,૦૫૨ |

બન્ને પ્રકારના બંધભાંગાએ મળીને સૂક્ષ્મપર્યાપ્તામાં કુલ ૪, ૩૬,૨૧૬ સત્તાસ્થાન હોય છે.

(૯) બાદર એકેન્દ્રિય પર્યાપ્તામાં પણ ૨૩ આદિ ૫ બંધસ્થાનક, ૧૩૯૧૭ બંધભાંગા, ૨૧-૨૪-૨૫-૨૬-૨૭ એમ પાંચ ઉદયસ્થાનક હોય છે અને બાકી રહેલા એકેન્દ્રિયના સર્વે ઉદયભાંગા અનુક્રમે ૨-૫-૫-૧૧-૬=૨૯ હોય છે. સત્તાસ્થાન ૯૨ આદિ પાંચ છે. તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગા બાંધે ત્યારે ૨૧ ના ઉદયે બન્ને ભાંગે પાંચ પાંચ સત્તાસ્થાન, ૨૪ ના ઉદયે વૈક્રિય વાઉકાયના ૧ ભાંગે ૩ સત્તાસ્થાન, બાકીના ૪ ભાંગે પાંચ પાંચ સત્તાસ્થાન, ૨૫ ના ઉદયે વૈક્રિય વાઉકાયના ૧ ભાંગે ૩ સત્તા, બાકીના ચાર ભાંગામાંથી બાદર-પર્યાપ્ત પ્રત્યેક-અયશવાળા ૧ ભાંગામાં પાંચ સત્તાસ્થાન અને શેષ ૩ ભાંગામાં ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાન હોય છે. કારણ કે બાકીના આ ત્રણ ભાંગા સાધારણ અને યશવાળા છે. તેઉ-વાયુમાં તેનો ઉદય નથી. શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી તેઉ-વાયુને જ ૭૮ ની સત્તા હોય છે. ૨૬ ના ઉદયે પણ તેઉ વાઉમાં સંભવે તેવા ઉચ્છ્વાસવાળા ૧ ભાંગામાં ૫, વૈક્રિય વાઉકાયના ૧ ભાંગે ૩, અને બાકીના ૯ ભાંગે ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાન જાણવાં. ૨૭ ના ઉદયના છએ ભાંગે ૭૮ વિના ચાર ચાર જ સત્તાસ્થાન હોય છે. મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગે ૨૯ ઉદયભાંગામાંથી વૈક્રિય વાઉકાયના ૩ ભાંગા બાદ કરતાં બાકીના ૨૬ જ ઉદયભાંગા હોય છે. અને ત્યાં સર્વત્ર ૭૮ વિના ચાર ચાર જ સત્તાસ્થાન હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચપ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગે

| | | | |
|---|---|---|---|
| ૨૧ ના ઉદયે | ૨ × ૫ = | ૧૦ | |
| ૨૪ ના ઉદયે | ૧ × ૩ = | ૩ | વૈ.વા. |
| | ૪ × ૫ = | ૨૦ | શેષભાંગા |
| ૨૫ ના ઉદયે | ૧ × ૩ = | ૩ | વૈ.વાઉ. |
| | ૧ × ૫ = | ૫ | અવૈ.તેઉ.વાઉ. |
| | ૩ × ૪ = | ૧૨ | શેષભાંગા |
| ૨૬ ના ઉદયે | ૧ × ૩ = | ૩ | વૈ.વાઉ. |
| | ૧ × ૫ = | ૫ | અવૈ.તેઉ.વાઉ. |
| | ૯ × ૪ = | ૩૬ | શેષભાંગા |
| ૨૭ ના ઉદયે | ૬ × ૪ = | ૨૪ | આતપ. ઉદ્યોતવાળા |
| ઉદયભાંગા | ૨૯ | ૧૨૧ | સત્તાસ્થાન |
| | | × ૯૩૦૮ | |
| | | ૧૧,૨૬,૨૬૮ | |

મનુષ્યપ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગે

| | | |
|---|---|---|
| ૨૧ ના ઉદયે | ૨ | × ૪ = ૮ |
| ૨૪ ના ઉદયે | ૪ | × ૪ = ૧૬ |
| ૨૫ ના ઉદયે | ૪ | × ૪ = ૧૬ |
| ૨૬ ના ઉદયે | ૧૦ | × ૪ = ૪૦ |
| ૨૭ ના ઉદયે | ૬ | × ૪ = ૨૪ |
| ઉદયભાંગા | ૨૬ | સત્તા. ૧૦૪ |
| | | × ૪૬૦૯ |
| | | ૪,૭૯,૩૩૬ |

બન્ને મળીને બાદર પર્યાપ્તામાં કુલ સત્તાસ્થાન ૧૬,૦૫,૬૦૪ થાય છે.

जैन साईट JAINSITE જૈનમ જયતિ શાસનમ

(૧૦-૧૧-૧૨) ત્રણ વિકલેન્દ્રિય પર્યાપ્તામાં ૫ બંધસ્થાનક, ૧૩૯૧૭ બંધભાંગા ૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ કુલ ૬ ઉદયસ્થાનક અને અપર્યાપ્તા વિકલેન્દ્રિયના ઉદયભાંગા બાદ કરતાં બાકીના અનુક્રમે ૬-૬-૬-૧૨-૧૮-૧૨ મળીને કુલ ૬૦ ઉદયભાંગા હોય છે. ૯૨ આદિ પાંચ સત્તાસ્થાનક છે. તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગે પ્રથમનાં બે ઉદયસ્થાનોના ૬+૬=૧૨ ઉદયભાંગે પાંચ પાંચ સત્તાસ્થાન અને ૨૮ આદિ શેષ ૪ ઉદયસ્થાનના ૬-૧૨-૧૮-૧૨ કુલ ૪૮ ઉદયભાંગામાં ૭૮ વિના ૪-૪ સત્તાસ્થાન જાણવાં. મનુષ્યપ્રાયોગ્ય બંધે સર્વ ઉદયભાંગે ૭૮ વિના ચાર ચાર સત્તાસ્થાન જાણવાં.

| | તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગે | મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ ભાંગે | |
|---|---|---|---|
| ૨૧ ના ઉદયે | ૬ × ૫ = ૩૦ | ૬ × ૪ = ૨૪ | |
| ૨૬ ના ઉદયે | ૬ × ૫ = ૩૦ | ૬ × ૪ = ૨૪ | |
| ૨૮ ના ઉદયે | ૬ × ૪ = ૨૪ | ૬ × ૪ = ૨૪ | |
| ૨૯ ના ઉદયે | ૧૨ × ૪ = ૪૮ | ૧૨ × ૪ = ૪૮ | |
| ૩૦ ના ઉદયે | ૧૮ × ૪ = ૭૨ | ૧૮ × ૪ = ૭૨ | |
| ૩૧ ના ઉદયે | ૧૨ × ૪ = ૪૮ | ૧૨ × ૪ = ૪૮ | |
| ઉદયભાંગા | ૬૦ ૨૫૨ | ૬૦ ૨૪૦ | સત્તાસ્થાન |
| | × ૯૩૦૮ | મ.પ્રા. × ૪૬૦૯ | |
| | ૨૩,૪૫,૬૧૬ | ૧૧,૦૬,૧૬૦ | |

બન્ને પ્રકારનાં મળીને વિકલેન્દ્રિયમાં કુલ ૩૪,૫૧,૭૭૬ સત્તાસ્થાનો હોય છે.

(૧૩) અસંજ્ઞી પર્યાપ્તા જીવભેદમાં ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦ એમ કુલ ૬ બંધસ્થાનક જાણવાં. કારણ કે અસંજ્ઞી પર્યાપ્તા તિર્યંચો મરીને ચારે ગતિમાં જાય છે. તેથી દેવ-નરકપ્રાયોગ્ય ૨૮ નો બંધ પણ સંભવે છે. અને દેવ-નરકપ્રાયોગ્યના ૮+૧=૯ બંધભાંગા વધારે ગણતાં કુલ ૧૩૯૨૬ બંધભાંગા હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચગતિમાં જ માત્ર હોય છે. કારણ કે દેવ-નારકી અસંજ્ઞી હોતા નથી. અને મનુષ્યો અસંજ્ઞી હોય છે પણ નિયમા અપર્યાપ્તા જ હોય છે. તેથી તિર્યંચ પંચેન્દ્રિયના ૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ એમ ૬ ઉદયસ્થાનક અને અપર્યાપ્તાના બે ઉદયભાંગા વિના સા. પં. તિર્યંચના સર્વે ઉદયભાંગા અનુક્રમે ૮+૨૮૮+૫૭૬+૧૧૫૨+૧૭૨૮+૧૧૫૨=મળીને ૪૯૦૪ હોય છે. તિર્યંચ પ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગે ૨૧-૨૬ નાં પ્રથમ બે ઉદયસ્થાનોના ૮ અને ૨૮૮ ઉદયભાંગાઓમાં પાંચ પાંચ સત્તાસ્થાન, અને ૨૮ આદિ બાકીનાં ચારે ઉદયસ્થાનોના ૫૭૬-૧૧૫૨-૧૭૨૮ અને ૧૧૫૨ ઉદયભાંગામાં ચાર ચાર સત્તાસ્થાન હોય છે. મનુષ્ય પ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગામાં અસંજ્ઞી તિર્યંચના સર્વે ઉદયભાંગામાં ચાર ચાર સત્તાસ્થાન હોય છે. આ જીવો લબ્ધિ પર્યાપ્તા હોવા છતાં પણ કરણ પર્યાપ્તા થયા પછી જ દેવ અને નરક પ્રાયોગ્ય બંધ કરે છે. તેથી દેવ-નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૩૦ ના ઉદયના સ્વરવાળા ૧૧૫૨, અને ૩૧ ના ઉદયના ૧૧૫૨ એમ કુલ ૨૩૦૪ જ ઉદયભાંગા હોય છે અને તે ઉદયભાંગામાં ૯૨-૮૮-૮૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાન સંભવે છે.

| | તિર્યંચપ્રાયોગ્ય ૯૩૦૮ બંધભાંગે | મનુષ્યપ્રાયોગ્ય ૪૬૦૯ બંધભાંગે |
|---|---|---|
| ૨૧ ના ઉદયે | ૮ × ૫ = ૪૦ | ૮ × ૪ = ૩૨ |
| ૨૬ ના ઉદયે | ૨૮૮ × ૫ = ૧૪૪૦ | ૨૮૮ × ૪ = ૧૧૫૨ |
| ૨૮ ના ઉદયે | ૫૭૬ × ૪ = ૨૩૦૪ | ૫૭૬ × ૪ = ૨૩૦૪ |
| ૨૯ ના ઉદયે | ૧૧૫૨ × ૪ = ૪૬૦૮ | ૧૧૫૨ × ૪ = ૪૬૦૮ |
| ૩૦ ના ઉદયે | ૧૭૨૮ × ૪ = ૬૯૧૨ | ૧૭૨૮ × ૪ = ૬૯૧૨ |
| ૩૧ ના ઉદયે | ૧૧૫૨ × ૪ = ૪૬૦૮ | ૧૧૫૨ × ૪ = ૪૬૦૮ |
| | ૪૯૦૪ ૧૯૯૧૨ | ૪૯૦૪ ૧૯૬૧૬ |
| | × ૯૩૦૮ | × ૪૬૦૯ |
| | ૧૮,૫૩,૪૦,૮૯૬ | ૯,૦૪,૧૦,૧૪૪ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવ-નરકપ્રાયોગ્ય ૨૮ના ૯ બંધભાંગે

૩૦ ના ઉદયે ૧૧૫૨ × ૩ = ૩૪૫૬
૩૧ ના ઉદયે ૧૧૫૨ × ૩ = ૩૪૫૬
૬૯૧૨
× ૯
૬૨૨૦૮

તિર્યંચ પ્રાયોગ્ય, મનુષ્ય પ્રાયોગ્ય અને દેવ-નરક પ્રાયોગ્ય બંધ ભાંગાનાં કુલ બધાં જ મળીને સત્તાસ્થાનો ૨૭,૫૮,૧૩,૨૪૮ થાય છે.

અહીં સપ્તતિકાસંગ્રહના ગુજરાતી વિવેચનમાં "સારસંગ્રહમાં" પાના નંબર ૨૮૮ માં પૂજ્ય પુખરાજજી સાહેબે તથા પંડિતવર્ય શ્રી રસિકભાઈએ તેમના કરેલા વિવેચનની પ્રથમ આવૃત્તિના પાના નંબર ૧૨૮ માં "કેટલાક આચાર્યો અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં વિકલેન્દ્રિયની જેમ સઘળી અશુભ પ્રકૃતિઓનો જ ઉદય માને છે. તેથી ૨૦ જ ઉદયભાંગા હોય એમ માને છે." એવું લખ્યું છે. તથા મહેસાણા પાઠશાળા તરફથી પ્રકાશિત થયેલ પાંચમા-છટ્ઠા કર્મગ્રંથના પુસ્તકમાં બાસઠીયાના યંત્રમાં અસંજ્ઞી માર્ગણામાં ૧૩૨ ઉદયભાંગા ગણાવ્યા છે તેમાં અસંજ્ઞી પં. તિર્યંચના ૨૦ કહ્યા છે. પરંતુ ચૂર્ણિ[1], સપ્તતિકાની ટીકા, સપ્તતિકાભાષ્ય અને પંચસંગ્રહની ટીકામાં સર્વત્ર ૪૯૦૪ ઉદયભાંગા લેવાનું સ્પષ્ટ કથન છે. એટલે આ ૨૦ ભાંગાનો ઉલ્લેખ મતાન્તરે હશે. પણ મતાન્તરે ક્યાં છે ? તેઓએ ક્યાંથી લીધો છે તે મળી શક્યું નથી.

સંજ્ઞી પં. પર્યાપ્તામાં ૮ બંધસ્થાનક, ૮ ઉદયસ્થાનક, અને ૧૦ સત્તાસ્થાનક હોય છે. ૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧-૧ એમ આઠે આઠ બંધસ્થાનકો અને ૧૩૯૪૫ બંધભાંગા આ જીવભેદમાં હોય છે. ઉદયસ્થાનકો ૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ કુલ ૮ હોય છે. ઉદયભાંગા એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, અપર્યાપ્તા તિર્યંચના ૨, અને અપર્યાપ્તા મનુષ્યના ૨, અને કેવલી પરમાત્માના ૮ એમ કુલ ૧૨૦ ઉદયભાંગા વિના ૭૬૭૧ ઉદયભાંગા હોય છે. અહીં મૂલગાથામાં ૮ ઉદયસ્થાનનું અને ૧૦ સત્તાસ્થાનકનું જે કથન કરેલ છે તે ઉપરથી કેવલી પરમાત્માને સંજ્ઞીમાં લેવાની વિવક્ષા કરી નથી. અર્થાત્ ચિંતન-મનનાત્મક ભાવમનવાળા જે જીવો

(૧) ચૂર્ણિનો પાઠ આ પ્રમાણે છે - अपज्जत्तगोदयदुगरहियसव्वुदयाणं पिंडो एगुणपण्णसयाणि चउरहिगाणि । एएसिं मज्झे एक्कवीस-छव्वीसोदयविगप्पा २९६ पञ्च संतकम्मिया। सेसा सव्वेवि चउसंतकम्मिया । આવો જ પાઠ સપ્તતિકાની (છટ્ઠા કર્મગ્રંથની) ટીકામાં છે. પંચસંગ્રહના સપ્તતિકાસંગ્રહમાં પણ છે. ગ્રંથગૌરવના ભયથી બધા પાઠ અહીં લખતા નથી. વિશેષાર્થીએ ત્યાંથી જોઈ લેવા.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે તે જ સંજ્ઞી છે. આવી વિવક્ષા કરી છે. સત્તાસ્થાનક અયોગીકેવલી ગુણઠાણાના ચરમસમયભાવી ૯-૮ ને છોડીને બાકીનાં ૧૦ હોય છે. સંવેધ આ પ્રમાણે છે -

૨૩ ના બંધે ૪ બંધભાંગા. (૨૪ વિના) ૨૧ થી ૩૧ સુધીનાં કુલ ૮ ઉદયસ્થાનક, અને ઉદયભાંગા સા.પં. તિર્યંચના ૪૯૦૪, વૈ. તિર્યંચના ૫૬, સા. મનુષ્યના ૨૬૦૦, વૈ. મનુષ્યના (ઉદ્યોતના ઉદય વિનાના બાકીના) ૩૨ કુલ ૭૫૯૨ હોય છે. કારણ કે સંજ્ઞી પર્યાપ્તામાં ૨૩ નો બંધ ઉપરોક્ત ભાંગે વર્તતા જીવો જ કરે છે. દેવો-નારકી, ઉદ્યોતવાળા વૈ. મનુષ્ય (મુનિ), અને આહારક મનુષ્યના જીવો ૨૩ નો બંધ કરતા નથી. સત્તાસ્થાનક ૨૧-૨૬ ના ઉદયના સામાન્ય તિર્યંચના ૮-૨૮૮ ઉદયભાંગે પાંચ પાંચ, બાકીના સા. તિર્યંચના ૪૬૦૮, અને સા. મનુષ્યના ૨૬૦૦ ઉદયભાંગામાં ચાર ચાર, વૈ. તિર્યંચના ૫૬ અને વૈ. મનુષ્યના ૩૨ ઉદય ભાંગામાં ૯૨-૮૮ એમ બે બે સત્તાસ્થાન જાણવાં.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સા. તિર્યંચના | ૮ + ૨૮૮ = | ૨૯૬ | ભાંગે | × ૫ | = | ૧૪૮૦ |
| સા. તિર્યંચના શેષ | | ૪૬૦૮ | ભાંગે | × ૪ | = | ૧૮૪૩૨ |
| વૈક્રિય તિર્યંચના | | ૫૬ | ભાંગે | × ૨ | = | ૧૧૨ |
| સામાન્ય મનુષ્યના | | ૨૬૦૦ | ભાંગે | × ૪ | = | ૧૦૪૦૦ |
| વૈક્રિય મનુષ્યના | | ૩૨ | ભાંગે | × ૨ | = | ૬૪ |
| કુલ ઉદયભાંગા | | ૭૫૯૨ | | | સત્તાસ્થાન | ૩૦૪૮૮ |

આ ૩૦૪૮૮ સત્તાસ્થાનોને ૨૩ના બંધના ચાર બંધભાંગે ગુણીએ તો ૧,૨૧,૯૫૨ સત્તાસ્થાન સંજ્ઞી પર્યાપ્તામાં ૨૩ ના બંધે થાય છે.

૨૫ ના બંધે એકેન્દ્રિયના ૨૦ બંધભાંગા છે. તેમાંથી બાદર-પર્યાપ્તાના ૮ બંધભાંગા વિનાના ૧૨ બંધભાંગે અન્યૂનાતિરિક્તપણે ઉપર લખેલા ૨૩ ના બંધની જેમ જ સત્તાસ્થાનો હોય છે. તેથી ૩૦૪૮૮×૧૨=૩૬૫૮૫૬ સત્તાસ્થાનો હોય છે. બાદર પર્યાપ્તાના ૮ બંધભાંગે ૨૩ ના બંધની જેમ તો સત્તા છે જ. પરંતુ તેના બંધક જીવોમાં દેવો અધિક હોવાથી દેવોના ૬૪ ઉદયભાંગા અને દરેક ઉદયભાંગે ૯૨-૮૮ એમ બે બે સત્તાસ્થાન વધારે હોય છે. તેથી ૭૫૯૨+૬૪=૭૬૫૬ ઉદયભાંગા થાય છે અને ૩૦૪૮૮+૧૨૮=૩૦૬૧૬ સત્તાસ્થાન આઠ બંધભાંગે હોય છે. તેથી તેને આઠ બંધ ભાંગા વડે ગુણતાં, ૨,૪૪,૯૨૮ સત્તાસ્થાન સંભવે છે.

વિકલેન્દ્રિયપ્રાયોગ્ય ૩ બંધભાંગે તથા અપર્યાપ્તા તિર્યંચપ્રાયોગ્ય ૧ એમ કુલ ૪ બંધભાંગે પણ ઉપરોક્ત ૨૩ ના બંધની જેમ જ સંવેધ જાણવો. તેથી ૩૦૪૮૮ × ૪ = ૧,૨૧,૯૫૨ સત્તાસ્થાન હોય છે અને અપર્યાપ્ત મનુષ્યપ્રાયોગ્ય ૧ બંધભાંગે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સા. તિર્યંચના ૪૯૦૪ અને સા. મનુષ્યના ૨૬૦૦ ભાંગે ચાર ચાર સત્તાસ્થાન હોવાથી ૩૦૦૧૬, અને વૈ. તિર્યંચના ૫૬ અને વૈ. મનુષ્યના ૩૨ ભાંગે બે બે સત્તાસ્થાન ગણતાં તેનાં ૧૭૬ સત્તાસ્થાન જાણવાં. બન્ને મળીને કુલ સત્તાસ્થાન ૩૦૧૯૨ સત્તાસ્થાન થાય છે. બંધભાંગો ૧ જ છે. માટે એક વડે ગુણતાં પણ ૩૦૧૯૨ જ સત્તાસ્થાન થાય.

| | | | |
|---|---|---|---|
| ૧૨ | બંધભાંગે | ૩,૬૫,૮૫૬ | |
| ૮ | બંધભાંગે | ૨,૪૪,૯૨૮ | |
| ૪ | બંધભાંગે | ૧,૨૧,૯૫૨ | |
| ૧ | બંધભાંગે | ૩૦,૧૯૨ | |
| ૨૫ | | ૭,૬૨,૯૨૮ | સત્તાસ્થાન હોય છે. |

આ પ્રમાણે ૨૫ ના બંધે ૨૫ બંધભાંગે કુલ ૭,૬૨,૯,૨૮ સત્તાસ્થાન હોય છે.

૨૬ ના બંધે ૧૬ બંધભાંગા છે. બાદર પર્યાપ્તાના પ્રત્યેક અને સાધારણ સાથે ૧૬ બંધભાંગા થાય છે. તેમાં ઉદયસ્થાન ૮, ઉદયભાંગા ૨૫ ના બંધના ૮ બંધભાંગાની જેમ ૭૬૫૬ છે. સંવેધ બરાબર ૨૫ ના બંધના ૮ બંધભાંગાની જેમ સમજવો. સત્તાસ્થાનક ૩૦૬૧૬×૧૬ બંધભાંગાએ ગુણવાથી કુલ ૪,૮૯,૮૫૬ સત્તાસ્થાન થાય છે.

૨૮ નો બંધ દેવપ્રાયોગ્ય પણ છે, અને નરકપ્રાયોગ્ય પણ છે ત્યાં દેવ પ્રાયોગ્ય ૨૮ નો બંધ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એમ બન્ને કરે છે. તેમાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવો લબ્ધિપર્યાપ્તા હોય તો કરણ અપર્યાપ્તાવસ્થા હોય ત્યારે પણ અને કરણ પર્યાપ્તાવસ્થા થાય ત્યારે પણ દેવપ્રાયોગ્ય ૨૮નો બંધ કરી શકે છે. પરંતુ જો મિથ્યાદૃષ્ટિ હોય તો કરણ પર્યાપ્તાવસ્થા થયા પછી જ દેવપ્રાયોગ્ય ૨૮નો બંધ કરે છે તેથી ૨૧ થી ૩૦ સુધીનાં ઉદયસ્થાનો અને ઉદયભાંગામાં વર્તતા સમ્યગ્દષ્ટિ તિર્યંચ-મનુષ્યો દેવપ્રાયોગ્ય ૨૮નો બંધ કરે છે અને તે કાલે સમ્યગ્દૃષ્ટિ હોવાથી ૯૨-૮૮ એમ બે બે સત્તાસ્થાન હોય છે અને સ્વરવાળા ૩૦-૩૧ ના ઉદયમાં વર્તતા તિર્યંચ તથા ૩૦ના ઉદયમાં વર્તતા મનુષ્યો સમ્યગ્દૃષ્ટિ હોય કે મિથ્યાદૃષ્ટિ હોય. તે બન્ને દેવપ્રાયોગ્ય બંધ કરી શકે છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિને ૯૨-૮૮ એમ બે સત્તાસ્થાન હોય છે અને મિથ્યાદૃષ્ટિને ૯૨-૮૮-૮૬ એમ ત્રણ સત્તાસ્થાન હોય છે. આ રીતે વિચારતાં ૨૧ થી ૩૧ સુધીનાં (૨૪ વિના) ૮ ઉદયસ્થાનક છે. સામાન્ય તિર્યંચના ૪૯૦૪, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૦, વૈક્રિય મનુષ્યના ૩૫, આહારક મનુષ્યના ૭ મળીને કુલ ૭૬૦૨ ઉદયભાંગા હોય છે. ત્યાં આહારકના ૭ ઉદયભાંગે એક ૯૨ ની જ સત્તા, સ્વરવાળા પં. તિર્યંચના ૩૦ ના ઉદયના અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૧ ના ઉદયના ૧૧૫૨+૧૧૫૨=૨૩૦૪ ઉદયભાંગામાં તથા સામાન્ય મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૧૫૨ ભાંગામાં ત્રણ-ત્રણ સત્તાસ્થાન હોય છે. બાકીના સર્વે ભાંગમાં ૯૨-૮૮ એમ બે બે સત્તાસ્થાન જાણવાં.

દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધે ઉદયભાંગા તથા સત્તાસ્થાન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આહારકના | ૭ | ઉદયભાંગે | × | ૧ | = | ૭ |
| સા. તિર્યંચના | ૨૩૦૪ | ઉદયભાંગે | × | ૩ | = | ૬૯૧૨ |
| સા. મનુષ્યના | ૧૧૫૨ | ઉદયભાંગે | × | ૩ | = | ૩૪૫૬ |
| બાકીના તિ. ના | ૨૬૦૦ | ઉદયભાંગે | × | ૨ | = | ૫૨૦૦ |
| બાકીના મનુષ્યના | ૧૪૪૮ | ઉદયભાંગે | × | ૨ | = | ૨૮૯૬ |
| વૈક્રિય તિર્યંચના | ૫૬ | ઉદયભાંગે | × | ૨ | = | ૧૧૨ |
| વૈક્રિય મનુષ્યના | ૩૫ | ઉદયભાંગે | × | ૨ | = | ૭૦ |
| | ૭૬૦૨ | | | | સત્તાસ્થાન | ૧૮૬૫૩ |

દેવપ્રાયોગ્ય બંધના આઠ બંધભાંગા હોવાથી
૧૮૬૫૩
× ૮
૧,૪૯,૨૨૪
સત્તાસ્થાન થાય છે.

નરકપ્રાયોગ્ય ૨૮ નો બંધ મિથ્યાદૃષ્ટિ પં. તિર્યંચ-મનુષ્યના જીવ જ કરે છે અને તે પણ કરણ પર્યાપ્તા થયા પછી જ. તેથી સામાન્ય તિર્યંચના ૩૦-૩૧ ના ઉદયના સ્વરવાળા ૧૧૫૨-૧૧૫૨, સામાન્ય મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૧૫૨, વૈ. તિર્યંચના ૫૬ અને વૈક્રિય મનુષ્યના ૩૨ મળીને કુલ ૩૫૪૪ જ ઉદયભાંગા સંભવે છે અને તેને અનુસારે ૨૫-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ એમ કુલ ૬ જ ઉદયસ્થાન ઘટે છે. સત્તાસ્થાનક સામાન્ય તિર્યંચના ૩૦-૩૧ ના ઉદયના ૧૧૫૨-૧૧૫૨=૨૩૦૪ ઉદયભાંગામાં ૯૨-૮૮-૮૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાન હોય છે. સામાન્ય મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૧૫૨ ભાંગામાં ૯૨, ૮૯, ૮૮, ૮૬ એમ ૪ સત્તાસ્થાન સંભવે છે. કારણ કે પૂર્વે જેણે નરકનું આયુષ્ય બાંધ્યુ હોય તેવા જીવને સમ્યક્ત્વ પામ્યા પછી જિનનામ બાંધી પહેલે આવે ત્યારે ૮૯ ની સત્તા હોય છે અને તે કાલે નરકપ્રાયોગ્ય ૨૮નો બંધ પણ છે. તથા વૈ. તિર્યંચના તથા વૈ. મનુષ્યના ૫૬+૩૨=૮૮ ઉદયભાંગામાં ૯૨-૮૮ એમ બે બે જ સત્તાસ્થાન સંભવે છે.

નરકપ્રાયોગ્ય ૨૮ના બંધે ઉદયભાંગા તથા સત્તાસ્થાન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સા. તિર્યંચના | ૨૩૦૪ | ઉદયભાંગે | × | ૩ | = | ૬૯૧૨ |
| સા. મનુષ્યના | ૧૧૫૨ | ઉદયભાંગે | × | ૪ | = | ૪૬૦૮ |
| વૈ. તિર્યંચના | ૫૬ | ઉદયભાંગે | × | ૨ | = | ૧૧૨ |
| વૈ. મનુષ્યના | ૩૨ | ઉદયભાંગે | × | ૨ | = | ૬૪ |
| | ૩૫૪૪ | | | | સત્તા | ૧૧૬૯૬ |

નરકપ્રાયોગ્ય ૨૮ ના બંધનો ભાંગો ૧ જ છે. માટે ૧૧૬૯૬ જ સત્તાસ્થાન નરકપ્રાયોગ્ય ૨૮ના બંધે સંભવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધે કુલ ૧,૪૯,૨૨૪ અને નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૧૧૬૯૬ મળીને, ૨૮ ના બંધે કુલ ૧૬૦૯૨૦ સત્તાસ્થાન થાય છે.

સંજ્ઞી પંચેન્દ્રિય - આ જીવભેદમાં ૨૯ નો બંધ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય, પં. તિર્યંચપ્રાયોગ્ય, મનુષ્યપ્રાયોગ્ય અને દેવ પ્રાયોગ્ય એમ ચાર પ્રકારનો છે. ત્યાં વિકલેન્દ્રિયપ્રાયોગ્ય ૨૯ નો બંધ કરનાર સંજ્ઞી પંચેન્દ્રિય જીવભેદમાં સા. તિર્યંચ, વૈક્રિય તિર્યંચ, સા. મનુષ્ય અને (ઉદ્યોતના ઉદય વિનાના) વૈક્રિય મનુષ્યો છે. ૮×૩=૨૪ બંધભાંગા છે. ૪૯૦૪-૫૬-૨૬૦૦-૩૨ મળીને કુલ ૭૫૯૨ ઉદયભાંગા છે ઉદયભંગ ગુણિત સત્તાસ્થાન ૩૦૪૮૮ થાય છે અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં આવેલા ૨૩ ના બંધની બરાબર તુલ્ય જ આ સંવેધ છે. ૩૦૪૮૮ સત્તાસ્થાનને ૨૪ બંધભાંગે ગુણતાં ૭,૩૧,૭૧૨ સત્તાસ્થાન સમજવાં.

પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ ના બંધે ૪૬૦૮ બંધભાંગા છે. તેને બાંધનારા સંજ્ઞી પંચેન્દ્રિયમાં સા. તિર્યંચ (૪૯૦૪), વૈક્રિય તિર્યંચ (૫૬), સા. મનુષ્ય (૨૬૦૦) વૈક્રિય મનુષ્યના (ઉદ્યોતના ઉદય વિનાના) ૩૨ તથા દેવોના ૬૪ અને નારકીના ૫ મળીને કુલ ૭૬૬૧ ઉદયભાંગા સંભવે છે. તેને અનુસારે ૨૧ થી (૨૪ વિના) ૩૧ સુધીનાં કુલ ૮ ઉદયસ્થાનો સંભવે છે. ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ એમ પાંચ સત્તાસ્થાન હોય છે. સંવેધ ઉપર કહેલા વિકલેન્દ્રિયની તુલ્ય જાણવો. ફક્ત દેવોના ૬૪ અને નારકીના પાંચ ઉદયભાંગે બે-બે સત્તાસ્થાન વધારે કહેવાં. તેથી સત્તાસ્થાનોની સંખ્યા આ પ્રમાણે થાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| સા. તિર્યંચના ૨૧-૨૬ ઉદયના | ૨૯૬ ભાંગે | × | ૫ | = | ૧૪૮૦ |
| સા. તિર્યંચના બાકીના | ૪૬૦૮ ભાંગે | × | ૪ | = | ૧૮૪૩૨ |
| વૈક્રિય તિર્યંચના | ૫૬ ભાંગે | × | ૨ | = | ૧૧૨ |
| સામાન્ય મનુષ્યના | ૨૬૦૦ ભાંગે | × | ૪ | = | ૧૦૪૦૦ |
| વૈક્રિય મનુષ્યના | ૩૨ ભાંગે | × | ૨ | = | ૬૪ |
| દેવ-નારકીના મળીને | ૬૯ ભાંગે | × | ૨ | = | ૧૩૮ |
| | ૭૬૬૧ | | | | ૩૦૬૨૬ |

૨૯ ના બંધે તિર્યંચપ્રાયોગ્યના ૪૬૦૮ બંધભાંગા હોવાથી ૩૦૬૨૬×૪૬૦૮= ૧૪, ૧૧, ૨૪, ૬૦૮ સત્તાસ્થાન થાય છે.

મનુષ્યપ્રાયોગ્ય ૨૯ ના બંધે બંધભાંગા ૪૬૦૮, ઉદયસ્થાનક ૨૧ થી (૨૪ વિના) ૩૧ સુધીમાં ૮, ઉદયભાંગા ઉપર કહેલ તિર્યંચ પ્રાયોગ્યની જેમજ ૭૬૬૧ હોય છે. પરંતુ સત્તાસ્થાનમાં ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦ એમ પાંચ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યપ્રાયોગ્ય બંધ હોવાથી ૭૮ ની સત્તા સંભવતી નથી. અને જેણે પૂર્વે નરકાયુષ્ય બાંધી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી જિનનામકર્મ બાંધ્યું છે. તેવા જીવો નરકમાં જતાં ક્ષયોપશમ સમ્યક્ત્વ વમીને જાય છે. તેથી નરકમાં પાંચે ઉદયસ્થાનના પાંચે ભાંગે આવા જીવોને ૮૯ ની સત્તા અને જિનનામ ન બાંધેલા જીવોને ૯૨-૮૮ ની સત્તા એમ ત્રણ ત્રણ સત્તા જાણવી. તેથી સંવેધ આ પ્રમાણે જાણવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સામાન્ય તિર્યંચના | ૪૯૦૪ | ઉદયભાંગે | × | ૪ | = | ૧૯૬૧૬ |
| સામાન્ય મનુષ્યના | ૨૬૦૦ | ઉદયભાંગે | × | ૪ | = | ૧૦૪૦૦ |
| વૈક્રિય તિર્યંચના | ૫૬ | ઉદયભાંગે | × | ૨ | = | ૧૧૨ |
| વૈક્રિય મનુષ્યના | ૩૨ | ઉદયભાંગે | × | ૨ | = | ૬૪ |
| દેવોના | ૬૪ | ઉદયભાંગે | × | ૨ | = | ૧૨૮ |
| નારકીના | ૫ | ઉદયભાંગે | × | ૩ | = | ૧૫ |
| | ૭૬૬૧ | | | | | ૩૦૩૩૫ |

૨૯ ના બંધે મનુષ્ય પ્રાયોગ્ય બંધના ૪૬૦૮ બંધભાંગા છે. તેથી ૩૦૩૩૫× ૪૬૦૮=૧૩, ૯૭, ૮૩, ૬૮૦ સત્તાસ્થાન મનુષ્યપ્રાયોગ્ય ૨૯ ના બંધે થાય છે.

દેવપ્રાયોગ્ય ૨૯ નો બંધ જિનનામકર્મ યુક્ત હોવાથી તેને બાંધનારા ફક્ત મનુષ્યો જ લેવા. બંધભાંગા ૮, ઉદયસ્થાનક ૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦ કુલ ૭ હોય છે. ઉદયભાંગા સામાન્ય મનુષ્યના ૨૬૦૦, વૈક્રિય મનુષ્યના ૩૫, અને આહારક મનુષ્યના ૭ મળીને કુલ ૨૬૪૨ હોય છે. સત્તાસ્થાન ૯૩-૮૯ એમ બે હોય છે. સંવેધ આ પ્રમાણે જાણવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સામાન્ય મનુષ્યના | ૨૬૦૦ | ઉદયભાંગે | × | ૨ | = | ૫૨૦૦ | બંધભાંગા ૮ હોવાથી ૮ |
| વૈક્રિય મનુષ્યના | ૩૫ | ઉદયભાંગે | × | ૨ | = | ૭૦ | વડે ગુણતાં ૪૨૨૧૬ |
| આહારક મનુષ્યના | ૭ | ઉદયભાંગે | × | ૧ | = | ૭ | સત્તાસ્થાન હોય છે. |
| | ૨૬૪૨ | | | | | ૫૨૭૭ | |

૨૯ ના બંધે ચારે પ્રાયોગ્યનાં કુલ સત્તાસ્થાન નીચે મુજબ જાણવાં.

| | | | |
|---|---|---|---|
| (૧) વિકલેન્દ્રિય પ્રાયોગ્ય | ૨૪ | બંધભાંગે | ૭,૩૧,૭૧૨ |
| (૨) પં. તિર્યંચ પ્રાયોગ્ય | ૪૬૦૮ | બંધભાંગે | ૧૪,૧૧,૨૪,૬૦૮ |
| (૩) મનુષ્ય પ્રાયોગ્ય | ૪૬૦૮ | બંધભાંગે | ૧૩,૯૭,૮૩,૬૮૦ |
| (૪) દેવ પ્રાયોગ્ય | ૮ | બંધભાંગે | ૪૨,૨૧૬ |

૨૯ ના બંધે સર્વે મળીને કુલ સત્તાસ્થાન ૨૮,૧૬,૮૨,૨૧૬ થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦નો બંધ ઉપર કહ્યા પ્રમાણે ચાર પ્રકારનો છે. ત્યાં વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૪ બંધભાંગે તથા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૪૬૦૮ બંધભાંગે જરા પણ ફેરફાર વિના ૨૯ ના બંધની જેમ જ સમજવું.

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ જિનનામકર્મ સહિત છે. તેથી તેનો બંધ સમ્યગ્દષ્ટિ દેવ-નારકી જ કરે છે. તિર્યંચ-મનુષ્યો જો સમ્યગ્દષ્ટિ હોય તો નિયમા દેવપ્રાયોગ્ય જ બંધ કરે. તેથી મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધે તે જીવો હોતા નથી. અહિં આઠ બંધભાંગા છે. દેવોના ૬૪ અને નારકીના ૫ એમ કુલ ૬૯ ઉદયભાંગા છે. ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ કુલ ૬ ઉદયસ્થાનક છે. દેવોના ૬૪ ઉદયભાંગામાં ૯૩ અને ૮૯ એમ બે બે સત્તાસ્થાન હોય છે અને નારકીના ૫ ઉદયભાંગામાં માત્ર ૮૯ની જ સત્તા હોય છે. એટલે ૬૪ × ૨ = ૧૨૮ તથા નારકીના ૫ ઉદયભાંગે ૧ × ૫ = ૫ કુલ ૧૩૩ સત્તાસ્થાન થાય છે. બંધભાંગા આઠ હોવાથી ૧૩૩×૮ ગુણતાં ૧૦૬૪ સત્તાસ્થાન થાય છે.

દેવ પ્રાયોગ્ય ૩૦ નો બંધ આહારકદ્વિક સહિત છે. બંધભાંગો ૧ જ છે. તેને બાંધનારા અપ્રમત્ત સંયમી મનુષ્યમાત્ર જ છે. તેથી ૩૦ નું એક જ ઉદયસ્થાનક હોય છે. (અહીં વૈક્રિય મનુષ્ય અને આહારક મનુષ્ય વૈક્રિય અને આહારક શરીર બનાવીને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તા થાય અને જ્યારે અપ્રમત્તે જાય ત્યારે આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ બાંધે તે વિવક્ષા લીધી નથી. કારણ કે ચૂર્ણિ-સપ્તતિકાટીકા આદિમાં લીધેલ નથી). અપ્રમત્ત-અપૂર્વકરણે સંઘયણ-સંસ્થાન-વિહાયોગતિ અને સ્વર આ ચાર જ પ્રતિપક્ષી સંભવતી હોવાથી ૬ × ૬ × ૨ × ૨ = ૧૪૪ ઉદયભાંગા હોય છે અને પ્રત્યેક ઉદયભાંગે માત્ર ૧ બાણુંની જ સત્તા હોય છે તેથી ૧૪૪ × ૧ = ૧૪૪ સત્તાસ્થાન થાય છે. નીચે પ્રમાણે કુલ સત્તાસ્થાન જાણવાં.

| | | | |
|---|---|---|---|
| (૧) વિકલેન્દ્રિય પ્રાયોગ્ય | ૨૪ | બંધભાંગે | ૭,૩૧,૭૧૨ |
| (૨) પં. તિર્યંચ પ્રાયોગ્ય | ૪૬૦૮ | બંધભાંગે | ૧૪,૧૧,૨૪,૬૦૮ |
| (૩) મનુષ્ય પ્રાયોગ્ય | ૮ | બંધભાંગે | ૧,૦૬૪ |
| (૪) દેવ પ્રાયોગ્ય | ૧ | બંધભાંગે | ૧૪૪ |

ત્રીસના બંધે ચારે પ્રાયોગ્યનાં કુલ સત્તાસ્થાન ૧૪,૧૮,૫૭,૫૨૮ થાય છે.

૩૧ નો બંધ પણ માત્ર દેવ પ્રાયોગ્ય જ છે. તેને બાંધનાર મનુષ્ય જ છે. તેના ૧૪૪ ઉદયભાંગા, અને દરેક ઉદયભાંગે એક ત્રાણુંની જ સત્તા જાણવી. તેથી ૧૪૪ × ૧ = ૧૪૪ સત્તાસ્થાન સમજવાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારે ગતિને આશ્રયી અપ્રાયોગ્ય એવા ૧ નો બંધ અને ૧૧ - ૧૨ - ૧૩ - ૧૪ મા ગુણઠાણે કહેલો અબંધ, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં જ હોવાથી પૂર્વે કહેલા ઓઘબંધની જેમ જ સંવેધ તથા ઉદયભાંગા ગુણિત સત્તાસ્થાન જાણવાં. આ પ્રમાણે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં આઠે બંધસ્થાનકોનો અને અબંધનો સંવેધ કહ્યો. ચૌદે જીવસ્થાનકોમાં નામકર્મનો સંવેધ પૂર્ણ થયો. તે કહે છતે ચૌદે જીવસ્થાનકોમાં આઠે કર્મનો સંવેધ સમાપ્ત થયો. હવે આ જ આઠે કર્મોનો સંવેધ ૧૪ ગુણસ્થાનક ઉપર સમજાવીશું. ॥ ૪૧-૪૨॥

**नाणंतरायतिविहमवि, दससु दो हुंति दोसु ठाणेसु ।**
**मिच्छासाणे बीए, नव चउ पण नव य संतंसा ।। ४३ ।।**

ज्ञानान्तरायत्रिविधमपि, दशसु द्वे भवतः द्वयोस्स्थानयोः ।
मिथ्यात्वसास्वादनयोर्द्वितीये, नव चत्वारः पञ्च नव च सदंशाः ।। ४३ ।।

*ગાથાર્થ - દશ ગુણસ્થાનકોમાં જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મનો ત્રણે પણ વિકલ્પવાળો ભાંગો જાણવો. બે ગુણસ્થાનકોમાં બે વિકલ્પવાળો ભાંગો જાણવો. બીજા દર્શનાવરણીયકર્મમાં મિથ્યાત્વે અને સાસ્વાદને નવનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે. ॥ ૪૩ ॥*

વિવેચન - જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મ આ બન્ને કર્મોના ત્રણ વિકલ્પવાળો ભાંગો ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી હોય છે. કારણ કે આ બન્ને કર્મોની પાંચે પ્રકૃતિઓનો બંધ ૧૦ મા ગુણસ્થાનક સુધી જ છે. દશમાના અંતે બંધવિચ્છેદ થાય છે. તેથી પાંચનો બંધ, પાંચનો ઉદય અને પાંચની સત્તા એમ ત્રણે વિકલ્પવાળો આ ભાંગો દશમા ગુણસ્થાનક સુધી જાણવો. તથા ૧૧ - ૧૨ આ બે ગુણસ્થાનકોમાં બંધ વિનાના બાકીના બે વિકલ્પવાળો ભાંગો જાણવો. "અબંધ, પાંચનો ઉદય અને પાંચની સત્તા" આ ભાંગો ૧૧ - ૧૨ મા ગુણસ્થાનકમાં હોય છે. કારણ કે બારમાના અંતે ઉદય અને સત્તાનો પણ વિચ્છેદ થાય છે.

ગુણસ્થાનકોમાં જ્ઞાનાવરણીય અને અંતરાય નું ચિત્ર

| ગુણસ્થાનક | બંધ | ઉદય | સત્તા | |
|---|---|---|---|---|
| ૧ થી ૧૦ | ૫ | ૫ | ૫ | ત્રણ વિકલ્પવાળો ભાંગો |
| ૧૧ - ૧૨ | ૦ | ૫ | ૫ | બે વિકલ્પવાળો ભાંગો |

હવે બીજા નંબરના દર્શનાવરણીયકર્મના ભાંગા ગુણસ્થાનકોમાં સમજાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિથ્યાત્વે અને સાસ્વાદને નવનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય, અને નવની સત્તા આ બે ભાંગા હોય છે. કારણ કે ૯ નો બંધ બે જ ગુણઠાણા સુધી છે તેથી આ બે ભાંગા બે ગુણઠાણા સુધી જ છે. નિદ્રાનો ઉદય અધ્રુવ હોવાથી તે ન હોય ત્યારે ચારનો ઉદય અને જ્યારે નિદ્રા ઉદયમાં હોય ત્યારે પાંચનો ઉદય જાણવો. (આગલી ગાથામાં ચાલુ). ॥ ૪૩ ॥

**मिस्साइ नियट्टीओ, छच्चउ पण नव य संतकम्मंसा ।**
**चउ बंध तिगे चउ पण, नवंस दुसु जुअल छस्संता ॥ ४४ ॥**

**मिश्रादे र्निवृत्तेः, षट् चत्वारि पञ्च नव च सत्कर्मांशाः ।**
**चत्वारि बन्धे त्रिषु चत्वारि पञ्च, नवांशाः, द्वयोः युगलं षट् सन्तः ॥ ४४ ॥**

*ગાથાર્થ - મિશ્રથી પ્રારંભીને નિવૃત્તિકરણ સુધી છ નો બંધ, ચાર અથવા પાંચનો ઉદય, અને નવની સત્તા હોય છે. તિગે = ત્રણ ગુણસ્થાનકોમાં (૮ - ૯ - ૧૦ માં) ચારનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે. તથા બે ગુણસ્થાનકમાં (૯ - ૧૦ માં) ચારનો બંધ અને ચારનો ઉદય (એમ ચારનું યુગલ) તથા છ ની સત્તા જાણવી. ॥ ૪૪ ॥*

વિવેચન - ત્રીજા મિશ્રગુણસ્થાનકથી દર્શનાવરણીયકર્મમાં બંધ ૬ નો જાણવો. કારણ કે થીણદ્ધિત્રિકનો બંધ વિચ્છેદ થયેલો છે. તેથી છનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા આ બે ભાંગા મિશ્ર ગુણસ્થાનકથી અપૂર્વકરણના પહેલા ભાગ સુધી જાણવા. અપૂર્વકરણના પહેલા ભાગના ચરમ સમયે નિદ્રા-પ્રચલાનો પણ બંધવિચ્છેદ થતો હોવાથી ચારનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા આ બે ભાંગા ઉપશમ શ્રેણીમાં આઠમા ગુણઠાણાના બીજા ભાગથી દશમા ગુણઠાણાના ચરમ સમય સુધી હોય છે. "चउ बंध तिगे चउ पण नवंस" આ પદમાં तिगे એટલે ૮-૯-૧૦ એમ ત્રણ ગુણઠાણે ઉપશમ શ્રેણીને આશ્રયી चउबंध = ચારનો બંધ, चउ पण ચાર અથવા પાંચનો ઉદય અને नवंस નવની સત્તા હોય છે. અહીં અંશ એટલે સત્તા એવો અર્થ જાણવો. આ રીતે ઉપશમ શ્રેણીમાં ૮-૯-૧૦ આ ત્રણ ગુણસ્થાનકોમાં આ બે ભાંગા હોય છે. તથા ક્ષપકશ્રેણીમાં નવમા ગુણસ્થાનકમાં જ્યાં સુધી થીણદ્ધિત્રિકની સત્તાનો ક્ષય ન થાય ત્યાં સુધી એટલે કે આઠમા ગુણઠાણાના બીજા ભાગથી નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી ચારના બંધના બે ભાંગામાંથી ચારના ઉદયવાળો એક ભાંગો જ હોય છે. એટલે કે ચારનો બંધ, ચારનો ઉદય અને નવની સત્તાવાળો પ્રથમ ભાંગો ૮/૨ ભાગથી ૯/૧ સુધી હોય છે. કારણ કે ક્ષપક અને ક્ષીણમોહને નિદ્રાનો ઉદય ગ્રંથકારના મતે સંભવતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવમા ગુણઠાણાના બીજા ભાગથી દશમા ગુણઠાણાના ચરમ સમય સુધી ક્ષપકશ્રેણીમાં "दुसु जुयल छस्संता" આ પદથી दुसु એટલે નવમા-દસમા બે ગુણસ્થાનકોમાં जुयल = બંધ અને ઉદયનું ચારનું યુગલ તથા छस्संता = છની સત્તાવાળો એક ભાંગો હોય છે. એટલે કે ક્ષપકશ્રેણીમાં નવમા - દસમા ગુણઠાણે ચારનો બંધ, ચારનો ઉદય અને છની સત્તાવાળો ૧ ભાંગો જાણવો. કર્મપ્રકૃતિની ચૂર્ણિમાં ઉદીરણા કરણમાં કહ્યું છે કે "इंदियपज्जत्तीए अणंतरे समये सव्वो वि णिद्दापयलाणमुदीरगो भवइ, नवरं खीणकसायखवगे मोत्तूणं, तेसु उदओ नत्थित्ति काउं ।। ४४ ।।"

**उवसंते चउ पण नव, खीणे चउरुदय छच्च चउ संता ।**
**वेयणियाउय गोए, विभज्ज मोहं परं वुच्छं ।। ४५ ।।**

**उपशान्ते चत्वारि पञ्च नव, क्षीणे चत्वार्युदये षट् च चत्वारि सन्ति ।**
**वेदनीयायुश्च गोत्रं विभज्य मोहं परं वक्ष्ये ।। ४५ ।।**

*ગાથાર્થ - ઉપશાન્ત મોહ ગુણઠાણે* **चउ पण** *= ચાર અથવા પાંચનો ઉદય અને* **नव** *= નવની સત્તા જાણવી.* **खीणे** *= ક્ષીણમોહે ચારનો ઉદય અને* **छच्च चउ संता** *= છ તથા ચારની સત્તા સમજવી. વેદનીય, આયુષ્ય અને ગોત્ર કર્મ કહીને ત્યારબાદ મોહનીયકર્મ કહીશું. ॥ ૪૫ ॥*

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

વિવેચન - ઉપશાન્તમોહ ગુણસ્થાનકે કષાયનો ઉદય ન હોવાથી દર્શનાવરણીયકર્મનો બંધ નથી તેથી અબંધ છે. પરંતુ ઉદય ચાર અથવા પાંચનો હોય છે. કારણ કે ઉપશમ શ્રેણીમાં અને ઉપશાન્તમોહે વર્તતા જીવો ક્ષપકશ્રેણી જેવા અત્યન્ત વિશુદ્ધ નથી માટે નિદ્રાનો ઉદય સંભવી શકે છે તેથી નવે પ્રકૃતિની સત્તા હોય છે.

ક્ષીણમોહ ગુણઠાણે પ્રથમ સમયથી ઉપાન્ત્ય સમય સુધી ચારનો ઉદય અને છ ની સત્તા, તથા ચરમસમયે નિદ્રાદ્વિકની સત્તા ન હોવાથી ચારનો ઉદય અને ચારની સત્તા સમજવી. તેરમા-ચૌદમા ગુણસ્થાનકે દર્શનાવરણીયકર્મનાં બંધ-ઉદય-સત્તા હોતાં જ નથી. માટે ત્યાં સંવેધભાંગા નથી. કર્મસ્તવકારાદિના મતે ક્ષપક અને ક્ષીણમોહમાં નિદ્રાનો ઉદય સંભવે છે. તેથી આઠમા ગુણઠાણાના બીજા ભાગથી નવમા ગુણઠાણાના પહેલા ભાગ સુધી ચારનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા, નવમાના બીજા ભાગથી દશમા ગુણઠાણા સુધી ચારનો બંધ, પાંચનો ઉદય, છની સત્તા અને બારમાના પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી અબંધ, પાંચનો ઉદય, છની સત્તા, આમ નિદ્રાના ઉદયવાળા ઉદયભાંગા પણ તેઓના મતે વધારે સંભવે છે એમ જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગુણસ્થાનકોમાં દર્શનાવરણીય કર્મનું ચિત્ર

| ગુણસ્થાનક | બંધ | ઉદય | સત્તા | વિશેષતા |
|---|---|---|---|---|
| પહેલું અને બીજું | ૯ | ૪ | ૯ | નિદ્રાનો ઉદય ન હોય ત્યારે |
| પહેલું અને બીજું | ૯ | ૫ | ૯ | નિદ્રાનો ઉદય હોય ત્યારે |
| ૩ થી ૭ સુધી | ૬ | ૪ | ૯ | નિદ્રાનો ઉદય ન હોય ત્યારે |
| ૩ થી ૭ સુધી | ૬ | ૫ | ૯ | નિદ્રાનો ઉદય હોય ત્યારે |
| આઠમા ગુણઠાણે | ૬ | ૪ | ૯ | પ્રથમ ભાગે બન્ને શ્રેણીમાં |
| " | ૬ | ૫ | ૯ | પ્રથમ ભાગે ઉપશમ શ્રેણીમાંજ |
| " | ૪ | ૪ | ૯ | ૮/૨ ભાગથી ચરમ સમય સુધી બન્ને શ્રેણીમાં |
| " | ૪ | ૫ | ૯ | ૮/૨ ભાગથી માત્ર ઉપશમ શ્રેણીમાંજ |
| નવમા ગુણઠાણે | ૪ | ૪ | ૯ | પ્રથમભાગે બન્ને શ્રેણીમાં |
| નવમા ગુણઠાણે | ૪ | ૫ | ૯ | પ્રથમભાગે ઉપશમ શ્રેણીમાંજ |
| નવમા ગુણઠાણે | ૪ | ૪ | ૬ | બીજાભાગથી ચરમ સમય સુધી ક્ષપક શ્રેણીમાંજ |
| Xનવમા ગુણઠાણે | (૪ | ૫ | ૬) | મતાન્તરે ક્ષપકશ્રેણીમાંજ |
| દસમા ગુણઠાણે | ૪ | ૪ | ૯ | ઉપશમશ્રેણીમાંજ |
| દસમા ગુણઠાણે | ૪ | ૫ | ૯ | ઉપશમશ્રેણીમાંજ |
| દસમા ગુણઠાણે | ૪ | ૪ | ૬ | ક્ષપકશ્રેણીમાંજ |
| Xદસમા ગુણઠાણે | (૪ | ૫ | ૬) | મતાન્તરે ક્ષપકશ્રેણીમાંજ |
| ઉપશાન્તમોહે | અબંધ | ૪ | ૯ | ઉપશમશ્રેણીમાંજ |
| ઉપશાન્તમોહે | અબંધ | ૫ | ૯ | ઉપશમશ્રેણીમાંજ |
| ક્ષીણમોહે | અબંધ | ૪ | ૬ | ક્ષપકને જ દ્વિચરમ સમય સુધી |
| Xક્ષીણમોહે | (અબંધ | ૫ | ૬) | ક્ષપકને જ દ્વિચરમ સમય સુધી મતાન્તરે |
| ક્ષીણમોહે | અબંધ | ૪ | ૪ | ક્ષપકને ચરમસમયે |

આ પ્રમાણે દર્શનાવરણીય કર્મનું ચિત્ર જાણવું. ચોકડીની નિશાનીવાળા ભાંગા કર્મસ્તવકારાદિના મતે જાણવા. ગ્રંથકારશ્રીના મતે આ ભાંગા સંભવતા નથી. ॥ ૪૫ ॥

**चउ छस्सु दुन्नि सत्तसु, एगे चउ गुणिसु वेयणीयभंगा ।**
**गोए पण चउ दो तिसु, एगट्ठसु दुन्नि इक्कम्मि ।। ४६ ।।**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**चत्वारः षट्सु, द्वौ सप्तसु, एकस्मिंश्चत्वारो गुणेषु वेदनीयभङ्गाः ।**
**गोत्रे पञ्च, चत्वारो, द्वे त्रिषु, एकोऽष्टसु, द्वौ एकस्मिन् ।। ४६ ।।**

*ગાથાર્થ - છ ગુણસ્થાનકમાં ચાર, સાત ગુણસ્થાનકમાં બે, અને એક ગુણસ્થાનકમાં ચાર વેદનીયકર્મના ભાંગા હોય છે. ગોત્રકર્મના ભાંગા પહેલે પાંચ, બીજે ચાર, ત્રીજે, ચોથે અને પાંચમે એમ ત્રણ ગુણસ્થાનકે બે, આઠ ગુણસ્થાનકોમાં (૬ થી ૧૩ માં) એક, અને ચૌદમા એક ગુણસ્થાનકમાં બે સંવેધભાંગા હોય છે. ॥ ૪૬ ॥*

વિવેચન - આ ગાથા સપ્તતિકાની નથી. ભાષ્યની અંદરની ગાથા છે. તેથી જ ચૂર્ણિમાં અને સપ્તતિકાની ટીકામાં આ ગાથા મૂલરૂપે નથી. આ ગાથામાં ચૌદ ગુણસ્થાનક ઉપર વેદનીય અને ગોત્રકર્મના સંવેધભાંગા કહેલા છે.

વેદનીયકર્મમાં અસાતાનો બંધ છઠ્ઠા ગુણસ્થાનક સુધી જ છે અને સાતાનો બંધ તેરમા ગુણસ્થાનક સુધી છે. ઉદયમાં તેરમા ગુણસ્થાનક સુધી સાતા અને અસાતા પરાવર્તમાન છે અને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી બન્નેમાંથી કોઈ પણ એકનો ઉદય હોય છે. સત્તા ચૌદમાના દ્વિચરમ સમય સુધી બન્નેની હોય છે. પરંતુ ચરમસમયે જેને અસાતાનો ઉદય હોય તેને અસાતાની જ સત્તા અને જેને સાતાનો ઉદય હોય તેને સાતાની જ સત્તા હોય છે. તેથી ભાંગા આ રીતે સંભવે છે.

"મિથ્યાત્વથી પ્રમત્ત" એમ ૬ ગુણસ્થાનકોમાં (૧) અસાતાનો બંધ, અસાતાનો ઉદય અને બન્નેની સત્તા, (૨) અસાતાનો બંધ, સાતાનો ઉદય અને બન્નેની સત્તા, (૩) સાતાનો બંધ, અસાતાનો ઉદય અને બન્નેની સત્તા, (૪) સાતાનો બંધ, સાતાનો ઉદય અને બંનેની સત્તા આમ કુલ ૪ સંવેધભાંગા હોય છે. "સાતમા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધી" આ ચાર ભાંગામાંથી જ સાતાના બંધવાળા ત્રીજો અને ચોથો એમ બે જ ભાંગા હોય છે. કારણ કે ત્યાં અસાતાનો બંધ નથી. માટે પહેલો-બીજો એમ બે ભાંગા હોતા નથી.

ચૌદમા ગુણસ્થાનકે પાછલા ચાર ભાંગા હોય છે. ત્યાં પ્રથમ સમયથી દ્વિચરમ સમય સુધી અબંધવાળા પહેલા બે ભાંગા જાણવા. (૧) અબંધ, અસાતાનો ઉદય અને બન્નેની સત્તા, તથા (૨) અબંધ, સાતાનો ઉદય, બન્નેની સત્તા, આ બન્ને ભાંગા (પાંચમો અને છઠ્ઠો ભાંગો) ચૌદમાના પ્રથમ સમયથી દ્વિચરમસમય સુધી હોય છે પરંતુ ચરમસમયે તો (સાતમો અને આઠમો એમ) છેલ્લા બે જ સંવેધભાંગા હોય છે. કારણ કે ચરમ સમયે બે વેદનીયમાંથી જે વેદનીયનો ઉદય હોય તે એક વેદનીયની જ સત્તા હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોત્રકર્મમાં પહેલે ગુણઠાણે પાંચ, બીજે ગુણઠાણે ચાર, ત્રીજે, ચોથે અને પાંચમે ગુણઠાણે બે, છઠ્ઠાથી તેરમા સુધી એક, અને ચૌદમે ગુણઠાણે બે સંવેધભાંગા હોય છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ ગુણઠાણે નીચ અથવા ઉચ્ચ ગોત્રના બંધવાળા પહેલા પાંચે ભાંગા હોય છે. માત્ર અબંધવાળા છેલ્લા બે ભાંગા સંભવતા નથી. સાસ્વાદને ૨-૩-૪-૫ એમ કુલ ૪ ભાંગા હોય છે. કારણ કે નીચનો બંધ, નીચનો ઉદય અને માત્ર નીચની જ સત્તા આ ભાંગો તેઉ-વાયુમાં અને ત્યાંથી નીકળીને તિર્યંચમાં ગયેલા જીવોને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી જ હોય છે. ત્યાં એટલે તેઉ-વાયુમાં અને તેઉ-વાયુમાંથી આવેલ જીવને સાસ્વાદન ગુણસ્થાનક સંભવતું નથી. તેથી પહેલા ભાંગા વિના બે થી પાંચ સુધીના બાકીના ચાર ભાંગા સાસ્વાદને હોય છે.

મિશ્રે, અવિરતે, અને દેશવિરતે આમ આ ત્રણ ગુણસ્થાનકોમાં ઉચ્ચગોત્રના બંધવાળા ચોથો અને પાંચમો આ બે જ ભાંગા ઘટે છે. કારણ કે નીચગોત્રનો બંધ બે ગુણઠાણા સુધી જ છે. તેથી ઉચ્ચનો બંધ, નીચનો ઉદય અને બેની સત્તા, તથા ઉચ્ચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બેની સત્તા આમ ચોથો-પાંચમો ભાંગો હોય છે[1]. છઠ્ઠા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધી ગોત્રકર્મનો એક જ ભાંગો હોય છે. પરંતુ તેમાં ૬ - ૭ - ૮ - ૯ - ૧૦ આ પાંચ ગુણસ્થાનકોમાં ઉચ્ચગોત્રનો બંધ હોવાથી ઉચ્ચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બન્નેની સત્તાવાળો પાંચમો ભાંગો જાણવો અને ૧૧ - ૧૨ - ૧૩ મા ગુણસ્થાનકે અબંધ, ઉચ્ચનો ઉદય અને બન્નેની સત્તા વાળો છઠ્ઠો ભાંગો જાણવો. નીચકુલમાં જન્મેલાને પણ વિરતિ ગ્રહણ કરે ત્યારે વિરતિના પ્રતાપે ઉચ્ચગોત્રનો ઉદય થઈ જાય છે. તેથી ૬ થી ૧૦ ગુણસ્થાનકમાં ઉચ્ચના ઉદયવાળો એક પાંચમો ભાંગો જ ઘટે છે. પણ નીચના ઉદયવાળો ચોથો ભાંગો હોતો નથી. ૧૧ થી ૧૩ માં ગોત્રકર્મનો બંધ ન હોવાથી અબંધ, ઉચ્ચનો ઉદય અને બન્નેની સત્તાવાળો છઠ્ઠો માત્ર એક ભાંગો હોય છે.

ચૌદમા ગુણસ્થાનકે દ્વિચરમ સમય સુધી બન્નેની સત્તાવાળો છઠ્ઠો ભાંગો અને ચરમસમયે ઉચ્ચગોત્રની જ સત્તાવાળો સાતમો ભાંગો એમ ચૌદમા એક ગુણસ્થાનકમાં બે ભાંગા હોય છે. ચૌદમાના દ્વિચરમ સમયે નીચગોત્રની સત્તાનો ક્ષય થાય છે. આ રીતે આ ગાથામાં વેદનીય અને ગોત્રકર્મના ભાંગા કહ્યા. ॥ ૪૬ ॥

(૧) અહીં કેટલાક આચાર્યો દેશવિરતિ ગુણઠાણે પણ અલ્પાંશે પણ વિરતિ હોવાથી વિરતિના પ્રભાવે નીચગોત્રનો ઉદય માનતા નથી. તેથી પાંચમા ગુણઠાણે પણ ચોથા-પાંચમા બે ભાંગાને બદલે માત્ર એક પાંચમો ભાંગો જ માને છે. ચૂર્ણિમાં કહ્યું છે કે "अण्णे आयरिआ भणंति देसविरयस्स एक्को भंगो, पंचमो संभवइ, कहं ? भण्णइ-२ (विरयाविरइं) पग्गहेण (सामन्नेण) वयजाईए उच्चागोयस्स उदओ होइ ।।" સપ્તતિકાની ટીકામાં પણ આમ જ કહ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अट्ठच्छाहिगवीसा सोलस वीसं च बारस छ दोसु ।**
**दो चउसु तीसु इक्कं, मिच्छाइसु आउए भंगा ।। ४७ ।।**

**अष्टषडधिकविंशतिः षोडश विंशतिश्च द्वादश षड् द्वयोः ।**
**द्वौ चतुर्षु, त्रिषु एकः, मिथ्यात्वादिषु आयुषि भङ्गाः ।। ४७ ।।**

*ગાથાર્થ - આયુષ્યકર્મના આઠ અને છ અધિક એવા વીસ એટલે ૨૮ - ૨૬, તથા ૧૬ - ૨૦ - ૧૨ ભાંગા મિથ્યાત્વથી પાંચમા ગુણઠાણા સુધી હોય છે. પ્રમત્ત-અપ્રમત્ત એમ બે ગુણસ્થાનકોમાં છ ભાંગા, અપૂર્વકરણથી ઉપશાન્તમોહ સુધીનાં ૪ ગુણસ્થાનકોમાં બે ભાંગા, ૧૨ - ૧૩ - ૧૪ આ ત્રણ ગુણસ્થાનકોમાં આયુષ્યકર્મનો ૧ ભાંગો હોય છે. ॥ ૪૭ ॥*

વિવેચન - આ ગાથા પણ સપ્તતિકાભાષ્યની ૧૩ મી ગાથા છે. પણ સપ્તતિકાની (છટ્ઠા કર્મગ્રંથની) નથી. આ ગાથામાં ચૌદે ગુણસ્થાનકોમાં આયુષ્યકર્મના ભાંગા કેટલા કેટલા હોય ? તે જણાવેલ છે.

નરકગતિમાં અને દેવગતિમાં આયુષ્યકર્મના બંધકાલની પૂર્વાવસ્થામાં એક-એક, આયુષ્યની બધ્યમાનાવસ્થામાં તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યના બંધના બે-બે, અને આયુષ્ય બાંધ્યા પછીની પશ્ચાદવસ્થાભાવી બે-બે, એમ કુલ પાંચ પાંચ ભાંગા આયુષ્યકર્મના છે. એવી જ રીતે તિર્યંચગતિ અને મનુષ્યગતિમાં પણ છે. પરંતુ આ બે ગતિમાં નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવ એમ ચારે આયુષ્ય બંધાતાં હોવાથી પૂર્વાવસ્થાભાવી એક-એક, બધ્યમાનાવસ્થાભાવી ચાર-ચાર, અને પશ્ચાદવસ્થાભાવી પણ ચાર-ચાર મળીને કુલ ૯ - ૯ ભાંગા આયુષ્યકર્મના હોય છે. ચારે ગતિના મળીને નરકના ૫, તિર્યંચના ૯, મનુષ્યના ૯, અને દેવના ૫, એમ ૨૮ ભાંગા આયુષ્યકર્મના સામાન્યથી ચારે ગતિને આશ્રયી હોય છે. જે પૂર્વે સમજાવ્યા છે.

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનકે આ ૨૮ ભાંગા સંભવે છે. કારણ કે મિથ્યાત્વે વર્તતો જીવ ચારે આયુષ્યકર્મ બાંધે છે. મરીને પણ યથાયોગ્ય ચારે ગતિમાં જાય છે. માટે બધાજ ભાંગા સંભવે છે.

(૨) બીજા સાસ્વાદન ગુણસ્થાનકે ૨૬ ભાંગા ઘટે છે. કારણ કે તિર્યંચ-મનુષ્યના જીવોમાં નરકાયુષ્યના બંધવાળો બે નંબરનો જે એક-એક ભાંગો છે. તે સાસ્વાદને સંભવતો નથી. કારણ કે સાસ્વાદન ગુણઠાણે નરકાયુષ્ય બંધાતું નથી. તેથી તે બે ભાંગા બાદ કરતાં નરકના ૫, તિર્યંચના ૮, મનુષ્યના ૮, અને દેવના ૫ મળીને કુલ ૨૬ ભાંગા સાસ્વાદને હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) ત્રીજા મિશ્રગુણઠાણે વર્તતા કોઈપણ ગતિના કોઈપણ જીવો પરભવનું આયુષ્ય બાંધતા જ નથી. તેથી ચારે ગતિના આયુષ્યકર્મના ૫ - ૯ - ૯ - ૫ ભાંગામાંથી બધ્યમાનાવસ્થાભાવી અનુક્રમે ૨ - ૪ - ૪ - ૨ આમ કુલ ૧૨ ભાંગા બાદ કરતાં બાકીના ૧૬ ભાંગા હોય છે.

(૪) ચોથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે મિશ્રગુણઠાણાવાળા ૧૬ ભાંગા તો હોય જ છે. તદુપરાંત ચારે ગતિમાં શુભાયુષ્યના બંધવાળો એક એક ભાંગો અધિક પણ સંભવે છે. કારણ કે ત્રીજે ગુણઠાણે વર્તતો જીવ ભલે આયુષ્યકર્મ ન બાંધે પણ ચોથે ગુણઠાણે વર્તતો જીવ આયુષ્યકર્મ બાંધે છે. તેમાં પણ દેવ-નારકીના જીવો નિયમા શુભ એવા મનુષ્યાયુષ્યને જ બાંધે છે. અને તિર્યંચ-મનુષ્યના જીવો શુભ એવા દેવાયુષ્યને જ બાંધે છે. બાકીનાં નરક-તિર્યંચ અને મનુષ્યનાં આયુષ્ય સમ્યગ્દષ્ટિ તિર્યંચ-મનુષ્યો બાંધતા નથી. તેથી ૧૬ + ૪ = મળીને કુલ ૨૦ ભાંગા હોય છે.

(૫) પાંચમા દેશવિરતિ ગુણઠાણે ૧૨ ભાંગા આયુષ્યકર્મના હોઈ શકે છે. કારણ કે પાંચમું-ગુણઠાણું ફક્ત તિર્યંચ-મનુષ્યોને જ હોય છે. દેવ-નારકીને નહીં. આ તિર્યંચ-મનુષ્યો નિયમા સમ્યગ્દષ્ટિ જ હોવાથી ફક્ત એક દેવનું જ આયુષ્ય બાંધે છે. તેથી બન્ને ગતિમાં બંધપૂર્વેનો ૧ - ૧, બંધકાલનો દેવાયુષ્યના બંધનો ૧ - ૧, અને બંધકાલ પછીના ૪ - ૪ ભાંગા હોય છે. કારણ કે મિથ્યાત્વાદિ ગુણઠાણે નરકાયુષાદિ ચારે આયુષ્યો બાંધનારા જુદા જુદા જીવો તે તે આયુષ્ય બાંધીને પાંચમે ગુણઠાણે આવી શકે છે. આ પ્રમાણે તિર્યંચ ગતિ, અને મનુષ્ય ગતિના પૂર્વાવસ્થાભાવી ૧ - ૧, બધ્યમાનાવસ્થાભાવી ૧ - ૧, અને પશ્ચાદવસ્થાભાવી ૪ - ૪, મળીને કુલ ૧૨ ભાંગા આયુષ્યકર્મના પાંચમે ગુણઠાણે હોઈ શકે છે.

(૬-૭) પ્રમત્ત-અપ્રમત્ત એમ બન્ને ગુણઠાણે ૬ ભાંગા જ હોય છે. કારણ કે આ બન્ને ગુણસ્થાનકો માત્ર મનુષ્યને જ હોય છે. શેષ ત્રણ ગતિમાં નહીં. તેથી મનુષ્યગતિનો બંધ કાલ પૂર્વેનો ૧, બંધકાલનો દેવાયુષ્યના બંધનો ૧, અને બંધ કાલ પછીના ચાર, એમ કુલ ૬ ભાંગા હોય છે. મિથ્યાત્વાદિ ગુણસ્થાનકે જુદા-જુદા જીવો જુદાં જુદાં ચારે આયુષ્ય બાંધીને પરિણામોની પરાવૃત્તિએ છટ્ઠે-સાતમે આવી શકે છે.

(૮-૯-૧૦-૧૧) આ ચાર ગુણસ્થાનકોમાં ઉપશમશ્રેણીને આશ્રયી આયુષ્યકર્મના ૨ ભાંગા હોય છે. આ ગુણસ્થાનકો મનુષ્યને જ હોય છે. તથા આયુષ્ય સાતમા ગુણઠાણા સુધી જ બંધાતું હોવાથી અહીં આયુષ્યનો અબંધ છે. બધ્યમાનકાલના ચાર ભાંગામાંથી એક પણ ભાંગો સંભવતો નથી. તથા કોઈપણ આયુષ્ય ન બંધાયું હોય તો અથવા માત્ર દેવાયુષ્ય બંધાયુ હોય તો જ ઉપશમશ્રેણી પ્રારંભાય છે. શેષ ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આયુષ્ય બાંધ્યા હોય તો ઉપશમશ્રેણી પ્રારંભાતી નથી. તેથી બંધકાલ પૂર્વેનો ૧, અને બંધકાલ પછીનો દેવ-મનુષ્યાયુષ્યની સત્તાવાળો ૧, એમ મનુષ્યગતિના ૯ ભાંગામાંથી પહેલો અને નવમો આ બે જ ભાંગા આ ૪ ગુણસ્થાનકોમાં ઉપશમશ્રેણી આશ્રયી હોય છે. ક્ષપક શ્રેણીને આશ્રયી તો આ બે ભાંગામાંથી પણ પહેલો એક જ "અબંધ, મનુષ્યાયુષ્યનો ઉદય અને મનુષ્યાયુષ્યની સત્તા" વાળો ભાંગો હોય છે. કારણ કે કોઈપણ આયુષ્ય જો બંધાયેલું હોય તો ક્ષપકશ્રેણી પ્રારંભાતી નથી.

(૧૨-૧૩-૧૪) આ ત્રણ ગુણસ્થાનકોમાં મનુષ્યગતિનો પ્રથમ નંબરનો એક જ ભાંગો સંભવે છે. કારણ કે આ ગુણઠાણાવાળા જીવો તદ્‌ભવ મોક્ષગામી હોવાથી કોઈ આયુષ્ય બાંધતા નથી કે કોઈ આયુષ્ય બાંધેલું પણ હોતું નથી. આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનકોમાં આયુષ્યકર્મના ભાંગા જાણવા. ॥ ૪૭ ॥

**गुणठाणएसु अट्ठसु, इक्किक्कं मोहबंधठाणं तु ।**
**पंच अनियट्टिठाणे, बन्धोवरमो परं तत्तो ॥ ४८ ॥**

**गुणस्थानकेषु अष्टसु, एकैकं मोहबन्धस्थानं तु ।**
**पञ्च अनिवृत्तिस्थाने, बन्धोपरमः परं ततः ॥ ४८ ॥**

*ગાથાર્થ - પ્રથમનાં આઠ ગુણસ્થાનકોમાં મોહનીય કર્મના ૧૦ બંધસ્થાનકોમાંથી એક એક બંધસ્થાનક હોય છે. અનિવૃત્તિકરણ નામના નવમા ગુણઠાણે પાંચ બંધસ્થાનક હોય છે. ત્યારબાદ બંધનો ઉપરમ (વિરામ) હોય છે. ॥ ૪૮ ॥*

વિવેચન - ગાથાના અર્થ પ્રમાણે ભાવાર્થ સુગમ છે. મિથ્યાત્વ નામના પહેલા ગુણસ્થાનકથી અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનક સુધીનાં આઠ ગુણસ્થાનકોમાં મોહનીય કર્મનાં એક-એક બંધસ્થાનક હોય છે. તે બંધસ્થાનક તથા તેના બંધ ભાંગા પૂર્વે ૧ થી ૩૪ ગાથાના વિવેચનમાં જેમ કહ્યા છે તેમ જાણી લેવા.

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે ૨૨ નો બંધ, ૬ બંધભાંગા જાણવા. બીજા સાસ્વાદને ૨૧ નો બંધ અને નપુંસકવેદનો બંધ ન હોવાથી ૪ બંધભાંગા સમજવા. ત્રીજા-મિશ્રગુણસ્થાનકે તથા ચોથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે ૧૭ નો બંધ અને માત્ર પુરુષવેદ જ બંધાતો હોવાથી ૨ બંધ ભાંગા સમજવા. પાંચમા ગુણઠાણે ૧૩ નો બંધ અને ૨ બંધભાંગા. છઠ્ઠે-સાતમે અને આઠમે ગુણઠાણે ૯ નો બંધ અને ૨ બંધ ભાંગા હોય છે. પરંતુ તેમાં એટલી વિશેષતા છે કે સાતમે-આઠમે ગુણઠાણે અરતિ-શોકનો બંધ ન હોવાથી હાસ્ય-રતિના યુગલવાળો ૧ જ બંધભાંગો હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવમા અનિવૃત્તિ બાદર નામના એક જ ગુણસ્થાનકમાં ૫ - ૪ - ૩ - ૨ - ૧ નું એમ કુલ પાંચ બંધસ્થાનકો, આ ગુણસ્થાનકના પાંચ ભાગમાં એક એક ભાગે એક એક બંધસ્થાનક હોય છે. તેના બંધભાંગા પણ એક-એક જ હોય છે. ત્યારબાદ દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે અને ઉપશાન્તમોહ ગુણસ્થાનકે મોહનીયકર્મનો બંધ જ સંભવતો નથી. કારણ કે મોહનીયકર્મના બંધનો હેતુ જે બાદરકષાયોદય છે. તે આ બન્ને ગુણઠાણે નથી. માટે અબંધ (બંધનો અભાવ) છે.

બંધસ્થાનકોનો કાળ આ પ્રમાણે છે. મિથ્યાત્વે જે ૨૨ નો બંધ છે. તેનો કાળ અભવ્યને આશ્રયી અનાદિ-અનંત, ભવ્યને આશ્રયી અનાદિ-સાન્ત, અને સમ્યક્ત્વથી પડેલાને આશ્રયી સાદિ-સાન્ત, તેનો કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત. બીજા ગુણઠાણે ૨૧ નો જે બંધ છે. તેનો કાલ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા. ત્રીજા-ચોથા ગુણઠાણે જે ૧૭ નો બંધ છે. તેનો કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક તેત્રીસ સાગરોપમ. પાંચમા ગુણઠાણે તેરનો બંધ અને છટ્ઠે-સાતમે-ગુણઠાણે જે નવનો બંધ છે. તે બન્નેનો કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષ. આઠમે ગુણઠાણે નવના બંધનો કાલ તથા નવમા ગુણઠાણે ૫ - ૪ - ૩ - ૨ - ૧ ના જે બંધો છે. તે દરેકનો ઉપશમશ્રેણી આશ્રયી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત તથા ક્ષપકશ્રેણી આશ્રયી જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે અંતર્મુહૂર્ત કાલ જાણવો. ॥ ૪૮ ॥

जैन साईट JAINSITE.com

सत्ताइ दस उ मिच्छे, सासायणमीसए नवुक्कोसा ।
छाई नव उ अविरए, देसे पंचाइ अट्ठेव ।। ४९ ।।

विरए खओवसमिए, चउराई सत्त छच्चपुव्वम्मि ।
अणिअट्टिबायरे पुण, इक्को व दुवे व उदयंसा ।। ५० ।।

एगं सुहुमसरागो, वेएइ अवेयगा भवे सेसा ।
भंगाणं च पमाणं, पुव्वुद्दिट्ठेण नायव्वं ।। ५१ ।।

सप्तादीनि दश तु मिथ्यात्वे, सास्वादनमिश्रके नवोत्कृष्टात् ।
षडादीनि नव त्वविरते, देशे पञ्चादीनि अष्टैव ।। ४९ ।।

विरते क्षायोपशमिके, चतुरादीनिः सप्त षट् चापूर्वे ।
अनिवृत्तिबादरे पुनः एकं वा द्वे वा उदयस्थाने ।। ५० ।।



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एकं सूक्ष्मसम्पराये, वेदयति अवेदगा भवेयुश्शेषाः ।**
**भङ्गानाञ्च प्रमाणं, पूर्वोद्दिष्टेन ज्ञातव्यम् ।। ५१ ।।**

*ગાથાર્થ - મિથ્યાત્વે સાતથી દશ સુધીનાં, સાસ્વાદન અને મિશ્રે (સાતથી) વધુમાં વધુ નવ સુધીનાં, અવિરતે છ થી નવ સુધીનાં, દેશવિરતે પાંચથી આઠ સુધીનાં, ક્ષાયોપશમિકભાવની વિરતિવાળાં (એટલે કે પ્રમત્ત-અપ્રમત્ત) ગુણસ્થાનકે ચારથી સાત સુધીનાં, અપૂર્વ કરણે (ચારથી) છ સુધીનાં અને અનિવૃત્તિબાદર સંપરાય ગુણઠાણે એકનું અથવા બેનું એમ ઉદયસ્થાનો જાણવાં. સૂક્ષ્મસંપરાયે ૧ લોભને જ જીવ ઉદયથી વેદે છે. બાકીના (૧૧ થી ૧૪) ગુણસ્થાનકવાળા જીવો અવેદક જાણવા. ભાંગાઓનું પ્રમાણ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. ॥ ૪૯ - ૫૦ - ૫૧ ॥*

વિવેચન - ચૌદે ગુણસ્થાનકોમાં મોહનીયકર્મનાં બંધસ્થાનક અને બંધભાંગા જણાવીને હવે ઉદયસ્થાનકો અને ઉદયભાંગા જણાવે છે ત્યાં પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે ૭ થી ૧૦ સુધીનાં કુલ ૪ ઉદયસ્થાનક છે. મિથ્યાત્વમોહનીય, અનંતાનુબંધી આદિ ૪ કષાય, એક યુગલ અને એક વેદ એમ આઠ પ્રકૃતિઓ મિથ્યાત્વ ગુણઠાણે સદા ઉદયમાં પ્રવર્તે છે. પરંતુ ચોથા ગુણઠાણે જઈને જે આત્માએ અનંતાનુબંધી ૪ કષાયની વિસંયોજના કરી છે. તેવો ૨૪ ની સત્તાવાળો જીવ જ્યારે પહેલા ગુણઠાણે આવે છે. ત્યારે તેને પહેલી આવલિકામાં અનંતાનુબંધીનો ઉદય હોતો નથી. તેથી તે આવલિકામાં અનંતાનુબંધી વિના સાતનો ઉદય હોય છે. ત્યાં મિથ્યાત્વ ધ્રુવોદયી છે. પરંતુ અપ્રત્યાખ્યાનાદિ કષાયોમાં કોઈને ત્રણે ક્રોધ, કોઈને ત્રણે માન, કોઈને ત્રણે માયા અને કોઈને ત્રણે લોભ કષાયો ઉદયમાં હોય છે. એવી જ રીતે કોઈને હાસ્ય-રતિનું યુગલ અને કોઈને અરતિ-શોકનું યુગલ ઉદયમાં હોય છે. ત્રણ વેદમાંથી પણ કોઈને પુરુષવેદનો ઉદય, કોઈને સ્ત્રીવેદનો ઉદય અને કોઈને નપુંસકવેદનો ઉદય હોય છે. તેથી ૪ × ૨ × ૩ = ૨૪ ઉદયભાંગા ૭ ના ઉદયના થાય છે. આ ૨૪ ઉદયભાંગાને ચોવીશી કહેવાય છે. એક ચોવીશી એટલે ચોવીશ ઉદયભાંગાઓનો સમૂહ.

આ સાતમાં ભય-જુગુપ્સા અને અનંતાનુબંધી કષાયમાંથી કોઈ એકનો ઉદય ઉમેરીએ તો ત્રણ પ્રકારે આઠનો ઉદય થાય છે. અને તેની ૩ ચોવીશી ઉદયભાંગા થાય છે. ભય-જુગુપ્સા અને અનંતાનુબંધીમાંથી કોઈપણ બે ઉમેરીએ તો નવનો ઉદય થાય છે. તે પણ ત્રણ પ્રકારે થાય છે. તેથી ૩ ચોવીશી થાય છે. અને ત્રણેનો ઉદય ઉમેરીએ તો ૧૦ નો ઉદય થાય. ત્યાં પણ એક ચોવીશી થાય. આ રીતે ૭ ના ઉદયે ૧, ૮ ના ઉદયે ૩, ૯ ના ઉદયે ૩, અને ૧૦ ના ઉદયે ૧, મળીને કુલ ૮ ચોવીશી થાય અને ૧૯૨ ઉદયભાંગા થાય. આ પ્રમાણે સાસ્વાદન આદિ ગુણસ્થાનકોમાં પણ પૂર્વે કહ્યા પ્રમાણે જ ચોવીશીઓ અને ઉદયભાંગા સ્વયં જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાસ્વાદને અનંતાનુબંધીનો ઉદય નિયમા હોય છે. પરંતુ મિથ્યાત્વનો ઉદય હોતો જ નથી. તેથી અનંતાનુબંધી આદિ ૪ કષાય, એક યુગલ, અને એક વેદ એમ ૭ નો ઉદય જઘન્યથી જાણવો. તેની ૧ ચોવીશી, તેમાં ભય અથવા જુગુપ્સાનો ઉદય ગણવાથી ૮ નો ઉદય, અને તેની ૨ ચોવીશી, તથા ભય-જુગુપ્સા એમ બન્નેનો ઉદય ગણવાથી ૯ નો ઉદય, તેની ૧ ચોવીશી. એમ કુલ ૪ ચોવીશી અને ૯૬ ઉદયભાંગા જાણવા.

મિશ્ર ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાયનો ઉદય નથી. પરંતુ મિશ્રમોહનીયનો ઉદય થાય છે. તેથી ૧ મિશ્રમોહનીય, ૩ કષાય, એક યુગલ અને ૧ વેદ એમ ૭ નો ઉદય જઘન્યથી હોય છે. તેની ૧ ચોવીશી થાય છે. તેમાં ભય-જુગુપ્સાનો વારાફરતી ઉદય ગણવાથી ૮ નો ઉદય અને તેની ૨ ચોવીશી થાય છે. બન્નેનો ઉદય સાથે થાય ત્યારે ૯ નો ઉદય અને તેની ૧ ચોવીશી થાય છે. આ રીતે મિશ્રગુણસ્થાનકે ૭ ની ૧, ૮ ની ૨, અને ૯ ની ૧ મળીને ૪ ચોવીશી અને ૯૬ ઉદયભાંગા થાય છે.

અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે ૬-૭-૮-૯ એમ ૬ થી ૯ સુધીનાં ચાર ઉદયસ્થાનક અને ૮ ચોવીશી ઉદયભાંગા થાય છે. ચોથે ગુણસ્થાનકે ઔપશમિક-ક્ષાયિક અને ક્ષાયોપશમિક એમ ત્રણ પ્રકારનાં સમ્યક્ત્વ હોય છે. ત્યાં ઔપશમિક અને ક્ષાયિકને સમ્યક્ત્વમોહનીય ઉદયમાં હોતી નથી. અને ક્ષાયોપશમિકવાળાને સમ્યક્ત્વ મોહનીય ઉદયમાં હોય છે. તેથી ૩ કષાય, એક યુગલ અને ૧ વેદ એમ ઓછામાં ઓછી ૬ પ્રકૃતિઓનો ઉદય ચોથે ગુણઠાણે હોય છે અને તે ઔપશમિક તથા ક્ષાયિકને જ હોય છે. ત્યાં ૧ ચોવીશી થાય છે. તેમાં ભય-જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય આ ત્રણમાંથી કોઈપણ ૧ ઉમેરીએ તો ૭ નો ઉદય થાય છે ત્યાં ૩ ચોવીશી થાય છે. ભય-જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય આ ત્રણમાંથી કોઈપણ બે ઉમેરીએ તો ૮ નો ઉદય થાય છે. ત્યાં પણ ૩ ચોવીશી થાય છે. અને ત્રણે ઉમેરીએ તો ૯ નો ઉદય થાય છે. ત્યાં એક જ ચોવીશી થાય છે. આ રીતે ૬ ના ઉદયે ૧, ૭ ના ઉદયે ૩, ૮ ના ઉદયે ૩, અને ૯ ના ઉદયે ૧ મળીને કુલ ૮ ચોવીશી અને ૧૯૨ ઉદયભાંગા થાય છે.

આ જ પ્રમાણે દેશવિરતિ નામના પાંચમા ગુણઠાણે અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય બાદ કરતાં ૫ - ૬ - ૭ - ૮ એમ ચાર ઉદયસ્થાનક, અને ભય-જુગુપ્સા-સમ્યક્ત્વમોહનીયનો વારા પ્રમાણે ઉદય ગણતાં અનુક્રમે ૧ - ૩ - ૩ - ૧ એમ ૮ ચોવીશી અને ૧૯૨ ઉદયભાંગા થાય છે.

ક્ષાયોપશમિક ભાવના ચારિત્રવાળાં જે ગુણસ્થાનક તે પ્રમત્ત-અપ્રમત્ત સમજવાં. કારણ કે આઠમા ગુણસ્થાનકથી કોઈપણ શ્રેણી શરૂ થાય છે. તેથી ઉપશમ અથવા ક્ષાયિક જ સમ્યક્ત્વ ત્યાં હોઈ શકે છે. ત્યાંથી આગળ ઉપશમ શ્રેણીમાં મોહને ઉપશમાવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને ક્ષપકશ્રેણીમાં મોહનો ક્ષય કરે છે. તેથી ઉપશમશ્રેણીમાં ઉપશમ ભાવનું જ ચારિત્ર અને ક્ષપકશ્રેણીમાં ક્ષાયિકભાવનું જ ચારિત્ર આવે છે. તે માટે છટ્ઠે-સાતમે ગુણઠાણે મોહનીયકર્મનો ક્ષયોપશમ હોવાથી ક્ષાયોપશમિકભાવનું ચારિત્ર કહેવાય છે. ત્યાં ૪-૫-૬-૭ એમ ૪ ઉદયસ્થાનકો છે. કારણ કે પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય પણ ત્યાં નથી. તેથી સંજ્વલન ૧ કષાય, એક યુગલ, અને ૧ વેદ એમ ૪ નો ઉદય ઔપશમિક-ક્ષાયિકને હોય છે. ત્યાં ૧ ચોવીશી થાય છે. તેમાં ભય-જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીયમાંથી ૧ નો ઉદય ઉમેરવાથી ૫ નો ઉદય, બે નો ઉદય ઉમેરવાથી ૬ નો ઉદય અને ત્રણેનો ઉદય ઉમેરવાથી ૭ નો ઉદય થાય છે. ત્યાં પાંચમા ગુણઠાણાની જેમ ૧-૩-૩-૧ કુલ ૮ ચોવીશી થાય છે અને ૧૯૨ ઉદયભાંગા થાય છે.

આઠમા ગુણસ્થાનકે ૪-૫-૬ એમ ત્રણ જ ઉદયસ્થાનક છે. અહીં ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણી માટેની યોગ્યતા પ્રાપ્ત કરાતી હોવાથી સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોતો જ નથી. તેથી ૧ સંજ્વલન કષાય, એક યુગલ, અને ૧ વેદ એમ ૪ નો ઉદય હોય છે. તેની ૧ ચોવીશી થાય છે. તેમાં ભય અથવા જુગુપ્સા ઉમેરવાથી ૫ નો ઉદય થાય છે. બન્નેની એક-એક એમ બે ચોવીશી થાય છે. અને ભય તથા જુગુપ્સા બન્ને ઉમેરવાથી ૬ નો ઉદય થાય છે. તેની ૧ ચોવીશી થાય છે. આ રીતે ૪ - ૫ - ૬ ના ઉદયે ૧ - ૨ - ૧ કુલ ૪ ચોવીશી અને ૯૬ ઉદયભાંગા સંભવે છે.

નવમા ગુણઠાણે પાંચના બંધે એક વેદ અને એક સંજ્વલનકષાય એમ ૨ નો ઉદય અને તેના ૩ × ૪ = ૧૨ ઉદયભાંગા સામાન્ય સંવેધની જેમ જાણવા. નવમાના બીજા ભાગે ચારનો બંધ અને એક કષાયનો જ ઉદય હોવાથી ૪ ઉદયભાંગા જાણવા. પુરુષવેદના બંધના વિચ્છેદની સાથે વેદનો ઉદય પણ અટકી જાય છે. માટે એકનો ઉદય અને તેના ચાર ઉદય ભાંગા સમજવા-કેટલાક આચાર્યો વેદનો બંધ વિચ્છેદ થવા છતાં થોડા સમય સુધી વેદનો ઉદય ચાલુ રહે છે એમ માને છે. તેથી ચારના બંધે પ્રારંભમાં કેટલોક કાલ બે નો ઉદય અને બાર ઉદયભાંગા અને કેટલાક કાલ પછી એકનો ઉદય અને ચાર ઉદયભાંગા હોય છે. એમ મતાન્તરે જાણવું.

આ જ રીતે નવમાના ત્રીજા ભાગે ત્રણનો બંધ, એકનો ઉદય અને ત્રણ ઉદયભાંગા, ચોથા ભાગે બે નો બંધ, એકનો ઉદય અને બે ઉદય ભાંગા, અને પાંચમા ભાગે ૧ નો બંધ, ૧ નો ઉદય અને ૧ ઉદય ભાંગો, સામાન્ય સંવેધની જેમ જાણવો. કુલ એકના ઉદયના ૪ + ૩ + ૨ + ૧ = ૧૦ ઉદયભાંગા અને બેના ઉદયના ૧૨ ઉદયભાંગા મળીને કુલ ૨૨ ઉદયભાંગા સ્વમતે નવમે ગુણઠાણે હોય છે અને મતાન્તરે ૧૨ + ૧૨ + ૧૦ = ૩૪ ઉદયભાંગા નવમા ગુણઠાણે હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દશમા ગુણઠાણે માત્ર સૂક્ષ્મ કિટ્ટીકૃત લોભનો જ ઉદય હોય છે. મોહનીયનો બંધ-હેતુ બાદર કષાયનો જ ઉદય હોવાથી અને દશમે ગુણઠાણે બાદર કષાયનો ઉદય ન હોવાથી મોહનીયનો બંધ નથી. તેથી એકનો ઉદય અને તેનો એક ઉદયભાંગો દશમે ગુણઠાણે જાણવો.

૧૧-૧૨-૧૩-૧૪ આ ચારે ગુણસ્થાનકે મોહનીયનો બંધ પણ નથી ઉદય પણ નથી. ફક્ત ૧૧ મા ગુણઠાણે ઉપશમશ્રેણી હોવાથી મોહનો ઉપશમ કરેલો છે. માટે સત્તા છે. ૧૨-૧૩-૧૪ મે ગુણઠાણે તો મોહનીયની સત્તા પણ નથી. સંક્ષેપમાં ચૌદે ગુણસ્થાનકે મોહનીયમાં ઉદયસ્થાન, ઉદયભાંગા, ચોવીશી વગેરેનું ચિત્ર આ પ્રમાણે છે. કોઈપણ ઉદયસ્થાનની ચોવીશીના કોઈપણ એક ઉદયભાંગામાં એકી સાથે ઉદયમાં આવેલી પ્રકૃતિઓ તે ઉદયપદ, અને ચોવીસે ચોવીસ ઉદયભાંગામાં મળીને ઉદયમાં આવેલી પ્રકૃતિઓ તે પદવૃંદ. તે પણ પૂર્વે સમજાવેલાને અનુસારે સમજી લેવાં.

| | ઉદયસ્થાન અને ચોવીશી | | | | | | | | | કુલ ચોવીસી | ઉદય ભાંગા | ઉદય પદ | પદવૃંદ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૨ | ૧ | | | | |
| મિથ્યા. | ૧ | ૩ | ૩ | ૧ | | | | | | ૮ | ૧૯૨ | ૬૮ | ૧૬૩૨ |
| સાસ્વા. | | ૧ | ૨ | ૧ | | | | | | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ |
| મિશ્ર | | ૧ | ૨ | ૧ | | | | | | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ |
| અવિરત | | ૧ | ૩ | ૩ | ૧ | | | | | ૮ | ૧૯૨ | ૬૦ | ૧૪૪૦ |
| દેશવિ. | | | ૧ | ૩ | ૩ | ૧ | | | | ૮ | ૧૯૨ | ૫૨ | ૧૨૪૮ |
| પ્રમત્ત | | | | ૧ | ૩ | ૩ | ૧ | | | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ |
| અપ્રમત્ત | | | | ૧ | ૩ | ૩ | ૧ | | | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ |
| અપૂર્વ | | | | | ૧ | ૨ | ૧ | | | ૪ | ૯૬ | ૨૦ | ૪૮૦ |
| | | | | | | | | ઉભયભાંગા | | | | | |
| અનિવૃ. | | | | | | | | ૧૨ | ૪ | × | ૧૬ | | ૨૮ |
| સૂક્ષ્મસંપ. | | | | | | | | | ૧ | × | ૧ | | ૧ |
| કુલ | ૧ | ૬ | ૧૧ | ૧૧ | ૧૧ | ૯ | ૩ | ૧૨ | ૧૧ | ૫૨ | ૧૨૬૫ | ૩૫૨ | ૮૪૭૭ |

ઉપરોક્ત ચિત્ર બરાબર સમજવું. તેનાથી હવે પછીની ગાથાઓ પણ ઘણી સુગમ થશે. ॥ ૪૯ - ૫૦ - ૫૧ ॥

**इक्क छडिक्कारिक्कारसेव, इक्कारसेव नव तिन्नि ।**

**एए चउवीसगया, बार दुगे पंच इक्कम्मि ।। ५२ ।।**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एकः षडेकादशैकादशैव, एकादशैव नव त्रयः ।**
**एते चतुर्विंशतिगताः, द्वादश द्विके पञ्चैकस्मिन् ।। ५२ ।।**

*ગાથાર્થ - ૧૦ - ૯ - ૮ - ૭ - ૬ - ૫ - ૪ નાં ઉદયસ્થાનોમાં અનુક્રમે ૧ - ૬ - ૧૧ - ૧૧ - ૧૧ - ૯ - ૩ આમ કુલ બાવન ઉદયચોવીસી જાણવી. તથા બેના ઉદયમાં ૧૨ અને એકના ઉદયમાં ૫ ઉદયભાંગા જાણવા. ॥ ૫૨ ॥*

વિવેચન - ૧૦ આદિ ઉદયસ્થાનોમાં ગુણસ્થાનક પ્રમાણે કેટલી ઉદયચોવીશી થાય છે. તેનો આંક આ ગાથામાં જણાવેલ છે. તે ૫૧ મી ગાથાના વિવેચનના અંતે પાન નંબર ૧૬૧ ઉપર દોરેલા ચિત્ર ઉપરથી સારી રીતે સમજી શકાય છે.

૧૦ ના ઉદયે ૧ ચોવીશી છે. અને તે મિથ્યાત્વ ગુણઠાણે છે.

૯ ના ઉદયે ૬ ચોવીશી છે. મિથ્યાત્વે ૩, સાસ્વાદને ૧, મિશ્રે ૧, અને અવિરતે ૧, કુલ ૬.

૮ ના ઉદયે ૧૧ ચોવીશી છે. મિથ્યાત્વે ૩, સાસ્વાદને ૨, મિશ્રે ૨, અવિરતે ૩, દેશવિરતે ૧, કુલ ૧૧.

૭ ના ઉદયે ૧૧ ચોવીશી છે. મિ૦ ૧, સા૦ ૧, મિશ્રે ૧, અવિરતે ૩, દેશવિરતે ૩, પ્રમત્તે ૧, અપ્રમત્તે ૧, કુલ ૧૧.

૬ ના ઉદયે ૧૧ ચોવીશી છે. અવિરતે ૧, દેશવિરતે ૩, પ્રમત્તે ૩, અપ્રમત્તે ૩, અપૂર્વકરણે ૧, કુલ ૧૧.

૫ ના ઉદયે ૯ ચોવીશી છે. દેશવિરતે ૧, પ્રમત્તે ૩, અપ્રમત્તે ૩, અપૂર્વકરણે ૨ કુલ ૯.

૪ ના ઉદયે ૩ ચોવીશી છે. પ્રમત્તે ૧, અપ્રમત્તે ૧, અપૂર્વે ૧.

કુલ ચોવીસી બાવન થાય છે. બેના ઉદયે એક પણ ચોવીશી થતી નથી. પરંતુ ૧૨ ઉદયભાંગા છે. એકના ઉદયના સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભમાંથી એક એકનો ઉદય વિચારતાં ૪ ઉદયભાંગા નવમે, અને ૧ ઉદયભાંગો દશમે એમ એકોદયના પાંચ ઉદયભાંગા થાય છે.

પ્રશ્ન - સામાન્ય સંવેધ પ્રસંગે ચારના બંધે ૪, ત્રણના બંધે ૩, બેના બંધે ૨, એકના બંધે ૧, અને સૂક્ષ્મસંપરાયે ૧ આમ સર્વે મળીને એકોદયના ૧૧ ઉદયભાંગા ગણાવેલા છે. અને અહીં એકોદયના પાંચ જ ઉદયભાંગા કહ્યા. તેનું શું કારણ ?

ઉત્તર - ત્યાં બંધસ્થાનક ઉપર ઉદયસ્થાનક અને ઉદયભાંગા કહેલા છે. તેથી ચારના બંધે ચાર ઉદયભાંગા, ત્રણના બંધે ત્રણ ઉદયભાંગા, બેના બંધે બે ઉદયભાંગા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને એકના બંધે એક ઉદયભાંગો અને સૂક્ષ્મસંપરાયનો એક એમ બંધસ્થાનકવાર જુદા જુદા ગણવાથી ૧૧ ઉદયભાંગા કહેલ છે. પરંતુ આ સંવેધ હાલ ગુણસ્થાનક ઉપર કહેવાય છે તેથી ૪ ના બંધે ક્રોધાદિ ૪ કષાયના જે ૪ ઉદયભાંગા છે. તે નવમા ગુણઠાણાના બીજા ભાગે છે. અને ત્રણ-બે-એકના બંધે ક્રોધાદિ કષાયોનો ઉદય અનુક્રમે ટળી જવાથી જે ૩-૨-૧ ઉદયભાંગા ત્રીજા ભાગે, ચોથા ભાગે અને પાંચમા ભાગે થાય છે. તે પણ નવમા જ ગુણઠાણે છે. આ રીતે ગુણઠાણું નવમું જ હોવાથી જુદા ગણાતા નથી. તેથી આ ૩-૨-૧ = કુલ ૬ ઉદયભાંગા ન ગણવાથી ગુણસ્થાનકને આશ્રયી ૧૧ ને બદલે ૪ + ૧ = પાંચ જ ઉદયભાંગા લેવાય છે. તથા છટ્ઠા - સાતમા અને આઠમા ગુણસ્થાનકે બંધ ૯ નો સમાન હોવા છતાં પણ ગુણસ્થાનક જુદાં જુદાં હોવાથી ઉદયચોવીશી અને ઉદયભાંગા જુદા જુદા ગણેલ છે. ॥ ૫૨ ॥

**बारस पणसट्ठिसया, उदयविगप्पेहिं मोहिया जीवा ।**
**चुलसीइ सत्तुत्तरि, पयविंदसएहिं विन्नेया ।। ५३ ।।**

**द्वादश पञ्चषष्टिशताः, उदयविकल्पैः मोहिताः जीवाः ।**
**चतुरशीतिस्सप्तसप्ततिः, पदवृन्दशतैः विज्ञेयाः ।। ५३ ।।**

JAINSITE.com जैन साईट જૈનમ્ જયતિ શાસનમ્

*ગાથાર્થ - ૧૨૬૫ ઉદયભાંગાઓ વડે અને ૮૪૭૭ પદવૃંદો વડે આ સંસારી જીવો મોહિત થયેલા જાણવા. ॥ ૫૩ ॥*

વિવેચન - આ ગાથા પણ મૂલસપ્તતિકા ગ્રંથમાં (છટ્ઠા કર્મગ્રંથમાં) નથી. સપ્તતિકાની પૂ. મલયગિરિજી મ. શ્રીની ટીકામાં છે. પણ સપ્તતિકાની ચૂર્ણિમાં કહ્યું છે કે આ ગાથા ભાષ્યની અંદરની છે. શ્રી અભયદેવસૂરિજી કૃત સપ્તતિકાભાષ્યની ૪૦ મી ગાથાની ટીકામાં છે. તેથી મૂલસપ્તતિકાની આ ગાથા નથી.

૧૬૧ મા પાનામાં કયા કયા ગુણસ્થાનકે કેટલી કેટલી ઉદયચોવીશી હોય તે તથા ઉદયભાંગા વગેરેનું ચિત્ર આપેલું જ છે. તેને અનુસારે ઉદય ચોવીશી, ઉદયભાંગા, ઉદયપદ અને પદવૃંદો કુલ કેટલાં થાય છે ? તે સમજી લેવું. એક એક ઉદયસ્થાને કષાય-યુગલ અને વેદના ઉદયને લીધે થતા ૨૪ ભાંગાઓનો સમુદાય તે ઉદયચોવીશી કહેવાય છે. એક એક ચોવીસીમાં થયેલા ૨૪-૨૪ જે ભાંગા તે ઉદયભાંગા કહેવાય છે. કોઈપણ ચોવીશીના કોઈપણ એકભાંગામાં ઉદયમાં આવેલી પ્રકૃતિઓ તે ઉદયપદ કહેવાય છે. અને કોઈપણ ચોવીશીના ચોવીશે ભાંગામાં ઉદયમાં આવેલી કુલ પ્રકૃતિઓ તે પદવૃંદ કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ગુણસ્થાનક | ઉદય ચોવીશી | ઉદય ભાંગા | ઉદય પદ | પદવૃંદ |
|---|---|---|---|---|
| ૧ મિથ્યાત્વે | ૮ | ૧૯૨ | ૬૮ | ૧૬૩૨ |
| ૨ સાસ્વાદને | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ |
| ૩ મિશ્રે | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ |
| ૪ અવિરતે | ૮ | ૧૯૨ | ૬૦ | ૧૪૪૦ |
| ૫ દેશવિરતે | ૮ | ૧૯૨ | ૫૨ | ૧૨૪૮ |
| ૬ પ્રમત્તે | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ |
| ૭ અપ્રમત્તે | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ |
| ૮ અપૂર્વકરણે | ૪ | ૯૬ | ૨૦ | ૪૮૦ |
| કુલ | ૫૨ | ૧૨૪૮ | ૩૫૨ | ૮૪૪૮ |

નવમા ગુણઠાણે બેના ઉદયે ૧૨ ઉદયભાંગા અને ૨૪ પદવૃંદ તથા એકના ઉદયના ૪ ઉદયભાંગા અને ૪ પદવૃંદ જાણવાં.

૧ થી ૮ ગુણસ્થાનકોમાં કષાય-યુગલ અને વેદનો ઉદય હોવાથી ઉપર મુજબ ચોવીશી વગેરે છે. પરંતુ નવમા ગુણઠાણે યુગલનો ઉદય ન હોવાથી ચોવીશી થતી નથી તેથી બેના ઉદયના ૧૨ ઉદયભાંગા અને એકના ઉદયના ગુણસ્થાનકને આશ્રયી પાંચ ઉદયભાંગા ગણતાં ૧૨૬૫ ઉદયભાંગા થાય છે. ૫૨ ચોવીસી × ૨૪ ઉદયભાંગા = ૧૨૪૮+૧૨+૫ = ૧૨૬૫ ઉદયભાંગા સમજવા. એવી જ રીતે ૩૫૨ ઉદયપદ ×૨૪ પદવૃંદ = ૮૪૪૮+૨૪ દ્વિકોદયનાં પદવૃંદ અને + ૫ એકોદયનાં પદવૃંદ સર્વે મળીને ૮૪૭૭ આટલાં પદવૃંદો વડે સંસારી જીવો મોહાન્ધ થયેલા છે એમ જાણવું. ॥૫૩॥

**अट्ठग चउ चउ चउरट्ठगा य, चउरो य हुंति चउव्वीसा ।**
**मिच्छाइ अपुव्वंता, बारस पणगं च अनियट्टि ।। ५४ ।।**

**अष्टौ चतस्त्रश्चतस्त्रश्चतुर्षु अष्टौ च, चतस्त्रश्च भवन्ति चतुर्विंशतयः**
**मिथ्यात्वादि-अपूर्वान्ता द्वादश पञ्च चानिवृत्ते ।। ५४ ।।**

*ગાથાર્થ - મિથ્યાત્વથી માંડીને અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનક સુધી અનુક્રમે ૮ - ૪ - ૪, પછીના ચાર ગુણસ્થાનકોમાં આઠ આઠ, આઠમે ગુણઠાણે ૪ ચોવીશીઓ હોય છે. અનિવૃત્તિએ દ્વિકોદયના ૧૨ અને એકોદયના પાંચ ઉદય ભાંગા હોય છે. ॥ ૫૪ ॥*

વિવેચન - આ ગાથા પણ મૂલસપ્તતિકા ગ્રંથમાં તથા સપ્તતિકાની ચૂર્ણિમાં કે ટીકામાં નથી. અન્તર્ભાષ્યની ગાથા છે. એમ ત્યાં કહેલું છે. સપ્તતિકાભાષ્ય જોતાં ૪૦ મી ગાથા આ જ અર્થવાળી છે પરંતુ કંઈક કંઈક પદોનો ફેરફાર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગાથાનો ભાવાર્થ પહેલાંની ૫૧મી ગાથામાં તથા ૫૨-૫૩ મી ગાથામાં આવી જ ગયો છે. ૧ થી ૮ ગુણઠાણામાં કેટલી કેટલી ચોવીશી થઈ ? તેનો આંક આ ગાથામાં છે. મિથ્યાત્વે ૮, સાસ્વાદને ૪, મિશ્રે ૪, અવિરતથી અપ્રમત્ત સુધીનાં (૪-૫-૬-૭) ચાર ગુણસ્થાનકોમાં આઠ-આઠ ચોવીશી, અને આઠમા અપૂર્વકરણે ચાર ચોવીશી એમ મળીને કુલ બાવન ચોવીશી થાય છે. તેના ૧૨૪૮ ઉદયભાંગા થાય છે. તથા અનિવૃત્તિ ગુણઠાણે દ્વિકોદયના ૧૨ અને એકોદયના ૪ ઉદયભાંગા, તથા સૂક્ષ્મસંપરાયે એકોદયનો ૧ ઉદયભાંગો એમ સર્વે મળીને ૧૨૬૫ ઉદયભાંગા થાય છે. અહીં એકોદયના નવમે ગુણઠાણે ૪, અને દસમા ગુણઠાણે ૧ મળીને કુલ પાંચ ભાંગા થાય છે. છતાં મૂલગાથામાં "पणगं च अनियट्टे" આવું વિધાન છે. તે સામાન્ય-ઔપચારિક વાક્ય સમજવું. દશમા ગુણસ્થાનકે એકનો જ ઉદય હોવાથી નવમાના અંશરૂપે સમજીને નવમા તરીકે વિધાન કરેલ છે એમ સમજવું. ॥ ૫૪ ॥

**अट्ठट्ठी बत्तीसं, बत्तीसं सट्ठीमेव बावन्ना ।**
**चोयालं दोसु वीसा वि य, मिच्छमाइसु सामन्नं ।। ५५ ।।**

**अष्टषष्टिः द्वात्रिंशद्द्वात्रिंशत्षष्टिरेव द्विपञ्चाशत् ।**
**चत्वारिंशद् द्वयोः, विंशतिरपि च मिथ्यात्वादिषु सामान्यम् ।। ५५ ।।**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

*ગાથાર્થ - મિથ્યાત્વ વગેરે ગુણસ્થાનકોમાં સામાન્યથી ૬૮ - ૩૨ - ૩૨ - ૬૦ - ૫૨ - ૪૪ - ૪૪ - ૨૦ ઉદયપદો જાણવાં. (તેને ૨૪ વડે ગુણવાથી પદવૃંદ જાણવાં). ॥ ૫૫ ॥*

વિવેચન - આ ગાથા મૂલ સપ્તતિકાગ્રંથની નથી. કારણ કે તે ગ્રંથમાં આ ગાથા નથી. પરંતુ તેની ચૂર્ણિમાં તથા સપ્તતિકાની ટીકામાં "अन्तर्भाष्यगाथा" કહીને વિવેચનરૂપે (સાક્ષીપાઠરૂપે) ગાથા લખેલી છે.

૫૪ મી ગાથામાં ૧ થી ૯ ગુણસ્થાનકોમાં ઉદયચોવીશી અને ઉદયભાંગા જેમ સમજાવ્યા છે. તેમ આ પંચાવનમી ગાથામાં ૧ થી ૮ ગુણસ્થાનકોમાં ઉદયપદ અને પદવૃંદ સમજાવેલાં છે. જો કે આ વિષય ગાથા ૫૧-૫૨-૫૩ માં આવી ગયેલો છે. તો પણ પાછળ આવતી ગાથા ૫૬-૫૭ આદિમાં યોગ-ઉપયોગ અને લેશ્યા ગુણિત ચોવીશી, ઉદયભાંગા, ઉદયપદ, અને પદવૃંદ કરવાં સહેલાં થાય. તે માટે આ બન્ને (૫૪-૫૫) ગાથામાં સંખ્યા માત્ર જણાવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિથ્યાત્વ ગુણસ્થાનકે ૬૮ ઉદયપદ છે. સાતના ઉદયે ૧ ચોવીશી હોવાથી ૭ ઉદયપદ, આઠના ઉદયે ત્રણ ચોવીશી હોવાથી ૮ × ૩ = ૨૪ ઉદયપદ, નવના ઉદયે ત્રણ ચોવીશી હોવાથી ૯ × ૩ = ૨૭ ઉદયપદ અને દશના ઉદયે ૧ ચોવીશી હોવાથી ૧૦ ઉદયપદ જાણવાં. આ જ પ્રમાણે સાસ્વાદન આદિમાં પણ સમજવું.

| મિથ્યાત્વે | | | સાસ્વાદને | | | મિશ્રે | | | અવિરતે | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉદય | ચોવીશી | પદ | ઉદય | ચોવીશી | પદ | ઉદય | ચોવીશી | પદ | ઉદય | ચોવીશી | પદ |
| ૭ | × ૧ | = ૭ | ૭ | × ૧ | = ૭ | ૭ | × ૧ | = ૭ | ૬ | × ૧ | = ૬ |
| ૮ | × ૩ | = ૨૪ | ૮ | × ૨ | = ૧૬ | ૮ | × ૨ | = ૧૬ | ૭ | × ૩ | = ૨૧ |
| ૯ | × ૩ | = ૨૭ | ૯ | × ૧ | = ૯ | ૯ | × ૧ | = ૯ | ૮ | × ૩ | = ૨૪ |
| ૧૦ | × ૧ | = ૧૦ | | | કુલ ૩૨ | | | કુલ ૩૨ | ૯ | × ૧ | = ૯ |
| | | કુલ ૬૮ | | | | | | | | | કુલ ૬૦ |

| દેશવિરતે | | | પ્રમત્તે | | | અપ્રમત્તે | | | અપૂર્વકરણ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉદય | ચોવીશી | પદ | ઉદય | ચોવીશી | પદ | ઉદય | ચોવીશી | પદ | ઉદય | ચોવીશી | પદ |
| ૫ | × ૧ | = ૫ | ૪ | × ૧ | = ૪ | ૪ | × ૧ | = ૪ | ૪ | × ૧ | = ૪ |
| ૬ | × ૩ | = ૧૮ | ૫ | × ૩ | = ૧૫ | ૫ | × ૩ | = ૧૫ | ૫ | × ૨ | = ૧૦ |
| ૭ | × ૩ | = ૨૧ | ૬ | × ૩ | = ૧૮ | ૬ | × ૩ | = ૧૮ | ૬ | × ૧ | = ૬ |
| ૮ | × ૧ | = ૮ | ૭ | × ૧ | = ૭ | ૭ | × ૧ | = ૭ | | | કુલ ૨૦ |
| | | કુલ ૫૨ | | | કુલ ૪૪ | | | કુલ ૪૪ | | | |

હવે પછીની ગાથામાં આ ચોવીશી-ઉદયભાંગા-ઉદયપદ અને પદવૃંદને યોગ-ઉપયોગ અને લેશ્યાથી ગુણવામાં આવશે. તે માટે ઉપરોક્ત ૫૪ - ૫૫ ગાથામાં કહેલી સંખ્યા બરાબર સમજી લેવી તથા કંઠસ્થ રાખવી. ॥ ૫૫ ॥

**जोगोवओगलेसाइएहिं गुणिया हवंति कायव्वा ।**
**जे जत्थ गुणट्ठाणे, हवंति ते तत्थ गुणकारा ।। ५६ ।।**

**योगोपयोगलेश्यादिभिः गुणिताः भवन्ति कर्तव्याः ।**
**ये यत्र गुणस्थानेषु, भवन्ति ते तत्र गुणकाराः ।। ५६ ।।**

*ગાથાર્થ - જે જે ગુણસ્થાનકોમાં જે જે ચોવીશી આદિ હોય છે. તે તે ચોવીશી આદિને તે તે ગુણસ્થાનકોમાં રહેલા યોગ-ઉપયોગ અને લેશ્યા વડે ગુણાકાર કરવા યોગ્ય છે. ॥ ૫૬ ॥*

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેચન - યોગ-ઉપયોગ અને લેશ્યા વડે ગુણાયેલી ચોવીશી, ઉદયભાંગા, ઉદયપદ અને પદવૃંદ જાણવા માટે કયા કયા ગુણઠાણે કેટલા યોગ ? કેટલા ઉપયોગ ? અને કેટલી લેશ્યા હોય છે ? તે બાબત ચોથા કર્મગ્રંથના આધારે બરાબર કંઠસ્થ કરવી. તથા કયા કયા ગુણઠાણે કેટલી ઉદયચોવીશી ? કેટલા ઉદયભાંગા ? કેટલાં ઉદયપદ ? અને કેટલાં પદવૃંદ છે ? તે પણ ગાથા ૪૯ થી ૫૫ માં આવ્યા પ્રમાણે બરાબર કંઠસ્થ કરવાં. ત્યારબાદ પરસ્પર ગુણાકાર કરવા. તેમાં જે જે અપવાદો હોય છે. તેને ધ્યાનમાં રાખીને તેટલી માત્રા ન્યૂન અથવા અધિક કરવી.

| ગુણસ્થાનક | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|
| મિથ્યાત્વે | આહારક અને આહારક મિશ્ર વિના ૧૩ | ૩ અજ્ઞાન, ૨ દર્શન=૫ | ૬ |
| સાસ્વાદને | આહારક અને આહારક મિશ્ર વિના ૧૩. | ૩ અજ્ઞાન, ૨ દર્શન=૫ | ૬ |
| મિશ્રે | ૪ મનના, ૪ વચનના ઔદા. કાય. અને વૈક્રિય કાયયોગ કુલ ૧૦ | ૩ અજ્ઞાન, ૩ દર્શન=૬ | ૬ |
| અવિરતે | આહારક અને આહારક મિશ્ર વિના ૧૩ | ૩ જ્ઞાન, ૩ દર્શન=૬ | ૬ |
| દેશવિરતે | ૪ મનના, ૪ વચનના, ઔદારિક કાય. વૈક્રિય અને વૈ. મિશ્ર કુલ ૧૧ | ૩ જ્ઞાન, ૩ દર્શન=૬ | તેજો.પદ્મ.શુકલ૩ |
| પ્રમત્તે | ઔદારિકમિશ્ર અને કાર્મણ વિના ૧૩ | ૪ જ્ઞાન, ૩ દર્શન=૭ | તેજો.પદ્મ.શુકલ૩ |
| અપ્રમત્તે | ૪ મનના, ૪ વચનના ઔ. વૈ. આહારક કાયયોગ કુલ ૧૧ | ૪ જ્ઞાન, ૩ દર્શન=૭ | તેજો.પદ્મ.શુકલ૩ |
| અપૂર્વકરણે | ૪ મનના, ૪ વચનના અને ઔદારિક કાયયોગ કુલ ૯ | ૪ જ્ઞાન, ૩ દર્શન=૭ | ૧ શુક્લલેશ્યા |
| અનિવૃત્તે | ૪ મનના, ૪ વચનના અને ઔદારિક કાયયોગ કુલ ૯ | ૪ જ્ઞાન, ૩ દર્શન = ૭ | ૧ શુક્લલેશ્યા |
| સૂક્ષ્મ.સંપરાયે | ૪ મનના, ૪ વચનના અને ઔદારિક કાયયોગ કુલ ૯ | ૪ જ્ઞાન, ૩ દર્શન = ૭ | ૧ શુક્લલેશ્યા |

૧૪ ગુણસ્થાનકોમાં પ્રથમ યોગગુણિત ચોવીશી વગેરે

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનકે ૮ ચોવીશી, ૧૯૨, ઉદયભાંગા, ૬૮ ઉદયપદ અને ૬૮ × ૨૪ = ૧૬૩૨ ઉદયપદવૃંદ છે. તથા આહારકકાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ વિનાના ૧૩ યોગ છે. આ સર્વેને પરસ્પર ગુણવાના છે. પરંતુ તે ૮ ચોવીશીમાં ૪ ચોવીશી અનંતાનુબંધીના ઉદયવાળી છે. અને ૪ ચોવીશી અનંતાનુબંધીના ઉદય વિનાની છે ત્યાં અનંતાનુબંધીના ઉદયવાળી ૪ ચોવીશીમાં તેરે તેર યોગ હોઈ શકે છે. પરંતુ અનંતાનુબંધીના ઉદય વિનાની ૪ ચોવીશીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઔદારિકમિશ્ર-વૈક્રિયમિશ્ર અને કાર્મણ કાયયોગ વિનાના ૧૦ યોગ જ હોય છે. આ ત્રણ યોગ ન હોવાનું કારણ આ પ્રમાણે છે.

આ ત્રણ યોગો યથાસંભવ વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયથી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી એટલે કે અપર્યાપ્તાવસ્થામાં હોય છે અને અનંતાનુબંધીના ઉદય વિનાની ચાર ચોવીશી, ક્ષયોપશમ સમ્યક્ત્વ પામીને ચાર અનંતાનુબંધીની વિસંયોજના કરીને મિથ્યાત્વના ઉદયથી પહેલે ગુણઠાણે આવેલા જીવને પ્રથમની એક આવલિકા કાલમાત્રમાં જ હોય છે. જે જીવ અનંતાનુબંધીની વિસંયોજના કરીને મિથ્યાત્વે જાય છે. તે નિયમા ઓછામાં ઓછા અંતર્મુહૂર્તના શેષ આયુષ્યવાળો હોય જ છે તેથી મૃત્યુકાલે-વિગ્રહગતિમાં અને અપર્યાપ્તાવસ્થામાં અનંતાનુબંધીના ઉદય રહિતની પ્રથમ આવલિકા હોતી નથી. અને પ્રથમ આવલિકા કાલે મૃત્યુ-વિગ્રહગતિ તથા અપર્યાપ્તાવસ્થા આવતી નથી. તેથી અનંતાનુંબંધીના ઉદય વિનાની આ ૪ ચોવીશીમાં વિગ્રહ ગતિ અને અપર્યાપ્તાવસ્થાભાવી ૩ યોગો ઘટતા નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે "कुणइ जत्र सो कालं" તેથી યોગગુણિત ચોવીશી આદિની સંખ્યા પહેલા ગુણઠાણે નીચે પ્રમાણે થાય છે[૧].

| મિથ્યાત્વ ગુણઠાણે | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ચો. | ઉ.ભાં. | ઉ.પદ | પદવૃંદ | યોગ | ચો. | ઉ.ભાં. | ઉ.પદ | પદવૃંદ |
| અનં૦ ના ઉદયવાળી | ૪ | ૯૬ | ૩૬ | ૮૬૪ | ×૧૩= | ૫૨ | ૧૨૪૮ | ૪૬૮ | ૧૧૨૩૨ |
| અનં૦ ના ઉદયરહિત | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ | ×૧૦= | ૪૦ | ૯૬૦ | ૩૨૦ | ૭૬૮૦ |
| કુલ | | | | | કુલ | ૯૨ | ૨૨૦૮ | ૭૮૮ | ૧૮૯૧૨ |

મોહનીય કર્મનાં સત્તાસ્થાનકો જો કે આગળ ૫૭ મી ગાથામાં આવવાનાં છે. તો પણ ફરી ફરી ત્યાં લખાણ ન કરવું પડે એટલા માટે અમે અહીં જ સમજાવીએ છીએ-અનંતાનુબંધીના ઉદયવાળી ૪ ચોવીશીમાં ૨૮-૨૭-૨૬ એમ ત્રણે સત્તાસ્થાનો સંભવે છે. પરંતુ અનંતાનુબંધીના ઉદય વિનાની ૪ ચોવીશી મિથ્યાત્વે પ્રથમ આવલિકા માત્ર જ હોવાથી અને ત્યાં સમ્યક્ત્વમોહનીય તથા મિશ્ર મોહનીયની ઉદ્વલના થયેલી ન હોવાથી તે બેની નિયમા સત્તા છે. તે માટે માત્ર ૨૮ ની જ સત્તા સંભવે છે.

(૧) અહીં ઔદારિકમિશ્ર તથા કાર્મણ કાયયોગ તો અપર્યાપ્તાવસ્થા ભાવિ જ છે. પરંતુ વૈક્રિયમિશ્ર કાયયોગ દેવ-નારકીને અપર્યાપ્તાવસ્થામાં જેમ સંભવે છે. તેમ પર્યાપ્ત મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો વૈક્રિયલબ્ધિવાળા લબ્ધિ ફોરવે ત્યારે પર્યાપ્તાવસ્થામાં પણ અનંતાનુબંધીના ઉદય વિનાની ૪ ચોવીશીમાં વૈક્રિયમિશ્ર કાયયોગ સંભવી શકે છે. પરંતુ ચૂર્ણિકારે આ વિવક્ષા લીધી નથી. તેને અનુસારે ટીકાકારે પણ લીધી નથી. જુઓ પૂ. મલયગિરિજીકૃત સપ્તતિકાટીકા ગાથા ૪૯. તેનો અર્થ એવો થાય છે કે અનંતાનુબંધીના ઉદય વિનાની પ્રથમ આવલિકામાં સંભવતી ૪ ચોવીશીમાં વર્તતા તિર્યંચ-મનુષ્યો વૈક્રિયલબ્ધિ ફોરવતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) સાસ્વાદન ગુણસ્થાનકે ૭ - ૮ - ૯ એમ ૩ ઉદયસ્થાનક, ૪ ચોવીશી, ૯૬ ઉદયભાંગા, ૩૨ ઉદયપદ, ૭૬૮ પદવૃંદ હોય છે. તથા આહારક કાયયોગ અને આહારક મિશ્રકાયયોગ વિના તેર યોગ હોય છે. તેથી ઉપરોક્ત ૪ ચોવીશી આદિને ૧૩ યોગ વડે ગુણવાના રહે છે. પરંતુ વૈક્રિયમિશ્ર કાયયોગે સાસ્વાદન ગુણઠાણે નપુંસકવેદ સંભવતો નથી. કારણ કે વૈક્રિયમિશ્ર કાયયોગ દેવ અને નારકીને અપર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. ત્યાં દેવોમાં સ્ત્રી-પુરૂષ વેદ જ હોવાથી નપુંસકવેદનો ઉદય સંભવતો નથી. અને નારકીને નપુંસકવેદનો ઉદય સંભવે છે. પરંતુ સાસ્વાદનભાવ લઈને નરકમાં જવાતું નથી. તેથી તેને સાસ્વાદને વિગ્રહગતિ અને અપર્યાપ્તાવસ્થા આવતી નથી. સપ્તતિકાની ટીકામાં પૂજ્ય મલયગિરિજી મ. શ્રી કહે છે કે - "अत्र नपुंसकवेदो न लभ्यते, वैक्रियकाययोगिषु नपुंसकवेदिषु मध्ये सासादनस्योत्पादाभावात् ।" તેથી ૧૨ યોગમાં ચાર-ચાર ચોવીશીઓ જાણવી. અને વૈક્રિયમિશ્ર કાયયોગમાં ચોવીશીને બદલે બે વેદનો ઉદય હોવાથી ષોડશક જાણવાં.

| સાસ્વાદન | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉ.ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ | યોગ | ઉ.ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ |
| ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ × | ૧૨ યોગ | ૪૮ ચો. | ૧૧૫૨ | ૩૮૪ ચો. | ૯૨૧૬ |
| ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ × | ૧ યોગ | ૪ ષોડ. | ૬૪ | ૩૨ ષોડ. | ૫૧૨ |
| | | | કુલ | ૧૩ | | ૧૨૧૬ | | ૯૭૨૮ |

સર્વ ચોવીશીઓમાં અને ઉદયભાંગા વગેરેમાં માત્ર એક ૨૮ નું જ સત્તાસ્થાનક હોય છે. કારણ કે સાસ્વાદને ૨૮ નું ૧ જ સત્તાસ્થાનક છે.

(૩) મિશ્રગુણસ્થાનકે ૭ - ૮ - ૯ એમ ૩ ઉદયસ્થાનક છે. ૪ ચોવીશી છે. ૯૬ ઉદયભાંગા છે. ૩૨ ઉદયપદ છે અને ૭૬૮ ઉદયપદવૃંદ છે. તથા ૪ મનના, ૪ વચનના, ૧ ઔદારિક કાયયોગ, અને ૧ વૈક્રિય કાયયોગ એમ ૧૦ યોગ હોય છે. પર્યાપ્તાવસ્થામાં જ આ ગુણસ્થાનક આવે છે. તેથી અપર્યાપ્તાવસ્થામાં જ આવનારા ૩ યોગો અને આહારકકાયયોગાદિ યોગો હોતા નથી. ગુણાકાર આ પ્રમાણે છે.

| મિશ્ર ગુણસ્થાનક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉ.ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ | યોગ | ઉ.ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ |
| ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ × | ૧૦ યોગ | ૪૦ | ૯૬૦ | ૩૨૦ | ૭૬૮૦ |

સર્વ ચોવીશીમાં, ઉદયભાંગામાં, ઉદયપદમાં અને પદવૃંદમાં ત્રીજે ગુણઠાણે ૨૮-૨૭-૨૪ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે ૬-૭-૮-૯ એમ ચાર ઉદયસ્થાનક છે. ૧-૩-૩-૧ કુલ ૮ ચોવીશી છે. તેમાં સમ્યકત્વમોહનીયના ઉદયવાળી જે ૪ ચોવીશી છે તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને જ હોય છે અને સમ્યકત્વમોહનીયના ઉદય વિનાની જે ૪ ચોવીશી છે તે ઔપશમિક સમ્યક્ત્વી અને ક્ષાયિકસમ્યક્ત્વીને જ માત્ર હોય છે. જ્યાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વી હોય ત્યાં ૨૮-૨૪-૨૩-૨૨ એમ ૪ સત્તાસ્થાન હોય, અને જ્યાં ઔપશમિકસમ્યક્ત્વી હોય ત્યાં મનુષ્યગતિના જીવોને ૨૮-૨૪ અને શેષગતિના જીવોને માત્ર ૨૮ ની જ સત્તા હોય. કારણ કે શ્રેણિસંબંધી ઔપશમિક સમ્યક્ત્વ શેષ ગતિમાં હોતું નથી. અને ઔપ. સમ્યક્ત્વી જીવમાં તે જ વિસંયોજના કરે છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વી હોય તેને ૨૧ની જ સત્તા હોય. ૧૯૨ ઉદયભાંગા હોય, ૬૦ ઉદયપદ અને ૧૪૪૦ પદવૃંદો હોય છે.

તથા આહારક કાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ વિના બાકીના ૧૩ યોગ હોય છે. તેમાં નીચેના અપવાદો ધ્યાનમાં રાખવા.

(૧) અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો મરીને જો દેવગતિમાં જાય તો નિયમા પુરુષ વેદમાં જ જાય. પણ સ્ત્રીવેદીમાં (દેવીમાં) ન જ જાય. અને નારકીમાં જાય તો નારકીમાં માત્ર નપુંસકવેદ જ છે. એટલે નપુંસકવેદીમાં જાય. આ કારણે અવિરતસમ્યગ્દૃષ્ટિને વૈક્રિયમિશ્રકાયયોગે પુરુષવેદ અને નપુંસકવેદ હોય પરંતુ સ્ત્રીવેદ ન હોય. તેથી વૈક્રિયમિશ્ર કાયયોગમાં ચોવીશી થવાને બદલે ૮ ષોડશક થાય છે.

(૨) અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો જો મનુષ્ય-તિર્યંચમાં જન્મે તો નિયમા એક પુરુષવેદના ઉદયવાળામાં જ (પુરુષમાં જ) જન્મે. પરંતુ નપુંસકવેદના ઉદયવાળા કે સ્ત્રીવેદના ઉદયવાળામાં ઉત્પન્ન ન થાય. આ કારણે ઔદારિકમિશ્ર કાયયોગમાં માત્ર પુરુષવેદ જ હોય પરંતુ નપુંસકવેદ અને સ્ત્રીવેદ બન્ને ન હોય તેથી ઔદારિક મિશ્રકાયયોગમાં ૮ ચોવીશીને બદલે ૮ અષ્ટક સમજવાં.

(૩) ઉપરોક્ત બન્ને નિયમો ભેગા કરતાં કાર્મણકાયયોગમાં નારકીમાં જતાં નપુંસકવેદ હોય, દેવોમાં જતાં પુરુષવેદ હોય, અને તિર્યંચ-મનુષ્યમાં જતાં પણ માત્ર પુરુષવેદ જ હોય તેથી ચારે ગતિમાં ક્યાંય કાર્મણકાયયોગે સ્ત્રીવેદ ન હોય તેથી તે કાર્મણકાયયોગમાં ૮ ચોવીશીને બદલે ૮ ષોડશક થાય.

જોકે આ નિયમ પ્રાયિક છે. કારણ કે ચંદનબાલા-મલ્લિનાથ-રાજીમતી આદિ સ્ત્રીવેદીમાં અવિરત સમગ્યદૃષ્ટિ જીવો ઉત્પન્ન થયા જ છે. તો પણ આવાં ઉદાહરણો અલ્પ હોવાથી મહાત્મા પુરુષો દ્વારા તેની વિવક્ષા કરાતી નથી. આ પ્રમાણે ૪ મનના, ૪ વચનના, ઔદારિક કાયયોગ અને વૈક્રિય કાયયોગ આ ૧૦ યોગોમાં ૮ ચોવીશી વગેરે થાય છે. વૈક્રિયમિશ્ર અને કાર્મણકાયયોગમાં ૮ ષોડશક વગેરે થાય છે અને ઔદારિક મિશ્રકાયયોગમાં ૮ અષ્ટક વગેરે થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| ચોથું અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ | યોગ | ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ |
| ૮ | ૧૯૨ | ૬૦ | ૧૪૪૦ | ×૧૦યોગ | ૮૦ચો. | ૧૯૨૦ | ૬૦૦ | ૧૪૪૦૦ |
| | | | | ×૨ યોગ | ૧૬ષોડ. | ૨૫૬ | ૧૨૦ ષોડ. | ૧૯૨૦ |
| | | | | ×૧ યોગ | ૮અષ્ટ. | ૬૪ | ૬૦ અષ્ટ. | ૪૮૦ |
| | | | કુલ | ૧૩ | | ૨૨૪૦ | | ૧૬૮૦૦ |

(૫) દેશવિરતિ નામના પાંચમા ગુણઠાણે ૫-૬-૭-૮ એમ ૪ ઉદયસ્થાનક ૧-૩-૩-૧ કુલ ૮ ઉદયચોવીશી, ૧૯૨ ઉદયભાંગા, ૫૨ ઉદયપદ અને ૧૨૪૮ પદવૃંદો છે. મનના ૪, વચનના ૪, ઔદારિક કાયયોગ અને વૈક્રિય લબ્ધિધારી મનુષ્ય-તિર્યંચને આશ્રયી અંબડશ્રાવક આદિની જેમ વૈક્રિયકાયયોગ તથા વૈક્રિયમિશ્રકાયયોગ એમ કુલ ૧૧ યોગ છે. પરસ્પર ગુણાકાર કરવો. અહીં કોઈ અપવાદ નથી.

| પાંચમું દેશવિરતિ ગુણસ્થાનક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ચો. | ઉ.ભાં. | ઉ.પદ | પદવૃંદ | યોગ | ચો. | ઉ.ભાં. | ઉ.પદ | પદવૃંદ |
| ૮ | ૧૯૨ | ૫૨ | ૧૨૪૮× | ૧૧ યોગ | ૮૮ | ૨૧૧૨ | ૫૭૨ | ૧૩૭૨૮ |

(૬) પ્રમત્ત ગુણસ્થાનકે ૪ - ૫ - ૬ - ૭ એમ ચાર ઉદયસ્થાનક, ૧ - ૩ - ૩ - ૧ કુલ ૮ ઉદયચોવીશી, ૧૯૨ ઉદયભાંગા, ૪૪ ઉદયપદ અને ૧૦૫૬ પદવૃંદ છે. તથા મનના ૪, વચનના ૪, ઔદારિક કાયયોગ, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક અને આહારકમિશ્ર એમ કુલ ૧૩ યોગ હોય છે. આ ગુણસ્થાનકે અપર્યાપ્ત અવસ્થા નથી. તેથી ઔ. મિશ્ર અને કાર્મણ કાયયોગ હોતા નથી. પરસ્પર ગુણાકારમાં નીચેનો ૧ અપવાદ ધ્યાનમાં રાખવો.

(૧) આહારક કાયયોગ અને આહારકમિશ્રકાયયોગ ચૌદ પૂર્વધર મહાત્માઓને જ હોય છે. અને સ્ત્રીવેદી જીવોને ચૌદપૂર્વોના અભ્યાસની અનુમતિ નથી. તેથી આ બે કાયયોગમાં સ્ત્રીવેદ સંભવતો નથી. માટે ૨ કાયયોગમાં ૮ ચોવીશીને બદલે ૮ ષોડશક થાય છે. સ્ત્રીવેદી જીવોમાં ચૌદપૂર્વોના અભ્યાસના નિષેધનો પાઠ આ પ્રમાણે છે.

तुच्छा गारवबहुला, चलिंदिया दुब्बला य धिईए ।
इय अइसेसज्झयणा, भूयावाओ य नो थीणं ॥ વિશેષા. ભાષ્ય ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| છઠ્ઠું પ્રમત્ત ગુણસ્થાનક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉ.ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ | યોગ | ઉ.ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ |
| ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ | ×૧૧યોગ | ૮૮ ચો. | ૨૧૧૨ | ૪૮૪ ચો. | ૧૧૬૧૬ |
| | | | | × ૨યોગ | ૧૬ ષો. | ૨૫૬ | ૮૮ ષોડ. | ૧૪૦૮ |
| | | | કુલ | ૧૩ | | ૨૩૬૮ | | ૧૩૦૨૪ |

(૭) અપ્રમત્તગુણસ્થાનકે ૪-૫-૬-૭ આ ૪ ઉદયસ્થાનક ૧-૩-૩-૧ કુલ ૮ ચોવીશી. ૧૯૨ ઉદયભાંગા, ૪૪ ઉદયપદ, અને ૧૦૫૬ પદવૃંદ છે. પરંતુ યોગ, મનના ૪, વચનના ૪, ઔદારિક કાયયોગ, વૈક્રિયકાયયોગ અને આહારકકાયયોગ એમ ૧૧ જાણવા. કારણ કે અપર્યાપ્તાવસ્થામાં આ ગુણસ્થાનક નથી તથા વૈક્રિય-આહારકનો પ્રારંભ જીવો છટ્ઠે કરે છે. પણ સાતમે કરતા નથી. માટે મિશ્ર યોગ અહીં હોતા નથી. છટ્ઠા ગુણઠાણામાં કહેલી બાબતને અનુસારે આહારકકાયયોગમાં સ્ત્રીવેદ સંભવતો નથી. તેથી ૮ ચોવીશીને બદલે ૧ યોગમાં ૮ ષોડશક થાય છે. ગુણાકાર આ પ્રમાણે છે.

| સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉ.ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ | યોગ | ઉ.ચો. | ઉ.ભાંગા | ઉ.પદ | પદવૃંદ |
| ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ | ×૧૦યોગ | ૮૦ ચો. | ૧૯૨૦ | ૪૪૦ ચો. | ૧૦૫૬૦ |
| | | | | × ૧યોગ | ૮ ષો. | ૧૨૮ | ૪૪ ષોડ. | ૭૦૪ |
| | | | કુલ | ૧૧યોગ | | ૨૦૪૮ | | ૧૧૨૬૪ |

(૮) અપૂર્વકરણ ગુણસ્થાનકે ૪-૫-૬ એમ ૩ જ ઉદયસ્થાનક છે. કારણ કે આઠમા ગુણસ્થાનકથી ઉપશમ અથવા ક્ષપકશ્રેણીની તૈયારી થાય છે. તેથી ઔપશમિક અથવા ક્ષાયિક સમ્યક્ત્વ જ હોય છે. પરંતુ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોતું નથી. તેથી સમ્યક્ત્વમોહનીયનો ઉદય સંભવતો નથી. તેના ઉદય વિનાની બાકીની ૪ ચોવીશી હોય છે. ૯૬ ઉદયભાંગા, ૨૦ ઉદયપદ અને ૪૮૦ પદવૃંદ હોય છે. મનના ૪, વચનના ૪, અને ઔદારિક કાયયોગ એમ માત્ર ૯ જ યોગ હોય છે. આ ગુણઠાણે વર્તતા જીવોને કદાચ વૈક્રિય કે આહારક લબ્ધિ મળેલી હોય તો પણ તેને ફોરવતા નથી. કારણ કે બે શરીરોમાં આત્માની વર્તના તે વ્યગ્રતા હોવાથી પ્રમાદ કહેવાય છે. શ્રેણીગત જીવોની દશા આવા પ્રકારની પ્રમાદવાળી હોતી નથી. હવે પરસ્પર ગુણાકાર કરી લેવો.

| અપૂર્વકરણ આઠમું ગુણસ્થાનક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ચો. | ઉ.ભાં. | ઉ.પદ | પદવૃંદ | યોગ | ચો. | ઉ.ભાં. | ઉ.પદ | પદવૃંદ |
| ૪ | ૯૬ | ૨૦ | ૪૮૦ × | ૯ યોગ | ૩૬ | ૮૬૪ | ૧૮૦ | ૪૩૨૦ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૯) અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનકે-હાસ્યાદિ ષટ્કનો ઉદય નથી. તેથી ચોવીશી થતી નથી. પરંતુ સંજ્વલન ક્રોધાદિ ચાર કષાય અને ત્રણ વેદોથી ગુણિત માત્ર ઉદયભાંગા જ થાય છે. નવમાના પ્રથમ ભાગે દ્વિકોદયના ૧૨, નવમાના બીજા ભાગથી એકોદયના ૪ ભાંગા હોય છે. મનના ૪, વચનના ૪, અને ઔદારિક કાયયોગ એમ ૯ યોગ હોય છે.

### અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનકે

| | | | |
|---|---|---|---|
| ૧૨ઉદયભાંગા × | ૯ યોગ =૧૦૮ ઉદયભાંગા | ૨૪ પદવૃંદ × | ૯ =૨૧૬ પદવૃંદ |
| ૪ઉદયભાંગા × | ૯ યોગ = ૩૬ ઉદયભાંગા | ૪ પદવૃંદ × | ૯ = ૩૬ પદવૃંદ |
| ૧૬ | ૧૪૪ | ૨૮ | ૨૫૨ |

(૧૦) દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ૧ નું જ ઉદયસ્થાન, ૧ ઉદયભાંગો, ૧ ઉદયપદવૃંદ છે. તેને ૯ યોગે ગુણતાં ૯ ઉદયભાંગા, ૯ ઉદય પદવૃંદ થાય છે.

### ચૌદે ગુણસ્થાનકોની યોગગુણિત ચોવીશી આદિ

| | ઉદય ચોવીશી | ષોડશક | અષ્ટક | ઉદય ભાંગા | ઉદયપદ ચોવીશી | ઉદય પદનાં ષોડશક | ઉદય પદનાં અષ્ટક | પદવૃંદ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મિથ્યાત્વ | ૯૨ | | | ૨૨૦૮ | ૭૮૮ | | | ૧૮૯૧૨ |
| ૨ સાસ્વાદન | ૪૮ | ૪ | | ૧૨૧૬ | ૩૮૪ | ૩૨ | | ૯૭૨૮ |
| ૩ મિશ્ર | ૪૦ | | | ૯૬૦ | ૩૨૦ | | | ૭૬૮૦ |
| ૪ અવિરત | ૮૦ | ૧૬ | ૮ | ૨૨૪૦ | ૬૦૦ | ૧૨૦ | ૬૦ | ૧૬૮૦૦ |
| ૫ દેશવિરત | ૮૮ | | | ૨૧૧૨ | ૫૭૨ | | | ૧૩૭૨૮ |
| ૬ પ્રમત્ત | ૮૮ | ૧૬ | | ૨૩૬૮ | ૪૮૪ | ૮૮ | | ૧૩૦૨૪ |
| ૭ અપ્રમત્ત | ૮૦ | ૮ | | ૨૦૪૮ | ૪૪૦ | ૪૪ | | ૧૧૨૬૪ |
| ૮ અપૂર્વકરણ | ૩૬ | | | ૮૬૪ | ૧૮૦ | | | ૪૩૨૦ |
| ૯ અનિવૃત્તિ | × | | ઉદયભાંગા ૧૦૮ ૩૬ | ૧૪૪ | | | | ૨૫૨ |
| ૧૦ સૂક્ષ્મસંપ. | × | | ૯ | ૯ | | | | ૯ |
| | ૫૫૨ | ૪૪ | ૮ | ૧૪૧૬૯ | ૩૭૬૮ | ૨૮૪ | ૬૦ | ૯૫૭૧૭ |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂજ્ય મલયગિરિજીકૃત સપ્તતિકાની ટીકામાં કહ્યું છે કે - ततः आगतानि चतुर्दशसहस्राणि शतं चैकोनसप्तत्यधिकं (१४१६९) एतावन्तो मिथ्यादृष्ट्यादिष्व-पूर्वकरणपर्यवसानेषु गुणस्थानकेषु उदयभङ्गा योगगुणिता लभ्यन्ते ।

તથા આ જ ટીકામાં આગળ લખે છે કે - ततो जातः पूर्वराशिः पञ्चनवतिसहस्राणि सप्तशतानि सप्तदशाधिकानि ९५७१७ । एतावन्ति योगगुणितानि पदवृन्दानि । उक्तं च - "सत्तरसा सत्तसया पणनउइ सहस्स पयसंखा ।" ટીકામાં કહેલી આ સંખ્યા ઉપરોક્ત વિવેચનને અનુસારે મળી રહે છે.

---

ચૌદે ગુણસ્થાનકે ઉપયોગ ગુણિત ચોવીશી વગેરે

પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અને ચાર દર્શન એમ ૧૨ ઉપયોગ છે. ત્યાં મિથ્યાત્વે અને સાસ્વાદને મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, અને વિભંગજ્ઞાન એમ ત્રણ અજ્ઞાન, તથા ચક્ષુ-અચક્ષુદર્શન એમ કુલ પાંચ ઉપયોગ હોય છે. ત્રીજે-ચોથે અને પાંચમે ગુણઠાણે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, ચક્ષુ-અચક્ષુ અને અવધિદર્શન એમ કુલ ૬ ઉપયોગ હોય છે તથા પ્રમત્ત ગુણસ્થાનકથી ક્ષીણમોહ સુધી મનઃપર્યવજ્ઞાન સહિત કુલ ૭ ઉપયોગ હોય છે. જે ગુણઠાણે જેટલી ચોવીશી-ઉદયભાંગા-ઉદયપદ અને પદવૃંદ હોય છે. તેને ઉપરોક્ત ઉપયોગની સંખ્યાથી ગુણાકાર જ કરવાનો રહે છે. અહીં ૨ વાત જાણવા જેવી છે.

(૧) પહેલા-બીજા ગુણઠાણે અજ્ઞાન ત્રણ લીધાં છે અને દર્શન બે જ લીધાં છે. ત્યાં એક પ્રશ્ન થાય છે કે મતિ-શ્રુત અજ્ઞાનવાળાને જેમ ચક્ષુ-અચક્ષુ દર્શન હોય છે તેમ અવધિ અજ્ઞાન (વિભંગ જ્ઞાન) વાળાને અવધિદર્શન પણ હોવું જોઈએ. છતાં પાંચ જ ઉપયોગ હોવાનું કેમ કહો છો ? તેનો ઉત્તર આવો સમજવો કે ચૂર્ણિમાં, સપ્તતિકાની ટીકામાં, તથા ચોથા કર્મગ્રંથ આદિમાં પહેલા-બીજા ગુણઠાણે પાંચ જ ઉપયોગ હોવાનું વિધાન કરેલ છે. તેથી ત્યાં અવધિદર્શનની વિવક્ષા કરેલી નથી.

(૨) ત્રીજા-ચોથા કર્મગ્રંથમાં ત્રીજાની ગાથા ૧૯માં અને ચોથાની ગાથા ૧૯માં "**अजयाइ मइसुयओहिदुगे**" આ પદમાં અવધિ દર્શનમાં તો ૪ થી ૧૨ ગુણસ્થાનક જ કહ્યાં છે. ત્રીજે ગુણઠાણે અવધિદર્શન કહ્યું જ નથી. છતાં અહીં ચૂર્ણિ આદિ ગ્રંથોમાં કહેલ છે. વળી મતિ-શ્રુત-અવધિ આ ત્રણે જ્ઞાનોમાં પણ ૪ થી ૧૨ ગુણઠાણાં કહ્યાં છે. અને મિશ્રગુણઠાણે ૩ અજ્ઞાન તથા ૩ જ્ઞાન બન્ને મિશ્ર હોય એમ ત્રીજા-ચોથા કર્મગ્રંથમાં કહેલ છે જ્યારે અહીં ચૂર્ણિ આદિ ગ્રંથોમાં ત્રીજા

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણઠાણાથી જ ૩ જ્ઞાન માત્ર જ હોય. એમ કહેલ છે. એટલે આ બધી બાબતોમાં કાં તો જુદા જુદા નયથી જુદી જુદી વિવક્ષા હોય અથવા ગ્રંથકર્તાઓમાં આશયભેદ હોય. તે તત્ત્વ કેવલી પરમાત્મા જાણે. આપણે અહીં ચૂર્ણિકાર અને સપ્તતિકાની ટીકા આદિ ગ્રંથોના આધારે ચાલીશું.

### ઉપયોગ ગુણિત મોહનીયનું ચિત્ર

| | ચો. | ઉદય ભાંગા | ઉદય પદ | પદવૃંદ | ઉપયોગ | ચો. | ઉદય ભાંગા | ઉદય પદ | પદવૃંદ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મિથ્યાત્વ | ૮ | ૧૯૨ | ૬૮ | ૧૬૩૨ | × ૫ | ૪૦ | ૯૬૦ | ૩૪૦ | ૮૧૬૦ |
| ૨ સાસ્વાદન | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ | × ૫ | ૨૦ | ૪૮૦ | ૧૬૦ | ૩૮૪૦ |
| ૩ મિશ્ર | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ | × ૬ | ૨૪ | ૫૭૬ | ૧૯૨ | ૪૬૦૮ |
| ૪ અવિરત | ૮ | ૧૯૨ | ૬૦ | ૧૪૪૦ | × ૬ | ૪૮ | ૧૧૫૨ | ૩૬૦ | ૮૬૪૦ |
| ૫ દેશવિરત | ૮ | ૧૯૨ | ૫૨ | ૧૨૪૮ | × ૬ | ૪૮ | ૧૧૫૨ | ૩૧૨ | ૭૪૮૮ |
| ૬ પ્રમત્ત | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ | × ૭ | ૫૬ | ૧૩૪૪ | ૩૦૮ | ૭૩૯૨ |
| ૭ અપ્રમત્ત | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ | × ૭ | ૫૬ | ૧૩૪૪ | ૩૦૮ | ૭૩૯૨ |
| ૮ અપૂર્વકરણ | ૪ | ૯૬ | ૨૦ | ૪૮૦ | × ૭ | ૨૮ | ૬૭૨ | ૧૪૦ | ૩૩૬૦ |
| ૯ અનિવૃત્તિકરણ | | ૧૬ | | ૨૮ | × ૭ | | ૧૧૨ | | ૧૯૬ |
| ૧૦ સૂક્ષ્મસંપરાય | | ૧ | | ૧ | × ૭ | | ૭ | | ૭ |
| કુલ | ૫૨ | ૧૨૬૫ | ૩૫૨ | ૮૪૭૭ | | ૩૨૦ | ૭૭૯૯ | ૨૧૨૦ | ૫૧૦૮૩ |

સપ્તતિકાની ટીકામાં તથા ચૂર્ણિ આદિ ગ્રંથોમાં ઉપરોક્ત ભંગસંખ્યા છે. તથા સપ્તતિકાની ટીકામાં એમ પણ કહ્યું છે કે કેટલાક આચાર્યો ત્રીજા મિશ્ર ગુણસ્થાનકે ૩ અજ્ઞાન અને ૨ દર્શન એમ પાંચ જ ઉપયોગ હોય એમ કહે છે. તેઓના મતે ત્રીજા ગુણસ્થાનકે ઉપયોગ ગુણિત ચોવીશી ૨૪ ને બદલે ૨૦, ઉદયભાંગા ૫૭૬ ને બદલે ૪૮૦, ઉદયપદ ૧૯૨ ને બદલે ૧૬૦, અને પદવૃંદ ૪૬૦૮ ને બદલે ૩૮૪૦ સમજવાં. તેથી ચૌદે ગુણસ્થાનને ઉપયોગગુણિત ચોવીશી આદિ ઉપર જે લખ્યાં છે. તેમાં નીચે મુજબ ફેરફાર સ્વયં સમજી લેવો. ચોવીશી ૩૨૦ ને બદલે ૩૧૬, ઉદયભાંગા ૭૭૯૯ ને બદલે ૭૭૦૩, ઉદયપદ ૨૧૨૦ ને બદલે ૨૦૮૮ અને પદવૃંદ ૫૧૦૮૩ ને બદલે ૫૦૩૧૫ થાય છે. આ આંક પણ ટીકામાં આપેલા છે. તે ટીકાનો પાઠ અહીં લખતા નથી. ટીકા જોઈ લેવા ખાસ વિનંતિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચૌદે ગુણસ્થાનકે લેશ્યાગુણિત ચોવીશી વગેરે -**

કૃષ્ણ-નીલ-કાપોત-તેજો-પદ્મ અને શુક્લ આ છ લેશ્યા છે. આ ૬ લેશ્યામાં ગુણસ્થાનકો બે રીતે વિચારાય છે. (૧) પ્રતિપદ્યમાન, એટલે કે આ લેશ્યા વર્તતી હોય ત્યારે કેટલાં કેટલાં ગુણસ્થાનક તે તે જીવ વડે પામી શકાય ? અર્થાત્ ગુણસ્થાનકો ઉપર જીવ આરોહણ કરતો હોય ત્યારે કેટલી લેશ્યા હોય ? (૨) પૂર્વપ્રતિપન્ન, એટલે કે કોઈ પણ શુભ લેશ્યામાં વર્તીને ગુણ સ્થાનક પામી ગયા. ત્યારબાદ કઈ કઈ લેશ્યા અથવા કેટલી લેશ્યા આવી શકે ? આ બન્ને વિવક્ષાથી ગુણસ્થાનકો નીચે મુજબ હોય છે.

પ્રતિપદ્યમાનની અપેક્ષાએ ૧ થી ૪ ગુણસ્થાનકોમાં ૬ લેશ્યા, ૫ - ૬ - ૭ આ ત્રણ ગુણસ્થાનકોમાં તેજો-પદ્મ-શુકલ એમ ૩ શુભ લેશ્યા, કારણ કે કૃષ્ણાદિ લેશ્યા વર્તતી હોય ત્યારે દેશવિરતિ આદિ ગુણસ્થાનકો પામી શકાતાં નથી. ૮ - ૯ - ૧૦ - ૧૧ - ૧૨ - ૧૩ ગુણસ્થાનકે માત્ર ૧ શુક્લલેશ્યા જ હોય છે. તથા ચૌદમે ગુણઠાણે જીવ અલેશ્યી જાણવો. પૂર્વપ્રતિપન્નની અપેક્ષાએ ૧ થી ૬ ગુણઠાણામાં ૬ લેશ્યા, માત્ર સાતમે ત્રણ શુભલેશ્યા, અને અપૂર્વકરણાદિમાં શુક્લલેશ્યા અને અયોગીએ અલેશ્યી. આમ બન્ને પ્રકારોમાંથી અહીં પ્રથમના પ્રતિપદ્યમાનની અપેક્ષાએ લેશ્યાગુણિત ચોવીશી આદિ કહીશું.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**લેશ્યા ગુણિત મોહનીયનું ચિત્ર**

| | ચો. | ઉદય ભાંગા | ઉદય પદ | પદવૃંદ | ઉપયોગ | ચો. | ઉદય ભાંગા | ઉદય પદ | પદવૃંદ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મિથ્યાત્વ | ૮ | ૧૯૨ | ૬૮ | ૧૬૩૨ | × ૬ | ૪૮ | ૧૧૫૨ | ૪૦૮ | ૯૭૯૨ |
| ૨ સાસ્વાદન | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ | × ૬ | ૨૪ | ૫૭૬ | ૧૯૨ | ૪૬૦૮ |
| ૩ મિશ્ર | ૪ | ૯૬ | ૩૨ | ૭૬૮ | × ૬ | ૨૪ | ૫૭૬ | ૧૯૨ | ૪૬૦૮ |
| ૪ અવિરત | ૮ | ૧૯૨ | ૬૦ | ૧૪૪૦ | × ૬ | ૪૮ | ૧૧૫૨ | ૩૬૦ | ૮૬૪૦ |
| ૫ દેશવિરત | ૮ | ૧૯૨ | ૫૨ | ૧૨૪૮ | × ૩ | ૨૪ | ૫૭૬ | ૧૫૬ | ૩૭૪૪ |
| ૬ પ્રમત્ત | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ | × ૩ | ૨૪ | ૫૭૬ | ૧૩૨ | ૩૧૬૮ |
| ૭ અપ્રમત્ત | ૮ | ૧૯૨ | ૪૪ | ૧૦૫૬ | × ૩ | ૨૪ | ૫૭૬ | ૧૩૨ | ૩૧૬૮ |
| ૮ અપૂર્વ | ૪ | ૯૬ | ૨૦ | ૪૮૦ | × ૧ | ૪ | ૯૬ | ૨૦ | ૪૮૦ |
| ૯ અનિવૃત્તિ | | ૧૬ | | ૨૮ | × ૧ | | ૧૬ | | ૨૮ |
| ૧૦ સૂક્ષ્મસંપરાય | | ૧ | | ૧ | × ૧ | | ૧ | | ૧ |
| કુલ | ૫૨ | ૧૨૬૫ | ૩૫૨ | ૮૪૭૭ | | ૨૨૦ | ૫૨૯૭ | ૧૫૯૨ | ૩૮૨૩૭ |

આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનકે યોગગુણિત, ઉપયોગગુણિત અને લેશ્યાગુણિત ચોવીશી-ઉદયભાંગા-ઉદયપદ અને પદવૃંદો જાણવાં. વિશેષાર્થીએ સપ્તતિકાની ચૂર્ણિ, પૂ. મલયગિરિજી કૃત ટીકા વગેરે ગ્રંથો અવશ્ય જોવા. ॥ ૫૬ ॥

**तिन्नेगे एगेगं, तिग मीसे पञ्च चउसु तिग पुव्वे**
**( नियट्टिए तिन्नि ) ।**
**इक्कार बायरम्मि उ, सुहुमे चउ तिन्नि उवसंते ।।५७ ।।**

**त्रीण्येकस्मिन्, एकस्मिन्नेकं, त्रीणि मिश्रे पञ्च चतुर्षु त्रीण्यपूर्वे ( निवृत्तौ त्रीणि ), एकादश बादरे, सूक्ष्मे चत्वारि, त्रीणि उपशान्ते ।। ५७ ।।**

*ગાથાર્થ - મોહનીયકર્મનાં પહેલા એક ગુણઠાણે ત્રણ, બીજા એક ગુણઠાણે એક, મિશ્રે ત્રણ, ૪ થી ૭ સુધી ચાર ગુણઠાણામાં પાંચ, નિવૃત્તિકરણે-અપૂર્વકરણે ત્રણ, બાદરસંપરાયમાં અગિયાર, સૂક્ષ્મસંપરાયમાં ચાર, અને ઉપશાન્તમોહે ત્રણ સત્તાસ્થાન હોય છે.*

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

વિવેચન - હવે ચૌદ ગુણસ્થાનક ઉપર મોહનીયકર્મનાં સત્તાસ્થાનક કહેવાય છે. પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે ૨૮-૨૭-૨૬ એમ ત્રણ સત્તાસ્થાનક હોય છે. સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્રિપુંજીકરણ કરીને પડીને મિથ્યાત્વે આવેલા જીવને સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના સમાપ્ત ન થાય ત્યાં સુધી ૨૮ ની સત્તા જાણવી. સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ ગયે છતે સમાપ્ત થાય છે ત્યારે ૨૭ની સત્તા હોય છે. ત્યારબાદ પલ્યોપમનો બીજો અસંખ્યાતમો ભાગ ગયે છતે મિશ્રમોહનીયની પણ ઉદ્વલના સમાપ્ત કરે છે ત્યારે ૨૬ ની સત્તા હોય છે અથવા અનાદિ મિથ્યાત્વી જીવને પણ ત્રિપુંજીકરણ કરેલ ન હોવાથી સદા ૨૬ ની જ સત્તા હોય છે. આમ મિથ્યાત્વે ૨૮-૨૭-૨૬ ત્રણ સત્તાસ્થાન હોય છે.

સાસ્વાદને હંમેશાં ૨૮ ની જ સત્તા હોય છે કારણ કે ઔપશમિક સમ્યક્ત્વી જીવ જ સમ્યક્ત્વને વમતો વમતો સાસ્વાદને આવે છે ત્યાં અનંતાનુંબંધી આદિ કષાયોનો બંધ તથા ઉદય ચાલુ હોવાથી ૨૮ ની એક જ સત્તા હોય છે.

મિશ્ર ગુણસ્થાનકે ૨૮-૨૭-૨૪ એમ ત્રણ સત્તાસ્થાન હોય છે. ત્યાં જે જીવો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામેલા છે અને ૨૮-૨૪ ની સત્તાવાળા છે તેઓને મિશ્રમોહનીયનો ઉદય થવાથી તેઓ જ્યારે મિશ્રગુણઠાણે આવે છે ત્યારે ૨૮-૨૪ ની સત્તા હોય છે. અને મિથ્યાત્વે જઈ સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના કરી રહ્યા પછી મિશ્રમોહનીયની ઉદ્વલના કરતાં કરતાં મિશ્રમોહનીયનો ઉદય થવાથી જેઓ ત્રીજે

ગુણઠાણે આવે છે. તેઓને ૨૭ ની સત્તા હોય છે. આમ મિશ્રે ૨૮-૨૭-૨૪ નું મળીને કુલ ત્રણ સત્તાસ્થાન સંભવે છે.

અવિરતિ ગુણઠાણે-દેશવિરતે-પ્રમત્તે અને અપ્રમત્તે આ ચારે ગુણસ્થાનકે ૨૮-૨૪-૨૩-૨૨-૨૧ એમ કુલ પાંચ પાંચ સત્તાસ્થાનક હોય છે. ત્યાં ત્રણ પ્રકારના સમ્યક્ત્વવાળા જીવો હોય છે. તેમાં ઔપશમિક સમ્યક્ત્વીને ૨૮, અને અનંતાનુબંધીની વિસંયોજના કરેલી હોય, તેવા ઔપશમિક સમ્યક્ત્વીને ૨૪, આમ બે સત્તાસ્થાનક હોય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને પણ ઉપર મુજબ ૨૮-૨૪ એમ બે તો હોય જ છે. તદુપરાંત ક્ષાયિક સમ્યક્ત્વ પામવાનો પ્રારંભ કરનારને શરૂઆતમાં ૨૮, અનંતાનુબંધી ખપાવ્યા પછી ૨૪, મિથ્યાત્વ મોહનીય ખપાવ્યા પછી ૨૩ અને મિશ્ર મોહનીય ખપાવ્યા પછી સમ્યક્ત્વ મોહનીયનો પૂર્ણપણે ક્ષય ન થાય ત્યાં સુધી ૨૨ એમ ૨૮-૨૪-૨૩-૨૨ કુલ ૪ સત્તાસ્થાન હોય છે તથા ક્ષાયિકસમ્યક્ત્વીને દર્શનસપ્તકનો ક્ષય થયેલ હોવાથી ૨૧ નું જ એક સત્તાસ્થાન હોય છે.

અપૂર્વકરણ ગુણસ્થાનકે શ્રેણી હોવાથી માત્ર ઔપશમિકસમ્યક્ત્વી અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવો જ હોય છે. ત્યાં ઔપશમિકસમ્યક્ત્વીને ૨૮ - ૨૪, અને ક્ષાયિક સમ્યક્ત્વીને ૨૧ એમ કુલ ૩ જ સત્તાસ્થાનક હોય છે.

અનિવૃત્તિકરણ ગુણસ્થાનકે આઠમા ગુણસ્થાનકની જેમ જ ઉપશમશ્રેણીમાં ઔપશમિકસમ્યક્ત્વીને ૨૮-૨૪, અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવને ૨૧ કુલ ૩ સત્તાસ્થાનક હોય છે. પણ ક્ષપકશ્રેણીમાં ક્ષાયિક સમ્યક્ત્વી જ જીવ હોવાથી પ્રારંભમાં ૨૧, આઠ કષાયના ક્ષયે ૧૩, નપુંસકવેદના ક્ષયે ૧૨, સ્ત્રીવેદના ક્ષયે ૧૧, હાસ્યષટ્કના ક્ષયે ૫, પુરુષવેદના ક્ષયે ૪, સંજ્વલન ક્રોધના ક્ષયે ૩, માનના ક્ષયે ૨, અને માયાના ક્ષયે ૧- આમ ૨૧-૧૩-૧૨-૧૧-૫-૪-૩-૨-૧ મળીને ૯ સત્તાસ્થાનક ક્ષપકશ્રેણીમાં હોય છે. બન્ને શ્રેણીમાં મળીને ૩+૯ = ૧૨ સત્તાસ્થાનક થાય છે. પરંતુ ૨૧ નું સત્તાસ્થાનક બન્નેમાં હોવાથી એકવાર ગણતાં કુલ ૧૧ સત્તાસ્થાનક નવમા ગુણઠાણે થાય છે.

સૂક્ષ્મસંપરાયે ઉપશમશ્રેણીમાં ૨૮ - ૨૪ - ૨૧ અને ક્ષપકશ્રેણીમાં ૧ નું એમ કુલ ચાર સત્તાસ્થાનક હોય છે. ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે માત્ર ઉપશમશ્રેણીવાળા જ જીવો આવતા હોવાથી ૨૮ - ૨૪ - ૨૧ એમ ત્રણ જ સત્તાસ્થાનક હોય છે. સામાન્યથી ચૌદે ગુણસ્થાનકોમાં ઉપર મુજબ સત્તાસ્થાનક જાણવાં. હવે ઉદયચોવીશી, ઉદયભાંગા, ઉદયપદ અને પદવૃંદ ઉપર સત્તાસ્થાનક જાણવાં હોય તો ઉપર કહેલી ચર્ચા-વિચારણાથી સ્વયં સમજી લેવાં. છતાં અત્યન્ત સંક્ષેપથી આ પ્રમાણે છે. -

પહેલા ગુણઠાણે ચાર ચોવીશી અનંતાનુબંધીના ઉદયવાળી છે. ત્યાં ૨૮-૨૭ -૨૬ એમ ત્રણે સત્તા હોય છે. અને બાકીની ચાર ચોવીશી અનંતાનુબંધીના ઉદય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિનાની છે જે પ્રથમાવલિકા માત્રમાં જ હોય છે. ત્યાં ૨૮ ની એક જ સત્તા સંભવે છે. તેથી ૮-૯-૧૦ એમ ત્રણ ઉદયસ્થાનમાં ૪ ચોવીશી, ૯૬ ઉદયભાંગા, ૩૬ ઉદયપદ અને ૮૬૪ પદવૃંદમાં ૨૮-૨૭-૨૪ ત્રણ ત્રણ સત્તાસ્થાન હોય છે. અને બાકીની ૭-૮-૯ ના ઉદયે ૪ ચોવીશી, ૯૬ ઉદયભાંગા ૩૨ ઉદયપદ અને ૭૬૮ પદવૃંદમાં માત્ર એક ૨૮ ની જ સત્તા હોય છે. ગુણાકાર સ્વયં કરી લેવો. તથા ઉપયોગગુણિત અને લેશ્યાગુણિતમાં વિશેષતા નથી. પરંતુ યોગગુણિતમાં અનંતાનુબંધીના ઉદયવાળી ચાર ચોવીશી, ૯૬ ઉદયભાંગા વગેરેમાં તેર યોગ હોય છે. અને તેરે યોગે ૨૮ - ૨૭ - ૨૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાન હોય છે. પરંતુ અનંતાનુબંધી વિનાની ચાર ચોવીશી અને ૯૬ ઉદયભાંગા આદિમાં ઔ. મિશ્ર, વૈ. મિશ્ર અને કાર્મણકાયયોગ વિના ૧૦ જ યોગ હોય છે. તથા ૨૮નું જ માત્ર સત્તાસ્થાન હોય છે.

બીજા ગુણસ્થાનકે ૭ - ૮ - ૯ ના ઉદયે ૪ ચોવીશી, ૯૬ ઉદયભાંગા, ૩૨ ઉદયપદ અને ૭૬૮ પદવૃંદમાં સર્વત્ર એક ૨૮ ની સત્તા હોય છે. પરંતુ યોગગુણિતમાં બાર યોગે ચારે ચોવીસીમાં ૨૮ ની સત્તા હોય, અને વૈક્રિય મિશ્ર કાયયોગે ચાર ચોવીસીને બદલે ચાર ષોડશક હોય ત્યાં પણ એક ૨૮ ની જ સત્તા હોય. વૈક્રિયમિશ્ર કાયયોગે નપુંસકવેદ ન હોય.

ત્રીજા ગુણસ્થાનકે ૭-૮-૯ ના ઉદયે ૪ ચોવીશી, ૯૬ ઉદયભાંગા, ૩૨ ઉદયપદ અને ૭૬૮ પદવૃંદમાં સર્વત્ર ૨૮-૨૭-૨૪ એમ ત્રણ સત્તાસ્થાન હોય છે.

ચોથે - પાંચમે - છટ્ઠે અને સાતમે એમ ચારે ગુણઠાણે સમ્યક્ત્વ મોહનીયના ઉદયવાળી જે ચાર-ચાર ચોવીશીઓ છે. ત્યાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવ હોવાથી ૨૮ - ૨૪ - ૨૩ - ૨૨ એમ ચાર ચાર સત્તાસ્થાન જાણવાં. અને સમ્યક્ત્વ મોહનીયના ઉદય વિનાની જે ચાર-ચાર ચોવીશીઓ છે ત્યાં ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવો હોવાથી ૨૮ - ૨૪ - ૨૧ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાન જાણવાં. ઉપયોગગુણિત અને લેશ્યા ગુણિતમાં વિશેષતા નથી. પરંતુ યોગગુણિતમાં કંઈક વિશેષતા જાણવા જેવી છે તે આ પ્રમાણે -

ઉપશમ સમ્યક્ત્વમાં ૨૮-૨૪ એમ બે સત્તાસ્થાન છે. પરંતુ ઉપશમ સમ્યક્ત્વ બે જાતનું છે. અનાદિમિથ્યાત્વી પહેલામાં પહેલું જે સમ્યક્ત્વ પામે તે પ્રાથમિક ઉપશમસમ્યક્ત્વ, અને ઉપશમશ્રેણી માંડવા માટે જે ઉપશમ સમ્યક્ત્વ પામે તે શ્રેણિસંબંધી ઉપશમ સમ્યક્ત્વ. ત્યાં પ્રાથમિક ઉપશમસમ્યક્ત્વ ચારે ગતિમાં પામી શકાય છે. પરંતુ તેમાં મનના ૪, વચનના ૪, અને કાયાના ઔદારિક કાયયોગ અને વૈક્રિયકાયયોગ એમ ૧૦ જ યોગ હોય છે. અપર્યાપ્તાવસ્થાભાવી ઔ. મિશ્ર, વૈ. મિશ્ર

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કાર્મણ કાયયોગ હોતા નથી. કારણ કે ઉપશમ સમ્યક્ત્વી જીવ મૃત્યુ પામતો નથી. અને મૃત્યુ વિના અપર્યાપ્તા-વસ્થાભાવી ૩ યોગો આવતા નથી તથા આ દશે યોગમાં પ્રાથમિક ઉપશમસમ્યક્ત્વમાં માત્ર ૨૮ ની જ સત્તા હોય છે. કારણ કે પ્રાથમિક ઔપશમિકમાં અનંતાનુબંધિની વિસંયોજના સંભવતી નથી. હવે શ્રેણીસંબંધી ઔપશમિક સમ્યક્ત્વ મનુષ્યગતિમાં જ સંભવે. ત્યાં મનના ૪, વચનના ૪, અને ઔદારિક કાયયોગ એમ ૯ યોગમાં ૨૮-૨૪ બન્ને સત્તાસ્થાન હોય છે. તથા ઉપશમસમ્યક્ત્વમાં ઔદારિક મિશ્ર કાયયોગ તો સંભવતો જ નથી પરંતુ વૈક્રિયમિશ્ર કાયયોગ અને કાર્મણકાયયોગ માનવામાં જુદા જુદા મતો છે. ઉપશમશ્રેણીમાં ઉપશમસમ્યક્ત્વી જીવ મૃત્યુ પામે છે અને મરીને વૈમાનિક દેવલોકમાં (અથવા અનુત્તર વિમાનમાં) જ જાય છે ત્યારે કેટલાક આચાર્યો ઉપશમ સમ્યક્ત્વ લઈને જવાય છે એમ માને છે. તેમના મતે ચોથે ગુણઠાણે વૈક્રિયમિશ્ર અને કાર્મણ કાયયોગ સંભવે છે. ત્યાં ૬-૭-૮ ના ઉદયે ચાર ચોવીશીને બદલે માત્ર પુરુષવેદ જ હોવાથી ૪ અષ્ટક સંભવે છે. આ એક મત થયો. તથા કેટલાક આચાર્યો એમ માને છે કે ઉપશમશ્રેણીમાં ઉપશમસમ્યક્ત્વી જીવ મૃત્યુ પામે પણ બીજા જ સમયે સમ્યક્ત્વમોહનીયનો ઉદય થવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો બને, પણ ઉપશમવાળો ન રહે. તેથી દેવભવમાં જતાં વૈક્રિયમિશ્ર અને કાર્મણ કાયયોગ હોય પણ ઉપશસમ્યક્ત્વ ન હોય. તેથી ઉપશમ સમ્યક્ત્વમાં આ બે યોગ ન હોય. આ બીજો મત જાણવો. તથા વળી કેટલાક આચાર્યો એમ માને છે કે ઉપશમશ્રેણીમાં જે ઉપશમ સમ્યક્ત્વી જીવ હોય તે મૃત્યુ પામે નહીં. ભવક્ષયવાળું પતન પામે નહીં, માત્ર કાલક્ષયે જ પડે. અને જે જીવે ક્ષાયિક સમ્યક્ત્વ પામીને ઉપશમશ્રેણી માંડી હોય તેઓ જ મૃત્યુ પામે અને વૈમાનિક દેવમાં જાય. આ ત્રીજા મતે પણ ઔપશમિકસમ્યક્ત્વમાં વૈક્રિયમિશ્ર કાયયોગ અને કાર્મણ કાયયોગ સંભવે જ નહીં.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવ ચોથે ગુણઠાણે ચારે ગતિમાં પર્યાપ્તાવસ્થામાં હોઈ શકે છે. ૭-૮-૯ ના ઉદયે સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળી ૪ ચોવીશી હોય છે. ત્યાં દેવ-નારક અને તિર્યંચના ભવમાં ૨૮-૨૪ અને ૨૨ એમ ત્રણ જ સત્તાસ્થાન હોય, પરંતુ મનુષ્યના ભવમાં ક્ષાયિક પામવાનો પ્રારંભ થતો હોવાથી ૨૮-૨૪-૨૩-૨૨ એમ ૪ સત્તાસ્થાન હોય છે. ત્યાં ૪ મનના, ૪ વચનના અને ઔદારિક કાયયોગ એમ ૯ યોગમાં સમ્યક્ત્વમોહનીયના ઉદયવાળી ૪ ચોવીશીમાં મનુષ્યભવમાં ક્ષાયિક પામે છે તેને આશ્રયી ૨૮-૨૪-૨૩-૨૨ એમ ૪ સત્તાસ્થાન હોઈ શકે છે. વૈક્રિય કાયયોગ દેવ-નારકીને પર્યાપ્તાવસ્થામાં હોય, ત્યાં ચારે ચોવીશીએ ૨૮-૨૪ એમ બે જ સત્તાસ્થાન હોય, ઔદારિક મિશ્ર કાયયોગ દેવ-નારકીમાંથી અયુગલિક મનુષ્ય-તિર્યંચમાં આવે ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અયુગલિક મનુષ્ય-તિર્યંચોને અપર્યાપ્તાવસ્થામાં હોય, ત્યાં નપુંસકવેદ વિના ૪ ષોડશકે ૨૮-૨૪ એમ બે જ સત્તાસ્થાન હોય અથવા મતાન્તરે નપુંસકવેદ અને સ્ત્રીવેદ બન્ને વિના ૪ અષ્ટકે પણ બે જ સત્તાસ્થાન હોય છે. પરંતુ ક્ષાયિક પામતો અયુગલિક મનુષ્ય મૃત્યુ પામીને યુગલિક મનુષ્ય-તિર્યંચમાં જાય ત્યારે અપર્યાપ્તાવસ્થામાં ૪ ષોડશકે ૨૨ તથા ૨૧નું એમ બે સત્તાસ્થાન ઘટે છે. કાર્મણ કાયયોગે દેવમાં જાય ત્યારે ૪ ષોડશકે ૨૮-૨૪-૨૨, યુગલિક મનુષ્ય-તિર્યંચમાં જાય ત્યારે પણ ૪ ષોડશકે ૨૨, અને નરકમાં જાય ત્યારે માત્ર નપુંસકવેદ હોવાથી ૪ અષ્ટકે કેવલ ૨૨ ની જ સત્તા હોય છે. આ બધી હકીકત ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને આશ્રયી કહી છે. આમ જાણવું.

ક્ષાયિક સમ્યક્ત્વમાં ૯ યોગમાં સમ્યક્ત્વ મોહનીયના ઉદય વિનાની ચારે ચોવીસીએ ૨૧ ની સત્તા હોય, વૈક્રિય કાયયોગ દેવ-નરકમાં જ હોય, ત્યાં ક્ષાયિક પામેલા જીવો દેવમાં પુરુષવેદમાં જ જાય, અને નારકીમાં જાય ત્યારે ત્યાં નપુંસક વેદ જ છે. તેથી ત્યાં દેવભવમાં પુરુષવેદના જ ઉદયવાળાં અને નારકીમાં માત્ર નપુંસકવેદના જ ઉદયવાળાં ચાર-ચાર અષ્ટક જે હોય તેમાં ૨૧ ની જ સત્તા જાણવી. વૈક્રિય મિશ્રમાં પણ આમ જ જાણવું. ઔદારિકમિશ્ર કાયયોગ ત્રણ ભવ કરનારાને દેવ-નારકીમાંથી અયુગલિક મનુષ્ય-તિર્યંચમાં આવતાં અને ચાર ભવ કરનારાને આશ્રયી બીજા ભવે યુગલિકમાં અને ચોથા ભવે અયુગલિકમાં આવતાં બે વેદ માનનારાના મતે નપુંસકવેદ વિના ચાર ષોડશક હોય અને મનુષ્ય-તિર્યંચમાં પણ પુરુષવેદમાં જ આવે. એવું માનનારાના મતે ચાર અષ્ટક હોય ત્યાં ૨૧ ની સત્તા હોય. આ સઘળું વર્ણન ચોથા ગુણસ્થાનકને આશ્રયી જાણવું.

દેશવિરતિ ગુણસ્થાનક મનુષ્ય-તિર્યંચોને જ હોય છે. ત્યાં ૧૧ યોગ હોય, પરંતુ ક્ષાયિકમાં મનુષ્યોને ૧૧ યોગે ૨૧ નું ૧ સત્તાસ્થાન જાણવું. ઉપશમસમ્યક્ત્વી લબ્ધિ ફોરવે નહીં એટલે ઉપશમ સમ્યક્ત્વમાં મનુષ્ય-તિર્યંચોને ૯ યોગે ૨૮-૨૪ એમ ૨ સત્તાસ્થાન જાણવાં. ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને ૯ યોગે ૨૮-૨૪-૨૩-૨૨ એમ ૪ સત્તાસ્થાન જાણવાં. પણ ક્ષાયિક પામતા એવા ક્ષાયોપશમિક મનુષ્યને વૈક્રિયલબ્ધિ ફોરવવાની ન હોવાથી વૈક્રિય કાયયોગે અને વૈક્રિય મિશ્રકાયયોગે ૨૮-૨૪ એમ ૨ જ સત્તાસ્થાન જાણવાં.

છઠ્ઠું પ્રમત્ત ગુણસ્થાનક મનુષ્યમાં જ હોય ત્યાં ૧૩ યોગ હોય. ઔપશમિક સમ્યક્ત્વી લબ્ધિ ફોરવે નહીં તેથી તે ઉપશમસમ્યક્ત્વમાં ૯ યોગ હોય ત્યાં સમ્યક્ત્વ મોહનીયના ઉદય વિનાની ૪ ચોવીશીમાં ૨૮ - ૨૪ બે જ સત્તાસ્થાન જાણવાં. ક્ષાયિક સમ્યક્ત્વીને ૧૧ યોગમાં ચારે ચોવીશીએ ૨૧ નું સત્તાસ્થાન અને આહારક-આહારકમિશ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયયોગે સ્ત્રીવેદ વિના ચારે ષોડશકે ૨૧ નું સત્તાસ્થાન જાણવું. ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને ૯ યોગે ચારે ચોવીશીએ ૨૮ - ૨૪ - ૨૩ - ૨૨ એમ ૪ સત્તાસ્થાન હોય, પણ વૈક્રિય કાયયોગે અને વૈક્રિયમિશ્ર કાયયોગે ચારે ચોવીશીએ ૨૮ - ૨૪ એમ બે સત્તાસ્થાન હોય અને આહારક અને આહારક મિશ્રકાયયોગે સ્ત્રીવેદનો ઉદય ન હોવાથી ચારે ષોડશકે ૨૮ - ૨૪ એમ બે જ સત્તાસ્થાન હોય છે.

સાતમા ગુણઠાણે ૧૧ જ યોગ હોય છે. ઔપશમિક સમ્યક્ત્વી લબ્ધિ ફોરવે નહીં તેથી ૯ યોગે ચારે ચોવીશીએ ૨૮ - ૨૪ એમ બે જ સત્તાસ્થાન જાણવાં. ક્ષાયિક સમ્યક્ત્વીને ૧૦ યોગે ચારે ચોવીશીએ ૨૧ ની સત્તા હોય, પણ આહારક કાયયોગે સ્ત્રીવેદનો ઉદય ન હોવાથી ચારે ષોડશકે ૨૧ ની સત્તા હોય, ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને ૯ યોગે ૪ ચોવીશીએ ૨૮ - ૨૪ - ૨૩ - ૨૨ એમ ચાર સત્તાસ્થાન હોય, વૈક્રિય કાયયોગે ચારે ચોવીશીએ ૨૮ - ૨૪ એમ બે સત્તાસ્થાન હોય, અને આહારક કાયયોગે ચારે ષોડશકે ૨૮ - ૨૪ એમ બે સત્તાસ્થાન હોય છે.

આઠમા અપૂર્વકરણ ગુણઠાણે ૪ - ૫ - ૬ એમ ત્રણ ઉદયસ્થાનક, ચાર ઉદયચોવીશી. મનના ૪, વચનના ૪ અને ઔદારિક કાયયોગ એમ ૯ યોગે ઉપશમસમ્યક્ત્વીને ૨૮ - ૨૪ એમ બે સત્તાસ્થાનક અને ક્ષાયિકસમ્યક્ત્વીને ૨૧ નું એક સત્તાસ્થાનક જાણવું. અહીં ઉપશમ અથવા ક્ષપકશ્રેણી હોવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોતું જ નથી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

નવમા-દશમા અને અગિયારમા ગુણઠાણે પૂર્વે કહેલી સત્તા જાણી લેવી. આ ત્રણ ગુણઠાણામાં યોગગુણિત, ઉપયોગગુણિત કે લેશ્યાગુણિતમાં કોઈ વિશેષતા નથી. આ પ્રમાણે સવિસ્તરપણે મોહનીયકર્મ કહ્યું. ॥ ૫૭ ॥

**छन्नव छक्कं तिग सत्त दुगं, दुग तिग दुगं ति अट्ठ चउ ।**
**दुग छच्चउ दुग पण चउ, चउ दुग चउ पणग एग चउ ।। ५८ ।।**

**एगेगमट्ठ एगेगमट्ठ, छउमत्थकेवलिजिणाणं ।**
**एग चऊ एग चऊ, अट्ठ चऊ दुछक्कमुदयंसा ।। ५९ ।।**

षड् नव षट्कं, त्रीणि सप्त द्वे द्वे त्रीणि द्वे त्रीण्यष्ट चत्वारि ।
द्वे षट् चत्वारि द्वे पञ्च चत्वारि चत्वारि द्वे चत्वारि पञ्चैकं चत्वारि ।। ५८ ।।

एकमेकमष्टैकमेकमष्ट छद्मस्थकेवलिजिनयोः ।
एकं चत्वार्येकं चत्वार्यष्ट चत्वारि द्वे षट्कमुदयांशाः ।। ५९ ।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ - (નામકર્મમાં) ૬, ૯, ૬, ૩, ૭, ૨, ૨, ૩, ૨, ૩, ૮, ૪, ૨, ૬, ૪, ૨, ૫, ૪, ૪, ૨, ૪, ૫, ૧, ૪, ૧, ૧, ૮, ૧, ૧, ૮, અનુક્રમે બંધ-ઉદય અને સત્તાસ્થાન ૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં જાણવાં. છદ્મસ્થ જિનેશ્વરોને (એટલે કે ૧૧ - ૧૨ મા ગુણસ્થાનકવાળાને) તથા કેવલી જિનેશ્વરોને (એટલે કે ૧૩ - ૧૪ મા ગુણસ્થાનકવાળાને) અનુક્રમે ૧, ૪, ૧, ૪, ૮ - ૪, ૨ - ૬ ઉદયસ્થાન અને સત્તાસ્થાન હોય છે. ॥ ૫૮ - ૫૯ ॥*

વિવેચન - આ ગાથામાં ૧ થી ૧૪ ગુણસ્થાનકોમાં નામકર્મનાં બંધ-ઉદય અને સત્તાસ્થાન કેટલાં કેટલાં હોય ? તેની સંખ્યામાત્રનો અનુક્રમે ઉલ્લેખ છે. બંધભાંગા - ઉદયભાંગા - અને એક એક બંધભાગે - ઉદયભાંગે કેટલી કેટલી સત્તા હોય ? વગેરે બાબત પૂર્વે કહેલા સામાન્ય સંવેધને અનુસારે સ્વયં જાણી લેવું. ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી નામકર્મનો બંધ છે. ૧૧ મા ગુણસ્થાનકથી બંધ નથી. માત્ર ઉદય અને સત્તા જ છે. તેથી ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી ત્રણ ત્રણ આંક લાઈનસર લેવા. પહેલો આંક બંધસ્થાનનો, બીજો આંક ઉદયસ્થાનનો, અને ત્રીજો આંક સત્તાસ્થાનનો જાણવો. ૧૧ મા ગુણસ્થાનકથી બે બે આંક લેવા. પહેલો આંક ઉદયસ્થાનનો અને બીજો આંક સત્તાસ્થાનનો સમજવો. આ રીતે બન્ને ગાથાના અર્થ જોડવા.

(૧) પ્રથમ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક -

**छन्नवछक्कं** = ગાથામાં કહેલા સૌથી પહેલા આ ત્રણ આંક પહેલા ગુણઠાણે જાણવા. ૬ બંધસ્થાનક, ૯ ઉદયસ્થાનક અને ૬ સત્તાસ્થાનક, મિથ્યાત્વ ગુણઠાણે હોય છે. ત્યાં જિનનામકર્મ અને આહારકદ્વિકનો બંધ થતો નથી. તેથી તે તે પ્રકૃતિના બંધવાળાં બંધસ્થાનક અને બંધભાંગા પહેલા ગુણઠાણે હોતા નથી. માટે ૨૩ - ૨૫ - ૨૬ - ૨૮ - ૨૯ - ૩૦ એમ ૬ બંધસ્થાનક જાણવાં. તે છએના અનુક્રમે ૪ - ૨૫ - ૧૬ - ૯ - ૯૨૪૦ - ૪૬૩૨ મળીને કુલ ૧૩૯૨૬ બંધભાંગા હોય છે. દેવ પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૮, ૩૦ ના બંધનો ૧, ૩૧ ના બંધનો ૧, મનુષ્યપ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮, અને ગતિને આશ્રયી અપ્રાયોગ્ય ૧ ના બંધનો ૧ એમ કુલ ૧૯ બંધભાંગા જિનનામ અથવા આહારકવાળા હોવાથી અથવા ગતિને અપ્રાયોગ્ય હોવાથી પહેલા ગુણઠાણે સંભવતા નથી.

ઉદયસ્થાનક ૨૧ - ૨૪ - ૨૫ - ૨૬ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ અને ૩૧ એમ કુલ ૯ હોય છે. ઉદ્યોતના ઉદયવાળા વૈક્રિય મનુષ્યના ૩, આહારક મનુષ્યના ૭, અને કેવલી પરમાત્માના ૮ છોડીને બાકીના ૭૭૭૩ ઉદયભાંગા પહેલા ગુણઠાણે સમજવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૮" આમ ૬ સત્તાસ્થાનકો જાણવાં. **નોભયસંતે મિચ્છો** = ઉભયની સત્તાવાળો જીવ મિથ્યાત્વી ન થાય એટલે મિથ્યાત્વે ૯૩ ની સત્તા ન હોય, પૂર્વકાલમાં નરકના બદ્ધાયુષ્કને જિનનામ બાંધ્યા પછી મિથ્યાત્વે જતાં અંતર્મુહૂર્ત જિનનામકર્મની સત્તા પહેલા ગુણઠાણે હોય છે. તેથી ૮૯ ની સત્તા સંભવે છે. બાકીનાં સત્તાસ્થાનક શ્રેણીગત હોવાથી સંભવતાં નથી. હવે સંવેધ આ પ્રમાણે છે.

૨૩ નો બંધ અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. તેના ૪ બંધભાંગા છે. તેને બાંધનારા મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચે. તિર્યંચ અને મનુષ્યો હોય છે. ઉદયભાંગા ૭૭૦૪ છે. સત્તાસ્થાનક ૫ છે. ઉદયસ્થાન વાર સત્તાસ્થાન ગણીએ તો ૪૦ સત્તાસ્થાન થાય છે અને ઉદયભાંગાવાર ગણીએ તો ૩૦૯૭૨ થાય છે. તેને ચાર બંધભાંગે ગુણીએ તો ૧૨૩૮૮૮ છે. (ગાથા ૩૩ - ૩૪ ના વિવેચનમાં પાના નં. ૯૯ થી ૧૦૧ માં જુઓ) સંપૂર્ણપણે સામાન્ય સંવેધની જેમ જ અહીં સમજવું. કારણ કે આ બંધ મિથ્યાત્વે જ થાય છે.

૨૫ નો બંધ પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય, અપર્યાપ્ત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય, અપર્યાપ્ત પં. તિર્યંચ પ્રાયોગ્ય અને અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય છે તેના અનુક્રમે ૨૦-૩-૧-૧ = ૨૫ બંધભાંગા છે. એકેન્દ્રિયના ૨૦ બંધભાંગામાંથી બાદર-પર્યાપ્ત પ્રત્યેકના ૮ બંધભાંગાના બંધક-દેવ-મનુષ્ય-તિર્યંચ છે અને બાકીના બંધભાંગાના બંધક માત્ર તિર્યંચ-મનુષ્યો જ છે તેથી ૮ બંધ ભાંગાનો સંવેધ, ૧૬ બંધભાંગાનો સંવેધ અને અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૧ બંધભાંગાનો સંવેધ પૂર્વે કહેલી ગાથા ૩૩-૩૪ના વિવેચનના પાના નં. ૧૦૧ થી ૧૦૩ પ્રમાણે જ જાણવો. ૮ બંધભાંગે ૨,૪૮,૮૦૦ સત્તાસ્થાન, ૧૬ બંધભાગે ૪,૯૫,૫૫૨ સત્તાસ્થાન અને ૧ બંધભાંગે ૩૦૬૨૮ સત્તાસ્થાન સંભવે છે. સર્વે મળીને ૨૫ ના બંધે કુલ ૭,૭૪,૯૮૦ સત્તાસ્થાન ઘટે છે. આ સઘળો બંધ પણ મિથ્યાત્વે જ થાય છે. માટે ઓઘ બંધની તુલ્ય જ છે.

૨૬ ના બંધે પણ ગાથા ૩૩ - ૩૪ ના વિવેચનના પાના નં. ૧૦૩ પ્રમાણે ૧૬ બંધભાંગા હોવાથી અને તે પણ મિથ્યાત્વે જ બંધાતા હોવાથી ઓઘબંધની જેમજ ૪,૯૭,૬૦૦ સત્તાસ્થાન હોય છે.

૨૮ ના બંધે દેવપ્રાયોગ્ય ૮ અને નરકપ્રાયોગ્ય ૧ કુલ ૯ બંધભાંગા છે. ૨૫-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ એમ ૬ ઉદયસ્થાનક, વૈક્રિય તિર્યંચના ૫૬, વૈક્રિય મનુષ્યના ૩૨, સામાન્ય તિર્યંચના ૩૦-૩૧ના ઉદયના ૧૧૫૨-૧૧૫૨, અને સામાન્ય મનુષ્યના ૩૦ના ઉદયના ૧૧૫૨ મળીને કુલ ૩૫૪૪ ઉદયભાંગા હોય છે. ૯૨, ૮૯, ૮૮, ૮૬ એમ ૪ સત્તાસ્થાનક હોય છે. સામાન્યપણે દેવપ્રાયોગ્ય ૨૮ નો બંધ કરણ અપર્યાપ્તાવસ્થામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કરણ પર્યાપ્તાવસ્થામાં એમ બન્નેમાં થાય છે. પરંતુ કરણ અપર્યાપ્તાવસ્થામાં સમ્યગ્દષ્ટિ હોય તો જ દેવપ્રાયોગ્ય બંધ કરે છે. તેથી આ મિથ્યાત્વ ગુણઠાણે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત એવા સામાન્ય તિર્યંચ-મનુષ્યના સ્વરવાળા ૧૧૫૨-૧૧૫૨-૧૧૫૨ જ ઉદયભાંગા લેવા. ત્યાં સર્વત્ર ૯૨-૮૮-૮૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાન સંભવે છે અને વૈક્રિય તિર્યંચ તથા વૈક્રિય મનુષ્યના ૫૬+૩૨ = ૮૮ ઉદયભાંગામાં માત્ર ૯૨-૮૮ એમ બે જ સત્તાસ્થાન હોય છે. ૩૪૫૬×૩ = ૧૦૩૬૮ તથા ૮૮×૨ = ૧૭૬ આ બન્ને મળીને ૧૦૫૪૪ સત્તાસ્થાન થાય છે. તેને દેવપ્રાયોગ્યના ૮ બંધભાંગાએ ગુણતાં ૮૪૩૫૨ સત્તાસ્થાન દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધે મિથ્યાત્વગુણઠાણે જાણવાં.

નરકપ્રાયોગ્ય ૨૮ ના બંધે વૈક્રિય તિર્યંચના ૫૬, વૈક્રિય મનુષ્યના ૩૨ ઉદયભાંગે ૯૨ - ૮૮ એમ ૨ સત્તાસ્થાન હોય છે. આ વિધાન પ્રસિદ્ધ ગુજરાતી વિવેચનોના આધારે કરેલ છે. સામાન્ય તિર્યંચના ૩૦ ના અને ૩૧ ના ઉદયના સ્વરવાળા ૧૧૫૨ - ૧૧૫૨ ઉદયભાંગામાં ૯૨-૮૮-૮૬ એમ ૩ સત્તાસ્થાન જાણવાં. તથા સામાન્ય મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૧૫૨ ઉદયભાંગામાં ૯૨ - ૮૯ - ૮૮ - ૮૬ એમ ચાર-ચાર સત્તાસ્થાન જાણવાં. કુલ ૫૬ + ૩૨ = ૮૮ × ૨ = ૧૭૬ તથા ૧૧૫૨ + ૧૧૫૨ = ૨૩૦૪ × ૩ = ૬૯૧૨, વળી ૧૧૫૨ × ૪ = ૪૬૦૮ સર્વે મળીને ૧૧૬૯૬ સત્તાસ્થાન હોય છે. કોઈ કોઈ આચાર્યો ચૂર્ણિકાર, સપ્તતિકા-વૃત્તિકાર અને પંચસંગ્રહની વૃત્તિ આદિમાં નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે વૈક્રિય-તિર્યંચ અને વૈક્રિય મનુષ્યના ઉદયભાંગા નથી લેતા. તેથી તે ન ગણીએ તો ૧૭૬ સત્તાસ્થાન ઓછાં કરતાં નરકપ્રાયોગ્ય ૨૮ ના બંધે ૧૧૫૨૦ સત્તાસ્થાન થાય છે. દેવ-નરક પ્રાયોગ્ય બંધનાં સત્તાસ્થાન સાથે ગણતાં ૯૫૮૭૨ સત્તાસ્થાન જાણવાં.

૨૯ નો બંધ મિથ્યાત્વ ગુણઠાણે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૨૪), પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય (૪૬૦૮) અને મનુષ્ય પ્રાયોગ્ય (૪૬૦૮) હોય છે. કુલ ૯૨૪૦ બંધભાંગા હોય છે. આ ત્રણે પ્રકારનો સંવેધ પહેલાં ગાથા ૩૩ - ૩૪ ના વિવેચનમાં જે રીતે લખ્યો છે તે જ રીતે પરિપૂર્ણપણે અહીં મિથ્યાત્વ ગુણઠાણે સંભવે છે. માટે પાના નં. ૧૦૯ થી ૧૧૨ માં જુઓ. વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધે ૭૭૦૪ ઉદયભાંગા, ૩૦૯૭૨ સત્તાસ્થાનક, તેને ૨૪ બંધભાંગાએ ગુણતાં ૭,૪૩,૩૨૮ સત્તાસ્થાન હોય છે. પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધમાં ૭૭૭૩ ઉદયભાંગા, તેનાથી ગુણાયેલાં સત્તાસ્થાન ૩૧૧૧૦ થાય છે. તે સત્તાસ્થાનને ૪૬૦૮ બંધભાંગાથી ગુણવાથી ૧૪,૩૩,૫૪,૮૮૦ સત્તાસ્થાન થાય છે તથા મનુષ્યપ્રાયોગ્ય ૨૯ ના બંધે ૭૭૭૦ ઉદયભાંગા, ઉદયભાંગાઓથી ગુણિત સત્તાસ્થાનક આઠ બંધભાંગામાં ૩૦૭૭૧, અને બાકીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૬૦૦ બંધભાંગામાં ૩૦૭૬૬ હોય છે તેથી ૩૦,૭૭૧ ને ૮ વડે ગુણતાં, અને ૩૦,૭૬૬ ને ૪૬૦૦ વડે ગુણતાં, અને બન્ને સાથે મેળવતાં ૧૪,૧૭,૬૯,૭૬૮ સત્તાસ્થાન થાય છે. વિકલેન્દ્રિય પ્રા. પં. તિર્યંચ પ્રા. અને મનુષ્ય પ્રા. સાથે મેળવતાં ૨૮,૫૮,૬૭,૯૭૬ સત્તાસ્થાન ૨૯ ના બંધે થાય છે.

૩૦ નો બંધ માત્ર વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૨૪) અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૪૬૦૮) જ હોય છે. મનુષ્યપ્રાયોગ્ય બંધ જિનનામ સહિત અને દેવ પ્રાયોગ્ય બંધ આહારકદ્વિક સહિત હોવાથી પહેલા ગુણઠાણે તે બંધ નથી. સંવેધ પૂર્વે જણાવેલ ગાથા ૩૩-૩૪ ના વિવેચનમાં પાના નં. ૧૧૫-૧૧૬ પ્રમાણે જ જાણવો. સત્તાસ્થાનક પણ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધે ૭,૪૩,૩૨૮ અને પં. તિર્યંચપ્રાયોગ્ય બંધે ૧૪,૩૩,૫૪,૮૮૦ પૂર્વની જેમ જ હોય છે. બન્ને મળીને ૧૪,૪૦,૯૮,૨૦૮ થાય છે.

મિથ્યાત્વ ગુણસ્થાનકે બંધભાંગા અને ઉદયભાંગાથી ગુણિત કુલ સત્તાસ્થાનક ૪૩,૦૭,૧૫,૧૯૬ થાય છે. તે આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ૨૩ ના બંધે | ૧,૨૩,૮૮૮ |
| ૨૫ ના બંધે | ૭,૭૪,૯૮૦ |
| ૨૬ ના બંધે | ૪,૯૭,૬૦૦ |
| ૨૮ ના બંધે | ૯૫,૮૭૨ |
| ૨૯ ના બંધે | ૨૮,૫૮,૬૭,૯૭૬ |
| ૩૦ ના બંધે | ૧૪,૩૩,૫૪,૮૮૦ |
| કુલ | ૪૩,૦૭,૧૫,૧૯૬ |

સર્વે મળીને કુલ ૪૩,૦૭,૧૫,૧૯૬ સત્તાસ્થાન થાય છે. સામાન્યપણે સંવેધ પૂર્વે સમજાવ્યો છે તેમ અહીં જાણી લેવો. આ પ્રથમ ગુણસ્થાનકનો સંવેધ છે. આ વાત ધ્યાનમાં રાખવી.

(૨) સાસ્વાદન ગુણસ્થાનક -

**तिग सत्त दुगं** = આ ત્રણ પદ સાસ્વાદન ગુણઠાણામાં જોડવાનાં છે. ૨૮-૨૯-૩૦ એમ ૩ બંધસ્થાનક, ૨૧, ૨૪, ૨૫, ૨૬ તથા ૨૯, ૩૦, ૩૧ એમ ૭ ઉદયસ્થાનક અને ૯૨-૮૮ બે સત્તાસ્થાનક હોય છે. ત્યાં સાસ્વાદને જાતિચતુષ્ક અને સ્થાવર ચતુષ્ક બંધાતું ન હોવાથી બીજાં બંધસ્થાનકો (૨૩ - ૨૫ - ૨૬) સંભવતાં નથી. તથા જિનનામ અને આહારક દ્વિક બંધાતું ન હોવાથી દેવપ્રાયોગ્ય ૨૯, મનુષ્યપ્રાયોગ્ય ૩૦ તથા ૩૧ - ૧ વગેરે બંધસ્થાન ઘટતાં નથી. બંધભાંગા દેવપ્રાયોગ્ય ૨૮ ના ૮, મનુષ્ય પ્રાયોગ્ય અને તિર્યંચપ્રાયોગ્ય ૨૯ ના બંધે તથા તિર્યંચપ્રાયોગ્ય ૩૦ ના બંધે ૪૬૦૮ ને બદલે ૩૨૦૦ - ૩૨૦૦ - ૩૨૦૦ જ બંધભાંગા હોય છે. કારણ કે છેવટ્ઠું સંઘયણ અને હુંડક સંસ્થાન બંધાતું ન હોવાથી ૫ સંઘયણ ×

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫ સંસ્થાન = ૨૫, × ૨ વિહાયોગતિ = ૫૦ તેને સ્થિરાસ્થિર, શુભાશુભ સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય, સુસ્વર-દુસ્વર અને યશ-અપયશ એમ ગુણાકાર કરવાથી ત્રણે સ્થાને ૩૨૦૦ જ બંધભાંગા થાય છે તેથી કુલ ૯૬૦૮ બંધભાંગા જાણવા.

સાસ્વાદન ગુણસ્થાનક ઉપશમસમ્યક્ત્વથી પડતાં આવે છે. સાસ્વાદને વર્તતો જીવ મૃત્યુ પામીને પરભવમાં એકેન્દ્રિયમાં, વિકલેન્દ્રિયમાં, પં.તિર્યંચમાં, મનુષ્યમાં અને દેવભવમાં લબ્ધિપર્યાપ્તામાં જાય છે. પણ નારકીમાં જતો નથી. ત્યાં ગયા પછી પણ આ સાસ્વાદન વધુમાં વધુ ૬ આવલિકા સુધી જ રહે છે. તે કાલે શરીર પર્યાપ્તિ પણ પૂર્ણ થતી નથી. તેથી પારભવિક સાસ્વાદન ઉપરોક્ત ભવોમાં પ્રથમનાં ૨ ઉદયસ્થાનક સુધી જ હોય છે અને નવું સાસ્વાદન પર્યાપ્તાવસ્થામાં જ પામી શકાય છે કારણ કે ઉપશમ સમ્યક્ત્વ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જ પ્રાપ્ત કરી શકે છે. અને ઉપશમ પામે તો જ સાસ્વાદન આવે છે. માટે સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થાવાળાં ૨૯ - ૩૦ - ૩૧ એમ ૩ ઉદયસ્થાનક હોય છે. આ રીતે વિચારતાં એકેન્દ્રિયમાં ૨૧ - ૨૪, વિકલેન્દ્રિયમાં ૨૧ - ૨૬, પં. તિર્યંચમાં ૨૧ - ૨૬, સા. મનુષ્યમાં ૨૧ - ૨૬ અને દેવભવમાં ૨૧ - ૨૫, એમ ૨૧ - ૨૪ - ૨૫ - ૨૬ કુલ ૪ ઉદયસ્થાનક પારભવિક સાસ્વાદનમાં હોય છે. અને પર્યાપ્ત અવસ્થામાં નવા પ્રાપ્ત કરાતા સાસ્વાદનમાં સા. તિર્યંચમાં ૩૦-૩૧, સા. મનુષ્યમાં ૩૦, દેવોમાં ૨૯ - ૩૦, અને નારકીમાં ૨૯ આમ ૩ ઉદયસ્થાનક નવા સાસ્વાદનને આશ્રયી હોય છે. એમ બન્ને મળીને ૨૧ - ૨૪ - ૨૫ - ૨૬ તથા ૨૯ - ૩૦ - ૩૧ કુલ ૭ ઉદયસ્થાનક સંભવે છે.

૨૭ - ૨૮ નાં ઉદયસ્થાનક સાસ્વાદને ન હોય, કારણ કે આ બન્ને ઉદયસ્થાનક શરીર પર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી અને સર્વ પર્યાપ્તિ પૂર્ણ કર્યા પહેલાં આવે છે. તેથી આ ઉદયસ્થાનક આવતાં આવતાં પરભવથી લઈને આવેલું સાસ્વાદન ચાલ્યું જાય છે. અને નવું સાસ્વાદન કરણ અપર્યાપ્ત અવસ્થા હોવાથી પામી શકાતું નથી તથા પં. તિર્યંચ અને મનુષ્યમાં લબ્ધિ પ્રત્યયિક વૈક્રિય હોવાના કારણે અને સાસ્વાદનનો અલ્પકાલ હોવાથી વૈક્રિય લબ્ધિ ફોરવતા નથી. માટે સાસ્વાદને ૨૭ - ૨૮ નો ઉદય સંભવતો નથી. ૮ - ૯ - ૨૦ નાં ઉદયસ્થાનો કેવલી ભગવાનનાં છે. તેથી તે ઉદયસ્થાનો સાસ્વાદને સંભવતાં નથી.

સાસ્વાદન ગુણસ્થાનક લઈને એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-પં. તિર્યંચ-મનુષ્ય અને દેવમાં જવાય છે. પણ એકેન્દ્રિયમાં બાદર-પર્યાપ્તા-પ્રત્યેકમાં જ જવાય છે. સૂક્ષ્મ-અપર્યાપ્તા કે સાધારણમાં જવાતું નથી. કારણ કે સૂક્ષ્મત્રિકનો ઉદય મિથ્યાત્વે જ છે. સાસ્વાદને જતાં તેનો ઉદય વિચ્છેદ પામે છે. તેથી ઉદયભાંગા નીચે મુજબ સંભવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| એકેન્દ્રિયમાં ૨૧ ના ઉદયે | ૨ |
| એકેન્દ્રિયમાં ૨૪ ના ઉદયે | ૨ |
| વિકલેન્દ્રિયમાં ૨૧ ના ઉદયે | ૬ |
| વિકલેન્દ્રિયમાં ૨૬ ના ઉદયે | ૬ |
| સા. તિર્યંચમાં ૨૧ ના ઉદયે | ૮ |
| સા. તિર્યંચમાં ૨૬ ના ઉદયે | ૨૮૮ |
| સા. તિર્યંચમાં ૩૦ ના ઉદયે | ૧૧૫૨ |
| સા. તિર્યંચમાં ૩૧ ના ઉદયે | ૧૧૫૨ |
| સા. મનુષ્યમાં ૨૧ ના ઉદયે | ૮ |
| સા. મનુષ્યમાં ૨૬ ના ઉદયે | ૨૮૮ |
| સા. મનુષ્યમાં ૩૦ ના ઉદયે | ૧૧૫૨ |
| દેવભવમાં ૨૧ ના ઉદયે | ૮ |
| દેવભવમાં ૨૫ ના ઉદયે | ૮ |
| દેવભવમાં ૨૯ ના ઉદયે | ૮ |
| દેવભવમાં ૩૦ ના ઉદયે | ૮ |
| નારકીમાં ૨૯ ના ઉદયે | ૧ |
| સર્વે મળીને | ૪૦૯૭ |

સાસ્વાદને ઉદયભાંગા આ રીતે પણ ગણાય

| | | |
|---|---|---|
| ૨૧ ના ઉદયે એકે. | ૨ | |
| ૨૧ ના ઉદયે વિકલે. | ૬ | |
| ૨૧ ના ઉદયે સા. તિર્યં. | ૮ | ૩૨ |
| ૨૧ ના ઉદયે સા. મનુ. | ૮ | |
| દેવના ૨૧ ના ઉદયે | ૮ | |
| ૨૪ ના ઉદયે એકે. | ૨ | ૨ |
| ૨૫ ના ઉદયે દેવના | ૮ | ૮ |
| ૨૬ ના ઉદયે વિકલે. | ૬ | |
| ૨૬ ના ઉદયે સા. તિર્યં. | ૨૮૮ | ૫૮૨ |
| ૨૬ ના ઉદયે સા. મનુ. | ૨૮૮ | |
| ૨૯ ના ઉદયે નારકીનો | ૧ | |
| ૨૯ ના ઉદયે દેવના | ૮ | ૯ |
| ૩૦ ના ઉદયે સા. તિ. | ૧૧૫૨ | |
| ૩૦ ના ઉદયે સા.મ. | ૧૧૫૨ | ૨૩૧૨ |
| ૩૦ ઉદયે દેવના | ૮ | |
| ૩૧ ના ઉદયે સા.તિ. | ૧૧૫૨ | ૧૧૫૨ |

ઉદયભાંગા સાસ્વાદને ૪૦૯૭ હોય છે.

સર્વે મળીને કુલ ૪૦૯૭

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સત્તાસ્થાનક ૯૨ - ૮૮ એમ ૨ જ હોય છે. કારણ કે જિનનામકર્મ બાંધ્યા પછી જીવ સાસ્વાદને આવતો નથી. એટલે ૯૩-૮૯ ની સત્તા ન હોય. ૮૬, (ક્ષપકશ્રેણી વિનાનું) ૮૦ અને ૭૮ આ ત્રણ સત્તાસ્થાનક એકેન્દ્રિયના ભવમાં વૈક્રિય અષ્ટક અને મનુષ્યદ્વિકની ઉદ્વલના કર્યા પછી તે ભવમાં, અથવા ત્યાંથી નીકળીને અન્ય ભવમાં શરીર પર્યાપ્તિ અને સર્વ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી જ હોય છે અને તે કાલે તથા પ્રકારની વિશુદ્ધિ ન હોવાથી નવું ઉપશમસમ્યક્ત્વ પામી શકાતું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. માટે સાસ્વાદન આવતું નથી. આ કારણે સાસ્વાદને ૮૬ - ૮૦ - ૭૮ ની સત્તા ન હોય. બાકીનાં સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં જ આવનાર છે. તેથી સાસ્વાદને ન હોય. હવે સંવેધ આ પ્રમાણે છે -

દેવ પ્રાયોગ્ય ૨૮ બંધે ૮ બંધભાંગા, ૩૦ - ૩૧ એમ બે જ ઉદયસ્થાનક ૩૦ ના ઉદયે સ્વરવાળા સા. તિર્યંચના ૧૧૫૨, અને મનુષ્યના ૧૧૫૨ ઉદયભાંગા અને ૩૧ ના ઉદયે સા. તિર્યંચના ૧૧૫૨ ઉદયભાંગા, કુલ ૩૪૫૬ ઉદયભાંગા હોય છે. સામાન્યથી ૯૨, ૮૮ બે સત્તાસ્થાનક હોય છે. ત્યાં ૩૦ ના ઉદયે તિર્યંચમાં ફક્ત ૮૮, અને મનુષ્યમાં પ્રથમના ત્રણ સંઘયણના ૫૭૬ ભાંગામાં ૯૨, ૮૮ એમ ૨ સત્તાસ્થાન જાણવાં, અને બાકીના ૫૭૬ મનુષ્યના ભાંગામાં તથા ૩૧ ના ઉદયે માત્ર તિર્યંચ જ હોવાથી એક ૮૮ ની જ સત્તા હોય છે. આ રીતે ૩૦ ના ઉદયે ૨, અને ૩૧ ના ઉદયે ૧ એમ ઉદયસ્થાનવાર સત્તાસ્થાન ૩ થાય છે પણ ઉદયભાંગાવાર કરીએ તો ૩૦ ના ઉદયે તિર્યંચના ૧૧૫૨ ઉદયભાંગામાં એક ૮૮, મનુષ્યના ૫૭૬ ઉદયભાંગામાં ૯૨ - ૮૮, શેષ ૫૭૬ ભાંગામાં ફક્ત ૮૮ અને ૩૧ ના ઉદયે તિર્યંચના ૧૧૫૨ ઉદયભાંગામાં એક ૮૮, એમ સર્વે મળીને ૨૮ ના બંધે ઉદયભાંગાથી ગુણિત સત્તાસ્થાન ૧૧૫૨ × ૧ = ૧૧૫૨, ૫૭૬ × ૨ = ૧૧૫૨, ૫૭૬ × ૧ = ૫૭૬, ૧૧૫૨ × ૧ = ૧૧૫૨ કુલ ૪૦૩૨ સત્તાસ્થાન થાય છે. તેને ૮ બંધભાંગાથી ગુણતાં ૩૨૨૫૬ સત્તાસ્થાન થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

અહીં એક વાત ખાસ સમજવા જેવી એ છે કે ૯૨ ની સત્તા માત્ર મનુષ્યને જ ૩૦ ના ઉદયે જ, ૧૧૫૨ ઉદયભાંગામાંથી પ્રથમનાં ત્રણ સંઘયણના ૫૭૬ ઉદયભાંગામાં જ હોય છે. બાકીના તમામ ઉદયસ્થાનોમાં અને ઉદયભાંગાઓમાં સાસ્વાદને માત્ર ૮૮ ની એક જ સત્તા હોય છે. કારણ કે સાસ્વાદન ગુણસ્થાનક ઉપશમસમ્યક્ત્વથી પડતાં જ આવે છે. અને ઉપશમસમ્યક્ત્વ બે જાતનું છે. એક પ્રાથમિક અને બીજું શ્રેણીસંબંધી. ત્યાં પ્રાથમિક ઉપશમસમ્યક્ત્વ પામીને જે જીવ સાસ્વાદને આવે છે તેણે આહારકદ્વિક બાંધેલું હોતું નથી. તેથી એકેન્દ્રિય-વિકલેન્દ્રિય પં. તિર્યંચ, સા. મનુષ્ય અને દેવભવમાં પારભવિક સાસ્વાદન લઈને આવનારાને ૯૨ ની સત્તા સંભવતી નથી. નવું ઉપશમસમ્યક્ત્વ નરક-પં. તિર્યંચ, દેવ અને મનુષ્યભવમાં પામી શકાય છે. ત્યાંથી સાસ્વાદને પર્યાપ્તાવસ્થામાં જઈ શકે છે. પરંતુ તે કાલે આહારકદ્વિક બાંધેલું હોતું નથી. કારણ કે શ્રેણી સંબંધી મનુષ્યભવ વિના અન્ય સર્વે ભવોમાં આ ઉપશમસમ્યક્ત્વ પહેલામાં પહેલું થાય છે. તેથી પ્રાથમિક ઉપશમ સમ્યક્ત્વવાળાને સાસ્વાદને જતાં ૯૨ ની સત્તા સંભવતી નથી. ફક્ત શ્રેણીસંબંધી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપશમ પામનારને ઉપશમ પામતાં પહેલાં ક્ષયોપશમ સમ્યક્ત્વ હોય ત્યારે અથવા ઉપશમ પામીને પણ અપ્રમત્તે જાય ત્યારે આહારકદ્વિક બાંધીને ઉપશમશ્રેણીનું આરોહણ કરીને, ત્યાંથી પડીને સાસ્વાદને જતાં ૯૨ ની સત્તા હોઈ શકે છે. પણ તે કાલે જીવ નિયમા મનુષ્ય જ હોય છે. તથા શ્રેણીનું આરોહણ કરેલું હોવાથી પ્રથમનાં ત્રણ સંઘયણના ૫૭૬ ઉદયભાંગામાં જ ૯૨ ની સત્તા સંભવે છે. બાકીના ૫૭૬ ઉદયભાંગામાં માત્ર ૮૮નું જ સત્તાસ્થાન હોય છે.

પ્રશ્ન - આવા પ્રકારનો ઉપશમશ્રેણીગત મનુષ્ય પડીને સાસ્વાદને જ્યારે આવે અને મૃત્યુ પામીને અન્ય ગતિમાં જાય ત્યારે ૨૧ - ૨૪ - ૨૫ - ૨૬ ના ઉદયમાં અન્ય ગતિમાં ૯૨ ની સત્તા કેમ ન હોય ?

ઉત્તર - ઉપશમશ્રેણીથી પડીને કે ઉપશમશ્રેણીમાં જે જીવ મૃત્યુ પામે છે તે જીવ મૃત્યુ પામીને માત્ર અનુત્તરવાસી (વૈમાનિક) દેવ સિવાય અન્યત્ર ક્યાંય જતો નથી તેથી એકેન્દ્રિય-વિકલેન્દ્રિય પં. તિર્યંચ અને મનુષ્યાદિ ભવોમાં અપર્યાપ્તાવસ્થામાં ૨૧-૨૪-૨૫-૨૬ માં ૯૨ ની સત્તા હોતી નથી. કારણ કે દેવાયુષ્ય વિના કોઈ પણ આયુષ્ય બાંધ્યું હોય તો ઉપશમશ્રેણી ઉપર આરોહણ જ થતું નથી. એટલે સાસ્વાદન આવતું નથી. અને જેણે દેવાયુષ્ય બાંધ્યું હોય છે. તે મૃત્યુ પામીને અનુત્તરમાં જ જાય છે. તેથી સાસ્વાદન આવતું જ નથી. તેથી અન્ય ભવોમાં સાસ્વાદને ૯૨ ની સત્તા નથી. તથા સાસ્વાદન લઈને એકેન્દ્રિય આદિ ભવોમાં જે જાય છે તે પ્રાથમિક ઉપશમવાળો સાસ્વાદને આવીને જાય છે. પણ ત્યારે આહારકની સત્તા હોતી નથી.

પ્રશ્ન - દેવાયુષ્ય બાંધીને તો ઉપશમશ્રેણી ઉપર આરોહણ થાય છે તો ઉપશમ શ્રેણીથી પડીને સાસ્વાદને આવીને દેવભવમાં જાય તો ત્યાં ૨૧ - ૨૫ ના ઉદયમાં ૯૨ ની સત્તા ઘટવી જોઈએ ?

ઉત્તર - દેવાયુષ્ય બાંધીને ઉપશમશ્રેણી ઉપર આરોહણ થઈ શકે છે. પરંતુ તે ત્યાંથી પડીને જો મૃત્યુ પામીને પરભવમાં (દેવભવમાં) જાય તો તે જીવ નિયમા સમ્યક્ત્વવાળી દશામાં જ મરે છે. સાસ્વાદને આવતો જ નથી. કારણ કે અનુત્તરવાસી દેવનું અથવા વૈમાનિક દેવનું આયુષ્ય બાંધ્યુ હોય તે જ જીવ ઉપશમશ્રેણીમાં આરોહણ કરે છે. અનુત્તરવાસી દેવમાં ચોથું જ ગુણઠાણું છે. માટે સાસ્વાદન લઈને અનુત્તરમાં ઉત્પન્ન થતો નથી. એટલે ઉપશમ અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વવાળી દશામાં જ મૃત્યુ પામીને સમ્યક્ત્વ લઈને જ અનુત્તરમાં જાય છે તથા જે આચાર્યો એમ માને છે કે ઉપશમશ્રેણીથી પડેલો આ જીવ વૈમાનિકમાં જાય છે. તેઓના મતે પણ સાસ્વાદન પામ્યા વિના ઉપશમ અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વ સાથે જ વૈમાનિકમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય છે. એમ સમજવું. સારાંશ કે અનુત્તરમાં ઉત્પન્ન થનાર પ્રથમ સંઘયણવાળા હોય છે. અને વૈમાનિકમાં ઉત્પન્ન થનાર ૧-૨-૩ સંઘયણવાળા હોય છે. પણ સમ્યક્ત્વાવસ્થામાં જ મૃત્યુ પામીને દેવમાં જાય છે. સાસ્વાદને આવતા જ નથી. તેથી દેવભવમાં પણ સાસ્વાદને ૯૨ ની સત્તા હોતી નથી.

પ્રશ્ન - આહારકદ્વિક બાંધીને ઉપશમશ્રેણી ઉપર આરોહણ કરીને ત્યાંથી પડીને સાસ્વાદને આવીને હવે તિર્યંચાયુષ્ય બાંધીને મૃત્યુ પામીને તિર્યંચમાં જાય ત્યારે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચમાં ૨૧ - ૨૬ ના ઉદયમાં સાસ્વાદને ૯૨ ની સત્તા કેમ ન હોય ?

ઉત્તર : આવા જીવને સાસ્વાદને આવ્યા બાદ તિર્યંચ આયુષ્ય બાંધતાં ઓછામાં ઓછો ૧ અંતર્મુહૂર્ત કાલ જાય છે. બાંધ્યા પછી પણ ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત અબાધાકાલ હોય છે. આમ બે અંતર્મુહૂર્ત ગયા પછી જ મૃત્યુ થાય છે. ત્યાં સુધી તો સાસ્વાદન ચાલ્યું જ જાય છે. માટે મિથ્યાત્વે ૯૨ ની સત્તા હોય પણ સાસ્વાદને ૯૨ ની સત્તા ન હોય.

जैन साईट JAINSITE.com

આ ચર્ચા સપ્તતિકાની ગાથા ૪૮ - ૪૯ ની ચૂર્ણિમાં, સપ્તતિકાની ગાથા ૫૧ - ૫૨ ની ટીકામાં, અને સપ્તતિકાભાષ્યની ગાથા ૧૬૨ માં લખેલી છે. ત્યાંથી વિશેષાર્થી જાણી શકશે.

જૈનમ્ જયતિ શાસનમ્

૨૯ ના બંધે તિર્યંચપ્રાયોગ્ય ૩૨૦૦ બંધભાંગા અને મનુષ્યપ્રાયોગ્ય ૩૨૦૦ બંધભાંગા મળીને ૬૪૦૦ બંધભાંગા છે. તેને બાંધનારા લબ્ધિપર્યાપ્તા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સા. તિર્યંચ, સા. મનુષ્ય અને દેવો પ્રથમના બે ઉદયસ્થાનવર્તી હોય છે. તથા કરણપર્યાપ્તા નરક-દેવ-સા. તિર્યંચ અને સા. મનુષ્ય હોય છે. તેથી ૨૧-૨૪-૨૫-૨૬-૨૯-૩૦-૩૧ કુલ ૭ ઉદયસ્થાનક અને ૪૦૯૭ ઉદયભાંગા પૂર્વોક્ત હોય છે. ૩૦ ના ઉદયે સામાન્ય મનુષ્યના પ્રથમના ૩ સંઘયણના ૫૭૬ ઉદયભાંગામાં ૯૨ - ૮૮ એમ બે સત્તાસ્થાન હોય છે બાકીનાં તમામ ઉદયસ્થાનો અને ઉદયભાંગામાં ફક્ત ૮૮ ની સત્તા હોય છે. તેથી ૨૧ - ૨૪ - ૨૫ - ૨૬ - ૨૯ - ૩૧ એમ ૬ ઉદયસ્થાનમાં એક ૮૮ ની સત્તા, અને ૩૦ ના ઉદયમાં ૯૨ - ૮૮ એમ બે જાતની સત્તા, કુલ ઉદયસ્થાન પ્રમાણે ૨૯ ના બંધે ૮ સત્તાસ્થાન થાય છે. ઉદયભાંગા વાર સત્તાસ્થાન જાણવાં હોય તો ૩૦ ના ઉદયના સામાન્ય મનુષ્યના ૫૭૬ ઉદયભાંગામાં ૯૨ - ૮૮ એમ બે ગણતાં ૧૧૫૨, અને બાકીના ૩૫૨૧ ઉદયભાંગામાં ફક્ત એક ૮૮ ની જ સત્તા, સર્વે મળીને ૪૬૭૩ સત્તાસ્થાન થાય છે. તેને ૬૪૦૦ બંધભાંગે ગુણવાથી ૨,૯૯,૦૭,૨૦૦ સત્તાસ્થાન ૨૯ ના બંધે થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦ ના બંધે સાસ્વાદને પં. તિર્યંચપ્રાયોગ્ય ૩૨૦૦ બંધભાંગા હોય છે. પૂર્વોક્ત ૨૧-૨૪-૨૫-૨૬-૨૯-૩૦-૩૧ એમ કુલ ૭ ઉદયસ્થાનક અને ૪૦૯૭ ઉદયભાંગા હોય છે. ૬ ઉદયસ્થાનકમાં ફક્ત એક ૮૮ ની જ સત્તા, અને ૩૦ ના ઉદયે મનુષ્યને પ્રથમના ૩ સંઘયણના ૫૭૬ ઉદયભાંગામાં ૯૨-૮૮ એમ બે સત્તા હોય છે. અને બાકીના ૫૭૬ ઉદયભાંગામાં ફક્ત એક ૮૮ની સત્તા હોય છે. તેથી ઉદયસ્થાન પ્રમાણે ૮ સત્તાસ્થાન અને ઉદયભાંગાવાર સત્તાસ્થાન જાણવાં હોય તો સા. મનુષ્યના ૩૦ ના ઉદયે ૫૭૬ ઉદયભાંગામાં ૯૨-૮૮ એમ બે, શેષ ૩૫૨૧ ઉદયભાંગામાં એક ૮૮ જ. સર્વે મળીને કુલ ૩૦ ના બંધે ૪૦૯૭ ઉદયભાંગે ૪૬૮૩ સત્તાસ્થાન (૨૯ ના બંધની જેમજ) હોય છે. તેને ૩૨૦૦ બંધભાંગે ગુણતાં ૧,૪૯,૮૫,૬૦૦ સત્તાસ્થાન ૩૦ ના બંધે સાસ્વાદને થાય છે. આમ સાસ્વાદને કુલ સત્તાસ્થાન નીચે મુજબ થાય છે.

## સાસ્વાદને નામકર્મનું ચિત્ર

| બંધ | ઉદય સ્થાન | ઉદય ભાંગા | સામાન્ય સત્તાસ્થાન | ઉદયસ્થાન વારસત્તા. | ઉદયભાંગા ગુણિત | બંધભાંગા ગુણિત |
|---|---|---|---|---|---|---|
| ૨૮ ના બંધે | ૨ | ૩૪૫૬ | ૨ | ૩ | ૪૦૩૨ | ૩૨,૨૫૬ |
| ૨૯ ના બંધે | ૭ | ૪૦૯૭ | ૨ | ૮ | ૪૬૮૩ | ૨,૯૯,૦૭,૨૦૦ |
| ૩૦ ના બંધે | ૭ | ૪૦૯૭ | ૨ | ૮ | ૪૬૮૩ | ૧,૪૯,૮૫,૬૦૦ |
| કુલ સર્વે મળીને | | | | ૧૯ | ૧૩૩૯૮ | ૪,૪૯,૨૫,૦૫૬ |

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મિશ્રગુણસ્થાનકે બંધસ્થાનકાદિ -

**दुग तिग दुगं** = મિશ્રગુણઠાણે ૨ બંધસ્થાનક, ૩ ઉદયસ્થાનક અને ૨ સત્તાસ્થાનક હોય છે. મિશ્રગુણસ્થાનક સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ આવે છે. અપર્યાપ્તાવસ્થામાં હોતું નથી. તથા મિશ્ર ગુણસ્થાનકે મૃત્યુ થતું નથી તેથી પરભવથી મિશ્રગુણસ્થાનક લઈને અવાતું નથી. તથા મિશ્ર ગુણઠાણે નરક અને તિર્યંચ પ્રાયોગ્ય બંધ વિચ્છેદ થયેલ હોવાથી માત્ર દેવ અને મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ થાય છે. તેમાં પણ છેલ્લાં ૫ સંઘયણ, ૫ સંસ્થાન, અશુભવિહાયોગતિ અને દુર્ભગત્રિકનો બંધવિચ્છેદ થયેલ હોવાથી સ્થિર-અસ્થિર શુભ-અશુભ અને યશ-અયશ આમ ત્રણ જ પ્રકૃતિઓ પ્રતિપક્ષી બંધાય છે. તે માટે સર્વત્ર ૮ જ બંધભાંગા સંભવે છે.

દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધના ૮, અને મનુષ્યપ્રાયોગ્ય ૨૯ ના બંધના ૮ એમ કુલ ૧૬ બંધભાંગા હોય છે. ઉદયસ્થાનક ૨૯, ૩૦, ૩૧ એમ ત્રણ જ હોય છે. મિશ્રગુણઠાણું પર્યાપ્તાવસ્થામાં જ આવે છે અને આ ત્રણ ઉદયસ્થાનકમાં જ પર્યાપ્તાવસ્થા સંભવે છે. ઉદયભાંગા ૨૯ ના ઉદયે નારકીનો ૧, દેવોના સ્વરવાળા ૮, કુલ ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. ૩૦ ના ઉદયે ૧૧૫૨ તિર્યંચના અને ૧૧૫૨ મનુષ્યના મળીને ૨૩૦૪ હોય છે અને ૩૧ ના ઉદયે સા.તિર્યંચના ૧૧૫૨ હોય છે. ત્રણે ઉદયના મળીને ૩૪૬૫ ઉદયભાંગા સંભવે છે. સાસ્વાદન અને મિશ્રનો અલ્પકાળ હોવાથી જીવો વૈક્રિય લબ્ધિવાળા હોય તો પણ લબ્ધિ ફોરવતા નથી. તેથી વૈક્રિયતિર્યંચ, વૈક્રિય મનુષ્ય અને ઉત્તરવૈક્રિય વિકુર્વેલા દેવોના ઉદયભાંગા સંભવતા નથી.

સત્તાસ્થાન ૯૨ - ૮૮ એમ બે જ હોય છે. જિનનામની સત્તાવાળા જીવો બીજે-ત્રીજે ગુણઠાણે જતા નથી. હવે સંવેધ આ પ્રમાણે છે.

મિશ્રે નામકર્મનું ચિત્ર

| બંધ | બંધ ભાંગા | ઉદય સ્થાન | ક્યાં ક્યાં | ઉદયભાંગા | સામાન્ય સત્તા | ક્યાં ક્યાં | ઉદયભંગ ગુણિત | બંધભંગ ગુણિત |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮ નો બંધ દેવ પ્રાયોગ્ય | ૮ | ૨ | ૩૦ | તિ. ના ૧૧૫૨ | ૨ | ૯૨-૮૮ | ૨૩૦૪ | ૧૮૪૩૨ |
| | | | | મ. ના ૧૧૫૨ | ૨ | ૯૨-૮૮ | ૨૩૦૪ | ૧૮૪૩૨ |
| | | | ૩૧ | તિ. ના ૧૧૫૨ | ૨ | ૯૨-૮૮ | ૨૩૦૪ | ૧૮૪૩૨ |
| ૨૯ નો બંધ મનુષ્ય પ્રાયોગ્ય | ૮ | ૧ | ૨૯ | દેવના સ્વરવાળા ૮ | ૨ | ૯૨-૮૮ | ૧૬ | ૧૨૮ |
| | | | ૨૯ | નારકીનો ૧ | ૨ | ૯૨-૮૮ | ૨ | ૧૬ |
| કુલ | ૧૬ | ૩ | | ૩૪૬૫ | ૨ | ૯૨-૮૮ | ૬૯૩૦ | ૫૫૪૪૦ |

અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે બંધસ્થાનકાદિ

તિ અટ્ઠ ચઉ = ૩ બંધસ્થાનક, આઠ ઉદયસ્થાનક અને ચાર સત્તાસ્થાનક ચોથે ગુણઠાણે હોય છે. આ ગુણઠાણે દેવ-મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ થાય છે. કોઈ કોઈ આત્માઓ તીર્થંકર નામકર્મ પણ બાંધે છે તે માટે ૨૮ - ૨૯ - ૩૦ આમ ૩ બંધસ્થાનક છે. ૨૮ ના બંધના દેવપ્રાયોગ્યના ૮ બંધભાંગા છે. ૨૯ ના બંધે દેવપ્રાયોગ્યના ૮, અને મનુષ્યપ્રાયોગ્યના ૮ કુલ ૧૬ બંધભાંગા છે. ૩૦ ના બંધે મનુષ્યપ્રાયોગ્યના ૮ મળીને કુલ ૩૨ બંધભાંગા છે.

૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ એમ કુલ ૮ ઉદયસ્થાન છે. ઉદયભાંગા કેટલા લેવા ? તે બાબત ગાથા ૩૩ - ૩૪ ના વિવેચનમાં કહ્યા પ્રમાણે વિવાદવાળી વાત છે. એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને લબ્ધિઅપર્યાપ્તા પં. તિર્યંચ તથા લબ્ધિ અપર્યાપ્તા મનુષ્યો સમ્યગ્દૃષ્ટિ હોતા નથી તેથી સા. પં. તિર્યંચના ૪૯૦૪, વૈ. તિર્યંચના ૫૬, સા. મનુષ્યના ૨૬૦૦, વૈ. મનુષ્યના ૩૨, દેવોના ૬૪, અને નારકીના ૫ મળીને કુલ ૭૬૬૧ ઉદયભાંગા હોય છે. તેમાં લબ્ધિ પર્યાપ્તા પણ કરણ અપર્યાપ્તા એવા મનુષ્યમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો ૨૧-૨૬-૨૮-૨૯ ના ઉદયમાં ઋષભદેવ પ્રભુ આદિ તીર્થંકર પરમાત્મા તથા ભરત મહારાજા આદિ અતીર્થંકર એવા સમ્યગ્દષ્ટિ જીવોની ઉત્પત્તિ થયાના ઉલ્લેખ મળે છે. તેથી સા. મનુષ્યના ૮-૨૮૮-૫૭૬-૫૭૬ વગેરે ઉદયભાંગા સંભવી શકે છે. પરંતુ લબ્ધિપર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા તિર્યંચમાં સમ્યગ્દષ્ટિ જીવો ઉત્પન્ન થયા હોય તેવાં ઉદાહરણો મળતાં નથી. કોઈ મનુષ્ય પૂર્વે તિર્યંચાયુષ્ય બાંધીને ક્ષાયિક સમ્યક્ત્વ પામવાનો પ્રારંભ કરે તો ક્ષાયિક પામ્યા પછી અથવા સમ્યક્ત્વમોહનીયનો છેલ્લો ગ્રાસ વેદતો વેદતો જ્યારે મરે છે અને તિર્યંચમાં ૨૧/૨૨ ની સત્તા લઈને જાય છે ત્યારે સમ્યગ્દષ્ટિ છે આવો ઉલ્લેખ મળે છે. પરંતુ તે યુગલિક જ તિર્યંચ હોય છે અને તેને સ્થિરાદિ ત્રણ જ પ્રતિપક્ષી હોવાથી ઉદયભાંગા બધે આઠ-આઠ જ થાય છે. આ બાબતની ચર્ચા ગાથા ૩૩-૩૪ ના વિવેચનમાં કરેલી છે. સપ્તતિકાની ચૂર્ણિ, સપ્તતિકાની વૃત્તિ, પંચસંગ્રહની સપ્તતિકાની ટીકા અને કમ્મપયડીની ટીકા આદિ ગ્રંથોના આધારે સા. પં. તિર્યંચના ૪૯૦૪ ભાંગા લઈશું. અને સપ્તતિકાભાષ્ય ગાથા ૧૨૮ ના આધારે તિર્યંચગતિમાં કરણ અપર્યાપ્ત અવસ્થામાં યુગલિકને જ સમ્યક્ત્વ હોય, અયુગલિકને ન હોય એ અભિપ્રાયે સામાન્ય તિર્યંચના ૨૧ આદિ ઉદયમાં ૮-૮-૮-૧૬-૧૬-૮ મળીને કુલ = ૬૪ જ ઉદયભાંગા હોય એવી વિચારણા સ્વયં સમજી લેવી.

સપ્તતિકાચૂર્ણિ, સપ્તતિકાવૃત્તિ પંચસંગ્રહ અને કમ્મપયડીની ટીકાના આધારે ૨૧ નો ઉદય નારક, સા. તિર્યંચ, સા. મનુષ્ય, અને દેવને આશ્રયી જાણવો. અનુક્રમે ૧ - ૮ - ૮ - ૮ = ૨૫ ઉદયભાંગા ૨૧ ના ઉદયે જાણવા. ૨૫ અને ૨૭ નો ઉદય દેવ-નારકી-વૈક્રિયતિર્યંચ અને વૈક્રિય મનુષ્યને આશ્રયી જાણવો. ત્યાં નારકી ક્ષાયિકસમ્યગ્દષ્ટિ અથવા ૨૨ ની સત્તાવાળા વેદક સમ્યગ્દષ્ટિ લેવા. કારણ કે ઉપશમ સમ્યક્ત્વી મૃત્યુ પામતા નથી તથા ક્ષયોપશમ સમ્યક્ત્વ લઈને નરકમાં જવાતું નથી. દેવો ત્રણે સમ્યક્ત્વવાળા લેવા. ઉદયભાંગા ૮ - ૧ - ૮ - ૮ = ૨૫ જાણવા. ૨૬ નો ઉદય ક્ષાયિક અથવા વેદક સમ્યગ્દષ્ટિ તિર્યંચ-મનુષ્યને જાણવો અને તિર્યંચના ૨૮૮ (૮) અને મનુષ્યના ૨૮૮ મળીને ૫૭૬ (૨૯૬) ઉદયભાંગા જાણવા. ૨૮ - ૨૯ - નો ઉદય નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવોને હોય છે. ૩૦ નો ઉદય પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય અને દેવોને હોય છે અને ૩૧ નો ઉદય કેવલ પંચેન્દ્રિય તિર્યંચોને જ હોય છે અને પોતપોતાના ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાનક ૯૩ - ૯૨ - ૮૯ - ૮૮ એમ ચાર હોય છે. જિનનામ બાંધનારાને ૯૩ - ૮૯ એમ બે સત્તાસ્થાનક અને જિનનામ ન બાંધનારાને ૯૨ - ૮૮ એમ બે સત્તાસ્થાનક હોય છે. બાકીનાં સત્તાસ્થાનક ચોથા ગુણઠાણે સંભવતાં નથી. હવે સંવેધ આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધના ૮ બંધભાંગા, તેને બાંધનાર સા. તિર્યંચ, વૈક્રિય તિર્યંચ, સા. મનુષ્ય, અને વૈક્રિય મનુષ્ય હોય છે. ઉદયસ્થાનક ૨૧ - ૨૫ - ૨૬ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ કુલ ૮. ઉદયભાંગા સામાન્ય તિર્યંચના ૪૯૦૪, વૈક્રિય તિર્યંચના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૦, અને વૈક્રિય મનુષ્યના ૩૨, સર્વે મળીને ૭૫૯૨ હોય છે. આ અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક હોવાથી આઠે ઉદયસ્થાનકે ૯૨ - ૮૮ એમ બે-બે જ સત્તાસ્થાન છે. ઉદયસ્થાનક ૮ × ૨ = ૧૬ સત્તાસ્થાન ઉદયસ્થાનવાર થાય છે. ૭૫૯૨ ઉદયભાંગામાં સર્વત્ર ૯૨ - ૮૮ એમ બે જ સત્તાસ્થાન હોવાથી ઉદયભાંગાગુણિત સત્તાસ્થાન ૭૫૯૨ × ૨ = ૧૫૧૮૪ થાય છે. તેને ૮ બંધભાંગે ગુણવાથી બંધભાંગા-ઉદયભાંગા ગુણિત ૧૨૧૪૭૨ સત્તાસ્થાન ૨૮ ના બંધે ચોથે ગુણઠાણે થાય છે.

દેવ પ્રાયોગ્ય ૨૯ નો બંધ જિનનામકર્મસહિત છે. બંધભાંગા ૮ છે. તેમાં જિનનામ કર્મ બંધાતું હોવાથી તેને બાંધનાર માત્ર મનુષ્ય જ છે. ૨૧ - ૨૫ - ૨૬ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ મળીને કુલ ૭ ઉદયસ્થાનક છે. ૨૬૦૦ સામાન્ય મનુષ્યના અને ૩૨ વૈક્રિય મનુષ્યના મળીને કુલ ૨૬૩૨ ઉદયભાંગા સંભવે છે.

સર્વ ઠેકાણે ૯૩ - ૮૯ એમ બે બે સત્તાસ્થાન હોય છે. તેથી ૭ ઉદયસ્થાને બે-બે સત્તા ગણતાં ઉદયસ્થાનવાર ૧૪ સત્તાસ્થાન થાય છે ઉદયભાંગાગુણિત ૨૬૩૨ × ૨ = ૫૨૬૪ સત્તાસ્થાન થાય છે. તેને ૮ બંધભાંગે ગુણતાં ૪૨૧૧૨ સત્તાસ્થાન થાય છે. પરંતુ આ દેવપ્રાયોગ્ય ૨૯ ના બંધમાં નીચેની ચર્ચા ધ્યાનમાં રાખવા જેવી છે.

સામાન્ય સંવેધમાં પાના નં. ૧૧૨ ની ફુટનોટમાં જણાવ્યા પ્રમાણે જો વિચારીએ તો દેવપ્રાયોગ્ય ૨૯ નો બંધ મનુષ્ય જ કરે છે અને તે પણ ત્રીજા ભવે તીર્થંકર થનારા જીવો જ બાંધે છે. વચ્ચેનો ભવ તો દેવ-નારકીનો જ હોય છે. તેથી પહેલા અને ત્રીજા (છેલ્લા) ભવમાં જ તીર્થંકર નામકર્મસહિત દેવપ્રાયોગ્ય ૨૯ બંધાય. આવો અર્થ થાય છે ત્યાં પહેલા ભવમાં વીશસ્થાનક આદિ પદોની આરાધના કરનાર અને સવિજીવકરૂં શાસન રસીની ભાવના ભાવનાર જીવ જ તીર્થંકર નામકર્મ બાંધે છે. તેથી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થા જ હોય છે. માટે ૩૦ નું એક જ ઉદયસ્થાન પહેલા ભવમાં સંભવે છે ત્યાં આવશ્યકસૂત્રની ચૂર્ણિમાં જિનનામ કર્મ બાંધનારને પ્રથમ જ સંઘયણ હોય એમ કહેલ છે. તેથી ૬ સંસ્થાન, ૨ વિહાયોગતિ, સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય, સુસ્વર-દુસ્વર અને યશ-અયશના ગુણાકારથી થનારા ૧૯૨ જ ઉદયભાંગા સંભવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીજા ભવમાં (છેલ્લા ભવમાં) તે જ ભવે તીર્થંકર થવાના હોવાથી માતાની કુક્ષિમાં આવે ત્યારથી જ એટલે કે ૨૧ ના ઉદયથી જ સર્વે શુભ જ પ્રકૃતિઓ ઉદયમાં હોય માટે ૨૧ - ૨૬ - ૨૮ - ૨૯ - ૩૦ આમ પાંચે ઉદયસ્થાનકે એક-એક ઉદયભાંગો જ સંભવે. તેમાંથી ૩૦ ના ઉદયનો ૧ ભાંગો પૂર્વે કહેલા ૧૯૨ માં આવી ગયેલ હોવાથી ન ગણતાં બાકીના ૪ + ૧૯૨ = ૧૯૬ અને વૈક્રિય મનુષ્યના ૩૨ ગણતાં ૨૨૮ ઉદયભાંગા હોઈ શકે છે. આ વૈક્રિય મનુષ્યના ૩૨ ઉદયભાંગા પણ પહેલા ભવમાં તીર્થંકર નામકર્મનો બંધકર્યા પછી વૈક્રિય લબ્ધિ હોય અને તેની વિકુર્વણા કરે તો જ જાણવા. આ ૨૨૮ ઉદયભાંગે ૯૩ - ૮૯ એમ બે બે સત્તાસ્થાન સંભવે છે. તેથી ૨૨૮ × ૨ = ૪૫૬ સત્તાસ્થાન થાય છે. આ ૪૫૬ સત્તાસ્થાનને ૮ બંધ ભાંગે ગુણતાં ૩૬૪૮ સત્તાસ્થાન સંભવે છે. છેલ્લી વિચારણા વધારે તર્કસંગત લાગે છે. તત્ત્વકેવલિગમ્ય જાણવું.

મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ નો બંધ ચોથે ગુણઠાણે માત્ર દેવ-નારકી જ કરે છે. ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ છ ઉદયસ્થાનક છે. ૬૪ + ૫ = ૬૯ ઉદયભાંગા છે. દરેક ઉદયસ્થાને અને ઉદયભાંગે ૯૨ - ૮૮ એમ બે બે સત્તાસ્થાન છે. તેથી ૬ × ૨ = ૧૨ સત્તાસ્થાન ઉદય સ્થાનવાર મળે છે અને ઉદયભાંગા ગુણિત ૬૯ × ૨ = ૧૩૮ સત્તાસ્થાન થાય છે. તેને ૮ બંધભાંગાએ ગુણતાં ૧૧૦૪ સત્તાસ્થાન થાય છે.

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ જિનનામકર્મ સહિત છે. તેને બાંધનાર પણ દેવ-નારકી જ છે. ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ કુલ ૬ જ ઉદયસ્થાન છે. ૬૪ + ૫ = ૬૯ ઉદયભાંગા છે. દેવના ૬૪ ઉદયભાંગે ૯૩ - ૮૯ એમ બે-બે સત્તાસ્થાન સંભવે છે અને નારકીના પાંચ ઉદયભાંગે માત્ર ૮૯ ની જ સત્તા હોય છે. કુલ ઉદયસ્થાનવાર ૬ × ૨ = ૧૨ સત્તાસ્થાન થાય છે. ઉદયભાંગા ગુણિત ૬૪ × ૨ = ૧૨૮ તથા ૫ × ૧ = ૫ મળીને ૧૩૩ સત્તા સ્થાન ચોથે ગુણઠાણે મનુષ્યપ્રાયોગ્ય ૩૦ ના બંધે સંભવે છે તેને ૮ બંધભાંગાથી ગુણતાં ૧૦૬૪ સત્તાસ્થાન થાય છે. આ પ્રમાણે ચોથે ગુણઠાણે ૨૮ - ૨૯ - ૩૦ નો બંધ હોય છે. તેનો સંવેધ સમજાવ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચોથે ગુણઠાણે નામકર્મનું ચિત્ર

| બંધ | બંધ ભાંગા | ઉદય સ્થાન | ક્યાં ક્યાં | ઉદયભાંગા | સત્તા સ્થાન | ક્યાં ક્યાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮નો બંધ દેવ પ્રાયોગ્ય | ૮ | ૮ | ૨૧-૨૫ | સા. તિર્યંચના ૪૯૦૪ | ૨ | ૯૨, ૮૮ | ૯૮૦૮ |
| | | | ૨૬-૨૭ | સા. મનુષ્યના ૨૬૦૦ | ૨ | ૯૨, ૮૮ | ૫૨૦૦ |
| | | | ૨૮-૨૯ | વૈ. તિર્યંચના ૫૬ | ૨ | ૯૨, ૮૮ | ૧૧૨ |
| | | | ૩૦-૩૧ | વૈ. મનુષ્યના ૩૨ | ૨ | ૯૨, ૮૮ | ૬૪ |
| | | | | ૭૫૯૨ | | | ૧૫૧૮૪ |
| ૨૯ નો બંધ દેવ પ્રાયોગ્ય | ૮ | ૭ | ૨૧ - ૨૫ | સા. મનુષ્યના ૨૬૦૦ | ૨ | ૯૩, ૮૯ | ૫૨૦૦ |
| | | | ૨૬ - ૨૭ | (૧૯૬) | | | (૩૯૨) |
| | | | ૨૮ - ૨૯ | વૈ. મનુષ્યના ૩૨ | ૨ | ૯૩, ૮૯ | ૬૪ |
| | | | ૩૦ | | | | |
| | | | | ૨૬૩૨ | | | ૫૨૬૪ |
| ૨૯ નો બંધ મનુષ્ય પ્રાયોગ્ય | ૮ | ૬ | ૨૧ - ૨૫ | દેવોના ૬૪ | ૨ | ૯૨-૮૮ | ૧૨૮ |
| | | | ૨૭ - ૨૮ | | | | |
| | | | ૨૯ - ૩૦ | નારકીના ૫ | ૨ | ૯૮-૮૮ | ૧૦ |
| | | | | ૬૯ | | | ૧૩૮ |
| ૩૦ નો બંધ મનુષ્ય પ્રાયોગ્ય | ૮ | ૬ | ૨૧ - ૨૫ | દેવોના ૬૪ | ૨ | ૯૩-૮૯ | ૧૨૮ |
| | | | ૨૭ - ૨૮ | | | | |
| | | | ૨૯ - ૩૦ | નારકીના ૫ | ૧ | ૮૯ | ૫ |
| | ૩૨ | | | ૬૯ | | | ૧૩૩ |

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે ચોથે ગુણઠાણે

| | | | |
|---|---|---|---|
| ૨૮ ના બંધે | ૧૫૧૮૪ | દેવપ્રાયોગ્યમાં | × ૮ બંધભાંગા = ૧,૨૧,૪૭૨ |
| ૨૯ ના બંધે | ૫૨૬૪ | દેવપ્રાયોગ્યમાં | × ૮ બંધભાંગા = ૪૨,૧૧૨ |
| ૨૯ ના બંધે | ૧૩૮ | મનુષ્યપ્રાયોગ્યમાં | × ૮ બંધભાંગા = ૧,૧૦૪ |
| ૩૦ ના બંધે | ૧૩૩ | મનુષ્યપ્રાયોગ્યમાં | × ૮ બંધભાંગા = ૧,૦૬૪ |
| કુલ | ૨૦૭૧૯ | | કુલ ૮ બંધભાંગા = ૧,૬૫,૭૫૨ |

### દેશવિરતિ ગુણસ્થાનકે બંધસ્થાનકાદિ

દેશવિરતિ ગુણસ્થાનક તિર્યંચ-મનુષ્યોને જ હોય છે. અને તેઓ પાંચમા ગુણઠાણે વર્તતા હોય ત્યારે નિયમા દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે. તે માટે દુગ છચ્ચઉ = ૨૮ - ૨૯ એમ દેવપ્રાયોગ્યનાં ૨ જ બંધસ્થાનક હોય છે ૮ + ૮ = ૧૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધભાંગા હોય છે. ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ આમ ૬ ઉદયસ્થાનક છે. દેશવિરતિ અને સર્વવિરતિવાળાં ગુણસ્થાનકોમાં વિરતિગુણના પ્રતાપે દૌર્ભાગ્ય, અનાદેય અને અયશનો ઉદય હોતો નથી. સપ્તતિકાની ચૂર્ણિમાં કહ્યું છે કે "दुभग-अणाएज्ज-अजसकित्तीओ गुणपच्चयओ न उदेंति तम्हा ताणि जुगलाणि न संभवंति" તથા દેશવિરતિ અને સર્વ વિરતિ નિયમા ૮ વર્ષની વય થયા પછી જ આવે છે. તેથી સામાન્ય તિર્યંચમાં ૩૦ - ૩૧ નાં બે જ, અને સામાન્ય મનુષ્યમાં ૩૦ નું એક જ ઉદયસ્થાન સંભવે છે. વૈક્રિયતિર્યંચને ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ પાંચ ઉદયસ્થાન અને વૈક્રિયમનુષ્યને ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ એમ ચાર ઉદયસ્થાન હોઈ શકે છે. વૈક્રિયમનુષ્યમાં ઉદ્યોતનો ઉદય યતિને જ હોવાથી ઉદ્યોતના ઉદયવાળો ૩૦ નો ઉદય અહીં ઘટતો નથી. સામાન્ય તિર્યંચના ૩૦ ના ઉદયે અને ૩૧ ના ઉદયે ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૨ વિહાયોગતિ અને ૨ સ્વરના ગુણાકારથી માત્ર ૧૪૪ - ૧૪૪ ઉદયભાંગા હોય છે. સામાન્ય મનુષ્યના પણ ૩૦ ના ઉદયના ૧૪૪ ઉદયભાંગા હોય છે. વૈક્રિય તિર્યંચમાં પણ દૌર્ભાગ્યાદિનો ઉદય ન હોવાથી ૧ - ૧ - ૨ - ૨ - ૧ મળીને ૭ ઉદયભાંગા આહારકશરીરીની જેમ હોય છે અને વૈક્રિયમનુષ્યમાં ૧ - ૧ - ૧ - ૧ મળીને કુલ ૪ ઉદયભાંગા હોય છે. બધા જ મળીને ૪૪૩ ઉદયભાંગા પાંચમે ગુણઠાણે હોય છે. સત્તાસ્થાનક ૯૩ - ૯૨ - ૮૯ - ૮૮ એમ કુલ ૪ જાણવાં. સંવેધ આ પ્રમાણે છે -

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૮ બંધભાંગા, બાંધનાર તિર્યંચ-મનુષ્યો, ઉદયસ્થાનક ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ કુલ ૬, ઉદયભાંગા ૪૪૩, અને સત્તાસ્થાનક સર્વત્ર ૯૨ - ૮૮ એમ બે બે જાણવાં. ઉદયસ્થાન પ્રમાણે ૪૪૩ × ૨ = ૮૮૬ સત્તાસ્થાન જાણવાં. તેને ૮ બંધભાંગે ગુણતાં ૭૦૮૮ સત્તાસ્થાન સમજવાં.

દેવપ્રાયોગ્ય ૨૯ ના બંધે ૮ બંધભાંગા, બાંધનાર માત્ર મનુષ્ય જ, ઉદયસ્થાનક ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ પાંચ જ. ઉદયભાંગા - ૧ - ૧ - ૧ - ૧ + ૧૪૪ મળીને કુલ ૧૪૮, સર્વત્ર ૯૩ - ૮૯ નાં બે-બે સત્તાસ્થાન આમ ઉદયસ્થાન પ્રમાણે ૫ × ૨ = ૧૦, અને ઉદયભાંગાથી ગુણિત ૧૪૮ × ૨ = ૨૯૬ સત્તાસ્થાન હોય છે તેને ૮ બંધભાંગે ગુણતા ૨૩૬૮ સત્તાસ્થાન થાય છે. બન્ને બંધનાં મળીને કુલ ૯૪૫૬ સત્તાસ્થાન જાણવાં. ચિત્ર આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | બંધ ભાંગા | ઉદય સ્થાન | ક્યાં ક્યાં | ઉદયભાંગા | | સત્તા સ્થાન | ક્યાં ક્યાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮નો બંધ દેવપ્રાયોગ્ય | ૮ | ૬ | ૨૫-૨૭-૨૮ ૨૯-૩૦-૩૧ | સા. તિર્યંચના | ૨૮૮ | ×૨ | ૯૨, ૮૮ | ૫૭૬ |
| | | | | સા. મનુષ્યના | ૧૪૪ | ×૨ | ૯૨, ૮૮ | ૨૮૮ |
| | | | | વૈ. તિર્યંચના | ૭ | ×૨ | ૯૨, ૮૮ | ૧૪ |
| | | | | વૈ. મનુષ્યના | ૪ | ×૨ | ૯૨, ૮૮ | ૮ |
| | | | | | ૪૪૩ | | | ૮૮૬ |
| ૨૯ નો બંધ દેવપ્રાયોગ્ય | ૮ | ૫ | ૨૫-૨૭-૨૮ ૨૯-૩૦ | સા. મનુષ્યના | ૧૪૪ | ×૨ | ૯૩, ૮૯ | ૨૮૮ |
| | | | | વૈ. મનુષ્યના | ૪ | ×૨ | ૯૩, ૮૯ | ૮ |
| બંધ ભાંગા આઠ હોવાથી ૧૧૮૨ × ૮ = ૯૪૫૬ સત્તાસ્થાન થાય છે. | | | | | | | | ૧૧૮૨ |

### પ્રમત્ત ગુણસ્થાનકે બંધસ્થાનાદિ

दुग पण चउ = છઠ્ઠા પ્રમત્તગુણઠાણે દેવપ્રાયોગ્ય ૨૮ - ૨૯ એમ બે જ બંધસ્થાનક, ૮ + ૮ = ૧૬ બંધભાંગા જાણવા. છઠ્ઠું ગુણસ્થાનક માત્ર મનુષ્યને જ હોય છે. અને તે પણ ૮ વર્ષ ઉપરની વયવાળાને જ, તેથી સામાન્ય મનુષ્યને માત્ર ૩૦ નું એક જ ઉદયસ્થાનક અને તેના ૧૪૪ ઉદયભાંગા જાણવા. તથા વૈક્રિય મનુષ્ય અને આહારક મનુષ્યના ૭ + ૭ = ૧૪ ઉદયભાંગા પણ હોય છે. આ રીતે કુલ ૧૫૮ ઉદયભાંગા અને ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ પાંચ ઉદયસ્થાનક જાણવાં. ૯૩ - ૯૨ - ૮૯ - ૮૮ એમ ૪ સત્તાસ્થાનક હોય છે. જિનનામ વિનાની દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓ બંધાય ત્યારે ૯૨ - ૮૮, અને જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓ બંધાય ત્યારે ૯૩ - ૮૯ નું સત્તાસ્થાન જાણવું. આહારકશરીરીને ૨૮ ના બંધે માત્ર ૯૨ અને ૨૯ ના બંધે માત્ર ૯૩ નું સત્તાસ્થાન સમજવું. સંવેધ આ પ્રમાણે -

દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૮ બંધભાંગા, ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ પાંચ ઉદયસ્થાનક, દરેક ઉદયસ્થાને ૯૨ - ૮૮ એમ બે બે સત્તાસ્થાન, કુલ ઉદયસ્થાનવાર ૧૦ સત્તાસ્થાન, વૈક્રિય મનુષ્યના ૭, આહારક મનુષ્યના ૭ અને સામાન્ય મનુષ્યના ૧૪૪ મળીને કુલ ૧૫૮ ઉદયભાંગા, વૈક્રિય મનુષ્યના ૭ અને સામાન્ય મનુષ્યના ૧૪૪ માં ૯૨ - ૮૮ એમ બે બે સત્તાસ્થાન અને આહારક મનુષ્યના ૭ ઉદયભાંગામાં ફક્ત ૧ બાણુંની જ સત્તા, આમ વિચારતાં ૭ + ૧૪૪ = ૧૫૧ × ૨ = ૩૦૨ તથા ૭ × ૧ = ૭ = મળીને ૩૦૯ સત્તાસ્થાન થાય છે. તેને ૮ બંધભાંગે ગુણતાં ૨૪૭૨ સત્તાસ્થાન ૨૮ ના બંધે જાણવાં.

એવી જ રીતે દેવપ્રાયોગ્ય ૨૯ ના બંધે પણ ૮ બંધભાંગા, ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ આમ પાંચ ઉદયસ્થાનક, ૭ + ૭ + ૧૪૪ = ૧૫૮ ઉદયભાંગા, આહારકના ૭ ભાંગે એકલું ૯૩, અને બાકીના ૧૫૧ ઉદયભાંગે ૯૩ - ૮૯ એમ બે બે સત્તાસ્થાનક જાણવાં. કુલ ૩૦૯ × ૮ બંધભાંગા = ૨૪૭૨ સત્તાસ્થાન જાણવાં. કુલ બન્ને બંધનાં ૪૯૪૪ સત્તાસ્થાન થાય છે.

## પ્રમત્ત ગુણઠાણે નામકર્મનું ચિત્ર

| બંધ | બંધ ભાંગા | ઉદય સ્થાન | ક્યાં ક્યાં | ઉદયભાંગા | | સત્તા સ્થાન | ક્યાં ક્યાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮નો બંધ | ૮ | ૫ | ૨૫-૨૭-૨૮ | વૈ. મનુષ્યના | ૭ | ×૨ | ૯૨, ૮૮ | ૧૪ |
| દેવપ્રાયોગ્ય | | | ૨૯-૩૦ | આ. મનુષ્યના | ૭ | ×૧ | ૯૨ | ૭ |
| | | | | સા. મનુષ્યના | ૧૪૪ | ×૨ | ૯૨, ૮૮ | ૨૮૮ |
| | | | | | | | | ૩૦૯ |
| ૨૯ નો બંધ | ૮ | ૫ | ૨૫-૨૭-૨૮ | વૈ. મનુષ્યના | ૭ | ×૨ | ૯૩, ૮૯ | ૧૪ |
| દેવપ્રાયોગ્ય | | | ૨૯-૩૦ | આ. મનુષ્યના | ૭ | ×૧ | ૯૩ | ૭ |
| | | | | સા. મનુષ્યના | ૧૪૪ | ×૨ | ૯૩, ૮૯ | ૨૮૮ |
| ૩૦૯+૩૦૯=૬૧૮ સત્તાસ્થાનને બંધભાંગા ૮ હોવાથી ૮ વડે ગુણતાં કુલ ૪૯૪૪ સત્તાસ્થાન થાય છે. | | | | | | | | ૩૦૯ |

JAINSITE.com जैनम् जयति शासनम्

### અપ્રમત્ત ગુણઠાણે બંધસ્થાનકાદિ

चउ दुग चउ = સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે વર્તતા કોઈ કોઈ મુનિમહાત્માઓ આહારકદ્વિક પણ બાંધી શકે છે અને કોઈ કોઈ જિનનામકર્મ પણ બાંધી શકે છે. તે માટે ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ એમ ૪ બંધસ્થાનક છે. અસ્થિર, અશુભ અને અપયશનો બંધ છટ્ઠે જ વિરામ પામી જતો હોવાથી ચારે બંધ સ્થાનકે એક એક બંધભાંગો ગણતાં ૪ બંધભાંગા હોય છે. ઉદયસ્થાનક ૨૯ અને ૩૦ એમ બે જાણવાં, સાતમા ગુણઠાણે વર્તતો જીવ અપ્રમાદી હોવાથી વૈક્રિય અને આહારક શરીરની રચના કરતો નથી. પરંતુ છટ્ઠા ગુણઠાણે જે જીવે વૈક્રિય અને આહારકની રચના કરી હોય તેઓ તે શરીરસંબંધી સર્વપર્યાપ્તિઓ સમાપ્ત થયા પછી ૨૯ - ૩૦ ના ઉદયે વર્તતા છતા સાતમે આવે છે. ત્યારે સાતમા ગુણઠાણે ૨૯ અને ૩૦ નો ઉદય વૈક્રિય - આહારક મનુષ્યને આશ્રયી સંભવે છે. અને સ્વભાવસ્થ મનુષ્યને આશ્રયી ૩૦ નું એક જ ઉદયસ્થાન હોય છે. વૈક્રિય મનુષ્યના ૨૯ - ૩૦ ના ઉદયે ૧ - ૧, આહારક મનુષ્યના પણ ૨૯ - ૩૦ ના ઉદયે ૧ - ૧, અને સ્વભાવસ્થ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૪૪ આમ સર્વે મળીને ૧૪૮ ઉદયભાંગા જાણવા. ૯૩ - ૯૨ - ૮૯ અને ૮૮ આમ ૪ સત્તાસ્થાનક જાણવાં.

હવે સંવેધ આ પ્રમાણે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮ ના બંધે | ૨૯ ના ઉદયે | વૈ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૮૮ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | વૈ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૮૮ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | સા. મનુષ્યના ૧૪૪ ભાંગે | ૧ સત્તા ૮૮ | = ૧૪૪ |
| ૨૯ ના બંધે | ૨૯ ના ઉદયે | વૈ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૮૯ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | વૈ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૮૯ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | સા. મનુષ્યના ૧૪૪ ભાંગે | ૧ સત્તા ૮૯ | = ૧૪૪ |
| ૩૦ ના બંધે | ૨૯ ના ઉદયે | વૈ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૯૨ | = ૧ |
| | ૨૯ ના ઉદયે | આ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૯૨ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | વૈ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૯૨ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | આ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૯૨ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | સા. મનુષ્યના ૧૪૪ ભાંગે | ૧ સત્તા ૯૨ | = ૧૪૪ |
| ૩૧ ના બંધે | ૨૯ ના ઉદયે | વૈ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૯૩ | = ૧ |
| | ૨૯ ના ઉદયે | આ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૯૩ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | વૈ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૯૩ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | આ. મનુષ્યના ૧ ભાંગે | ૧ સત્તા ૯૩ | = ૧ |
| | ૩૦ ના ઉદયે | સા. મનુષ્યના ૧૪૪ ભાંગે | ૧ સત્તા ૯૩ | = ૧૪૪ |
| | | | કુલ સંખ્યા | ૫૮૮ |

અહીં જે જીવને જિનનામની સત્તા હોય છે તે જીવ, સમ્યક્ત્વ હોય તો અવશ્ય જિનનામ બાંધે જ છે અને જે જીવને આહારકની સત્તા હોય છે. તે જીવ અપ્રમત્ત સંયમી થાય ત્યારે અવશ્ય આહારક બાંધે જ છે. તથા જે જીવને ઉભયની સત્તા હોય છે. તે અવશ્ય ઉભયનો બંધ કરે જ છે. તેથી ૨૮ ના બંધે માત્ર ૮૮ ની, ૨૯ ના બંધે માત્ર ૮૯ ની, ૩૦ ના બંધે માત્ર ૯૨ની અને ૩૧ ના બંધે માત્ર ૯૩ ની જ સત્તા કહી છે. તથા પહેલાં ગાથા-૩૩-૩૪ ના વિવેચનમાં દેવપ્રાયોગ્ય ૩૦-૩૧ ના બંધે વૈક્રિય મનુષ્ય અને આહારક મનુષ્યના ૨૯-૩૦ ના ૨+૨ = ૪ ભાંગા લેવાની બાબતમાં ઘણી ચર્ચા લખી છે. (જુઓ પૃષ્ઠ નં. ૧૧૭-૧૧૮) પરંતુ અહીં ચૂર્ણિકારે પોતે જ ચારે બંધસ્થાનકે બે બે ઉદયસ્થાન કહ્યાં છે. **तीसबंधगस्स दोसु वि एक्कं संतं बाणउती । एक्कतीसबंधगस्स दोसुवि एक्कं संतं तेणउई ।** તેથી અમે પણ તેને અનુસારે જ સંવેધ લખ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અપૂર્વકરણ ગુણઠાણે બંધસ્થાનકાદિ

"पणग एग चउ" અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકે પાંચ બંધસ્થાનક, એક ઉદયસ્થાનક, અને ચાર સત્તાસ્થાનક જાણવાં. આઠમા ગુણઠાણાના પહેલા ભાગથી છઠ્ઠા ભાગ સુધી ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ એમ ૪ બંધસ્થાનક અને સાતમા ભાગે ૧ યશનામકર્મનું બંધસ્થાનક એમ કુલ પાંચ બંધસ્થાનક છે. પાંચેનો એક એક બંધભાંગો હોવાથી પાંચ બંધભાંગા જાણવા.

ઉદયસ્થાનક ફક્ત ૩૦ નું એક જ હોય છે. કારણ કે આ ગુણઠાણું શ્રેણીનું હોવાથી અહીં વૈક્રિય અથવા આહારક લબ્ધિ હોય તો પણ તેની વિકુર્વણા આ મહાત્માઓ કરતા નથી. તેથી સામાન્ય મનુષ્યનું ૩૦ નું ફક્ત એક જ ઉદયસ્થાન હોય છે. આઠમા ગુણસ્થાનકથી શ્રેણી (યોગ્યતા) શરૂ થાય છે. શ્રેણી બે પ્રકારની છે. ૧ ઉપશમશ્રેણી અને ૨ ક્ષપકશ્રેણી. ત્યાં ઉપશમશ્રેણી પ્રથમના ત્રણ સંઘયણના ઉદયવાળો આરંભે છે. "सम्मत्तंतिम संघयण" ઈત્યાદિ બીજા કર્મગ્રંથની ગાથા ૧૮માં આ વિધાન છે. અને ક્ષપકશ્રેણી તો માત્ર પ્રથમ સંઘયણવાળો જ પ્રારંભે છે. તેથી ૩ સંઘયણ×૬ સંસ્થાન×૨ વિહાયોગતિ×૨ સ્વરના થઈ માત્ર ૭૨ જ ઉદયભાંગા ૩૦ ના ઉદયે સંભવે છે. સપ્તતિકાની ચૂર્ણિમાં અને પૂ. મલયગિરિજી મ. કૃત ટીકામાં કહ્યું છે કે આઠમા ગુણઠાણે માત્ર પહેલું જ સંઘયણ હોય છે તેથી ૨૪ જ ઉદયભાંગા છે એમ કહ્યું છે. અન્ય આચાર્યો ૩ સંઘયણ માને છે. તેથી અન્ય આચાર્યોના મતે ૭૨ ઉદયભાંગા સંભવે છે. આ વિધાનથી ચૂર્ણિકાર અને ટીકાકારશ્રી ઉપશમશ્રેણી પણ ૩ સંઘયણને બદલે માત્ર પ્રથમ સંઘયણથી જ આરંભાય, એમ માનતા હોય તેમ લાગે છે. કારણ કે ઉપશમ શ્રેણીમાં મૃત્યુ પામે તો નિયમા અનુત્તરમાં જ જાય છે. તેથી પ્રથમ સંઘયણ જ હોવું જોઈએ આમ બની શકે. અથવા શ્રેણીમાં મૃત્યુ પામીને અનુત્તરમાં જાય તેને પ્રથમ સંઘયણ અને મૃત્યુ પામીને વૈમાનિકમાં જાય એમ માને તેમના મતે તથા કાલક્ષયે નીચે ઉતરે તેમને ત્રણે સંઘયણ હોય આમ લઈએ તો ત્રણ સંઘયણ પણ સંભવી શકે. છતાં વિશેષતત્ત્વ કેવલી પરમાત્મા જાણે. આ રીતે ઉદયભાંગા ૨૪ અથવા ૭૨ જાણવા. સત્તાસ્થાનક ૯૩-૯૨-૮૯-૮૮ એમ ચાર છે.

### સંવેધ આ પ્રમાણે છે

દેવપ્રા. ૨૮ના બંધે ૩૦ના ઉદયે, સા.મનુષ્યના ૭૨(૨૪) ઉદયભાંગે ૧. ૮૮ની સત્તા
દેવપ્રા. ૨૯ના બંધે ૩૦ના ઉદયે, સા.મનુષ્યના ૭૨(૨૪) ઉદયભાંગે ૧. ૮૯ની સત્તા
દેવપ્રા. ૩૦ના બંધે ૩૦ના ઉદયે, સા.મનુષ્યના ૭૨(૨૪) ઉદયભાંગે ૧. ૯૨ની સત્તા
દેવપ્રા. ૩૧ના બંધે ૩૦ના ઉદયે, સા.મનુષ્યના ૭૨(૨૪) ઉદયભાંગે ૧. ૯૩ની સત્તા
અપ્રા. ૧ના બંધે ૩૦ના ઉદયે, સા.મનુષ્યના ૭૨(૨૪) ઉદયભાંગે ૪ સત્તાસ્થાન ૯૩, ૯૨ ૮૯, ૮૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્ય આચાર્યોના મતે ઉપશમશ્રેણીમાં ૭૨ ઉદયભાંગા અને ક્ષપક શ્રેણીમાં ૨૪ ઉદયભાંગા હોય, જ્યારે ગ્રંથકાર, ચૂર્ણિકાર અને વૃત્તિકારના મતે બન્ને શ્રેણીમાં માત્ર ૨૪ જ ઉદયભાંગા હોય છે. તે પ્રમાણે સત્તાસ્થાનનો સ્વયં વિવેક કરી લેવો.

અનિવૃત્તિબાદર સંપરાયે બંધસ્થાનકાદિ

एगेगमट्ठ = ૧ બંધસ્થાનક, ૧ ઉદયસ્થાનક અને ૮ સત્તાસ્થાનક નવમા ગુણઠાણે હોય છે. ૧ યશનામ કર્મનું બંધસ્થાનક છે. ૧ બંધભાંગો છે. ૩૦ નું ફક્ત એક જ ઉદયસ્થાનક છે તે ૩૦ ના ઉદયે ગ્રંથકારાદિના મતે પ્રથમ સંઘયણના ૨૪ ઉદયભાંગા, અને અન્ય આચાર્યોના મતે ત્રણે સંઘયણના મળીને ૭૨ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાનક ૯૩, ૯૨, ૮૯, ૮૮ તથા ક્ષપકશ્રેણીમાં નામકર્મની ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થાય, ત્યારબાદ ૮૦, ૭૯, ૭૬, ૭૫, આમ કુલ ૮ સત્તાસ્થાનક હોય છે. તેનો સંવેધ આ પ્રમાણે છે-

બીજા-ત્રીજા સંઘયણના ૨૪ + ૨૪ = ૪૮ ઉદયભાંગા માત્ર ઉપશમશ્રેણીમાં જ સંભવે છે. તેથી તે ૪૮ ઉદયભાંગામાં ૯૩, ૯૨, ૮૯, ૮૮ એમ ૪ સત્તાસ્થાનક હોય છે. (જિનનામનો જે ભવમાં બંધ ચાલુ કરે તે પ્રથમભવમાં પણ પહેલું જ સંઘયણ હોય છે. આવો મત લઈએ તો આ ૪૮ ઉદયભાંગામાં માત્ર ૯૨ - ૮૮ એમ બે જ સત્તાસ્થાન હોય છે. એમ જાણવું. કારણ કે ૯૩ - ૮૯ માં જિનનામની સત્તા છે. અને જિનનામની સત્તાવાળાને જિનનામ અવશ્ય બંધાય જ છે. હવે જિનનામ જો બંધાય તો પહેલું જ સંઘયણ હોય માટે બીજા-ત્રીજા સંઘયણના ભાંગામાં ૯૩ - ૮૯ ની સત્તા ન હોય.) પ્રથમ સંઘયણ સંબંધી જે ૨૪ ઉદયભાંગા છે. તેમાંના ૨૩ ઉદયભાંગામાં ઉપશમશ્રેણી આશ્રયી ૯૩, ૯૨, ૮૯, ૮૮ એમ ચાર સત્તાસ્થાન હોય છે. પરંતુ ક્ષપકશ્રેણી આશ્રયી ૧૩નો ક્ષય કર્યા પહેલાં ૯૨-૮૮ અને ૧૩ નો ક્ષય કર્યા પછી ક્ષપકશ્રેણીમાં ૭૯ - ૭૫ એમ બે સત્તાસ્થાન વધારે હોય છે તેથી ૨૩ ભાંગામાં ૬ સત્તાસ્થાન થાય છે અને સર્વ શુભ પ્રકૃતિવાળા ૧ ઉદયભાંગામાં ઉપશમશ્રેણી આશ્રયી અને ક્ષપકશ્રેણીમાં ૧૩ નો ક્ષય ન કર્યો હોય ત્યાં સુધી ૯૩, ૯૨, ૮૯, અને ૮૮ એમ ૪ સત્તાસ્થાનક જાણવાં. અને ૧૩ નો ક્ષય કર્યા પછી સામાન્ય કેવલી થનારને આશ્રયી ૭૯ - ૭૫, અને તીર્થંકર કેવલી થનારને આશ્રયી ૮૦-૭૬ મળીને કુલ ૮ સત્તાસ્થાન હોય છે.

ગતિને અપ્રાયોગ્ય ૧ નો બંધ, ૧ બંધભાંગો, ૩૦ નું એક ઉદયસ્થાન, ૭૨ (અથવા ૨૪) ઉદયભાંગા, ૪૮ ઉદયભાંગે ૪ સત્તાસ્થાન, ૨૩ ઉદયભાંગે ૬ સત્તાસ્થાન, અને સર્વ શુભવાળા ૧ ઉદયભાંગામાં ૮ સત્તાસ્થાન જાણવાં. તેથી ૪૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

× ૪ = ૧૯૨, ૨૩ × ૬ = ૧૩૮, ૧ × ૮ = ૮ સર્વે મળીને ૩૩૮ સત્તાસ્થાનક નવમા ગુણઠાણે જાણવાં.

સૂક્ષ્મસંપરાય ગુણઠાણે બંધસ્થાનકાદિ

एगेगमट्ठ = ૧ નું એક બંધસ્થાનક, એક જ બંધભાંગો, ૩૦ નું જ માત્ર ૧ ઉદયસ્થાનક, ૭૨ (અથવા ૨૪) ઉદયભાંગા, ૯૩ આદિ ઉપરોક્ત ૮ સત્તાસ્થાનક હોય છે. ત્યાં બીજા-ત્રીજા સંઘયણના ૪૮ ઉદયભાંગા માત્ર ઉપશમશ્રેણીમાં જ હોય છે તેથી ૯૩, ૯૨, ૮૯, ૮૮ એમ ૪ સત્તાસ્થાન અને મતાન્તરે ૯૨, ૮૮ બે જ સત્તાસ્થાનક જાણવાં. પહેલા સંઘયણના ૨૪ ભાંગામાંથી ૨૩ ભાંગે ૬ સત્તાસ્થાનક અને સર્વ શુભ પ્રકૃતિવાળા ૧ ભાંગે ૮ સત્તાસ્થાનક જાણવાં. આ સર્વ વિગત નવમા ગુણઠાણાની જેમ જ સમજવી.

| | | | | |
|---|---|---|---|---|
| ૪૮ ભાંગે | - | ૪ સત્તાસ્થાન | ૧૯૨ | |
| ૨૩ ભાંગે | - | ૬ સત્તાસ્થાન | ૧૩૮ | |
| ૧ ભાંગે | - | ૮ સત્તાસ્થાન | ૮ | |
| કુલ ૭૨ ઉદયભાંગા | | કુલ ૩૩૮ સત્તાસ્થાન | | |

एग चउ - ઉપશાન્ત મોહ ગુણસ્થાનકે બંધ નથી. ઉદયસ્થાન ફક્ત ૩૦ નું જ છે. ઉદયભાંગા ૭૨ (અને મતાન્તરે ૨૪) છે. બીજા-ત્રીજા સંઘયણના ૪૮ ઉદયભાંગામાં જેમ ૪ સત્તાસ્થાનક હોય છે. તેમ પ્રથમ સંઘયણના ૨૪ ભાંગામાં પણ આ ૧૧ મા ગુણઠાણે ઉપશમશ્રેણી જ હોવાથી ૯૩ આદિ ૪ જ સત્તાસ્થાન હોય છે. ૧૩ ના ક્ષયવાળાં સત્તાસ્થાન અહીં સંભવતાં નથી. આ પ્રમાણે ઉપશાન્તમોહે ૭૨ × ૪ = ૨૮૮ સત્તાસ્થાન જાણવાં. (મતાન્તરે ૨૪ × ૪ = ૯૬ સત્તાસ્થાનક જાણવાં.)

एग चउ ક્ષીણમોહ ગુણઠાણે બંધ અને બંધભાંગા નથી. ઉદયસ્થાનક ફક્ત ૩૦ નું એક જ છે. ઉદયભાંગા પ્રથમ સંઘયણ સંબંધી ૨૪ જ છે. ત્યાં ૨૩ ઉદયભાંગામાં ૭૯ - ૭૫ એમ બે સત્તાસ્થાન જાણવાં. અને સર્વ શુભપ્રકૃતિના ઉદયવાળો ૧ ભાંગો સામાન્ય કેવલી થનારાને અને તીર્થંકરકેવલી થનારાને એમ બન્નેને હોવાથી ૮૦ - ૭૯ - ૭૬ - ૭૫ આમ ચારે સત્તાસ્થાનક જાણવાં. તેથી ૨૩ × ૨ = ૪૬ + ૧ × ૪ = ૪ = ૫૦ સત્તાસ્થાન બારમા ગુણઠાણે જાણવાં.

अट्ठ चउ તેરમા ગુણઠાણે બંધ અને બંધભાંગા નથી. પણ ઉદયસ્થાનક ૮ અને સત્તાસ્થાનક ૪ છે. ૨૦, ૨૧, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, આ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮ ઉદયસ્થાનક છે. કેવલી પરમાત્મા બે પ્રકારના છે. સામાન્યકેવલી અને તીર્થંકરકેવલી. પૂર્વે કહેલા કેવલી ભગવાનનાં ૧૦ ઉદયસ્થાન અને ૬૨ ઉદયભાંગામાંથી ૯ અને ૮ નાં ૨ ઉદયસ્થાન અને તેના જ ૨ ઉદયભાંગા (ચૌદમે ગુણઠાણે હોવાથી તે બે) ને છોડીને બાકીનાં ૮ ઉદયસ્થાન અને ૬૦ ઉદયભાંગા તેરમે ગુણઠાણે સંભવે છે. તેમાંથી જે જે ઉદયસ્થાન અને ઉદયભાંગા તીર્થંકરપ્રભુમાં સંભવિત છે. તેમાં ૮૦-૭૬ અને જે ઉદયભાંગા સામાન્ય કેવલીમાં સંભવિત છે. તેમાં ૭૯ - ૭૫ એમ બે બે સત્તાસ્થાન જાણવાં. જેમકે -

| | ઉદય ભાંગા | સત્તા | | ઉદય ભાંગા | સત્તા |
|---|---|---|---|---|---|
| ૨૦ ના ઉદયે સા. કેવલી | ૧ | ૭૯-૭૫ | ૨૯ ના ઉદયે સા. કેવલી | ૧૨ | ૭૯-૭૫ |
| ૨૧ ના ઉદયે તી. કેવલી | ૧ | ૮૦-૭૬ | ૨૯ ના ઉદયે તી. કેવલી | ૧ | ૮૦-૭૬ |
| ૨૬ ના ઉદયે સા. કેવલી | ૬ | ૭૯-૭૫ | ૩૦ ના ઉદયે સા. કેવલી | ૨૪ | ૭૯-૭૫ |
| ૨૭ ના ઉદયે તી. કેવલી | ૧ | ૮૦-૭૬ | ૩૦ ના ઉદયે તી. કેવલી | ૧ | ૮૦-૭૬ |
| ૨૮ ના ઉદયે સા. કેવલી | ૧૨ | ૭૯-૭૫ | ૩૧ ના ઉદયે તી. કેવલી | ૧ | ૮૦-૭૬ |
| | ૨૧ | | | ૩૯ | |

આઠ ઉદયસ્થાનમાંથી ૨૯ - ૩૦ ના ઉદયે ચાર-ચાર, અને બાકીનાં ૬ ઉદયસ્થાનોમાં બે બે, મળીને કુલ ૨૦ સત્તાસ્થાનક ઉદયસ્થાનને અનુસારે થાય છે. ઉદયભાંગાને અનુસારે ૬૦ × ૨ = ૧૨૦ સત્તાસ્થાન જાણવાં.

દુ છક્કમુદયંસા - ચૌદમા અયોગી ગુણઠાણે ૯ - ૮ એમ બે ઉદયસ્થાનક છે. બે ઉદયભાંગા છે. તીર્થંકર પ્રભુને ૯ નો ઉદય છે અને ચૌદમા ગુણઠાણાના દ્વિચરમ સમય સુધી ૮૦-૭૬ ની સત્તા છે. અને ચરમ સમયે ૯ ની સત્તા છે. એવી જ રીતે સામાન્ય કેવલી પ્રભુને આઠનો ઉદય છે. અને ચૌદમાના દ્વિચરમ સમય સુધી ૭૯-૭૫ ની સત્તા છે. અને ચૌદમાના ચરમસમયે ૮ ની સત્તા છે. બન્ને ઉદયસ્થાનોમાં ત્રણ ત્રણ સત્તાસ્થાનક છે. જેથી કુલ ૬ સત્તાસ્થાનક ચૌદમે ગુણઠાણે છે.

આ પ્રમાણે ચૌદ ગુણસ્થાનક ઉપર વિસ્તારપૂર્વક સંવેધ વિવેચનમાં સમજાવ્યો. મૂલ ગાથા ૫૮ - ૫૯ માં ચૌદે ગુણસ્થાનકે સંભવતાં બંધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકોની સંખ્યા માત્ર કહેલી છે. તેને અનુસારે ચૂર્ણિ, વૃત્તિ આદિ ગ્રન્થોનો આધાર લઈને ઉપરોક્ત વિસ્તાર કર્યો છે. તેમાંથી પહેલા અને બીજા ગુણઠાણે એક એક બંધસ્થાનકના કેટલા કેટલા બંધભાંગા હોઈ શકે ? અને આજ પહેલા-બીજા બન્ને ગુણઠાણે એક એક ઉદયસ્થાનના કેટલા કેટલા ઉદયભાંગા હોઈ શકે તે વાત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે પછીની ક્રમસર આવતી ૪ ગાથામાં ગ્રંથકારશ્રી પોતે જ જણાવે છે. બે ગુણઠાણાંના કથનથી બાકીનાં ગુણઠાણામાં બંધભાંગા અને ઉદયભાંગા સ્વયં સમજી લેવાના છે. કારણ કે ત્રીજા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધી બંધભાંગા અને ઉદયભાંગાની સંખ્યા થોડી છે. અને સ્વયં સમજાય તેમ છે. તેથી તેને છોડીને પહેલા-બીજા ગુણઠાણે જે છે તેનું જ માત્ર કથન કરેલું છે. જોકે આ બે ગુણઠાણે બંધભાંગા અને ઉદયભાંગા સમજાવનારી ગાથા ૬૦ - ૬૧ - ૬૨ - ૬૩ મૂલ સપ્તતિકાની નથી. આ ચારે પ્રક્ષિપ્ત ગાથાઓ છે. ચૂર્ણિમાં એવો કોઈ ઉલ્લેખ નથી કે આ ગાથા ક્યાંની છે ? પરંતુ પૂજ્ય મલયગિરિજીકૃત વૃત્તિમાં ૬૦ - ૬૧ - ૬૩ આમ માત્ર ત્રણ ગાથા માટે "अन्तर्भाष्यतया" આવો ઉલ્લેખ છે. આ ત્રણે ગાથા ચૂર્ણિમાં અને વૃત્તિમાં વિવેચન રૂપે લખેલી છે. મૂલગ્રંથ રૂપે નથી. ૬૨ મી ગાથા તો મૂલગ્રંથ રૂપે પણ નથી. અને વિવેચન રૂપે પણ નથી. પણ આપણે આ ૪ ગાથાઓ પ્રક્ષિપ્ત છે આમ સમજીને હવે આગળ ચાલીએ. ॥ ૫૮ - ૫૯ ॥

**चउ पणवीसा सोलस, नव चत्तोला सया य बाणउई ।**
**बत्तीसुत्तर छायाल, सया मिच्छस्स बंधविही ।। ६० ।।**

**अट्ठ सया चउसट्ठी, बत्तीससयाइं सासणे भेआ ।**
**अट्ठावीसाईसुं, सव्वाणट्ठहिग छन्नउई ।। ६१ ।।**

**इगचत्तिगार बत्तीस, छसय इगतीसिगारनवनउई ।**
**सतरिगसि गुणतीसचउद, इगारचउसट्ठि मिच्छुदया ।। ६२ ।।**

**बत्तीस दुन्नि अट्ठ य, बासीइसया य पंच नव उदया ।**
**बारहिआ तेवीसा, बावन्निक्कारस सया य ।। ६३ ।।**

चत्वारः पञ्चविंशतिष्षोडश, नव चत्वारिंशतशतानि च द्विनवतिः ।
द्वात्रिंशदुत्तर-षड्चत्वारिंशतशतानि मिथ्यात्वस्य बन्धविधयः ।। ६० ।।

अष्ट शतानि चतुःषष्टिः, द्वात्रिंशतशतानि च सास्वादने भणिताः ।
अष्टाविंशत्यादिषु सर्वेषामष्टाधिकषण्णवतिः ।। ६१ ।।

एकचत्वारिंशदेकादश द्वात्रिंशत्, षट्शतैकत्रिंशदेकादश नवनवतिः ।
सप्तदशैकाशीतिरेकोनत्रिंशच्चतुर्दशैकादशचतुःषष्टिः मिथ्यात्वोदयाः ।।६२।।

द्वात्रिंशद् द्वौ अष्टौ च, द्व्यशीतिः शतानि च पञ्च नव उदयाः ।
द्वादशाधिकास्त्रयोविंशतिः, द्विपञ्चाशदेकादशशतानि च ।। ६३ ।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ - મિથ્યાત્વ ગુણસ્થાનકે ૪, ૨૫, ૧૬, ૯, ૯૨૪૦, ૪૬૩૨ બંધભાંગા ૨૩ આદિ છ બંધસ્થાનકોમાં હોય છે. ॥ ૬૦ ॥*

*૮ - ૬૪૦૦ - ૩૨૦૦ બંધભાંગા ૨૮ આદિ ત્રણ બંધસ્થાનકોમાં સાસ્વાદને હોય છે. સર્વે મળીને ૯૬૦૮ થાય છે. ॥ ૬૧ ॥*

*૪૧ - ૧૧ - ૩૨ - ૬૦૦ - ૩૧ - ૧૧૯૯ - ૧૭૮૧ - ૨૯૧૪ - અને ૧૧૬૪ ઉદયભાંગા ૨૧ આદિ ઉદયસ્થાનોમાં મિથ્યાત્વે જાણવા. ॥ ૬૨ ॥*

*૩૨ - ૨ - ૮ - ૫૮૨ - ૯ - ૨૩૧૨ - ૧૧૫૨ ઉદયભાંગા ૨૧ આદિ ઉદયસ્થાનોમાં સાસ્વાદને જાણવા. ॥ ૬૩ ॥*

વિવેચન - ૬૦-૬૧-૬૨-૬૩ આ ચારે ગાથા સપ્તતિકા નામના મૂલગ્રંથની નથી. પ્રક્ષિપ્ત છે. ચૂર્ણિમાં ૬૦-૬૧-૬૩ લખી છે. ૬૨મી લખી જ નથી. સપ્તતિકાની વૃત્તિમાં પણ "अन्तर्भाष्यतया" કહીને ૩ જ લખી છે. ૬૨મી ગાથા સપ્તતિકાવૃત્તિમાં પણ નથી.

આ ચારે ગાથાઓમાં પહેલા-બીજા ગુણસ્થાનકે બંધભાંગા અને ઉદયભાંગાની સંખ્યા માત્ર કહેલી છે.

| | મિથ્યાત્વે બંધભાંગા | સાસ્વાદને બંધભાંગા |
|---|---|---|
| ૨૩ નો બંધ | ૪ | × |
| ૨૫ નો બંધ | ૨૫ | × |
| ૨૬ નો બંધ | ૧૬ | × |
| ૨૮ નો બંધ | ૯ | ૮ |
| ૨૯ નો બંધ | ૯૨૪૦ | ૬૪૦૦ |
| ૩૦ નો બંધ | ૪૬૩૨ | ૩૨૦૦ |
| કુલ | ૧૩૯૨૬ | ૯૬૦૮ |
| | | |
| | | |
| | | |

| | મિથ્યાત્વે ઉદયભાંગા | સાસ્વાદને ઉદયભાંગા |
|---|---|---|
| ૨૧ નો ઉદય | ૪૧ | ૩૨ |
| ૨૪ નો ઉદય | ૧૧ | ૨ |
| ૨૫ નો ઉદય | ૩૨ | ૮ |
| ૨૬ નો ઉદય | ૬૦૦ | ૫૮૨ |
| ૨૭ નો ઉદય | ૩૧ | × |
| ૨૮ નો ઉદય | ૧૧૯૯ | × |
| ૨૯ નો ઉદય | ૧૭૮૧ | ૯ |
| ૩૦ નો ઉદય | ૨૯૧૪ | ૨૩૧૨ |
| ૩૧ નો ઉદય | ૧૧૬૪ | ૧૧૫૨ |
| કુલ | ૭૭૭૩ | ૪૦૯૭ |

ગાથામાં અને ચિત્રમાં પહેલા અને બીજા ગુણઠાણે કેટલા કેટલા બંધભાંગા અને કેટલા કેટલા ઉદયભાંગા હોય ? તે જ માત્ર અંકસંખ્યાથી સમજાવ્યું છે. પરંતુ તે કયા કયા જીવના બંધભાંગા લેવા ? અને કયા કયા જીવોના ઉદયભાંગા લેવા ? તે કહ્યું નથી. જો કે પૂર્વે સમજાવેલા વિવેચનમાં આ સઘળો વિષય આવી ગયો છે. તો પણ અભ્યાસક

जैन सांईट JAINSITE .com जैनम् जयति शासनम्

વર્ગની સ્મૃતિ તાજી કરાવવા માટે તથા ત્રીજા-ચોથા આદિ ગુણઠાણાઓમાં ગ્રંથકારશ્રીએ નહી કહેલા એવા પણ બંધભાંગા અને ઉદયભાંગા સમજાવવા માટે અમે ચિત્ર દોરીએ છીએ કે જેમાંથી બધી જ વિગત સ્મૃતિગોચર થશે.

મિથ્યાત્વે બંધભાંગાનું ચિત્ર

| | ૨૩ | ૨૫ | ૨૬ | ૨૮ | ૨૯ | ૩૦ | સર્વે મળીને |
|---|---|---|---|---|---|---|---|
| એકે. પ્રાયોગ્ય | ૪ | ૨૦ | ૧૬ | | | | ૪૦ |
| વિકલે. પ્રાયોગ્ય | | ૩ | | | ૨૪ | ૨૪ | ૫૧ |
| પં.તિ. પ્રાયોગ્ય | | ૧ | | | ૪૬૦૮ | ૪૬૦૮ | ૯૨૧૭ |
| મનુ. પ્રાયોગ્ય | | ૧ | | | ૪૬૦૮ | | ૪૬૦૯ |
| દેવ પ્રાયોગ્ય | | | | ૮ | | | ૮ |
| નારકી પ્રાયોગ્ય | | | | ૧ | | | ૧ |
| | ૪ | ૨૫ | ૧૬ | ૯ | ૯૨૪૦ | ૪૬૩૨ | ૧૩૯૨૬ |

સાસ્વાદને બંધભાંગાનું ચિત્ર

| | એકે. પ્રાયો. | વિકલે. પ્રાયો. | પં.તિર્યંચ પ્રાયોગ્ય | મનુષ્ય પ્રાયોગ્ય | દેવ પ્રાયો. | નરક પ્રાયો. | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮ નો બંધ | × | × | × | × | ૮ | × | ૮ |
| ૨૯ નો બંધ | × | × | ૩૨૦૦ | ૩૨૦૦ | × | × | ૬૪૦૦ |
| ૩૦ નો બંધ | × | × | ૩૨૦૦ | × | × | × | ૩૨૦૦ |
| કુલ | × | × | ૬૪૦૦ | ૩૨૦૦ | ૮ | × | ૯૬૦૮ |

મિથ્યાત્વે ઉદયભાંગાનું ચિત્ર -

| | ૨૧ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એકેન્દ્રિયના | ૫ | ૧૧ | ૭ | ૧૩ | ૬ | | | | | ૪૨ |
| વિકલેન્દ્રિયના | ૯ | | | ૯ | | ૬ | ૧૨ | ૧૮ | ૧૨ | ૬૬ |
| સા. તિર્યંચના | ૯ | | | ૨૮૯ | | ૫૭૬ | ૧૧૫૨ | ૧૭૨૮ | ૧૧૫૨ | ૪૯૦૬ |
| વૈ. તિર્યંચના | | | ૮ | | ૮ | ૧૬ | ૧૬ | ૮ | | ૫૬ |
| સા. મનુષ્યના | ૯ | | | ૨૮૯ | | ૫૭૬ | ૫૭૬ | ૧૧૫૨ | | ૨૬૦૨ |
| વૈ. મનુષ્યના | | | ૮ | | ૮ | ૮ | ૮ | | | ૩૨ |
| દેવના | ૮ | | ૮ | | ૮ | ૧૬ | ૧૬ | ૮ | | ૬૪ |
| નારકીના | ૧ | | ૧ | | ૧ | ૧ | ૧ | | | ૫ |
| કુલ | ૪૧ | ૧૧ | ૩૨ | ૬૦૦ | ૩૧ | ૧૧૯૯ | ૧૭૮૧ | ૨૯૧૪ | ૧૧૬૪ | ૭૭૭૩ |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સાસ્વાદને ઉદયભાંગાનું ચિત્ર

| | ૨૧ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૯ | ૩૦ | ૩૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | ૨ | ૨ | | | | | | ૪ |
| વિકલેન્દ્રિય | ૬ | | | ૬ | | | | ૧૨ |
| સા. તિર્યંચ | ૮ | | | ૨૮૮ | | ૧૧૫૨ | ૧૧૫૨ | ૨૬૦૦ |
| વૈ. તિર્યંચ | | | | | | | | |
| સા. મનુષ્ય | ૮ | | | ૨૮૮ | | ૧૧૫૨ | | ૧૪૪૮ |
| વૈ. મનુષ્ય | | | | | | | | |
| દેવ | ૮ | | ૮ | | ૮ | ૮ | | ૩૨ |
| નારકી | | | | | ૧ | | | ૧ |
| | ૩૨ | ૨ | ૮ | ૫૮૨ | ૯ | ૨૩૧૨ | ૧૧૫૨ | ૪૦૯૭ |

## ૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં નામકર્મના બંધભાંગાનું ચિત્ર -

| ગુણસ્થાનક | ૨૩ | ૨૫ | ૨૬ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મિથ્યાત્વ | ૪ | ૨૫ | ૧૬ | ૯ | ૯૨૪૦ | ૪૬૩૨ | × | × | ૧૩૯૨૬ |
| સાસ્વાદન | | | | ૮ | ૬૪૦૦ | ૩૨૦૦ | | | ૯૬૦૮ |
| મિશ્ર | | | | ૮ | ૮ | | | | ૧૬ |
| અવિરત | | | | ૮ | ૧૬ | ૮ | | | ૩૨ |
| દેશવિરત | | | | ૮ | ૮ | | | | ૧૬ |
| પ્રમત્ત | | | | ૮ | ૮ | | | | ૧૬ |
| અપ્રમત્ત | | | | ૧ | ૧ | ૧ | ૧ | | ૪ |
| અપૂર્વકરણ | | | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| અનિવૃત્તિ | | | | | | | | ૧ | ૧ |
| સૂક્ષ્મસંપરાય. | | | | | | | | ૧ | ૧ |
| કુલ | ૪ | ૨૫ | ૧૬ | ૫૧ | ૧૫૬૮૨ | ૭૮૪૨ | ૨ | ૩ | ૨૩૬૨૫ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧ થી ૧૪ ગુણસ્થાનકોમાં નામકર્મના ઉદયભાંગાનું ચિત્ર

| ઉદયસ્થાન / ગુણસ્થાનક | ૨૦ | ૨૧ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૯ | ૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મિથ્યાત્વ | | ૪૧ | ૧૧ | ૩૨ | ૬૦૦ | ૩૧ | ૧૧૯૯ | ૧૭૮૧ | ૨૯૧૪ | ૧૧૬૪ | | | ૭૭૭૩ |
| સાસ્વાદન | | ૩૨ | ૨ | ૮ | ૫૮૨ | | | ૯ | ૨૩૧૨ | ૧૧૫૨ | | | ૪૦૯૭ |
| મિશ્ર | | | | | | | | ૯ | ૨૩૦૪ | ૧૧૫૨ | | | ૩૪૬૫ |
| અવિરત | | ૨૫ | | ૨૫ | ૫૭૬ | ૨૫ | ૧૧૯૩ | ૧૭૬૯ | ૨૮૯૬ | ૧૧૫૨ | | | ૭૬૬૧ |
| દેશવિરત | | | | ૨ | | ૨ | ૩ | ૩ | ૨૮૯ | ૧૪૪ | | | ૪૪૩ |
| પ્રમત્ત | | | | ૨ | | ૨ | ૪ | ૪ | ૧૪૬ | | | | ૧૫૮ |
| અપ્રમત્ત | | | | | | | | ૨ | ૧૪૬ | | | | ૧૪૮ |
| અપૂર્વકરણ | | | | | | | | | ૭૨ | | | | ૭૨ |
| અનિવૃત્તિકરણ | | | | | | | | | ૭૨ | | | | ૭૨ |
| સૂ.સંપરાય | | | | | | | | | ૭૨ | | | | ૭૨ |
| ઉપશાન્તમોહ | | | | | | | | | ૭૨ | | | | ૭૨ |
| ક્ષીણમોહ | | | | | | | | | ૨૪ | | | | ૨૪ |
| સયોગી | ૧ | ૧ | | | ૬ | ૧ | ૧૨ | ૧૩ | ૨૫ | ૧ | | | ૬૦ |
| અયોગી | | | | | | | | | | | ૧ | ૧ | ૨ |
| કુલ | ૧ | ૯૯ | ૧૩ | ૬૯ | ૧૭૬૪ | ૬૧ | ૨૪૧૧ | ૩૫૯૦ | ૧૧૩૪૪ | ૪૭૬૫ | ૧ | ૧ | |

જૈન સાઈટ JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ થી ૧૪ ગુણસ્થાનકોમાં નામકર્મનાં બંધસ્થાનકાદિનું ચિત્ર

| ગુણ સ્થાનક | બંધ સ્થાનક | ક્યાં ક્યાં બંધસ્થાનક | બંધ ભાંગા | ઉદય સ્થાનક | ક્યાં ક્યાં ઉદયસ્થાનક | ઉદય ભાંગા | સત્તા સ્થાનક | ક્યાં ક્યાં સત્તાસ્થાનક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૨૩, ૨૫, ૨૬ ૨૮, ૨૯, ૩૦ | ૧૩૯૨૬ | ૯ | ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ | ૭૭૭૩ | ૬ | ૯૨, ૮૯, ૮૮, ૮૬, ૮૦, ૭૮ |
| ૨ | ૩ | ૨૮, ૨૯, ૩૦ | ૯૬૦૮ | ૭ | ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૯, ૩૦, ૩૧ | ૪૦૯૭ | ૨ | ૯૨, ૮૮ |
| ૩ | ૨ | ૨૮, ૨૯ | ૧૬ | ૩ | ૨૯, ૩૦, ૩૧ | ૩૪૬૫ | ૨ | ૯૨, ૮૮ |
| ૪ | ૩ | ૨૮, ૨૯, ૩૦ | ૩૨ | ૮ | ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ | ૭૬૬૧ | ૪ | ૯૩, ૯૨ ૮૯, ૮૮ |
| ૫ | ૨ | ૨૮, ૨૯ | ૧૬ | ૬ | ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ | ૪૪૩ | ૪ | ૯૩, ૯૨ ૮૯, ૮૮ |
| ૬ | ૨ | ૨૮, ૨૯ | ૧૬ | ૫ | ૨૫, ૨૭, ૨૮ ૨૯, ૩૦ | ૧૫૮ | ૪ | ૯૩, ૯૨ ૮૯, ૮૮ |
| ૭ | ૪ | ૨૮, ૨૯, ૩૦, ૩૧ | ૪ | ૨ | ૨૯, ૩૦ | ૧૪૮ | ૪ | ” |
| ૮ | ૫ | ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૧ | ૫ | ૧ | ૩૦ | ૭૨ | ૪ | ” |
| ૯ | ૧ | ૧ | ૧ | ૧ | ૩૦ | ૭૨ | ૮ | ૯૩, ૯૨, ૮૯, ૮૮, ૮૦, ૭૯, ૭૬, ૭૫ |
| ૧૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૩૦ | ૭૨ | ૮ | ” |
| ૧૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૩૦ | ૭૨ | ૪ | ૯૩, ૯૨, ૮૯, ૮૮ |
| ૧૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૩૦ | ૨૪ | ૪ | ૮૦, ૭૯, ૭૬, ૭૫ |
| ૧૩ | ૦ | ૦ | ૦ | ૮ | ૨૦, ૨૧, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ | ૬૦ | ૪ | ” |
| ૧૪ | ૦ | ૦ | ૦ | ૨ | ૯, ૮ | ૨ | ૬ | ૮૦, ૭૯, ૭૬, ૭૫, ૯, ૮ |

આ પ્રમાણે ગાથા ૧ થી ૩૪ માં આઠ કર્મોનો સામાન્ય સંવેધ, ગાથા ૩૬ થી ૪૨ માં ચૌદ જીવસ્થાનક ઉપર સંવેધ, અને ગાથા ૪૩ થી ૬૩ માં ચૌદ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ગુણસ્થાનક ઉપર સંવેધ, સમજાવીને હવે ૧૪ મૂલમાર્ગણા અને ૬૨ ઉત્તર માર્ગણાને વિષે સંવેધ સમજાવે છે. ॥ ૬૦ - ૬૧ - ૬૨ - ૬૩ ॥

**दो छक्कट्ठ चउक्कं, पण नव इक्कार छक्कगं उदया ।**
**नेरइयासु सत्ता, ति पंच इक्कारस चउक्कं ।। ६४ ।।**

**इग विगलिंदिय सगले, पण पंच य अट्ठ बंधठाणाणि ।**
**पण छक्किक्कारुदया, पण पण बारस य संताणि ।। ६५ ।।**

**द्वे षट्काष्टौ चतुष्कं, पञ्च नवैकादश षट्कं उदयाः ।**
**नैरयिकादिषु सन्ति, त्रीणि पञ्च एकादश चतुष्कम् ।। ६४ ।।**

**एकस्मिन् विकलेन्द्रिये सकले, पञ्च पञ्च चाष्ट बन्धस्थानानि ।**
**पञ्च षट्कैकादशोदयाः, पञ्च पञ्च द्वादश च सन्ति ।। ६५ ।।**

*ગાથાર્થ - નરકાદિ ચારે ગતિમાં ૨, ૬, ૮, ૪ બંધસ્થાનક, ૫, ૯, ૧૧, ૬, ઉદયસ્થાનક, અને ૩ - ૫ - ૧૧ - ૪ સત્તાસ્થાનક જાણવાં.*

*૫-૫-૮ બંધસ્થાનક, ૫-૬-૧૧ ઉદયસ્થાનક, ૫-૫-૧૨ સત્તાસ્થાનક અનુક્રમે એકેન્દ્રિયમાં, વિકલેન્દ્રિયમાં અને પંચેન્દ્રિયમાં જાણવાં ॥ ૬૪-૬૫ ॥*

વિવેચન - જીવસ્થાનક અને ગુણસ્થાનકમાં આઠે કર્મોનાં બંધસ્થાનક-ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક તથા તે ત્રણેનો સંવેધ સમજાવીને હવે ગ્રંથકારશ્રી ૬૨ માર્ગણા ઉપર સંવેધ શરૂ કરે છે. તેમાં ૪ ગતિ અને ૫ જાતિ એમ મૂલ ૨ માર્ગણામાં આ બન્ને ગાથામાં માત્ર નામકર્મનાં જ બંધસ્થાનકાદિ લખે છે. બાકીની બધી માર્ગણા માટે ૬૬ મી ગાથામાં ભલામણ જ કરે છે.

ગતિ માર્ગણામાં નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિમાં નામકર્મનાં અનુક્રમે ૨-૬-૮-૪ બંધસ્થાનક, ૫-૯-૧૧-૬ ઉદયસ્થાનક અને ૩-૫-૧૧-૪ સત્તાસ્થાનક હોય છે.

નરકગતિમાં વર્તતા નારકીના જીવો નામકર્મનાં પં. તિર્યંચ અને મનુષ્યપ્રાયોગ્ય ૨૯, ૩૦ એમ બે જ બંધસ્થાનક બાંધે છે. ૨૯ના બંધે પં.તિ. પ્રાયોગ્ય અને મનુષ્ય પ્રા. ૪૬૦૮, ૪૬૦૮ તથા ૩૦ના બંધે તિ.પ્રા. ૪૬૦૮ અને મ.પ્રા.ના ૮ મળીને ૧૩૮૩૨ બંધભાંગા હોય છે. ૨૧-૨૫-૨૭-૨૮-૨૯ એમ પાંચ ઉદયસ્થાનક અને દરેક ઉદયસ્થાને એક-એક ઉદયભાંગો. એમ પાંચ ઉદયભાંગા હોય છે. ૯૨, ૮૯, ૮૮ એમ ૩ સત્તાસ્થાનક જાણવાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચગતિમાં ૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦ એમ ૬ બંધસ્થાનક, ૧૩૯૨૬ બંધભાંગા, ૨૧ થી ૩૧ સુધીનાં ૯ ઉદયસ્થાનક, એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સામાન્ય તિર્યંચના ૪૯૦૬ અને વૈક્રિયતિર્યંચના ૫૬ મળીને કુલ ૫૦૭૦ ઉદયભાંગા, અને ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ - ૭૮ એમ પાંચ સત્તાસ્થાનક જાણવાં.

મનુષ્યગતિમાં ૨૩ આદિ આઠે આઠ બંધસ્થાનક, મનુષ્યપ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮ બંધભાંગા છોડીને બાકીના સર્વે ૧૩૯૩૭ બંધભાંગા, ૨૪ વિનાનાં શેષ ૧૧ ઉદયસ્થાનક, સામાન્ય મનુષ્યના ૨૬૦૨, વૈક્રિય મનુષ્યના ૩૫, આહારક મનુષ્યના ૭ અને કેવલી પરમાત્માના ૮ મળીને કુલ ૨૬૫૨ ઉદયભાંગા અને ૭૮ વિનાનાં ૧૧ સત્તાસ્થાનક હોય છે.

દેવગતિમાં ૨૫-૨૬-૨૯-૩૦ એમ ૪ બંધસ્થાનક, બાદર પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ ના બંધના ૮, ૨૬ ના બંધના ૧૬, પં. તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૪૬૦૮, મનુષ્ય પ્રાયોગ્યના ૪૬૦૮, ત્રીસના બંધના પં. તિર્યંચ પ્રાયોગ્યના ૪૬૦૮ અને મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮ એમ સર્વે મળીને ૧૩૮૫૬ બંધભાંગા હોય છે. ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ - ૨૯ - ૩૦ એમ ૬ ઉદયસ્થાનક, ૬૪ ઉદયભાંગા, ૯૩, ૯૨, ૮૯, ૮૮ એમ ૪ સત્તાસ્થાન સંભવે છે. આ ચાર ગતિમાર્ગણા કહી.

જાતિમાર્ગણામાંથી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં નામકર્મનાં અનુક્રમે ૫-૫-૮ બંધસ્થાનક, ૫-૬-૧૧ ઉદયસ્થાનક અને ૫-૫-૧૨ સત્તાસ્થાનક હોય છે. ત્યાં એકેન્દ્રિયમાં ૨૩-૨૫-૨૬-૨૯-૩૦ એમ પાંચ બંધસ્થાનક, ૧૩૯૧૭ બંધભાંગા, ૨૧-૨૪-૨૫-૨૬-૨૭ એમ પાંચ ઉદયસ્થાનક, ૪૨ ઉદયભાંગા, અને ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ આમ પાંચ સત્તાસ્થાનક હોય છે.

વિકલેન્દ્રિયમાં ૨૩-૨૫-૨૬-૨૯-૩૦ એમ પાંચ બંધસ્થાનક, ૧૩૯૧૭ બંધભાંગા, ૨૧ - ૨૬ - ૨૮ - ૨૯ - ૩૦ - ૩૧ એમ ૬ ઉદયસ્થાનક, તથા ૬૬ ઉદયભાંગા, ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ - ૭૮ એમ પાંચ સત્તાસ્થાનક જાણવાં.

પંચેન્દ્રિય માર્ગણામાં ૨૩ આદિ આઠે આઠ બંધસ્થાનક, ૧૩૯૪૫ બંધભાંગા, ૨૪ વિનાનાં બાકીનાં ૧૧ ઉદયસ્થાનક, એકેન્દ્રિયના ૪૨ અને વિકલેન્દ્રિયના ૬૬ એમ ૧૦૮ છોડીને બાકીના ૭૬૮૩ ઉદયભાંગા, અને બારે બાર સત્તાસ્થાનક હોય છે. આ જાતિ માર્ગણા થઈ.

આ ૪ ગતિમાર્ગણા તથા ૫ જાતિમાર્ગણા વગેરે ૬૨ માર્ગણામાં નામકર્મનો, તથા પ્રસંગને અનુસારે મૂલ આઠ કર્મોનો, અને શેષ એક-એક એમ ૭ કર્મોનો સંવેધ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણનારને વધારે સરળ પડે તે માટે અમે પાછળ પરિશિષ્ટ રૂપે પાના નંબર ૩૦૩ થી ૩૬૪ સુધીમાં આપીશું. ત્યાંથી જોઈ લેવા વિનંતિ છે. ॥ ૬૪ - ૬૫ ॥

**इय कम्मपगइठाणाणि, सुट्ठु बंधुदयसन्तकम्माणं ।**
**गइआइएहिं अट्ठसु, चउप्पयारेण नेयाणि ।। ६६ ।।**

**इति कर्मप्रकृतिस्थानानि, सुष्ठु बन्धोदयसत्कर्मणाम् ।**
**गत्यादिभिरष्टसु, चतुष्प्रकारेण ज्ञेयानि ।। ६६ ।।**

*ગાથાર્થ - આ પ્રમાણે બંધ-ઉદય અને સત્તાનાં કર્મપ્રકૃતિઓનાં સ્થાનોને ગતિ આદિ ૬૨ માર્ગણા વડે આઠ અનુયોગદ્વારોમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ એમ ચાર પ્રકારે જાણવાં જોઈએ. ॥ ૬૬ ॥*

વિવેચન - ગાથા ૧ થી ૬૬ માં મૂલ આઠે કર્મોનાં, અને જ્ઞાનાવરણીય આદિ એક-એક કર્મનાં બંધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાપ્રકૃતિઓનાં સ્થાનો ગ્રંથકારશ્રીએ જણાવ્યાં છે. તથા ૧૪ જીવસ્થાનક ઉપર અને ૧૪ ગુણસ્થાનક ઉપર પણ બંધસ્થાનક આદિ ગ્રંથકારશ્રીએ જણાવ્યાં છે. તે જ પ્રમાણે પૂર્વાપર શાસ્ત્રોનો સુંદર અભ્યાસ-ચિંતન-મનન કરીને ૧૪ મૂલમાર્ગણાઓ ઉપર અને તેના ઉત્તરભેદ સ્વરૂપ ૬૨ માર્ગણાઓમાં બંધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકો કહેવાં.

"संतपयपरूवणया दव्वपमाणं च खित्तफुसणा य ।
कालो य अंतरं भाग, भावे अप्पाबहुं चेव ।"

આ ગાથામાં કહેલા આઠ અનુયોગ દ્વારો પ્રમાણે આ આઠે કર્મોનો સંવેધ જીવસ્થાનક, ગુણસ્થાનક-માર્ગણાસ્થાનક આદિમાં જાણવો. ત્યાં સત્પદપ્રરૂપણા રૂપે સંવેધ ૧ થી ૩૪ ગાથામાં સામાન્યથી, અને પછીની ગાથાઓમાં વિશેષથી જીવસ્થાનક-ગુણસ્થાનક તથા ગતિ-જાતિ માર્ગણાસ્થાનોમાં ગ્રંથકારશ્રીએ પોતે જ સ્વયં કહ્યો છે. બાકીની માર્ગણાઓમાં જાણી લેવાનું કહ્યું છે. દ્રવ્યપ્રમાણ આદિ બીજા સાત અનુયોગ દ્વારો રૂપે આઠે કર્મોનો સંવેધ કર્મપ્રકૃતિપ્રાભૃત આદિ મહાગ્રન્થોનો સમ્યક્પ્રકારે અભ્યાસ કરીને જાણવા જેવો છે.

તે કર્મપ્રકૃતિપ્રાભૃત આદિ ગ્રન્થો હાલ વિદ્યમાન નથી. તેથી લેશથી પણ આ સંવેધ બતાવી શકાય તેમ નથી. આ બાબતમાં પૂજ્ય મલયગિરિજી મહારાજશ્રીની સપ્તતિકાવૃત્તિની કેટલીક પંક્તિઓ જાણવા જેવી છે. તે આ પ્રમાણે છે -

तत्र सत्पदप्ररूपणया संवेधो गुणस्थानकेषु सामान्येनोक्तः । विशेषतस्तु

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गतीरिन्द्रियाणि चाश्रित्य एतदनुसारेण काययोगादिष्वपि मार्गणास्थानेषु वक्तव्यः । शेषाणि तु द्रव्यप्रमाणादीनि सप्तानुयोगद्वाराणि कर्मप्रकृतिप्राभृतादीन् ग्रन्थान् सम्यक् परिभाव्य वक्तव्यानि । ते च कर्मप्रकृतिप्राभृतादयो ग्रन्था न सम्प्रति वर्तन्ते इति लेशतोऽपि दर्शयितुं न शक्यते । यस्त्वैदंयुगीनेऽपि श्रुते सम्यगत्यन्तमभियोगमास्थाय पूर्वापरौ परिभाव्य दर्शयितुं शक्नोति, तेनावश्यं दर्शयितव्यानि । प्रज्ञोन्मेषो हि सतामद्यापि तीव्रतीव्रतरक्षयोपशमभावेनासीमो विजयमानो लक्ष्यते । अपि चान्यदपि यत्किञ्चिदिह क्षुण्णमापतितं, तत्तेनापनीय तस्मिन्स्थानेऽन्यत्समीचीनमुपदेष्टव्यम् । सन्तो हि परोपकारकरणैकरसिका भवन्तीति ।

પૂજ્ય મલયગિરિજી મ. શ્રી કેટલી નમ્રતાભરી ભાષાથી લખે છે કે કર્મપ્રકૃતિપ્રાભૃત આદિ અગ્રાયણી પૂર્વના અંગભૂત ગ્રંથો હાલ નથી તેથી દ્રવ્યપ્રમાણાદિ દ્વારો વડે આ સંવેધ લેશથી પણ અમે જણાવી શકતા નથી. છતાં વર્તમાનયુગમાં પણ શ્રુતગ્રન્થોમાં સમ્યક્પ્રકારે અત્યન્ત ઉપયોગ રાખીને પૂર્વાપર ચિંતવન કરીને જે મહાત્મા પુરુષો જણાવવાને સમર્થ હોય, તેઓએ અવશ્ય આ સંવેધ સૂક્ષ્મપણે જણાવવો. કારણ કે પ્રજ્ઞાનો ઉઘાડ આ કાલે પણ સત્પુરુષોને તીવ્ર અને તીવ્રતર ક્ષયોપશમભાવે અપરિમિત હોય એમ જણાય છે. એટલું જ નહીં પરંતુ બીજું પણ જે કંઈ અમારાથી સદોષ કહેવાઈ ગયું હોય તે વિષયને તેઓએ દૂર કરીને તે તે સ્થાને સમ્યક્ એવો અન્ય વિષય જણાવવો. કારણ કે સંતપુરુષો સદા પરોપકાર કરવાના જ એકરસવાળા હોય છે. આ પંક્તિઓ આપણને ઘણું બધું કહી જાય છે. આવી અતિશય નમ્રતા ભરેલી તે મહાત્મા પુરુષોની મૂર્તિઓને લાખો લાખો વંદન.

અભ્યાસકને સમજવું સરળ પડે એટલે અમે ૬૨ માર્ગણા સ્થાનો ઉપર આઠે કર્મોનો સંવેધ પરિશિષ્ટરૂપે પાછળ પાના નંબર ૩૦૩ થી ૩૬૪ માં આપીશું. ત્યાંથી જાણી લેવા ખાસ વિનંતિ છે. ॥ ૬૬ ॥

**उदयस्सुदीरणाए, सामित्ताओ न विज्जइ विसेसो ।**
**मुत्तूण य इगयालं, सेसाणं सव्वपयडीणं ॥ ६७ ॥**

उदयस्योदीरणायां, स्वामित्वाद् न विद्यते विशेषः ।
मुक्त्वा चैकचत्वारिंशतं, शेषाणां सर्वप्रकृतीनाम् ॥ ६७ ॥

*ગાથાર્થ - ૪૧ પ્રકૃતિઓને છોડીને બાકીની સર્વે પણ પ્રકૃતિઓની ઉદીરણામાં સ્વામિત્વપણાથી ઉદય કરતાં કોઈપણ જાતની વિશેષતા નથી. ॥ ૬૭ ॥*

જૈન સાઈટ JAINSITE

વિવેચન - ઉદયકાલને પ્રાપ્ત થયેલાં દલિકોનો વિપાકથી અનુભવ કરવો તે ઉદય કહેવાય છે. અને ઉદયકાલને પ્રાપ્ત ન થયેલાં ઉદયાવલિકાની બહાર રહેલાં એવાં કર્મ-દલિકોને કષાયસહિત અથવા કષાયરહિત એવા યોગસંજ્ઞક વીર્યવિશેષ વડે આકર્ષીને ઉદયાવલિકામાં લાવીને તે દલિકોનો ઉદયમાં આવી ચુકેલ કર્મપરમાણુઓની સાથે જે અનુભવ કરવો તેને જૈનશાસ્ત્રોમાં ઉદીરણા કહેવાય છે. આ ઉદીરણામાં સ્વામિત્વને આશ્રયી ઉદયથી કોઈ વિશેષતા નથી. સારાંશ કે જે જીવ જ્ઞાનાવરણીયાદિ જે જે કર્મોના ઉદયનો સ્વામી છે તે જીવ તે તે કર્મોની ઉદીરણાનો પણ નિયમા સ્વામી છે. આમ જાણવું. "जत्थ उदओ तत्थ उदीरणा, जत्थ उदीरणा तत्थ उदओ त्ति" આવું શાસ્ત્રકાર પુરુષોનું વચન પ્રમાણ છે. તેમાં ૪૧ પ્રકૃતિઓનો અપવાદ છે. ૪૧ પ્રકૃતિઓમાં પણ ઘણો કાલ તો ઉદય-ઉદીરણા સાથે જ હોય છે. ફક્ત ક્યારેક ક્યારેક ચરમ આવલિકા જેવા અલ્પકાલમાં આગલ-આગલ દલિક ન હોવાથી ઉદયમાત્ર હોય છે. પરંતુ ઉદીરણા હોતી નથી. આ ૪૧ પ્રકૃતિઓનો અપવાદ હવે આવનારી ૬૮ મી ગાથામાં ગ્રંથકારશ્રી પોતે જ સમજાવે છે.

પ્રશ્ન - ઉદય-ઉદીરણાનું સ્વામિત્વ સમાન છે. માત્ર ૪૧ પ્રકૃતિઓમાં જ અલ્પકાલીન વિશેષતા છે. આવું વિધાન અત્યારે કેમ કરવું પડ્યું ?

ઉત્તર - ગાથા ૧ થી ૬૬ માં સામાન્યપણે, તથા જીવસ્થાનક ઉપર, ગુણસ્થાનક ઉપર અને કેટલીક માર્ગણાસ્થાનો ઉપર બંધસ્થાનક-ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકનો સંવેધ કહ્યો છે. હવે આ વિષય સમાપ્ત થવા આવ્યો છે. આની પછી ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી કહેવાની છે. તેથી કોઈ શિષ્યને પ્રશ્ન થાય કે સર્વગ્રંથોમાં બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા આ ચારેનું વર્ણન સાથે જ હોય છે. જેમકે કર્મસ્તવ. તો અહીં માત્ર બંધ-ઉદય અને સત્તા એમ ત્રણનું જ વર્ણન કેમ કર્યું ? ઉદીરણા કેમ ન જણાવી ? તેવી શંકાને દૂર કરવા માટે કહે છે કે ઉદય-ઉદીરણા સરખી હોવાથી ઉદયના કથનની સાથે જ ઉદીરણા સમજી લેવી. પણ ઉદીરણા કહી નથી એમ નથી. ॥ ૬૭ ॥

**नाणंतरायदसगं, दंसण नव वेयणिज्ज मिच्छत्तं ।**
**सम्मत्त लोभ वेयाउआणि, नव नाम उच्चं च ॥ ६८ ॥**

ज्ञानान्तरायदशकं, दर्शननव वेदनीयमिथ्यात्वम् ।
सम्यक्त्वलोभवेदायूंषि नव नामोच्चैश्च ॥ ६८ ॥

जैन साईट JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ - જ્ઞાનાવરણીય ૫, અંતરાય ૫, એમ બન્ને મળીને ૧૦, દર્શનાવરણીય ૯, વેદનીય ૨, મિથ્યાત્વ ૧, સમ્યક્ત્વમોહનીય ૧, સંજ્વલન લોભ ૧, વેદ ૩, આયુષ્ય ૪, નામકર્મની ચૌદમા ગુણઠાણે ઉદયવતી ૯, અને ઉચ્ચગોત્ર ૧, આમ કુલ ૪૧ પ્રકૃતિઓ ઉદયથી ઉદીરણામાં કંઈક વિશેષતા ધરાવે છે. ॥ ૬૮ ॥*

વિવેચન - કઈ કઈ પ્રકૃતિઓમાં ક્યારે ક્યારે ઉદય અને ઉદીરણામાં વિશેષતા છે તે આ ગાથામાં સમજાવે છે -

જ્ઞાનાવરણીય ૫, ચક્ષુ દર્શનાવરણીય આદિ ૪, અને અંતરાય ૫, આમ આ ૧૪ પ્રકૃતિઓનો ઉદય અને ઉદીરણા ક્ષીણમોહ ગુણસ્થાનકની ૧ ચરમ આવલિકા બાકી રહે ત્યાં સુધી સદા સાથે જ પ્રવર્તે છે. પરંતુ અંતિમ ચરમ આવલિકામાં માત્ર ઉદય જ પ્રવર્તે છે. કારણ કે આ ૧૪ પ્રકૃતિઓની હવે માત્ર ૧ આવલિકાની જ સત્તા હોવાથી તે ચરમ આવલિકાની બહાર આ ૧૪ કર્મપ્રકૃતિઓનું દલિક જ નથી. માટે તેમની ઉદીરણા હોતી નથી.

દર્શનાવરણીય કર્મમાં નિદ્રાપંચકનો સર્વે જીવોને શરીરપર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ્યાં સુધી ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી માત્ર ઉદય જ હોય છે. પણ ઉદીરણા હોતી નથી. શેષ કાલે સદા ઉદય-ઉદીરણા બન્ને સાથે જ હોય છે.

जैन साहित्य JAINSITE.com

સાતા-અસાતા વેદનીયકર્મની છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનક સુધી સદા ઉદય અને ઉદીરણા સાથે જ પ્રવર્તે છે. પણ સાતમા ગુણઠાણાથી તે બન્ને વેદનીયનો કેવલ એકલો ઉદય જ હોય છે. તથાસ્વભાવે ઉદીરણા હોતી નથી.

અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ નવું પ્રાથમિક ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે ત્યારે, મિથ્યાત્વ ગુણઠાણે અન્તરકરણ કરે છે તે-પ્રથમ સ્થિતિની ૧ આવલિકા જ્યારે શેષ રહે છે. ત્યારે મિથ્યાત્વમોહનીયનો માત્ર ઉદય જ હોય છે. પરંતુ ઉદીરણા હોતી નથી. કારણ કે ૧ આવલિકા પછી અન્તરકરણ (શુદ્ધભૂમિ) કરેલ છે. ત્યાં મિથ્યાત્વનું દલિક નથી.

ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ જીવ ૪ થી ૭ ગુણસ્થાનકમાં વર્તતો છતો જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વ પામવાનો પ્રારંભ કરે છે. અને મિથ્યાત્વ તથા મિશ્રમોહનીય ખપાવ્યા પછી સમ્યક્ત્વમોહનીયને ખપાવતાં ખપાવતાં સર્વ અપવર્તના વડે અપવર્તાવીને માત્ર અંતર્મુહૂર્તની સ્થિતિવાળી કરી હોય. અને તેને ઉદય-ઉદીરણા વડે અનુભવતાં અનુભવતાં જ્યારે એક આવલિકા માત્ર સમ્યક્ત્વમોહનીય રહે છે. ત્યારે તે સમ્યક્ત્વમોહનીયનો કેવલ ઉદય જ હોય છે. ઉદીરણા હોતી નથી. તથા ઉપશમશ્રેણી માંડવા માટેનું ઉપશમ સમ્યક્ત્વ પામતો હોય અને દર્શનત્રિકનું અંતરકરણ કરે, તેમાં પ્રથમસ્થિતિ

સમ્યક્ત્વમોહનીયની ૧ આવલિકા જ્યારે બાકી રહે છે ત્યારે પણ તે સમ્યક્ત્વ મોહનીયનો કેવલ ઉદય જ હોય છે. પણ ઉદીરણા હોતી નથી.

સંજ્વલન લોભનો ઉદય અને ઉદીરણા હંમેશાં સાથે જ હોય છે. પરંતુ સૂક્ષ્મસંપરાય ગુણઠાણાની છેલ્લી ૧ આવલિકા જ્યારે બાકી રહે છે ત્યારે છેલ્લી આવલિકામાં સંજ્વલન લોભનો માત્ર ઉદય જ હોય છે પણ ઉદીરણા હોતી નથી.

પુરુષવેદાદિ ત્રણ વેદમાંથી જે જીવે જે વેદના ઉદયે શ્રેણીનો પ્રારંભ કર્યો હોય, તે જીવને અંતરકરણ કરે છતે ઉદયમાં વર્તતા તે તે વેદની પ્રથમસ્થિતિ જ્યારે ૧ આવલિકા બાકી રહે છે ત્યારે તે તે વેદનો કેવલ ઉદય જ હોય છે. પરંતુ ઉદીરણા હોતી નથી.

ચારે ગતિમાં વર્તતા જીવોને પોતપોતાના ભવની છેલ્લી આવલિકામાં પોતપોતાના આયુષ્યકર્મનો કેવળ ઉદય જ હોય છે ઉદીરણા હોતી નથી કારણ કે હવે તે તે ભવનું આયુષ્યકર્મ એક આવલિકા માત્ર જ બાકી છે. વળી મનુષ્યાયુષ્યનો સાતમા ગુણઠાણાથી ચૌદમા ગુણઠાણા સુધી માત્ર ઉદય જ હોય છે. પણ ઉદીરણા હોતી નથી.

ચૌદમા ગુણઠાણે જેનો ઉદય ચાલુ છે એવી નામકર્મની ૯ અને ઉચ્ચગોત્રકર્મનો ચૌદમે ગુણઠાણે માત્ર ઉદય જ છે. પણ યોગ ન હોવાથી ઉદીરણા નથી. આ રીતે ૫ જ્ઞાનાવરણીય, ૪ દર્શનાવરણીય, ૫ અંતરાય, ૫ નિદ્રાપંચક, ૨ સાતા-અસાતા વેદનીય, ૧ મિથ્યાત્વમોહનીય, ૧ સમ્યક્ત્વમોહનીય, ૧ સંજ્વલન લોભ, ૩ વેદ, ૪ આયુષ્ય, ૯ નામકર્મની અને ૧ ઉચ્ચ ગોત્ર આમ કુલ ૪૧ પ્રકૃતિઓનો ઉદય ક્યારેક ક્યારેક એકલો હોય છે. ઉપર જણાવેલા કાલ વિના જે જે પ્રકૃતિઓનો જે જે ગુણસ્થાનકે અને જે જે ભવમાં ઉદય હોય છે. ત્યારે ત્યારે તે તે ગુણઠાણે અને તે તે ભવમાં અવશ્ય ઉદીરણા પણ હોય જ છે. આ રીતે ઉદય-ઉદીરણા સમાન હોવાથી ઉદયસ્થાનની તુલ્ય જ ઉદીરણાસ્થાન સમજી લેવાં. એટલા માટે જ સંવેધના કથનમાં બંધ-ઉદય-અને સત્તા એમ ત્રણનું જ કથન કરેલ છે. ટીકામાં નામકર્મની ૯ આ પ્રમાણે કહેલ છે.

मणुयगइ जाइ तस बायरं च पज्जत्त सुभगमाइज्जं ।
जसकित्ती तित्थयरं, नामस्स हवंति नव एया ।। १ ।।

मनुजगतिर्जातिस्त्रसबादरञ्च पर्याप्तं सुभगमादेयम् ।
यशःकीर्तिस्तीर्थकरं, नाम्नो भवन्ति नवैताः (प्रकृतयः) ।। १ ।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ - ૧ મનુષ્યગતિ, ૨ પંચેન્દ્રિયજાતિ, ૩ ત્રસ, ૪ બાદર, ૫ પર્યાપ્ત, ૬ સૌભાગ્ય, ૭ આદેય, ૮ યશઃકીર્તિ, અને ૯ તીર્થંકરનામકર્મ આ નામકર્મની ૯ પ્રકૃતિઓ જાણવી.*

વિવેચન - આ ગાથા મૂલ સપ્તતિકા (સત્તરી) ગ્રંથમાં નથી, તેની ચૂર્ણિમાં પણ નથી. પરંતુ સપ્તતિકાની પૂ. મલયગિરિજી કૃત વૃત્તિમાં મૂલગાથા રૂપે આપેલી છે. તથા આ જ ગ્રંથમાં ૮૫મી ગાથારૂપે પ્રક્ષેપ કરાયેલી પણ છે. ચૂર્ણિના પાના નં. ૧૨૦ માં ફુટનોટમાં લખેલ છે કે આ ગાથા મૂલસૂત્રોવાળાં કોઈ કોઈ પુસ્તકોમાં દેખાય છે. એટલે અમે અહીં આ ગાથા સાક્ષીરૂપે લખી છે.

ઉપરોક્ત ગાથા ૬૮ મીમાં ચૌદમા ગુણઠાણે ૯ નામકર્મની પ્રકૃતિઓનો માત્ર ઉદય જ હોય છે. પણ ઉદીરણા હોતી નથી. એવું જે કહેવામાં આવ્યું છે. એટલે ત્યાં શંકા થાય છે કે નામકર્મની તે ૯ કર્મપ્રકૃતિઓ કઈ કઈ ? તે જણાવવા માટે કોઈ ગ્રંથમાંથી આ પ્રક્ષિપ્ત ગાથા છે. ભાવાર્થ ઘણો જ સુગમ છે. ॥ ૬૮ ॥

**तित्थयराहारगविरहियाउ, अज्जेइ सव्वपयडीओ ।**
**मिच्छत्तवेयगो सासणो वि, गुणवीस सेसाओ ॥ ६९ ॥**

**तीर्थङ्कराहारकविरहिताः, अर्जयति सर्वप्रकृतीः ।**
**मिथ्यात्ववेदकः, सास्वादनोऽपि एकोनविंशतिशेषाः ॥ ६९ ॥**

*ગાથાર્થ - મિથ્યાત્વમોહનીયના ઉદયવાળો જીવ તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિક વિના સર્વે પણ પ્રકૃતિઓને બાંધે છે. સાસ્વાદન ગુણસ્થાનક વર્તી જીવ ૧૯ પ્રકૃતિઓ (વર્જીને) સિવાયની પ્રકૃતિઓ બાંધે છે. ॥ ૬૯ ॥*

વિવેચન - હવે કયા કયા ગુણસ્થાનકે જીવ કઈ કઈ પ્રકૃતિઓ બાંધે છે અને કઈ કઈ પ્રકૃતિઓ નથી બાંધતો, તે સમજાવે છે. બંધને આશ્રયી આઠે કર્મોની પ્રકૃતિઓ ૧૨૦ જ લેવાય છે. તેમાંથી મિથ્યાત્વ નામના પહેલા ગુણઠાણે વર્તતા જીવો તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક એમ ત્રણ પ્રકૃતિ વિના બાકીની ૧૧૭ કર્મપ્રકૃતિઓ બાંધે છે. તીર્થંકર નામકર્મ સમ્યક્ત્વપ્રત્યયિક અને આહારકદ્વિક સંયમ પ્રત્યયિક હોવાથી પહેલા ગુણઠાણે બંધાતું નથી.

સાસ્વાદન ગુણસ્થાનકે વર્તતો જીવ ૧૨૦ માંથી ૧૯ પ્રકૃતિ વર્જીને બાકીની ૧૦૧ કર્મપ્રકૃતિઓ બાંધે છે. ૧ મિથ્યાત્વમોહનીય, ૧ નપુંસકવેદ, ૩ નરકત્રિક, ૪ ચાર જાતિનામકર્મ, ૧ હુંડકસંસ્થાન, ૧ છેવટ્ઠુંસંઘયણ, ૧ આતપ નામકર્મ, ૧ સ્થાવરનામકર્મ, ૩ સૂક્ષ્મત્રિક આમ આ ૧૬ પ્રકૃતિઓ તથા પૂર્વોક્ત જિનનામ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આહારક દ્વિક એમ ૧૯ વિના બાકીની ૧૦૧ પ્રકૃતિઓ સાસ્વાદની જીવ બાંધે છે. આ ૧૬ કર્મપ્રકૃતિઓનો બંધ મિથ્યાત્વના નિમિત્તવાળો છે. અને મિથ્યાત્વ પહેલા ગુણઠાણે જ હોય છે. બીજે ગુણઠાણે હોતું નથી. તેથી તેના નિમિત્તે બંધાનારી આ ૧૬ પ્રકૃતિઓનો બંધ પણ બીજા ગુણઠાણે થતો નથી. ॥ ૬૯ ॥

**छायालसेस मीसो, अविरयसम्मो तिआलपरिसेसा ।**
**तेवन्न देसविरओ, विरओ सगवन्नसेसाओ ।। ७० ।।**

**षट्चत्वारिंशत्शेषाः मिश्रः, अविरतसम्यग्दृष्टिस्त्रिचत्वारिंशत्परिशेषाः ।**
**त्रिपञ्चाशत् ( शेषाः ) देशविरतः, विरतः सप्तपञ्चाशत् ( शेषाः ) शेषाः ।। ७०।।**

*ગાથાર્થ - મિશ્ર ગુણઠાણે ૪૬ વિનાની બાકીની (૭૪) બાંધે છે. અવિરત સમ્યગ્દષ્ટિ જીવ તેતાલીસ વિનાની બાકીની (૭૭) બાંધે છે. દેશવિરતિધર જીવ ૫૩ વિનાની બાકીની (૬૭) બાંધે છે અને વિરતિધર ૫૭ વિનાની બાકીની (૬૩) પ્રકૃતિઓ બાંધે છે. ॥ ૭૦ ॥*

વિવેચન - મિશ્ર ગુણઠાણે ૧૦૧ માંથી ૩ થીણદ્ધિત્રિક, ૪ અનંતાનુબંધી કષાય, ૧ સ્ત્રીવેદ, ૩ તિર્યંચત્રિક, ૪ મધ્યમ સંસ્થાન, ૪ મધ્યમ સંઘયણ, ૧ ઉદ્યોત, ૧ અશુભવિહાયોગતિ, ૩ દૌર્ભાગ્યત્રિક, ૧ નીચગોત્ર આ ૨૫ પ્રકૃતિઓ તથા દેવાયુષ્ય અને મનુષ્યાયુષ્ય એમ કુલ ૨૭ પ્રકૃતિઓ બાદ કરતાં બાકીની ૭૪ પ્રકૃતિઓ બંધાય છે. ૩ ઓઘે + ૧૬ મિથ્યાત્વે અને + ૨૭ સાસ્વાદને = કુલ ૪૬ પ્રકૃતિઓ ત્રીજા ગુણઠાણે બંધને માટે અયોગ્ય છે. આ ૨૭ પ્રકૃતિઓમાંથી ૨૩ પ્રકૃતિનો બંધ અશુભ હોવાથી અનંતાનુબંધીના ઉદય નિમિત્તે છે અને ત્રીજા ગુણઠાણે અનંતાનુબંધીનો ઉદય નથી. તેથી તેના નિમિત્તે બંધાનારી ૨૩ પ્રકૃતિઓ મિશ્રે બંધાતી નથી. અને તિર્યંચાયુષ્ય તથા ઉદ્યોતનામકર્મ પુણ્યપ્રકૃતિ હોવાથી અનંતાનુબંધીના ઉદયના નિમિત્તે બંધાનારી નથી. તો પણ તિર્યંચગતિની સાથે બંધાતી હોવાથી આ બે પ્રકૃતિઓનો બંધ પણ તિર્યંચગતિ આદિ ૨૩ની સાથે વિરામ પામે છે. તથા ત્રીજા ગુણઠાણે વર્તતો જીવ, મરણ, આયુષ્યનો બંધ, અનંતાનુબંધીનો બંધ અને અનંતાનુબંધીનો ઉદય આ ચાર કાર્યો કરતો નથી. તેથી (નરક-તિર્યંચાયુષ્ય પહેલાં જ નીકળી ગયેલાં છે. તે માટે) બાકીનાં દેવ અને મનુષ્યનું એમ બે આયુષ્યનો ત્રીજે ગુણઠાણે અબંધ છે. આમ હોવાથી ત્રીજે ગુણઠાણે ૧૨૦ ‒ ૪૬ = ૭૪ કર્મપ્રકૃતિઓ બંધાય છે.

અવિરતસમ્યગ્દષ્ટિ જીવ ૪૩ વિનાની બાકીની ૭૭ કર્મપ્રકૃતિઓ બાંધે છે. સમ્યગ્દષ્ટિ દેવ-નારકીના જીવો મનુષ્યાયુષ્ય અને સમ્યગ્દષ્ટિ મનુષ્ય-તિર્યંચના જીવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવાયુષ્ય બાંધે છે. તથા સમ્યક્ત્વ હોવાથી તીર્થંકર નામકર્મ પણ બંધાય છે. તે માટે મિશ્રની ૭૪માં ૩ વધારે કરતાં ૭૭ બંધાય છે. ત્રીજે ગુણઠાણે જે ૪૬ પ્રકૃતિઓ બંધમાંથી કાઢી નાખી છે. તેમાંથી ૨ આયુષ્ય અને જિનનામ વિના અહીં ૪૩ પ્રકૃતિઓ બંધમાંથી ન્યૂન કરવી.

દેશવિરતિ ગુણઠાણે ૫૩ ને છોડીને બાકીની ૬૭ બંધાય છે. ૪૩ પ્રકૃતિઓ તો જે ચોથે ગુણઠાણે નથી બંધાતી, તે જ જાણવી. તદુપરાન્ત મનુષ્યના ભવપ્રાયોગ્ય ૩ મનુષ્યત્રિક, ૨ ઔદારિકદ્વિક અને ૧ વજ્રઋષભ નારાચ સંઘયણ આ ૬ બંધાતી નથી. કારણ કે આ ૬ પ્રકૃતિઓ મનુષ્યપ્રાયોગ્ય જ છે કે જે દેવ-નારકી બાંધે છે તેઓને પાંચમું ગુણઠાણું નથી. અને પાંચમા ગુણઠાણે વર્તનારા જે તિર્યંચ-મનુષ્યો છે. તે નિયમા દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે. મનુષ્યપ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી આ ૬ કર્મપ્રકૃતિઓ પાંચમે ગુણઠાણે બંધમાં નથી. તથા અપ્રત્યાખ્યાનીય ૪ કષાય દેશવિરતિના ઘાતક છે. તે પાંચમે ગુણઠાણે ઉદયમાં ન હોવાથી બંધાતા પણ નથી. આમ ૪૩ + ૬ + ૪ = ૫૩ વિના બાકીના ૬૭ બંધાય છે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પ્રમત્તસંયત નામના છઠ્ઠા ગુણઠાણે સર્વવિરતિના ઘાતક પ્રત્યાખ્યાનાવરણ નામના ૪ કષાયોનો બંધ ન હોવાથી તે ચાર વધારે બાદ કરતાં ૬૩ જ બંધાય છે. ૧૨૦ - ૫૭ = ૬૩ છઠ્ઠે ગુણઠાણે બંધાય છે. ॥ ૭૦ ॥

**इगुणट्ठिमप्पमत्तो, बंधइ देवाअयस्स इअरो वि ।**
**अट्ठावन्नमपुव्वो, छप्पन्नं वा वि छव्वीसं ।। ७१ ।।**

**एकोनषष्टिमप्रमत्तो बध्नाति देवायुः इतरोऽपि ।**
**अष्टपञ्चाशतमपूर्वः, षट्पञ्चाशतं वाऽपि षड्विंशतिम् ।। ७१ ।।**

*ગાથાર્થ - અપ્રમત્ત ગુણઠાણે ૫૯ બંધાય છે. (પ્રમત્તથી) ઈતર એવો આ અપ્રમત્ત પણ દેવાયુષ્ય બાંધે છે. અપૂર્વકરણ ગુણઠાણે વર્તતો જીવ ૫૮ - ૫૬ અને ૨૬ બાંધે છે. ॥ ૭૧ ॥*

વિવેચન - પ્રમત્ત ગુણઠાણે ૬૩ બંધાય છે. એમ ઉપરોક્ત ગાથામાં કહેલ છે. તેમાંથી ૧ અસાતાવેદનીય, ૧ અરતિ, ૧ શોક, ૧ અસ્થિર, ૧ અશુભ, ૧ અયશકીર્તિ આમ ૬ પ્રકૃતિઓનો બંધ છઠ્ઠા સુધી જ થાય છે. તેથી આ ૬ વિના, અને આહારકનો બંધ સાતમે શરૂ થતો હોવાથી તે ૨ ઉમેરતાં સાતમા ગુણઠાણે ૬૩ - ૬ = ૫૭ + ૨ = ૫૯ ઓગણસાઠ પ્રકૃતિઓ બંધાય છે.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ૫૯ માં દેવાયુષ્ય છે. એટલે મૂલગાથામાં આ અપ્રમત્ત ગુણઠાણે વર્તતો જીવ દેવાયુષ્ય બાંધે છે એમ લખવાની જરૂર રહેતી નથી. છતાં મૂલગાથામાં ગ્રંથકારશ્રી લખે છે કે "દેવાયુષ્યને ઈતર પણ (અપ્રમત્ત પણ) બાંધે છે" આમ કેમ લખવું પડ્યું ? ૫૯ માં દેવાયુષ્ય તો હતું જ, તો તેનો ફરીથી જુદો ઉલ્લેખ કેમ કરવો પડ્યો ? આવો પ્રશ્ન થવો સંભવિત છે તેનો ઉત્તર એમ સમજવો કે ખરેખર તો દેવાયુષ્ય છઠ્ઠે જ બંધાય છે. સાતમે જતાં તેના બંધનો વિચ્છેદ જ થઈ જાય છે. પરંતુ જો છઠ્ઠા ગુણઠાણે દેવાયુષ્યના બંધનો આરંભ કર્યો હોય તો સાતમે ગુણઠાણે પણ (તે બંધ સમાપ્ત કરવા પુરતો) બંધ ચાલુ રહે છે. આવો અર્થ જણાવવા આ ફરીથી વિધાન કરેલ છે. સારાંશ કે સાતમે ગુણઠાણે દેવાયુષ્યનો નવો બંધ આ જીવ ચાલુ કરતો નથી. પરંતુ જો છઠ્ઠે ગુણઠાણે બંધ ચાલુ કર્યો હોય અને તે સમાપ્ત થયો ન હોય, અને તે કાલે જો છઠ્ઠું ગુણસ્થાનક સમાપ્ત થઈ જાય અને સાતમું ગુણસ્થાનક આવી જાય તો તે દેવાયુષ્યનો બંધ ચાલુ પણ રહે છે.

અપૂર્વકરણ ગુણઠાણે તો ૫૮ જ બંધાય છે. કારણ કે છઠ્ઠે ચાલુ કરેલું દેવાયુષ્ય છેવટે સાતમે તો સમાપ્ત કરે જ છે. આઠમે જતાં તેનો બંધ રહેતો જ નથી. અત્યાર સુધી દરેક ગુણઠાણાના અંતે એટલે કે છેલ્લા સમયે જ તે તે પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થયો છે એમ જાણવું. પરંતુ આઠમું ગુણઠાણું એવું છે કે તેમાં પ્રવેશ કર્યા પછી થોડા-થોડા કાલે અમુક-અમુક પ્રકૃતિઓનો વચ્ચે વચ્ચે બંધવિચ્છેદ થઈ જાય છે. તેથી શાસ્ત્રોમાં તેના ૭ ભાગ કલ્પવામાં આવે છે. પહેલા ભાગે ૫૮, બીજા ભાગથી છઠ્ઠા ભાગ સુધી ૫૬, અને સાતમા ભાગે ૨૬ બંધાય છે. ૫૮ માંથી નિદ્રા-પ્રચલાનો બંધવિચ્છેદ થવાથી બેથી છઠ્ઠા સુધીના ભાગમાં ૫૬ બંધાય છે. અને છઠ્ઠા ભાગના ચરમ સમયે દેવદ્વિકાદિ ૩૦ નો બંધવિચ્છેદ થવાથી સાતમા ભાગે ૨૬ બંધાય છે.

પ્રશ્ન - જો આઠમા ગુણઠાણે ૫૮-૫૬-૨૬ એમ ૩ પ્રકારની પ્રકૃતિઓ બંધાય છે. તો તે ગુણઠાણાના ત્રણ જ ભાગ પાડવા જોઈએ ? સાત ભાગ પાડવાની શી જરૂર?

ઉત્તર - વચ્ચે રહેલા ૫૬ ના બંધનો કાલ ઘણો લાંબો છે અને પૂર્વાપરમાં રહેલા ૫૮ અને ૨૬ ના બંધનો કાલ અલ્પ છે અને પરસ્પર કાળસમાન છે તે સમજાવવા ૭ ભાગ કરેલ છે. જેમકે ૭૦ સમયનું આઠમું ગુણઠાણું કલ્પીએ તો ૧ થી ૧૦ સમયમાં ૫૮ નો બંધ, ૧૧ થી ૬૦ સમયમાં ૫૬ નો બંધ, અને ૬૧ થી ૭૦ સમયમાં ૨૬ નો બંધ સમજાવવો છે. હવે જો ત્રણ જ ભાગ પાડીએ તો ત્રીજા-ત્રીજા ભાગે ત્રણ પ્રકારના બંધ આવે, જે ગ્રન્થકારને ઈષ્ટ નથી. માટે જે ૭ ભાગ કર્યા છે. તે બરાબર ઉચિત જ છે. ॥ ૭૧ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**बावीसा एगूणं, बंधइ अट्ठारसंतमनियट्टी ।**
**सत्तरस सुहुमसरागो, सायममोहो सजोगुत्ति ।। ७२ ।।**

**द्वाविंशत्या एकोनां बध्नाति अष्टादशान्तमनिवृत्तिः ।**
**सप्तदश सूक्ष्मसरागः, सातममोहस्सयोगीति ।। ७२ ।।**

*ગાથાર્થ - અનિવૃત્તિ ગુણઠાણે ૨૨ થી આરંભીને એક-એક ન્યૂન કરતાં ૧૮ સુધી બાંધે છે. સૂક્ષ્મસંપરાયે ૧૭ બાંધે છે અને મોહવિનાના સયોગી ગુણઠાણા સુધીના જીવો એક સાતા જ બાંધે છે. ॥ ૭૨ ॥*

વિવેચન - આઠમા અપૂર્વકરણ ગુણઠાણાના છેડે હાસ્ય ચતુષ્કનો બંધવિચ્છેદ થવાથી નવમા ગુણઠાણાના પહેલા સમયથી ૨૨ નો બંધ શરૂ થાય છે. બંધને આશ્રયી નવમા ગુણઠાણાના પાંચ ભાગ કલ્પાય છે. એક-એક ભાગે એક-એક પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. પુરુષવેદ અને સંજ્વલન ક્રોધ-માન-માયાનો બંધવિચ્છેદ થતાં ૧૮ સુધીનો બંધ નવમે થાય છે. પહેલા ભાગે ૨૨ નો બંધ, પુરુષવેદ જતાં બીજા ભાગે ૨૧ નો બંધ, સં. ક્રોધ જતાં ત્રીજા ભાગે ૨૦ નો બંધ, સં. માન જતાં ચોથા ભાગે ૧૯ નો બંધ, અને સં. માયા જતાં પાંચમા ભાગે ૧૮ નો બંધ થાય છે. પાંચમા ભાગના ચરમ સમયે (એટલે કે અનિવૃત્તિકરણ નામના નવમા ગુણઠાણાના અંતિમ સમયે) સંજ્વલન લોભનો બંધવિચ્છેદ થતાં દશમા ગુણઠાણે ૧૭ નો બંધ થાય છે.

દશમા ગુણઠાણાના ચરમ સમયે જ્ઞાનાવરણીય ૫, અંતરાય ૫, દર્શનાવરણીય ૪, યશકીર્તિ ૧, અને ઉચ્ચગોત્ર ૧, આમ ૧૬ કર્મપ્રકૃતિઓના બંધનો વિચ્છેદ થવાથી ૧૧ - ૧૨ - ૧૩ મે ગુણઠાણે કેવલ ૧ સાતાવેદનીય જ બંધાય છે. અને તેના બંધનો તેરમાના છેડે વિચ્છેદ થાય છે. જેથી ચૌદમા ગુણઠાણે કોઈ પણ કર્મપ્રકૃતિ બંધાતી નથી.

પ્રશ્ન - મૂલગાથામાં "सायममोहो" આટલું જ લખ્યું હોત તો ચાલત. કારણ કે "अमोह" એટલે મોહ વિનાનાં ગુણઠાણાં, અને ૧૧ - ૧૨ - ૧૩ જે ત્રણ ગુણઠાણાં સાતાના બંધ માટે લેવાં છે. તે ત્રણે अमोह છે જ, તો सजोगुत्ति પદ લખવાની જરૂર શું ?

ઉત્તર - ૧૧ - ૧૨ - ૧૩ આમ ત્રણ ગુણઠાણે જ સાતાનો બંધ જણાવવો છે. ચૌદમે ગુણઠાણે સાતાનો બંધ થતો નથી એમ પણ જણાવવું છે. તેથી એકલું "अमोह" લખવાથી ૧૧ - ૧૨ - ૧૩ - ૧૪ ગુણઠાણાં આવી જાય છે એટલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અતિવ્યાપ્તિ દોષ આવે છે તે ટાળવા "सजोगुत्ति" પદ લખ્યું છે. આ કારણે સાતાનો બંધ અમોહવાળાં સયોગી સુધીનાં ૩ ગુણઠાણામાં જ થાય છે. પણ અમોહ એવા અયોગી ગુણઠાણે થતો નથી. ॥ ૭૨ ॥

एसो उ बंधसामित्तओहो, गइआइएसु वि तहेव ।
ओहाओ साहिज्जइ, जत्थ जहा पगइसब्भावो ।। ७३ ।।

एष तु बन्धस्वामित्वौघः, गत्यादिकेषु अपि तथैव ।
ओघात्साध्यते यत्र यथा प्रकृतिसद्भावः ।। ७३ ।।

*ગાથાર્થ - આ બંધસ્વામિત્વનો ઓઘ કહેવાય છે. આ ઓઘબંધના આધારે ગતિ આદિ ૧૪ (૬૨) માર્ગણાઓમાં પણ જ્યાં જ્યાં જેટલી જેટલી પ્રકૃતિઓના બંધનો સદ્‌ભાવ ઘટતો હોય ત્યાં ત્યાં તેટલી તેટલી પ્રકૃતિઓનો બંધ સ્વયં સાધી લેવો. ॥૭૩॥*

વિવેચન - અહીં ગાથા ૭૦ થી ૭૪ માં જે બંધનું સ્વામિત્વ જણાવ્યું છે. તેને "ઓઘ" બંધ કહેવાય છે. બીજા કર્મગ્રંથમાં આ જ બંધ જણાવ્યો છે. અને તેને જ "ઓઘ" બંધ કહેવાય છે. કારણ કે ઓઘ=સામાન્યથી, આ બંધવિધાન સામાન્યથી છે. કોઈ એક જીવસ્થાનકને આશ્રયી કે કોઈ એક માર્ગણાસ્થાનને આશ્રયી આ બંધવિધાન નથી. માટે સર્વભાવોને સામે રાખીને આ કથન છે તે માટે તેને ઓઘબંધ કહેવાય છે.

આ ઓઘબંધ જાણ્યા પછી ગતિ-જાતિ આદિ ૧૪ મૂલ માર્ગણાઓમાં અને ૬૨ ઉત્તરમાર્ગણાઓમાં પૂર્વાપર શાસ્ત્રોનો અભ્યાસ કરીને જ્યાં જેટલી પ્રકૃતિઓનો બંધ સંભવતો હોય ત્યાં તેટલી પ્રકૃતિઓનો બંધ સાધવો. જે ત્રીજા કર્મગ્રંથમાં ૬૨ માર્ગણાઓ ઉપર બંધસ્વામિત્વ સમજાવ્યું છે. તે અહીં સમજી લેવું.

પ્રશ્ન - બીજા અને ત્રીજા કર્મગ્રંથમાં ઓઘબંધ, અને માર્ગણાવાર બંધસ્વામિત્વ જો આવી જ ગયું છે. અને આ છટ્ઠો કર્મગ્રંથ ભણતાં પહેલાં તે કર્મગ્રન્થો ભણાઈ જ ગયા હોય છે. તો અહીં છટ્ઠા કર્મગ્રંથમાં ફરીથી આ બંધવિધાન કહેવાની શી જરૂર?

ઉત્તર - "સપ્તતિકા" આવું સંસ્કૃત નામ જેનું છે અને "સિત્તરિ" આવું પ્રાકૃત નામ જેનું છે તે આ પૂર્વાચાર્યપ્રણીત ગ્રંથ છે. છ કર્મગ્રંથોમાં સૌથી જુનો છે. આ કર્મગ્રંથ છટ્ઠો છે એમ નહીં પણ રચનાકાલની અપેક્ષાએ પહેલો છે. ૧ થી ૫ કર્મગ્રંથો, જે હાલમાં પ્રચલિત છે તે પૂજ્યપાદ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના બનાવેલા છે અને તે ૧૨/૧૩ મા સૈકામાં બનેલા છે. અર્થાત્ પાછળથી બનેલા છે. એટલે છટ્ઠા કર્મગ્રન્થ વખતે હાલના પ્રસિદ્ધ એવા ૧ થી ૫ કર્મગ્રંથો બનેલા ન હતા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાછળથી બન્યા છે. પરંતુ અભ્યાસી જીવોને આ છટ્ઠા કર્મગ્રંથનો અભ્યાસ સુગમ પડે એટલા માટે ૧ થી ૫ પહેલાં ભણાવાય છે. અને આ સપ્તતિકા પછી ભણાવાય છે. એટલા માટે જ તેનું નામ "છટ્ઠો કર્મગ્રંથ" આવું પ્રસિદ્ધિને પામ્યું છે. આ રીતે આ છટ્ઠો કર્મગ્રન્થ સૌથી પ્રથમ બનેલ છે. તે માટે ગ્રંથકારશ્રીએ ઓઘબંધ અને માર્ગણા ઉપરનો બંધ ભણવાનું કથન કરેલ છે. માટે આ બંધવિધાન જે કર્યું છે તે, અને માર્ગણાઓમાં બંધવિધાન કરવાની જે સૂચના કરી છે તે બન્ને બરાબર ઉચિત જ છે. ॥ ૭૩ ॥

**तित्थयरदेवनिरयाउअं च, तिसु तिसु गईसु बोधव्वं ।**
**अवसेसा पयडीओ, हवंति सव्वासु वि गईसु ।। ७४ ।।**

**तीर्थंकरदेवनरकायुश्च तिसृषु तिसृषु गतिषु बोद्धव्यम् ।**
**अवशेषाः प्रकृतयो, भवन्ति सर्वास्वपि गतिषु ।। ७४ ।।**

*ગાથાર્થ - તીર્થંકરનામકર્મ, દેવાયુષ્ય, અને નરકાયુષ્ય, આ ત્રણ કર્મની સત્તા ત્રણ ત્રણ ગતિમાં જ હોય છે. ચારે ગતિમાં હોતી નથી. બાકીની સઘળી પ્રકૃતિઓ ચારે ગતિમાં સત્તામાં હોઈ શકે છે. ॥ ૭૪ ॥*

વિવેચન - ઉદય-ઉદીરણાનું કથન ૬૭ - ૬૮ - ૬૯ ગાથામાં કહ્યું, બંધનું કથન ૭૦ થી ૭૪ ગાથામાં કહ્યું. હવે સત્તા સંબંધી કંઈક વિધાન આ ગાથામાં કહીને બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા સંબંધી કથન પૂર્ણ કરે છે.

તીર્થંકર નામકર્મ, દેવાયુષ્ય અને નરકાયુષ્ય આ ત્રણ કર્મ પ્રકૃતિઓ એવી છે કે જેની સત્તા ચાર ગતિઓમાંથી ત્રણ-ત્રણ ગતિમાં જ હોય છે. ચારે ગતિમાં હોતી નથી જ, તથા કોઈ એક ગતિમાં તેની સર્વથા સત્તા હોય, એમ પણ બનતું નથી. ત્યાં જે તીર્થંકર નામકર્મ છે. તેની સત્તા દેવભવમાં, મનુષ્યભવમાં, અને નરકના ભવમાં હોઈ શકે છે. પણ તિર્યંચના ભવમાં તેની સત્તા સંભવતી નથી. કારણ કે તિર્યંચગતિમાં જિનનામ બંધાતું પણ નથી. અને જિનનામકર્મ બાંધેલા જીવો તિર્યંચમાં જતા પણ નથી તેથી જિનનામની સત્તા તથાસ્વભાવે તિર્યંચના ભવમાં નિષેધેલી છે.

દેવાયુષ્યની સત્તા દેવભવમાં, મનુષ્યભવમાં અને તિર્યંચના ભવમાં હોઈ શકે છે. પરંતુ નરકના ભવમાં હોઈ શકતી નથી. કારણ કે નારકીના જીવો દેવાયુષ્ય બાંધતા નથી. (જોકે દેવો પણ દેવાયુષ્ય બાંધતા નથી. તો પણ તે દેવોને ઉદયમાં વર્તતું દેવાયુષ્ય સત્તામાં છે). તથા નરકાયુષ્યની સત્તા નરકભવમાં, મનુષ્યભવમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તિર્યંચના ભવમાં હોઈ શકે છે. પરંતુ દેવના ભવમાં હોઈ શકતી નથી. કારણ કે દેવગતિના જીવો નરકાયુષ્ય બાંધતા નથી. તેથી તેની સત્તા દેવભવમાં નથી. (જોકે નરકના જીવો પણ નરકાયુષ્ય બાંધતા નથી. તો પણ તે નારકીના જીવોને ઉદયમાં વર્તતું એવું નરકાયુષ્ય સત્તામાં છે જ).

ઉપરોક્ત ત્રણ પ્રકૃતિઓ વિના બાકીની સર્વે પ્રકૃતિઓની સત્તા ચારે ગતિમાં જુદા જુદા જીવોને આશ્રયી હોઈ શકે છે. આ રીતે મૂલકર્મો અને ઉત્તરકર્મોનો બંધ-ઉદય અને સત્તાનો સંવેધ અહીં સમાપ્ત થાય છે. છેલ્લે ચૌદ ગુણસ્થાનકો ઉપર સંવેધ કહેવામાં આવ્યો છે. તે ગુણસ્થાનકોમાં જ ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી આવે છે. તેથી હવે પછીની ગાથાઓમાં ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી સમજાવાય છે. ॥૭૪॥

## ઉપશમશ્રેણીનું સ્વરૂપ

**पढमकसायचउक्कं, दंसणतिग सत्तगा वि उवसंता ।**
**अविरयसम्मत्ताओ, जाव नियट्टित्ति नायव्वा ।। ७५ ।।**

**प्रथमकषायचतुष्कं, दर्शनत्रिकं सप्तका अप्युपशान्ताः ।**
**अविरतसम्यक्त्वात्, यावद् निवृत्तिरिति ज्ञातव्याः ।। ७५ ।।**

*ગાથાર્થ - અનંતાનુબંધી નામના ૪ કષાય અને દર્શનત્રિક, આમ ૭ કર્મપ્રકૃતિઓ અવિરતસમ્યગ્દષ્ટિથી યાવત્ અપૂર્વકરણ સુધીમાં ઉપશાન્ત થયેલી જાણવી. ॥ ૭૫ ॥*

વિવેચન - આ ઉપશમશ્રેણિનું સવિશેષ સ્વરૂપ પૂજ્યપાદ શ્રી શિવશર્મસૂરિજી મ.શ્રી કૃત "કમ્મપયડિ" માં છે. અગ્રાયણી નામના બીજા પૂર્વમાં આવેલી પાંચમી વસ્તુના "કર્મપ્રકૃતિ" નામના ચોથા પ્રાભૃતમાંથી આ કમ્મપયડિની રચના થઈ છે. તથા પૂજ્યપાદ શ્રી ચંદ્રર્ષિ આચાર્ય કૃત પંચસંગ્રહના ભાગ બીજામાં જે ઉપશમના કરણ છે. તે ઉપશમના કરણનું સ્વરૂપ જ્યાં અનુભૂત થાય છે તેને જ ઉપશમશ્રેણી કહેવાય છે.

માર્ગમાં રહેલી ધૂળ ઉપર પાણી છાંટીને તેના ઉપર "રોલર" ફેરવવાથી તે ધૂળ જેમ ઉડતી નથી. તે કાલે નુકશાન કરતી નથી. તેવી જ રીતે પૂર્વકાલમાં બાંધેલ અને સત્તામાં રહેલ એવા કર્મ પરમાણુઓ રૂપી ધૂળ ઉપર અત્યન્ત નિર્મળ અધ્યવસાયની ધારા રૂપી પાણી છાંટીને અનિવૃત્તિકરણ કરવા રૂપ રોલર ફેરવીને સત્તાગત તે કર્મપરમાણુઓને એવા દબાવી દેવા કે જે કર્મપરમાણુ હાલ તુરત ન ઉદયમાં આવે, ન ઉદીરણા પામે, તથા જેમાં બીજાં કરણો ન લાગે એવી સ્થિતિવાળું કર્મ બનાવવું, તેને "ઉપશમના" કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ "ઉપશમના" બે પ્રકારની હોય છે. (૧) યથાપ્રવૃત્ત આદિ કરણો વડે જે ઉપશમના બને તે કરણકૃત ઉપશમના અને (૨) યથાપ્રવૃત્તાદિ કરણો વિના સહજપણે જે ઉપશમના બને તે અકરણકૃત ઉપશમના. તે બન્નેમાંથી જે અકરણકૃત ઉપશમના છે. તે ઉપશમનાનું જ્ઞાન તો કમ્મપયડિકાર શ્રી શિવશર્મસૂરિજી મ. શ્રી થયા ત્યારે પણ નષ્ટ થયેલું હતું કારણ કે તેઓની રચેલી કમ્મપયડિના ઉપશમના કરણની પહેલી જ ગાથામાં કહ્યું છે કે "અકરણકૃત ઉપશમનાના અનુયોગને ધારણ કરનારા જ્ઞાનીઓને હું નમસ્કાર કરૂં છું" અર્થાત્ તેનું જ્ઞાન અમારી પાસે નથી. માટે અકરણકૃત ઉપશમનાના જ્ઞાનીઓને હું નમસ્કાર કરું છું.

તેથી "કરણકૃત ઉપશમના" જ આ ઉપશમશ્રેણીમાં સમજાવાશે. કરણકૃત ઉપશમના પણ દેશોપશમના અને સર્વોપશમના એમ બે પ્રકારે છે. સત્તાગત દલિકોનો એક ભાગ ઉપશમાવવો તે દેશોપશમના, અને સત્તાગત દલિકોનો સર્વ ભાગ ઉપશમાવવો તે સર્વોપશમના કહેવાય છે. દેશોપશમના સર્વે કર્મોની થાય છે પણ સર્વોપશમના કેવલ એક મોહનીયકર્મની જ થાય છે. બીજા કોઈપણ કર્મની સર્વોપશમના થતી નથી. તેથી મોહનીયકર્મની જે કરણકૃત સર્વોપશમના થાય છે તે જ આ ઉપશમશ્રેણી રૂપે સમજાવાય છે.

"મોહનીયકર્મને" દબાવી-દબાવીને ઉપર ચઢવું તે ઉપશમશ્રેણી કહેવાય છે. દબાવેલું કર્મ કાલાન્તરે ઉદયમાં આવે જ છે અને તે મોહના ઉદયને લીધે જીવ નીચે પટકાય જ છે. તેથી આ શ્રેણી લપસણીયા પગથીયા જેવી છે. "શ્રેણી" એટલે નિઃસરણી, નિઃસરણી ચઢતાં કે ઉતરતાં કોઈ માણસ કોઈ પણ પગથીએ ઝાઝો ટાઈમ ઉભો રહેતો નથી. જલ્દી જલ્દી ચઢે છે અને જલ્દી જલ્દી ઉતરે છે. તેવી જ રીતે ૮ થી ૧૧ ગુણઠાણાઓ ઉપર જીવ જલ્દી જલ્દી ચઢે અને જલ્દી જલ્દી ઉતરે પણ વચ્ચે ક્યાંય વધારે વિરામ ન કરે એવી આ શ્રેણી છે. તે માટે તેને નિઃસરણીની ઉપમા ઘટતી હોવાથી શ્રેણી અર્થાત્ નિઃસરણી કહેવાય છે.

ઉપશમશ્રેણીનો પ્રારંભ કરતાં પહેલાં ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરવું જ પડે છે. તે ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ બે પ્રકારે થાય છે. (૧) અનાદિ મિથ્યાત્વી જીવ યથાપ્રવૃત્તકરણાદિ ત્રણ કરણો કરવા વડે ગ્રંથિભેદ કરીને જે પ્રાપ્ત કરે છે તે. જેનું નામ પ્રાથમિક ઉપશમ સમ્યક્ત્વ કહેવાય છે. (૨) અને ઉપશમશ્રેણી પ્રારંભવા માટે જે પ્રાપ્ત કરાય તે. તેનું નામ શ્રેણીસંબંધી ઉપશમસમ્યક્ત્વ છે. આ શ્રેણીસંબંધી ઉપશમસમ્યક્ત્વ પામનાર ૪થા ગુણઠાણાથી ૭મા ગુણઠાણામાં વર્તતા ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવો હોય છે. ત્યાં સૌથી પ્રથમ અનાદિ મિથ્યાત્વી જીવ જે પ્રાથમિક ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તેની વિધિ પહેલાં કહેવાય છે. જોકે તે પ્રાથમિક

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપશમ સમ્યક્ત્વવાળો જીવ ઉપશમશ્રેણી માંડી શકતો નથી. તો પણ ઉપશમ સમ્યક્ત્વનો પ્રસંગ હોવાથી તે સમજાવાય છે.

અનાદિ મિથ્યાત્વી પ્રાથમિક ઉપશમ સમ્યક્ત્વ પામે, તેનું વર્ણન -

અનાદિકાળથી મિથ્યાત્વ ગુણઠાણે રહેલો, અનેક જન્મ-મરણોમાં રખડતો આ જીવ જ્યારે તેનો સમ્યક્ત્વ પામવાનો કાલ (તથાભવ્યતા) પાકે છે. ત્યારે નીચે મુજબની યોગ્યતાવાળો બને છે.

(૧) સંજ્ઞી, પંચેન્દ્રિય, પર્યાપ્ત એવો ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં વર્તતો જીવ.

(૨) યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરતાં પહેલાં પણ અંતર્મુહૂર્ત સુધી પ્રતિસમયે અનંતગુણ વિશુદ્ધિવાળો,

(૩) મતિઅજ્ઞાન, શ્રુતાજ્ઞાન અને વિભંગજ્ઞાનમાંથી કોઈપણ એક સાકાર ઉપયોગવાળો.

(૪) તેજો-પદ્મ અને શુક્લ લેશ્યામાંથી કોઈપણ એક શુભલેશ્યાવાળો,

(૫) પરાવર્તમાન પ્રકૃતિઓમાં શુભપ્રકૃતિઓનો બંધક.

(૬) અનિવાર્ય એવી જે જે અશુભ પ્રકૃતિઓ બંધાય છે તે તે અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયા રસને બદલે બેઠાણીયો રસ બાંધતો,

(૭) શુભ પ્રકૃતિઓના બે ઠાણીયા રસને બદલે ચાર ઠાણીયો રસ બાંધતો.


(૮) પૂર્વે બાંધેલી અને સત્તામાં રહેલી એવી અશુભ અને શુભ પ્રકૃતિઓનો રસ પણ અનુક્રમે બેઠાણીયો અને ચારઠાણીઓ કરતો

(૯) આયુષ્ય સિવાયનાં સાત કર્મોની નવી નવી સ્થિતિનો બંધ પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ કરતો અને તે પણ પલ્યોપમના અસંખ્યાતના ભાગે હીન હીન બાંધતો,

આવા પ્રકારની યોગ્યતાવાળો જીવ, પર્વતની પાસે વહેતી નદીમાં તણાતો-અથડાતો-કુટાતો પત્થર જેમ અનાયાસે ગોળ અને લીસો થાય છે. તેમ નદીઘોલગોલ ન્યાયે પરમવિશુદ્ધિવાળો બન્યો છતો "યથાપ્રવૃત્ત" આદિ ૩ કરણ કરે છે. "ઘણા વિશિષ્ટ પ્રયત્ન વિના સહેજે સહેજે આવેલ વિશુદ્ધિવાળો જે આત્મપરિણામ" તે યથાપ્રવૃત્તકરણ કહેવાય છે. આવા પ્રકારના યથાપ્રવૃત્તકરણાત્મક પરિણામને લીધે આ જીવ, સત્તામાં રહેલાં આયુષ્ય વિનાનાં સાત કર્મોની સ્થિતિ ૭૦-૪૦-૩૦-૨૦ કોડાકોડી સાગરોપમની જે છે. તે તોડીને એક કોડાકોડી સાગરોપમમાં પણ કંઈક ન્યૂન કરે છે. એને ગ્રન્થિદેશ પાસે આવ્યો કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ યથાપ્રવૃત્તકરણ અભવ્ય જીવો પણ ઘણીવાર કરે છે. પણ હવે અહીં અટકી જ જાય છે. ભવ્યમાં પણ ઘણા અટકી જાય છે. કોઈક જ જીવ આગળ ગ્રન્થિભેદ કરવા સમર્થ બને છે. આ યથાપ્રવૃત્તકરણ અંતર્મુહૂર્ત કાલપ્રમાણ હોય છે. અનંત જીવોએ આ યથાપ્રવૃત્ત કરણ કર્યું છે, કરે છે અને કરશે. યથાપ્રવૃત્તકરણના એક-એક સમયમાં ત્રણે કાલવર્તી અનંતજીવોના મળીને અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ ભિન્ન ભિન્ન અધ્યવસાય સ્થાનો હોય છે. (ઘણા ઘણા જીવોના સરખા સરખા પણ અધ્યવસાયો હોય છે. તેથી અનંત જીવો હોવા છતાં પણ અધ્યવસાયો અસંખ્ય જ હોય છે.) સરખા અધ્યવસાયસ્થાનો વાળાના બીજા-ત્રીજા અને ચોથા સમયમાં સરખા અધ્યવસાયસ્થાનો ન રહેવાથી પ્રતિસમયે થોડા થોડા અધ્યવસાય સ્થાનોની વૃદ્ધિ પણ થાય છે. તેથી તેનો આકાર વિષમચતુરસ્ર બને છે.



એક સમયમાં વર્તતાં અસંખ્ય અધ્યવસાય સ્થાનોમાં પહેલા અધ્યવસાય સ્થાનની અપેક્ષાએ પછીના અધ્યવસાય સ્થાનોમાં વિશુદ્ધિ છ જાતની હોય છે જેને ષટ્સ્થાનપતિત અર્થાત્ છટ્ઠાણવડીયાં કહેવાય છે. પ્રથમ સમયમાં જ પ્રથમ અધ્યવસાયની અપેક્ષાએ તેની પાસેનાં કેટલાંક અધ્યવસાય સ્થાનો અનંતભાગ અધિક વિશુદ્ધિવાળાં, ત્યાર પછીનાં કેટલાંક અસંખ્યાત ભાગ અધિક વિશુદ્ધિવાળાં, તેની પછીનાં કેટલાંક સંખ્યાત ભાગ અધિક, પછીનાં કેટલાંક સંખ્યાત ગુણઅધિક, પછી કેટલાંક અસંખ્યાત ગુણ અધિક અને છેલ્લે કેટલાંક અનંતગુણ અધિક વિશુદ્ધિવાળાં હોય છે. પણ ઉત્કૃષ્ટથી જઘન્ય તરફ જઈએ તો આ જ રીતે, છ જાતની હાનિવાળી વિશુદ્ધિ હોય છે. આ છ પ્રકારને જ ષડ્ગુણહાનિ-વૃદ્ધિ, ષટ્સ્થાનપતિત અથવા છટ્ઠાણવડીયાં કહેવાય છે. આ જ પ્રમાણે યથાપ્રવૃત્તકરણના સર્વ સમયોમાં અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો, અને તેમાં ષડ્ગુણ હાનિ-વૃદ્ધિવાળી વિશુદ્ધિ હોય છે. આ સઘળી "તિર્યગ્મુખી વિશુદ્ધિ કહેવાય છે. કારણ કે પ્રત્યેક સમયોમાં જઘન્યથી ઉત્કૃષ્ટ તરફ, અથવા ઉત્કૃષ્ટથી જઘન્ય તરફ આમ તિર્છા મુખે આ વિશુદ્ધિ જોવાની હોય છે.

હવે ઊર્ધ્વમુખી વિશુદ્ધિ આ પ્રમાણે છે. યથાપ્રવૃત્તકરણનો અંતર્મુહૂર્ત કાલ છે. તેનો સંખ્યાતમો ભાગ જાય ત્યાં સુધી પ્રતિસમયે જઘન્ય વિશુદ્ધિ અનુક્રમે અનંતગુણી છે. ત્યારબાદ પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી, ત્યારબાદ સંખ્યાતમા ભાગ પછીના સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી, ત્યારબાદ બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી, ત્યારબાદ કહી ગયેલ જઘન્ય વિશુદ્ધિના પછીના સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી એમ ઉપર એક ઉત્કૃષ્ટ અને નીચે એક જઘન્ય સ્થાનની વિશુદ્ધિ અનુક્રમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનંત-અનંતગુણી છે અને છેલ્લે બાકી રહેલ સંખ્યાતમા ભાગ માત્ર સમયોની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનુક્રમે અનંતગુણી છે. જેમકે અંતર્મુહૂર્તનો કાલ ૨૦ સમયનો કલ્પીએ, અને તેનો સંખ્યાતમો ભાગ ૪ કલ્પીએ. તો ૧ થી ૨ ની, ૨ થી ૩ ની અને ૩ થી ૪ સમયની જઘન્ય વિશુદ્ધિ અનુક્રમે અનંતગુણી છે. ચોથા સમયની જઘન્ય વિશુદ્ધિથી ૧લા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણી છે. તે ૧લા સમયની ઉ. વિશુદ્ધિથી ૫મા સમયની જઘન્ય, તેનાથી બીજા સમયની ઉ. વિશુદ્ધિ, તેનાથી ૬ઠ્ઠા સમયની જઘન્ય, તેનાથી ત્રીજા સમયની ઉ. વિશુદ્ધિ અનંતગુણી. એમ ૨૦મા સમયની જઘન્ય વિશુદ્ધિ આવે ત્યાં સુધી જાણવું. ત્યારબાદ ૧૭-૧૮-૧૯-૨૦ સમયની કેવલ ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંત ગુણી જાણવી. આ વિશુદ્ધિ નીચેથી ઉપર જણાતી હોવાથી ઊર્ધ્વમુખી વિશુદ્ધિ કહેવાય છે.

આ કરણ ભવ્ય-અભવ્ય બન્ને કરે છે અને ઘણીવાર કરે છે. તેમાંથી મોક્ષે જવાની ભવિતવ્યતા જ્યારે પાકે છે અને કાલપરિપક્વતા જ્યારે બની હોય, વળી ઘણો ભાવમલ (મોહનો તીવ્ર ભાવ) ક્ષીણ થયો હોય ત્યારે જે યથાપ્રવૃત્તકરણ બને છે તેને ચરમ યથાપ્રવૃત્તકરણ કહેવાય છે. "ચરમ" શબ્દ એટલા માટે જોડ્યો છે કે આ યથાપ્રવૃત્ત કરણ છેલ્લું જ છે. તેની પછી તુરત જ આ જીવ અપૂર્વકરણ કરે છે.

અપૂર્વકરણમાં પ્રવેશ -

જ્યાં પૂર્વે કદાપિ ન કર્યાં હોય એવાં સ્થિતિઘાતાદિ પાંચ કાર્યો થાય તેવા જે અપૂર્વ અધ્યવસાયો, અર્થાત્ અતિશય વિશુદ્ધિવાળા જે પરિણામ તેને જ અપૂર્વકરણ કહેવાય છે. આ કરણમાં આવેલો જીવ અદ્‌ભુત સ્થિતિઘાતાદિ ચાર કાર્યો કરે છે અને તેના કારણે ગ્રન્થિભેદ પણ કરે છે. આઠમા ગુણઠાણે જે અપૂર્વકરણ થાય છે તેમાં રહેલો જીવ સ્થિતિઘાતાદિ પાંચે કાર્યો કરે છે એમ જણાવશે. પરંતુ હાલ અનાદિ મિથ્યાત્વી જે સમ્યક્ત્વ પામે છે તે સમજાવાય છે. તેવા જીવને અપૂર્વકરણ પહેલા ગુણઠાણે જ થાય છે. ત્યાં મિથ્યાત્વમોહનીયનો બંધ ચાલુ છે. અને ગુણસંક્રમ અબધ્યમાન એવી અશુભ પ્રકૃતિઓનો જ થાય છે. જ્યારે અહીં તો મિથ્યાત્વ બધ્યમાન છે તે માટે ગુણસંક્રમ વિના સ્થિતિઘાતાદિ ચાર જ કાર્યો થાય છે.

સ્થિતિઘાત :- આયુષ્ય કર્મ વિના જ્ઞાનાવરણીયાદિ સાત કર્મોની સત્તામાં રહેલી સ્થિતિના અગ્રિમ ભાગથી જઘન્યથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ (સાગરોપમ પૃથક્ત્વ) સ્થિતિખંડનો ઘાત કરવો તે સ્થિતિઘાત કહેવાય છે. ઘાત્યમાન એવા સ્થિતિખંડના નિષેકરચનાના પ્રત્યેક સમયોમાંથી થોડું થોડું કર્મ દલિક દરેક સમયે આ જીવ નીચે ઉતારે છે એમ આ સ્થિતિઘાતના અંતર્મુહૂર્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલના દ્વિચરમ સમય સુધી જાણવું. ત્યાં સુધી ઘાત્યમાનસ્થિતિ પાતળી પાતળી થતી જાય છે. પરંતુ સ્થિતિનો સર્વથા નાશ થતો નથી. તે અંતર્મુહૂર્તના ચરમ સમયે ઘાત્યમાનસ્થિતિના સર્વનિષેક સમયોમાંથી બાકી રહેલું સકલ કર્મદલિક આ જીવ નીચે ઉતારે છે ત્યારે તે સ્થિતિખંડનો સંપૂર્ણ નાશ થયો કહેવાય છે. આ પ્રથમ સ્થિતિઘાત છે. તે કાલે તે તે કર્મોની તેટલી તેટલી સ્થિતિ નાશ પામી એમ કહેવાય છે. આ રીતે એક સ્થિતિઘાતમાં જે અંતર્મુહૂર્ત કાલ થાય છે. તેમાં પ્રતિસમયે ઘાત્યમાન સ્થિતિના સર્વ નિષેકસ્થાનોમાંથી અસંખ્યાતગુણ કર્મદલિક આ જીવ નીચે ઉતારે છે.

એક સ્થિતિઘાત સમાપ્ત થયા પછી બાકી રહેલી સ્થિતિના અગ્રિમ ભાગથી જઘન્યથી પ. સં. ભાગપ્રમાણ અને ઉત્કૃષ્ટથી સેંકડો સાગરોપમ પ્રમાણ બીજો સ્થિતિઘાત કરે છે. એમ આવા હજારો સ્થિતિઘાત થાય છે ત્યારે આ અપૂર્વકરણ પૂર્ણ થાય છે. ઉપરની સ્થિતિઓમાંથી ઉતારાતું આ કર્મદલિક નીચેની ભોગવાતી સ્થિતિમાં અસંખ્યાતગુણાકારે ગોઠવે છે. આવા પ્રકારના હજારો સ્થિતિઘાત થવાના કારણે અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિસત્તા હતી, તેના કરતાં સંખ્યાતગુણ હીન સ્થિતિસત્તા અપૂર્વકરણના ચરમ સમયે થાય છે. ઉપરની સ્થિતિમાં જેમ સ્થિતિઘાતથી સ્થિતિસત્તા તુટે છે તેમ નીચેની સ્થિતિમાં પ્રતિસમયની નિષેકરચના ઉદયથી અનુભવાતી અનુભવાતી તુટે છે. એમ બન્ને બાજુથી સ્થિતિ કપાતાં સ્થિતિસત્તા નાની નાની થતી જાય છે.

જૈનમ્ જયતિ શાસનમ્

રસઘાત = સત્તામાં રહેલી અશુભ એવી કર્મપ્રકૃતિઓની ઘાત્યમાન એવી તે તે સ્થિતિમાં જે જે રસ બાંધેલો સત્તામાં છે તેના બુદ્ધિથી અનંતા ભાગો કરીને ૧ ભાગ રાખીને બાકીના તે અનંતભાગ પ્રમાણ રસનો અપવર્તનાકરણવિશેષ વડે જે ઘાત કરવો તેને રસઘાત કહેવાય છે. ૧ રસઘાત થયા પછી તે જ ઘાત્યમાન સ્થિતિમાં બાકી રાખેલા એક અનંતમા ભાગના પુનઃ બુદ્ધિથી અનંતા ભાગ કલ્પી, ૧ ભાગ રાખી, શેષ સર્વભાગોનો નાશ કરે છે. આ બીજો રસઘાત કહેવાય છે. આવા હજારો રસઘાત કરે ત્યારે ૧ સ્થિતિઘાત સમાપ્ત થાય છે. એક એક રસઘાતમાં પણ (નાનું) અંતર્મુહૂર્ત થાય છે. અપૂર્વકરણના કાલમાં હજારો સ્થિતિઘાત અને હજારો વાર હજારો રસઘાત થાય છે.

ગુણશ્રેણિ = સ્થિતિઘાત અને રસઘાત વડે ઘાત કરાતી એવી ઉપરની સ્થિતિના તે કર્મદલિકોને નીચે ઉતારીને ઉદયવતી પ્રકૃતિના દલિકોને ઉદયના પ્રથમ સમયથી અને અનુદયવતી પ્રકૃતિઓના દલિકોને એક આવલિકા પછીના સમયથી ક્રમશઃ અસંખ્યાત ગુણાકારે અંતર્મુહૂર્ત કાલ પ્રમાણની નિષેકરચનામાં ગોઠવવાં તેને ગુણશ્રેણિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાય છે. ગુણશ્રેણીનું આ અંતર્મુહૂર્ત, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાલથી કંઈક મોટું જાણવું. એટલે કે અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાલથી કંઈક અધિક કાલ પ્રમાણ નીચેની નિષેકરચનાવાળી સ્થિતિમાં ઉપરથી ઉતારેલાં દલિકોની ક્રમશઃ અસંખ્યાતગુણાકારે રચના કરે છે. નીચેની નિષેકરચનાના એક એક સમયમાં રહેલાં કર્મ દલિકો ઉદયવતીનાં સ્વોદયથી અને અનુદયવતીનાં પ્રદેશોદયથી જેમ જેમ ભોગવાતાં જાય છે. અને તે તે સમયની સ્થિતિ ખલાસ થતી જાય છે તેમ તેમ ઉતારાતું કર્મદલિક ગુણશ્રેણીના અંતર્મુહૂર્તમાં બાકી રહેલા સમયોમાં જ આ જીવ ગોઠવે છે. પણ ગુણશ્રેણીના અંતર્મુહૂર્તકાલના સમયોમાં વધારો થતો નથી. ગુણશ્રેણીના અંતર્મુહૂર્તકાલના છેલ્લા સમયને ગુણશ્રેણીનું મસ્તક કહેવાય છે. ગુણશ્રેણીમાં ઉપરની સ્થિતિમાંથી પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે દલિક ઉતારાય છે અને નીચેની સ્થિતિના નિષેકરચનાવાળા અંતર્મુહૂર્તના કાલમાં પ્રત્યેક સમયોમાં અસંખ્યાતગુણાકારે જ ગોઠવાય છે.

અપૂર્વસ્થિતિબંધ - પહેલાં કોઈ દિવસ ન કર્યો હોય તેવો હીન હીન જ સ્થિતિબંધ જ્યાં થાય, તેને અપૂર્વસ્થિતિબંધ કહેવાય છે. અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિબંધ ચાલુ કર્યો, તે એક અંતર્મુહૂર્ત કાલ ચાલે છે. તે સમાપ્ત થયે છતે બીજો સ્થિતિબંધ અવશ્ય પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન જ કરે છે. બીજો સ્થિતિબંધ પૂર્ણ થયે છતે ત્રીજો સ્થિતિબંધ પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગે અવશ્ય ન્યૂન જ કરે છે. આમ હીન હીન સ્થિતિબંધનું જે કરવું તે અપૂર્વસ્થિતિબંધ કહેવાય છે. સ્થિતિઘાત અને અપૂર્વસ્થિતિબંધનો કાલ તુલ્ય જાણવો. બન્ને સાથે જ શરૂ થાય છે અને સાથે જ સમાપ્ત થાય છે. આવા પ્રકારનાં સ્થિતિઘાતાદિ આ અપૂર્વ કાર્યો જ્યાં થાય છે. તેના કારણે તે અધ્યવસાય સ્થાનોવાળા કાળને અપૂર્વકરણ કહેવાય છે.

ગ્રંથિભેદ = આવા પ્રકારની અપૂર્વકરણ સ્વરૂપ ક્યારેય નહી આવેલી પરમવિશુદ્ધિ વડે અનાદિકાલથી જીવમાં રૂઢ થયેલી, દુર્ભેદ્ય અને તીવ્રતર બનેલી "રાગ-દ્વેષના પરિણામ સ્વરૂપ ગાંઠનો" ઉચ્છેદ થાય છે. એટલે કે અનંતાનુબંધીના ઘરના તીવ્ર રાગ-દ્વેષના પરિણામો આ જીવમાં આવતા હતા. જે નવાં ચીકણાં કર્મો બંધાવતા હતા. તે હવે આવા તીવ્ર રાગ-દ્વેષવાળા પરિણામો આ જીવને આવતા નથી. આજ સુધી આ જીવે આ રાગ-દ્વેષની તીવ્રતાવાળા પરિણામને મીઠા મધ જેવા સુખદાયી માન્યા હતા, આ જીવ તેમાં જ રાચતો હતો. હવે તે જીવને આ રાગ-દ્વેષના પરિણામ અનંત સંસારમાં રઝળાવનાર છે, એમ સમજાય છે. તેથી પેટમાં થયેલી ગાંઠની જેમ સાલે છે. માટે તેની તીવ્રતા કાપી નાખે છે. સોપારીના ચૂરાની જેમ રાગદ્વેષની ગાંઠનો ચૂરો કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ અપૂર્વકરણનું બીજું નામ "નિવૃત્તિકરણ" પણ છે. જે જીવોએ આ અપૂર્વકરણમાં પ્રવેશ કર્યો છે. કરે છે અને કરશે એમ ત્રિકાલવર્તી જીવોના અધ્યવસાયો દરેક સમયમાં ષટ્સ્થાનપતિત હોય છે. પણ સમાન હોતા નથી. તેથી આ કરણનું બીજું નામ નિવૃત્તિકરણ પણ છે. એક-એક સમયવર્તી અનંત અનંત જીવોના અધ્યવસાય સ્થાનો અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ તો છે જ, પરંતુ તેમાં અનંતભાગ અધિક આદિ ૬ જાતની વિશુદ્ધિ અથવા હાનિ છે. તથા અપૂર્વકરણના પ્રથમસમયની જઘન્ય વિશુદ્ધિથી અપૂર્વકરણના પ્રથમસમયની જ ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી છે. તેનાથી બીજા સમયની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણી છે. તેનાથી બીજા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણી છે. આમ પ્રતિસમયે જઘન્ય-ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી જાણવી. પ્રતિસમયે અનંતજીવોનાં અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ અધ્યવસાય સ્થાનો હોય છે. અને તે પણ પ્રતિસમયે પૂર્વ-પૂર્વ સમય કરતાં કંઈક અધિક-અધિક હોય છે. આવા પ્રકારનું અપૂર્વકરણ કરીને હવે આ જીવ અનિવૃત્તિકરણ કરે છે.


અનિવૃત્તિકરણમાં પ્રવેશ -

અપૂર્વકરણ કર્યા પછી એક અંતર્મુહૂર્તના કાલ પ્રમાણ ત્રીજું અનિવૃત્તિકરણ કરે છે. અનિવૃત્તિ એટલે ફેરફાર વિનાના અધ્યવસાયો જ્યાં છે તે. જે જીવો આ કરણમાં આવ્યા છે આવે છે અને આવશે, તે ત્રિકાલવર્તી સર્વે જીવોના અધ્યવસાયો એક સમયમાં સામાન્યથી સરખા હોય છે. પરસ્પર તફાવત હોતો નથી. તેના જ કારણે એક એક સમયના અધ્યવસાય સ્થાનોમાં ષટ્સ્થાનપતિતતા હોતી નથી. વિશુદ્ધિ પણ સમાન જ હોય છે. માત્ર પ્રથમ સમયના અધ્યવસાય સ્થાન કરતાં બીજા સમયનું અધ્યવસાય સ્થાન, અને બીજા સમયના અધ્યવસાય સ્થાન કરતાં ત્રીજા સમયનું અધ્યવસાય સ્થાન અનંતગુણ વિશુદ્ધિવાળું જાણવું. આમ સર્વ સમયોમાં સમજવું. તેથી આ રચના "કંઈક કંઈક મોટા મોટા મોતીની શેર" જેવી બને છે. આ જ કારણે આ અનિવૃત્તિકરણમાં તિર્યગ્મુખી વિશુદ્ધિ હોતી નથી, માત્ર ઊર્ધ્વમુખી જ વિશુદ્ધિ હોય છે. અને તે પણ અનંતગુણી હોય છે. અપૂર્વકરણની જેમ અહીં પણ ગુણસંક્રમ વિના સ્થિતિઘાત આદિ ૪ કાર્યો ચાલુ જ રહે છે.

તે અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ ગયા પછી એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે મિથ્યાત્વમોહનીયની જે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિસત્તા છે. તેમાં ૧ અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમસ્થિતિ રાખીને તેના ઉપર બીજા એક અંતર્મુહૂર્ત પ્રમાણ "અન્તરકરણ" કરે છે. અન્તરકરણ એટલે "આંતરુ કરવું" વચ્ચેથી સ્થિતિ ખાલી કરવી. આવા પ્રકારનું અંતરકરણ કરવાની ક્રિયા અહીંથી ચાલુ કરે છે. દા.ત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ આત્મા પાસે મિથ્યાત્વમોહનીયની ધારો કે ૧ થી ૧૦,૦૦૦ સમયની સ્થિતિસત્તા છે. તેમાં ૧ થી ૨૫ સમયનું યથાપ્રવૃત્તકરણ, ૨૫ થી ૫૦ સમયનું અપૂર્વકરણ, અને ૫૧ થી ૭૫ સમયનું અનિવૃત્તિકરણ કરે છે. તે દરમ્યાન સ્થિતિઘાતાદિ વડે ઉપરની સ્થિતિનો ઘાત કરતાં કરતાં ૧૦,૦૦૦ સમયવાળી મિથ્યાત્વની સ્થિતિને તોડીને ૧૦૦૦ સમય પ્રમાણ સ્થિતિ રાખે છે. હવે ૫૧ થી ૭૦ સમય સુધીનું સંખ્યાતા ભાગવાળું અનિવૃત્તિકરણ જાય ત્યારે ૭૧ થી ૭૫ સમય સુધીની પ્રથમસ્થિતિ રાખીને ૭૬ થી ૧૦૦ સમય પ્રમાણ સ્થિતિનું અંતરકરણ કરે છે અને તેના કારણે ૧૦૧ થી ૧૦૦૦ સમયની સ્થિતિને બીજીસ્થિતિ કહેવાય છે. જેમકે -




અનિવૃત્તિકરણનો જે સંખ્યાતમો ૧ ભાગ બાકી છે તે પ્રથમસ્થિતિ છે. તેની ઉપર ૭૬ થી ૧૦૦ સમય પ્રમાણની જે સ્થિતિ છે તેને અંતરકરણ કહેવાય છે. અને ૧૦૧ થી ૧૦૦૦ સમયની ઉપરની જે સ્થિતિ છે તેને દ્વિતીયા સ્થિતિ, ઉપરની સ્થિતિ અથવા બીજી સ્થિતિ કહેવાય છે. (૧) અપૂર્વસ્થિતિબંધ, (૨) ઉપરની સ્થિતિમાં છેલ્લેથી નવો સ્થિતિઘાત, અને (૩) અન્તરકરણ કરવાની ક્રિયા, આ ત્રણે અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ૧ ભાગ બાકી રહે ત્યારે સાથે જ શરૂ થાય છે. અને ૧ અંતર્મુહૂર્તકાલે સાથે જ સમાપ્ત થાય છે. અંતરકરણની ક્રિયા શરૂ કરવી એટલે કે અંતરકરણવાળી ભૂમિમાં (૭૫ થી ૧૦૦ માં) જે મિથ્યાત્વમોહનાં કર્મદલિકો છે. તેને ત્યાંથી આકર્ષીને પહેલી સ્થિતિમાં અને બીજી સ્થિતિમાં પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે નાખવાં, અર્થાત્ તેટલી ભૂમિને ખાલી કરવી. મિથ્યાત્વમોહનાં દલિક વિનાની કરવી. આ ખાલી કરવાની જે પ્રક્રિયા તે અંતરકરણની ક્રિયા કહેવાય છે.

અંતરકરણનાં ઉકેરાતાં કર્મ દલિકોની સાથે ત્યાં ગુણશ્રેણીથી ગોઠવાયેલું પણ કેટલાક સમયનું દલિક ઉકેરાય છે. અને નીચે અનિવૃત્તિકરણના સંખ્યાતમા ભાગના સમયોમાં જ ગોઠવાય છે. તેમાંનો ચરમ સમય, તે જ ગુણશ્રેણીનું મસ્તક બને છે. અંતરકરણ (ભૂમિને શુદ્ધ-દલિકરહિત) કરવાની ક્રિયાનો પ્રારંભ થાય ત્યારે મિથ્યાત્વની જે પ્રથમસ્થિતિ છે તેને આ જીવ વિપાકોદયથી ભોગવતો ભોગવતો આગળ જાય છે.

(૧) ૫૧ થી ૭૫ સમયની કલ્પનાવાળા અનિવૃત્તિકરણમાં ૫૧ થી ૭૦ સમયવાળો સંખ્યાતાભાગનો કાળ જાણવો. અને ૭૧ થી ૭૫ સમયવાળા કાળમાં પ્રથમનો કેટલોક કાળ અંતરકરણની ક્રિયાનો જાણવો. ત્યારબાદનો કેટલાક કાળ પ્રથમસ્થિતિનો જાણવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે ઉદયસમયથી એક આવલિકા બહારનાં પ્રથમ સ્થિતિમાં દલિકોને ઉદીરણાકરણ વડે આકર્ષીને ઉદયાવલિકામાં નાખે છે. તેને ઉદીરણા કહેવાય છે અને ૧૦૧ થી ૧૦૦૦ સમયવાળી અંતરકરણ ઉપરની બીજી સ્થિતિમાં રહેલ કર્મદલિકોને ઉદીરણા કરણ વડે આકર્ષીને ઉદયાવલિકામાં જે નંખાય છે તેને ઉદીરણા જ હોવા છતાં ભિન્ન રીતે ઓળખાવવા માટે "આગાલ" કહેવાય છે. આ રીતે ઉદય-ઉદીરણા-અને આગાલ દ્વારા પહેલી સ્થિતિ વિપાકોદયથી ભોગવે છે. તે કાલે આ જીવ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.

તથા તે જ કાલે અંતરકરણની સ્થિતિમાં રહેલાં (૭૬ થી ૧૦૦ માં રહેલાં) દલિકોને ત્યાંથી ઉકેરીને પહેલી-બીજી એમ બન્ને સ્થિતિમાં નાખે છે અને અંતરકરણની ભૂમિને શુદ્ધ કરવાનું કામ કરે છે. વળી તે જ વખતે અંતરકરણની ઉપરની સ્થિતિનો (૧૦૧ થી ૧૦૦૦) ઉપશમના કરણ વડે ઉપશમ પણ કરે છે. એટલે કે પાણી છાંટેલી માટીને ઘણ વડે કુટ્ટી કુટ્ટીને જેમ નિઃસ્પંદ કરાય તેમ બીજી સ્થિતિમાં રહેલ દલિકોને એવાં ઉપશમાવી દેવામાં આવે છે કે તે ઉદય-ઉદીરણા આદિ કરણો માટે અસાધ્ય બને. રાખથી ઢાંકેલા અગ્નિની જેમ શાન્ત કરે.

આ રીતે (૧) પ્રથમ સ્થિતિને અનુભવતો, (૨) અંતરકરણના દલિકોને ખાલી કરતો, અને (૩) બીજી સ્થિતિને ઉપશમાવતો આમ ત્રણે કામ એકી સાથે કરતો કરતો આ જીવ પહેલી સ્થિતિની ૨ આવલિકા બાકી રહે ત્યાં સુધી આગળ જાય છે. પ્રથમ સ્થિતિ બે આવલિકા બાકી રહે ત્યારે મિથ્યાત્વમોહનીયની ગુણશ્રેણી અને આગાલ અટકે છે. પણ શેષ કર્મોની ગુણશ્રેણી ચાલુ રહે છે તથા પ્રથમ સ્થિતિ જ્યારે એક આવલિકા માત્ર જ બાકી રહે છે ત્યારે મિથ્યાત્વ મોહનીયના સ્થિતિઘાત-રસઘાત અને ઉદીરણા અટકે છે. પણ શેષ કર્મોના સ્થિતિઘાતાદિ ચાલુ રહે છે. તથા મિથ્યાત્વમોહનો બંધ અને ઉદય આમ આ બે જ પ્રક્રિયા આ છેલ્લી આવલિકામાં પણ ચાલુ રહે છે. પહેલી સ્થિતિમાં જ્યાં સુધી આ પ્રક્રિયા ચાલે છે ત્યાં સુધીમાં તો અંતરકરણની ભૂમિ શુદ્ધ (દલિકરહિત) થઈ જાય છે અને બીજી સ્થિતિ લગભગ ઉપશાન્ત થઈ જાય છે. માત્ર પ્રતિસમયે નવું નવું બંધાતું એવું જે કર્મદલિક આવે છે તે જ સમયન્યૂન બે આવલિકા અનુપશાન્ત રહે છે.

આમ કરતાં કરતાં પ્રથમ સ્થિતિની બાકી રહેતી આ એક આવલિકાનો અન્તિમ સમય જ્યારે આવે છે ત્યારે મિથ્યાત્વમોહનો બંધ-ઉદય સમાપ્ત થાય છે. પહેલી સ્થિતિ પૂર્ણ થાય છે. બીજી સ્થિતિ ઉપશાન્ત થઈ જાય છે. છેલ્લા કાલમાં બંધાયેલું ૧ સમયન્યૂન ૨ આવલિકાપ્રમાણ જે મિથ્યાત્વનું દલિક છે. તે જ અનુપશાન્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહે છે. કેટલાક આચાર્ય મહારાજશ્રીઓના મતે પ્રથમ સ્થિતિના ચરમ સમયે અને બીજા કેટલાક આચાર્ય મહારાજશ્રીઓના મતે તેના પછીના સમયે એટલે કે અંતરકરણમાં પ્રવેશના પ્રથમ સમયે મિથ્યાત્વમોહના ત્રિપુંજીકરણનું કામ કરે છે.

મિથ્યાત્વમોહનીયની પ્રથમ સ્થિતિ સમાપ્ત થતાં જ તેના બંધ-ઉદયનો વિચ્છેદ થાય છે. પ્રથમ ગુણસ્થાનક સમાપ્ત થાય છે. અંતરકરણમાં પ્રવેશ થાય છે. ત્યાં મિથ્યાત્વનાં દલિક ન હોવાથી સમ્યક્ત્વનું પ્રતિબંધક તત્ત્વ ચાલ્યું જવાના કારણે "સમ્યક્ત્વ" ગુણની પ્રાપ્તિ થાય છે. સમ્યક્ત્વ પામેલા આ જીવને સત્તામાં રહેલું મિથ્યાત્વમોહનું ઉપશાન્ત થયેલું કર્મદલિક બીજી સ્થિતિની અંદર પડેલું છે. પણ તે ઉપશાન્ત કરેલું હોવાથી ઉદયમાં આવતું નથી. તેથી તે સમ્યક્ત્વને ઉપશમ સમ્યક્ત્વ અથવા ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. આજ સુધી ત્રણ કરણો કરતો હતો ત્યારે જો કે મિથ્યાત્વની મંદતા થતી જતી હોવાથી ઘણી વિશુદ્ધિ થતી હતી. તો પણ સમ્યક્ત્વ પૂર્વકની અપૂર્વ વિશુદ્ધિ હવે આવી છે એટલે તે વિશુદ્ધિના બળે સત્તામાં રહેલી અને ઉપશાન્ત કરેલી મિથ્યાત્વમોહનીયની નિષેકરચનાના સર્વ સમયોમાંથી થોડા-થોડા કર્મદલિકોના રસનો ઘાત કરી કરીને કેટલાંક દલિકોને મંદ બે ઠાણીયા રસવાળાં તથા એકઠાણીયા રસવાળાં કરે છે. તેને શુદ્ધપુંજ અથવા સમ્યક્ત્વમોહનીય કહેવાય છે. કેટલાંક દલિકોને મધ્યમ બે ઠાણીયા રસવાળાં કરે છે. તેને અર્ધવિશુદ્ધપુંજ અથવા મિશ્રમોહનીય કહેવાય છે. અને કેટલાંક દલિકો હજુ પૂર્વની જેવાં તીવ્ર રસવાળાં (તીવ્ર બે ઠાણીયો, ત્રણ ઠાણીયો અને ચાર ઠાણીયો રસ છે જેમાં તેવાં) રહે છે. તેને અશુદ્ધપુંજ અથવા મિથ્યાત્વમોહ કહેવાય છે. આ પ્રમાણે સમ્યક્ત્વગુણના પ્રભાવે સત્તાગત મિથ્યાત્વમોહનીયનાં દલિકોમાં પણ અપવર્તના કરણ પ્રવર્તાવવા દ્વારા ત્રિપુંજીકરણ કરવાનું કાર્ય બને છે.

૧ સમ્યક્ત્વમોહનીય = દેશઘાતી અને એકસ્થાનિક રસ
૨ સમ્યક્ત્વમોહનીય = દેશઘાતી અને મંદ દ્વિસ્થાનિક રસ
૩ મિશ્રમોહનીય = સર્વઘાતી અને મધ્યમ દ્વિસ્થાનિક રસ
૪ મિથ્યાત્વમોહનીય = સર્વઘાતી અને તીવ્ર દ્વિસ્થાનિક રસ
૫ મિથ્યાત્વમોહનીય = સર્વઘાતી અને ત્રિસ્થાનિક રસ
૬ મિથ્યાત્વમોહનીય = સર્વઘાતી અને ચતુઃસ્થાનિક રસ

સમ્યક્ત્વની પ્રાપ્તિના પ્રથમ સમયથી જ દ્વિતીય સ્થિતિગત ઉપશાન્ત થયેલ મિથ્યાત્વમોહના ઉપર પ્રમાણે ત્રણ પુંજ કરે છે. બંધવિચ્છેદના છેલ્લા કાળમાં બાંધેલું અને અનુપશાન્ત એવું એક સમયન્યૂન બે આવલિકા પ્રમાણ મિથ્યાત્વમોહનીયનું જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મદલિક છે. તે દલિક તેટલા જ સમયોમાં હવે ઉપશમાવે છે. મિથ્યાત્વમોહનો હવે અબંધ થયેલ હોવાથી ગુણસંક્રમ ચાલુ કરે છે. પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે મિથ્યાત્વનું દલિક મિશ્રમોહ અને સમ્યક્ત્વમોહમાં સંક્રમાવે છે. આ સમ્યક્ત્વની પ્રાપ્તિકાલે અંધ માણસને જેમ ચક્ષુની પ્રાપ્તિ થવાથી અનહદ આનંદ થાય છે. તેમ આ જીવને આત્માના શુદ્ધ સ્વરૂપની કંઈક ઝાંખી ઝાંખી પિછાણ થવાથી અપરિમિત આનંદ પ્રગટે છે. આ રીતે અનાદિ મિથ્યાત્વી જીવને મિથ્યાત્વના ઉદય રૂપ જે દાવાનલ લાગેલો હતો, તે દાવાનલ શુદ્ધભૂમિ રૂપ ઉજ્જડ પૃથ્વી પામીને ઓલવાઈ જતાં પ્રશમરસવાળું પ્રાથમિક ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અને પરમ આહ્લાદની પ્રાપ્તિ થાય છે.

(૧) અનાદિ મિથ્યાત્વી જે આ પ્રાથમિક ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે તે જીવ ઉપશમશ્રેણીને યોગ્ય વિશિષ્ટ વિશુદ્ધિવાળો ન હોવાથી શ્રેણી માંડતો નથી. આ ઉપશમમાં વર્તતો જીવ મૃત્યુ પામતો નથી, પરભવમાં જતો નથી. અનંતાનુબંધીનો બંધ અને ઉદય કરતો નથી. પણ જ્યારે સાસ્વાદને જાય છે ત્યારે તે જીવ બધું કરે છે.

(૨) આ ઉપશમની પ્રાપ્તિની સાથે કોઈ જીવ દેશવિરતિ પણ પામે છે અને કોઈ જીવ સર્વવિરતિ પણ પામે છે. એટલે કે કોઈને ચોથાની, કોઈને પાંચમાની અને કોઈને છઠ્ઠા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે.

(૩) ઉપશમ સમ્યક્ત્વના કાલે અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વનો ઉદય ન હોવાથી તત્સહચારી અનંતાનુબંધી ચાર કષાયનો પણ ઉદય હોતો નથી, ફક્ત તેનો ક્ષયોપશમ જ હોય છે. તેથી વિપાકોદય નથી. પરંતુ તે કષાયનાં કર્મદલિકોને મંદ-મંદતર રસવાળાં કરીને અપ્રત્યાખ્યાનાદિ કષાયોમાં સંક્રમાવીને તે રૂપે ભોગવે છે. જ્યારે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા બાકી રહે છે ત્યારે ક્યારેક કોઈક જીવને અનંતાનુબંધીનો વિપાકોદય ચાલુ થઈ જાય છે. જેથી સાસ્વાદન ગુણસ્થાનક આવી જાય છે.

(૪) ઉપશમ સમ્યક્ત્વમાં ત્રણે દર્શનમોહનીયનો ઉદય ન હોવાથી સમ્યક્ત્વ સંબંધી કોઈ અતિચાર લાગતા નથી.

(૫) અંતરકરણમાં વર્તે ત્યાં સુધી ઉપશમ સમ્યક્ત્વ ટકે છે. તેની છેલ્લી ૧ આવલિકામાં પરિણામની ધારાને અનુસારે ઉપરની સ્થિતિમાં રહેલી ત્રણ દર્શનમોહનીયમાંથી નીચે લાવેલી કોઈપણ એક મોહનીયનો અવશ્ય ઉદય થાય છે.

(૬) જો મિથ્યાત્વમોહનો ઉદય થાય તો પહેલું ગુણસ્થાનક આવે છે. જો મિશ્રમોહ ઉદયમાં આવે તો ત્રીજું ગુણસ્થાનક આવે છે. અને જો સમ્યક્ત્વમોહ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદયમાં આવે તો ગુણસ્થાનક ૪ થી ૭ માંનું જે છે તે જ રહે છે. પણ ઉપશમસમ્યક્ત્વીને બદલે ક્ષાયોપશમિક સમ્યક્ત્વી બને છે. અહીં પ્રાથમિક ઉપશમસમ્યક્ત્વનું વર્ણન પૂર્ણ થાય છે.

## ઉપશમશ્રેણી સંબંધી ઉપશમસમ્યક્ત્વનું વર્ણન -

ઉપશમશ્રેણી પ્રારંભવા માટે પ્રાપ્ત કરાતું ઉપશમસમ્યક્ત્વ અવશ્ય ૪ થી ૭ ગુણસ્થાનકમાં જ પ્રાપ્ત કરાય છે. એટલે કે ૪ થી ૭ ગુણસ્થાનકમાં વર્તતો જીવ જ શ્રેણી સંબંધી ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તથા આ ઉપશમશ્રેણી માટેનું ઉપશમસમ્યક્ત્વ, અનંતાનુબંધી ૪ કષાયોની વિસંયોજના કરીને પણ પ્રાપ્ત કરાય છે. અને અનંતાનુબંધી ૪ કષાયોની ઉપશમના કરીને પણ પ્રાપ્ત કરાય છે. ત્યાં પ્રથમ અનંતાનુબંધી ૪ કષાયોની ઉપશમનાની વિધિ કહેવાય છે.

અનંતાનુબંધીની ઉપશમના-૪ થી ૭ ગુણસ્થાનકમાં વર્તતો, ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો, મનુષ્ય માત્ર જ, અનંતાનુબંધીની ઉપશમના કરવા માટે, મિથ્યાત્વમોહની ઉપશમનાની વિધિ હમણાં જે કહી છે. તે જ પ્રમાણે યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરવાપૂર્વક કરે છે. તે ત્રણ કરણ યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિકરણ જાણવાં, તેમાં નીચેના અપવાદ જાણવા.

(૧) અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અનંતાનુબંધી ૪ કષાયની પહેલી સ્થિતિ ૧ આવલિકામાત્ર રાખીને અંતર્મુહૂર્ત કાલ પ્રમાણ અંતરકરણ કરે છે.

(૨) અંતરકરણનું અંતર્મુહૂર્ત અપૂર્વસ્થિતિબંધના કાળતુલ્ય હોય છે.

(૩) અંતરકરણ સંબંધી ઉકેરાતું અનંતાનુબંધીનું કર્મદલિક પહેલી અને બીજી સ્થિતિમાં ન નાખતાં તે કાલે બંધાતી ચારિત્રમોહનીય સંબંધી પરપ્રકૃતિમાં (મોહનીયની ૧૭, ૧૩ કે ૯) માં નાખે છે.

(૪) પ્રથમ સ્થિતિરૂપે રાખેલું ૧ આવલિકા પ્રમાણ કર્મદલિક સ્તિબૂક સંક્રમ વડે તે કાલે ઉદયથી વેદાતી મોહનીયકર્મની પ્રકૃતિઓમાં નાખે છે.

(૫) અંતરકરણ કરતે છતે બીજા જ સમયથી બીજી સ્થિતિમાં રહેલા એવા અનંતાનુબંધી ૪ કષાયોને પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે ઉપશમાવે છે. અંતર્મુહૂર્તકાલે અનંતાનુબંધી સર્વથા ઉપશાન્ત થઈ જાય છે.

(૬) અનંતાનુબંધીની ઉપશમના માટે કરાયેલા ત્રણ કરણમાં અપૂર્વકરણે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનિવૃત્તિકરણે સ્થિતિઘાતાદિની સાથે ગુણસંક્રમ પણ ચાલુ થાય છે. કારણ કે ૪ થી ૭ ગુણસ્થાનકમાં હોવાથી અને અનંતાનુબંધી અબધ્યમાન અશુભ પ્રકૃતિ હોવાથી ગુણસંક્રમ પ્રવર્તે છે. આ પ્રમાણે કેટલાક આચાર્યોના મતે ૪ થી ૭ ગુણઠાણામાં અનંતાનુબંધીની ઉપશમના થાય છે તે સમજાવી.

## અનંતાનુબંધિની વિસંયોજના -

અનંતાનુબંધીની વિસંયોજના ચારે ગતિના જીવો કરી શકે છે. ચોથે ગુણઠાણે વર્તતા દેવ-નારકી-મનુષ્ય અને તિર્યંચ, પાંચમે ગુણઠાણે વર્તતા તિર્યંચ અને મનુષ્ય, તથા છઠ્ઠા-સાતમા ગુણઠાણે વર્તતા મનુષ્ય અનંતાનુબંધીની આ વિસંયોજના કરવા માટે પ્રથમ પૂર્વોક્ત વિધિ પ્રમાણે ૩ કરણ કરે છે. તેમાં નીચેની બાબતોનું બરાબર ધ્યાન આપવું.

(૧) અપૂર્વકરણથી ગુણસંક્રમ પણ અવશ્ય કરે જ. કારણ કે અનંતાનુબંધી અબધ્યમાન અશુભ પ્રકૃતિ છે. માટે અબધ્યમાન એવા તે અનંતાનુબંધીનો બધ્યમાન મોહનીયમાં ગુણસંક્રમ કરે.

(૨) અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ જાય, અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે તો પણ અંતરકરણ ન કરે. અંતરકરણ કર્યા વિના જ પહેલી સ્થિતિ એક આવલિકા માત્ર રાખીને ઉદ્વલના સંક્રમ વડે અને ગુણ સંક્રમ વડે એટલે કે ઉદ્વલના યુક્ત ગુણસંક્રમ વડે ઉપરની તમામ સ્થિતિનો સ્થિતિઘાતાદિ વડે નાશ જ કરવા લાગે છે.

(૩) જે ૧ આવલિકા માત્ર પ્રથમ સ્થિતિ રાખી છે. તે ઉદયવતી મોહનીયકર્મની કર્મપ્રકૃતિઓમાં સ્તિબૂકસંક્રમ વડે સંક્રમાવીને સમાપ્ત કરે છે.

(૪) અંતર્મુહૂર્ત કાલે વિસંયોજના સમાપ્ત કરીને આ જીવ મોહનીયની ૨૪ની સત્તાવાળો બને છે.

પ્રશ્ન - વિસંયોજના એટલે શું ? અને વિસંયોજના તથા ક્ષયમાં તફાવત શું ?

ઉત્તર - અનંતાનુબંધીનો એક પ્રકારનો સર્વથા ક્ષય કરવો, સત્તામાંથી અનંતાનુબંધીને નિર્મૂલ કરવો તે જ વિસંયોજના કહેવાય છે અને તે જ ક્ષય કહેવાય છે. તેથી જ વિસંયોજના કરનારને પણ અને ક્ષય કરનારને પણ નિયમા મોહનીયની ૨૪ ની જ સત્તા હોય છે. પરંતુ ક્ષય અને વિસંયોજનામાં તફાવત માત્ર આટલો જ છે કે- અનંતાનુબંધીનો ક્ષય કર્યા પછી તે જીવ દર્શનત્રિકનો ક્ષય કરે પણ ખરો અને ક્ષય ન પણ કરે - આવી વિકલ્પવાળી અવસ્થા છે. એટલે જો પાછળ દર્શનત્રિકનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષય ન કરે તો આ અનંતાનુબંધીનો કરેલો ક્ષય, મિથ્યાત્વમોહના ઉદયનો કાલાન્તરે સંભવ હોવાથી તે કાલે ફરીથી અનંતાનુબંધી બંધાવાથી સત્તા આવી જાય, તે કાળે આ ક્ષય નિષ્ફળ જાય છે. તે માટે આવા પ્રકારના નિષ્ફળ જનારા ક્ષયને ભિન્ન સમજાવવા માટે શાસ્ત્રકારોએ તેનુ નામ વિસંયોજના આપેલ છે. જેઓ અનંતાનુબંધીનો ક્ષય કર્યા પછી દર્શનત્રિકનો પણ અવશ્ય ક્ષય કરે જ છે. અનંતાનુબંધીના ક્ષયને નિષ્ફળ જવા દેતા નથી. તેવા અનંતાનુબંધીના ક્ષયને "ક્ષય" જ કહેવામાં આવે છે.

આ પ્રમાણે કેટલાક આચાર્યોના મતે અનંતાનુબંધીની ઉપશમના અને બીજા કેટલાકના મતે અનંતાનુબંધીની વિસંયોજના કરીને હવે આગળ-આગળ દર્શનત્રિકની ઉપશમના શરૂ કરે છે.

## દર્શનત્રિકની ઉપશમના -

ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ, સંયમમાં (છઠ્ઠે અથવા ૭મે ગુણઠાણે) વર્તતો મનુષ્ય જ દર્શનત્રિકની ઉપશમના કરવા માટે ત્રણ કરણ કરે છે. તથા કરણકાલ પૂર્વે અનંતગુણી વિશુદ્ધિએ વધતો પૂર્વે કહેલી તમામ પ્રક્રિયાવાળો બને છે. પૂર્વભૂમિકાનું તથા ત્રણ કરણનું વર્ણન અનાદિ મિથ્યાત્વી સમ્યક્ત્વ પામે ત્યારે જેમ કહ્યું છે તેમ જ જાણવું. અપૂર્વકરણમાં અહીં મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો ગુણસંક્રમ પણ થાય છે. અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ ગયે છતે એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે દર્શનત્રિકની જે સ્થિતિ સત્તામાં છે. તેમાં "અંતરકરણ" કરે છે. જેથી તે ત્રણની સ્થિતિના બે બે વિભાગ થાય છે. ૧ પહેલી સ્થિતિ, વચ્ચે અંતરકરણ, અને ઉપર બીજી સ્થિતિ. પ્રથમ સ્થિતિ મિથ્યાત્વ અને મિશ્રમોહની એક આવલિકા પ્રમાણ રાખે છે. અને સમ્યક્ત્વમોહનીયની અંતર્મુહૂર્ત પ્રમાણ કરે છે. ત્રણેનું અંતરકરણ અંતર્મુહૂર્ત પ્રમાણ રાખે છે. અને બાકીની સઘળી સ્થિતિ બીજી સ્થિતિરૂપે રાખે છે.

ત્રણે દર્શનમોહનીયનું અંતરકરણનું ઉકેરાતું કર્મદલિક સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિમાં નાખે છે. અને તેને તે રૂપે વિપાકોદયથી ભોગવે છે. મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયની પહેલી સ્થિતિ (જે આવલિકા પ્રમાણ) છે. તેને સ્તિબૂકસંક્રમ વડે સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિમાં નાખે છે અને તે રૂપે (સમ્યક્ત્વમોહનીય રૂપે) ભોગવે છે. અંતરકરણની આ ક્રિયા એક સ્થિતિઘાતના કાળે પૂર્ણ થાય છે. જ્યાં સુધી અંતરકરણની આ ક્રિયા (અંતરકરણની અંદર રહેલાં મિથ્યાત્વાદિનાં દલિકોને ઉકેરવાનું કામકાજ) ચાલે ત્યાં સુધી મિથ્યાત્વ અને મિશ્રની પ્રથમ સ્થિતિ એક આવલિકા પ્રમાણ જ રહે છે. એટલે કે જેમ જેમ સ્તિબૂકસંક્રમ થતો જાય છે તેમ તેમ પ્રથમ સ્થિતિની એક આવલિકા આગળ આગળ વધતી જ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિને ઉદય-ઉદીરણા (આગાલ) વડે વિપાકોદયથી ભોગવતો જાય છે.

અંતરકરણની ક્રિયા પૂર્ણ થાય ત્યારથી ત્રણે દર્શનમોહનીયનાં દ્વિતીય સ્થિતિગત કર્મદલિકોને પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે ઉપશમાવે છે. આમ મિથ્યાત્વ-મિશ્રમોહની પ્રથમ સ્થિતિને સ્તિબૂક સંક્રમ વડે સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમાવતો, સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિને ઉદય-ઉદીરણા વડે ભોગવતો, અને ત્રણેની બીજી સ્થિતિને ઉપશમાવતો ઉપશમાવતો તે જીવ ત્યાં સુધી આગળ જાય છે કે સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિની બે આવલિકા જેટલી જ સ્થિતિ બાકી રહે. તે કાલે સમ્યક્ત્વમોહનીયની ગુણશ્રેણીની અને આગાલની ક્રિયા અટકી જાય છે. ફક્ત નીચે ઉદય-ઉદીરણા અને ઉપર ઉપશમના ચાલુ રહે છે. ત્યારબાદ ફરી ૧ આવલિકા ગયા બાદ એટલે કે સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિ ૧ આવલિકા માત્ર બાકી રહે ત્યારે સ્થિતિઘાત-રસઘાત અને ઉદીરણા પણ અટકી જાય છે. બાકી રહેલી સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિની ૧ આવલિકાને ક્રમશઃ ભોગવીને ક્ષય કરતો, બીજી સ્થિતિને ક્રમશઃ અસંખ્યાત ગુણાકારે ઉપશમાવતો અનિવૃત્તિકરણના ચરમ સમયમાં આવે છે ત્યારે સમ્યક્ત્વમોહનીયની પ્રથમ સ્થિતિ ભોગવાઈ જાય છે. મિથ્યાત્વ-મિશ્રની સ્થિતિ સ્તિબૂક સંક્રમ વડે સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમિત થઈ જાય છે અને ત્રણે દર્શનમોહનીયની બીજી સ્થિતિ સર્વથા ઉપશાન્ત થઈ જાય છે.

ત્યાર પછીના સમયે આ જીવ અંતરકરણમાં (શુદ્ધ ભૂમિમાં) પ્રવેશ કરે.છે. તે કાલે શ્રેણીસંબંધી ઉપશમસમ્યક્ત્વ એટલે કે અનાદિમિથ્યાત્વીના ઉપશમની અપેક્ષાએ અપૂર્વ એવું દ્વિતીય (બીજું) ઉપશમસમ્યક્ત્વ આ જીવ પ્રાપ્ત કરે છે. આ રીતે કોઈ જીવ અનંતાનુબંધીની વિસંયોજના અને દર્શનત્રિકની ઉપશમના કરીને અને કેટલાક આચાર્યોના મતે અનંતાનુબંધીની ઉપશમના અને દર્શનત્રિકની પણ ઉપશમના કરીને ઉપશમશ્રેણી માંડે છે. તથા કોઈ જીવ અનંતાનુબંધી ૪ કષાયનો ક્ષય કર્યા પછી દર્શનત્રિકનો પણ ક્ષય કરે છે. આ રીતે ક્ષય કરીને એટલે દર્શન સપ્તકનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને પણ (જો પૂર્વ બદ્ધાયુષ્ક હોય તો) ઉપશમશ્રેણી માંડી શકે છે. તેની વિગત આ પ્રમાણે -

## દર્શનત્રિકની ક્ષપણા -

૪ થી ૭ ગુણસ્થાનકમાં વર્તતો, ૮ વર્ષથી અધિક વયવાળો, પ્રથમ સંઘયણવાળો, શુક્લલેશ્યાવાળો, સાકારોપયોગયુક્ત, જિનકાલીન, ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ મનુષ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ દર્શન મોહનીયનો ક્ષય કરવાનો પ્રયત્ન શરૂ કરે છે. પૂર્વે કહ્યા પ્રમાણે પૂર્વભૂમિકાના કાલમાં વિશુદ્ધિપૂર્વક યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ આ જીવ કરે છે.

અપૂર્વકરણના પહેલા સમયથી "ઉદ્‌વલનાનુવિદ્ધ ગુણસંક્રમ" હોય છે. એટલે કે ગુણસંક્રમથી પ્રતિ સમયે અસંખ્યાત ગુણાકારે મિથ્યાત્વનાં કર્મદલિકોને મિશ્રમાં અને સમ્યક્ત્વમોહનીયમાં, અને મિશ્રનાં કર્મદલિકોને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે. તથા ઉદ્‌વલના સંક્રમ વડે પ્રથમ સ્થિતિખંડ મોટો, પછી પછીનો સ્થિતિખંડ વિશેષહીન-વિશેષહીન એમ અપૂર્વકરણના ચરમસમય સુધી ઉદ્‌વલના કરે છે એમ જાણવું. તેમાં મિથ્યાત્વનું દલિક પોતાની નીચેની સ્થિતિમાં અને પરમાં (એટલે મિશ્રમોહ અને સમ્યક્ત્વમોહમાં) નાખે છે. તેવી જ રીતે મિશ્રનાં દલિકોને પોતાની નીચેની સ્થિતિમાં અને પરમાં (સમ્યક્ત્વ મોહમાં) નાખે છે. આમ અપૂર્વકરણના ચરમસમય સુધી જાણવું. આમ ગુણસંક્રમ અને ઉદ્‌વલના સંક્રમ એમ બન્ને દ્વારા સ્થિતિ તોડતાં તોડતાં અપૂર્વકરણના ચરમ સમયે પ્રથમ સમયની સ્થિતિસત્તા કરતાં સંખ્યાતગુણ હીન સ્થિતિસત્તા થઈ જાય છે. અપૂર્વકરણના ચરમસમયે દેશોપશમના, નિદ્ધત્તિ અને નિકાચના વિરામ પામે છે. ત્યારબાદ હવે આ જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે.

અનિવૃત્તિકરણમાં પણ સ્થિતિઘાતાદિ ચાલુ જ રહે છે. તેથી દર્શનત્રિકની સ્થિતિસત્તા પૂર્વે જે અંતઃકોડાકોડી સાગરોપમ હતી તે હજારો સ્થિતિઘાત ગયે છતે અસંજ્ઞી પંચેન્દ્રિય તુલ્ય (૧૦૦૦ સાગરોપમ પ્રમાણ) બને છે. તેમાંથી પણ હજારો હજારો સ્થિતિઘાત ગયે છતે અનુક્રમે ચઉરિન્દ્રિય તુલ્ય (૧૦૦ સાગરોપમ પ્રમાણ), તેઈન્દ્રિય તુલ્ય (૫૦ સાગરોપમ પ્રમાણ), બેઈન્દ્રિય તુલ્ય (૨૫ સાગરોપમ પ્રમાણ), અને એકેન્દ્રિય તુલ્ય (૧ સાગરોપમ પ્રમાણ), સ્થિતિ સત્તા થાય છે. ત્યારબાદ હજારો સ્થિતિઘાત કર્યે છતે ત્રણે દર્શનમોહનીયની સ્થિતિ સત્તા પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે. આ પ્રમાણે સ્થિતિઘાતાદિ વડે દર્શનમોહનીયની સ્થિતિનો ઘાત કરતો જાય છે.

ત્રણે દર્શનમોહનીયની સત્તા પલ્યોપમના સંખ્યાતમા ભાગ પ્રમાણ બન્યા પછી સ્થિતિઘાત વડે ૧ સંખ્યાતમા ભાગને રાખીને બાકીના સંખ્યાતા ભાગોનો નાશ કરે છે. ત્યારબાદ તે બાકી રાખેલા ૧ સંખ્યાતમા ભાગના બુદ્ધિથી સંખ્યાતા ભાગ કરીને એક ભાગ રાખીને બાકીના સર્વે સંખ્યાતા ભાગોનો નાશ કરે છે. આ પ્રમાણે સેંકડો સ્થિતિઘાત થાય છે. ત્યારબાદ મિથ્યાત્વમોહનીયના અસંખ્યાતા ભાગ કરે છે, ૧ ભાગ રાખે, શેષ ભાગોનો નાશ કરે, પણ મિશ્રમોહ અને સમ્યક્ત્વમોહના તો હજુ પણ સંખ્યાતા જ ભાગ કરે, તેમાંનો ૧ ભાગ રાખે, અને બાકીના સંખ્યાતા ભાગોનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાશ કરે. આ રીતે હજારો સ્થિતિઘાત ગયે છતે મિથ્યાત્વમોહનીય જલ્દી તુટતી જતી હોવાથી તે મિથ્યાત્વમોહનીયની સત્તા ફક્ત એક આવલિકા જેટલી જ રહે છે. સમ્યક્ત્વમોહ અને મિશ્રમોહ તો હજુ પણ પલ્યોપમના સંખ્યાતમા ભાગ તુલ્ય બાકી છે. સ્થિતિઘાતો દ્વારા ઘાત કરાતું કર્મદલિક મિથ્યાત્વનું મિશ્ર અને સમ્યક્ત્વમોહમાં, મિશ્રનું સમ્યક્ત્વમોહમાં અને સમ્યક્ત્વમોહનું પોતાની નીચેની સ્થિતિમાં નાખીને વિપાકોદયથી ભોગવીને નાશ કરે છે.

મિથ્યાત્વનું ૧ આવલિકા પ્રમાણ જે કર્મદલિક બાકી રહ્યું. તે સ્તિબૂક સંક્રમ વડે ઉદિત એવી સમ્યક્ત્વમોહનીયમાં નાખીને મિથ્યાત્વમોહનો સૌથી પ્રથમ નાશ કરે છે. ત્યારે આ જીવ મોહનીયની ૨૩ ની સત્તાવાળો બને છે. ત્યારબાદ સમ્યક્ત્વમોહ અને મિશ્રમોહના અસંખ્યાતા ખંડ કરવાનું શરૂ કરે છે. એક ખંડ બાકી રાખે છે. અને બાકીના અસંખ્યાતા ખંડોનો નાશ કરે છે. બાકી રાખેલા તે ૧ ખંડના પુનઃ પુનઃ અસંખ્યાતા ખંડ કરે છે. તેમાંના એકને બાકી રાખે છે અને શેષનો નાશ કરે છે. આ રીતે હજારો સ્થિતિઘાત ગયે છતે મિશ્રમોહનીય પણ એક આવલિકા માત્ર જ શેષ રહે છે. તે સમયે સમ્યક્ત્વમોહનીયની સત્તા આઠ વર્ષ માત્રની જ રહે છે. મિશ્રમોહનીયની બાકી રહેલી તે એક આવલિકા પણ સ્તિબૂકસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમિત થઈ જાય છે. ત્યારે આ જીવ મોહનીયની ૨૨ની સત્તાવાળો બને છે. તે કાલે સકલ પ્રત્યૂહોનો (વિઘ્નોનો) અપગમ (નાશ) થયો હોવાથી અર્થાત્ હવે પાછા પડવાનો અને દર્શનમોહના ઉદયમાં લપેટાવાનો ભય ચાલ્યો ગયો હોવાથી આ જીવ નિશ્ચયનયથી દર્શનમોહનીયનો ક્ષપક (વાસ્તવિક ક્ષપક) કહેવાય છે.

મિશ્રમોહના ક્ષય પછી સમ્યક્ત્વમોહનો સર્વથા ક્ષય કરવાનો હજુ બાકી છે. તે માટે હવેથી તેનો અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિઘાત કરે છે. તેનાથી ખંડાતું કર્મદલિક સમ્યક્ત્વમોહના ઉદય સમયથી ગુણશ્રેણીના શીર્ષ સુધી ક્રમશઃ અસંખ્યાતગણું અને ત્યારબાદ - વિશેષહીન-વિશેષહીન એમ ચરમ સમય સુધી ગોઠવે છે. આવા પ્રકારના અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિવાળા અનેક સ્થિતિખંડો ઉકેરે છે. અને તેમાંનું દલિક નીચે નાખે છે (નીચેની સ્થિતિમાં ગોઠવે છે). આમ દ્વિચરમ સ્થિતિખંડ સુધી જાણવું. આ દ્વિચરમ સ્થિતિખંડ પછી ચરમ સ્થિતિખંડનો ઘાત શરૂ કરે છે. તે ચરમ સ્થિતિખંડ દ્વિચરમ સ્થિતિખંડ કરતાં અસંખ્યાતગુણ મોટો જાણવો. જ્યારે આ ચરમ સ્થિતિખંડ ઘાત્યમાન હોય છે. ત્યારે આ જીવ "કૃતકરણ" કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા પ્રકારની કૃતકરણ અવસ્થા જ્યારે આવે છે ત્યારે પરિણામની ધારા કોઈ કોઈ જીવની પતન પણ પામે છે. પ્રથમ શુક્લલેશ્યા જ હતી. તે હવે અન્યતમ કોઈપણ લેશ્યા હોઈ શકે છે. આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પણ થઈ શકે છે. મૃત્યુ પામીને પરિણામની ધારા પ્રમાણે ચારે ગતિમાંથી કોઈપણ અન્ય ગતિમાં આ જીવ જઈ શકે છે. તે કાલે ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં ૨૨ની મોહનીયની સત્તા પણ કેટલોક કાળ મળે છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વની પૂર્ણતા પણ ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં કરી શકે છે. આ રીતે ક્ષાયિકનો પ્રસ્થાપક મનુષ્ય જ અને નિષ્ઠાપક (સમાપ્ત કરનાર) ચારે ગતિમાં હોઈ શકે છે. કર્મપ્રકૃતિ શાસ્ત્રમાં કહ્યું છે કે ''पट्ठवगो अ मणूओ, निट्ठवगो चउसु वि गईसु''

ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિનો પ્રારંભ કરનારા જીવો જો બદ્ધાયુષ્ક હોય તો અનંતાનુબંધી ચારનો ક્ષય કર્યા પછી દર્શનત્રિકનો ક્ષય કર્યા વિના પણ મૃત્યુ પામી શકે છે. અને ચારે ગતિમાં (૨૪ની સત્તાવાળા) તે જીવો જઈ શકે છે. તથા કાલાન્તરે મિથ્યાત્વનો ઉદય થવાથી પુનઃ અનંતાનુબંધી બાંધીને ૨૮ ની સત્તાવાળા પણ થઈ શકે છે. તથા તે બદ્ધાયુષ્ક જીવો જો દર્શનમોહનીય ત્રણનો ક્ષય કરે તો પણ ત્યાં સાતના ક્ષય પછી તો અવશ્ય વિરામ પામે જ છે. આગળ મોહનીયકર્મની બીજી પ્રકૃતિઓનો ક્ષય કરવા સમર્થ બનતા નથી. પણ ફરી અનંતાનુબંધી બાંધતા નથી. આવા પ્રકારના ૨૨ની સત્તાવાળા અને ૨૧ની સત્તાવાળા તે જીવો જો પતિત પરિણામી થાય તો મરીને ચારે ગતિમાં જાય છે. પણ જો અપતિત પરિણામી રહે તો અવશ્ય દેવલોકમાં જ જાય છે.

પ્રશ્ન - જો બદ્ધાયુષ્ક જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો કેટલા ભવે મોક્ષે જાય ?

ઉત્તર - જો દેવ-નરકનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિક સમ્યક્ત્વ પામે તો ત્રણ ભવ કરે, એક ભવ ક્ષાયિક પામે તે, બીજો ભવ દેવ અથવા નરકનો, અને ત્રીજો ભવ મોક્ષે જવાવાળા મનુષ્યનો. આમ ત્રણ ભવ કરે છે. અને જો યુગલિક તિર્યંચ અથવા યુગલિક મનુષ્યનું આયુષ્ય બાંધ્યું હોય તો ચાર ભવ કરે છે. એક ભવ ક્ષાયિક પામે તે, બીજો ભવ યુગલિક તિર્યંચ અથવા મનુષ્યનો, અને ત્રીજો ભવ દેવનો, તથા ચોથો ભવ મુક્તિગામી મનુષ્યનો કરે[1]. જો અયુગલિક તિર્યંચ અથવા મનુષ્યનું આયુષ્ય બાંધ્યું હોય તો તે જીવ તે ભવમાં ક્ષાયિક પામે નહીં. વળી જો અબદ્ધાયુ હોય તો આવા પ્રકારનું ક્ષાયિક પામ્યા પછી, નિયમા ક્ષપકશ્રેણી જ માંડે, પણ જો બદ્ધાયુ હોય છતાં મૃત્યુ પામવાનો કાલ ન થયો હોય તો કોઈ જીવ

(૧) બદ્ધાયુ જીવ ક્ષાયિક પામ્યા પછી ત્રીજા ભવે મુક્તિગમનને અયોગ્ય એવા દેશ-કાળમાં જન્મે તો દુપ્પસહસૂરિજીની જેમ ક્વચિત્ પાંચ ભવ પણ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપશમશ્રેણી માંડી પણ શકે. અને કોઈ જીવ ક્ષાયિક પામ્યા પછી ઉપશમશ્રેણી ન પણ માંડે અર્થાત્ વિરામ પામે.

આ રીતે અનંતાનુબંધી ચાર અને દર્શનમોહનીય ત્રિકની ઉપશમના કરે તે ૨૮ ની સત્તાવાળા, અનંતાનુબંધીની વિસંયોજના કરી દર્શનમોહનીયની ઉપશમના કરે તે ૨૪ ની સત્તાવાળા, અને સાતેનો ક્ષય કરે તે ૨૧ ની સત્તાવાળા જીવો એમ ત્રણે પ્રકારના જીવો ઉપશમ શ્રેણી માંડી શકે છે. અને કોઈ કોઈ આચાર્ય મહારાજાઓના મતે ૨૪-૨૧ ની એમ બે પ્રકારની સત્તાવાળા જીવો જ ઉપશમશ્રેણી માંડી શકે છે. તે ઉપશમશ્રેણી (ચારિત્ર મોહનો ઉપશમ) કરવાની પ્રક્રિયા આ પ્રમાણે છે. -

### ચારિત્ર મોહનીયની ઉપશમના :

૨૮ અથવા ૨૪ ની સત્તાવાળા ઉપશમ સમ્યગ્દષ્ટિ અને ૨૧ ની સત્તાવાળા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ઉપશમશ્રેણીનો પ્રારંભ કરતાં પ્રથમ ત્રણ કરણ કરે છે. યથાપ્રવૃત્તકરણ અપ્રમત્તે, અપૂર્વકરણ અપૂર્વકરણ ગુણઠાણે, અને અનિવૃત્તિકરણ નવમા ગુણઠાણે કરે છે. ત્રણે કરણનું સ્વરૂપ પૂર્વની જેમ જાણવું. અપૂર્વકરણના પ્રથમ ભાગે નિદ્રાદ્વિકનો, છટ્ઠા ભાગે દેવપ્રાયોગ્ય ૩૦ નો, અને સાતમા ભાગે હાસ્યચતુષ્કનો બંધવિચ્છેદ કરે છે. પ્રતિસમયે છટ્ઠાણવડીયાં હોય છે. અબધ્યમાન અશુભ કર્મપ્રકૃતિઓનો ગુણસંક્રમ પ્રવર્તે છે. અપૂર્વકરણના ચરમ સમયે હાસ્યાદિ ષટ્કનો ઉદય, તથા સર્વે કર્મોનાં દેશોપશમના, નિધત્તિ અને નિકાચના વિરામ પામે છે. અપૂર્વકરણના પ્રથમ સમયે જે સ્થિતિબંધ થાય છે. તેના કરતાં સંખ્યાત ગુણ હીન સ્થિતિબંધ ચરમસમયે થાય છે. ત્યારબાદ અનિવૃત્તિકરણમાં (નવમા ગુણઠાણામાં) આ જીવ પ્રવેશ કરે છે.

અનિવૃત્તિકરણના પ્રથમ સમયે આયુષ્ય વિના ૭ કર્મોની સ્થિતિસત્તા અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. અને સ્થિતિબંધ અંતઃકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. (પંચસંગ્રહના મતે બંધ પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે. ઉપશમના કરણ ગાથા ૫૦) તેમાં પણ નામ-ગોત્રનો અલ્પ બંધ, જ્ઞાનાવરણીયાદિ ૪ નો અધિક બંધ અને મોહનીયનો સૌથી વધારે બંધ હોય છે. તેમાંથી હજારો હજારો સ્થિતિઘાત ગયે છતે સાત કર્મોનો સ્થિતિબંધ અનુક્રમે અસંજ્ઞી પંચેન્દ્રિયતુલ્ય, ચઉરિન્દ્રિયતુલ્ય, તેઈન્દ્રિયતુલ્ય, બેઈન્દ્રિયતુલ્ય અને છેલ્લે એકેન્દ્રિયતુલ્ય બને છે. તેમાંથી હજારો સ્થિતિઘાત ગયે છતે નામ-ગોત્રનો ૧ પલ્યોપમ, જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોનો ૧॥ (દોઢ) પલ્યોપમ, અને મોહનીયનો ૨ પલ્યોપમ પ્રમાણ સ્થિતિબંધ થાય છે. ૭ કર્મોની સ્થિતિસત્તા જો કે ઘણી હોય છે તો પણ આ જ ક્રમે હોય છે. નામ-ગોત્રની થોડી, વેદનીય અને ૩ ઘાતિકર્મોની વિશેષાધિક અને મોહનીયની સૌથી વિશેષાધિક જાણવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જે કર્મોનો સ્થિતિબંધ ૧ પલ્યોપમ પ્રમાણ જ્યારે જ્યારે થાય છે. ત્યારથી તેનો નવો નવો સ્થિતિબંધ સંખ્યેયગુણ હીન-સંખ્યેયગુણ હીન થાય છે અને ૧ પલ્યોપમથી અધિક બંધ હોય છે. ત્યારે પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીન-સંખ્યાતમા ભાગે હીન સ્થિતિબંધ કરે છે. આ કારણે નામ-ગોત્રકર્મનો સ્થિતિબંધ ૧ પલ્યોપમ પ્રમાણ થયો હોવાથી હવે નામ-ગોત્રનો સ્થિતિબંધ સંખ્યેયગુણ હીનના ક્રમે કરે અને શેષકર્મોનો પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીનના ક્રમે કરે. એમ કરતાં કરતાં હજારો સ્થિતિઘાત જાય ત્યારે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય અને અંતરાયનો સ્થિતિબંધ પણ ૧ પલ્યોપમ પ્રમાણ થાય છે. ત્યારથી આ ચાર કર્મનો પણ સ્થિતિબંધ સંખ્યાતગુણ હીન, સંખ્યાતગુણહીનના ક્રમે કરે, આ કાલે મોહનીયકર્મનો બંધ હજુ ૧॥ પલ્યોપમનો થાય અને નવો નવો સ્થિતિબંધ સંખ્યાત ભાગે હીન હીન કરે. ત્યાર બાદ હજારો સ્થિતિઘાત ગયે છતે મોહનીયનો સ્થિતિબંધ પણ ૧ પલ્યોપમનો થાય, હવે તે મોહનીયનો પણ નવો નવો બંધ સંખ્યાતગુણ હીન-સંખ્યાતગુણ હીન કરે. તે કાલે શેષ ૬ કર્મોનો સ્થિતિબંધ ૧ પલ્યોપમના નાના-મોટા સંખ્યાતમા ભાગ પ્રમાણ થઈ ચૂકેલો હોય છે. આ કાલે નામ-ગોત્રની સ્થિતિસત્તા સૌથી થોડી, જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોની સ્થિતિસત્તા સંખ્યાતગુણી અને મોહનીયની સ્થિતિસત્તા તેનાથી પણ સંખ્યાતગુણી હોય છે. (પંચસંગ્રહ ઉપશમનાકરણ ગાથા. ૫૨-૫૩-૫૪-૫૫).

ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે નામ-ગોત્રનો સ્થિતિબંધ અસંખ્યાતગુણ હીન અસંખ્યાતગુણ હીન કરે છે. તેથી તે કાલે નામ-ગોત્રનો સ્થિતિબંધ અલ્પ, જ્ઞાનાવરણીયાદિનો સ્થિતિબંધ (સંખ્યાતગુણને બદલે) અસંખ્યાતગુણ, અને તેનાથી મોહનીયનો સ્થિતિબંધ સંખ્યાતગુણ હોય છે. ત્યારબાદ વળી હજારો સ્થિતિઘાત ગયે છતે જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોનો સ્થિતિબંધ અસંખ્યેયગુણહીન-અસંખ્યેય ગુણ હીન થવા લાગે છે. જેવો સ્થિતિબંધ ઘટતો જાય છે તેવી સ્થિતિસત્તા પણ ઘટતી જ જાય છે. નામ-ગોત્રનો બંધ અલ્પ, જ્ઞાનાવરણીયાદિનો અસંખ્યાતગુણ, અને તેનાથી મોહનીયનો સંખ્યાતગુણ. ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે મોહનીયનો બંધ પણ અસંખ્યાતગુણહીન-અસં.ગુણ.હીન કરે છે. ત્યારે નામ-ગોત્રનો અલ્પ, જ્ઞાનાવરણીયાદિનો અસંખ્યાતગુણ અને મોહનીયનો તેનાથી પણ અસંખ્યાતગુણ. આવો બંધ અને આવી સત્તા હોય છે.

ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે એક પ્રહાર દ્વારા (એક જ ઝપાટા દ્વારા) મોહનીયકર્મનો બંધ જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોથી જે ઉપર (અધિક) હતો. તે હવે નીચે અસંખ્યેયગુણહીન લાવી દે છે. એટલે કે મોહનીયકર્મનો સ્થિતિ બંધ એકદમ વધારે ઘટાડી નાખે છે. તે કાલે (૧) નામ-ગોત્રનો બંધ અલ્પ, (૨) તેનાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહનીયનો બંધ અસંખ્યેયગુણ, (૩) અને તેનાથી જ્ઞાનાવરણીયાદિ ૪નો બંધ અસંખ્યાતગુણ, આ પ્રમાણે બંધ અને સત્તા ઘટતી જાય છે. (સારાંશ કે મોહનીય કર્મનો જે બંધ (અને સત્તા) જ્ઞાનાવરણીયાદિથી અસંખ્યાતગુણ અધિક છે, તે જ્ઞાનાવરણીયાદિથી અસંખ્યાતગુણહીન થઈ જાય છે. ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે એક જ પ્રહાર દ્વારા મોહનીયકર્મનો બંધ (અને સત્તા) નામ-ગોત્રકર્મથી પણ અસંખ્યાતગુણહીન કરે છે. ત્યારે સૌથી અલ્પ બંધ (અને સત્તા) મોહનીયની, તેનાથી નામગોત્ર અસંખ્યાત ગુણ, અને તેનાથી જ્ઞાના. દર્શ. વેદ. અને અંતરાયનો બંધ અને સત્તા અસંખ્યાતગુણ હોય છે.

ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે ત્રણ ઘાતી કર્મ અને વેદનીયકર્મનો જે બંધ (અને સત્તા) સમાન છે તેને બદલે ત્રણ ઘાતી કર્મોનો બંધ વેદનીયકર્મ કરતાં અસંખ્યાતગુણહીન કરે છે. ત્યારે (૧) મોહનીયનો અલ્પ (૨) નામ-ગોત્ર, (૩) ત્રણ ઘાતિકર્મ અને (૪) વેદનીયનો બંધ (અને સત્તા) અનુક્રમે અસંખ્યાતગુણ બને છે. ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે જ્ઞાનાવરણીયાદિનો બંધ નામ-ગોત્રથી અસંખ્યાતગુણ હીન-હીન કરે છે. તેથી (૧) મોહનીયનો અલ્પ, (૨) જ્ઞાનાવરણીયાદિ ત્રણ, (૩) નામ-ગોત્ર અને (૪) વેદનીયનો બંધ (અને સત્તા) અનુક્રમે અસંખ્યાતગુણ બને છે. (પંચસંગ્રહ-ઉપશમના કરણ ગાથા - ૫૫-૫૬-૫૭-૫૮).

ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે (૧) મનઃપર્યવજ્ઞાનાવરણીય અને દાનાન્તરાયનો જે આજ સુધી સર્વઘાતી રસ બંધાતો હતો તે હવેથી દેશઘાતી રસ બંધાય છે. આ જ ક્રમે હજારો સ્થિતિઘાત ગયે છતે અનુક્રમે (૨) લાભાન્તરાય અવધિજ્ઞાનાવરણીય-અવધિદર્શનાવરણીયનો દેશઘાતી રસ બંધાય છે. ત્યારબાદ (૩) ભોગાન્તરાય-અચક્ષુદર્શનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીયનો દેશઘાતી રસ બંધાય છે. ત્યારબાદ (૪) ચક્ષુદર્શનાવરણીયનો ત્યારબાદ (૫) ઉપભોગાન્તરાય અને મતિજ્ઞાનાવરણીયનો, અને ત્યારબાદ (૬) વીર્યાન્તરાયનો દેશઘાતી રસ બંધાય છે. આ રીતે આ જીવો ૪ જ્ઞાનાવરણીય, ૩ દર્શનાવરણીય અને ૫ અંતરાય એમ ૧૨ પ્રકૃતિઓનો રસ સર્વઘાતીને બદલે હવે દેશઘાતી જ બાંધે છે. આ ૧૨ પ્રકૃતિનો રસ દેશઘાતી તો બાંધે છે. પણ હજુ મંદ એવો બેઠાણીયો જ બાંધે છે એકઠાણીયો બાંધતો નથી. એકઠાણીયો તો હજુ આગળ ગયા પછી બાંધશે. અને (૧) મોહનીયનો અલ્પ, (૨) જ્ઞાનાવરણીયાદિ ત્રણનો, (૩) નામ-ગોત્રનો, અને (૪) વેદનીયનો બંધ અને સત્તા અનુક્રમે અસંખ્યાતગુણ હોય છે. (પંચ.ઉપ.ગાથા - ૫૮-૫૯) હવે શું થાય છે તે જોઈએ.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે આ જીવ મોહનીયકર્મની ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. સત્તામાં જે દીર્ઘસ્થિતિ ૨૧ પ્રકૃતિઓની છે. તેમાંથી ભોગવવા માટે નીચે થોડીક સ્થિતિ રાખીને, તેની ઉપરની સ્થિતિમાંથી કર્મદલિકોને ખાલી કરવા માટે, અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિમાં અંતરકરણ કરે છે. બાકીની ઉપરની સ્થિતિ એમને એમ રાખે છે. તેથી સ્થિતિના ત્રણ ભાગ થાય છે. જેમકે

| પ્ર. સ્થિતિ | અંતરકરણ | બીજી સ્થિતિ |
|---|---|---|

પ્રશ્ન - એકવીસે પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ, અંતરકરણ, અને બીજી સ્થિતિ શું સમાન કરે છે કે અસમાન કરે છે ?


ઉત્તર - એકવીસે પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ અને અંતરકરણ સરખું હોતું નથી. હીનાધિક હોય છે. ત્યાં ત્રણ વેદમાંથી ઉદયમાં વર્તતો કોઈ પણ ૧ વેદ અને સંજ્વલન ચાર કષાયમાંથી ઉદયમાં વર્તતો ૧ કષાય, એમ બેની પ્રથમ સ્થિતિ સ્વોદયકાલ પ્રમાણ (નાના-મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ) હોય છે અને અનુદયવતી (૧૧ કષાય અને ૮ નોકષાય એમ) ૧૯ પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ ૧ આવલિકા માત્ર જ રાખે છે.

JAINSITE.com
જયતુ જૈનં શાસનમ્

૧ વેદ અને ૧ કષાયની જે પ્રથમ સ્થિતિ છે તે સ્વોદયકાલપ્રમાણ (અંતર્મુહૂર્ત) રાખે છે. તેમાં પણ નપુંસકવેદ અને સ્ત્રીવેદનો ઉદયકાલ સૌથી થોડો હોય છે. (નાના અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે.) તેનાથી પુરુષવેદનો ઉદયકાલ સંખ્યાતગુણ હોય છે. તેનાથી સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભનો ઉદયકાલ અનુક્રમે વિશેષાધિક-વિશેષાધિક હોય છે. ભાવાર્થ એવો છે કે સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણીનો પ્રારંભ કરનારાને અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય એવા બે ક્રોધનો ઉપશમ જ્યાં સુધી ન થાય ત્યાં સુધીની સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિ (સ્વોદયકાલ પ્રમાણ) કરે છે. આ જ રીતે માનના ઉદયે શ્રેણી માંડનારો જીવ સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ બે માનનો ઉપશમ ન થાય ત્યાં સુધીના વિશેષાધિક એવા એટલે કે સ્વોદયકાલ પ્રમાણ એવા કંઈક મોટા અંતર્મુહૂર્ત પ્રમાણ કરે છે. માયાના ઉદયે શ્રેણી માંડનારો જીવ સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ, બે માયા ઉપશમ ન પામે ત્યાં સુધીના કાલ જેટલી (અર્થાત્ માનથી અધિક) કરે છે. એવી જ રીતે લોભના ઉદયે શ્રેણી માંડનારો જીવ સંજ્વલન લોભની પ્રથમ સ્થિતિનો કાલ બે લોભનો ઉપશમ ન થાય ત્યાં સુધીના સૌથી મોટા અંતર્મુહૂર્તકાલ પ્રમાણ કરે છે અને જેનો ઉદય ત્યાં નથી એવી અનુદયવાળી ૧૧ કષાયો અને ૮ નોકષાયો રૂપ ૧૯ પ્રકૃતિઓની પહેલી સ્થિતિ એક આવલિકા માત્ર જ રાખે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે પહેલી સ્થિતિ નાની-મોટી હોવાથી તેના ઉપરથી શરૂ થતું અંતરકરણ પણ અંતર્મુહૂર્તકાલનું હોવા છતાં પણ નીચેના ભાગથી (પ્રથમ સ્થિતિ તરફના ભાગથી) વિષમ અને ઉપરના ભાગથી (બીજી સ્થિતિ તરફના ભાગથી) સમ કરે છે. તેનું સામાન્ય ચિત્ર આ પ્રમાણે છે -




ચિત્રમાં પહેલી સ્થિતિ જેની નાની તેનું અંતરકરણ મોટું અને પહેલી સ્થિતિ જેની મોટી તેનું અંતરકરણ નાનું. આમ પહેલી સ્થિતિ તરફથી અંતરકરણ વિષમ બને છે. પહેલી સ્થિતિમાં જે બિંદુઓ મુક્યાં છે તે નિષેકરચનાના સમયો જાણવા. આ ચિત્ર અનેક જીવો આશ્રયી સમજવું. કારણ કે એક જીવને તો એક જ વેદ અને એક જ કષાય ઉદયમાં હોય છે. તેથી ૩ વેદ અને સંજ્વલન ૪ કષાય એમ ૭ ની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ એક જીવને હોતી નથી.

અહીં સ્થિતિઘાત અને અપૂર્વ સ્થિતિબંધ આ બન્ને, અન્તરકરણની સાથે કાલથી તુલ્ય કરે છે. અર્થાત્ આ ત્રણે સાથે જ શરૂ થાય છે અને ત્રણે સાથે જ સમાપ્ત થાય છે. અંતરકરણના કાલમાં રસઘાત હજારો થઈ જાય છે. આ રીતે ઉદયવતી ૧ વેદ અને ૧ કષાયની પ્રથમ સ્થિતિ સ્વોદયથી અનુભવીને પૂર્ણ કરે છે અને અનુદયવતી ૧૯ પ્રકૃતિઓની પ્રથમ સ્થિતિ, ઉદયવતીમાં સ્તિબૂક સંક્રમ વડે સંક્રમાવીને સમાપ્ત કરે છે.

હવે અંતરકરણવાળી અંતર્મુહૂર્તની સ્થિતિમાં જે નિષેકરચના થયેલી છે તે કર્મદલિકને ત્યાંથી ઉંચકીને ક્યાં નાખે ? તે સમજાવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) તે કાલે જેનો બંધ અને ઉદય બન્ને ચાલુ હોય તેનું અંતરકરણનું ઉકેરાતું કર્મ દલિક તે જ પ્રકૃતિની પહેલી અને બીજી એમ બન્ને સ્થિતિમાં નાખે.

(૨) તે કાલે જેનો બંધ જ માત્ર હોય, પણ ઉદય ન હોય તેના અંતરકરણનું ઉકેરાતું દલિક તે જ પ્રકૃતિની માત્ર બીજી સ્થિતિમાં નાખે.

(૩) તે કાલે જેનો ઉદય જ માત્ર હોય, પણ બંધ ન હોય તેના અંતરકરણનું દલિક માત્ર પ્રથમ સ્થિતિમાં જ નાખે (પણ બીજી સ્થિતિમાં ન નાખે).

(૪) તે કાલે જેનો બંધ કે ઉદય એકે ન હોય તેના અંતરકરણનું ઉકેરાતું કર્મદલિક તે કાલે બંધાતી સજાતીય એવી પરપ્રકૃતિમાં નાખે.

જેમકે વેદમાંથી સ્ત્રીવેદના ઉદયથી અને કષાયોમાંથી સંજ્વલન ક્રોધના ઉદયથી શ્રેણી માંડનારા જીવને (૧) સં. ક્રોધનો બંધ અને ઉદય બન્ને છે. તેના અંતરકરણનું દલિક બન્ને સ્થિતિમાં નખાય છે. (૨) તે જ જીવને પુરુષવેદનો અને સંજ્વલન માન-માયા-લોભનો બંધ જ માત્ર છે. ઉદય નથી તેથી તેના અંતરકરણનું દલિક માત્ર બીજી સ્થિતિમાં જ નખાય છે. (૩) તે જ જીવને સ્ત્રીવેદનો ફક્ત ઉદય જ છે બંધ નથી, તેથી તેના અંતરકરણનું દલિક ફક્ત પ્રથમ સ્થિતિમાં જ નખાય છે. અને (૪) તે જ જીવને નપુંસકવેદનો, અપ્રત્યાખ્યાનાદિ ૮ કષાયનો અને હાસ્યષટ્કનો એમ ૧૫નો બંધ કે ઉદય કંઈ નથી. માટે તેના અંતરકરણનું દલિક બંધાતી એવી પરપ્રકૃતિમાં = વેદમાં અને સં.કષાયમાં નખાય છે. (પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા ૫૯-૬૦-૬૧-૬૨).

અંતરકરણ કર્યા પછી બીજા જ સમયથી નીચે મુજબ ૭ કાર્યો એકી સાથે આ જીવ શરૂ કરે છે.

(૧) મોહનીય કર્મનો રસબંધ હવે એકઠાણીયો જ કરે છે. અર્થાત્ હવે બેઠાણીયો આદિ તીવ્ર રસનો બંધ કરતો નથી. પણ એકલા મોહનીયમાંજ એકઠાણીયો બંધ શરૂ કરે છે. શેષ કર્મોમાં હજુ એકઠાણીયો રસબંધ કરતો નથી.

(૨) મોહનીય કર્મમાં માત્ર સંખ્યાતવર્ષની સ્થિતિમાંથી જ ઉદીરણા કરે છે. વધારાની સ્થિતિસત્તા હોવા છતાં તેમાંથી ઉદીરણા કરતો નથી.

(૩) મોહનીય કર્મનો સ્થિતિબંધ પણ હવે સંખ્યાતવર્ષ પ્રમાણ જ કરે છે. અધિક સ્થિતિબંધ કરતો નથી અને તે પણ સંખ્યાતગુણ હીન-હીન કરે છે.

(૪) પુરુષવેદ અને સંજ્વલન ચાર કષાયોનો સંક્રમ આનુપૂર્વીએ (ક્રમસર) કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે કે પુરુષવેદનું દલિક સંજ્વલન ક્રોધાદિ ચારમાં નાખે છે. સં. ક્રોધનું દલિક માનાદિ ત્રણ કષાયમાં નાખે છે પણ પુરુષવેદ બંધાતો હોવાથી સં. ક્રોધનો પતદ્ગ્રહ થઈ શકે તેમ છે છતાં તેમાં સં. ક્રોધને નાખતો નથી. એ જ રીતે સં. માનનું દલિક માયા-લોભમાં નાખે છે. પણ પુરુષવેદ અને સં. ક્રોધમાં નાખતો નથી અને માયાનું દલિક માત્ર લોભમાં જ નાખે છે શેષમાં નહીં.

(૫) લોભનો અસંક્રમ થાય છે. ઉપરોક્ત કારણે જ લોભનો સંક્રમ અટકી જાય છે. કારણ કે ક્રમસર સંક્રમ થવાને લીધે લોભનો પ્રક્ષેપ કરી શકાય તેવી પાછળ કોઈ પ્રકૃતિ નથી.

(૬) બધ્યમાન છ કર્મોની છ આવલિકા ગયા પછી જ ઉદીરણા કરે છે. વેદનીયકર્મ અને આયુષ્યકર્મની ઉદીરણા તો ૬ ગુણઠાણા સુધી જ થાય છે તેથી બે કર્મોની ઉદીરણા તો અહીં છે જ નહીં. પરંતુ બાકીનાં જ્ઞાનાવરણીયાદિ ૬ કર્મોની ઉદીરણા આજ સુધી કર્મ બાંધ્યા પછી ૧ આવલિકા ગયા પછી આ જીવ કરતો હતો હવેથી ૬ કર્મો બાંધ્યા પછી ૬ આવલિકા કાલ જાય, ત્યારબાદ જ તે તે છ કર્મોની ઉદીરણા કરે છે વહેલી નહીં.

(૭) નપુંસકવેદની ઉપશમનાનો પ્રારંભ કરે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ સાત કાર્યો એકી સાથે આ જીવ શરૂ કરે છે.

નપુંસકવેદની ઉપશમનાનો પ્રારંભ -

મોહનીય કર્મની કુલ ૨૧ પ્રકૃતિઓ અનુપશાન્ત છે. તેમાંથી સૌથી પ્રથમ નપુંસકવેદની (બીજી સ્થિતિમાં રહેલ દલિકોની) ઉપશમના કરવાનો આરંભ કરે છે. (૧) પહેલી સ્થિતિગત કર્મદલિક જો નપુંસકવેદના ઉદયે શ્રેણી માંડી હોય તો ઉદયથી અનુભવીને સમાપ્ત કરે, અન્યથા સ્તિબૂક સંક્રમથી ઉદયવતીમાં સંક્રમાવીને સમાપ્ત કરે, (૨) અંતરકરણવાળી સ્થિતિમાં રહેલું કર્મદલિક, નપુંસકવેદના ઉદયે શ્રેણી આરંભી હોય તો પ્રથમ સ્થિતિમાં નાખે, અન્યથા બંધાતી પરપ્રકૃતિમાં નાખે. (૩) હવે વાત રહી માત્ર બીજી સ્થિતિની, તેનો ઉપશમ શરૂ કરે છે.

પ્રથમ સમયે થોડું ઉપશમાવે છે. (અહીં ઉપશમાવે છે એટલે કે તે તે કર્મદલિકને એવી પરિસ્થિતિવાળું બનાવે છે કે તેમાં ઉદય-ઉદીરણા આદિ કરણો ન લાગે). બીજા-ત્રીજા-ચોથા સમયે અસંખ્યગુણ અધિક-અસંખ્યગુણ અધિક ઉપશમાવે છે. આમ ૧ અંતર્મુહૂર્તમાં જ નપુંસકવેદ ઉપશાન્ત થઈ જાય છે. આ રીતે તેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપશમના ચરમ સમય સુધી પ્રતિસમયે ક્રમશઃ અસંખ્યગુણ અધિકના ક્રમે ઉપશમાવે છે. તથા જે જે સમયે જેટલું જેટલું કર્મદલિક ઉપશમાવે છે. તે તે સમયે તેના કરતાં અસંખ્યાત ગુણ અધિક-અસંખ્યાત ગુણ અધિક કર્મદલિક પરમાં ગુણસંક્રમથી સંક્રમાવે છે. એમ દ્વિચરમ સમય સુધી કરે છે. ચરમ સમયે તો તેનાથી ઉલટું થાય છે. એટલે કે ઉપશમ પામતું કર્મદલિક, સંક્રમ્યમાણ કર્મદલિક કરતાં અસંખ્યગુણ (ચરમ સમયે) હોય છે. આ રીતે ૧ અંતર્મુહૂર્ત કાલે નપુંસકવેદ સર્વથા ઉપશાન્ત થાય છે.

સ્ત્રીવેદની ઉપશમનાનો પ્રારંભ -

નપુંસકવેદનો ઉપશમ સમાપ્ત થયા પછી સ્ત્રીવેદની ઉપશમનાનો આ જીવ પ્રારંભ કરે છે. પ્રતિસમયે અસંખ્યાતગુણ કર્મદલિક ઉપશમાવે છે. જેટલું ઉપશમાવે છે. તેના કરતાં અસંખ્યાતગુણ પરપ્રકૃતિમાં ગુણસંક્રમથી દ્વિચરમ સમય સુધી સંક્રમાવે છે અને ચરમ સમયે ઉપશમ્યમાન કર્મદલિક સંક્રમ્યમાણ કર્મદલિક કરતાં અસંખ્યાતગુણ હોય છે.

સ્ત્રીવેદનો ઉપશમ કરતાં કરતાં સંખ્યાતમો ભાગ કાલ જાય ત્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ ઘાતી કર્મોનો સ્થિતિબંધ, જે આજ સુધી અસંખ્યાતવર્ષ પ્રમાણ થતો હતો, તે હવેથી સંખ્યાતવર્ષ પ્રમાણ થાય છે. તથા ૪ જ્ઞાના. ૩ દર્શના. અને ૫ અંતરાય એમ ૧૨ કર્મપ્રકૃતિઓનો રસબંધ જે આજ સુધી મંદ બેઠાણીયો દેશઘાતી કરતો હતો. તે હવેથી એકઠાણીયો દેશઘાતી રસબંધ જ કરે છે. આ રીતે સ્થિતિબંધ અને રસબંધ ઘટતા જાય છે. આમ હજારો સ્થિતિઘાત ગયે છતે સ્ત્રીવેદ પણ ઉપશાન્ત થાય છે.

હાસ્યાદિ શેષ ૭ નોકષાયોની ઉપશમના -

સ્ત્રીવેદ સર્વથા ઉપશાન્ત થયા પછી શ્રેણીમાં આરૂઢ થયેલો આ જીવ હવે હાસ્યષટ્ક અને પુરુષવેદ એમ ૭ નોકષાયોને ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. પ્રતિસમયે અસંખ્યાતગુણ કર્મદલિકોને ઉપશમાવે છે અને ઉપશાન્ત દલિક કરતાં અસંખ્યાતગુણ કર્મદલિક ગુણસંક્રમ વડે હાસ્યાદિષટ્કનું પરમાં દ્વિચરમ સમય સુધી સંક્રમાવે છે. પુરુષવેદનો બંધ ચાલુ હોવાથી ત્યાં પુરુષવેદનો ગુણસંક્રમ થતો નથી. પણ યથાપ્રવૃત્ત સંક્રમ જ થાય છે.

આ પ્રમાણે ૭ નોકષાયોને ઉપશમાવતાં-ઉપશમાવતાં સંખ્યાતમો ભાગ કાલ જ્યારે જાય છે ત્યારે નામ-ગોત્રકર્મનો સ્થિતિબંધ પણ હવેથી સંખ્યાતવર્ષ પ્રમાણ જ થાય છે. (અસંખ્યાતવર્ષનો નહીં) હજુ વેદનીયકર્મનો સ્થિતિબંધ અસંખ્યાતવર્ષ પ્રમાણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે પરંતુ તેનો પણ એક સ્થિતિબંધ પૂર્ણ થયા પછીથી બીજો-ત્રીજો આદિ સ્થિતિબંધ સંખ્યાતવર્ષ પ્રમાણ જ થાય છે. આ રીતે હવે સાતે કર્મોનો સ્થિતિબંધ સંખ્યાતવર્ષ પ્રમાણ જ થયો. કોઈપણ કર્મનો સ્થિતિબંધ હવે અસંખ્યાતવર્ષનો નથી. તે પણ એક એક સ્થિતિબંધ સમાપ્ત થયે છતે નવો નવો સ્થિતિબંધ પૂર્વ-પૂર્વના સ્થિતિબંધ કરતાં સંખ્યાતગુણ હીન-સંખ્યાતગુણ હીન જ કરે છે. આ રીતે હજારો સ્થિતિઘાત ગયે છતે સાત નોકષાયમાંથી પ્રથમ હાસ્યાદિ ષટ્ક માત્ર ઉપશાન્ત થઈ જાય છે. તે કાલે પુરુષવેદની પ્રથમ સ્થિતિમાં ૧ સમયપ્રમાણ કર્મદલિક, અને બીજી સ્થિતિમાં ૧ સમયન્યૂન ૨ આવલિકાકાલમાં નવું બંધાયેલું અને ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલમાં ઉપશાન્ત કરી શકાય તેટલું જ બાકી રહે છે. બાકીનો પુરુષવેદ પણ સઘળો ઉપશમી જાય છે.

આ સાત નોકષાયોનો ઉપશમ કરતાં કરતાં પુરુષવેદની પ્રથમ સ્થિતિ ૨ આવલિકા પ્રમાણ જ્યારે બાકી રહે છે ત્યારે તેનો આગાલ વિચ્છેદ પામે છે. તથા ગુણશ્રેણી પણ બંધ પડે છે. ૧ સમયન્યૂન ૨ આવલિકા બાકી રહે છે ત્યારે પુરુષવેદ અપતદ્ગ્રહ થાય છે. તેથી હાસ્યષટ્કનું કર્મદલિક પુરુષવેદમાં સંક્રમ પામતું નથી પણ માત્ર સંજ્વલન ક્રોધાદિમાં જ સંક્રમ પામે છે. જ્યારે ૧ આવલિકા માત્ર પ્રથમ સ્થિતિ બાકી રહે છે. ત્યારે ઉદીરણા પણ વિરામ પામે છે. કેવલ ઉદય જ હોય છે. છેલ્લી એક આવલિકાના છેલ્લા એક સમય પ્રમાણ પ્રથમ સ્થિતિ પુરુષવેદની જ્યારે બાકી રહે છે ત્યારે હાસ્યષટ્ક ઉપશાન્ત થઈ જાય છે. પુરુષવેદનો તે ચરમ સમય પણ ઉદયથી ભોગવાઈ જતાં આ જીવ અવેદક (વેદના ઉદયરહિત) બને છે. તે કાલે બીજી સ્થિતિમાં ૧ સમય ન્યૂન બે આવલિકા કાલમાં જે છેલ્લું કર્મ બંધાયું છે. તે જ અનુપશાન્ત છે. તેને પણ સમયન્યૂન ૨ આવલિકાકાલમાં પ્રતિસમયે અસંખ્યાતગુણના ક્રમે ઉપશમાવે છે અને પ્રતિસમયે વિશેષ હીન-વિશેષ હીનના ક્રમે યથાપ્રવૃત્ત સંક્રમ વડે પરમાં સંક્રમાવે છે. આ રીતે પુરુષવેદ પણ ૧ સમયન્યૂન ૨ આવલિકાલે સર્વથા ઉપશાન્ત થાય છે.

જ્યારે પુરુષવેદનો બંધ ૧૬ વર્ષની સ્થિતિ પ્રમાણ થયો. ત્યારે સંજ્વલન ૪ કષાયોનો સ્થિતિબંધ સંખ્યાતા હજાર વર્ષ પ્રમાણ થાય છે. જ્યારે પુરુષવેદ સંપૂર્ણ ઉપશાન્ત થઈ જાય છે. ત્યારે સંજ્વલન કષાયોનો સ્થિતિબંધ ફક્ત ૩૨ વર્ષ પ્રમાણ (પરિમિત) અને જ્ઞાનાવરણીયાદિ શેષ કર્મોનો બંધ સંખ્યાતા હજાર વર્ષ પ્રમાણ થાય છે. પુરુષવેદ ઉપશાન્ત થયા પછી અવેદક થયેલો તે જીવ હવે અપ્રત્યાખ્યાનાદિ ક્રોધત્રિકની ઉપશમનાનો આરંભ કરે છે. (પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા ૬૭ થી ૭૦).



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંજ્વલનાદિ ત્રણ ક્રોધ કષાયની ઉપશમના -**

નવમા ગુણઠાણામાં જ્યારે જીવ અવેદક થાય છે ત્યારથી એટલે વેદનો ઉદય વિરામ પામે તેના બીજા સમયથી જ અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એમ ત્રણે પ્રકારના ક્રોધને પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે ઉપશમાવે પણ છે અને પ્રથમના બે ક્રોધને પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે ગુણસંક્રમ દ્વારા પરમાં (સં. ક્રોધાદિમાં) સંક્રમાવે પણ છે. તથા સંજ્વલન ક્રોધને પ્રતિસમયે યથાપ્રવૃત્ત સંક્રમ વડે સં. માનાદિમાં સંક્રમાવે છે. સં. ક્રોધનો બંધ ચાલુ હોવાથી તેનો ગુણસંક્રમ થતો નથી. સંજ્વલન ક્રોધનો બંધ-ઉદય-ઉદીરણા-સત્તા અને આગાલ વગેરે હજુ ચાલુ જ રહે છે.

જ્યારે અવેદક થઈને ત્રણ ક્રોધની ઉપશમના ચાલુ કરી ત્યારે પુરુષવેદની બીજી સ્થિતિમાં એક સમયન્યૂન બે આવલિકા કાલમાં બાંધેલું જે કર્મદલિક અનુપશાન્ત હતું. તે હવે તેટલા જ કાલમાં ઉપશમાવે છે. તેનું કારણ એ છે કે જે કોઈ કર્મ જ્યારે બંધાય છે. તે કર્મ ત્યારથી માંડીને ૧ આવલિકા સુધી તો એમને એમ પડ્યું જ રહે છે. કારણ કે બંધાવલિકા પૂરી થયા પહેલાં તેમાં કોઈ કરણ લાગતાં જ નથી. તથા એક આવલિકા વીત્યા પછી તે કર્મદલિકોનો જીવ સંક્રમ શરૂ કરે છે. જે બીજી આવલિકા પસાર થયે છતે સંપૂર્ણ સંક્રમ પૂર્ણ થાય છે. જેમકે ૪ સમયની ૧ આવલિકા ગણીએ અને નવમા ગુણઠાણાના ૧૦૦ સમય જેટલો કાલ કલ્પીને ૨૦-૨૦ સમયના પાંચ ભાગ માનીએ તો ૨૦મા સમયે (એટલે કે નવમા ગુણઠાણાના પહેલા ભાગના છેલ્લા સમયે) પુરુષવેદ જે ૧૬ વર્ષની સ્થિતિ પ્રમાણ બંધાયો છે. તે ૨૦-૨૧-૨૨-૨૩ સમય સુધી બંધાવલિકા હોવાથી સત્તામાં જ રહે, તેમાં કોઈ કરણ લાગતાં નથી ૨૪મા સમયથી તેનો પર પ્રકૃતિમાં સંક્રમ થવા લાગે છે. તે ૨૪-૨૫-૨૬-૨૭ એમ ૪ સમયની બીજી આવલિકાએ પરમાં સંક્રાન્ત થઈ જાય છે. એટલે તેની (પુરુષવેદની) સત્તા જ ૨૭મા સમય સુધી ગણાય છે. તે ૨૭મા સમયે પરમાં ચાલી જાય છે. તેથી ૨૦મા સમયે બંધવિચ્છેદ થયા પછી ૨૧ થી ૨૭ એમ ૭ સમય (અર્થાત્ ૧ સમયન્યૂન ૨ આવલિકા) જેટલો જ પુરુષવેદ હોય છે. આ જ રીતે ૧૯મા સમયે બાંધેલો પુરુષવેદ ૨૬મા સમય સુધી સત્તામાં હોય છે. ૨૬મા સમયે નિર્લેપ થાય છે. ૧૮મા સમયે બાંધેલો પુરુષવેદ ૨૫મા સમય સુધી સત્તામાં હોય છે. ૨૫મા સમયે નિર્લેપ થાય છે. આ રીતે વિચારતાં બંધવિચ્છેદ પછીના ૨૧મા સમયે ૧૪મા સમયથી જે જે બાંધેલું છે તે કર્મ સત્તામાં હોય છે. ૧૪ થી ૨૦ સમય એટલે એક સમયન્યૂન બે આવલિકા. **कडेमाणं कडं** = કરાતાને કર્યું કહેવાય, એટલે નાશ પામતાને નાશ પામ્યું કહેવાય. આ ન્યાય જો લગાડીએ તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છેલ્લા છેલ્લા સમયે નાશ પામતા કર્મદલિકની છેલ્લા છેલ્લા સમયે સત્તા ન ગણાય, તેથી ૧ સમયન્યૂન ૨ આવલિકાને બદલે ૨ સમયન્યૂન ૨ આવલિકા પણ કહેવાય છે અને આવા પાઠો તથા વિવેચનમાં આવા ઉલ્લેખો પણ જોવા મળે છે.

નવમા ગુણઠાણાના બીજા ભાગે સંજ્વલનાદિ ૩ ક્રોધને ઉપશમાવતાં ઉપશમાવતાં આગળ વધતા જીવને જ્યારે સં. ક્રોધની પ્રથમ સ્થિતિ ૧ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે છે. ત્યારે સંજ્વલન ક્રોધ અપતદ્ગ્રહીભૂત બને છે. એટલે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય બે ક્રોધનું દલિક ગુણસંક્રમ વડે પ્રતિસમયે અસંખ્યાત ગુણ જે સંજ્વલન ક્રોધમાં આ જીવ સંક્રમાવતો હતો. તે હવેથી સંજ્વલન માન-માયા-લોભમાં નાખે છે પણ સંજ્વલન ક્રોધમાં નાખતો નથી. ત્યારબાદ સં. ક્રોધની પ્રથમ સ્થિતિ બે આવલિકા માત્ર જ્યારે બાકી રહે છે ત્યારે સં. ક્રોધનો આગાલ વિચ્છેદ પામે છે. (બીજી સ્થિતિમાંથી ઉદીરણાકરણ વડે દલિક લાવીને પ્રથમ સ્થિતિની ઉદયાવલિકામાં જે નાખતો હતો અને ઉદયથી ભોગવતો હતો તે હવે કરતો નથી.) જ્યારે સં. ક્રોધની પ્રથમ સ્થિતિ ૧ આવલિકા માત્ર બાકી રહે છે. ત્યારે નવમા ગુણઠાણાનો બીજો ભાગ સમાપ્ત થાય છે. (અસત્કલ્પનાએ ૪૦મો સમય આવે છે) તે કાલે સં. ક્રોધનાં બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ પામે છે. અપ્રત્યા. અને પ્રત્યા. આ બે ક્રોધ સર્વથા ઉપશાન્ત થઈ જાય છે. સંજ્વલન ક્રોધનો આ છેલ્લો જે બંધ થયો તે ૪ માસની સ્થિતિવાળો બંધ હોય છે. બાકીના કર્મોનો સ્થિતિબંધ હજુ સંખ્યાતા હજાર વર્ષો પ્રમાણ હોય છે. ૪૦મા સમયે એટલે કે બંધવિચ્છેદ વખતે છેલ્લી ૧ સમયન્યૂન ૨ આવલિકામાં બાંધેલું દલિક (અસત્કલ્પનાએ ૩૪ થી ૪૦માં બાંધેલું દલિક) ૪૧મા સમયે બીજી સ્થિતિમાં જોવા મળે છે. તેટલું દલિક અનુપશાન્ત સત્તામાં હોય છે. તેને ૪૧ થી ૪૭ સમયમાં (૧ સમયન્યૂન ૨ આવલિકા કાલમાં) ઉપશમાવે છે અને પ્રથમ સ્થિતિમાં જે ૧ આવલિકા પ્રમાણ કર્મદલિક બાકી મુક્યું છે તે સ્તિબૂક સંક્રમથી સં. માનમાં સંક્રમાવે છે. આ રીતે બીજા ભાગના ચરમ સમયે એટલે અસત્કલ્પનાએ ૪૦મા સમયે ૨ ક્રોધ ઉપશાન્ત થાય છે. ૪૪મા સમયે સં. ક્રોધની પ્રથમ સ્થિતિ સંક્રમી જાય છે અને ૪૭મા સમયે સં. ક્રોધની બીજી સ્થિતિ પણ ઉપશમી જાય છે. આ રીતે બીજો ભાગ પૂર્ણ થયા પછી ત્રીજા ભાગમાં ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલ જાય ત્યારે ત્રીજા ક્રોધનો પણ ઉપશમ થાય છે.

### સંજ્વલન માન-માયા-લોભ આદિનો ઉપશમ -

સંજ્વલન ક્રોધનાં બંધાદિ જ્યારે વિચ્છેદ પામે ત્યાર પછીના સમયથી (અસત્કલ્પનાએ ૪૧મા સમયથી) આ જીવ ત્રણ માનને ઉપશમાવવાનો આરંભ કરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. સંજ્વલન માનની બીજી સ્થિતિમાંથી દલિક આકર્ષીને અંતર્મુહૂર્તના કાલ પ્રમાણ (૪૧ થી ૬૪ સમય પ્રમાણ) પ્રથમ સ્થિતિ કરે છે અને વેદે છે. આમ કરતો તે જીવ જ્યારે ૪૪મા સમયે જાય છે ત્યારે સં. ક્રોધની પ્રથમ સ્થિતિની વધેલી ૧ આવલિકા સ્તિબૂક સંક્રમથી સં. માનમાં સંક્રાન્ત થઈ જાય છે. ૪૭મા સમયે બીજી સ્થિતિમાં ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલમાં સં. ક્રોધનું બાંધેલું જે દલિક અનુપશાન્ત હતું તે ઉપશાન્ત થઈ જાય છે. આગળ આગળ ત્રણ માનને ઉપશમાવતો ઉપશમાવતો જાય છે. જ્યારે સં. માનની ૧ સમયન્યૂન ૩ આવલિકા પ્રમાણ પ્રથમ સ્થિતિ બાકી રહે છે ત્યારે (અસત્કલ્પનાએ ૫૩ થી ૬૪ સમય બાકી હોય ત્યારે ૫૪મા સમયે) સં. માન અપતદ્‌ગ્રહ બને છે. એટલે હવે બે માનનું કર્મદલિક સં.માનમાં પડતું નથી પણ માયા-લોભમાં જ પડે છે. સં.માનની પ્રથમ સ્થિતિ ૨ આવલિકા બાકી રહે ત્યારે (અસત્કલ્પનાએ ૫૭મા સમયે) આગાલ વિચ્છેદ પામે છે અને પ્રથમ સ્થિતિ ૧ આવલિકા માત્ર બાકી રહે છે ત્યારે (એટલે અસત્કલ્પનાએ ૬૦મા સમયે) સંજ્વલન માનનાં બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ પામે છે. બે માન સર્વથા ઉપશાન્ત થઈ જાય છે. નવમા ગુણઠાણાનો ત્રીજો ભાગ પૂર્ણ થાય છે. સં.માનની ૧ આવલિકા જેટલી પ્રથમ સ્થિતિ (૬૧ થી ૬૪) અને ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલમાં બાંધેલા દલિકની બીજી સ્થિતિ બાકી રહે છે. શેષ સં.માન પણ સર્વથા ઉપશાન્ત થાય છે. છેલ્લા સમયે જે સંજ્વલન માન બંધાય તે ૨ માસની સ્થિતિવાળું બંધાય છે. બીજા કર્મોનો બંધ હજુ પણ સંખ્યાતા વર્ષોનો ચાલુ હોય છે.

નવમા ગુણઠાણાના ચોથા ભાગના પ્રથમ સમયથી જ ઉપર કહ્યા મુજબ ત્રણ માયાને ઉપશમાવવાની હવે આ જીવ શરૂઆત કરે છે. સંજ્વલન માયાની બીજી સ્થિતિમાંથી કર્મદલિક લાવીને પ્રથમ સ્થિતિરૂપે અન્તર્મુહૂર્ત પ્રમાણ (કલ્પનાથી ૬૧ થી ૮૪ સુધીની) કરે છે. ત્રણ માયાને ઉપશમાવતો ઉપશમાવતો આગળ જાય છે. ત્યાં ૧ આવલિકા કાલ ગયે છતે (કલ્પનાથી ૬૪ મા સમયે) સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ જે બાકી રાખી હતી તે સ્તિબૂક સંક્રમથી સં. માયામાં જાય છે. ૧ સમયન્યૂન ૨ આવલિકાકાલે (કલ્પનાથી ૬૭મા સમયે) બીજી સ્થિતિમાં નવો બંધાયેલો અને અનુપશાન્ત એવો સંજ્વલન માન હતો તે પણ ઉપશાન્ત થઈ જાય છે. એમ કરતાં સં. માયાની ૧ સમયન્યૂન ૩ આવલિકા સ્થિતિ બાકી રહે ત્યારે (કલ્પનાથી ૭૪મા સમયે) સં. માયા અપતદ્‌ગ્રહ બને છે. એટલે અપ્રત્યા. અને પ્રત્યા. માયાનું દલિક સંજ્વલન માયામાં નાખતો નથી, પણ સંજ્વલન લોભમાં નાખે છે. ૨ આવલિકા બાકી રહે ત્યારે (એટલે કલ્પનાથી ૭૭મા સમયે) આગાલ વિચ્છેદ પામે છે. ત્યાર બાદ પ્રથમ સ્થિતિ ૧ આવલિકા બાકી રહે ત્યારે (કલ્પનાથી ૮૦મા સમયે) સંજ્વલન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માયાના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ પામે છે. બે માયા સર્વથા ઉપશાન્ત થાય છે. નવમા ગુણઠાણાનો ચોથો ભાગ સમાપ્ત થાય છે. સં.માયાની ૧ આવલિકા જેટલી પ્રથમસ્થિતિ (૮૧ થી ૮૪) અને ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલમાં બાંધેલા દલિકની માયાની બીજી સ્થિતિ બાકી રહે છે. શેષ માયા પણ ઉપશાન્ત થઈ જાય છે. ૮૦મા સમયે જે છેલ્લી સં.માયા બાંધી છે તે ૧ માસની સ્થિતિવાળી જાણવી. બાકીના કર્મોનો બંધ હજુ પણ સંખ્યાતા વર્ષ પ્રમાણ જાણવો.

નવમા ગુણઠાણાના પાંચમા ભાગના પ્રથમ સમયથી જ એટલે અસત્કલ્પનાએ ૮૧મા સમયથી ૩ લોભને ઉપશમાવવાની શરૂઆત કરે છે. સંજ્વલન લોભની બીજી સ્થિતિમાંથી કર્મદલિકોને આકર્ષીને અન્તર્મુહૂર્તના કાલપ્રમાણ (કલ્પનાથી ૮૧ થી ૧૦૪ સમય પ્રમાણ) પ્રથમ સ્થિતિ કરે છે અને વેદે છે. ત્રણ લોભને ઉપશમાવતો ઉપશમાવતો તે જીવ આગળ જાય છે. એક આવલિકા કાલ જાય ત્યારે સં. માયાની પ્રથમ સ્થિતિ સ્તિબૂકસંક્રમથી (૮૧ થી ૮૪ માં) સં.લોભમાં સંક્રમી જાય છે. ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલે સં. માયાની બીજી સ્થિતિમાં છેલ્લું બાંધેલું અને અનુપશાન્ત જે દલિક છે તે પણ તેટલા જ કાલે ઉપશમાવે છે. એટલે ૮૭મા સમયે તે પણ ઉપશાન્ત થઈ જાય છે. ત્રણ લોભને ઉપશમાવવાનું કામકાજ ચાલે છે. તે કાલે સંજ્વલન લોભને વેદવાના કાલના ત્રણ ભાગ કરે છે. (પંચસંગ્રહ ઉપશમના કરણ ગાથા ૭૧-૭૨-૭૩).

જૈનમ્ જયતિ શાસનમ્

સંજ્વલન લોભની બીજી સ્થિતિમાંથી દલિકો લાવીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે. અને ૨/૩ ભાગમાં તેનો નિક્ષેપ કરે છે. અને ૧/૩ ભાગને કિટ્ટીરૂપે કરાયેલા લોભને વેદવા માટે રાખે છે. ધારો કે પાંચમા ભાગના પહેલા સમયે (કલ્પનાથી ૮૧મા સમયે) સં. લોભનાં કર્મદલિકો બીજી સ્થિતિમાંથી લાવીને પ્રથમ સ્થિતિરૂપે કર્યા અને ૨/૩ માં નિક્ષેપ કર્યો એટલે ૮૧ થી ૧૧૬ સમય પ્રમાણ પ્રથમ સ્થિતિના ૩ ભાગ કરે છે. બાર બાર સમયના ત્રણ ભાગ કલ્પીએ એટલે કુલ ૧૨ + ૧૨ = ૨૪ સમય એટલે ત્યાં ૮૧ થી ૧૦૪ માં દલિકનિક્ષેપ કરે છે. ૮૧ થી ૯૨ સમયની સ્થિતિવાળા પહેલા ભાગનું નામ અશ્વકર્ણ કરણાદ્ધા, ૯૩ થી ૧૦૪ સમયની સ્થિતિવાળા બીજા ભાગનું નામ કિટ્ટીકરણાદ્ધા અને ૧૦૫ થી ૧૧૬ સમયની સ્થિતિવાળા ત્રીજા ભાગનું નામ કિટ્ટીવેદનાદ્ધા.[1]

(૧) અનિવૃત્તિકરણ ૧ થી ૧૦૦ સમયનું કલ્પેલું છે. અને સૂક્ષ્મસંપરાય પણ કિટ્ટીવાળા કાળનો જ ત્રીજો ભાગ છે. તેથી તેના ૧૨ સમય, તથા નવમું ગુણઠાણું પૂર્ણ થયા પછી ૧ આવલિકા જે બાદર કિટ્ટીઓ રહે છે તેના ૪ સમય કલ્પનાથી જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશ્વકર્ણકરણાદ્ધાના પ્રથમ સમયથી જ ૩ લોભનો ઉપશમ તો ચાલુ જ છે. સં. માયાની પ્રથમ સ્થિતિ જે આવલિકા પ્રમાણ બાકી રાખી હતી તે સં. લોભમાં સ્તિબૂક સંક્રમથી સંક્રમાવે પણ છે જ. સં. માયાની બીજી સ્થિતિમાં ૧ સમયન્યૂન ૨ આવલિકા પ્રમાણ માયાનું અનુપશાન્ત જે કર્મદલિક છે. તે ઉપશમાવે પણ છે જ. તેની સાથે સાથે સંજ્વલન માયાના સંક્રમથી લોભમાં આવેલાં અને સંજ્વલન લોભ સ્વરૂપે પૂર્વકાલમાં બંધાયેલાં કર્મદલિકોમાં તે કાલે જે રસબંધ કરેલો છે. તે રસબંધમાં પાંચમા કર્મગ્રંથમાં જણાવેલા રસબંધ પ્રમાણે જે વર્ગણાઓ અને રસનાં સ્પર્ધકો કરેલાં છે. તેને પૂર્વ સ્પર્ધક કહેવાય છે. તેમાંથી પ્રતિસમયે કર્મદલિકોને ગ્રહણ કરી કરીને અત્યન્ત હીન રસવાળાં કરવાં, પરંતુ વર્ગણાઓ અને સ્પર્ધકનો જે એકોત્તર વૃદ્ધિનો ક્રમ છે. તે તોડવો નહીં અને અધિક રસવાળાને અત્યન્તહીન રસપણે પૂર્વની જેમ જ સ્પર્ધકરૂપે બનાવવાં. તેને અપૂર્વ સ્પર્ધક કહેવાય છે. આટલો બધો હીનરસ આજસુધી સંસારમાં કદાપિ કર્યો નથી. તેથી આ સ્પર્ધકોને અપૂર્વસ્પર્ધક કહેવાય છે. આ રીતે સં. લોભને અત્યન્ત હીન રસવાળો કરીને અપૂર્વસ્પર્ધક કરે છે. કલ્પનાથી ૮૧ થી ૯૨ સમયવાળા પહેલા ભાગમાં (અશ્વકર્ણકરણાદ્ધામાં) આ અપૂર્વસ્પર્ધકો કરે છે.

અશ્વ = ઘોડાના કર્ણ = કાનની જેમ કરણ = કરવાનો અદ્ધા = જે કાલ. ઘોડાનો કાન જેમ પ્રારંભમાં વિસ્તૃત અને પછી સંકુચિત-સંકુચિત હોય છે. તેમ પ્રથમ સમયથી બીજા-ત્રીજા સમયે હીન-હીન રસ થતો હોવાથી ઘોડાના કાનની ઉપમા ઘટવાથી આવું નામ રાખેલ છે. હજારો સ્થિતિબંધ ગયે છતે આ અશ્વકર્ણકરણાદ્ધા સમાપ્ત થાય છે. તે કાલે સં.લોભનો બંધ દિનપૃથકત્વપ્રમાણ થાય છે અને બાકીના કર્મોનો સ્થિતિબંધ વર્ષ પૃથક્ત્વનો થાય છે. (પંચ. ઉપ. કરણ ગાથા ૭૪ થી ૭૬).

કિટ્ટીકરણાદ્ધાનું વર્ણન -

અશ્વકર્ણકરણાદ્ધા સમાપ્ત કરીને આ જીવ કિટ્ટીકરણાદ્ધા નામના બીજા ભાગમાં કલ્પનાથી ૯૩ થી ૧૦૪ માં પ્રવેશે છે. ત્યાં સંજ્વલન લોભનાં પૂર્વસ્પર્ધકો અને અપૂર્વસ્પર્ધકો એમ બન્નેમાંથી પ્રતિસમયે દલિકો ગ્રહણ કરીને તે દલિકોમાં જે રસ છે. તેમાંથી અનંતગુણ હીન-અનંતગુણ હીન રસ કરવા વડે અને "સ્પર્ધકપણાની જે એકોત્તર વૃદ્ધિ સ્વરૂપતા છે" તેને તોડી નાખીને છુટાં છવાયાં હીન રસવાળાં કર્મદલિકોને કરવા રૂપે કિટ્ટીઓ કરે છે. જેમ એક સોપારી છે કે જેમાં પરમાણુઓ અત્યંત ઘનીભૂતપણે પરસ્પર ગોઠવાયેલા છે. તેથી ખાઈ શકાતી નથી. પણ તેનો ચૂરો કર્યો હોય તો પરમાણુ છુટા છવાયા થવાથી તેનું સંગઠિતપણાનું બલ તુટી જાય છે. સુખે સુખે ખવાય છે. તેમ એકોત્તરવૃદ્ધિરૂપે રહેલા રસવાળા પરમાણુઓ સંગઠિત હોવાથી વધુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બલવાળા છે અને એકોત્તરવૃદ્ધિનો ક્રમ તોડી નાખવાથી તે પરમાણુઓના રસની શક્તિ તુટી જાય છે. તેથી તેને કિટ્ટી કરી (ગુજરાતી ભાષામાં ચૂરો કર્યો) એમ કહેવાય છે.

પ્રતિ સમયે આવી અનંતી કિટ્ટીઓ જીવ કરે છે. પહેલા સમયે અનંતી, બીજા સમયે અસંખ્યાતગુણ હીન એવી અનંતી એમ દરેક સમયોમાં અસંખ્યાતગુણ હીન-અસંખ્યાતગુણ હીન એવી અનંતી અનંતી કિટ્ટીઓ કરે છે. સામાન્યથી પાંચમા કર્મગ્રંથમાં જે જઘન્ય રસબંધ આવ્યો છે તેમાં કહેલા જઘન્યરસબંધ કરતાં પણ અનંતગુણહીન રસવાળી આ કિટ્ટીઓ જાણવી. હીન-હીન રસવાળી કરાતી કિટ્ટીઓમાં કર્મદલિકો અસંખ્યાતગુણ-અસંખ્યાતગુણ સમજવાં. પહેલા સમયે કરાયેલ સકલકિટ્ટીગત કર્મદલિક સૌથી થોડું જાણવું. તેના કરતાં બીજા સમયે અનંતગુણ હીન રસવાળી કરાયેલી કિટ્ટીઓમાં (કિટ્ટીઓ થોડી હોવા છતાં પણ) કર્મદલિકો અસંખ્યાતગુણ જાણવાં. તથા પહેલા સમયની સકલ કિટ્ટીઓમાં જે રસ કર્યો હોય તેના કરતાં બીજા સમયની કરાયેલી સકલ કિટ્ટીઓમાં રસ અનંતગુણહીન હોય છે.

તથા એક સમયમાં જે અનંતી કિટ્ટીઓ કરાઈ હોય (ધારોકે ૧૦૦ કિટ્ટીઓ કરાઈ છે.) તો તેમાં પણ અતિમંદ રસવાળી પહેલી કિટ્ટીમાં કર્મપરમાણુઓ ઘણા હોય, અનંતગુણ અધિક રસવાળી બીજી કિટ્ટીમાં પરમાણુઓ વિશેષહીન હોય, તેના કરતાં પણ અનંતગુણ રસવાળી ત્રીજી કિટ્ટીમાં પરમાણુઓ વિશેષહીન હોય, આમ સૌથી ઉત્કૃષ્ટ રસવાળી છેલ્લી (૧૦૦મી) કિટ્ટીમાં પરમાણુઓ વિશેષહીન જાણવા. આ જ રીતે બીજા સમયની કિટ્ટીઓમાં, ત્રીજા સમયની કિટ્ટીઓમાં એમ કિટ્ટીકરણાદ્ધાના છેલ્લા સમય સુધી જાણવું.

તથા પહેલા સમયે કરાયેલી અનંતી (૧ થી ૧૦૦) કિટ્ટીઓમાં પહેલી કિટ્ટી સૌથી મન્દ રસવાળી હોય અને ૧૦૦મી કિટ્ટી ઉત્કૃષ્ટ રસવાળી હોય. તેવી જ રીતે બીજા સમયે કરાયેલી અનંતી (૧ થી ૧૦૦) કિટ્ટીઓમાં ૧લી કિટ્ટી મંદ રસવાળી અને છેલ્લી કિટ્ટી ઉત્કૃષ્ટ રસવાળી હોય. છતાં પહેલા સમયની મંદ રસવાળી પહેલી કિટ્ટી કરતાં બીજા સમયની ઉત્કૃષ્ટ રસવાળી છેલ્લી કિટ્ટીનો રસ અનંતગુણહીન સમજવો. આવી જ રીતે બીજા સમયની જઘન્ય રસવાળી પહેલી કિટ્ટી કરતાં ત્રીજા સમયની ઉત્કૃષ્ટ રસવાળી છેલ્લી (૧૦૦મી) કિટ્ટીમાં જે રસ છે તે અનંત ગુણહીન સમજવો. આમ છેલ્લા સમય સુધી અલ્પબહુત્વ જાણવું.

તથા પ્રદેશોનું અલ્પબહુત્વ ઉપર કરતાં કંઈક જુદું છે. પ્રથમ સમયે કરાયેલી કિટ્ટીઓમાં જે ઘણા પ્રદેશોવાળી કિટ્ટી છે. તેના કરતાં બીજા સમયે કરાયેલી કિટ્ટીઓમાં જે અલ્પપ્રદેશવાળી કિટ્ટી છે. તેમાં રહેલા પ્રદેશો પ્રથમ સમયની વધુ પ્રદેશવાળી કિટ્ટી કરતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ અસંખ્યાતગુણ છે. આમ છેલ્લા સમય સુધી જાણવું આવા પ્રકારની અનંતી અનંતી કિટ્ટીઓ આ જીવ કિટ્ટીકરણાદ્ધામાં કરે છે. (પંચ. ઉપ. કરણ ગાથા ૭૭-૭૮-૭૯).

કિટ્ટીકરણાદ્ધાના કાલમાં જ્યારે ૧ સમયન્યૂન ૩ આવલિકા કાલ બાકી રહે છે ત્યારે સંજ્વલન લોભ અપતદ્ગ્રહ બને છે. એટલે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય લોભનું કર્મદલિક સંજ્વલન લોભમાં સંક્રમ પામતું નથી. પણ પોતાના રૂપે રાખીને જ ઉપશમ કરે છે. બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ અટકે છે. આ કિટ્ટીકરણાદ્ધાના સંખ્યાતા ભાગ જાય ત્યારે સંજ્વલન લોભનો સ્થિતિબંધ અંતર્મુહૂર્ત જેટલો થાય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો સ્થિતિબંધ દિનપૃથક્ત્વ પ્રમાણ થાય છે. અને નામકર્મ-ગોત્રકર્મ તથા વેદનીયકર્મનો સ્થિતિબંધ ઘણા હજારો વર્ષ પ્રમાણ થાય છે.

કિટ્ટીકરણાદ્ધાના છેલ્લા સમયે લોભનો બંધ અંતર્મુહૂર્ત હોય (પણ આ અંતર્મુહૂર્ત ઘણું નાનું જાણવું) જ્ઞાનાવરણીયાદિ ૩ ઘાતીકર્મોનો બંધ ૧ અહોરાત્ર પ્રમાણ, અને નામકર્માદિ ત્રણ કર્મનો સ્થિતિબંધ કંઈકન્યૂન ૨ વર્ષની સ્થિતિપ્રમાણ જાણવો. બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ પામે છે. ત્યાર પછી સંજ્વલન લોભનાં ઉદય-ઉદીરણા ચાલુ જ રહે છે. તેમાંથી ૧ આવલિકા ગયે છતે ઉદીરણા પણ વિચ્છેદ પામે છે. એટલે કે પ્રથમ સ્થિતિની ફક્ત ૨ આવલિકા બાકી રહે ત્યારે કલ્પનાથી ૯૬મા સમયે આગાલ વ્યવચ્છેદ અને ૧૦૦મા સમયે ઉદીરણાનો વ્યવચ્છેદ થાય છે.

જ્યારે સંજ્વલન લોભની ઉદીરણા અટકે છે ત્યારે બાદરલોભનો ઉદય, નવમા ગુણઠાણાનો પાંચમો ભાગ, નવમું ગુણસ્થાનક, સંજ્વલન લોભનો બંધ, આ બધું જ સમાપ્ત થાય છે. તથા અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય લોભ પણ ઉપશાન્ત થાય છે. સંજ્વલન લોભ પણ ઘણો ખરો ઉપશમી ગયો છે. ફક્ત પ્રથમ સ્થિતિમાં ૧ આવલિકા (૧૦૧ થી ૧૦૪) અને બીજી સ્થિતિમાં કરાયેલી અનંતી કિટ્ટીઓ, તથા છેલ્લા ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલમાં બાંધેલો લોભ. આટલું જ અનુપશાન્ત રહે છે ત્યાર પછી આ જીવ કિટ્ટી વેદનાદ્ધામાં પ્રવેશ કરે છે... (પંચ.ઉપ.ગાથા. ૮૦-૮૧)

કિટ્ટીવેદનાદ્ધાનું સ્વરૂપ -

પૂર્વકાલમાં એટલે કે કિટ્ટીકરણાદ્ધાના કાલમાં બીજી સ્થિતિમાં સંજ્વલન લોભની જે કિટ્ટીઓ કરી છે. તેને આકર્ષીને પ્રથમ સ્થિતિમાં લાવે અને અંતર્મુહૂર્તના કાલપ્રમાણ પ્રથમ સ્થિતિરૂપે કરે અને તે કિટ્ટીકૃતલોભને આ જીવ વિપાકોદયથી અનુભવે. આ પ્રમાણે આ કાલે કિટ્ટીકૃત લોભ વેદાતો હોવાથી તેને કિટ્ટીવેદનાદ્ધા કહેવાય છે. તેને જ સૂક્ષ્મસંપરાય કહેવાય છે આ જ દસમું ગુણસ્થાનક છે. લોભને વેદવાના કરાયેલા ત્રણ ભાગમાંનો જ આ એક ભાગ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કિટ્ટીકરણાદ્ધાના કાલની પહેલી સ્થિતિની જે ૧ આવલિકા બાકી (અનુપશાન્ત) રહી છે. તે સ્તિબૂકસંક્રમથી કિટ્ટીકૃત વેદાતા લોભમાં સંક્રમાવી દે છે. એક સમયન્યૂન ૨ આવલિકા કાલમાં બાંધેલું બીજી સ્થિતિમાં રહેલું જે કર્મદલિક છે. તે પણ તેટલા જ કાલમાં ઉપશમાવે છે. બીજી સ્થિતિમાં જે કરાયેલી અનંતી-અનંતી કિટ્ટીઓ છે. તેમાંથી કેટલીક કેટલીક કિટ્ટીઓને गेण्हंतो = ગ્રહણ કરીને પ્રથમ સ્થિતિરૂપે કરીને અનુભવે છે અર્થાત્ ઉદયથી ભોગવીને ક્ષય કરે છે. અને બીજી ઘણી ઘણી કિટ્ટીઓને मुयंतो = બીજી સ્થિતિમાં જ રાખીને ત્યાંને ત્યાં જ ઉપશમાવે છે. આ રીતે ગ્રહણ અને મોચન કરતો જીવ એટલે કે કેટલીક કિટ્ટીઓને પ્રથમ સ્થિતિરૂપે કરીને ભોગવતો, અને કેટલીક કિટ્ટીઓને ઉપર જ રાખીને ઉપશમાવતો ઉપશમાવતો આ જીવ કિટ્ટીવેદનાદ્ધાના (એટલે કે સૂક્ષ્મસંપરાય ગુણઠાણાના) ચરમ સમયે જાય છે.

તે ચરમ સમયે જ્ઞાનાવરણીયાદિ ૩ ઘાતી કર્મોનો બંધ અંતર્મુહૂર્ત પ્રમાણ, નામ-ગોત્રનો બંધ ૧૬ મુહૂર્તપ્રમાણ, અને વેદનીય કર્મનો બંધ ૨૪ મુહૂર્ત પ્રમાણ જાણવો. તે જ ચરમ સમયે કિટ્ટીકરણાદ્ધા સમાપ્ત થાય છે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સમાપ્ત થાય છે. સૂક્ષ્મલોભનો ઉદય વિરામ પામે છે. ઉદીરણા ૧ આવલિકા પહેલાં જ વિરામ પામે છે અને સંજ્વલન લોભ પણ સર્વથા ઉપશાન્ત થાય છે.

ઉપશાન્તમોહ ગુણસ્થાનકની પ્રાપ્તિ -

પ્રથમ સ્થિતિગત કિટ્ટીઓ ઉદય દ્વારા ભોગવાઈ જવાથી અને દ્વિતીય સ્થિતિગત નવમા ગુણઠાણાની છેલ્લી સમયન્યૂન ૨ આવલિકામાં બાંધેલું અને કિટ્ટીઓ રૂપે કરાયેલું કર્મદલિક સર્વથા ઉપશાન્ત થઈ જવાથી હવે આ જીવ અગિયારમા ઉપશાન્તમોહ ગુણસ્થાનકે આવે છે. ત્યાં મોહ ઉપશાન્ત થયેલો હોવાથી વીતરાગાવસ્થા કહેવાય છે. પણ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ઉદય ચાલુ હોવાથી આ જીવ છદ્મસ્થ છે. તેથી ઉપશાન્તમોહ વીતરાગ છદ્મસ્થ આવું નામ આ ગુણસ્થાનકનું છે.

આ ગુણસ્થાનકનો કાલ, તથા ઉપશમશ્રેણી સંબંધી ચઢતાં અને પડતાં આવતાં ૮-૯-૧૦ ગુણસ્થાનકોનો કાલ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. જે જીવે આયુષ્યબંધ કરીને ઉપશમશ્રેણીમાં આરોહણ કર્યું હોય તેના મૃત્યુનો પણ શ્રેણીમાં સંભવ હોવાથી મૃત્યુ પામે તો જ ૧ સમયનો જઘન્યકાલ ઘટી શકે. અન્યથા અંતર્મુહૂર્ત જ સમજવો. ઉપશાન્તમોહ ગુણઠાણે મોહનીયકર્મ ઉપશાન્ત હોવાથી તેમાં સંક્રમણ-ઉદ્વર્તના-અપવર્તના-ઉદીરણા-નિધત્તિ-નિકાચના કરણો અંતર્મુહૂર્ત કાલ સુધી હવે લાગતાં નથી. ફક્ત ત્રણ દર્શનમોહનીયમાં સંક્રમણ અને અપવર્તના ચાલુ રહે છે. ક્રોધના ઉદયે શ્રેણીનો પ્રારંભ કરનારાને આશ્રયી આ લખાણ કરેલ છે. માન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માયા અને લોભના ઉદયે શ્રેણીનો પ્રારંભ કરનારાની વિધિ પંચસંગ્રહાદિમાંથી જાણી લેવી. હવે અગિયારમા ગુણઠાણે મોહ ઉપશાન્ત હોવાથી (એટલે કે ક્ષય થયેલ ન હોવાથી) તે જ્યારે ઉદયમાં આવે છે ત્યારે વધુમાં વધુ અંતર્મુહૂર્ત બાદ આ જીવનું અવશ્ય પતન થાય છે.

તે પતન બે પ્રકારે છે. (૧) ભવક્ષય, (૨) અદ્ધાક્ષય, જેનું આયુષ્ય સમાપ્ત થઈ જાય અને મૃત્યુ પામે તેના કારણે જે પડે તેને પ્રથમ સમયથી જ બધાં કરણો પ્રવર્તે છે. મૃત્યુ પામીને દેવલોકમાં જ જાય છે. કારણ કે દેવાયુષ્ય વિના શેષ આયુષ્ય બંધાયે છતે ઉપશમ શ્રેણીનો પ્રારંભ જ થતો નથી. તેથી ૧૧માથી સીધું ૪થું ગુણસ્થાનક આવે છે. આ જીવ મૃત્યુ પામીને વૈમાનિક દેવલોકમાં જાય છે એમ જાણવું (પંચ. ઉપશમના. ગાથા ૯૨). કમ્મપયડિમાં કહ્યું છે કે મૃત્યુ પામીને દેવ જ થાય છે. (ઉપશમના કરણ ગાથા ૬૩) તથા પંચસંગ્રહમાં ઉપશમનાકરણની ૯૩મી ગાથામાં એમ પણ કહ્યું છે કે ૧૧મે થી પડીને સાસ્વાદને પણ આવે છે અને ત્યાં કાળ કરે તો પણ તે દેવ થાય છે.

જે જીવ કાલક્ષયે પડે છે તે જેમ ચઢ્યો હતો તેમ જ પડે છે. પ્રથમ સૂક્ષ્મ કિટ્ટીઓના ઉદયવાળો બની ૧૦મા ગુણઠાણે આવે છે. પછી ૯-૮-૭-૬ સુધી નિયમા પડે જ છે. પ્રમત્ત-અપ્રમત્તે ઘણીવાર સ્પર્શીને દેશવિરતિ-અવિરતિ-થઈને કોઈ કોઈ જીવ સાસ્વાદને પણ જાય છે અને ત્યાંથી મિથ્યાત્વે પણ જાય છે.

એકભવમાં એક જીવ વધારેમાં વધારે બે વાર ઉપશમ શ્રેણી માંડે છે. તે જીવ તે ભવમાં ક્ષપકશ્રેણી માંડતો નથી. પણ જે જીવ એકભવમાં એકવાર ઉપશમશ્રેણી માંડે છે તે જીવ તે ભવમાં ક્ષપકશ્રેણી માંડી શકે છે. આવો કર્મગ્રંથકારનો અભિપ્રાય છે. સિદ્ધાન્તકારનો અભિપ્રાય એવો છે કે એક ભવમાં એક વાર પણ જો ઉપશમશ્રેણી માંડી હોય તો તે જીવ તે ભવમાં ક્ષપકશ્રેણી માંડી શકતો નથી. એક જીવ એક ભવમાં વધુમાં વધુ બે વાર ઉપશમશ્રેણી માંડી શકે છે અને આખા સંસારચક્રમાં ચાર વાર ઉપશમશ્રેણી માંડી શકે છે. આ પ્રમાણે અભ્યાસકને સરળ પડે તે રીતે પંચસંગ્રહના ઉપશમના કરણના આધારે અમે ઉપશમશ્રેણીનું સ્વરૂપ સમજાવ્યું છે. ગ્રંથકારશ્રી આ જ વાતને અતિશય સંક્ષિપ્ત રીતે ગાથા ૭૬-૭૭ માં જણાવે છે. તે બન્ને ગાથાઓ આ પ્રમાણે છે. ॥ ૭૫ ॥

**सत्तट्ठ नव य पनरस, सोलस अट्ठारसेव गुणवीसा ।**
**एगाहि दु चउवीसा, पणवीसा बायरे जाण ।। ७६ ।।**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सप्ताष्टौ नव च पञ्चदश, षोडशाष्टादशैवैकोनविंशतिः ।
एकाधिक-द्वि-चतुर्विंशतिः, पञ्चविंशतिः बादरे जानीहि ।। ७६ ।।

*ગાથાર્થ - ઉપશમશ્રેણીમાં અનિવૃત્તિબાદર સંપરાય નામના નવમા ગુણઠાણે મોહનીયકર્મની ૭-૮-૯-૧૫-૧૬-૧૮-૧૯-૨૧-૨૨-૨૪ અને ૨૫ પ્રકૃતિઓ ઉપશાન્ત થયેલી જાણવી. ॥ ૭૬ ॥*

વિવેચન - ભાવાર્થ પૂર્વની ગાથામાં ઘણો જ સમજાવેલ છે. દર્શન સપ્તક ઉપશમાવીને શ્રેણી ઉપર જ્યારે આરૂઢ થાય ત્યારે પ્રારંભમાં ૭ પ્રકૃતિઓ ઉપશાન્ત હોય છે. નવમા ગુણઠાણે નપુંસક વેદ ઉપશમાવે ત્યારે ૮ ઉપશાન્ત થાય છે. સ્ત્રીવેદ ઉપશમાવે ત્યારે ૯ ઉપશાન્ત થાય છે. હાસ્યાદિ ષટ્ક ઉપશમાવે ત્યારે ૧૫ ઉપશાન્ત થાય છે. આ રીતે પુરુષવેદ ઉપશાન્ત થયે છતે ૧૬, બે ક્રોધ ઉપશાન્ત થયે છતે ૧૮, સંજ્વલન ક્રોધ ઉપશાન્ત થાય ત્યારે ૧૯, બે માન ઉપશાન્ત થાય ત્યારે ૨૧, સંજ્વલન માન ઉપશાન્ત થાય ત્યારે ૨૨, બે માયા ઉપશાન્ત થાય ત્યારે ૨૪, અને સંજ્વલન માયા ઉપશાન્ત થાય ત્યારે ૨૫ પ્રકૃતિઓ ઉપશાન્ત થયેલી નવમા ગુણઠાણે મળે છે. આ રીતે ઉપર કહેલા આંકવાળી પ્રકૃતિઓ નવમા ગુણઠાણે ઉપશાન્ત થયેલી છે. ॥ ૭૬ ॥

**सत्तावीसं सुहुमे, अट्ठावीसं च मोहपयडीओ ।**
**उवसंतवीअराए, उवसंता हुंति नायव्वा ।। ७७ ।।**

सप्तविंशतिस्सूक्ष्मे, अष्टाविंशतिश्च मोहप्रकृतयः ।
उपशान्तवीतरागे, उपशान्ता भवन्ति ज्ञातव्याः ।। ७७ ।।

*ગાથાર્થ - સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ૨૭, અને ઉપશાન્તમોહ ગુણઠાણે ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિઓ ઉપશાન્ત થયેલી જાણવી. ॥ ૭૭ ॥*

વિવેચન - નવમા ગુણઠાણામાં ૨૫નો ઉપશમ થયા પછી તેના ચરમ સમયે બે લોભનો ઉપશમ થતાં અને તે જ કાલે નવમું ગુણસ્થાનક સમાપ્ત થતાં દશમા ગુણઠાણે ૨૭ મોહનીય કર્મની પ્રકૃતિઓ ઉપશાન્ત થયેલી મળે છે. દશમાના અન્તિમ સમયે સંજ્વલન લોભ ઉપશાન્ત થતાં અગિયારમા ગુણઠાણે ૨૮ મોહપ્રકૃતિઓ ઉપશાન્ત થયેલી મળે છે. આ રીતે અહીં ઉપશમશ્રેણીનું સ્વરૂપ સમાપ્ત થાય છે.

આ ૭૬ અને ૭૭ બન્ને ગાથાઓ મૂલ "સપ્તતિકા" ગ્રંથમાં નથી. તેની ચૂર્ણિમાં અને પૂ. મલયગિરિજી કૃત સપ્તતિકાની વૃત્તિમાં વિવેચનમાં સાક્ષીપાઠ રૂપે છે. કયા ગ્રંથની છે ? તેનો ઉલ્લેખ અમને મળી શક્યો નથી. ॥ ૭૭ ॥

ઉપશમશ્રેણી સમાપ્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે ક્ષપકશ્રેણીનું સ્વરૂપ કહેવાય છે -

**पढमकसायचउक्कं, इत्तो मिच्छत्तमीससम्मत्तं ।**
**अविरयसम्मे देसे, पमत्ति अपमत्ति खीयंति ।। ७८ ।।**

**प्रथमकषायचतुष्कं, एतस्मात् मिथ्यात्वमिश्रसम्यक्त्वम् ।**
**अविरतसम्यक्त्वे देशे, प्रमत्तेऽप्रमत्ते क्षपयन्ति ।। ७८ ।।**

*ગાથાર્થ - ક્ષપકશ્રેણીમાં જીવો પ્રથમ ચાર અનંતાનુબંધી ખપાવે છે. ત્યારબાદ અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે, દેશવિરતે, પ્રમત્તે અને અપ્રમત્તે મિથ્યાત્વ-મિશ્ર અને સમ્યક્ત્વમોહનીય કર્મને આ જીવો ખપાવે છે. ॥ ૭૮ ॥*

વિવેચન - ક્ષપકશ્રેણીનો પ્રારંભ ક્ષાયિક સમ્યક્ત્વી મનુષ્ય જ કરે છે. તે માટે પ્રથમ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું પડે છે. ક્ષાયિક સમ્યક્ત્વ પામવા માટે ૮ વર્ષથી ઉપરની ઉંમરવાળો, પ્રથમ સંઘયણવાળો, જિનેશ્વરના કાલમાં વર્તનારો મનુષ્ય, અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે, દેશવિરતિ ગુણઠાણે, પ્રમત્ત અથવા અપ્રમત્ત ગુણઠાણે વર્તતો છતો પ્રથમ ચાર અનંતાનુબંધી કષાયને અને ત્યાર પછી દર્શનમોહનીય-ત્રિકને ખપાવે છે. આ ક્ષાયિક સમ્યક્ત્વ પામવાની સઘળી વિધિ ઉપશમશ્રેણીમાં પાના નં. ૨૪૧-૨૪૨ માં કહેલી વિધિ મુજબ અહીં જાણી લેવી. ફરીથી લખતા નથી. આ ક્ષાયિક સમ્યક્ત્વી જીવ જો પૂર્વબદ્ધાયુષ્ક હોય તો અનંતાનુબંધીને ખપાવીને ૨૪ની સત્તાવાળો થયો છતો અથવા દર્શનમોહનીય-ત્રિકને ખપાવીને ૨૧ની સત્તાવાળો થયો છતો વિરામ પામી જ જાય છે. સંસારમાં ત્રણ અથવા ચાર ભવ કરીને પછી ક્ષપકશ્રેણી માંડે છે. ક્વચિત્ પાંચ ભવ પણ કરીને ક્ષપક શ્રેણી માંડે છે અને જો અબદ્ધાયુષ્ક હોય તો તે જ ભવે ક્ષપકશ્રેણી પ્રારંભે છે.

ક્ષપકશ્રેણી માંડનારો પણ મનુષ્ય જ હોય છે. સૌથી પ્રથમ આ મનુષ્ય ત્રણ કરણ કરે છે. યથાપ્રવૃત્તકરણ અપ્રમત્ત ગુણઠાણે, અપૂર્વકરણ આઠમા ગુણઠાણે અને અનિવૃત્તિકરણ નવમા ગુણઠાણે કરે છે. આ ત્રણ કરણનું વર્ણન પૂર્વે ઉપશમશ્રેણીમાં અનાદિ મિથ્યાત્વી જીવને સમ્યક્ત્વ પામવાની પ્રક્રિયામાં પાના નં. ૨૨૮ થી ૨૩૭ સુધીમાં જેમ જણાવ્યું છે, તેમ અહીં જાણવું. વિશેષતા માત્ર એટલી જ છે કે અહીં અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ અપૂર્વકરણના પ્રથમ સમયથી ચાલુ થાય છે. તથા આયુષ્ય વિનાનાં ૭ કર્મોના સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી અને અપૂર્વસ્થિતિબંધ પૂર્વની જેમ જાણી લેવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપૂર્વકરણના કાલના સાત ભાગ પાડીએ, તેમાંથી પહેલા ભાગના અંતે નિદ્રાદ્વિકનો બંધવિચ્છેદ થાય છે. છઠ્ઠા ભાગના અંતે દેવપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિના બંધનો વિચ્છેદ થાય છે અને છેલ્લા સાતમા ભાગના અંતે હાસ્યાદિ ચતુષ્કના બંધનો વિચ્છેદ અને હાસ્યાદિ ષટ્કના ઉદયનો વિચ્છેદ થાય છે. અપૂર્વકરણના પ્રથમ સમયે ૭ કર્મોની સ્થિતિસત્તા જે અંતઃકોડાકોડી સાગરોપમ છે. તે સ્થિતિઘાતાદિ વડે ઘાત કરતાં કરતાં ચરમસમયે સંખ્યાતગુણ હીન એવી અંતઃકોડાકોડી સાગરોપમની થાય છે. અને સ્થિતિબંધ આદ્યસમયે જે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હતો તે ચરમસમયે લઘુ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય છે. તથા અપૂર્વકરણના ચરમસમયે ૭ કર્મોની દેશોપશમના, નિધત્તિ અને નિકાચના વિરામ પામે છે. તથા અપૂર્વકરણમાં જ અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય ૪ + ૪ = ૮ કષાયોનો સ્થિતિઘાતાદિ વડે એવી રીતે ક્ષય કરે છે કે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે જાય ત્યારે તે કષાયોની સ્થિતિસત્તા માત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ રહે છે.

અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી જ સ્થિતિઘાતાદિ કાર્યો પૂર્વની જેમ પ્રવર્તે છે. પ્રથમ સમયે ૭ કર્મોનો સ્થિતિબંધ અંતઃકોડી સાગરોપમ હોય છે. તે સ્થિતિબંધ હજારો-હજારો સ્થિતિઘાત ગયે છતે ઘટતો ઘટતો અનુક્રમે સહસ્રપૃથક્ત્વ સાગરોપમ, અસંજ્ઞી પંચેન્દ્રિયતુલ્ય, ચઉરિન્દ્રિયતુલ્ય, તેઈન્દ્રિયતુલ્ય, બેઈન્દ્રિયતુલ્ય અને એકેન્દ્રિયતુલ્ય સ્થિતિબંધ થાય છે. આમ કરતાં કરતાં એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધ થયા પછી હજારો સ્થિતિઘાત ગયે છતે (૧) નામ-ગોત્રનો બંધ ૧ પલ્યોપમ, (૨) જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીય-અંતરાયનો બંધ ૧॥ પલ્યોપમ, અને (૩) મોહનીયનો બંધ ૨ પલ્યોપમ થાય છે.

બંધની બાબતમાં એવો નિયમ છે કે જે જે કર્મોનો સ્થિતિબંધ ૧ પલ્યોપમથી વધારે હોય, તે તે કર્મોનો નવો નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગે હીન-હીન કરે છે. પરંતુ જ્યારથી જે જે કર્મોનો બંધ ૧ પલ્યોપમ પ્રમાણ થાય છે. ત્યારથી તે તે કર્મોનો નવો નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતા ભાગ ન્યૂન કરીએ તેટલો, અર્થાત્ સંખ્યાતગુણ હીન નવો સ્થિતિબંધ થાય છે. એટલે હવે નામ-ગોત્રનો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતા ભાગ હીન, અને શેષકર્મોનો સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ હીન કરે છે. વળી હજારો સ્થિતિઘાત ગયે છતે જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોનો સ્થિતિબંધ ૧ પલ્યોપમ થાય છે. અને મોહનીયનો ૧॥ પલ્યોપમ થાય છે. ત્યારથી જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોનો પણ નવો નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતા ભાગ ન્યૂન (એટલે કે સંખ્યાતગુણહીન બંધ) કરે છે. પણ મોહનીયનો બંધ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ જ ન્યૂન કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારબાદ હજારો સ્થિતિઘાત પસાર થયે છતે મોહનીયનો બંધ પણ ૧ પલ્યોપમ પ્રમાણ થાય છે. ત્યારથી તેનો પણ નવો-નવો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતા ભાગ ન્યૂન કરે છે. આમ થતાં સાતે કર્મોનો સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતા ભાગે ન્યૂન ન્યૂન કરે છે. એટલે કે પલ્યોપમના એક સંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિબંધ કરે છે. જ્યારે મોહનીયનો બંધ ૧ પલ્યોપમનો થયો ત્યારે તેનુ અલ્પબહુત્વ આ પ્રમાણે હોય છે.

(૧) નામ-ગોત્ર કર્મનો સ્થિતિબંધ સૌથી અલ્પ.

(૨) તેનાથી જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોનો બંધ સંખ્યાતગણો.

(૩) તેનાથી મોહનીયનો સ્થિતિબંધ સંખ્યાતગણો.

મોહનીયનો બંધ ૧ પલ્યોપમ થાય ત્યાર પછી હજારો સ્થિતિઘાત જાય ત્યારે નામ-ગોત્રનો સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો કરે છે. ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો સ્થિતિબંધ કરે છે. ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે મોહનીયનો પણ સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કરે છે. તે કાલે સાતે કર્મોનો સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો થાય છે. તેનું અલ્પ-બહુત્વ આ પ્રમાણે છે.

(૧) નામ-ગોત્રનો બંધ. સૌથી અલ્પ.

(૨) તેનાથી જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોનો બંધ અસંખ્યાત ગુણો

(૩) તેનાથી મોહનીયનો બંધ, અસંખ્યાત ગુણો

આ સઘળી ચર્ચા સ્થિતિબંધને આશ્રયીને જાણવી. જ્યારે મોહનીયકર્મનો બંધ પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગનો થાય, ત્યારે સાતે કર્મોની સ્થિતિસત્તા સહસ્રપૃથક્ત્વ સાગરોપમ પ્રમાણ થાય છે.

ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે આ જીવમાં એવો એક વિશિષ્ટ ઉત્તમ અધ્યવસાય આવે છે કે જેના કારણે એક જ પ્રહાર (ઝાટકા) માત્રમાં મોહનીય કર્મનો બંધ જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોથી અસંખ્યાતગુણ હીન કરે છે. ત્યારે ક્રમ આ પ્રમાણે બની જાય છે (૧) નામ-ગોત્રનો સહુથી અલ્પ, (૨) મોહનીય, (૩) જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોનો ક્રમશઃ અસંખ્યાતગુણ બંધ.

ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે એક જ પ્રહાર વડે મોહનીયનો બંધ, નામ-ગોત્રથી પણ અસંખ્યાતગુણ હીન કરે છે. ત્યારે ક્રમ આવો બને છે (૧)

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહનીયનો સહુથી અલ્પ (૨) નામ-ગોત્ર (૩) જ્ઞાનાવરણીયાદિ ૪ નો બંધ. અનુક્રમે અસંખ્યાત ગણો. ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે જ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોનો સ્થિતિબંધ જે સમાન છે તેમાં ત્રણ ઘાતીકર્મોનો બંધ, વેદનીયકર્મના બંધ કરતાં અસંખ્યાતગુણહીન કરે છે ત્યારે ક્રમ આવો બને છે (૧) મોહનીયનો સર્વથી થોડો (૨) નામ-ગોત્ર, (૩) જ્ઞાનાવરણીયાદિ ત્રણ ઘાતીકર્મ અને (૪) વેદનીયકર્મનો બંધ અનુક્રમે અસંખ્યાત ગુણ થાય છે.

ત્યારબાદ હજારો સ્થિતિઘાત ગયે છતે તે જ્ઞાનાવરણીયાદિ ૩ ઘાતી કર્મોનો બંધ, નામ-ગોત્ર કર્મના બંધથી અસંખ્યાતગુણ હીન કરે છે. તે કાલે આવો ક્રમ બને છે.

(૧) મોહનીયનો સૌથી અલ્પ બંધ

(૨) તેનાથી જ્ઞાનાવરણીયાદિ ૩ નો બંધ અસંખ્યાતગુણ

(૩) તેનાથી નામ-ગોત્રકર્મનો બંધ અસંખ્યાતગુણ

(૪) તેનાથી વેદનીય કર્મનો બંધ અસંખ્યાતગુણ

આ પ્રમાણે નવમા ગુણઠાણામાં પ્રવેશેલા જીવમાં સાત કર્મોનો સ્થિતિબંધ ઘટતો જાય છે. ક્ષપકશ્રેણીનું આ જ માહાત્મ્ય છે કે કર્મોના બંધ તુટતા જાય-ઘટતા જાય.

જેમ જેમ સ્થિતિબંધ ઘટતો જાય છે. તેમ તેમ સત્તામાં રહેલી સ્થિતિ પણ સ્થિતિઘાતાદિ વડે તુટતી જાય છે. હ્રાસ પામતી જ જાય છે. હજારો હજારો સ્થિતિ-ઘાતાદિ વડે ઘટતી એવી સ્થિતિસત્તા પણ અસંજ્ઞી પંચેન્દ્રિયતુલ્ય, ચઉરિન્દ્રિયતુલ્ય, તેઈન્દ્રિયતુલ્ય, બેઈન્દ્રિયતુલ્ય, એકેન્દ્રિયતુલ્ય, ૧ પલ્યોપમ, ૧॥ પલ્યોપમ, ૨ પલ્યોપમ, ઈત્યાદિ થતાં થતાં અંતે (૧) સૌથી અલ્પ મોહનીયની સત્તા, (૨) તેનાથી જ્ઞાનાવરણીયાદિ ૩ ઘાતીકર્મની સ્થિતિસત્તા અસંખ્યગુણ, (૩) તેનાથી નામ-ગોત્રકર્મની સ્થિતિસત્તા અસંખ્યગુણ, અને (૪) તેનાથી વેદનીયકર્મની સ્થિતિસત્તા અસંખ્યગુણ રહે છે.

**અપ્રત્યાખ્યાનીય ૪, પ્રત્યાખ્યાનીય ૪, એમ ૮ કષાયના ક્ષયનો પ્રારંભ -**

અપૂર્વકરણમાં જીવે જ્યારે પ્રવેશ કર્યો ત્યારથી જ ઉપરોક્ત ૮ કષાયોનો સ્થિતિઘાતાદિ દ્વારા ક્ષય કરવાનો (સત્તામાંથી જ નિર્મૂલ કરવાનો) તે જીવે પ્રારંભ કરેલો છે. તે આઠ કષાયોનો એવી રીતે ઝડપથી ક્ષય કરે છે કે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે આ જીવ પહોંચે ત્યારે તે ૮ કષાયોની સત્તા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ તુલ્ય જ રહે છે. નવમા ગુણઠાણે તેનો ક્ષય ચાલુ જ રહે છે. નવમા ગુણઠાણાના સંખ્યાતા ભાગ ગયે છતે અને સંખ્યાતમો એક ભાગ બાકી રહે છતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આઠ કષાયોનો ક્ષય કરવાનું કામકાજ ચાલુ છે. તેની વચ્ચે જ નીચેની સોળ પ્રકૃતિઓનો આ જીવ ક્ષય કરે છે. ॥ ૭૮ ॥

**अनियट्टिबायरे थीणगिद्धितिग निरयतिरिअनामाओ ।**
**संखिज्जइमे सेसे, तप्पाउग्गाओ खीयंति ।। ७९ ।।**

**इत्तो हणइ कसायट्ठगंपि पच्छा नपुंसगं इत्थिं ।**
**तो नोकसायछक्कं, छुहइ संजलणकोहंमि ।। ८० ।।**

**अनिवृत्तिबादरे स्त्यानर्द्धित्रिकनरकतिर्यग्नामानि ।**
**संख्येयतमे शेषे, तत्प्रायोग्याः क्षपयन्ति ।। ७९ ।।**

**एतस्माद् हन्ति कषायाष्टकमपि पश्चाद् नपुंसकं स्त्रियम् ।**
**तस्माद् नोकषायषट्कं, क्षिपति संज्वलनक्रोधे ।। ८० ।।**

*ગાથાર્થ - અનિવૃત્તિ બાદર ગુણઠાણે સંખ્યાતમો ૧ ભાગ બાકી રહે છતે થિણદ્ધિત્રિક અને નરક તથા તિર્યંચપ્રાયોગ્ય નામકર્મની તેર, એમ કુલ ૧૬ પ્રકૃતિઓને આ જીવ ખપાવે છે. ॥ ૭૯ ॥*

*આ ૧૬ પ્રકૃતિઓ ખપાવ્યા પછી આઠ કષાયને પણ આ જીવ ખપાવે છે. ત્યાર બાદ અનુક્રમે નપુંસકવેદ, સ્ત્રીવેદ, અને હાસ્યષટ્કને ખપાવે છે. અને તેનો સંજ્વલન ક્રોધમાં પ્રક્ષેપ કરે છે. ॥ ૮૦ ॥*

વિવેચન - આ બન્ને ગાથા પણ મૂલ સપ્તતિકા ગ્રંથની નથી. ચૂર્ણિમાં અને સપ્તતિકાની વૃત્તિમાં સાક્ષીરૂપે વિવેચનમાં આ બન્ને ગાથા લખી છે. પણ મૂલભૂતગ્રંથની નથી.

થિણદ્ધિત્રિક તથા નરક અને તિર્યંચ ગતિપ્રાયોગ્ય નામકર્મની ૧૩ પ્રકૃતિઓ (સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, આતપ, ઉદ્યોત, નરકદ્વિક, તિર્યંચદ્વિક એકેન્દ્રિય જાતિ અને વિકલેન્દ્રિયત્રિક કુલ ૧૩) એમ સર્વે મળીને આ ૧૬ પ્રકૃતિઓનો આ જીવ આઠ કષાયોના ક્ષયની વચ્ચે જ ક્ષય કરે છે. આ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય પ્રથમ ઉદ્‌વલના સંક્રમ વડે કરે છે. ઉદ્‌વલના સંક્રમ કરતાં કરતાં જ્યારે આ ૧૬ કર્મપ્રકૃતિઓની સ્થિતિસત્તા પલ્યોપમના અસંખ્યાતમા ભાગની થઈ જાય છે. ત્યાર પછી ૧૬માંથી ૧૪નો બધ્યમાન પ્રકૃતિઓમાં ગુણસંક્રમ વડે સંક્રમાવીને ક્ષય કરે છે. (આતપ-ઉદ્યોત વિના ૧૪નો ગુણસંક્રમ થાય છે. આ બે પુણ્ય પ્રકૃતિ હોવાથી ઉદ્‌વલના સંક્રમ વડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ સમાપ્ત કરે છે). ત્યાર પછી બાકી રહેલા આઠ કષાયોનો આ જીવ એક અંતર્મુહૂર્ત કાલમાં ક્ષય કરે છે. ત્યારે મોહનીયની ૨૧માંથી ૧૩ની સત્તાવાળો બને છે.

કોઈ કોઈ આચાર્યો એમ પણ માને છે કે અપૂર્વકરણ ગુણઠાણાથી પ્રથમ ૧૬ પ્રકૃતિઓ ખપાવવાનો પ્રારંભ કરેલો. નવમે આવ્યા પછી ૧૬ પ્રકૃતિઓના ક્ષયની વચ્ચે જ ૮ કષાયો ખપાવે છે. અને ત્યારબાદ ૧૬ પ્રકૃતિઓની બાકી રહેલી સ્થિતિસત્તાનો ક્ષય કરે છે.

સોળ પ્રકૃતિઓ તથા આઠ કષાયોનો ક્ષય થયા પછી હજારો હજારો સ્થિતિઘાત ગયે છતે નીચે મુજબ ૧૨ પ્રકૃતિઓનો જે અનાદિકાલથી આજ સુધી સર્વઘાતી જ રસ બંધાતો હતો. તે હવે દેશઘાતી રસ બંધાય છે.

(૧) સૌ પ્રથમ મનઃપર્યવ જ્ઞાનાવરણીય અને દાનાન્તરાયનો દેશઘાતી રસ બંધાય, પછી
(૨) અવધિ જ્ઞાના. અવધિ દર્શના. અને લાભાન્તરાયનો દેશઘાતી રસ બંધાય, પછી
(૩) શ્રુતજ્ઞાના. અચક્ષુદર્શ. અને ભોગાન્તરાયનો દેશઘાતી રસ બંધાય, ત્યારપછી
(૪) ચક્ષુદર્શનાવરણીયનો દેશઘાતી રસ બંધાય, ત્યારપછી
(૫) મતિજ્ઞાના. અને ઉપભોગાંતરાય કર્મનો દેશઘાતી રસ બંધાય, ત્યારબાદ
(૬) વીર્યાન્તરાય કર્મનો દેશઘાતી રસ બંધાય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે બારે પ્રકૃતિઓનો દેશઘાતી રસ બંધાયે છતે નવ નોકષાય અને ચાર સંજ્વલન કષાય એમ કુલ ૧૩ પ્રકૃતિઓનું આ જીવ અંતરકરણ કરે છે. તેથી તેરે પ્રકૃતિઓની સ્થિતિસત્તાના બે ભાગ થઈ જાય છે. એક હેઠલી સ્થિતિ-પ્રથમ સ્થિતિ અર્થાત્ નાની સ્થિતિ અને બીજી ઉપરની સ્થિતિ-બીજી સ્થિતિ અર્થાત્ મોટી સ્થિતિ.

અંતરકરણ કરે ત્યારે ઉદયમાં વર્તતા ૩ વેદમાંથી કોઈપણ એક વેદ અને ચાર કષાયમાંથી કોઈપણ એક કષાય એમ બે કર્મપ્રકૃતિઓની પહેલી સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ રાખે છે અને બાકીની ૧૧ કર્મપ્રકૃતિઓની પહેલી સ્થિતિ ૧ આવલિકા માત્ર રાખે છે. પહેલી સ્થિતિની ઉપર એક અંતર્મુહૂર્ત પ્રમાણનું અંતરકરણ કરે છે. અંતરકરણ એટલે કે તે અંતર્મુહૂર્તની સ્થિતિમાં રહેલાં કર્મદલિકોને ઉપર-નીચેની સ્થિતિમાં કે પરપ્રકૃતિમાં નાખીને તેટલી સ્થિતિને કર્મદલિક વિનાની શુદ્ધ (ચોખ્ખી) કરવી તે. અંતરકરણ કર્યા પછી એકી સાથે નીચે મુજબ ૭ પદાર્થો કરે છે તેનું સ્વરૂપ ઉપશમશ્રેણીની જેમ ત્યાંથી સમજી લેવું. જેમકે -



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ક્રમપૂર્વક મોહનીયનો સંક્રમ
(૨) લોભનો અસંક્રમ
(૩) બધ્યમાન કર્મોની ૬ આવલિકા બાદ ઉદીરણા.
(૪) મોહનીયકર્મનો એકસ્થાનિક રસબંધ.
(૫) મોહનીયમાં એકઠાણીયા રસનો ઉદય.
(૬) મોહનીયનો સંખ્યાતા વર્ષનો બંધ.
(૭) નપુંસકવેદના ક્ષયનો પ્રારંભ.

આ સાત કાર્યો અંતરકરણ કર્યા પછી તુરત જ ચાલુ કરે છે.

ત્યારબાદ સૌથી પ્રથમ નપુંસકવેદના ક્ષયનો પ્રારંભ કરે છે. નપુંસકવેદની પ્રથમા સ્થિતિ | અંતરકરણ | દ્વિતીયા સ્થિતિ | આવા પ્રકારની સ્થિતિસત્તા છે. તેમાં જે પ્રથમ સ્થિતિ છે તે જો નપુંસકવેદના ઉદયે શ્રેણી પ્રારંભી હોય તો પોતાના ઉદય સ્વરૂપે જ ભોગવીને ક્ષય કરે છે અન્યથા (જો નપુંસકવેદે શ્રેણી ન પ્રારંભી હોય અને બીજા કોઈપણ વેદે શ્રેણી માંડી હોય તો) નપુંસકવેદની પ્રથમ સ્થિતિ એક આવલિકા માત્ર જ હોય છે. તેને સ્તિબૂક સંક્રમથી ઉદયવતી ચારિત્રમોહનીયની પ્રકૃતિમાં સંક્રમાવીને સમાપ્ત કરે છે. આ રીતે પ્રથમ સ્થિતિ સ્વોદયથી અથવા સ્તિબૂક સંક્રમથી ક્ષય થાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અંતરકરણ સંબંધી ઉકેરાતા દલિકનો નિક્ષેપવિધિનો નિયમ આ પ્રમાણે છે -

(૧) અંતરકરણ કરે ત્યારે જે કર્મનો બંધ અને ઉદય એમ બન્ને ચાલુ હોય તેના અંતરકરણનું કર્મદલિક પહેલી-બીજી એમ બન્ને સ્થિતિમાં નાખે છે. જેમકે પુરુષવેદના ઉદયે શ્રેણી માંડનારને પુરુષવેદનો બંધ પણ છે અને ઉદય પણ છે. તેથી પુરુષવેદનું અંતરકરણનું દલિક પુરુષવેદની બન્ને સ્થિતિમાં નખાય છે.

(૨) જે કર્મોનો માત્ર બંધ હોય પણ ઉદય ન હોય તે કર્મોનું અંતરકરણનું કર્મદલિક માત્ર બીજી સ્થિતિમાં નખાય છે. જેમકે નપુંસકવેદના ઉદયે શ્રેણી માંડનારને પુરુષવેદનો બંધ જ માત્ર છે. તેથી તેના અંતરકરણનું દલિક માત્ર બીજી સ્થિતિમાં જ નાખે છે.

(૩) જે કર્મોનો બંધ ન હોય પણ કેવલ ઉદય જ હોય તેવા કર્મોના અંતરકરણનું દલિક માત્ર પ્રથમ સ્થિતિમાં જ નખાય છે. જેમકે નપુંસકવેદના ઉદયે શ્રેણીના પ્રારંભકને નપુંસકવેદનું કર્મદલિક પહેલી સ્થિતિમાં જ નખાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) તે કાલે જે કર્મોનો બંધ પણ ન હોય અને ઉદય પણ ન હોય તેવી કર્મપ્રકૃતિઓનું કર્મદલિક બંધાતી એવી સજાતીય પરપ્રકૃતિમાં નાખે છે. જેમકે નપુંસકવેદના ઉદયે શ્રેણી માંડનાર સ્ત્રીવેદના અંતરકરણનું કર્મદલિક બંધાતા એવા પુરુષવેદમાં નાખે છે.

ઉપરોક્ત નિયમના આધારે નપુંસકવેદના અંતરકરણનું કર્મદલિક નપુંસકવેદના ઉદયે શ્રેણી માંડી હોય તો પહેલી સ્થિતિમાં જ માત્ર નાખે છે. બંધ ન હોવાથી બીજી સ્થિતિમાં નાખતો નથી અને જો અન્ય વેદે શ્રેણી માંડી હોય તો નપુંસકવેદનું અંતરકરણનું કર્મદલિક પરપ્રકૃતિમાં નાખે છે. હવે નપુંસકવેદની જે બીજી સ્થિતિ છે તેનો ઉદ્‌વલના અનુવિદ્ધ એવા ગુણસંક્રમ વડે નાશ કરવાની શરૂઆત કરે છે. જે હજારો સ્થિતિઘાત ગયે છતે નપુંસકવેદની તે બીજી સ્થિતિ સંપૂર્ણપણે નાશ થાય છે. આ રીતે નપુંસકવેદની પ્રથમ સ્થિતિ વિપાકોદયથી અથવા સ્તિબૂકસંક્રમથી નાશ કરે છે. અંતરકરણનું કર્મદલિક પહેલી સ્થિતિમાં નાખીને અથવા પરમાં સંક્રમાવીને ખાલી કરે છે. અને બીજી સ્થિતિ ઉદ્‌વલનાથી અનુવિદ્ધ એવા ગુણસંક્રમથી અંતર્મુહૂર્ત કાલે નાશ કરે છે. ત્યારે આ જીવ મોહનીય કર્મની ૧૩ ને બદલે ૧૨ ની સત્તાવાળો થાય છે. ત્યારબાદ નપુંસકવેદમાં કહેલા ક્રમ પ્રમાણે જ અંતર્મુહૂર્તકાળે સ્ત્રીવેદનો પણ તે ક્ષપક મહાત્મા ક્ષય કરે છે. તેથી ૧૨ ને બદલે ૧૧ ની સત્તાવાળો બને છે.

આ ૧૩-૧૨-૧૧ ની સત્તા પુરુષવેદે શ્રેણી માંડનારને જ આવે છે. અને તે ત્રણે સત્તા પાંચના બંધે જ આવે છે. એટલે તેને આશ્રયીને જ આ લખાણ જાણવું.

જો નપુંસકવેદના ઉદયે જ શ્રેણી પ્રારંભી હોય તો નપુંસકવેદ અને સ્ત્રીવેદ બન્ને સાથે ખપાવે છે. અને તે જ વખતે પુરુષવેદનો બંધવિચ્છેદ પણ થાય છે. તેથી પાંચના બંધે ૧૩ ની અને ચારના બંધે ૧૧ ની સત્તા આવે છે. સ્ત્રીવેદના ઉદયે જો શ્રેણી માંડી હોય તો પ્રથમ નપુંસકવેદ માત્ર જ ખપાવે છે. ત્યારબાદ સ્ત્રીવેદ ખપાવે છે. અને તે જ વખતે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે. તેથી પાંચના બંધે ૧૩-૧૨ ની સત્તા અને ચારના બંધે ૧૧ ની સત્તા આવે છે. અહીં પુરુષવેદના ઉદયે શ્રેણી માંડનારને આશ્રયી લખાય છે કે પ્રથમ ૧૩, નપુંસકવેદના ક્ષય પછી ૧૨, અને સ્ત્રીવેદના ક્ષય પછી ૧૧ ની સત્તા પુરુષવેદના ઉદયે શ્રેણિ પ્રારંભકને આવે છે.

સ્ત્રીવેદનો ક્ષય થાય ત્યારે મોહનીયકર્મની સ્થિતિસત્તા સંખ્યાતા વર્ષની હોય છે. ત્યાર પછીથી એક એક સ્થિતિઘાત ગયે છતે મોહનીય કર્મની સ્થિતિસત્તા સંખ્યાતગુણ હીન-સંખ્યાતગુણ હીન થાય છે અને જ્ઞાનાવરણીયાદિ ૩ ઘાતીકર્મોનો સ્થિતિબંધ સંખ્યાતા વર્ષનો થાય છે અને નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણ હીન-સંખ્યાતગુણ હીન થાય છે. નામ-ગોત્ર-વેદનીયનો બંધ હજુ અસંખ્યાત વર્ષપ્રમાણ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ત્રીવેદનો ક્ષય થયા પછી હાસ્યાદિષટ્ક અને પુરુષવેદ એમ ૭ કર્મોનો તે ક્ષપક મહાત્મા ક્ષય કરવા લાગે છે. ત્યારથી હાસ્યષટ્કનું બીજી સ્થિતિનું કર્મ દલિક ઉદ્વલના અનુવિદ્ધ ગુણસંક્રમ વડે સ્વમાં અને પરમાં એમ બન્નેમાં નાખે છે. પરંતુ અહીં પરમાં એટલે સંજ્વલન ક્રોધાદિ ૪ કષાયમાં નાખે છે એમ સમજવું. પણ પુરુષવેદમાં નાખતો નથી અને પુરુષવેદની બીજી સ્થિતિનું કર્મદલિક ઉદ્વલના સંક્રમ વડે સ્વમાં, અને યથાપ્રવૃત્ત સંક્રમ વડે પરમાં (સં. ક્રોધાદિમાં) નાખે છે. કારણ કે પુરુષવેદ બધ્યમાન હોવાથી પુરુષવેદનો ગુણસંક્રમ થતો નથી.

સાત નોકષાયોની ક્ષપણાના કાલનો સંખ્યાતમો ભાગ જાય ત્યારે નામ-ગોત્ર અને વેદનીય કર્મનો સ્થિતિબંધ પણ જે પહેલાં અસંખ્યાતા વર્ષનો હતો તે હવેથી સંખ્યાતા વર્ષ માત્રનો થાય છે અને નવો નવો સ્થિતિબંધ સંખ્યાતગુણ હીન-સંખ્યાતગુણ હીન જ થાય છે. આ પ્રમાણે સાત નોકષાયોનો ક્ષય કરતાં કરતાં જ્યારે પુરુષવેદની પ્રથમ સ્થિતિ બે આવલિકા માત્ર બાકી રહે છે. ત્યારે પુરુષવેદનો આગાલ (બીજી સ્થિતિમાંથી ઉદીરણાકરણ વડે કર્મદલિકોને આકર્ષીને પ્રથમ સ્થિતિમાં લાવવાં તે આગાલ) વિચ્છેદ પામે છે. અને જ્યારે પ્રથમ સ્થિતિ એક આવલિકા બાકી રહે છે. ત્યારે ઉદીરણા (પ્રથમ સ્થિતિમાંથી ઉદીરણાકરણ વડે આવલિકા બહારનાં દલિકો લાવીને ઉદયાવલિકામાં નાખવાં તે) પણ વિચ્છેદ પામે છે. અહીં પુરુષવેદ હવે એક આવલિકા માત્ર જ હોવાથી આવલિકા બહાર દલિકો ન હોવાથી ઉદીરણા થતી નથી તેથી હવે ઉદીરણાનો વિચ્છેદ થાય છે. તે ઉદયાવલિકાના ચરમ સમયે હાસ્યષટ્કનો સંપૂર્ણપણે ક્ષય થાય છે.

વળી તે જ સમયે પુરુષવેદનો બંધ અને ઉદય એમ બન્ને વિચ્છેદ પામે છે. તેથી ૧૧માંથી હાસ્યષટ્કનો ક્ષય થવાથી મોહનીયકર્મની સત્તા પાંચની થાય છે. તે જ સમયે પુરુષવેદનો બંધ-ઉદય ચાલ્યો જવાથી મોહનીયનો ચારનો બંધ અને એકનો ઉદય શરૂ થાય છે. એટલે નવમા ગુણઠાણાના પાંચ ભાગમાંથી પહેલો ભાગ પૂર્ણ થાય છે અને બીજો ભાગ શરૂ થાય છે. બીજા ભાગના પ્રથમ સમયે આ જીવ અવેદક (વેદના ઉદય વિનાનો) થયો છતો મોહનીયના ચારનો બંધક, એક સંજ્વલન કષાયનો વેદક અને પાંચની સત્તાવાળો બને છે. તે વખતે પુરુષવેદનું કર્મદલિક બીજી સ્થિતિમાં પડેલું અને બંધવિચ્છેદના પૂર્વકાલમાં બાંધેલું માત્ર ૧ સમયન્યૂન ૨ આવલિકા જેટલું જ બાકી વર્તે છે. શેષ સર્વ કર્મદલિક ક્ષીણ થયેલું જાણવું. પુરુષવેદનું બાકી વધેલું આ ૧ સમયન્યૂન ૨ આવલિકા પ્રમાણ કર્મદલિક સંજ્વલન ક્રોધનો ક્ષય કરતાં કરતાં સંજ્વલન ક્રોધમાં તેટલા જ કાલે ગુણસંક્રમ વડે અને ચરમસમયે સર્વસંક્રમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વડે સંક્રમાવી દે છે. એટલે બંધ-ઉદયના વિચ્છેદ પછી ૧ સમયન્યૂન ૨ આવલિકા કાળે પુરુષવેદ પણ સત્તામાંથી સર્વથા ક્ષય થાય છે. જ્યાં સુધી પુરુષવેદ ક્ષય ન પામે ત્યાં સુધી ચારના બંધે પાંચની સત્તા, અને પુરુષવેદ જ્યારે ક્ષય પામે ત્યારે આ જીવ ચારના બંધે એકના ઉદયે સં. ચાર કષાયની સત્તાવાળો બને છે. આ પુરુષવેદના ઉદયે શ્રેણી માંડનારને આશ્રયી જાણવું.

જો સ્ત્રીવેદના ઉદયે શ્રેણી માંડી હોય તો ૧૩ ની સત્તામાંથી પ્રથમ નપુંસકવેદનો ક્ષય થતાં ૧૨ ની સત્તા પાંચના બંધે નવમાના પ્રથમ ભાગે હોય છે. ત્યાર બાદ અંતર્મુહૂર્તકાલે સ્ત્રીવેદનો સંપૂર્ણ ક્ષય થાય છે. તે જ સમયે પુરુષવેદનો બંધ અટકી જાય છે. (પુરુષવેદનાં ઉદય-ઉદીરણા તો છે જ નહીં. કારણ કે હાલ સ્ત્રીવેદનો ઉદય ચાલે છે) ત્યારે બંધ ચાર સંજ્વલન કષાયનો અને સત્તા ૧૧ની થાય છે. ત્યાર બાદ ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલે હાસ્યષટ્ક અને પુરુષવેદ એમ સાતે પ્રકૃતિઓનો ક્ષય એકી સાથે જ કરે છે. તેથી નવમાના બીજા ભાગે સમયન્યૂન ૨ આવલિકા કાલ સુધી ૪ નો બંધ, ૧ નો ઉદય અને ૧૧ ની સત્તા અને ત્યારબાદ ૪ નો બંધ, ૧ નો ઉદય અને ૪ ની સત્તા જાણવી.

જો નપુંસકવેદના ઉદયે શ્રેણી પ્રારંભી હોય તો ૧૩ ની સત્તામાંથી નપુંસકવેદ અને સ્ત્રીવેદ બન્નેનો એકી સાથે જ ક્ષય કરે છે. તે જ સમયે પુરુષવેદનો બંધ વિચ્છેદ થાય છે. નવમાનો પ્રથમ ભાગ સમાપ્ત થાય છે. તેથી ચારના બંધે એકના ઉદયે ૧૧ની સત્તા રહે છે. અને ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલ જાય ત્યારે હાસ્યષટ્ક અને પુરુષવેદ એમ સાતે કર્મપ્રકૃતિઓનો આ જીવ એકી સાથે જ ક્ષય કરે છે. ત્યારે ચારના બંધે એકના ઉદયે ચાર સંજ્વલન કષાયની જ સત્તા રહે છે. જુદા જુદા ત્રણે વેદના ઉદયે શ્રેણી માંડનારા ત્રણે જીવોને પુરુષવેદના બંધવિચ્છેદ પછી ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલ ગયા પછી ૪ નો બંધ, ૧ નો ઉદય અને ૪ ની સત્તા થઈ જાય છે.

જ્યારે નવમા ગુણસ્થાનકનો પ્રથમ ભાગ સમાપ્ત થાય છે. ત્યારે પુરુષ વેદના ઉદયે શ્રેણી માંડનારને પુરુષવેદના બંધ-ઉદય વિચ્છેદ પામે છે. ત્યારબાદ બીજા ભાગના પ્રથમ સમયથી સંજ્વલન ક્રોધાદિ ચાર કષાયમાંથી કોઈ પણ એક કષાયનો ઉદય પ્રવર્તે છે. તેમાં જો સંજ્વલન ક્રોધનો ઉદય વર્તતો હોય તો તે ક્રોધને વેદવાના કાલના ત્રણ ભાગ કરે છે (૧) અશ્વકર્ણકરણાદ્ધા, (૨) કિટ્ટીકરણાદ્ધા, (૩) અને કિટ્ટીવેદનાદ્ધા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશ્વકર્ણકરણાદ્ધા નામના પ્રથમ ભાગમાં વર્તતા આ ક્ષપક મહાત્મા સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભ આ ચારે કષાયોનું બીજી સ્થિતિમાં જે કર્મદલિક છે. અને તેમાં પૂર્વે બાંધેલો જે રસ છે. તેના સ્પર્ધકોને અનંતગુણહીન અનંતગુણહીન રસ કરવા વડે, વર્ગણાઓ અને સ્પર્ધકોની એકોત્તર વૃદ્ધિના ક્રમને તોડ્યા વિના અપૂર્વસ્પર્ધકો કરે છે. (જેનું સ્વરૂપ ઉપશમશ્રેણીમાં કહેલા સંજ્વલન લોભની જેમ જાણવું.) તે અપૂર્વસ્પર્ધકો કરતાં કરતાં જ, નવમાના બીજા ભાગના પ્રારંભના ૧ સમયન્યૂન ૨ આવલિકા કાલમાં પુરુષવેદ ગુણસંક્રમ દ્વારા અને ચરમસમયે સર્વસંક્રમ દ્વારા સંપૂર્ણપણે વચ્ચે જ ક્ષીણ થઈ જાય છે. એટલે મોહનીયની ૪ ની સત્તા થાય છે. આ પ્રમાણે એક અંતર્મુહૂર્તકાલે અશ્વકર્ણકરણાદ્ધાનો કાલ અને અપૂર્વ સ્પર્ધકોનું બનાવવું સમાપ્ત થાય છે. આ અનંતગુણહીન રસવાળાં અપૂર્વસ્પર્ધકો બનાવ્યાં છે. તેથી હીન રસવાળાં થયેલાં તે સ્પર્ધકોમાંથી હવે પછીના કાલમાં તેની કિટ્ટીઓ કરવી સરળ પડે છે. એટલે પ્રથમ અપૂર્વસ્પર્ધકોનું વિધાન છે. હીન રસ કરેલાનો વધારે હીન રસ કરવો સુકર બને છે.

અશ્વકર્ણકરણાદ્ધાનો અંતર્મુહૂર્ત કાલ સમાપ્ત થયા પછી તેમાં અનંત ગુણ હીન રસવાળાં અપૂર્વસ્પર્ધકો બનાવ્યા બાદ આ ક્ષપક મહાત્મા કિટ્ટીકરણાદ્ધામાં પ્રવેશ કરે છે. અને ચારે સંજ્વલન કષાયોના, બીજી સ્થિતિમાં રહેલા કર્મદલિકની, એટલે કે અપૂર્વસ્પર્ધકો જેનાં થયેલાં છે. તેવાં કર્મદલિકોની તેમાંથી પણ અનંતગુણો-અનંતગુણો રસ હણીને, વર્ગણાઓનો એકોત્તરવૃદ્ધિનો ક્રમ તોડીને અનંતી અનંતી કિટ્ટીઓ કરે છે. જેમ સોપારી અથવા ગંઠોડાનો અખંડ ટુકડો ખાવો મુશ્કેલ બને, પણ તેનો ચૂરો કર્યો હોય તો સુખે સુખે ખાઈ શકાય છે. તેમ જે જે કર્મપરમાણુઓમાં અનંતગુણો અનંતગુણો રસ હોય છે. તેનો સીધેસીધો ઘાત કરવો ઘણો જ મુશ્કેલ બને છે. તે માટે તેમાંથી અનંતગુણહીન-અનંતગુણહીન રસ કરીને અશ્વકર્ણકરણાદ્ધામાં વર્ગણાઓનો એકોત્તરવૃદ્ધિક્રમ તોડ્યા વિના અપૂર્વસ્પર્ધકો કરે છે. આ અપૂર્વસ્પર્ધકો અનંતગુણહીન રસવાળાં બનેલાં હોવાથી તેમાંથી રસઘાત કરીને કિટ્ટીઓ કરવી સરળ બને છે. તે માટે કિટ્ટીકરણાદ્ધામાં તેવી કિટ્ટીઓ કરે છે. આ રીતે એકોત્તરવૃદ્ધિનો ક્રમ તુટી જવાથી તે કર્મપરમાણુઓનું જે સંગઠિત બળ હતું તે નાશ પામવાથી, વિખરાઈ ગયેલા શત્રુરાજાના સૈન્યને જીતવું જેમ સરળ પડે તેમ છુટા છુટા પડેલા આ કર્મસ્કંધોને હવે સ્પર્ધક ન કહેતાં કિટ્ટીઓ કહેવાય છે. અને તે કિટ્ટીઓ અત્યન્ત બલહીન બનેલી હોવાથી આ જીવ સુખે સુખે તેનો મૂલથી ક્ષય કરી શકે છે.

ચારે સંજ્વલન કષાયની કરાયેલી આ કિટ્ટીઓ તત્ત્વતઃ જોકે અનંતી થાય છે. તો પણ જૈન શાસ્ત્રોમાં તેને સમજવા માટે ત્રણ ત્રણ ભાગમાં કલ્પવામાં આવે છે. તેથી ચાર કષાયોની ૪ × ૩ = ૧૨ કિટ્ટીઓ કહેવાય છે. જે જીવો સંજ્વલન ક્રોધના ઉદયે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રેણી પ્રારંભે છે. તેઓ આ રીતે ૧૨ કિટ્ટી કરે છે. પરંતુ જો સંજ્વલન માનના ઉદયે શ્રેણી પ્રારંભી હોય તો સ્ત્રીવેદના ઉદયે શ્રેણી આરંભનાર પુરુષવેદનો જે રીતે ક્ષય કરે છે તે પ્રમાણે પ્રથમ સંજ્વલન ક્રોધનો ક્ષય કર્યા પછી માન-માયા-અને લોભની ૯ કિટ્ટીઓ જ કરે છે. એ જ રીતે જો માયાના ઉદયે ક્ષપકશ્રેણી માંડી હોય તો સ્ત્રીવેદના ઉદયે શ્રેણી આરંભનાર પુરુષવેદનો જે રીતે ક્ષય કરે છે તે પ્રમાણે ક્રોધ-માનનો ક્ષય કર્યા પછી માયા-લોભની ૬ કિટ્ટીઓ જ કરે છે. અને જો લોભના ઉદયે ક્ષપકશ્રેણી પ્રારંભી હોય તો સ્ત્રીવેદના ઉદયે શ્રેણી આરંભનાર પુરુષવેદનો જે રીતે ક્ષય કરે છે તે પ્રમાણે ક્રોધ-માન-માયાનો ક્ષય કર્યા પછી માત્ર લોભની ૩ કિટ્ટીઓ જ કરે છે.

કિટ્ટીકરણાદ્ધાના ચરમ સમયે સંજ્વલન ક્રોધાદિ ૪ કષાયોનો અંતર્મુહૂર્ત અધિક ૪ માસનો સ્થિતિબંધ હોય છે. અંતર્મુહૂર્ત અધિક આઠ વર્ષની સ્થિતિસત્તા હોય છે. તથા કિટ્ટીકરણાદ્ધાના ચરમસમયે ક્રોધનું પ્રથમ સ્થિતિની એક આવલિકામાં રહેલું પૂર્વ-અપૂર્વસ્પર્ધકોનું દલિક, અને ચારે કષાયોનો બંધ ચાલુ હોવાથી પ્રતિસમયે બંધાતું ચારે કષાયોનું છેલ્લા ૧ સમયન્યૂન બે આવલિકા કાળમાં બાંધેલું બીજી સ્થિતિમાં પડેલું કર્મદલિક, આમ પ્રથમ સ્થિતિગત ૧ આવલિકા પ્રમાણ, અને દ્વિતીય સ્થિતિગત ૧ સમયન્યૂન ૨ આવલિકા પ્રમાણ એમ બે પ્રકારના દલિકને મૂકીને બાકીનું ચાર કષાયોનું તમામ કર્મદલિક કિટ્ટીરૂપે પરિણામ પામી જાય છે. ચારે કષાયના બાકીના તમામ કર્મદલિકોની કિટ્ટીઓ થઈ જાય છે. ત્યારબાદ આ ક્ષપક મહાત્મા કિટ્ટીવેદનાદ્ધામાં પ્રવેશ કરે છે.

કિટ્ટીવેદનાદ્ધામાં પ્રવેશેલો આ જીવ સંજ્વલન ક્રોધની બીજી સ્થિતિમાં રહેલી ત્રણ કિટ્ટીઓમાંથી સૌથી પ્રથમ પહેલી કિટ્ટીમાં જે કર્મદલિક છે. તેને અપવર્તના કરણ વડે આકર્ષીને સંજ્વલન ક્રોધની પ્રથમ સ્થિતિરૂપે કરે છે. અને વેદે છે. તે કિટ્ટીવેદનાદ્ધા કહેવાય છે. આ કિટ્ટીવેદનાદ્ધાના પ્રથમ સમયથી જ આ કિટ્ટીઓનો ઉદય-ઉદીરણા અને આગાલ શરૂ થઈ જાય છે. તથા કિટ્ટીવેદનાદ્ધાથી પૂર્વકાલમાં એટલે કે કિટ્ટીકરણાદ્ધામાં પ્રથમ સ્થિતિમાં જે એક આવલિકા પ્રમાણ દલિક બાકી રહ્યું હતું. (કે જેની કિટ્ટીઓ કરી ન હતી) તે એક આવલિકા પ્રમાણ કર્મદલિકોને કિટ્ટીરૂપે પરિણમાવીને, બીજી સ્થિતિમાંથી પ્રથમ સ્થિતિરૂપે કરાયેલ અને ઉદયમાં આવેલ પ્રથમ કિટ્ટીકૃત કર્મદલિકોમાં જ સ્તિબૂક સંક્રમથી સંક્રમાવે છે અને તેની સાથે ભોગવીને તે પ્રથમ સ્થિતિગત આવલિકા પ્રમાણ કર્મદલિકોનો નિકાલ કરે છે.

તથા કિટ્ટિકરણાદ્ધાના છેલ્લા કાલે બાંધેલું અને બીજી સ્થિતિમાં પડી રહેલું ૧ સમયન્યૂન બે આવલિકા કાલ પ્રમાણ જે કર્મદલિક છે. તેને પણ કિટ્ટીવેદનાદ્ધાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલે ગુણસંક્રમથી સંજ્વલનની બીજી સ્થિતિમાં સંક્રમાવે છે. એટલે કે કિટ્ટીરૂપે પરિણામ પમાડે છે. આ રીતે કરતાં કરતાં બીજી સ્થિતિમાંથી પ્રથમ કિટ્ટી લાવીને જે પ્રથમ સ્થિતિરૂપે કરીને વેદાય છે. તેની એક આવલિકા બાકી રહે ત્યાં સુધી જાય છે.

ત્યાર બાદ સંજ્વલન ક્રોધની બીજી સ્થિતિમાં રહેલ બીજી કિટ્ટીકૃત દલિકને અપવર્તના કરણ દ્વારા આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને વેદે છે. અને તેની સાથે પ્રથમ કિટ્ટીકૃત કર્મદલિકોની જે એક આવલિકા પ્રમાણ સ્થિતિ બાકી રહી છે. તેને બીજી કિટ્ટીનું પ્રથમ સ્થિતિમાં લાવેલું જે કર્મદલિક છે. તેમાં સ્તિબૂકસંક્રમથી સંક્રમાવે છે. આ રીતે બીજી કિટ્ટીને વેદતાં વેદતાં આ જીવ ત્યાં સુધી જાય છે કે તેની પણ એક આવલિકા બાકી રહે. ત્યાર બાદ સંજ્વલન ક્રોધની બીજી સ્થિતિમાં રહેલી ત્રીજી કિટ્ટીકૃત કર્મદલિકને અપવર્તનાકરણ વડે ત્યાંથી આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને વેદે છે. તેની સાથે બીજી કિટ્ટીની વધેલી એક આવલિકા પ્રમાણ સ્થિતિને સ્તિબૂક સંક્રમથી તેમાં સંક્રમાવીને ભોગવી લે છે.

આ રીતે ત્રીજી કિટ્ટીનું પ્રથમ સ્થિતિરૂપે કરાયેલું કર્મદલિક ભોગવતો ભોગવતો આ જીવ ત્યાં સુધી આગળ જાય છે કે તે ત્રીજી કિટ્ટીની પણ એક આવલિકા બાકી રહે. તે જ સમયે સંજ્વલન ક્રોધના બંધ-ઉદય અને ઉદીરણા એકી સાથે વિચ્છેદ પામે છે. નવમા ગુણઠાણાનો બીજો ભાગ પણ પૂર્ણ થાય છે. તે કાલે સંજ્વલન ક્રોધનું પહેલી સ્થિતિમાં ત્રીજી કિટ્ટીનું લાવેલું કર્મદલિક એક આવલિકા પ્રમાણ, અને બીજી સ્થિતિમાં છેલ્લા કાલમાં બાંધેલું ૧ સમયન્યૂન ૨ આવલિકા પ્રમાણ બાકી રહે છે. તે વિનાનું બાકીનું બધું જ ક્રોધનું કર્મદલિક ક્ષીણ થયેલું જાણવું.

જ્યારે સંજ્વલન ક્રોધની બીજી સ્થિતિમાંથી પહેલી-બીજી-અને ત્રીજી કિટ્ટી લવાતી હતી, પ્રથમ સ્થિતિરૂપે કરાતી હતી અને તે ત્રણે કિટ્ટીઓ ઉદયથી ભોગવાતી હતી. ત્યારે આ જીવ બીજી સ્થિતિમાંથી કર્મદલિકોને ગુણસંક્રમ વડે પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે માનમાં સંક્રમાવે પણ છે. આ રીતે નવમા ગુણઠાણાના બીજા ભાગના ચરમસમયે જીવ જ્યારે આવે છે ત્યારે સંજ્વલન ક્રોધનાં બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ પામે છે અને પ્રથમ સ્થિતિમાં એક આવલિકા અને બીજી સ્થિતિમાં ૧ સમયન્યૂન બે આવલિકા માત્ર કર્મદલિક ક્રોધનું બાકી રહે છે બાકીનો તમામ ક્રોધ ક્ષય થયેલો છે. માત્ર આટલી જ સત્તા બાકી રહે છે.

ત્યારબાદ નવમા ગુણઠાણાના ત્રીજા ભાગના પ્રથમ સમયે સંજ્વલન માનની બીજી સ્થિતિમાં રહેલી પ્રથમ કિટ્ટીને અપવર્તના કરણ વડે આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરે છે અને ઉદયથી ભોગવે છે. એ જ પ્રમાણે પછી બીજી કિટ્ટીને અને પછી ત્રીજી કિટ્ટીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાવીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને ઉદયથી ભોગવે છે. તે કાલે સંજ્વલન ક્રોધની પહેલી સ્થિતિમાં ત્રીજી કિટ્ટીની વધેલી આવલિકાને માનની પ્રથમ સ્થિતિરૂપે કરાયેલી કિટ્ટીમાં સ્તિબૂક સંક્રમથી સંક્રમાવે છે. આ રીતે તેનો નિકાલ કરે છે અને બીજી સ્થિતિમાં ૧ સમયન્યૂન ૨ આવલિકા પ્રમાણ જે કર્મદલિક વધેલું છે. તેને ગુણસંક્રમથી માનની બીજી સ્થિતિમાં સંક્રમાવી દે છે. આ પ્રમાણે માન-માયા-લોભમાં પણ જાણવું.

આ રીતે પહેલી કિટ્ટીની વધેલી આવલિકાને બીજી કિટ્ટીમાં, બીજી કિટ્ટીની વધેલી આવલિકાને ત્રીજી કિટ્ટીમાં, અને ત્રીજી કિટ્ટીની વધેલી એક આવલિકાને ક્રોધની માનમાં, માનની માયામાં, માયાની લોભમાં સંક્રમાવે છે. તથા ચારે કષાયોની બીજી સ્થિતિમાં બંધવિચ્છેદના કાલમાં બાંધેલ જે ૧ સમયન્યૂન ૨ આવલિકાકાલ પ્રમાણ કર્મદલિક રહે છે. તે પણ ગુણસંક્રમથી ક્રોધનું માનમાં, માનનું માયામાં અને માયાનું લોભમાં સંક્રમાવે છે. આ જ હકીકત ગ્રંથકારશ્રી હવે પછીની ગાથામાં જણાવે છે. ॥ ૭૯-૮૦ ॥

**पुरिसं कोहे कोहं, माणे माणं च छुहइ मायाए ।**
**मायं च छुहइ, लोहे लोहं सुहुमं पि तो हणइ ।। ८१ ।।**

**पुरुषं क्रोधे क्रोधं, माने मानं च क्षिपति मायायाम् ।**
**मायां च क्षिपति लोभे, लोभं सूक्ष्ममपि तस्माद् हन्ति ।। ८१ ।।**

*ગાથાર્થ - વધેલા પુરુષવેદને સંજ્વલન ક્રોધમાં, ક્રોધને માનમાં, માનને માયામાં, અને માયાને લોભમાં સંક્રમાવે છે ત્યાર બાદ લોભને સૂક્ષ્મ સૂક્ષ્મ કરીને હણે છે. ॥ ૮૧ ॥*

વિવેચન - ભાવાર્થ સુગમ છે. ૮૦મી ગાથાના વિવેચનમાં છેલ્લા ભાગમાં લગભગ બધો જ અર્થ સમજાવી દીધેલ છે.

સંજ્વલન માનની બીજી સ્થિતિમાંથી પહેલી કિટ્ટી, બીજી કિટ્ટી અને ત્રીજી કિટ્ટીને લાવીને પ્રથમ સ્થિતિરૂપે કરીને ઉદયથી ભોગવતાં ભોગવતાં આ જીવ ત્યાં સુધી આગળ જાય છે કે ત્રીજી કિટ્ટીનું પણ દલિક એક આવલિકા માત્ર બાકી રહે. ત્યારે નવમાનો ત્રીજો ભાગ પૂરો થાય છે. સંજ્વલન માનનાં બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ પામે છે. માનની સત્તા પણ પ્રથમ સ્થિતિમાં ૧ આવલિકા અને બીજી સ્થિતિમાં ૧ સમયન્યૂન ૨ આવલિકા માત્ર જ રહે છે. શેષ સઘળું માનનું કર્મદલિક પણ નાશ પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે નવમા ગુણઠાણાના ચોથા ભાગના પ્રથમ સમયે સંજ્વલન માયાની બીજી સ્થિતિમાંથી પહેલી કિટ્ટીના કર્મદલિકને અપવર્તના કરણ વડે ઉતારીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને વેદે છે. તેની ૧ આવલિકા બાકી રહે ત્યારે બીજી કિટ્ટીને ઉતારે, અને તેની પણ ૧ આવલિકા બાકી રહે ત્યારે ત્રીજી કિટ્ટીને ઉતારે છે અને પ્રથમ સ્થિતિરૂપે કરીને વેદે છે. બાકી વધેલી એક-એક આવલિકા આગળની કિટ્ટીમાં સ્તિબૂક સંક્રમથી સંક્રમી જાય છે. બીજી સ્થિતિમાં બાંધેલું જે કર્મદલિક વધેલું છે તે ગુણસંક્રમથી પરમાં સંક્રમી જાય છે. તથા ત્રણે કિટ્ટીઓને ભોગવવાના કાલે બીજી સ્થિતિમાંથી પ્રતિસમયે અસંખ્યાત ગુણાકારે ગુણસંક્રમથી પરમાં સંક્રમાવવાનું કામ પણ ચાલુ જ હોય છે. આ રીતે આગળ વધતાં માયાની ત્રીજી કિટ્ટીની એક આવલિકા જ્યારે બાકી રહે છે. ત્યારે નવમા ગુણઠાણાનો ચોથો ભાગ સમાપ્ત થાય છે. માયાનાં બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ પામે છે. સત્તા પણ પહેલી સ્થિતિમાં એક આવલિકા અને બીજી સ્થિતિમાં ૧ સમયન્યૂન ૨ આવલિકા જ રહે છે. બાકીની બધી જ માયા પણ ક્ષીણ થયેલી જાણવી.

હવે નવમા ગુણઠાણાના પાંચમા ભાગે સંજ્વલન લોભની બીજી સ્થિતિમાં રહેલી પહેલી કિટ્ટીકૃત કર્મદલિકને અપવર્તના કરણ વડે આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે અને વેદે, તેની સાથે માયાની ત્રીજી કિટ્ટીનું પ્રથમ સ્થિતિમાં વધેલું એક આવલિકા પ્રમાણ કર્મ દલિક સ્તિબૂક સંક્રમથી સંક્રમાવીને ભોગવી લે છે. અને બીજી સ્થિતિમાં છેલ્લા બંધકાળમાં બાંધેલું ૧ સમયન્યૂન ૨ આવલિકા પ્રમાણ કર્મદલિક ગુણસંક્રમથી લોભની બીજી સ્થિતિમાં સંક્રમાવીને તેટલા જ કાળે માયાનો સર્વથા ક્ષય કરે છે. આ પ્રમાણે એક અંતર્મુહૂર્ત કાળ ગયે છતે લોભની પ્રથમ સ્થિતિગત પ્રથમ કિટ્ટીકૃત કર્મદલિક એક આવલિકાનું જ બાકી રહે છે શેષ ક્ષીણ થાય છે.

ત્યાર પછીના સમયે લોભની દ્વિતીય સ્થિતિમાં રહેલું બીજી કિટ્ટીનું કર્મ દલિક અપવર્તના કરણ વડે આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને વેદે છે. આ પ્રમાણે લોભની બીજી કિટ્ટીકૃત કર્મદલિકને નીચે લાવીને જ્યારે વેદતો હોય છે ત્યારે બીજી સ્થિતિમાં જે ત્રીજી કિટ્ટીકૃત કર્મદલિક પડેલું છે. તેને અતિશય સૂક્ષ્મ કિટ્ટીરૂપે કરવાનું કામ ખાસ કરે છે. આ વાત સમજાવે છે કે - તે કાલે બીજું એક નવું કાર્ય પણ કરે છે. નવું કાર્ય શું કરે છે ? આવા પ્રશ્નનો જવાબ તે સમજવો કે પ્રથમ સ્થિતિરૂપે કરાયેલી લોભની બીજી કિટ્ટીને વેદતો વેદતો તે જીવ, તે જ લોભની બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટીનાં કર્મદલિકોનો (કિટ્ટીરૂપે તો છે જ, તેમાં પણ અનંતગુણહીન - અનંતગુણહીન) રસહીન કરવા દ્વારા અત્યન્ત સૂક્ષ્મ એવી કિટ્ટીઓ કરે છે. બીજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કિટ્ટીનું કર્મદલિક ઉદયથી ભોગવે છે. તે જ કાલે ત્રીજી કિટ્ટીનું કર્મદલિક અનંતગુણહીન અનંતગુણહીન રસવાળું કરીને સૂક્ષ્મકિટ્ટીરૂપે કરે છે.

આમ કરતાં કરતાં લોભની પ્રથમ સ્થિતિરૂપે કરાયેલ બીજી કિટ્ટીના દલિકોને વેદતાં વેદતાં એક આવલિકા બાકી રહે ત્યાં સુધી જીવ આવે છે. ત્યાર પછીના સમયે (હજુ લોભની બીજી સ્થિતિમાં ત્રીજી કિટ્ટીનું સૂક્ષ્મકિટ્ટીરૂપે કરાયેલું કર્મદલિક બાકી છે. તો પણ) નવમા ગુણઠાણાનો પાંચમો ભાગ પરિપૂર્ણ થાય છે. બાદર લોભનો ઉદય-ઉદીરણા સમાપ્ત થાય છે. લોભનો બંધ સર્વથા વિરામ પામે છે. આ બધું એકી સાથે થાય છે. હવે લોભની બીજી સ્થિતિમાં રહેલાં, ત્રીજી કિટ્ટીરૂપે બનેલાં અને અતિશય સૂક્ષ્મકિટ્ટીરૂપે કરાયેલાં કર્મદલિકોને અપવર્તના કરણ વડે આકર્ષીને પ્રથમ સ્થિતિરૂપે કરે છે અને વેદે છે. તે કાલે આ જીવ સૂક્ષ્મકિટ્ટીકૃત લોભને વેદતો હોવાથી "સૂક્ષ્મસંપરાય" કહેવાય છે.

સંજ્વલનના ચારે કષાયોમાં પહેલી અને બીજી કિટ્ટીની વધેલી આવલિકા અનુક્રમે બીજી અને ત્રીજી કિટ્ટીના દલિકોની સાથે ભોગવાય છે અને તૃતીય કિટ્ટીકૃત કર્મદલિક ક્રોધનું માનમાં, માનનું માયામાં, અને માયાનું લોભમાં નાખીને ભોગવાય છે. આ રીતે દશમા ગુણઠાણે આવેલો આ જીવ સૂક્ષ્મકિટ્ટીઓને ઉદયથી ભોગવે પણ છે. અને કેટલીક તે જ સૂક્ષ્મકિટ્ટીઓને સ્થિતિઘાતાદિ વડે ઘાત કરતાં કરતાં ખપાવે પણ છે. આમ પ્રથમ સ્થિતિગતને ભોગવતો અને દ્વિતીય સ્થિતિગતને ખપાવતો આ જીવ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યાં સુધી જાય છે. હજુ સંજ્વલન લોભની સ્થિતિસત્તા વધારે છે અને દશમા ગુણઠાણાનો કાલ અલ્પ છે. તેથી જેમ ચક્રવર્તી રાજા સામેના શત્રુરાજા સાથે જ્યારે યુદ્ધ લંબાતું જતું હોય ત્યારે છેલ્લે ચક્રરત્નનો ઉપયોગ કરે છે, તેમ આ ક્ષપક મહાત્મા "સર્વાપવર્તના" નામના કરણવિશેષ વડે લોભ ઉપર મોટો પ્રહાર કરીને તેને અપવર્તાવીને દશમા ગુણઠાણાના કાલપ્રમાણ કરે છે. હજુ દશમું ગુણસ્થાનક અંતર્મુહૂર્ત કાલ પ્રમાણ બાકી હોય છે.

હવે લોભના સ્થિતિઘાતાદિ થતા નથી. જ્ઞાનાવરણીયાદિના સ્થિતિઘાતાદિ ચાલુ રહે છે. લોભની અપવર્તિત થયેલી આ સ્થિતિને (સૂક્ષ્મકિટ્ટીરૂપે કરાયેલી, પ્રથમ સ્થિતિમાં લવાયેલી, ત્રીજી કિટ્ટીને) ઉદય અને ઉદીરણા વડે ભોગવતાં ભોગવતાં આ જીવ ત્યાં સુધી જાય છે કે દશમા ગુણઠાણાનો સમયાધિક આવલિકા કાલ બાકી રહે. ત્યાર પછીના સમયે હવે લોભની ઉદીરણા વિરામ પામે છે. દશમા ગુણઠાણાની છેલ્લી એક આવલિકામાં, લોભની જે સૂક્ષ્મકિટ્ટીઓ છે તેને માત્ર ઉદયથી ભોગવીને સમાપ્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરે છે. બંધ નવમે જ અટકી ગયેલ હોવાથી સમયન્યૂન ૨ આવલિકા જેટલું કર્મદલિક ક્રોધ-માનાદિમાં જે બચતું હતું તેની જેમ અહીં બચતું નથી. એટલે બીજી સ્થિતિ પણ નિર્લેપ અને પ્રથમ સ્થિતિ પણ નિર્લેપ બને છે.

આ રીતે દશમા ગુણઠાણાના ચરમ સમયે લોભનો ઉદય વિચ્છેદ થાય છે. દશમું ગુણસ્થાનક સમાપ્ત થાય છે. જ્ઞાનાવરણીયાદિ ૧૬ કર્મપ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય છે અને મોહનીયનો ઉદય તથા સત્તાનો મૂલથી સંપૂર્ણ વિનાશ થાય છે. જ્ઞાનાવરણીયાદિ ૩ ઘાતીકર્મોનો દશમાના છેલ્લા સમયે અંતર્મુહૂર્તનો સ્થિતિબંધ થાય છે. નામ-ગોત્રકર્મનો આઠ મુહૂર્તનો સ્થિતિબંધ થાય છે અને વેદનીયકર્મનો ૧૨ મુહૂર્તનો સ્થિતિબંધ થાય છે. છ કર્મોનો આ જ સ્થિતિબંધ સૌથી જઘન્યમાં જઘન્ય સ્થિતિબંધ કહેવાય છે. અહીં જ ૩ ઘાતીકર્મોનો જઘન્ય રસબંધ અને ૩ અઘાતીકર્મોની શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ થાય છે. ઘાતીકર્મોની અંતર્મુહૂર્તની સ્થિતિસત્તા અને અઘાતીકર્મોની અસંખ્યાત વર્ષોની સ્થિતિસત્તા હોય છે. સંજ્વલન લોભનો જઘન્યમાં જઘન્ય રસોદય હોય છે. ત્યાર પછીના અનંતર સમયે આ ક્ષપક મહાત્મા ક્ષીણમોહી બને છે. બારમા ગુણઠાણા ઉપર આરૂઢ થાય છે.

जैन साईट JAINSITE.com जनम् जयति शासनम्

ક્રોધના ઉદયે શ્રેણી માંડનાર માટે ઉપર મુજબ જાણવું. માનના ઉદયે શ્રેણી માંડનાર મહાત્મા ક્રોધનો સ્ત્રીવેદના ઉદયે શ્રેણી માંડનાર જીવ જે રીતે પુરુષ વેદનો ક્ષય કરે છે. તે રીતે પ્રથમ નાશ કરે છે. ત્યાર બાદ માન-માયા-લોભની જ (૩ + ૩ + ૩ = ૯) કિટ્ટીઓ કરે છે. આ જ પ્રમાણે માયાના ઉદયે શ્રેણી માંડનાર મહાત્મા પ્રથમ સ્ત્રીવેદના ઉદયે શ્રેણી માંડનાર જીવ જે રીતે પુરુષ વેદનો ક્ષય કરે છે. તે રીતે ક્રોધ-માનનો નાશ કરે છે. પછી માયા-લોભની ૬ જ કિટ્ટીઓ કરે છે. લોભના ઉદયે શ્રેણી માંડનાર મહાત્મા ત્રણ કષાયોનો સ્ત્રીવેદના ઉદયે શ્રેણી માંડનાર જીવ જે રીતે પુરુષ વેદનો ક્ષય કરે છે. તે રીતે નાશ કરે છે અને માત્ર લોભની જ ૩ કિટ્ટીઓ કરે છે.

હવે મોહનીયકર્મનો સર્વથા ક્ષય કરીને બારમા ગુણઠાણે આવેલા જીવને ક્ષાયિક યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થાય છે. કષાયોદય ન હોવાથી યોગપ્રત્યયિક સાતાવેદનીયના બંધ વિના બીજાં કોઈ કર્મોનો બંધ થતો નથી. તથા સાતાવેદનીયનો પણ જે બંધ થાય છે તેમાં કષાયોદય ન હોવાથી સ્થિતિબંધ અને રસબંધ થતો નથી. માત્ર પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ જ થાય છે. જે પ્રથમ સમયે બંધાય અને બીજા સમયે ઉદયમાં આવી ભોગવાઈને નાશ થાય છે. આવા પ્રકારના યોગપ્રત્યયિક બંધને "ઈર્યાપથિક બંધ" કહેવાય છે.

સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણી વગેરે કાર્યો ૩ ઘાતીકર્મમાં અને ૩ અઘાતીકર્મમાં ચાલુ જ રહે છે. આમ સ્થિતિઘાતાદિ વડે કર્મોનો ક્ષય કરતા કરતા આ મહાત્મા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બારમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યાં સુધી જાય છે. તે સમયે આ જીવ સર્વાપવર્તના નામના કરણ વડે જ્ઞાનાવરણીય કર્મ ૫, અંતરાયકર્મ ૫, અને દર્શનાવરણીય કર્મ ૬ એમ કુલ ૧૬ કર્મોની સ્થિતિસત્તાનો ઘાત કરીને બારમા ગુણઠાણાના બાકી રહેલા કાલ પ્રમાણ કરે છે. ફક્ત તેમાં નિદ્રાદ્વિકની સ્થિતિસત્તા નિદ્રાપણે બારમાના ઉપાન્ત્ય સમય સુધી રહે તેવી ૧ સમયન્યૂન, અને કર્મપણે ચક્ષુદર્શનાવરણીયાદિમાં સંક્રમી છતી બારમાના ચરમસમય સુધી રહે તેવી બારમાના કાલતુલ્ય કરે છે. હજુ બારમું ગુણસ્થાનક અંતર્મુહૂર્તકાલ પ્રમાણ શેષ હોય છે.

બારમા ગુણઠાણાના સંખ્યાતા ભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે, ત્યારે જ્ઞાનાવરણીયાદિ ૧૬ કર્મપ્રકૃતિઓની સર્વાપવર્તના કર્યા પછી તેના સ્થિતિઘાતાદિ હવે આ જીવ કરતો નથી. પરંતુ નામ-ગોત્ર અને વેદનીયકર્મના સ્થિતિઘાતાદિ હજુ ચાલુ જ રહે છે. ૧૪ કર્મ પ્રકૃતિઓને તો ફક્ત ઉદય-ઉદીરણા વડે જ અને નિદ્રાદ્વિકને સંક્રમ વડે ભોગવતો ભોગવતો આ જીવ બારમા ગુણઠાણાની સમયાધિક આવલિકા બાકી રહે ત્યાં સુધી જાય છે. (અહીં ૧૬માંથી ૧૪નો જ ઉદય અને ઉદીરણા હોય છે. એમ જાણવું. નિદ્રાદ્વિકને સ્તિબૂકસંક્રમથી ૪ દર્શનાવરણીયમાં સંક્રમાવીને નાશ કરે એમ જાણવું. કારણ કે ગ્રંથકારના મતે બારમે નિદ્રાનો ઉદય નથી. અન્યના મતે છે.) ત્યાર પછીના સમયે ઉદીરણા અટકી જાય છે. કારણ કે ઉદયવતી ૧૪નું કર્મદલિક હવે એક આવલિકા માત્ર જ બાકી છે. તેને કેવલ એકલા ઉદય વડે ભોગવીને નાશ કરતા કરતા આ મહાત્મા બારમાના દ્વિચરમ સમય સુધી જાય છે. ત્યાં નિદ્રાદ્વિક સ્તિબૂક સંક્રમ વડે દર્શનાવરણીય ચારમાં સર્વથા સંક્રમી જવાથી તેની સત્તાનો સર્વથા નાશ થાય છે અને બાકીની ૧૪ પ્રકૃતિઓનો બારમાના ચરમસમયે સર્વથા નાશ થાય છે. આ જ હકીકત હવે પછીની ગાથામાં ગ્રંથકારશ્રી કહે છે. ॥ ૮૧ ॥

**खीणकसायदुचरिमे, निद्दं पयलं च हणइ छउमत्थो ।**
**आवरणमंतराए, छउमत्थो चरिमसमयम्मि ।। ८२ ।।**

**क्षीणकषायद्विचरमे, निद्रां प्रचलां च हन्ति छद्मस्थः ।**
**आवरणमन्तरायान् छद्मस्थश्चरमसमये ।। ८२ ।।**

*ગાથાર્થ - છદ્મસ્થ એવા આ મહાત્મા ક્ષીણકષાયના દ્વિચરમસમયે નિદ્રા અને પ્રચલાનો નાશ કરે છે અને બારમાના ચરમસમયે આવરણ (એટલે જ્ઞાનાવરણીય ૫, અને દર્શનાવરણીય ૪ એમ) ૯ નો અને અંતરાય પાંચનો નાશ કરે છે. ॥ ૮૨ ॥*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવેચન - આ ગાથા પણ મૂલ સપ્તતિકાની નથી. તેની ચૂર્ણિમાં અને વૃત્તિમાં વિવેચનરૂપે જ લખી છે. બારમાના દ્વિચરમસમયે નિદ્રાદ્વિકનો અને ચરમસમયે ૧૪ નો ક્ષય કરીને આ મહાત્મા તેરમા સયોગી ગુણઠાણે આરોહણ કરે છે અને ઘનઘાતી ૪ કર્મોનો સંપૂર્ણ ક્ષય થવાથી સર્વજ્ઞ-સર્વદર્શી બને છે. અર્થાત્ કેવલજ્ઞાન-કેવલદર્શન પ્રાપ્ત કરે છે. કેવલી થયેલા આ ભગવાન લોક-અલોકને તથા તેમાં રહેલાં સર્વ દ્રવ્યોને અને તેના ત્રૈકાલિક સર્વ પર્યાયોને સાક્ષાત્ જાણનારા અને સાક્ષાત જોનારા બને છે.

આ સમયે જો તીર્થંકર પરમાત્મા હોય તો તેઓને તીર્થંકર નામકર્મનો ઉદય પણ શરૂ થાય છે. તેથી તેઓને તીર્થંકર કેવલી કહેવાય છે અને તીર્થંકર નામકર્મ પૂર્વે બાંધેલું ન હોય એટલે તીર્થંકર થવાના ન હોય તો તેઓને "સામાન્યકેવલી" કહેવાય છે. આ ગુણઠાણે આવેલા અને કેવલજ્ઞાની-કેવલદર્શની બનેલા મહાત્માઓ મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિવાળા છે એટલે "સયોગી કેવલી" કહેવાય છે. ધર્મદેશનાદિના કાલે વચનયોગની પ્રવૃત્તિ, ગામાનુગામ વિહાર તથા આહારાદિના કાલે કાયયોગની પ્રવૃત્તિ હોય છે. તથા મનની પ્રવૃત્તિની બાબતમાં દ્રવ્યમન હોય છે. પણ ભાવમન હોતું નથી. સ્વયં સર્વજ્ઞ-સર્વદર્શી હોવાથી ચિંતન-મનન કરવા સ્વરૂપ મતિજ્ઞાનાત્મક ભાવમન આ મહાત્માઓને હોતું નથી. પરંતુ મનઃપર્યવજ્ઞાની આદિઓએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપવા રૂપે મનોવર્ગણાને ગ્રહણ કરવા સ્વરૂપ દ્રવ્યમન હોય છે.

દૂર દૂર દેશમાં રહેલા મનઃપર્યવજ્ઞાનીઓએ અને અનુત્તરવાસી દેવોએ પૂછેલા પ્રશ્નોને પોતે તો કેવલજ્ઞાન-કેવલદર્શનથી જાણી લે છે. પરંતુ તેના ઉત્તરો પ્રશ્ન પૂછનારા મનઃપર્યવજ્ઞાનીને અને અનુત્તરવાસીને ત્યાં કેવી રીતે પહોંચાડે ? તે માટે આવા ઉત્તરો આપવા સારૂ જ સંજ્ઞી પંચેન્દ્રિય હોવાથી અને પૂર્વે મનઃપર્યાપ્તિ કરેલી હોવાથી મનોવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરવાની શક્તિ છે. તે માટે તે વર્ગણાને ગ્રહણ કરીને, તેને મનપણે પરિણમાવીને પ્રશ્નોના ઉત્તરરૂપે ગોઠવે છે. આ ગોઠવાયેલાં મનોવર્ગણાનાં પુદ્ગલોને તે તે જ્ઞાનીઓ પોતાના મનઃપયર્વજ્ઞાનથી અને અવધિજ્ઞાનથી, રૂપી હોવાના કારણે અને આ બન્ને જ્ઞાનોની તેવા પ્રકારની વિશિષ્ટ શક્તિ હોવાના કારણે સાક્ષાત્ દેખે છે. પુદ્ગલોના તેવા તેવા આકારને દેખીને પ્રશ્નકારો સચોટ અનુમાન લગાવે છે અને અનુમાન દ્વારા યથોચિત ઉત્તરને જાણે છે. આ રીતે ઉત્તર આપવા રૂપે મનોવર્ગણાનું બનેલું દ્રવ્ય મન આ મહાત્માઓને હોય છે. આમ મન, વચન અને કાયાની પ્રવૃત્તિવાળા હોવાથી સયોગીકેવલી કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્ય ભવનું જેટલું આયુષ્ય બાકી છે તે આયુષ્યમાંથી ૧ અંતર્મુહૂર્ત કાલ વિનાનો તમામ કાલ અહીં પસાર કરે છે. તે કાલ જઘન્યથી અંતર્મુહૂર્ત હોય છે અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ હોય છે અહિં કવિઓ એવી ઘટના કરે છે કે ૮થી૧૨ ગુણઠાણામાં મોહસાગરને તરવામાં જાણે ઘણી જ મહેનત પડી છે તેથી તેનો થાક અહીં ઉતારતા હોય તેમ વિશ્રામ લે છે. આ માત્ર કવિની કલ્પના સમજવી. આમ કરતાં તેરમા ગુણઠાણાનો ૧ અંતર્મુહૂર્ત કાલ બાકી રહે ત્યાં સુધી આ ભગવાન જાય છે.

સયોગીકેવલી ગુણઠાણે વેદનીયકર્મ-નામકર્મ અને ગોત્રકર્મના સ્થિતિઘાતાદિ ચાલુ જ રહે છે. કારણ કે તે કર્મોનો ક્ષય કરવાનો હજુ બાકી છે. તથા બંધની બાબતમાં એક સાતાવેદનીયનો જ સ્થિતિબંધ-રસબંધ વિનાનો બંધ ચાલુ હોય છે. તીર્થંકર નામકર્મ આદિ ૪૨ પ્રકૃતિઓનો ઉદય સર્વ જીવોને આશ્રયી હોય છે. એક જીવને આશ્રયી છટ્ઠા કર્મગ્રંથમાં કહ્યા પ્રમાણે ૩૦-૩૧ નો ઉદય હોય છે. અને ૮૫ ની સત્તા હોય છે. આ ગુણઠાણે કેવલી ભગવંતોને "ધ્યાનાન્તરિકા" દશા હોય છે. એટલે કે કર્મબંધના હેતુભૂત આર્ત-રૌદ્ર ધ્યાન તો હોતાં જ નથી, પરંતુ સાધનાકાલ ન હોવાથી ધર્મધ્યાન પણ નથી, શુક્લધ્યાનના પ્રથમના ૨ પાયા પૂર્વધર એવા છદ્મસ્થોને જ હોય છે તેથી બારમાના ચરમસમય સુધી જ તે ઘટે છે. કેવલી અવસ્થામાં તે પણ નથી અને છેલ્લા બે પાયા યોગનિરોધકાલે અને ચૌદમે જ સંભવે છે. તેથી કેવલી ભગવાનને તેરમા ગુણઠાણે કોઈ પણ પ્રકારનું ધ્યાન હોતું નથી. માટે ધ્યાનના વિરહવાળી ધ્યાનાન્તરિકા દશા હોય છે.

સયોગીકેવલી ભગવંતો પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે ભવોપગ્રાહી કર્મોને ખપાવવા "કેવલી સમુદ્ઘાત" "યોગનિરોધ" અને "શૈલેશીકરણ" જેવી ખાસ વિશિષ્ટ પ્રક્રિયા કરે છે. તે કરતાં પહેલાં આયોજિકાકરણ સર્વે કેવલીભગવંતો અવશ્ય કરે છે. (**आ** = **समन्तात्** ચારે બાજુની મર્યાદાપૂર્વક, **योजिका** = યોગવ્યાપાર, **करण** = કરવું અર્થાત્ તેવા પ્રકારની વિશિષ્ટ ક્રિયા)

(૧) કેવલી ભગવંતોની દૃષ્ટિએ મર્યાદાવાળા શુભયોગોની એક પ્રકારની વિશિષ્ટ પ્રક્રિયા કરવી. તે આયોજિકાકરણ કહેવાય છે. આ પ્રક્રિયા તેઓ જ જાણે છે અને તેઓ જ કરી શકે છે.

(૨) આ પ્રક્રિયાને આવશ્યકકરણ, અવશ્યકરણ, આવર્જિતકરણ પણ કહેવાય છે. કોઈ પણ કેવલી ભગવંતોને પોતાનું આયુષ્ય એક અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે આ કરણ અવશ્ય કરવું જ પડે છે. આ કરણ અવશ્ય કરવાનું જ હોય છે. તેથી તેને આવશ્યકકરણ પણ કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) પોતાનું આયુષ્ય અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે "અવશ્ય" કરે જ છે તે માટે અવશ્યકરણ પણ કહેવાય છે.

(૪) તથાભવ્યત્વ પરિપૂર્ણપણે પાકી ગયેલું હોવાથી અત્યન્ત મોક્ષને અભિમુખ કરાયેલાપણું-મોક્ષ પ્રત્યે આવર્જિત કરાયેલાપણું છે. તેથી તે આવર્જિતકરણ પણ કહેવાય છે. આ આવર્જિત કરણમાં ૩ અઘાતીકર્મોની પ્રદેશોદીરણા ઘણી વધારે થાય છે.

(૫) આયોજિકા કરણના પ્રથમ સમયથી જ અયોગી ગુણઠાણે ભોગવવાની ગુણશ્રેણી શરૂ કરે છે. એટલે કે અપવર્તનાકરણ વડે ૩ અઘાતીકર્મોનાં કર્મદલિકોને સ્થિતિના અગ્રિમ ભાગથી ઉતારીને અસંખ્યાત ગુણાકારે ઉદયવતીમાં ઉદયસમયથી અને અનુદયવતીમાં એક ઉદયાવલિકા ઉપરથી નિષેકરચના કરે છે. આ ગુણશ્રેણી કરવાનું કામ અહીં કરે છે. કારણ કે યોગ હોવાથી સ્થિતિઘાતાદિ થાય છે. ચૌદમા ગુણઠાણે યોગ ન હોવાથી સ્થિતિઘાતાદિ તથા ગુણશ્રેણી થતી નથી. પરંતુ કરેલી આ ગુણશ્રેણી ઉદયથી ત્યાં ભોગવાય છે. તેથી જ તે અયોગીની ગુણશ્રેણી કહેવાય છે. આ પ્રમાણે આયોજિકાકરણ અને અયોગી ગુણઠાણે ભોગવાય તેવી ગુણશ્રેણી આ બન્ને કાર્યો કરીને હવે કોઈ કોઈ કેવલી ભગવંતો કેવલીસમુદ્ઘાત કરે છે.

જે જે કેવલીભગવંતોને વેદનીયાદિ ૩ અઘાતીકર્મોની સ્થિતિસત્તા પોતાના આયુષ્યની સાથે સમાન હોય છે. તેઓ કેવલી સમુદ્ઘાત કરતા નથી. પરંતુ જેઓને આ ૩ કર્મોની સ્થિતિ સત્તા પોતાના આયુષ્યથી અધિક હોય છે. તેઓ કેવલીસમુદ્ઘાત કરે છે. વેદનીયાદિ ત્રણ કર્મો પોતાના આયુષ્યથી હીન હોય એવું કોઈ કેવલીભગવંતને બનતું નથી. કારણ કે આયુષ્યકર્મ પૂર્વભવમાં ફક્ત એકવાર જ બાંધેલું છે અને વેદનીયાદિ ત્રણ કર્મો તો આ જીવ ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયો અને દશમા ગુણઠાણે આવ્યો ત્યાં સુધી પ્રતિસમયે બાંધ્યાં જ છે. માટે આ ૩ કર્મો આયુષ્યકર્મ કરતાં હીન કોઈને હોતાં નથી. હવે કેવલીસમુદ્ઘાત સમજાવાય છે.

सम् = ફરીથી નાશ ન કરવો પડે તે રીતે એકી સાથે
उद् = પ્રબલપણે - અતિશય આત્મબળ ફોરવવા પૂર્વક
घात = વેદનીયાદિ ૩ અઘાતીકર્મોનો નાશ કરવો તે.

ફરીથી ક્યારેય નાશ ન કરવો પડે એવા પ્રકારનો એકી સાથે પૂર્વબદ્ધ ત્રણ અઘાતીકર્મોના કર્મદલિકોનો અતિશય પ્રબલતાપૂર્વક નાશ કરવો તે કેવલીસમુદ્ઘાત કહેવાય છે. જેમ પાણીમાં ધોયેલી ભીની સાડી અથવા ધોતી સંકેલાયેલી હોય તો લાંબા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલે સુકાય છે. અને તે પણ બરાબર સુકાતી નથી. પરંતુ તેને પહોળી કરી હોય તો તે જલ્દી સુકાઈ જાય છે. તેવી રીતે આ સમુદ્ઘાતમાં પોતાના આત્માના આત્મપ્રદેશો શરીરમાંથી બહાર કાઢીને આખા જગતમાં વ્યાપ્ત કરવાના કારણે સર્વત્ર ફેલાઈ જવાથી આ વિસ્તૃતીકરણને લીધે જ ઘણાં ઘણાં કર્મોરૂપી પાણી તેમાંથી સુકાઈ જાય છે. આ જ કેવલી સમુદ્ઘાતનું માહાત્મ્ય = ચમત્કાર છે. આ સમુદ્ઘાતમાં કુલ આઠ સમય પ્રમાણ કાલ થાય છે.

કેવલી સમુદ્ઘાતના પ્રથમ સમયે ઔદારિક કાયયોગવાળા કેવલી ભગવાન પોતાના શરીરમાં રહેલા પોતાના આત્મપ્રદેશોમાંથી એક અસંખ્યાતમા ભાગને રાખીને, બાકીના ઘણા અસંખ્યાતા ભાગ જેટલા આત્મપ્રદેશોને બહાર કાઢીને પોતાના શરીર જેટલી જાડાઈ-પહોળાઈવાળો અને ઉપર-નીચે ૧૪ રાજલોકપ્રમાણ લોકના છેડા સુધીનો લંબાઈમાં જાણે दण्ड = લાકડી જ હોય શું ? એવો આત્મપ્રદેશોનો દંડાકાર બનાવે છે.

(૧) દંડ સમયે કેવલી ભગવાન વેદનીયાદિ ૩ કર્મોની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જે સ્થિતિ છે. તેના બુદ્ધિથી અસંખ્યાતા ભાગ કરીને ૧ ભાગ રાખી બાકીના અસંખ્યાતા ભાગ પ્રમાણ સ્થિતિનો નાશ કરે છે. તથા અશુભ પ્રકૃતિઓનો જે રસ સત્તામાં છે તેના બુદ્ધિથી અનંતા ભાગ કરીને એક ભાગ રાખીને બાકીના અનંતા ભાગોનો નાશ કરે છે. ઉપર ઉપરના ગુણઠાણાઓમાં શુભ પ્રકૃતિઓનો રસ આજ સુધી ઘણો બાંધ્યો છે અને ઘણો પોષ્યો છે. પરંતુ હવે નિકટકાલમાં જ મોક્ષે જવાનું હોવાથી પુણ્યપ્રકૃતિઓના સંચિત થયેલા તે રસનો પણ નાશ કરે જ છુટકો છે. તેથી (૩ આયુષ્ય વિના) સાતાવેદનીયાદિ ૩૯ શુભ પ્રકૃતિઓનો રસ અસાતાવેદનીયાદિ અશુભ કર્મપ્રકૃતિમાં સંક્રમાવીને અશુભનો નાશ થાય તેની સાથે શુભના રસનો પણ નાશ કરે છે. આ જ કેવલીસમુદ્ઘાતનું માહાત્મ્ય છે[૧].

(૨) બીજા સમયે પોતાના શરીરમાં અસંખ્યાતમા ભાગ પ્રમાણ જે આત્મપ્રદેશો બાકી રાખ્યા છે તેમાંથી એક અસંખ્યાતમા ભાગ જેટલા આત્મપ્રદેશોને રાખીને બાકીના ઘણા અસંખ્યાતા ભાગ પ્રમાણ તે આત્મપ્રદેશોને તથા દંડાકારે રચાયેલા આત્મપ્રદેશોમાંથી પણ ઘણા આત્મપ્રદેશોને બહાર કાઢીને પૂર્વ-પશ્ચિમ દિશામાં અથવા ઉત્તર-દક્ષિણ દિશામાં લોકાન્ત સુધી ફેલાવીને આત્મપ્રદેશોને કપાટ (કમાડ) ના આકારે કરે છે તેને કપાટ કહેવાય છે.

(૧) अयमपि चाप्रशस्तप्रकृत्यनुभवघातनानुप्रवेशनेनैव प्रशस्तप्रकृत्यनुभवघातनं करोतीति ज्ञेयम् (આવશ્યકચૂર્ણિ).



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા પ્રથમ સમયે વેદનીયાદિ ૩ કર્મોની જે સ્થિતિ બાકી રાખી છે. તેના બુદ્ધિથી અસંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખી બાકીના અસંખ્યાતા ભાગોનો બીજા સમયે નાશ કરે છે. એ જ રીતે અશુભ પ્રકૃતિઓના રસના અનંતા ભાગ કરીને એક ભાગ રાખીને અનંતાભાગ પ્રમાણ રસનો નાશ કરે છે. તથા શુભ પ્રકૃતિઓનો રસ પણ અશુભમાં સંક્રમાવવા વડે નાશ કરે છે.

(૩) ત્રીજા સમયે પ્રતર કરે છે. એટલે કે બીજા સમયે આત્મપ્રદેશોનો જે એક અસંખ્યાતમો ભાગ બાકી રાખેલ છે તેના બુદ્ધિથી અસંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખીને બાકીના અસંખ્યાતા ભાગ પ્રમાણ આત્મપ્રદેશોને બહાર કાઢીને, તથા કપાટ સ્વરૂપે બનેલા આત્મપ્રદેશોમાંથી પણ આત્મપ્રદેશોને બહાર કાઢીને ઉત્તર-દક્ષિણ અથવા પૂર્વ-પશ્ચિમ તે આત્મપ્રદેશોને ફેલાવે છે. જો બીજા સમયે પૂર્વ-પશ્ચિમમાં ફેલાવ્યા હોય તો ત્રીજા સમયે ઉત્તર-દક્ષિણમાં લંબાવે છે. અને જો બીજા સમયે ઉત્તર-દક્ષિણ લંબાવ્યા હોય તો ત્રીજા સમયે પૂર્વ-પશ્ચિમમાં લંબાવે છે. આ રીતે આ આત્માના આત્મપ્રદેશો ચારે દિશામાં લોકાન્ત સુધી ફેલાયા હોવાથી ચાર પાંખડાવાળા રવૈયા (મંથાન) જેવો આકાર થયો. એટલે ત્રીજા સમયે મંથાન કરે છે એમ કહેવાય છે.

પહેલા સમયે બહુ આત્મપ્રદેશો ઔદારિક શરીરમાં જ છે. માટે ઔદારિક કાયયોગ વાળો આ જીવ કહેવાય છે. બીજા સમયે બહુ આત્મપ્રદેશો શરીરમાં પણ છે. અને બહુ બહુ આત્મપ્રદેશો શરીર બહાર દંડાકારે અને કપાટાકારે ફેલાયા છે કે જેમાં કેવલ એકલો તૈજસ-કાર્મણ કાયયોગ છે. આમ બન્ને યોગપ્રવૃત્તિ હોવાથી બીજા સમયે ઔદારિકમિશ્ર કાયયોગ કહેવાય છે. અને ત્રીજા સમયે તો બહુ-બહુ આત્મપ્રદેશો શરીર બહાર જ છે. કે જેમાં કેવલ તૈજસ-કાર્મણની જ ચેષ્ટા છે. શરીરમાં તો અત્યન્ત અલ્પ આત્મપ્રદેશો છે તેથી ત્રીજા સમયે તૈજસ-કાર્મણ કાયયોગ જ માત્ર છે. આ રીતે ચોથા-પાંચમા સમયે પણ ફક્ત તૈજસ-કાર્મણ કાયયોગ, છઠ્ઠા-સાતમા સમયે પાછા ફરતાં બહુ-બહુ આત્મપ્રદેશો ઔદારિક શરીરમાં આવી જવાથી તેની પણ પ્રવૃત્તિ વધવાથી મિશ્રકાયયોગ અને છેલ્લા આઠમા સમયે શરીરસ્થ જ માત્ર બનવાથી ઔદારિક કાયયોગ હોય છે આમ જાણવું.

તથા બીજા સમયે વેદનીયાદિ ૩ કર્મોની સ્થિતિમાં જે એક અસંખ્યાતમો ભાગ બાકી રાખેલ છે તેના બુદ્ધિથી અસંખ્યાતા ભાગ કરી, એક અસંખ્યાતમો ભાગ રાખી, બાકીના અસંખ્યાતા ભાગોનો ત્રીજા સમયે નાશ કરે છે. તથા અશુભ પ્રકૃતિઓના રસનો જે એક અનંતમો ભાગ આ જીવે બીજા સમયે બાકી રાખેલ, તેના બુદ્ધિથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનંતા ભાગ કરીને એક અનંતમો ભાગ રાખી, બાકીના અનંતા ભાગોનો નાશ કરે છે અને શુભ પ્રકૃતિઓના રસને અશુભમાં સંક્રમાવીને અનંતા ભાગોનો નાશ કરે છે એક અનંતમો ભાગ બાકી રાખે છે.

(૪) ચોથા સમયે આંતરામાં આત્મપ્રદેશો લંબાવે છે. એટલે કે ત્રીજા સમયે આત્મપ્રદેશોનો જે એક અસંખ્યાતમો ભાગ બાકી રાખ્યો છે. તેના પણ બુદ્ધિથી અસંખ્યાતા ભાગો કરીને શરીર પ્રમાણ એક અસંખ્યાતમો ભાગ આત્મપ્રદેશોનો શરીરની અંદર બાકી રાખીને શેષ તમામ અસંખ્યાતા ભાગો પ્રમાણ આત્મપ્રદેશોને બહાર કાઢીને તથા પ્રતરાકારે (મન્થાનાકારે) બનેલા આત્મપ્રદેશોમાંથી પણ બહુ બહુ આત્મપ્રદેશોને બહાર કાઢીને વિદિશામાં રહેલા ખુણાઓમાં આ આત્મપ્રદેશોને ફેલાવે છે. જેના કારણે કેવલી સમુદ્ઘાતના આ ચોથા સમયે તે કેવલીભગવાનનો આત્મા ૧૪ રાજલોક પ્રમાણ આ લોકાકાશમાં સર્વત્ર વ્યાપી જાય છે. સર્વવ્યાપક બને છે. એટલે કે લોકાકાશના એક એક આકાશપ્રદેશમાં આ ભગવાનના આત્માનો એક એક આત્મપ્રદેશ ફેલાયેલો થાય છે.

આ ચોથા સમયે પણ પૂર્વે કહ્યા પ્રમાણે જ સ્થિતિના અસંખ્યાતા ભાગ કરીને અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે. અને એક અસંખ્યાતમા ભાગને રાખે છે. રસના અનંતા ભાગ કરી એક ભાગ રાખી અનંતાનો નાશ કરે છે. પુણ્યપ્રકૃતિઓનો રસ પાપપ્રકૃતિઓમાં સંક્રમાવીને નાશ કરે છે. આમ આવા પ્રકારના સ્થિતિઘાત અને રસઘાત વેદનીયાદિ ૩ કર્મોના થાય છે. આ ચોથા સમયે વેદનીયાદિ ૩ કર્મોની સ્થિતિ અંતર્મુહૂર્તની જ માત્ર બાકી રહે છે. તો પણ આયુષ્યકર્મના અંતર્મુહૂર્તથી સંખ્યાતગણી મોટી હોય છે.

(૫) પાંચમા સમયે આંતરામાંથી આત્મપ્રદેશોને સંહરી લે છે. એટલે કે ચારે ખુણામાં ફેલાવેલા આત્મપ્રદેશોને પાછા લાવીને એટલે તેટલો ભાગ સંકોચીને પ્રતરગત આત્મપ્રદેશોમાં ભેળવીને પ્રતરસ્થ (મન્થાનસ્થ) થાય છે. આ સમયે પણ સ્થિતિના અસંખ્યાત ભાગ કરવા વડે, અને અશુભના રસના અનંતા ભાગ કરવા વડે, તથા શુભના રસને અશુભમાં સંક્રમાવીને નાશ કરવા વડે એક-એક સમયના કાલવાળા સ્થિતિઘાત અને રસઘાત કરે છે. આ કેવલી સમુદ્ઘાતમાં ૧ થી ૫ (એકથી પાંચ) સમયમાં જે સ્થિતિઘાત અને રસઘાત કર્યા, તે એક-એક સમયમાં જ કર્યા હોવાથી શાસ્ત્રોમાં તેને એકસામયિક કંડક કહેવાય છે. તે પાંચ સમય સુધી જ કરે છે.

હવે છઠ્ઠા સમયે જે સ્થિતિઘાત-રસઘાત શરૂ કરશે તે એક સમયમાં સમાપ્ત કરશે નહીં. અંતર્મુહૂર્તે પૂરો કરશે. સાતમા-આઠમા આદિ સમયોમાં નવો સ્થિતિઘાત-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રસઘાત ચાલુ કરશે નહીં પણ એક અંતર્મુહૂર્ત સુધી આ જ સ્થિતિઘાત-રસઘાત ચાલશે. પાંચ સમય સુધી એકસામયિક અને પછી આન્તર્મુહૂર્તિક સ્થિતિઘાત-રસઘાત થાય છે.

(૬) છઠ્ઠા સમયે મન્થાનમાંથી આત્મપ્રદેશોને સંકોચીને બહુ બહુ આત્મપ્રદેશોને પાછા લાવીને કપાટસ્થ કરે છે. અહિંથી આન્તર્મુહૂર્તિક સ્થિતિઘાત-રસઘાત ચાલુ થાય છે.

(૭) સાતમા સમયે કપાટમાંથી આત્મપ્રદેશોને પાછા લાવીને આ આત્મા દંડસ્થ બને છે. આ બન્ને સમયોમાં (છઠ્ઠા-સાતમા સમયમાં) ઘણા-ઘણા આત્મપ્રદેશો મૂલ ઔદારિક શરીરમાં આવી ગયા હોવાથી તેની પ્રવૃત્તિ વધવાથી ઔદારિક મિશ્રકાયયોગ કહેવાય છે.

(૮) આઠમા સમયે દંડાત્મક ભાગમાંથી પણ આત્મપ્રદેશોને આકર્ષીને મૂલ જે ઔદારિક શરીર છે. તેમાં સર્વ આત્મપ્રદેશો લાવી દે છે. અને શરીરસ્થ બની જાય છે. તે સમયે આ કેવલી ભગવાન ઔદારિક કાયયોગવાળા બને છે.

આ રીતે કેવલીસમુદ્ઘાતમાં ૮ સમયપ્રમાણ કાલ લાગે છે. ચોથા સમયે લોકવ્યાપી થાય છે. પહેલા અને આઠમા સમયે ઔદારિક કાયયોગવાળા રહે છે. બીજા-છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિકમિશ્ર કાયયોગવાળા, તથા ત્રીજા-ચોથા અને પાંચમા સમયે તૈજસ-કાર્મણ કાયયોગવાળા બને છે. તથા ૧ થી ૫ સમય સુધી સમયે સમયે સ્થિતિઘાત અને રસઘાત કરે છે. ત્યારબાદ અંતર્મુહૂર્ત કાળે સ્થિતિઘાત-રસઘાત કરે છે. આ રીતે સામયિકકંડક અને આન્તર્મુહૂર્તિક કંડક કરે છે. વળી શુભ કર્મપ્રકૃતિઓનો રસ પણ નાશ કરવાનો છે. કારણ કે હવે મોક્ષે જવું છે. રસ ભલે શુભનો હોય પણ તે કર્મ હોવાથી તેને લઈને મોક્ષે જવાય નહીં. તેથી તેનો રસ અશુભમાં સંક્રમાવીને નાશ કરે છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવો શુભના રસનો ઘાત કરે નહીં. તેથી અશુભમાં સંક્રમાવીને હવે અશુભ રસ થયો તેથી નાશ કરી શકે છે. આ જ સમુદ્ઘાતનો પ્રભાવ છે માહાત્મ્ય છે.

હવે મન-વચન કાયાના નિમિત્તે થનારો સાતાવેદનીયનો બંધ અટકાવવા માટે તથા શુભયોગોની પ્રવૃત્તિસ્વરૂપ શુક્લલેશ્યાને અટકાવવા માટે યોગોનો પણ નિરોધ કરે છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

યોગનિરોધ -

આત્મપ્રદેશોની હલન-ચલનરૂપ જે કંપમાન અવસ્થા છે તેને યોગ કહેવાય છે. અને આ હલન-ચલનરૂપ કંપમાન (અર્થાત્ અસ્થિર) અવસ્થાને અટકાવવી તેને યોગનિરોધ કહેવાય છે. વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી (૧ થી ૧૨ ગુણસ્થાનકોમાં)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ક્ષયથી (તેરમા-ચૌદમા ગુણઠાણે) જે વીર્યશક્તિ આ જીવને પ્રગટ થાય છે. તેને લબ્ધિવીર્ય કહેવાય છે. આ લબ્ધિવીર્યનો ઉપયોગ (વપરાશ) મન-વચન-અને કાયાના સહકારથી થાય છે. તેથી તેને કરણવીર્ય કહેવાય છે. ત્યાં મનના સહકારથી જે વીર્ય વપરાય તેને મનોયોગ, વચનના (ભાષાના) સહકારથી જે વીર્ય વપરાય તેને વચનયોગ, અને કાયાના સહકારથી જે વીર્ય વપરાય તેને કાયયોગ કહેવાય છે. આ ત્રણે યોગ બે-બે પ્રકારના હોય છે બાદર અને સૂક્ષ્મ. કેવલી પરમાત્મા હવે આ છએ પ્રકારના યોગોને ક્રમશઃ અટકાવવાનો પ્રયત્ન કરે છે.

જો કે ચોથા કર્મગ્રંથમાં કહ્યા પ્રમાણે એક કાલે એક જીવને એક યોગ હોય છે. તો પણ-બીજા સમયે બીજા યોગ સ્વરૂપે આત્મપ્રદેશોની જે અસ્થિરતા થવાનો સંભવ છે તેને પણ અટકાવે છે આમ અર્થ કરવો. ત્યાં સૌથી પ્રથમ આ કેવલી ભગવંત બાદર કાયયોગના બલથી એક અંતર્મુહૂર્તમાં બાદર મનોયોગને રોકે છે. ત્યાર બાદ અંતર્મુહૂર્ત કાલ તે જ અવસ્થામાં સ્થિર રહે છે. ત્યાર બાદ બાદર કાયયોગના બલથી બીજા એક અંતર્મુહૂર્ત કાલમાં બાદર વચનયોગને રોકે છે. ત્યારબાદ બાદર કાયયોગના બલથી ઉચ્છ્વાસને રોકે છે. ત્યારબાદ અંતર્મુહૂર્ત કાલ તે જ અવસ્થામાં સ્થિર રહે છે. ત્યાર બાદ સૂક્ષ્મકાયયોગના બલથી બાદર કાયયોગને રોકે છે.

જો કે કમ્મપયડીની ટીકા આદિ ગ્રંથોમાં પ્રથમ વચનયોગનો નિરોધ, પછી મનોયોગનો નિરોધ, પછી ઉચ્છ્વાસનો નિરોધ કહેલ છે. તો પણ ચૂર્ણિમાં અને પૂજ્ય મલયગિરિજી કૃત સપ્તતિકાની વૃત્તિમાં પ્રથમ મનોયોગ, પછી વચનયોગ અને પછી સૂક્ષ્મકાયયોગ કહેલ છે. તેથી અમે અહીં ચૂર્ણિકાર અને વૃત્તિકારને અનુસરીને લખેલ છે.

તથા કમ્મપયડી આદિ ગ્રંથોમાં બાદરકાયયોગના બલથી જ બાદરકાયયોગને રોકે છે એમ કહેલ છે. જેમ મોટા લાકડાને વહેરતો પુરુષ તેનો જ આધાર લે છે, તેમ બાદર કાયયોગને રોકતો પુરુષ બાદર કાયયોગનો જ સહારો લે છે તેમ લખેલ છે. તો પણ ચૂર્ણિ અને વૃત્તિમાં "सूक्ष्मकाययोगेन बादरकाययोगं" આવો પાઠ સ્પષ્ટ હોવાથી અમે સૂક્ષ્મ કાયયોગના બલથી બાદરકાયયોગને રોકે છે, એમ લખેલ છે. આ રીતે બાદર મનોયોગ, બાદર વચનયોગ અને બાદર કાયયોગનો પ્રથમ નિરોધ કરે છે.

બાદરકાયયોગનો નિરોધ કરતા એવા આ કેવલી પરમાત્મા કાયયોગના નિરોધના પ્રથમ સમયથી જ અંતર્મુહૂર્ત સુધી યોગનાં પૂર્વસ્પર્ધકોમાંથી અપૂર્વસ્પર્ધકો કરે છે અને ત્યારબાદ પૂર્વસ્પર્ધકો અને અપૂર્વસ્પર્ધકોમાંથી યોગની કિટ્ટીઓ કરે છે. યોગની વર્ગણાઓનું અને સ્પર્ધકનું સ્વરૂપ કમ્મપયડીના બંધનકરણમાં ગાથા ૩ થી ૧૮ માં આવે છે. તેનો ટૂંકો સાર આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક-એક જીવના લોકાકાશ જેટલા આત્મપ્રદેશો છે. એક-એક આત્મપ્રદેશે કેવલજ્ઞાન-કેવલદર્શનની જેમ અનંત-અનંત વીર્ય (શક્તિ વિશેષ) નામનો ગુણ પણ સ્વતઃ છે જ. તેના ઉપર વીર્યાન્તરાય નામનું કર્મ લાગેલું છે. તેના ઉદયથી આ ગુણ અવરાયેલો છે. તે વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી અથવા ક્ષયથી પ્રગટ થયેલું આંશિક વીર્ય કે પૂર્ણ વીર્ય સર્વ આત્મપ્રદેશોમાં એક સરખું સમાન હોય છે તેને લબ્ધિવીર્ય કહેવાય છે. પરંતુ ઔદારિકાદિ વર્ગણા ગ્રહણ કરવામાં વપરાતું જે વીર્ય, કે જેને શાસ્ત્રોમાં કરણવીર્ય કહેવાય છે તે સર્વપ્રદેશોમાં સરખું હોતું નથી પણ હીનાધિક હોય છે.

જ્યાં કાર્યની નિકટતા હોય છે ત્યાં કરણવીર્ય વધારે હોય છે અને જ્યાં કાર્યની દૂરતા હોય છે ત્યાં કરણવીર્ય ઓછું હોય છે. તથા કોઈ પણ કાર્ય કરવામાં નિકટના આત્મપ્રદેશોમાં કે દૂરના આત્મપ્રદેશોમાં અધિકપણે અથવા હીનપણે કરણવીર્ય અવશ્ય હોય જ છે. કારણ કે સર્વે આત્મપ્રદેશો સાંકળના અંકોડાની જેમ પરસ્પર સંકળાયેલા છે. જેમકે હાથથી ઘડો ઉપાડવાનું કામકાજ થાય ત્યારે આંગળીઓ અને હથેળીમાં કરણવીર્ય વધારે વપરાય છે તેના કરતાં કોણીમાં, ખભામાં, છાતીમાં અને પગમાં કરણવીર્ય ઓછું ઓછું વપરાય છે. "કાર્યની નિકટતા અને દૂરતા, તથા આત્મપ્રદેશોનો સાંકળના અંકોડાની જેમ પરસ્પર સંબંધ" આ બન્નેના કારણે કરણવીર્ય આત્મપ્રદેશોમાં હીન-અધિક હોય છે. કોઈ કોઈ આત્મપ્રદેશોમાં સમાન પણ કરણવીર્ય હોય છે.

આ કારણે જે જે આત્મપ્રદેશોમાં બીજા આત્મપ્રદેશો કરતાં અતિશય અલ્પ કરણવીર્ય છે અને પરસ્પર સરખું જ કરણવીર્ય છે. તેવા આત્મપ્રદેશોનો સમુદાય તે પ્રથમવર્ગણા કહેવાય છે. તેના કરતાં એક વીર્યાવિભાગ જેમાં અધિક છે એવા જે બીજા કેટલાક આત્મપ્રદેશો છે તેનો સમુદાય તે બીજી વર્ગણા. તેનાથી એક અધિક વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશોનો સમુદાય તે ત્રીજી વર્ગણા-એમ એકોત્તરવૃદ્ધિ યુક્ત વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશોના સમુદાયવાળી વર્ગણાઓ ક્રમશઃ અસંખ્યાતી થાય છે. પછી પછીની વર્ગણામાં આત્મપ્રદેશો વિશેષહીન-વિશેષહીન હોય છે. આવી ક્રમશઃ એકોત્તર વૃદ્ધિપણે થયેલી વર્ગણાઓનો જે સમુદાય તેને એક સ્પર્ધક કહેવાય છે.

પહેલા સ્પર્ધકની છેલ્લી વર્ગણામાં આત્મપ્રદેશોની અંદર જે વીર્યાવિભાગ છે. તેનાથી એક-બે-ત્રણ-ચાર વીર્યાવિભાગ અધિક જેમાં હોય તેવા એક પણ આત્મપ્રદેશો હોતા નથી. તેથી અંતર પડે છે. એમ અસંખ્ય લોકાકાશ પ્રદેશપ્રમાણ વીર્યાવિભાગ જેમાં વધારે હોય તેવા આત્મપ્રદેશો મળે છે. તેનો સમુદાય તે બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે. આ રીતે એક જીવના એક સમયના યોગસ્થાનકમાં અસંખ્ય સ્પર્ધકો હોય છે. તેને પૂર્વસ્પર્ધકો કહેવાય છે. કારણ કે સંસારી જીવોએ મન-વચન-અને કાયાની સહાયતાથી આ ભવ=સંસારમાં કરણવીર્યની જે વર્ગણાઓ અને જે સ્પર્ધકો કર્યાં છે તેને પૂર્વકાલમાં આવાં સ્પર્ધકો ઘણીવાર કરેલાં હોવાથી પૂર્વસ્પર્ધક કહેવાય છે.

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા એવા આ ક્ષપક કેવલી પરમાત્માનો જીવ પોતાની સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાવસ્થામાં કરેલાં આવા પ્રકારનાં પૂર્વસ્પર્ધકોમાંથી એકાધિક વીર્યાવિભાગવાળી વર્ગણાઓનો જે ક્રમ છે તે તોડ્યા વિના તે જ સ્પર્ધકોને અસંખ્ય ગુણહીન-અસંખ્ય ગુણહીન વીર્યવાળાં જે કરે છે. તેને અપૂર્વસ્પર્ધક કહેવાય છે. કારણ કે આટલા બધા હીન વીર્યવાળાં સ્પર્ધકો પૂર્વકાલમાં ક્યારે પણ કર્યાં નથી.

અપૂર્વસ્પર્ધકો બનાવવાના કાલમાં પ્રથમ સમયે અસંખ્યાતમા ભાગ જેટલા આત્મપ્રદેશોમાં જે વીર્યાવિભાગ છે તેને અસંખ્યાતગુણહીન વીર્યાવિભાગવાળા બનાવીને અપૂર્વસ્પર્ધકો કરે છે. બીજા સમયે તેના કરતાં અસંખ્ય ગણા આત્મપ્રદેશોમાં વીર્યાવિભાગ અસંખ્યગુણ હીન કરવા વડે તે આત્મપ્રદેશોમાં અપૂર્વસ્પર્ધકો કરે છે. આમ પ્રતિસમયે અસંખ્યાત ગણા આત્મપ્રદેશોમાં વીર્યાવિભાગનો નાશ કરવા વડે અસંખ્યાતગુણહીન-હીન વીર્યાવિભાગવાળાં આવા પ્રકારનાં અપૂર્વસ્પર્ધકો કરતો તે જીવ અપૂર્વસ્પર્ધકના ચરમસમય સુધી જાય છે. ત્યાર બાદ કિટ્ટીકરણકાલ આવે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

કિટ્ટીકરણના કાલમાં પૂર્વ-અપૂર્વ એમ બન્ને પ્રકારના સ્પર્ધકોમાંથી અસંખ્યગુણહીન-અસંખ્યગુણહીન વીર્યાવિભાગો કરવા દ્વારા અને એકોત્તર વૃદ્ધિવાળી વર્ગણાઓનો ક્રમ તોડવા વડે આ જીવ પ્રતિસમયે યોગની અસંખ્ય-અસંખ્ય કિટ્ટીઓ કરે છે. આ કિટ્ટીઓ પ્રતિસમયે અસંખ્યાતગુણ હીન-અસંખ્યાતગુણહીન બનાવે છે. કિટ્ટીકરણના કાલમાં કુલ સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગ જેટલી જ કિટ્ટીઓ બનાવે છે. આ પ્રમાણે આ ક્ષપક કેવલી ભગવાન બાદર કાયયોગનો નિરોધ કરતા હોય ત્યારે યોગના પૂર્વસ્પર્ધકોમાંથી અપૂર્વસ્પર્ધકો અને પૂર્વ-અપૂર્વસ્પર્ધકોમાંથી કિટ્ટીઓ કરવાનું કામ કરે છે. આવા પ્રકારના કિટ્ટી સ્વરૂપે કરાયેલા યોગને "સૂક્ષ્મયોગ" કહેવાય છે. જેનો નિરોધ હવે પછી કરવાનો છે.

કિટ્ટીકરણકાલમાં પણ બધાં જ પૂર્વસ્પર્ધકોનાં અપૂર્વસ્પર્ધકો, અને પૂર્વ-અપૂર્વ સ્પર્ધકોની કિટ્ટીઓ આ જીવ કરતો નથી. સંખ્યાતમા ભાગ જેટલા જ યોગની કિટ્ટીઓ કરે છે. બાકીના પૂર્વ-અપૂર્વ સ્પર્ધકોવાળા યોગનો નાશ કરે છે. એટલે કે નિરોધ કરે છે. આમ કિટ્ટીકરણનો કાલ પૂર્ણ થાય ત્યારે આ કેવલી ભગવાન કિટ્ટીરૂપ કરાયેલા યોગવાળા થાય છે. એટલે કે બાદરયોગવાળાને બદલે સૂક્ષ્મકિટ્ટીકૃત યોગવાળા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કિટ્ટીકૃત યોગવાળા આ કેવલી ભગવંત એક અંતર્મુહૂર્ત સુધી સ્થિર રહીને સૂક્ષ્મ કાયયોગના આલંબનથી સૂક્ષ્મમનોયોગનો અંતર્મુહૂર્ત કાળમાં નિરોધ કરે છે. ત્યારબાદ અંતર્મુહૂર્ત સ્થિર રહીને સૂક્ષ્મકાયયોગના આલંબનથી સૂક્ષ્મવચનયોગનો નિરોધ કરે છે ત્યારબાદ અંતર્મુહૂર્ત સ્થિર રહીને સૂક્ષ્મ કાયયોગના જ આલંબનથી સૂક્ષ્મકાયયોગનો નિરોધ કરવાની શરૂઆત કરે છે.

કેવલી ભગવાન જ્યારે આ છેલ્લા સૂક્ષ્મકાયયોગનો નિરોધ કરતા હોય છે ત્યારે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામના શુક્લધ્યાનના ત્રીજા પાયા ઉપર આરૂઢ થાય છે. તે ધ્યાનના બલથી પોતાના આત્મપ્રદેશો જે શરીરાકારે રહેલા છે કે જેમાં વચ્ચે વચ્ચે ઘણું પોલાણ છે. તે પોલાણને પૂરીને આત્મપ્રદેશોનો ઘનીભૂત પિંડ બનાવે છે. તેના કારણે શરીરાકાર જેમ દેખાય છે. તેમ જ રહે છે. પરંતુ શરીરાકારે પરિણામ પામેલા આત્મપ્રદેશોની અવગાહના (લંબાઈ-પહોળાઈ અને ઉંચાઈ) ૧/૩ ઘટી જાય છે. અને ૨/૩ થઈ જાય છે. પોલાણ પૂરાવાના કારણે આત્માની લંબાઈ વગેરે ઘટે છે.

કેવલી ભગવંતોને ચિંતન-મનન કરવારૂપ મતિજ્ઞાનાત્મક ભાવમન હોતું નથી, કારણ કે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થયેલ હોવાથી ક્ષાયિકભાવ છે. માટે "एकाग्रचिन्ता" એકાન્તમાં વિચારણા કરવી એ અર્થવાળું છદ્મસ્થ જીવના જેવું "મનની સ્થિરતાવાળું" ધ્યાન ભાવમન ન હોવાથી હોતું નથી. પરંતુ કાયાદિ યોગોના કારણે આત્મપ્રદેશોની જે અસ્થિરતા-ચંચળતા-ચલિતતા-કંપનક્રિયા હતી તેને રોકીને "આત્મપ્રદેશોની સ્થિરતા" એ અર્થવાળું "निरोधो ध्यानम्"=નિરોધ કરવા રૂપ અર્થવાળું ધ્યાન હોય છે.

જોકે ઉત્તર આપવા રૂપ બાદર મનોયોગ, દેશના આપવા રૂપ બાદર વચનયોગ અને આહાર-નિહાર અને વિહાર કરવા રૂપ બાદર કાયયોગનો નિરોધ તો પહેલાં જ થઈ ચૂક્યો છે. પરંતુ નાડી ચાલવા રૂપ અને રુધિરના પરિભ્રમણ રૂપ જે સૂક્ષ્મકાયયોગ છે તેનો પણ આ અવસરે નિરોધ કરે છે.

કેવલી ભગવંત જ્યારે સૂક્ષ્મકાયયોગનો નિરોધ કરવાની શરૂઆત કરે છે ત્યારથી જ કિટ્ટીઓના અસંખ્યાતા ભાગ કરી ૧ ભાગ રાખી અસંખ્યાતા ભાગોનો પ્રથમ સમયે જ નાશ કરે છે. બીજા સમયે તે અસંખ્યાતમા ભાગના પણ અસંખ્યાતા ભાગ કરી ૧ ભાગ રાખી શેષ અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે. આમ પ્રતિસમયે અસંખ્યાતા ભાગોનો નાશ કરતાં કરતાં ચરમસમય સુધી આવે છે. તે ચરમસમયે યોગની બધી જ કિટ્ટીઓનો નાશ થઈ જાય છે. એટલે યોગનિરોધ પૂર્ણ થાય છે. તેરમું ગુણઠાણું સમાપ્ત થાય છે. સાતાવેદનીયનો બંધ અને શુક્લલેશ્યા પણ વિચ્છેદ પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે વચનયોગનો નિરોધ થાય છે ત્યારે સુસ્વર-દુઃસ્વર નામકર્મનો ઉદય વિચ્છેદ પામે છે અને જ્યારે ઉચ્છ્વાસનો નિરોધ થાય છે ત્યારે ઉચ્છ્વાસ નામકર્મનો ઉદય વિચ્છેદ પામે છે. તેથી તીર્થંકર ભગવાનને નામકર્મનાં ૩૧-૩૦-૨૯ નાં ઉદયસ્થાનો આવે છે અને સામાન્ય કેવલીને નામકર્મનાં ૩૦-૨૯-૨૮ નાં ઉદયસ્થાનો આવે છે. જેનું સ્વરૂપ પહેલાં ઉદયસ્થાનોના અવસરે સમજાવેલ છે.

સયોગી ગુણઠાણાના ચરમસમયે નામ-ગોત્ર અને વેદનીયકર્મની સ્થિતિસત્તા, ઉદયવતીની ચૌદમા ગુણઠાણાના કાલપ્રમાણ અને અનુદયવતીની ૧ સમયન્યૂન રાખીને બાકીની તમામ સ્થિતિસત્તાનો સર્વાપવર્ત્તના વડે અપવર્તાવીને નાશ કરે છે. આ રીતે તેરમા ગુણઠાણાના અંતે (૧) સંપૂર્ણ યોગનિરોધ, (૨) સાતાવેદનીયના બંધનો વિચ્છેદ, (૩) લેશ્યાનો અભાવ, (૪) આયુષ્યકર્મની અને વેદનીયકર્મની ઉદીરણા છઠ્ઠે જ અટકી ગઈ હોવાથી નામ-ગોત્રની ઉદીરણાનો અભાવ (૫) યોગના અભાવે સ્થિતિઘાત-રસઘાતની સમાપ્તિ (૬) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી ધ્યાનની પૂર્ણાહૂતિ થાય છે. ત્યારબાદ આ મહાત્મા "અયોગી કેવલી" નામના ચૌદમા ગુણઠાણા ઉપર આરૂઢ થાય છે.

ચૌદમા ગુણસ્થાનકનો કાળ अ, इ, उ, ऋ અને लृ આ પાંચ હ્રસ્વ સ્વરોના ઉચ્ચારણકાલ તુલ્ય જ હોય છે. એટલે અંતર્મુહૂર્ત હોય છે. મન-વચન અને કાયાના બાદર અને સૂક્ષ્મ, આમ તમામ પ્રકારના યોગોનો અભાવ હોવાથી અને કેવલજ્ઞાની હોવાથી "અયોગીકેવલી" ગુણસ્થાનક કહેવાય છે. યોગના અભાવે આત્માના પ્રદેશો મેરૂપર્વતની જેમ અત્યન્ત સ્થિર બની ગયા છે. તેને જ "શૈલેશીકરણ" કહેવાય છે. "શૈલ = પર્વત, તેનો ઈશ = રાજા" અર્થાત્ મેરૂપર્વત, તેના જેવો આત્માને સ્થિર કરવો તેને **शैलेशीकरण** કહેવાય છે.

તથા મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ અને કષાય એમ ચાર બંધહેતુઓનો અભાવ તો દશમા ગુણઠાણા સુધીમાં થયો જ હતો. પરંતુ છેલ્લા યોગ નામના પાંચમા બંધહેતુનો પણ અભાવ થવાથી બે સમયના કાલપ્રમાણ પણ જે સાતાવેદનીયકર્મ બંધાતું હતું તેનો પણ અભાવ થવાથી કર્મોના આવવા રૂપ આશ્રવનો સર્વથા વિરામ થયેલ છે. તેને અનાશ્રવતા અથવા સર્વસંવરભાવ પણ કહેવાય છે. તે અવસ્થા અહીંથી શરૂ થાય છે.

તથા આ ચૌદમા ગુણઠાણે સૂક્ષ્મ કાયયોગ પણ વિચ્છેદ થયેલ હોવાથી "વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી" નામના શુક્લધ્યાનના ચોથા પાયા ઉપર ભગવાન આરૂઢ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમાં મન-વચન અને કાયાની તમામ ચેષ્ટાઓ વિચ્છેદ પામી ગઈ છે. અને હવે જ્યાંથી પતન છે જ નહીં એવું ધ્યાન (આત્મપ્રદેશોની અત્યન્ત સ્થિરાવસ્થા) અહીં શરૂ થાય છે.

બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા આ ચારમાંથી યોગના અભાવે બંધ અને ઉદીરણા કોઈપણ કર્મોનાં અહીં થતાં નથી પણ ઉદય અને સત્તા હોય છે. સામાન્ય કેવલી ભગવંતને ઉદયમાં ૧૧ અને સત્તામાં ૮૪, તથા તીર્થંકરકેવલી ભગવંતને ઉદયમાં ૧૨ અને સત્તામાં ૮૫ પ્રકૃતિઓ હોય છે. તેમાં ઉદયવતીને વિપાકોદયથી અનુભવતા અનુભવતા, અને અનુદયવતી પ્રકૃતિઓને સ્તિબૂકસંક્રમથી ઉદયવતીમાં સંક્રમાવી સંક્રમાવીને, પોતાનાપણે પ્રદેશોદયથી અને ઉદયવતીના રૂપે રસોદયથી ભોગવતા આ કેવલી પરમાત્મા ચૌદમા ગુણઠાણાના દ્વિચરમ (ઉપાન્ત્ય) સમય સુધી જાય છે. તે ઉપાન્ત્ય સમયે શું થાય છે. તે હવે ગ્રંથકારશ્રી જણાવે છે. ॥ ૮૨ ॥

**देवगइसहगयाओ, दुचरमसमयभवियंमि खीयंति ।**
**सविवागेयरनामा, नीयागोयं पि तत्थेव ॥ ८३ ॥**

**देवगतिसहगताः, द्विचरमसमयभवे क्षपयति ।**
**सविपाकेतरनामानि, नीचैर्गोत्रमपि तत्रैव ॥ ८३ ॥**

*ગાથાર્થ - દેવગતિની સાથે (બંધમાં) રહેનારી, તથા વિપાકોદયથી પ્રતિપક્ષી (અર્થાત્ અનુદયવતી) તથા નીચગોત્ર આટલી પ્રકૃતિઓને ભવના દ્વિચરમ સમયે જ ખપાવે છે. ॥ ૮૩ ॥*

વિવેચન - દેવગતિની સાથે જ છે બંધ જેનો એવી ૧૦ પ્રકૃતિઓ, (દેવદ્વિક, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, વૈક્રિય-આહારક બંધન, અને વૈક્રિય-આહારક સંઘાતન) તથા **सविपाक** = વિપાકોદયમાં વર્તનારી પ્રકૃતિઓથી **इत्तर** = ભિન્ન પ્રકૃતિઓ અર્થાત્ અનુદયવતી એવી ૬૩ પ્રકૃતિઓ. તે આ પ્રમાણે -

| | | | |
|---|---|---|---|
| ૩ શરીર | ૨૦ વર્ણાદિના ભેદો | ૧ પ્રત્યેકનામ | ૨ દુર્ભગ-અનાદેય |
| ૩ સંઘાતન | ૧ મનુજાનુપૂર્વી | ૧ અપર્યાપ્ત | ૨ અયશ-નિર્માણ |
| ૩ બંધન | ૧ પરાઘાત | ૧ ઉચ્છ્વાસ | ૧ નીચગોત્ર |
| ૬ સંસ્થાન | ૧ ઉપઘાત | ૨ સ્થિરાસ્થિર | ૧ એક વેદ૦ |
| ૬ સંઘયણ | ૧ અગુરુલઘુ | ૨ શુભાશુભ | |
| ૧ ઔદારિકાંગોપાંગ | ૨ વિહાયોગતિ | ૨ સુસ્વર-દુઃસ્વર | |
| ૨૨ + | ૨૬ + | ૯ + | ૬ = ૬૩ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે દેવગતિની સાથે બંધાનારી ૧૦ અને અનુદયવતી એવી ૬૩ મળીને ૭૩ પ્રકૃતિઓની સત્તા ભવના દ્વિચરમસમયે એટલે ચૌદમા ગુણઠાણાના ઉપાન્ત્ય સમયે સત્તામાંથી ક્ષય થાય છે. ઉદયમાં વર્તતી એવી ૧૨ સત્તામાં બાકી રહે છે.

સપ્તતિકાની વૃત્તિમાં ૧૦ + ૪૭ સત્તામાંથી વિચ્છેદ થાય એમ કહ્યું છે. પરંતુ ત્યાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ ચાર જ ભેદ લીધા છે. ૨૦ ભેદની વિવક્ષા કરી નથી એટલે સત્તાને આશ્રયી ૨૦ ભેદ ગણતાં ૫૭ + ૧૬ = ૭૩ ભેદ સમજી લેવા. આ ૭૩ ની સત્તા તે તે પ્રકૃતિરૂપે ચૌદમાના દ્વિચરમસમયે ક્ષય પામે છે. ઉદયવતી ૧૨ માં સ્તિબૂક સંક્રમથી સંક્રમેલી કર્મરૂપે ચરમસમયે પણ હોય છે. સ્તિબૂક સંક્રમ યોગપ્રત્યયિક ન હોવાથી ચૌદમાના દ્વિચરમસમય સુધી ચાલુ જ હોય છે. ॥ ૮૩ ॥

**अन्नयरवेयणीअं, मणुआउअमुच्चगोअ नव नामे ।**
**वेएइ अजोगिजिणो, उक्कोस जहन्न मिक्कारा ॥ ८४ ॥**

**अन्यतरवेदनीयं, मनुजायुरुच्चैर्गोत्रं नवनाम ।**
**वेदयति अयोगिजिनः, उत्कृष्टतो जघन्यत एकादश ॥ ८४ ॥**

*ગાથાર્થ - બે વેદનીયમાંથી ૧ વેદનીય, મનુષ્યાયુષ્ય, ઉચ્ચગોત્ર, અને નામકર્મની નવ એમ કુલ ૧૨ કર્મપ્રકૃતિઓને અયોગિગુણઠાણે જિનેશ્વર પરમાત્મા ઉત્કૃષ્ટથી વેદે છે. જઘન્યથી સામાન્યકેવલી ભગવાન ૧૧ કર્મપ્રકૃતિઓને વેદે છે. ॥ ૮૪ ॥*

વિવેચન - ચૌદમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી ચરમ સમય સુધી ૪ અઘાતીકર્મોનો જ માત્ર ઉદય અને સત્તા હોય છે. ત્યાં સત્તામાં ૭૩ ઉપાન્ત્ય સમયે અને ૧૨ ચરમ સમયે વિચ્છેદ પામે છે. કુલ ૮૫ ની સત્તા હોય છે. આ વાત પાછલી ગાથામાં કહી છે. આ ગાથામાં ચૌદમા ગુણસ્થાનકે પ્રથમ સમયથી ચરમસમય સુધી ઉદયમાં કેટલી હોય? તે જણાવે છે.

ચૌદમા ગુણઠાણે તીર્થંકર ભગવાન અને સામાન્યકેવલી ભગવાન એમ ૨ જાતના આત્માઓ હોય છે. ત્યાં તીર્થંકર ભગવાનને ૧૨ અને સામાન્યકેવલી ભગવાનને ૧૧ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. એટલે ૧૨ નો ઉદય ઉત્કૃષ્ટથી અને ૧૧ નો ઉદય જઘન્યથી કહેવાય છે. ૧૧ થી ઓછી પ્રકૃતિઓનો ઉદય ન હોય અને ૧૨ થી વધારે પ્રકૃતિઓનો ઉદય ન હોય આમ જાણવું.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) વેદનીય કર્મમાંથી સાતા અથવા અસાતા ૧
(૨) આયુષ્ય કર્મમાંથી નિયમા મનુષ્યાયુષ્ય જ ૧
(૩) ગોત્ર કર્મમાંથી નિયમા ઉચ્ચગોત્ર જ ૧
(૪) નામકર્મની ૮૬ મી ગાથામાં જણાવાતી ૯
૧૨

સામાન્યકેવલી ભગવાનને નામકર્મની ૯ ને બદલે તીર્થંકર નામ કર્મ વિના આઠ ગણવી. એટલે તેઓને કુલ ૧૧ નો ઉદય થાય છે અને તીર્થંકર ભગવંતને ઉપરોક્ત ૧૨ નો ઉદય હોય છે. ॥ ૮૪ ॥

**मणुअगइ जाइ तस बायरं च, पज्जत्तसुभगमाइज्जं ।**
**जसकित्ती तित्थयरं, नामस्स हवंति नव एया ॥ ८५ ॥**

**मनुजगतिर्जातिस्त्रसबादरञ्च, पर्याप्तसुभगमादेयम् ।**
**यशःकीर्त्तिस्तीर्थङ्करं, नाम्नः भवन्ति नव एताः ॥ ८५ ॥**

*ગાથાર્થ - મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સૌભાગ્ય આદેય, યશકીર્તિ અને તીર્થંકર નામકર્મ આમ નામકર્મની આ નવ કર્મપ્રકૃતિઓ છે. ॥ ૮૫ ॥*

વિવેચન - આ ગાથા મૂલ સપ્તતિકા ગ્રંથની નથી, પ્રક્ષિપ્ત છે. ચૌદમા ગુણસ્થાનકના પ્રથમ સમયથી ચરમ સમય સુધી તીર્થંકર પરમાત્માને નામકર્મની જીવવિપાકી એવી નવ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. એમ પહેલાંની ૮૫ મી ગાથામાં જે કહેવામાં આવ્યું છે. તે નામકર્મની નવ કઈ કઈ ? આ વાત જણાવતાં કહે છે કે -

| | | |
|---|---|---|
| ૧ મનુષ્યગતિ | ૪ બાદર નામકર્મ | ૭ આદેય નામકર્મ |
| ૨ પંચેન્દ્રિયજાતિ | ૫ પર્યાપ્ત નામકર્મ | ૮ યશઃ નામકર્મ |
| ૩ ત્રસ નામકર્મ | ૬ સૌભાગ્ય નામકર્મ | ૯ તીર્થંકર નામકર્મ |

સામાન્યકેવલી ભગવંતને આ જ ૯ માંથી ૧ તીર્થંકર નામકર્મ બાદ કરતાં બાકીની નામકર્મની આઠ કર્મપ્રકૃતિઓનો ઉદય હોય છે.

આ રીતે નામકર્મની ૮ અને વેદનીય-આયુષ્ય અને ગોત્રકર્મની ૧-૧-૧ કુલ સામાન્યકેવલીને ૧૧ અને તીર્થંકરકેવલીને ૯ + ૧ + ૧ + ૧ = ૧૨ નો ઉદય હોય છે. આ ૧૧-૧૨ ઉદયવતી કહેવાય છે. બાકીની ૭૩ અનુદયવતી કહેવાય છે. અનુદયવતીની સત્તા દ્વિચરમસમયે ક્ષય પામે છે અને ઉદયવતીની સત્તા ચરમસમયે ક્ષય પામે છે. તેથી સામાન્યકેવલીને ઉપાન્ત્ય સમયે ૭૩ અને ચરમસમયે ૧૧ ની સત્તાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષય થાય છે એટલે કુલ ૮૪ ની જ સત્તા હતી, તીર્થંકર પ્રભુને ૭૩ અને ૧૨ ની સત્તાનો ક્ષય થાય છે. કુલ ૮૫ ની સત્તા હતી. આ બાબતમાં બીજા કેટલાક આચાર્યોનો જુદો મત પણ છે. તે બાબત હવે પછીની ૮૭ મી ગાથામાં જણાવે છે. ॥ ૮૫ ॥

**तच्चाणुपुव्विसहिया, तेरस भवसिद्धिअस्स चरमंमि ।**
**संतं सगमुक्कोसं, जहन्नयं बारस हवंति ।। ८६ ।।**

**तृतीयानुपूर्वीसहिताः, त्रयोदश भवसिद्धिकस्य चरमे ।**
**सत्कर्मस्वकमुत्कृष्टं, जघन्यकं द्वादश भवन्ति ।। ८६ ।।**

*ગાથાર્થ - ભવસિદ્ધિક (તે જ ભવે મોક્ષે જનારા) જીવને ચૌદમાના ચરમસમયે તૃતીય આનુપૂર્વી (મનુષ્યાનુપૂર્વી) સહિત ૧૩ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટથી સત્તા હોય છે અને જઘન્યથી ૧૨ ની સત્તા હોય છે. ॥ ૮૬ ॥*

વિવેચન - ઉપરોક્ત ૮૬ મી ગાથામાં તીર્થંકર ભગવંતને ચરમસમયે ૧૨ અને સામાન્યકેવલી ભગવંતને ૧૧ નો ઉદય અને ૧૨-૧૧ ની સત્તા હોય છે. અને તેઓ ૧૨-૧૧ ના ઉદયનો અને સત્તાનો ક્ષય કરીને મોક્ષે જાય છે. આ બાબતમાં બીજા કેટલાક આચાર્યો એમ માને છે કે ચૌદમાના ચરમસમયે મનુષ્યાપૂર્વીનો ઉદય ભલે હોતો નથી પરંતુ સત્તા હોય છે. તેથી તે ત્રીજી આનુપૂર્વી સહિત કરતાં ઉત્કૃષ્ટથી ૧૨+૧ = ૧૩ ની સત્તા અને જઘન્યથી ૧૧+૧ = ૧૨ ની સત્તા હોય છે. ૧૩ ની સત્તા તીર્થંકર પ્રભુને અને ૧૨ની સત્તા અતીર્થંકર પ્રભુને હોય છે. આમ તે આચાર્ય મહારાજાઓનું કહેવું છે. તેનું કારણ હવે પછીની ગાથામાં જણાવે છે. ॥ ૮૬ ॥

**मणुअगइसहगयाओ, भवखित्तविवागजीअविवागाओ ।**
**वेअणीयन्नयरुच्चं चरमसमयंमि खीयंति ।। ८७ ।।**

**मनुजगतिसहगताः भवक्षेत्रविपाकजीवविपाकाः इति ।**
**वेदनीयान्यतरदुच्चैः, चरमसमये क्षयन्ति ।। ८७ ।।**

*ગાથાર્થ - મનુષ્યગતિની સાથે છે ઉદય જેનો એવી ભવવિપાકી ક્ષેત્રવિપાકી અને જીવવિપાકી નામકર્મની પ્રકૃતિઓ તથા અન્યતર વેદનીય અને ઉચ્ચગોત્ર એમ ૧૩ પ્રકૃતિઓ ભવ્ય જીવને ભવના ચરમસમયે ક્ષય થાય છે. ॥ ૮૭ ॥*

વિવેચન - ચૌદમાના ચરમ સમયે ૧૩ ની સત્તાનો ક્ષય માનનારા આચાર્યો કહે છે કે મનુષ્યગતિની સાથે છે ઉદય જેનો એવી અર્થાત્ ઉદયને આશ્રયી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યગતિની સાથે સહગત એવી ભવવિપાકી (એટલે મનુષ્ય આયુષ્ય) અને ક્ષેત્રવિપાકી (એટલે મનુષ્યાનુપૂર્વી) તથા જીવવિપાકી (એટલે નામકર્મની નવ) આમ ૧૧, તથા અન્યતર વેદનીય અને ઉચ્ચગોત્ર મળીને કુલ ૧૩ પ્રકૃતિઓ ભવના ચરમસમયે જીવને સત્તામાંથી ક્ષય થાય છે. આ સૂત્રપાઠમાં જે "भवखित्तविवाग" પાઠ છે તેના આધારે ક્ષેત્રવિપાકી મનુષ્યાનુપૂર્વી ઉમેરીને ચરમસમયે ૧૩ ની સત્તાનો ક્ષય માને છે.

પરંતુ ગાથા ૮૫ માં કહ્યા પ્રમાણે બીજા કેટલાક આચાર્ય મહારાજાઓ જઘન્યથી ૧૧ ની અને ઉત્કૃષ્ટથી ૧૨ ની જ સત્તા ક્ષય થાય છે. એમ માને છે. તેઓનું આમ કહેવાનું કારણ એ છે કે - મનુષ્યાનુપૂર્વીનો ઉદયમાત્ર વિગ્રહગતિમાં જ હોવાથી ચૌદમે ગુણઠાણે તેનો ઉદય નથી અને અનુદયવતીની સત્તા નિયમા દ્વિચરમસમયે જ જાય છે. કારણ કે અનુદયવતીનો ઉદયવતીમાં સ્તિબૂકસંક્રમ થાય છે. આ રીતે કેટલાકના મતે ૧૩ની અને ૧૨ ની અને કેટલાકના મતે ૧૨ ની અને ૧૧ ની સત્તાનો આ ક્ષપક કેવલી મહાત્મા નાશ કરે છે. ॥ ૮૭ ॥

**अह सुइयसयलजगसिहरमरुअनिरुवमसहावसिद्धिसुहं ।**
**अनिहणमव्वाबाहं, तिरयणसारमणुहवंति ।। ८८ ।।**

**अथ शुचिकसकलजगच्छिखरं अरुजनिरुपमस्वभावसिद्धिसुखं ।**
**अनिधनमनाबाधं त्रिरत्नसारमनुभवन्ति ।। ८८ ।।**

*ગાથાર્થ - પવિત્ર, પરિપૂર્ણ, જગતના શિખરભૂત, રોગ વિનાનું, ઉપમા વિનાનું, સ્વભાવભૂત, અનંતકાલ રહેનારૂં, બાધા વિનાનું, ત્રણ રત્નોના સારભૂત એવું સિદ્ધિસુખ તે મહાત્માઓ અનુભવે છે. ॥ ૮૮ ॥*

વિવેચન - અયોગી ગુણઠાણાના ચરમસમયે સકલકર્મોનો ક્ષય કર્યા પછી શરીર અને કર્મોના અનાદિકાલથી લાગેલા મહાબંધનમાંથી મુક્ત થયેલા આ મહાત્મા પુરુષો પૂર્વપ્રયોગ, અસંગત્વ, બન્ધચ્છેદ અને તેવા પ્રકારનો ઊર્ધ્વગતિ પરિણામ આ ચાર કારણોને લીધે એક જ સમયમાં, પોતાની અવગાહના જેટલા જ આકાશપ્રદેશોમાં અવગાહતા સાત રાજ ઉપર જઈને સિદ્ધિસુખને અનુભવે છે. તે સિદ્ધિસુખ કેવું છે ? આ વાત આ ગાથામાં ૯ વિશેષણો દ્વારા સમજાવે છે.

(૧) **शुचिकम्** = એકાન્તે શુદ્ધ એવું સિદ્ધિસુખ છે. પરંતુ રાગ-દ્વેષ આદિ દોષોથી મિશ્ર (અશુદ્ધ) થયેલું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) **सकलम्** = પરિપૂર્ણ સુખ છે. ક્ષાયિકભાવનું હોવાથી આંશિક નથી.

(૩) **जगत्शिखरम्** = જગતના સાંસારિક લોકોમાં સંભવતા સકલ સુખના સમૂહના શિખરભૂત એવું આ સિદ્ધિસુખ છે. કારણ કે સાંસારિક તમામ સુખો ઔદયિક ભાવનાં છે. એટલે પરદ્રવ્યાપેક્ષિત છે. જ્ઞાનાવરણીયાદિના ક્ષયોપશમભાવના ગુણોને આશ્રિત સુખો પણ ક્ષયોપશમભાવનાં હોવાથી અપરિપૂર્ણ છે. જ્યારે આ સુખ ક્ષાયિક ભાવનું હોવાથી પરાપેક્ષારહિત છે અને પરિપૂર્ણ છે.

(૪) **अरुजम्** = ત્યાં લેશથી પણ વ્યાધિ-આધિ-ઉપાધિનો અભાવ છે.

(૫) **निरुपमम्** = ઉપમાથી અતીત આ સુખ છે. સંસારમાં એવી કોઈ જ વસ્તુ નથી કે જેની સાથે આ સુખ સરખાવી શકાય.

(૬) **स्वाभाविकम्** = સ્વાભાવિક છે. આત્માના સહજ ગુણસ્વરૂપ છે પણ સાંસારિક સુખની જેમ કૃત્રિમ નથી, તથા પુદ્‌ગલ આદિ પરદ્રવ્યને આધીન નથી.

(૭) **अनिधनम्** = જેનો કદાપિ અંત આવવાનો નથી તેવું અનંત છે તથા પ્રતિક્ષણે અપરિમિત સુખ હોવાથી માત્રામાં પણ અનંત છે.

(૮) **अव्याबाधम्** = જે સુખને કોઈ જાતની બાધા પહોંચી ન શકે તેવું. અર્થાત્ સકલ બાધાઓથી પર એવું આ સુખ છે.

(૯) **त्रिरत्नसारम्** = સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણ આત્માના સહજગુણો છે. તે રૂપી રત્નો ભરેલાં છે જેમાં એવું અર્થાત્ ત્રણે રત્નોના સારભૂત એવું આ સિદ્ધિસુખ મુક્તિમાં પહોંચેલા મહાત્મા પુરુષો અનંત-અનંત કાલ અનુભવે છે.

આ ગાથાનો ફલિતાર્થ એ છે કે સિદ્ધિસુખને ઈચ્છતા આત્માઓએ રત્નત્રયી પ્રાપ્ત કરવામાં ભારે ઉદ્યમ કરવો જોઈએ. ઉપાય વિના ઉપેયની પ્રાપ્તિ થતી નથી. સિદ્ધિસુખના કારણભૂત રત્નત્રયી જ છે. કારણ કે રત્નત્રયીના આરાધનથી જીવ કર્મોનો ક્ષય કરે છે. અને કર્મોના ક્ષયથી સિદ્ધિસુખ આવે છે માટે હે મુમુક્ષુ આત્માઓ ! તમે તેમાં ભારે પ્રયત્ન કરો. ॥ ૮૮ ॥

**दुरहिगम-निउण-परमत्थ-रुइर-बहुभंग-दिट्ठिवायाओ ।**
**अत्था अणुसरिअव्वा, बंधोदयसंतकम्माणं ॥ ८९ ॥**

जैनम् जयति शासनम् JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दुरधिगम-निपुण-परमार्थ-रुचिर-बहुभंग-दृष्टिवादात् ।
अर्थाः अनुसर्तव्याः, बन्धोदयसत्कर्मणाम् ।। ८९ ।।

*ગાથાર્થ - દુઃખે સમજાય તેવા, સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય, યથાવસ્થિત અર્થવાળા મનોહર બહુભંગવાળા દૃષ્ટિવાદ નામના અંગમાંથી બંધ-ઉદય અને સત્તાના વિશેષ અર્થો અનુસરવા. ॥ ૮૯ ॥*

વિવેચન - હવે આ ગ્રંથનો ઉપસંહાર કરતા આચાર્ય મહારાજશ્રી વિશેષાર્થીને માટે સૂચના કરે છે કે અગ્રાયણી નામના બીજા પૂર્વમાં આવેલા કર્મપ્રકૃતિ નામના પ્રાભૃતમાંથી બંધ-ઉદય-અને સત્તાના વિકલ્પો (ભાંગાઓ) અમે અહીં સંક્ષેપમાં જણાવ્યા છે. છતાં તેના ઘણા ઘણા વિશેષ અર્થો કોઈને જો જાણવા હોય તો દ્વાદશાંગીમાંના બારમા અંગ રૂપે જે દૃષ્ટિવાદ નામનું અંગ છે તેમાંથી વિશેષાર્થીએ જાણવા. કારણ કે આ સંક્ષેપ તો દૃષ્ટિવાદના ઝરણાનું પણ એક અતિશય નાનું ઝરણું જ છે. વિસ્તારાર્થ તો ત્યાં જ રહેલો છે.

પ્રશ્ન - આ દૃષ્ટિવાદ નામનું બારમું અંગ કેવું છે ?

ઉત્તર - પાંચ વિશેષણો વડે દૃષ્ટિવાદનું સ્વરૂપ સમજાવે છે.

(૧) दुरधिगम = દુઃખે સમજાય તેવું, પ્રમાણ-નય-અને નિક્ષેપા આદિનો ઉંડો અભ્યાસ હોય તો જ સમજાય તેવું. એટલે કે મહાકષ્ટે સમજાય તેવું.

(૨) निपुण = ચતુર પુરુષો વડે જ (સૂક્ષ્મ બુદ્ધિવાળા મહાત્માઓ) વડે જ સમજાય તેવું.

(૩) परमार्थ = પરમ છે અર્થો જેમાં એવું. ક્યાંય પૂર્વાપર વિરોધ ન આવે તેવું. યથાવસ્થિત અર્થને કહેનારૂં, તથા સૂક્ષ્માતિસૂક્ષ્મ અર્થોને કહેનારૂં.

(૪) रुचिर = સૂક્ષ્મથી પણ વધારે સૂક્ષ્મ અર્થો સમજાવવામાં અતિશય પટુપ્રજ્ઞાવાળા મહાત્માઓને રુચિ (મનની પ્રસન્નતા) કરનારૂં.

(૫) बहुभङ्ग = બંધ-ઉદય અને સત્તાના અનેક પ્રકારે વિકલ્પો છે જેમાં એવું આ દૃષ્ટિવાદ મહા અંગ છે. ત્યાંથી વિશેષાર્થીઓએ ઘણા ભાવો જાણવા. ॥૮૯॥

जो जत्थ अपडिपुन्नो, अत्थो अप्पागमेण बद्धो त्ति ।
तं खमिऊण बहुसुआ, पूरेऊणं परिकहंतु ।। ९० ।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यो यत्राप्रतिपूर्णोऽर्थोऽल्पागमेन बद्ध इति ।
तं क्षमयित्वा बहुश्रुताः पूरयित्वा परिकथयन्तु ।। ९० ।।

*ગાથાર્થ - અલ્પશાસ્ત્રજ્ઞ એવા મારા વડે જ્યાં જ્યાં જે જે અર્થ અપરિપૂર્ણ રચાયો હોય, તે મારા અપરાધની ક્ષમા કરીને તે અધુરો અર્થ ઉમેરીને, હે બહુશ્રુત પુરુષો ! તમે કહેજો. ॥ ૯૦ ॥*

વિવેચન - આ ગ્રંથની રચના કરનારા ગ્રંથકર્તા પોતાની વિનય-વિવેકભરી ભાષામાં અતિશય લઘુતા જણાવતાં કહે છે કે - હું અલ્પશાસ્ત્રોનો જ્ઞાતા છું. તેથી કોઈ કોઈ અર્થો કહેવાના રહી ગયા હશે એમ હું માનું છું. તેથી જે જે સ્થાને જે જે અર્થ કહેવાનો રહી ગયો હોય અર્થાત્ અહીં અપરિપૂર્ણ અર્થ છે. આવું તમને લાગે તો હે બહુશ્રુત પુરુષો ! હે દ્વાદશાંગીના જાણ પુરુષો ! મારો તે અપરાધ ક્ષમા કરીને અધુરા તે અર્થને પૂરીને, બાળ જીવોના ઉપકાર માટે તમે અવશ્ય કહેજો. (તમને વધારે સ્પષ્ટ અર્થો કરવાની અને કહેવાની છૂટ છે).

બહુશ્રુત પુરુષો ઘણા વિશાળ જ્ઞાનના સમૂહની સંપત્તિવાળા છે. પરોપકાર કરવાની જ એક રસિકતાવાળા છે. તેથી મારા ઉપર અને અમારા સઘળા શિષ્ય-પરિવાર ઉપર પરમ ઉપકાર કરવાની ઈચ્છાવાળા હોય જ. તેથી અસ્ફુટ અને અપરિપૂર્ણ અર્થ કહેવા રૂપ મારો જે અપરાધ (ક્ષતિ) છે. તેને સહી લઈને ખુટતા અર્થો પુરીને અવશ્ય કહેજો.

ઉપરનાં વાક્યોમાં કેટલો વિનય છે ? કેટલો વિવેક છે ? કેટલી લઘુતા છે? કેટલી ઉદારતા છે ? કેટલી નમ્રતાસૂચક ભાષા છે ? ધન્ય છે આવા મહાત્મા પુરુષોને, તેઓના ચરણકમલમાં અમારા લાખો લાખો વંદન હોજો. ॥ ૯૦ ॥

गाहग्गं सयरीए, चंदमहत्तरमयाणुसारीए ।
टीगाइनिअमिआणं, एगूणा होइ नउईओ ।। ९१ ।।

गाथाग्रं सप्तत्याश्चन्द्रमहत्तरमतानुसारिण्याः ।
टीकादिनिर्मितानामेकोना भवति नवतिः ।। ९१ ।।



जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ - શ્રી ચંદ્રમહત્તરાચાર્યના મતને અનુસરનારી ૭૦ ગાથાઓના સમૂહરૂપ (સપ્તતિકા નામનો) આ ગ્રંથ છે. તેમાં ટીકાકારાદિ વડે રચાયેલી ગાથાઓનો પ્રક્ષેપ કરતાં કુલ ૮૯ ગાથાઓ થઈ છે. ॥ ૯૧ ॥*

વિવેચન - પૂર્વધર એવા શ્રી ચંદ્રમહત્તરાચાર્યશ્રીએ તો સૌથી પ્રથમ ૭૦ ગાથાઓનો આ ગ્રંથ બનાવ્યો હતો. તેથી જ આ ગ્રંથનું મૂલનામ "સપ્તતિકા" રાખવામાં આવ્યું છે. સંસ્કૃત ભાષામાં "સપ્તતિકા" નો અર્થ ૭૦ થાય છે. પ્રાકૃત ભાષામાં તેને જ "સિત્તરી" કહેવાય છે. કોઈ ચિરંતનાચાર્યકૃત "સિત્તરી" નામનો ગ્રંથ છે. તેની ૭૦ ગાથા છે. પરંતુ આ ૭૦ ગાથાનો સપ્તતિકા નામનો જે ગ્રંથ છે. તે જ આ છે. તેને સમજવો ઘણો કઠીન છે. દુર્બોધ છે. એમ સમજીને તથા "जो तत्थ अपडिपुण्णो" ગાથા ૯૦માં ગ્રંથકારશ્રીની જ આજ્ઞા છે કે જ્યાં જે અર્થ અધુરો દેખાય, તે ઉમેરીને કહેજો". આ વાક્યમાં ગ્રન્થકારશ્રીની આજ્ઞા જ છે. એમ સમજીને ટીકાકાર આદિ મહાત્માઓએ ગ્રંથકારશ્રીના આશયને અનુસરનારી એવી કેટલીક ગાથાઓ ભાષ્ય આદિ ગ્રંથોમાંથી લઈને ઉમેરી છે. તેથી આ ગ્રંથની ગાથા એક ન્યૂન નેવું એટલે કે ૮૯ થઈ ગઈ છે. વાસ્તવિક સપ્તતિકાની મૂલ ગાથા ૭૦ છે. અને સિત્તરીગ્રંથની ગાથા ૭૧ છે. (છેલ્લી એક ગાથા ઉપસંહારાત્મક છે...)

જે જે ગાથાઓ ઉમેરી છે તે ગાથાઓ આ પ્રમાણે છે. આ પુસ્તકમાં છાપેલી ગાથા નં. ૬, ૧૧, ૨૭, ૩૮, ૩૯, ૪૬, ૪૭, ૫૩, ૫૪, ૫૫, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૨, ૮૫ તથા ૯૧ કુલ ૨૧ ગાથાઓ ઉમેરવામાં આવી છે. તેથી ૭૦ + ૨૧ = ૯૧ ગાથાઓ આ પુસ્તકમાં અમે છાપી છે.

૯૧ ગાથાના આ ગ્રંથમાં છેલ્લી બે ગાથા ઉપસંહારાત્મક હોવાથી વિષયને સમજાવનારી ૮૯ ગાથા થાય છે. જે છેલ્લી ગાથામાં સૂચવવામાં આવ્યું છે. ॥૯૧॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૬૨ માર્ગણાસ્થાનોમાં મૂલકર્મના તથા ૬ ઉત્તરકર્મના સંવેધભાંગાનું યંત્ર.

| | માર્ગણા | મૂલ કર્મભાંગા | જ્ઞાના-વરણીય કર્મ | દર્શના-વરણીય કર્મ | વેદનીય કર્મ | આયુષ્ય કર્મ | ગોત્ર કર્મ | અંતરાય કર્મ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નરકગતિ | ૨ | ૧ | ૪ | ૪ | ૫ | ૨ | ૧ |
| ૨ | તિર્યંચગતિ | ૨ | ૧ | ૪ | ૪ | ૯ | ૩ | ૧ |
| ૩ | મનુષ્યગતિ | ૭ | ૨ | ૧૧ | ૮ | ૯ | ૬ | ૨ |
| ૪ | દેવગતિ | ૨ | ૧ | ૪ | ૪ | ૫ | ૪ | ૧ |
| ૫ | એકેન્દ્રિય જાતિ | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૬ | બેઈન્દ્રિય જાતિ | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૭ | તેઈન્દ્રિય જાતિ | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૮ | ચઉરિન્દ્રિય જાતિ | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૯ | પંચેન્દ્રિય જાતિ | ૭ | ૨ | ૧૧ | ૮ | ૨૮ | ૭ | ૨ |
| ૧૦ | પૃથ્વીકાય | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૧૧ | અપ્કાય | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૧૨ | તેઉકાય | ૨ | ૧ | ૨ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧૩ | વાઉકાય | ૨ | ૧ | ૨ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧૪ | વનસ્પતિકાય | ૨ | ૧ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૧૫ | ત્રસકાય | ૭ | ૨ | ૧૧ | ૮ | ૨૮ | ૭ | ૨ |
| ૧૬ | મનયોગ | ૬ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૫ | ૨ |
| ૧૭ | વચનયોગ | ૬ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૫ | ૨ |
| ૧૮ | કાયયોગ | ૬ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૬ | ૨ |
| ૧૯ | સ્ત્રીવેદ | ૨ | ૧ | ૭ | ૪ | ૨૩ | ૫ | ૧ |
| ૨૦ | પુરુષવેદ | ૨ | ૧ | ૭ | ૪ | ૨૩ | ૫ | ૧ |
| ૨૧ | નપુંસકવેદ | ૨ | ૧ | ૭ | ૪ | ૨૩ | ૫ | ૧ |
| ૨૨ | ક્રોધ કષાય | ૨ | ૧ | ૭ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૨૩ | માન કષાય | ૨ | ૧ | ૭ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૨૪ | માયા કષાય | ૨ | ૧ | ૭ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૨૫ | લોભ કષાય | ૩ | ૧ | ૭ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૨૬ | મતિજ્ઞાન | ૫ | ૨ | ૯ | ૪ | ૨૦ | ૩ | ૨ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૫ | ૨ | ૯ | ૪ | ૨૦ | ૩ | ૨ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૫ | ૨ | ૯ | ૪ | ૨૦ | ૩ | ૨ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૫ | ૨ | ૯ | ૪ | ૬ | ૨ | ૨ |
| ૩૦ | કેવલજ્ઞાન | ૨ | ૦ | ૦ | ૬ | ૧ | ૨ | ૦ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | માર્ગણા | મૂલ કર્મભાંગા | જ્ઞાના વરણીય કર્મ | દર્શના વરણીય કર્મ | વેદનીય કર્મ | આયુષ્ય કર્મ | ગોત્ર કર્મ | અંતરાય કર્મ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | મતિઅજ્ઞાન | ૨ | ૧ | ૨ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૨ | ૧ | ૨ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૨ | ૧ | ૨ | ૪ | ૨૮ | ૪ | ૧ |
| ૩૪ | સામા. ચારિત્ર | ૨ | ૧ | ૫ | ૪ | ૬ | ૧ | ૧ |
| ૩૫ | છેદો. ચારિત્ર | ૨ | ૧ | ૫ | ૪ | ૬ | ૧ | ૧ |
| ૩૬ | પરિહાર. ચારિત્ર | ૨ | ૧ | ૨ | ૪ | ૬ | ૧ | ૧ |
| ૩૭ | સૂક્ષ્મ. ચારિત્ર | ૧ | ૧ | ૩ | ૨ | ૨ | ૧ | ૧ |
| ૩૮ | યથાખ્યાત ચારિત્ર | ૪ | ૧ | ૪ | ૬ | ૨ | ૨ | ૧ |
| ૩૯ | દેશવિરતિ ચારિત્ર | ૨ | ૧ | ૨ | ૪ | ૧૨ | ૨ | ૧ |
| ૪૦ | અવિરતિ ચારિત્ર | ૨ | ૧ | ૪ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૫ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૫ | ૨ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૫ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૬ | ૨ |
| ૪૩ | અવધિદર્શન | ૫ | ૨ | ૯ | ૪ | ૨૦ | ૩ | ૨ |
| ૪૪ | કેવલદર્શન | ૨ | ૦ | ૦ | ૬ | ૧ | ૨ | ૦ |
| ૪૫ | કૃષ્ણ લેશ્યા | ૨ | ૧ | ૪ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૪૬ | નીલ લેશ્યા | ૨ | ૧ | ૪ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૪૭ | કાપોત લેશ્યા | ૨ | ૧ | ૪ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૪૮ | તેજો લેશ્યા | ૨ | ૧ | ૪ | ૪ | ૨૧ | ૪ | ૧ |
| ૪૯ | પદ્મ લેશ્યા | ૨ | ૧ | ૪ | ૪ | ૨૧ | ૪ | ૧ |
| ૫૦ | શુક્લ લેશ્યા | ૬ | ૨ | ૧૧ | ૪ | ૨૧/૧૭ | ૫ | ૨ |
| ૫૧ | ભવ્ય માર્ગણા | ૭ | ૨ | ૧૧ | ૮ | ૨૮ | ૭ | ૨ |
| ૫૨ | અભવ્ય માર્ગણા | ૨ | ૧ | ૨ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૫૩ | ઉપશમ સમ્યક્ત્વ | ૩ | ૨ | ૬ | ૪ | ૧૬ | ૩ | ૨ |
| ૫૪ | ક્ષાયિક સમ્યક્ત્વ | ૭ | ૨ | ૯ | ૮ | ૧૫ | ૪ | ૨ |
| ૫૫ | ક્ષાયોપ. સમ્યક્ત્વ | ૨ | ૧ | ૨ | ૪ | ૨૦ | ૨ | ૧ |
| ૫૬ | મિશ્ર સમ્યક્ત્વ | ૧ | ૧ | ૨ | ૪ | ૧૬ | ૨ | ૧ |
| ૫૭ | સાસ્વાદન સમ્યક્ત્વ | ૨ | ૧ | ૨ | ૪ | ૨૬ | ૪ | ૧ |
| ૫૮ | મિથ્યાત્વ સમ્યક્ત્વ | ૨ | ૧ | ૨ | ૪ | ૨૮ | ૫ | ૧ |
| ૫૯ | સંજ્ઞી સમ્યક્ત્વ | ૫/૭ | ૨ | ૧૧ | ૮ | ૨૮ | ૭ | ૨ |
| ૬૦ | અસંજ્ઞી સમ્યક્ત્વ | ૨ | ૧ | ૨ | ૪ | ૧૪ | ૩ | ૧ |
| ૬૧ | આહારી સમ્યક્ત્વ | ૬ | ૨ | ૧૧ | ૪ | ૨૮ | ૬ | ૨ |
| ૬૨ | અણાહારી સમ્યક્ત્વ | ૩ | ૧ | ૪ | ૮ | ૪ | ૭ | ૧ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) નરકગતિ :

મૂલ કર્મના સાત ભાંગામાંથી આયુષ્ય બંધકાલે ૮નો બંધ, ૮નો ઉદય અને ૮ની સત્તા, શેષકાલે આયુષ્યના બંધ વિના ૭નો બંધ, ૮નો ઉદય અને ૮ની સત્તા એમ મૂલકર્મના કુલ બે ભાંગા હોય છે.

જ્ઞાનાવરણીયકર્મમાં ૫નો બંધ, ૫નો ઉદય અને ૫ની સત્તા આ એક જ ભાંગો હોય છે. દર્શનાવરણીયકર્મમાં નવના બંધના ૨ અને ૬ના બંધના બે એમ કુલ ૪ ભાંગા હોય છે. ૯ - ૪ - ૯ । ૯ - ૫ - ૯ । ૬ - ૪ - ૯ । ૬ - ૫ - ૯ આ ચાર ભાંગા જાણવા. વેદનીય કર્મમાં અસાતાના બંધના ૨ અને સાતાના બંધના ૨, કુલ ૪ ભાંગા હોય છે.

અસાતા-અસાતા-૨ । અસાતા-સાતા-૨ । સાતા-અસાતા-૨ । સાતા-સાતા-૨ । આ ૪ ભાંગા વેદનીયના જાણવા.

આયુષ્યકર્મના નરકગતિમાં સંભવતા પાંચ ભાંગા જાણવા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

| | | |
|---|---|---|
| ૧. અબંધ | નરકાયુષ્યનો ઉદય | નરકાયુષ્યની સત્તા |
| ૨. તિર્યંચાયુષ્યનો બંધ | નરકાયુષ્યનો ઉદય | તિર્યંચ-નરકની સત્તા |
| ૩. મનુષ્યાયુષ્યનો બંધ | નરકાયુષ્યનો ઉદય | મનુષ્ય-નરકની સત્તા |
| ૪. અબંધ | નરકાયુષ્યનો ઉદય | તિર્યંચ-નરકની સત્તા |
| ૫. અબંધ | નરકાયુષ્યનો ઉદય | મનુષ્ય-નરકની સત્તા |

ગોત્રકર્મમાં ૧ નીચનો બંધ, નીચનો ઉદય અને બેની સત્તા, ૨ ઉચ્ચનો બંધ-નીચનો ઉદય અને બેની સત્તા આ રીતે બીજા-ચોથા નંબરનો એમ બે ભાંગા હોય છે. અને અંતરાયકર્મનો પાંચનો બંધ, પાંચનો ઉદય અને પાંચની સત્તાવાળો ફક્ત એક ભાંગો સંભવે છે.

(૨) તિર્યંચગતિ :

મૂલકર્મમાં ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ એમ બે ભાંગા જાણવા. જ્ઞાનાવરણીયમાં ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો જાણવો. દર્શનાવરણીયમાં ૯ - ૪ - ૯ । ૯ - ૫ - ૯ । ૬ - ૪ - ૯ । ૬ - ૫ - ૯ । એમ ૪ ભાંગા જાણવા. વેદનીયકર્મમાં અસાતા-અસાતા-૨ । અસાતા-સાતા-૨ । સાતા-અસાતા-૨ । સાતા-સાતા-૨ । એમ ૪ ભાંગા જાણવા. આયુષ્યકર્મમાં તિર્યંચગતિના બંધપૂર્વેનો ૧, બંધકાલના ૪, અને બંધ પછીના ૪ એમ ૯ ભાંગા પૂર્વે સમજાવ્યા પ્રમાણે જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોત્રકર્મમાં ૧ નીચ-નીચ-નીચ, ૨ નીચ-નીચ-ઉચ્ચનીચ, ૪ ઉચ્ચ-નીચ–ઉચ્ચનીચ એમ ત્રણ ભાંગા હોય છે. કારણ કે નરક-તિર્યંચગતિમાં નીચગોત્રનો જ ઉદય હોય છે. તેથી ઉચ્ચના ઉદયવાળા ભાંગા હોતા નથી. હંસ અને હાથી વગેરે કેટલાક તિર્યંચો શેષ તિર્યંચો કરતાં જે પ્રશંસનીય ગણાય છે. ત્યાં પણ નીચગોત્રનો મંદ રસોદય જાણવો. પણ ઉચ્ચગોત્રનો ઉદય ન ઘટાવવો. પરિણામની શુભાશુભ ધારા પ્રમાણે બંધ ઉચ્ચ અને નીચ બન્ને ગોત્રનો કરી શકે છે. અંતરાયકર્મમાં ૫ - ૫ - ૫ વાળો એક ભાંગો સમજવો.

(૩) મનુષ્યગતિ :

મનુષ્યગતિમાં ચૌદે ગુણસ્થાનક હોવાથી મૂલકર્મના સાતે સાત ભાંગા ઘટી શકે છે. જ્ઞાનાવરણીયકર્મના ૫ - ૫ - ૫ તથા ૦ - ૫ - ૫ એમ બન્ને ભાંગા હોઈ શકે છે. દર્શનાવરણીયકર્મના સ્વમતે ૧૧ મતાન્તરે ૧૩ ભાંગા અર્થાત્ સર્વે ભાંગા ઘટી શકે છે. વેદનીયકર્મના પણ આઠે આઠ ભાંગા હોય છે. આયુષ્યકર્મના બંધ પૂર્વેનો ૧, બંધકાલના ૪, અને બંધ પછીના ૪, એમ નવે નવ ભાંગા હોય છે. ગોત્રકર્મના પ્રથમ ભાંગા વિનાના શેષ ૬ ભાંગા સંભવે. કારણ કે તેઉકાય-વાયુકાયના જીવો ઉચ્ચગોત્રની ઉદ્‌વલના કરે પછી જ ‘‘નીચ-નીચ-નીચ’’ વાળો પ્રથમ ભાંગો આવે છે. તે તેઉકાય અને વાયુકાય મનુષ્યગતિમાં જતા નથી. બીજો ભવ કરીને જાય તો ઉચ્ચગોત્ર બંધાઈ જવાથી બેની સત્તાવાળો ભાંગો જ મનુષ્યગતિમાં હોય છે. માટે પ્રથમ ભાંગા વિના શેષ ૬ ભાંગા જ ઘટી શકે છે. અંતરાયકર્મમાં ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો અને ૦ - ૫ - ૫ નો બીજો ભાંગો એમ બન્ને ભાંગા હોય છે.

(૪) દેવગતિ :

મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ એમ ૨ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયમાં ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે. દર્શનાવરણીયમાં ૯ - ૪ - ૯ | ૯ - ૫ - ૯ | ૬ - ૪ - ૯ | ૬ - ૫ - ૯ એમ ૪ ભાંગા હોય છે. વેદનીયકર્મમાં નરકગતિની જેમ સાતાના બંધના ૨ અને અસાતાના બંધના ૨ એમ કુલ ૪ ભાંગા હોય છે. આયુષ્ય કર્મમાં દેવગતિમાં સંભવતા પાંચે ભાંગા જાણવા. ગોત્રકર્મમાં નીચના બંધના બીજો-ત્રીજો એમ ૨ અને ઉચ્ચના બંધના ૨ એમ કુલ ૪ ભાંગા જાણવા. કારણ કે ઉચ્ચગોત્રની ઉદ્‌વલના તેઉકાય-વાયુકાયમાં થાય છે. અને તે જીવો મરીને દેવમાં જતા નથી. તેથી ‘‘નીચ-નીચ-નીચ’’ વાળો પહેલો ભાંગો દેવગતિમાં ઘટતો નથી. તથા દેવોને ચાર જ ગુણસ્થાનક હોય છે અને ગોત્રકર્મનો અબંધ ઉપશાન્ત મોહથી શરૂ થાય છે. તેથી અબંધવાળા બે ભાંગા પણ હોતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે વિચારતાં નરક-તિર્યંચમાં નીચ ગોત્રનો જ ઉદય હોય છે. પરંતુ મનુષ્ય અને દેવગતિમાં નીચગોત્રનો પણ ઉદય હોઈ શકે છે અને ઉચ્ચગોત્રનો ઉદય પણ હોઈ શકે છે. અંતરાયકર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે.

(૫) એકેન્દ્રિય માર્ગણા :

મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ એમ બે જ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીય કર્મનો ૫ - ૫ - ૫ વાળો એક જ ભાંગો હોય છે. દર્શનાવરણીય કર્મના ૯ ના બંધના બે જ ભાંગા (૯ - ૪ - ૯ । ૯ - ૫ - ૯) હોય છે. કારણ કે એકેન્દ્રિય જીવોને બે જ ગુણઠાણાં છે. અને ત્યાં નવનો જ બંધ છે. વેદનીયકર્મના સાતાના બંધના ૨, અને અસાતાના બંધના ૨ એમ કુલ ૪ ભાંગા હોય છે. એકેન્દ્રિય જીવોને પરભવનું તિર્યંચનું અને મનુષ્યનું એમ બેમાંનું કોઈ પણ એક આયુષ્ય બંધાતું હોવાથી તિર્યંચગતિના આયુષ્યકર્મના ૯ ભાંગામાંથી બંધપૂર્વેનો ૧, બંધકાલના ૨, બંધ પછીના ૨ એમ પાંચ જ ભાંગા સંભવે છે. ગોત્રકર્મમાં આ તિર્યંચગતિ જ હોવાથી અને તેમાં નીચગોત્રનો જ ઉદય હોવાથી નીચના ઉદયવાળા ત્રણ ભાંગા જ ઘટે છે. તેઉકાય-વાયુકાયમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી તે ભવમાં અથવા પૃથ્વીકાયાદિ ભવમાં પણ કેટલોક કાળ "નીચ-નીચ-નીચ" વાળો ભાંગો ઘટી શકે છે. અંતરાય કર્મમાં ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો જ હોય છે.

(૬-૭-૮) વિકલેન્દ્રિય :

એકેન્દ્રિય માર્ગણાની જેમ જ જાણવું. વિકલેન્દ્રિય જીવો પણ તિર્યંચ માત્ર જ છે. અને બે જ ગુણસ્થાનક છે. તેથી ઉપરોક્ત જ ભાંગા જાણવા.

(૯) પંચેન્દ્રિય જાતિ :

આ જાતિમાં ચૌદે ગુણસ્થાનક હોવાથી બધા જ ભાંગા સંભવી શકે છે. મૂલ કર્મના સાતે સાત, જ્ઞાનાવરણીય કર્મના બન્ને, દર્શનાવરણીય કર્મના સ્વમતે ૧૧, મતાન્તરે ૧૩, વેદનીય કર્મના આઠે આઠ, આયુષ્ય કર્મના ચારે ગતિના ૫ - ૯ - ૯ - ૫ કુલ ૨૮ ભાંગા હોય છે. ગોત્રકર્મના સાતે ભાંગા હોય છે. "નીચ-નીચ-નીચ" વાળો પ્રથમ ભાંગો તેઉકાય-વાયુકાયમાં ઉદ્વલના કર્યા પછી મરીને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં તે જીવો જાય છે ત્યારે શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉચ્ચગોત્ર બંધાતું ન હોવાથી ઘટી શકે છે. અંતરાયકર્મના બન્ને ભાંગા હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૦-૧૧) પૃથ્વીકાય તથા અપ્કાય :

આ બન્ને માર્ગણામાં પ્રથમનાં ૨ ગુણસ્થાનક હોવાથી મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ એમ બે ભાંગા, જ્ઞાનાવરણીય કર્મનો ૫ - ૫ - ૫ નો એક ભાંગો, દર્શનાવરણીય કર્મના ૯ ના બંધના (૯ - ૪ - ૯ તથા ૯ - ૫ - ૯) બે ભાંગા, વેદનીય કર્મના સાતા-અસાતાના બંધના ૪ ભાંગા, આયુષ્ય કર્મમાં બે જ આયુષ્ય બંધાતાં હોવાથી તિર્યંચગતિના ૯ માંથી પાંચ ભાંગા, ગોત્રકર્મના નીચગોત્રના જ ઉદયવાળા ત્રણ ભાંગા અને અંતરાય કર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે.

(૧૨-૧૩) તેઉકાય-વાયુકાય :

આ બન્ને માર્ગણામાં માત્ર મિથ્યાત્વ ગુણસ્થાનક જ હોય છે. તથા તેઓ મરીને માત્ર તિર્યંચગતિમાં જ જાય છે. અને કેવલ નીચગોત્રનો જ બંધ કરે છે. આ વાત ધ્યાનમાં રાખીને મૂલકર્મના પૂર્વોક્ત ૨ ભાંગા, જ્ઞાનાવરણીયનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો, દર્શનાવરણીયના ૯ ના બંધના ૨, વેદનીયકર્મના સાતા-અસાતાના બંધના ૪, આયુષ્ય કર્મમાં ફક્ત એક તિર્યંચાયુષ્ય જ બંધાતું હોવાથી બંધપૂર્વેનો ૧, બંધકાલનો ૧, અને બંધ પછીના કાલનો ૧, એમ કુલ ૩ ભાંગા, ગોત્રકર્મના "નીચ-નીચ-નીચ" તથા નીચ-નીચ-ઉચ્ચનીચ આ બે જ ભાંગા હોય છે. પહેલો ભાંગો નીચગોત્રની ઉદ્‌વલના કર્યા પછી અને બીજો ભાંગો નીચ ગોત્રની ઉદ્‌વલના કર્યા પહેલાં હોય છે. અંતરાય કર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો સંભવે છે.

(૧૪) વનસ્પતિકાય :

આ માર્ગણામાં રહેલા જીવો પૃથ્વીકાયાદિની જેમ તિર્યંચ-મનુષ્ય એમ બન્ને પ્રકારનું આયુષ્ય બાંધી શકે છે. માટે આયુષ્ય કર્મના પાંચ ભાંગા, ઉચ્ચ અને નીચ એમ બન્ને ગોત્રકર્મ બાંધતા હોવાથી ગોત્રકર્મના ૩ ભાંગા જાણવા. તે જ રીતે બાકીનું બધું પણ પૃથ્વીકાયની જેમ જાણવું.

(૧૫) ત્રસકાય :

આ માર્ગણાના જીવોમાં સર્વે ગુણસ્થાનક હોવાથી, ચારે આયુષ્યના બંધનો સંભવ હોવાથી તથા ઉચ્ચ-નીચ એમ બન્ને ગોત્રના બંધનો તથા ઉદયનો સંભવ હોવાથી મૂલકર્મના સાતે સાત અને છ કર્મોના અનુક્રમે ૨ - ૧૧ - ૮ - ૨૮ - ૭ - ૨ ભાંગા સંભવી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૬-૧૭) મનોયોગ-વચનયોગ :

આ બન્ને માર્ગણામાં ૧ થી ૧૩ ગુણસ્થાનક છે. માટે મૂલકર્મના ૭ ભાંગામાંથી છેલ્લો (૦ - ૪ - ૪) એક ભાંગો ચૌદમે જ ઘટતો હોવાથી અને ત્યાં યોગ ન હોવાથી તેના વિના ૬ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયના ૨, દર્શનાવરણીયના સ્વમતે ૧૧, મતાન્તરે ૧૩, વેદનીયકર્મના સાતા-અસાતાના બંધવાળા ૪, આયુષ્યકર્મના ૨૮, ગોત્રકર્મના પહેલા અને છેલ્લા વિના પાંચ અને અંતરાયકર્મના બન્ને ભાંગા ઘટે છે. ગોત્ર કર્મમાં "નીચનો બંધ, નીચનો ઉદય અને નીચની સત્તાવાળો પહેલો ભાંગો, ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી તેઉકાય-વાયુકાયમાં તથા ત્યાંથી નીકળીને શેષ તિર્યંચમાં ગયેલા જીવોને શરીર પર્યાપ્તિ પૂર્ણ કરે તે પહેલાં હોય છે. ત્યાં મનોયોગ-વચનયોગ નથી. માટે આ બે યોગમાં પહેલો ભાંગો લીધો નથી. અબંધ-ઉચ્ચનો ઉદય અને ઉચ્ચની સત્તાવાળો છેલ્લો ભાંગો ચૌદમાના ચરમ સમયે જ હોય છે. ત્યાં આ બન્ને યોગો નથી. માટે ગોત્રકર્મના બાકીના વચ્ચેના પાંચ ભાંગા જ મનોયોગ અને વચનયોગમાં લીધા છે.

(૧૮) કાયયોગ :

કાયયોગ માર્ગણામાં મૂલકર્મના સાત ભાંગામાંથી ૦ - ૪ - ૪ વાળો છેલ્લો એક ભાંગો ચૌદમા ગુણઠાણે જ હોવાથી તેના વિના ૬ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયના બન્ને ભાંગા, દર્શનાવરણીયના સ્વમતે ૧૧, મતાન્તરે ૧૩, વેદનીય કર્મના સાતા-અસાતાના બંધવાળા ચાર, આયુષ્યકર્મના ૨૮, ગોત્રકર્મનો ચૌદમાના ચરમ સમયે સંભવતો "અબંધ-ઉચ્ચનો ઉદય-ઉચ્ચની સત્તા" વાળો છેલ્લો ૧ ભાંગો છોડીને શેષ ૬ ભાંગા, અને અંતરાયકર્મના બન્ને ભાંગા ઘટે છે.

(૧૯) સ્ત્રીવેદ :

સ્ત્રીવેદ માર્ગણામાં ૧ થી ૯ ગુણસ્થાનક છે. તેથી મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ વાળા પ્રથમના બે ભાંગા જ સંભવે છે. જ્ઞાનાવરણીય કર્મનો ૫ - ૫ - ૫ વાળો પહેલો એક ભાંગો સંભવે છે. દર્શનાવરણીય કર્મના નવના બંધના ૨, છના બંધના ૨, ચારના બંધના ૨, તથા ક્ષપકશ્રેણીમાં ૧૩ના ક્ષય પછીનો ૪ - ૪ - ૬ ની સત્તાવાળો ૧ ભાંગો એમ સ્વમતે સાત ભાંગા ઘટે છે. મતાન્તરે ૪ - ૫ - ૬ વાળો ભાંગો ગણતાં ૮ ભાંગા હોઈ શકે છે. વેદનીયમાં સાતા-અસાતાના બંધના ચાર, આયુષ્યકર્મમાં નારકી નપુંસક જ માત્ર હોવાથી તેના પાંચ ભાંગા વિના ૨૩, ગોત્રકર્મના અબંધવાળા છેલ્લા બે ભાંગા (અબંધ-ઉચ્ચનો ઉદય-બેની સત્તા-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અબંધ-ઉચ્ચનો ઉદય-ઉચ્ચની સત્તા આ બે ભાંગા) વિના બાકીના પાંચ ભાંગા ઘટે છે. આ બન્ને ભાંગા ૧૧ થી ૧૪માં યથોચિત હોય છે અને ત્યાં સ્ત્રીવેદ નથી. તથા નીચનો બંધ, નીચનો ઉદય અને નીચની સત્તાવાળો પહેલો ભાંગો, તેઉકાય-વાયુકાયમાં ઉચ્ચગોત્રની ઉદ્‌વલના કર્યા પછી જ્યારે પંચેન્દ્રિય તિર્યંચમાં જાય ત્યારે શરીર પર્યાપ્તિ પૂર્ણ કર્યા પહેલાં આ ભાંગો સ્ત્રીવેદ માર્ગણામાં હોઈ શકે છે. કારણ કે ત્યાં તિર્યંચમાં ત્રણે વેદ છે. અંતરાયકર્મમાં ૫-૫-૫ વાળો ૧ ભાંગો હોય છે.

(૨૦) પુરુષવેદ :

પુરુષવેદ માર્ગણામાં પણ ૧ થી ૯ ગુણસ્થાનક છે. નારકીના જીવો સ્ત્રી કે પુરુષ હોતા નથી. તેથી સ્ત્રીવેદની જેમ જ ભાંગા જાણવા.

(૨૧) નપુંસકવેદ :

નપુંસકવેદમાં પણ સ્ત્રીવેદની જેમ જ જાણવું. તફાવત માત્ર એટલો જ છે કે આયુષ્યકર્મના ૨૮ ભાંગામાંથી દેવોના પાંચ ભાંગા ન લેવા. કારણ કે દેવગતિમાં સ્ત્રીવેદ-પુરુષવેદ જ હોય છે. નપુંસકવેદ હોતો નથી.

(૨૨ થી ૨૫) ક્રોધ-માન-માયા-લોભ :

આ ચાર માર્ગણામાંથી ક્રોધ-માન-માયાને ૧ થી ૯ ગુણસ્થાનક છે. તેથી સ્ત્રીવેદની જેમ જ મૂલકર્મના અને છ કર્મના ભાંગા સંભવે છે. ફક્ત આયુષ્યકર્મમાં ૨૮ ભાંગા જાણવા. માત્રા લોભમાં ૧ થી ૧૦ ગુણસ્થાનક છે. એટલે મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ તથા ૬ - ૮ - ૮ એમ ૩ ભાંગા ઘટે છે. બાકી બધું સમાન છે.

(૨૬-૨૭-૨૮) મતિ-શ્રુત-અવધિજ્ઞાન :

આ ત્રણ માર્ગણામાં ૪ થી ૧૨ ગુણસ્થાનક છે. માટે મૂલકર્મના તેરમે-ચૌદમે ગુણઠાણે સંભવતા ૧ - ૪ - ૪ તથા ૦ - ૪ - ૪ વાળા છેલ્લા બે ભાંગા વિના પાંચ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયના બન્ને ભાંગા હોય છે. ગુણસ્થાનક ૪ થી ૧૨ છે. માટે પહેલે-બીજે જ સંભવતા દર્શનાવરણીયના ૯ ના બંધના ૨ ભાંગા છોડીને બાકીના સ્વમતે ૯ અને મતાન્તરે ૧૧ ભાંગા સંભવે છે. વેદનીયના સાતા-અસાતાના બંધના ચાર ભાંગા હોઈ શકે છે. ગુણસ્થાનક સમ્યક્ત્વવાળાં હોવાથી ચારે ગતિમાં બંધકાલે શુભાયુષ્યના બંધવાળો એક-એક જ ભાંગો લેવાથી નરકગતિના ૪, તિર્યંચગતિના ૬, મનુષ્યગતિના ૬, અને દેવગતિના ૪ મળીને ૨૦ ભાંગા જ હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ગોત્રકર્મમાં ઉચ્ચનો બંધ-નીચનો ઉદય અને બેની સત્તા આ ભાંગો ચોથે-પાંચમે, ઉચ્ચનો બંધ-ઉચ્ચનો ઉદય અને બેની સત્તા આ ભાંગો ૪ થી ૧૦માં, અને અબંધ-ઉચ્ચનો ઉદય-બેની સત્તા આ ભાંગો ૧૧ - ૧૨મે, એમ કુલ ૩ ભાંગા જ હોઈ શકે છે. અંતરાય કર્મના બન્ને ભાંગા હોય છે.

(૨૯) મનઃપર્યવજ્ઞાન માર્ગણા :

આ માર્ગણા ૬ થી ૧૨ ગુણસ્થાનકમાં હોય છે. તેથી મૂલકર્મના મતિજ્ઞાનની જેમ પાંચ ભાંગા, જ્ઞાનાવરણીયકર્મના બન્ને, દર્શનાવરણીય કર્મના નવના બંધના ૨ વિના શેષ સ્વમતે ૯, મતાન્તરે ૧૧, વેદનીય કર્મના સાતા-અસાતાના બંધવાળા ચાર, આયુષ્યકર્મમાં મનુષ્યગતિના (એક બંધ પૂર્વેનો, એક દેવાયુષ્યના બંધનો, અને ચાર બંધ પછીના), એમ ૬ ભાંગા, ગોત્ર કર્મના ઉચ્ચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બેની સત્તા આ ભાંગો ૬ થી ૧૦ માં, તથા અબંધ-ઉચ્ચનો ઉદય અને બેની સત્તા આ ભાંગો ૧૧-૧૨ મે એમ બે જ ભાંગા હોય છે. અંતરાય કર્મના બન્ને ભાંગા હોય છે.

(૩૦) કેવલજ્ઞાન માર્ગણા :

આ માર્ગણામાં ૧૩ - ૧૪ એમ બે જ ગુણસ્થાનક છે. માટે ૧ - ૪ - ૪ તથા અબંધ - ૪ - ૪ વાળા છેલ્લા બે જ ભાંગા મૂલકર્મના ઘટે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મ ક્ષીણ થયેલ હોવાથી તેના એક પણ ભાંગા ઘટતા નથી. વેદનીય કર્મના તેરમે ગુણઠાણે સાતાના બંધવાળા ૨ તથા ચૌદમે ગુણઠાણે અબંધના છેલ્લા ચાર એમ કુલ છ ભાંગા હોય છે. આયુષ્ય કર્મનો બંધ પૂર્વેનો ૧ ભાંગો જ હોય છે. ગોત્ર કર્મના "અબંધ-ઉચ્ચનો ઉદય-બેની સત્તા તથા "અબંધ-ઉચ્ચનો ઉદય-ઉચ્ચની સત્તા એમ છેલ્લા બે ભાંગા જ હોય છે.

(૩૧-૩૨) મતિ અજ્ઞાન-શ્રુત અજ્ઞાન :

આ બન્ને માર્ગણાઓમાં ૧ - ૨ ગુણસ્થાનક હોય છે. તેથી મૂલકર્મના ૮ - -૮ - ૮ તથા ૭ - ૮ - ૮ વાળા બે જ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીય કર્મનો ૫ - ૫ - ૫ નો એક ભાંગો જ હોય છે. દર્શનાવરણીય કર્મના નવના બંધના બે ભાંગા જાણવા. (મિશ્ર ગુણસ્થાનકે જ્ઞાન-અજ્ઞાન મિશ્રિત હોય છે. તેથી સ્પષ્ટ અજ્ઞાન પહેલે-બીજે જ હોય છે. એવી વિવક્ષા કરવામાં આવી છે. જો ત્રીજું ગુણસ્થાનક પણ અજ્ઞાન માર્ગણામાં લઈએ તો છ ના બંધના પણ બે ભાંગા હોઈ શકે છે). વેદનીય કર્મમાં સાતા-અસાતાના બંધના ચાર, આયુષ્યકર્મના અઠ્ઠાવીસ, ગોત્રકર્મના છેલ્લા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અબંધવાળા બે ભાંગા વિના પાંચ અને અંતરાય કર્મનો ૫ - ૫ - ૫ વાળો એક ભાંગો હોય છે.

(૩૩) વિભંગજ્ઞાન :

આ માર્ગણામાં મતિ અજ્ઞાનની જેમ જ સર્વ સમાન જાણવું. ફક્ત ગોત્રકર્મમાં "નીચનો બંધ-નીચનો ઉદય અને નીચની સત્તા" વાળો પહેલો ભાંગો વધારે ઓછો કરવો. કારણ કે આ ભાંગાવાળા જીવોમાં વિભંગજ્ઞાન સંભવતું નથી.

(૩૪-૩૫) સામાયિક-છેદોપસ્થાપનીય ચારિત્ર :

આ બન્ને માર્ગણામાં ૬ થી ૯ ગુણસ્થાનક છે. તેથી મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ એમ પ્રથમના બે ભાંગા હોય છે. જ્ઞાનાવરણીય કર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે. દર્શનાવરણીય કર્મમાં છ ના બંધના બે, ચારના બંધના બે, તથા ક્ષપકશ્રેણીમાં ૧૩ ના ક્ષય પછી ૪ - ૪ - ૬ ની સત્તાવાળો ૧ ભાંગો એમ કુલ પાંચ ભાંગા સ્વમતે, મતાન્તરે છ ભાંગા હોય છે. વેદનીય કર્મના સાતા-અસાતાના બંધના ચાર ભાંગા, આયુષ્ય કર્મમાં મનુષ્યગતિના જ છ ભાંગા, ગોત્રકર્મમાં ઉચ્ચગોત્રનો બંધ-ઉચ્ચનો ઉદય અને બેની સત્તા એમ એક જ ભાંગો, તથા અંતરાયકર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૩૬) પરિહારવિશુદ્ધિ ચારિત્ર :

આ માર્ગણામાં ફક્ત ૬ઠ્ઠુ અને ૭મું એમ બે જ ગુણસ્થાનક છે. એટલે સઘળું સામાયિક ચારિત્રની જેમ જાણવું. પરંતુ દર્શનાવરણીય કર્મમાં છના બંધના બે જ ભાંગા જાણવા. નવના અને ચારના બંધના તથા અબંધના ભાંગા હોતા નથી.

(૩૭) સૂક્ષ્મસંપરાય ચારિત્ર :

માત્ર ૧૦મું જ ગુણસ્થાનક છે. તેથી મૂળકર્મનો "છનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા" વાળો એક જ ભાંગો ઘટે છે. જ્ઞાનાવરણીય કર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે. દર્શનાવરણીય કર્મમાં ચારના બંધના બે તથા ક્ષપક શ્રેણીમાં ૪ - ૪ - ૬ ની સત્તાવાળો એક એમ કુલ ત્રણ ભાંગા સ્વમતે, મતાન્તરે ચાર, વેદનીયકર્મમાં સાતાના બંધવાળા બે ભાંગા, આયુષ્યકર્મમાં મનુષ્યગતિના ૯ ભાંગામાંથી પહેલો અને નવમો એમ બે ભાંગા હોય છે. ગોત્રકર્મમાં ઉચ્ચનો બંધ-ઉચ્ચનો ઉદય-બેની સત્તાવાળો ૧ ભાંગો હોય છે. અંતરાય કર્મમાં ૫ - ૫ - ૫ વાળો એક ભાંગો હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩૮) યથાખ્યાત ચારિત્ર :

ગુણસ્થાનક ૧૧ થી ૧૪ છે. તેથી આ ચારે ગુણસ્થાનકે સંભવતા મૂલકર્મના ૧ - ૧ - ૧ - ૧ એમ કુલ ૪ ભાંગા ઘટે છે. જ્ઞાનાવરણીય કર્મનો અબંધ - ૫ - ૫ વાળો ૧ ભાંગો, દર્શનાવરણીય કર્મના ૧૧મે ગુણઠાણે સંભવતા ૨, તથા ૧૨મા ગુણઠાણે સંભવતા ૨ એમ કુલ ૪ ભાંગા સ્વમતે હોય છે. મતાન્તરે પાંચ ભાંગા હોય છે. વેદનીય કર્મમાં સાતાના બંધવાળા બે, તથા ચૌદમે ગુણઠાણે સંભવતા અબંધના ચાર એમ કુલ છ ભાંગા હોય છે. આયુષ્યકર્મમાં મનુષ્યગતિના ૯માંથી પહેલો અને છેલ્લો એમ બે ભાંગા હોય છે. ગોત્રકર્મમાં અબંધવાળા બે ભાંગા હોય છે. અને અંતરાયકર્મમાં અબંધ - ૫ - ૫ વાળો ૧ ભાંગો જાણવો.

(૩૯) દેશવિરતિ ચારિત્ર :

મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ વાળા બે ભાંગા, જ્ઞાનાવરણીયના ૫ - ૫ - ૫ વાળો એક ભાંગો, દર્શનાવરણીયના છના બંધના બે ભાંગા, વેદનીયના સાતા-અસાતાના બંધના ચાર, આયુષ્યકર્મના તિર્યંચગતિના ૬ તથા મનુષ્ય ગતિના ૬ એમ મળીને કુલ ૧૨, ગોત્રકર્મના ઉચ્ચગોત્રના બંધવાળા બે, અને અંતરાયકર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૪૦) અવિરતિ માર્ગણા :

મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ એમ બે ભાંગા, જ્ઞાનાવરણીયનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો, દર્શનાવરણીયમાં નવના બંધના ૨ અને છના બંધના ૨ એમ કુલ ચાર, વેદનીય કર્મના સાતા-અસાતાના બંધવાળા ચાર, આયુષ્યકર્મના અઠ્ઠાવીસ, ગોત્રકર્મના છેલ્લા અબંધવાળા બે છોડીને બાકીના પાંચ, અને અંતરાય કર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે.

(૪૧) ચક્ષુદર્શન માર્ગણા :

ગુણસ્થાનક ૧ થી ૧૨ છે. તેથી તેરમે-ચૌદમે સંભવતા મૂલકર્મના બે ભાંગા વિના બાકીના પાંચ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયના બન્ને ભાંગા, દર્શનાવરણીયના સ્વમતે ૧૧, મતાન્તરે ૧૩, વેદનીયકર્મના સાતા-અસાતાના બંધવાળા ચાર, આયુષ્યકર્મના ૨૮, ગોત્રકર્મના પહેલા અને છેલ્લા ભાંગા વિના બાકીના પાંચ, અને અંતરાયકર્મના બન્ને ભાંગા સંભવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૨) અચક્ષુદર્શન માર્ગણા :

આ માર્ગણામાં ચક્ષુદર્શનની જેમ જ જાણવું. પરંતુ ગોત્રકર્મમાં નીચનો બંધ, નીચનો ઉદય, બેની સત્તાવાળો પ્રથમ ભાંગો વધારે સંભવે છે.

(૪૩-૪૪) અવધિદર્શન માર્ગણા તથા કેવલદર્શન માર્ગણા :

આ બન્ને માર્ગણામાં સંવેધભાંગા અવધિજ્ઞાન અને કેવલજ્ઞાનની જેમ જાણવા.

(૪૫-૪૬-૪૭) કૃષ્ણ-નીલ-કાપોતલેશ્યા :

આ ત્રણે માર્ગણામાં પ્રતિપદ્યમાનને આશ્રયી ૧ થી ૪ ગુણસ્થાનક અને પૂર્વપ્રતિપન્નને આશ્રયી ૧ થી ૬ ગુણસ્થાનક હોય છે. તેથી મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ એમ બે ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો, દર્શનાવરણીયમાં ૯ના બંધના ૨ અને ૬ના બંધના ૨ કુલ ૪, વેદનીયમાં સાતા-અસાતાના બંધવાળા ચાર, આયુષ્યકર્મના અઠ્ઠાવીસ, ગોત્રકર્મના અબંધવાળા છેલ્લા બે વિના પાંચ, અને અંતરાયકર્મમાં ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે.

(૪૮-૪૯) તેજો-પદ્મલેશ્યા :

આ માર્ગણામાં ૧ થી ૭ ગુણસ્થાનક છે. મૂલકર્મના તથા છ કર્મના ભાંગા કૃષ્ણાદિ ત્રણ લેશ્યાની જેમ જાણવા. તફાવત માત્ર એટલો જ છે કે આયુષ્યકર્મના ભાંગા-૨૮ ને બદલે ૨૧ અને ગોત્રકર્મના ૫ ને બદલે ૪ ભાંગા જાણવા. નરકને તેજો-પદ્મલેશ્યા ન હોવાથી નરકગતિના આયુષ્યકર્મના પાંચ ભાંગા સંભવતા નથી તથા તિર્યંચગતિ અને મનુષ્યગતિના આયુષ્યકર્મના નવ નવ ભાંગામાંથી નરકાયુષ્યના બંધવાળો એક-એક ભાંગો સંભવતો નથી. બાકીના ૨૧ ભાંગા સંભવે છે. ગોત્રકર્મમાં નીચનો બંધ-નીચનો ઉદય અને નીચની સત્તાવાળો પહેલો ભાંગો, તથા છેલ્લા અબંધવાળા બે ભાંગા એમ કુલ ૩ ભાંગા વિના બાકીના ચાર ભાંગા સંભવે છે.

(૫૦) શુક્લલેશ્યા માર્ગણા :

આ લેશ્યા ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી છે. એટલે ચૌદમા ગુણઠાણે સંભવતો મૂલકર્મનો ૦ - ૪ - ૪ ની સત્તાવાળો છેલ્લો ભાંગો બાદ કરતાં મૂલકર્મના બાકીના ૬ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયના બન્ને ભાંગા, દર્શનાવરણીયના સ્વમતે ૧૧, મતાન્તરે ૧૩ ભાંગા, વેદનીયકર્મના સાતા-અસાતાના બંધના ચાર ભાંગા હોય છે. આયુષ્યકર્મની બાબતમાં નારકીને શુક્લલેશ્યા નથી. તથા શુક્લલેશ્યામાં વર્તતા તિર્યંચ-મનુષ્યો નરકાયુષ્ય બાંધતા નથી. તેથી નરકગતિના પાંચ, તથા તિર્યંચ-મનુષ્યગતિમાંથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નરકાયુષ્યના બંધનો ૧ - ૧ એમ કુલ ૭ ભાંગા ઓછા કરતાં સામાન્યથી ૨૧ ભાંગા સંભવે છે. ૬ - ૭ - ૮ મા દેવલોકના દેવોને શુક્લલેશ્યા પણ છે અને તિર્યંચપ્રાયોગ્ય બંધ પણ કરે છે. તે વાતને ધ્યાનમાં રાખીને તિર્યંચગતિના ૮, મનુષ્યગતિના ૮, અને દેવગતિના ૫, મળીને ૨૧ ભાંગા આયુષ્યકર્મના સંભવે. પરંતુ ત્રીજા કર્મગ્રંથની ગાથા ૨૨માં "उज्जोअचउ निरयबारविणु सुक्का" જે પાઠ છે તેને આધારે શુક્લલેશ્યામાં વર્તતા જીવો તિર્યંચાયુષ્ય પણ ન બાંધે એ વાતને ધ્યાનમાં લઈએ તો તિર્યંચગતિ અને મનુષ્યગતિમાંથી તિર્યંચાયુષ્યના બંધનો ૧ - ૧ ભાંગો, તથા દેવગતિમાંથી બંધકાલનો તિર્યંચાયુષ્યના બંધનો ૧, અને બંધકાલ પછીનો દેવ-તિર્યંચની સત્તાવાળો ૧ એમ કુલ ૪ ભાંગા વધારે ઓછા કરવા, જેથી તિર્યંચગતિના ૭, મનુષ્યગતિના ૭ અને દેવગતિના ૩ મળીને ૧૭ ભાંગા આયુષ્યકર્મના હોય છે. એમ પંચસંગ્રહના ત્રીજા ભાગરૂપ સપ્તતિકા સંગ્રહના વિવેચનમાં પૂજ્ય પુખરાજજી સાહેબ કૃત વિવેચનમાં ૬૨ માર્ગણામાં આયુષ્યકર્મના યંત્રમાં લખ્યું છે. અને મહેસાણા પાઠશાળા તરફથી પ્રકાશિત થયેલ તથા પંડિતવર્ય શ્રી રસિકભાઈ તરફથી પ્રકાશિત થયેલ વિવેચનમાં ૨૧ અને ૧૬ ભાંગા લખેલ છે. ૨૧ પૂર્વની જેમ જાણવા અને શુક્લલેશ્યાવાળા તિર્યંચ-મનુષ્યો દેવાયુષ્ય જ બાંધે અને દેવો મનુષ્યાયુષ્ય જ બાંધે એમ સમજીને તિર્યંચગતિના ૬, મનુષ્યગતિના ૬, અને દેવગતિના ૪, મળીને ૧૬ ભાંગા કહ્યા છે. તત્ત્વ કેવલિગમ્ય જાણવું. ગોત્રકર્મમાં પહેલો અને છેલ્લો ભાંગો છોડી દઈને બાકીના પાંચ ભાંગા હોય છે. અંતરાયકર્મના બન્ને ભાંગા હોય છે.

(૫૧-૫૨) ભવ્ય-અભવ્ય માર્ગમા :

ભવ્યમાર્ગણામાં ૧ થી ૧૪ ગુણસ્થાનક હોવાથી મૂલકર્મના સાતે સાત, તથા છ કર્મના પણ સર્વે ભાંગા ઘટે છે. અહીં કેવલી ભગવાનને ભવ્ય તરીકે ગણેલા છે એમ જાણવું. અભવ્ય માર્ગણામાં ફક્ત પહેલું એક જ ગુણસ્થાનક છે તેથી મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ વાળા ૨ ભાંગા, જ્ઞાનાવરણીયનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો, દર્શનાવરણીયના નવના બંધના ૨ ભાંગા, વેદનીયના સાતા-અસાતાના બંધના ૪ ભાંગા, આયુષ્યકર્મના અઠ્યાવીસે ભાંગા, ગોત્રકર્મના છેલ્લા અબંધના ૨ છોડીને પાંચ ભાંગા, અને અંતરાયકર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો સંભવે છે.

(૫૩) ઉપશમ સમ્યક્ત્વ માર્ગણા :

આ માર્ગણામાં ૪ થી ૧૧ ગુણસ્થાનક હોય છે. તથા ઉપશમ સમ્યક્ત્વમાં વર્તતા જીવો પર-ભવનું આયુષ્ય બાંધતા નથી. આ બે વાતને ધ્યાનમાં રાખવી. મૂલકર્મના ૭ - ૮ - ૮ વાળો ૬ - ૮ - ૮ વાળો, અને ૧ - ૭ - ૮ વાળો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ કુલ ૩ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયના બન્ને ભાંગા હોય છે. દર્શનાવરણીયના છના બંધના ૨, ચારના બંધના ૨ અને અગિયારમા ગુણઠાણે અબંધના ૨ મળીને કુલ ૬ ભાંગા હોય છે. વેદનીયકર્મમાં સાતા-અસાતાના બંધના ચાર ભાંગા હોય છે. આયુષ્યકર્મના બંધકાલના બધા જ ભાંગા કાઢી નાખતાં બાકીના ચારે ગતિના અનુક્રમે ૩ - ૫ - ૫ - ૩ = ૧૬ ભાંગા ઘટે છે. ગોત્રકર્મના ઉચ્ચગોત્રના બંધવાળા ૨, તથા અગિયારમા ગુણઠાણે અબંધ-ઉચ્ચનો ઉદય અને બેની સત્તા એમ ૩ ભાંગા હોય છે. અંતરાયકર્મના બન્ને ભાંગા હોય છે.

(૫૪) ક્ષાયિક સમ્યક્ત્વ માર્ગણા :

આ માર્ગણામાં ૪ થી ૧૪ ગુણસ્થાનક છે. તેથી મૂલકર્મના સાતે સાત ભાંગા, જ્ઞાનાવરણીયકર્મના બન્ને ભાંગા, દર્શનાવરણીય કર્મના નવના બંધના ૨ ભાંગા વિના શેષ સ્વમતે ૯ ભાંગા, મતાન્તરે ૧૧ ભાંગા, વેદનીય કર્મના સાતા-અસાતાના બંધના ચાર અને અબંધના ચાર મળીને કુલ આઠે ભાંગા હોય છે. આયુષ્યકર્મના ૧૫ ભાંગા હોય છે. નરકગતિ-તિર્યંચગતિ અને દેવગતિમાં ત્રણ ત્રણ ભાંગા જાણવા. એક બંધપૂર્વેનો, બીજો ભાંગો બંધકાલનો શુભાયુષ્યના બંધનો અને ત્રીજો ભાંગો બંધ પછીનો બેની સત્તાવાળો, જેમકે નરકગતિમાં (૧) અબંધ-નરકાયુષ્યનો ઉદય, નરકાયુષ્યની સત્તા (૨) મનુષ્યાયુષ્યનો બંધ-નરકાયુષ્યનો ઉદય અને નરક-મનુષ્યની સત્તા, (૩) અબંધ-નરકાયુષ્યનો ઉદય, નરક-મનુષ્યની સત્તા, એ જ પ્રમાણે દેવગતિના ૩, તિર્યંચગતિમાં (૧) અબંધ-તિર્યંચાયુષ્યનો ઉદય, તિર્યંચાયુષ્યની સત્તા, (૨) દેવાયુષ્યનો બંધ, તિર્યંચાયુષ્યનો ઉદય, દેવ-તિર્યંચની સત્તા, (૩) અબંધ-તિર્યંચાયુષ્યનો ઉદય-દેવ-તિર્યંચની સત્તા, આ પ્રમાણે ત્રણ ગતિના ૯ અન મનુષ્યગતિમાં ૧ બંધ પૂર્વનો, બંધકાલનો દેવાયુષ્યના બંધનો ૧, અને બંધ પછીના ચારે ચાર એમ ૬, ચારે ગતિના મળીને ૩+૩+૬+૩ = ૧૫ ભાંગા હોય છે. ગોત્રકર્મમાં ઉચ્ચગોત્રના બંધના ૨ અને અબંધના ૨ મળીને કુલ ૪ ભાંગા હોય છે. અંતરાયકર્મના બન્ને ભાંગા હોય છે.

(૫૫) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ માર્ગણા :

આ માર્ગણામાં ૪ થી ૭ ગુણસ્થાનક છે. તેથી મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ વાળા બે ભાંગા હોય છે. જ્ઞાનાવરણીય કર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે. દર્શનાવરણીયના ૬ ના બંધના ૨ ભાંગા હોય છે. વેદનીયના સાતા-અસાતાના બંધના ચાર ભાંગા હોય છે. આયુષ્ય કર્મના ચોથે ગુણઠાણે સંભવતા ચારે ગતિના અનુક્રમે ૪ - ૬ - ૬ - ૪ = ૨૦ ભાંગા હોય છે. ગોત્રકર્મના ઉચ્ચના બંધના બે ભાંગા અને અંતરાય કર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૬) મિશ્ર સમ્યક્ત્વ માર્ગણા :

આ માર્ગણામાં ત્રીજું એક જ ગુણસ્થાનક છે. તેથી ૭ - ૮ - ૮ વાળો મૂલકર્મનો ૧ ભાંગો, જ્ઞાનાવરણીયનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો, દર્શનાવરણીય કર્મના ૬ ના બંધના ૨ ભાંગા, વેદનીયકર્મના સાતા-અસાતાના બંધના ચાર ભાંગા, આયુષ્યકર્મના બંધકાલ વિનાના સર્વે ભાંગા કુલ-૧૬, ગોત્રકર્મના ઉચ્ચના બંધવાળા બે ભાંગા તથા અંતરાય કર્મનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો સંભવે છે.

(૫૭) સાસ્વાદન સમ્યક્ત્વ માર્ગણા :

આ માર્ગણામાં બીજું ગુણસ્થાનક, મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ એમ બે ભાંગા, જ્ઞાનાવરણીયનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો, દર્શનાવરણીયના નવના બંધના બે ભાંગા, વેદનીયકર્મના સાતા-અસાતાના બંધવાળા ૪ ભાંગા, આયુષ્યકર્મમાં તિર્યંચગતિ અને મનુષ્યગતિમાં નરકાયુષ્યના બંધવાળો ૧ + ૧ = ૨ ભાંગા વિના શેષ ૨૬ ભાંગા, ગોત્રકર્મમાં પહેલો ભાંગો અને છેલ્લા અબંધવાળા બે ભાંગા એ ત્રણ વિનાના બાકીના ચાર ભાંગા, અને અંતરાયકર્મમાં ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે.

(૫૮) મિથ્યાત્વ માર્ગણા :

મૂલકર્મના પ્રથમના ૨ ભાંગા, જ્ઞાનાવરણીયનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો, દર્શનાવરણીયના નવના બંધના બે ભાંગા, વેદનીયના સાતા-અસાતાના બંધના ચાર ભાંગા, આયુષ્યકર્મમાં અઠ્ઠાવીસે અઠ્ઠાવીસ ભાંગા, ગોત્રકર્મમાં અબંધવાળા છેલ્લા બે વિના પાંચ ભાંગા, અને અંતરાયમાં ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે.

(૫૯) સંજ્ઞી માર્ગણા :

કેવલી પરમાત્માને સંજ્ઞી તરીકે વિવક્ષીએ તો મૂલકર્મના સાત, (અન્યથા પાંચ) જ્ઞાનાવરણીયના બન્ને, દર્શનાવરણીયના સ્વમતે ૧૧, મતાન્તરે ૧૩, વેદનીયના આઠ, આયુષ્યના અઠ્ઠાવીસ, ગોત્રકર્મના સાત અને અંતરાયકર્મના બન્ને ભાંગા હોય છે. નીચનો બંધ, નીચનો ઉદય અને નીચની સત્તાવાળો ગોત્રકર્મનો ભાંગો, તેઉકાય-વાયુકાયમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી મૃત્યુ પામી સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં જનારા જીવને આશ્રયી જાણવો.

(૬૦) અસંજ્ઞી માર્ગણા :

મૂલકર્મના ૮ - ૮ - ૮ તથા ૭ - ૮ - ૮ વાળા બે ભાંગા હોય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનાવરણીયનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો, દર્શનાવરણીયમાં નવના બંધના બે ભાંગા, વેદનીયમાં સાતા-અસાતાના બંધવાળા ચાર ભાંગા, આયુષ્યકર્મમાં અસંજ્ઞી પંચેન્દ્રિય-તિર્યંચો ચારે ગતિનું ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે છે. તેથી તિર્યંચગતિના નવે નવ ભાંગા હોય છે. મનુષ્યગતિમાં અસંજ્ઞી (સંમૂર્છિમ) મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે અને તિર્યંચ-મનુષ્યનું જ આયુષ્ય બાંધે છે. તેથી મનુષ્યગતિના પાંચ ભાંગા કુલ ૧૪ ભાંગા હોય છે. ગોત્રકર્મના નીચગોત્રના ઉદયવાળા ૧ - ૨ - ૪ નંબરવાળા ત્રણ ભાંગા હોય છે અને અંતરાયકર્મનો ૫ - ૫ - ૫ વાળો એક જ ભાંગો હોય છે.

(૬૧) આહારી માર્ગણા :

આ માર્ગણામાં ૧ થી ૧૩ ગુણસ્થાનક હોય છે. માટે ચૌદમે ગુણઠાણે સંભવતો "અબંધ-૪નો ઉદય-૪ની સત્તા" વાળો ૧ ભાંગો છોડીને બાકીના મૂલકર્મના ૬ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયના બન્ને ભાંગા, દર્શનાવરણીયના અગિયારે અગિયાર, વેદનીયના સાતા-અસાતાના બંધવાળા ચાર, આયુષ્યના અઠ્ઠાવીસે અઠ્ઠાવીસ, ગોત્રકર્મના ચૌદમાના ચરમ સમયે સંભવતો અબંધ-ઉચ્ચનો ઉદય અને ઉચ્ચની સત્તાવાળો ૧ ભાંગો છોડીને બાકીના ૬ ભાંગા, તથા અંતરાયકર્મના બન્ને ભાંગા હોય છે.

(૬૨) અણાહારી માર્ગણા :

આ માર્ગણામાં વિગ્રહગતિમાં ૧ - ૨ - ૪ ગુણસ્થાનક હોય છે. કેવલી સમુદ્‌ઘાતમાં ૩ - ૪ - ૫ સમયે તેરમું ગુણસ્થાનક હોય છે તથા ચૌદમે ગુણઠાણે જીવ અણાહારી હોય છે. તેથી મૂલકર્મના બીજો-છઠ્ઠો અને સાતમો એમ કુલ ૩ ભાંગા હોય છે. જ્ઞાનાવરણીયનો ૫ - ૫ - ૫ વાળો ૧ ભાંગો હોય છે. દર્શનાવરણીયના ૯ ના બંધના અને ૬ ના બંધના બે બે કુલ ૪ ભાંગા હોય છે. વેદનીયકર્મના આઠે આઠ ભાંગા હોય છે. આયુષ્યકર્મના ચારે ગતિના બંધપૂર્વેના ૧ - ૧ - ૧ - ૧ એમ ચાર ભાંગા હોય છે. ગોત્રકર્મના વિગ્રહગતિમાં પ્રથમના પાંચ અને કેવલી અવસ્થામાં છેલ્લા ૨ એમ કુલ ૭ ભાંગા હોય છે. અંતરાયકર્મનો ૫ - ૫ - ૫ વાળો એક ભાંગો હોય છે.

●●●●

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૬૨ માર્ગણાસ્થાનોમાં મોહનીયના સંવેધભાંગા

(૧) નરકગતિ - ૧ થી ૪ ગુણસ્થાનક છે. ૨૨ - ૨૧ - ૧૭ એમ ત્રણ બંધસ્થાનક, અનુક્રમે ૬ - ૪ - ૨ કુલ ૧૨ બંધભાંગા, ૧૦ - ૯ - ૮ - ૭ - ૬ એમ કુલ પાંચ ઉદયસ્થાનક. નારકીમાં માત્ર નપુંસકવેદનો જ ઉદય હોવાથી ચોવીશીને બદલે બધે અષ્ટક જાણવા. સત્તાસ્થાનક ૨૮ - ૨૭ - ૨૬ - ૨૪ - ૨૨ - ૨૧ એમ કુલ ૬ જાણવા. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં વર્તતા જીવો જો અનંતાનુબંધીની વિસંયોજના કરે તો ચારે ગતિના જીવો કરે છે. પણ ઉપશમ સમ્યક્ત્વમાં વર્તતા જીવો જો અનંતાનુબંધીની વિસંયોજના કરે તો શ્રેણીના પ્રારંભક મનુષ્ય જ કરે છે. તથા ક્ષાયિક પામતા મનુષ્ય પૂર્વબદ્ધાયુષ્ક હોય તો સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય કરતાં કરતાં છેલ્લા ગ્રાસે મરીને ચારે ગતિમાં જાય છે. તેથી નરકમાં ૨૨ - ૨૧ ની સત્તા સંભવે છે.

૨૨ના બંધે ૬ બંધભાંગા, ૧૦ - ૯ - ૮ - ૭ એમ ચાર ઉદયસ્થાનક, અનુક્રમે ૧ - ૩ - ૩ - ૧ કુલ ૮ અષ્ટક, ૬૪ ઉદયભાંગા, અનુક્રમે ૭ - ૨૪ - ૨૭ - ૧૦ = ૬૮ ઉદયપદ અને ૬૮ × ૮ = ૫૪૪ પદવૃંદ થાય છે. સત્તાસ્થાનક અનંતાનુબંધીવાળા ૪ અષ્ટકમાં ૨૮ - ૨૭ - ૨૬ અને અનંતાનુબંધી વિનાના ૪ અષ્ટકમાં માત્ર ૨૮ ની જ સત્તા હોય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૨૧ના બંધે ૪ બંધભાંગા ૭ - ૮ - ૯ ત્રણ ઉદયસ્થાનક, અનુક્રમે ૧ - ૨ - ૧ કુલ ૪ અષ્ટક, ૩૨ ઉદયભાંગા, અનુક્રમે ૭ - ૧૬ - ૯ એમ ૩૨ ઉદયપદ, ૩૨×૮ = ૨૫૬ પદવૃંદ તથા ચારે અષ્ટકમાં ૨૮ની માત્ર એક જ સત્તા હોય છે.

૧૭ના બંધે ૨ બંધભાંગા, ૬ - ૭ - ૮ - ૯ ચાર ઉદયસ્થાનક, અનુક્રમે ૧ - ૪ - ૫ - ૨ કુલ ૧૨ અષ્ટક, ૯૬ ઉદયભાંગા હોય છે. અનુક્રમે ૬ - ૨૮ - ૪૦ - ૧૮ કુલ ૯૨ ઉદયપદ અને ૯૨×૮ = ૭૩૬ પદવૃંદ થાય છે. સત્તાસ્થાનક મિશ્રમોહનીયના ઉદયવાળા ત્રીજે ગુણઠાણે સંભવતા ૪ અષ્ટકમાં ૨૮ - ૨૭ - ૨૪ હોય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા ૪ અષ્ટકમાં ૨૮ - ૨૪ - ૨૨ એમ ૩ સત્તાસ્થાનક હોય છે. ક્ષાયિક અને ઉપશમ સમ્યક્ત્વવાળા ૪ અષ્ટકમાં ૨૮-૨૧ એમ બે બે સત્તાસ્થાનક હોય છે. અહીં ઉપશમ સમ્યક્ત્વ પ્રાથમિક હોય છે. શ્રેણીસંબંધી હોતું નથી. માટે ૨૪ની સત્તા ત્યાં ન ઘટે, ક્ષાયિક પામીને પૂર્વબદ્ધાયુષ્ક નરકમાં આવે તો અથવા નરકમાં ક્ષાયિકની સમાપ્તિ કરે તો ૨૧ ની સત્તા ઘટી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નરકગતિનું સંવેધ યન્ત્ર

| બંધ સ્થાનક | બંધ ભાંગા | ઉદય સ્થાનક | ઉદય ભાંગા | ઉદય પદ | પદ વૃંદ | સત્તાસ્થાનક | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ૬ | ૭ | ૮ | ૭ | ૫૬ | ૮ ભાંગે ૧, માત્ર ૨૮ = | ૮ |
| | | ૮ | ૨૪ | ૨૪ | ૧૯૨ | ભય. જુગુ.વાળા ૧૬ ભાંગે ૧, માત્ર ૨૮ = | ૧૬ |
| | | | | | | અનં.વાળા ૮ ભાંગે ૩, ૨૮-૨૭-૨૬ = | ૨૪ |
| | | ૯ | ૨૪ | ૨૭ | ૨૧૬ | ભ. જુ.વાળા ૮ ભાંગે ૧, માત્ર ૨૮ = | ૮ |
| | | | | | | ભય-અનં, અને જુગુ.-અનં.વાળા ૧૬ ભાંગે ૩, ૨૮ -૨૭-૨૬ = | ૪૮ |
| | | ૧૦ | ૮ | ૧૦ | ૮૦ | ૮ ભાંગે ૩, ૨૮-૨૭-૨૬ = | ૨૪ |
| ૨૧ | ૪ | ૭ | ૮ | ૭ | ૫૬ | ૮ ભાંગે ૧, માત્ર ૨૮ = | ૮ |
| | | ૮ | ૧૬ | ૧૬ | ૧૨૮ | ૧૬ ભાંગે ૧, માત્ર ૨૮ = | ૧૬ |
| | | ૯ | ૮ | ૯ | ૭૨ | ૮ ભાંગે ૧, માત્ર ૨૮ = | ૮ |
| ૧૭ | ૨ | ૬ | ૮ | ૬ | ૪૮ | ક્ષાયિકને ૨૧, ઔપ.ને ૨૮ | ૧૬ |
| | | ૭ | ૩૨ | ૨૮ | ૨૨૪ | ક્ષાયિક + ઔપ. ના ૮ ભાંગે ૨૮, ૨૧ | ૧૬ |
| | | | | | | મિશ્રના ઉદયવાળા ૮ ભાંગે ૨૮, ૨૭, ૨૪ | ૨૪ |
| | | | | | | સમ્ય. ના ઉદયવાળા ૮ ભાંગે ૨૮, ૨૪, ૨૨ | ૨૪ |
| | | ૮ | ૪૦ | ૪૦ | ૩૨૦ | ક્ષાયિક ઔપ. વાળા ૮ ભાંગે ૨૮, ૨૧ | ૧૬ |
| | | | | | | મિશ્રના ઉદયવાળા ૧૬ ભાંગે ૨૮, ૨૭ | ૩૨ |
| | | | | | | સમ્ય. ના ઉદયવાળા ૧૬ ભાંગે ૨૮, ૨૪, ૨૨ | ૪૮ |
| | | ૯ | ૧૬ | ૧૮ | ૧૪૪ | મિશ્રના ઉદયવાળા ૮ ભાંગે ૨૮, ૨૭ | ૧૬ |
| | | | | | | સમ્ય. ના ઉદયવાળા ૮ ભાંગે ૨૮, ૨૪, ૨૨ | ૨૪ |

(૨) તિર્યંચગતિ : ૧ થી ૫ ગુણસ્થાનક. ૨૨, ૨૧, ૧૭, ૧૩ કુલ ૪ બંધસ્થાનક, અનુક્રમે ૬ + ૪ + ૨ + ૨ = ૧૪ બંધભાંગા, ઉદયસ્થાનક ૧૦ - ૯ - ૮ - ૭ - ૬ - ૫ કુલ ૬, ત્રણે વેદનો ઉદય હોવાથી અનુક્રમે ૧ - ૬ - ૧૧ - ૯ - ૪ - ૧ કુલ ૩૨ ચોવીશી, ૭૬૮ ઉદયભાંગા, ઉદયપદ ૨૪૪ અને પદવૃંદ ૫૮૫૬ થાય છે. સત્તાસ્થાનક ૨૮-૨૭-૨૬-૨૪-૨૨-૨૧ કુલ ૬ હોય છે.

૨૨ના બંધે ૭ - ૮ - ૯ - ૧૦ કુલ ૪ ઉદયસ્થાનક, ૮ ચોવીશી વગેરે સામાન્ય સંવેધની જેમ જાણવું. ૨૧ના બંધે પણ ૭ - ૮ - ૯ કુલ ૩ ઉદયસ્થાનક, ૪ ચોવીશી વગેરે સામાન્ય સંવેધની જેમ જાણવું. ૧૭ના બંધે ૬ - ૭ - ૮ - ૯ કુલ ૪ ઉદયસ્થાનક, અનુક્રમે ૧ - ૪ - ૫ - ૨ કુલ ૧૨ ચોવીશી, ૨૮૮ ઉદયભાંગા વગેરે જાણવા. સત્તાસ્થાનક મિશ્રવાળી ૪ ચોવીશીમાં ૨૮ - ૨૭ - ૨૪, સમ્યક્ત્વ મોહનીયવાળી ૪ ચોવીશીમાં ૨૮ - ૨૪ - ૨૨, ક્ષાયિક-ઔપશમિકવાળી ૪ ચોવીશીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૮ - ૨૧ ની સત્તા હોય છે. અહીં જે ક્ષાયિક સમ્યક્ત્વી જીવો છે. તે યુગલિક જ હોવાથી અને ત્યાં બે જ વેદ હોવાથી ૪ ચોવીશીને બદલે ૪ ષોડશક જાણવાં.

૧૩નો બંધ પાંચમા ગુણઠાણે છે. પાંચમું ગુણઠાણું સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચમાં જ હોય છે. યુગલિક તિર્યંચોમાં ચાર જ ગુણઠાણાં હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વી જીવો જો તિર્યંચમાં જાય તો નિયમા યુગલિકમાં જ જાય છે. તેથી ૧૩ના બંધે પાંચમે ગુણઠાણે તિર્યંચગતિમાં ક્ષાયિક સમ્યક્ત્વ હોતું નથી. પણ ઉપશમ સમ્યક્ત્વ હોઈ શકે છે. તેથી ૫ - ૬ - ૭ - ૮ કુલ ૪ ઉદયસ્થાનક, ૮ ઉદયચોવીશી, ૧૯૨ ઉદયભાંગા વગેરે જાણવું. સત્તાસ્થાનક પાંચમા ગુણઠાણે સમ્યક્ત્વ મોહનીયવાળી ૪ ચોવીશીમાં ૨૮-૨૪, અને સમ્યક્ત્વ મોહનીય વિનાની ૪ ચોવીશીમાં ફક્ત એક ૨૮નું જ સત્તાસ્થાનક હોય છે. ક્ષાયિકસમ્યક્ત્વ ન હોવાથી ૨૧ ની સત્તા નથી.

(૩) મનુષ્યગતિ : બંધસ્થાનક ૧૦, બંધભાંગા ૨૧, ઉદયસ્થાનક નવે નવ, ઉદયભાંગા ૯૮૩, ઉદયપદ ૨૮૮, પદવૃંદ ૬૯૪૭, સત્તાસ્થાનક ૧૫ વગેરે સામાન્ય સંવેધની જેમ જાણવાં. આ માર્ગણામાં ૧ થી ૧૪ ગુણસ્થાનક હોવાથી મોહનીયના બધા જ ભાંગા વગેરે હોય છે.

(૪) દેવગતિ : ગુણસ્થાનક ૧ થી ૪, બંધસ્થાનક ૨૨ - ૨૧ - ૧૭, બંધભાંગા ૬ - ૪ - ૨ = ૧૨, ઉદયસ્થાનક ૧૦/૯/૮/૭/૬, દેવોમાં પુરુષવેદ અને સ્ત્રીવેદ એમ બે જ વેદ હોવાથી ૨૪ ચોવીશીને બદલે ૨૪ ષોડશક, ૩૮૪ ઉદયભાંગા, ઉદયપદ ૧૦ આદિના ઉદયે અનુક્રમે ૧૦ - ૫૪ - ૮૦ - ૪૨ - ૬ કુલ ૧૯૨ હોય છે. પદવૃંદ ૩૦૭૨ થાય છે. સત્તાસ્થાનક ૨૮/૨૭/૨૬/૨૪/૨૨/૨૧ કુલ ૬ હોય છે. ઉદયસ્થાનકવાર અને ઉદયભાંગાવાર સત્તાસ્થાનક નરકગતિની જેમ જાણવાં.

(૫ થી ૮) એકેન્દ્રિયાદિ ૪ જાતિમાર્ગણા : પહેલું-બીજું એમ બે ગુણસ્થાનક, ૨૨-૨૧ એમ ૨ બંધસ્થાનક, ૭ - ૮ - ૯ - ૧૦ એમ ૪ ઉદયસ્થાનક, માત્ર નપુંસકવેદનો જ ઉદય હોવાથી ચોવીસીને બદલે અષ્ટકો જાણવાં. અનંતાનુબંધીના ઉદય વિનાનો પહેલા ગુણઠાણે સંભવતો ૭ - ૮ - ૯ નો ઉદય આ માર્ગણામાં હોતો નથી. આ જીવો અનંતાનુબંધીની વિસંયોજના કરતા નથી. મનુષ્યગતિમાં વિસંયોજના કરીને પહેલા ગુણઠાણે આવેલા જીવો અનંતાનુબંધીના અનુદયકાલમાં મૃત્યુ પામતા નથી. આ કારણથી આ ચાર માર્ગણામાં અનંતાનુબંધીનો અનુદયકાળ હોતો નથી. તેથી પહેલા ગુણઠાણે ૧૦ના ઉદયે, ૧, ૯ ના ઉદયે ૨ અને આઠના ઉદયે ૧, એમ ૪ અષ્ટક તથા બીજા ગુણઠાણે ૯ - ૮ - ૭ ના ઉદયે અનુક્રમે ૧ - ૨ - ૧ એમ ૪ અષ્ટક મળીને કુલ ૮ અષ્ટક, ૬૪ ઉદયભાંગા, ઉદયપદ ૧૦ આદિના ઉદયે અનુક્રમે ૧૦ - ૨૭ - ૨૪ - ૭ મળીને કુલ ૬૮ થાય છે. આ ૬૮ ઉદયપદ

જૈન સાઇટ JAINSITE

અષ્ટકરૂપ હોવાથી પદવૃંદ ૫૪૪ કુલ થાય છે. પહેલા ગુણઠાણાના ૪ અષ્ટકમાં ૨૮ - ૨૭ - ૨૬ એમ ત્રણ-ત્રણ સત્તાસ્થાન, અને બીજા ગુણઠાણાના ૪ અષ્ટકમાં માત્ર ૨૮નું એક જ સત્તાસ્થાન હોય છે.

(૯) પંચેન્દ્રિયજાતિમાર્ગણા : સામાન્ય સંવેધની જેમ બંધસ્થાનકાદિ સર્વે જાણવાં.

(૧૦-૧૧-૧૪) પૃથ્વીકાય-અપ્કાય-અને વનસ્પતિકાય માર્ગણા : એકેન્દ્રિયાદિ ચાર જાતિની જેમ બંધસ્થાનક, બંધભાંગા, ઉદયસ્થાનક, ઉદયભાંગા, ઉદયપદ, પદવૃંદ અને સત્તાસ્થાનક વગેરે જાણવાં.

(૧૨-૧૩) તેઉકાય-વાઉકાય માર્ગણા : માત્ર પહેલું ગુણસ્થાનક, ૨૨નું ૧ બંધસ્થાનક, ૬ બંધભાંગા, ૮ - ૯ - ૧૦ એમ ૩ ઉદયસ્થાનક, અનંતાનુબંધીના ઉદયવાળાં ૪ અષ્ટક, ૩૨ ઉદયભાંગા, અનુક્રમે ૮ + ૧૮ + ૧૦ = ૩૬ ઉદયપદ, ૨૮૮ પદવૃંદ, ૨૮ - ૨૭ - ૨૬ એમ ત્રણ સત્તાસ્થાનક સર્વ ઉદયભાંગામાં હોય છે.

(૧૫) ત્રસકાય માર્ગણા : ચૌદે ગુણસ્થાનક હોવાથી સામાન્ય સંવેધની જેમ અહીં સંવેધ જાણવો.

(૧૬-૧૭-૧૮) મનોયોગ, વચનયોગ, કાયયોગ માર્ગણા : આ ત્રણે માર્ગણામાં ૧ થી ૧૩ ગુણસ્થાનક છે. તેથી ૧૦ બંધસ્થાનક, ૨૧ બંધભાંગા, નવે નવ ઉદયસ્થાનક, ૯૮૩ ઉદયભાંગા, ૨૮૮ ઉદયપદ, ૬૯૪૭ પદવૃંદ અને પંદરે પંદર સત્તાસ્થાનક વગેરે સામાન્ય સંવેધની જેમ જાણવું.

(૧૯) પુરુષવેદ માર્ગણા : ૧ થી ૯ મા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધીનાં ગુણસ્થાનક, તેથી ૨૨ - ૨૧ - ૧૭ - ૧૩ - ૯ - ૫ એમ કુલ ૬ બંધસ્થાનક, અનુક્રમે ૬ - ૪ - ૨ - ૨ - ૨ - ૧ કુલ ૧૭ બંધભાંગા, ૧૦ થી ૨ સુધીનાં કુલ ૮ ઉદયસ્થાનક, આ પુરુષવેદ માર્ગણા હોવાથી માત્ર પુરુષવેદનો જ ઉદય લેવાનો હોવાથી ૪૦ ચોવીશીને બદલે ૪૦ અષ્ટક, તથા દ્વિકોદયના ૧૨ ભાંગાને બદલે ૪ ભાંગા, કુલ ૩૨૪ ઉદયભાંગા, ૨૮૮ અષ્ટકરૂપે ઉદયપદ, પદવૃંદ ૨૮૮ × ૮ = ૨૩૦૪, તથા બેના ઉદયના ૪ ભાંગાનાં ૮ પદવૃંદ ઉમેરતાં ૨૩૧૨ પદવૃંદ હોય છે. સત્તાસ્થાનક ૨૮ - ૨૭ - ૨૬ - ૨૪ - ૨૩ - ૨૨ - ૨૧ - ૧૩ - ૧૨ - ૧૧ કુલ ૧૦ હોય છે. નવમા ગુણઠાણાના પ્રથમ ભાગે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય ત્યારે વેદનો ઉદય પણ વિચ્છેદ પામતો હોવાથી પુરુષવેદના ઉદયવાળી આ માર્ગણામાં ૪ - ૩ - ૨ - ૧ નાં બંધસ્થાનકો, તેના બંધભાંગા, એકનું ઉદયસ્થાન, તેના ઉદયભાંગા વગેરે સંભવતા નથી. તથા ૨૮ થી ૨૧ સુધીનાં સત્તાસ્થાનો સામાન્ય સંવેધની જેમ હોય છે. ૮મા ગુણઠાણાથી ઉપર ઉપશમ શ્રેણીમાં ૨૮ -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૪ - ૨૧ નાં સત્તાસ્થાન હોય છે. અને ક્ષપકશ્રેણીમાં આઠમે ૨૧, નવમાના પહેલા ભાગે ૨૧ - ૧૩ - ૧૨ - ૧૧ નાં સત્તાસ્થાન પાંચના બંધે હોય છે.

(૨૦) સ્ત્રીવેદ માર્ગણા : સત્તાસ્થાનક વિના બાકીનું સઘળું પુરુષવેદની જેમ જાણવું. ફક્ત પુરુષવેદના સ્થાને સ્ત્રીવેદનો ઉદય સમજવો. ક્ષપકશ્રેણીમાં પુરુષવેદમાં પાંચના બંધે ૨૧ - ૧૩ - ૧૨ - ૧૧ એમ ૪ સત્તાસ્થાનક છે. પરંતુ સ્ત્રીવેદમાં ૨૧ - ૧૩ - ૧૨ એમ ત્રણ જ સત્તાસ્થાનક વેદના ઉદયકાલે સંભવે છે. જેવો પુરુષવેદનો બંધવિચ્છેદ થાય છે તેવો જ સ્ત્રીવેદનો ઉદય સમાપ્ત થાય છે. અને તે જ વખતે સ્ત્રીવેદની સત્તા પણ ક્ષય પામે છે. એટલે ૧૧ની સત્તા સ્ત્રીવેદે શ્રેણી માંડનારને આવે તો છે. પરંતુ ચારના બંધે આવે છે. તે કાલે વેદનો ઉદય ન હોવાથી સ્ત્રીવેદ માર્ગણા કહેવાતી નથી. ત્યારબાદ ૪ના બંધે હાસ્યષટ્ક અને પુરુષવેદ એકીસાથે ક્ષય થાય છે. અને ૪ ના બંધે ૪ ની સત્તા થાય છે.

(૨૧) નપુંસકવેદ માર્ગણા : આ માર્ગણામાં પણ પુરુષવેદની જેમ જ જાણવું. પરંતુ ૪૦ અષ્ટકમાં અને બેના ઉદયમાં નપુંસકવેદના ઉદયવાળા ભાંગા જાણવા. સત્તાસ્થાનકમાં ૨૮ થી ૨૧ સામાન્ય સંવેધની જેમ જાણવાં, ઉપશમશ્રેણીમાં ૨૮ - ૨૪ - ૨૧ જાણવાં, પરંતુ ક્ષપકશ્રેણીમાં પાંચના બંધે આઠ કષાયના ક્ષયથી ૧૩ની સત્તા થયા પછી અંતર્મુહૂર્તે નપુંસકવેદ અને સ્ત્રીવેદની સત્તા એકી સાથે ક્ષય થાય છે. અને તે જ કાલે પુરુષવેદનો બંધવિચ્છેદ અને નપુંસકવેદનો ઉદયવિચ્છેદ થવાથી આ માર્ગણા ત્યાં સમાપ્ત થાય છે. તેથી ૪ના બંધે વેદોદયના અભાવકાલે ૧૧ની સત્તા આવે છે. ત્યારબાદ હાસ્યષટ્ક અને પુરુષવેદની સત્તા સમકાલે જાય છે. તેથી ક્ષપકશ્રેણીમાં વેદોદયકાલે ૨૧ - ૧૩ એમ બે જ સત્તાસ્થાન હોય છે.

(૨૨ થી ૨૫) ક્રોધ-માન-માયા-લોભ માર્ગણા : ક્રોધ માર્ગણા-ગુણસ્થાનક ૧ થી ૯ માના બીજા ભાગ સુધી, બંધસ્થાનક ૨૨ - ૨૧ - ૧૭ - ૧૩ - ૯ - ૫ - ૪ કુલ ૭, તથા બંધભાંગા અનુક્રમે ૬ - ૪ - ૨ - ૨ - ૨ - ૧ - ૧ = કુલ ૧૮ હોય છે. કારણ કે નવમા ગુણઠાણાના બીજા ભાગના અંતે ક્રોધનો જેમ બંધવિચ્છેદ થાય છે, તેમ તે ક્રોધનો ઉદયવિચ્છેદ પણ થાય જ છે. તેથી ૩ - ૨ - ૧ ના બંધે ક્રોધનો ઉદય ન હોવાથી ક્રોધમાર્ગણામાં આ ત્રણ બંધસ્થાનક સંભવતાં નથી. તથા ઉદયસ્થાનક નવે નવ હોય છે. પરંતુ ઉદયભાંગામાં તફાવત છે. ક્રોધ-માન-માયા-લોભ આ ચારે કષાયોમાંનો એક જ કષાય એક કાલે ઉદયમાં હોય છે. તેથી ૪૦ ચોવીશીને બદલે ૪૦ ષટ્ક થાય છે. તથા દ્વિકોદયના ૧૨ ભાંગાને બદલે ત્રણ વેદના ક્રોધમાત્રની સાથે ૩ જ ભાંગા થાય છે. એકોદયના ચારના બંધે જે ૪ ભાંગા છે. તેમાંથી ક્રોધના ઉદયવાળો ૧ ભાંગો લેવો. જેથી ૪૦ ષટ્ક ૪૦ × ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

= ૨૪૦ + ૩ + ૧ = ૨૪૪ કુલ ઉદયભાંગા થાય છે. ૨૮૮ ઉદયપદ ષટ્કરૂપે થાય છે. ૨૮૮ × ૬ = ૧૭૨૮ તથા બેના ઉદયનાં ૬ પદવૃંદ, અને એકના ઉદયનું એક પદવૃંદ એમ કુલ ૧૭૨૮ + ૬ + ૧ = ૧૭૩૫ પદવૃંદ થાય છે. સત્તાસ્થાનક ૨૮ થી ૨૧ તથા ઉપશમશ્રેણીમાં પૂર્વની જેમ જાણવાં. ક્ષપકશ્રેણીમાં ૯/૧ ભાગે પુરુષવેદીને ૨૧ - ૧૩ - ૧૨ - ૧૧, સ્ત્રીવેદીને ૨૧ - ૧૩ - ૧૨, અને નપુંસકવેદીને ૨૧ - ૧૩, એમ કુલ ૨૧ - ૧૩ - ૧૨ - ૧૧ હોય છે. તથા ૯/૨ ભાગે ચારના બંધે પુરુષવેદીને ૫ - ૪, સ્ત્રીવેદીને ૧૧ - ૪ અને નપુંસકવેદીને ૧૧ - ૪ એમ કુલ ૩ - ૨ - ૧ વિના બાકીનાં ૧૨ સત્તાસ્થાનક હોય છે.

માનમાર્ગણા નવમા ગુણસ્થાનકના ત્રીજા ભાગના ચરમસમયે સંજ્વલન માનનો બંધ તથા ઉદયવિચ્છેદ થતો હોવાથી આ માર્ગણા ૯/૩ ભાગ સુધી હોય છે. ત્યાં ક્ષપકશ્રેણીમાં નવમાના ત્રીજા ભાગે ૧ સમયન્યૂન બે આવલિકા કાલે સં. ક્રોધની સત્તા નાશ પામવાથી ત્રણનું સત્તાસ્થાન વધારે હોય છે. તેવી જ રીતે માયામાર્ગણામાં ૯/૪ ભાગે ૧ સમયન્યૂન બે આવલિકા કાલ ગયે છતે માનની સત્તા વિચ્છેદ પામવાથી ૨નું સત્તાસ્થાન વધારે જાણવું અને લોભ માર્ગણામાં ૯/૫ મા ભાગે ૧ સમયન્યૂન બે આવલિકાકાલ ગયે છતે માયાની સત્તાવિચ્છેદ પામવાથી ૧ નું સત્તાસ્થાન વધારે હોય છે. તથા લોભમાર્ગણામાં દસમું ગુણઠાણું વધારે જાણવું. બાકી સર્વ ક્રોધ માર્ગણાની જેમ જાણવું.

(૨૬-૨૭-૨૮) મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન માર્ગણા : ગુણસ્થાનક ૪ થી ૧૨, ગુણસ્થાનકને અનુસારે ૨૨ - ૨૧ આ બે બંધ વિના બાકીનાં ૮ બંધસ્થાનક, તેના ૧૧ બંધભાંગા, ૧૦ના ઉદય વિનાનાં બાકીનાં ૮ ઉદયસ્થાનક, ૧૭ના બંધે મિશ્રના ઉદય વિનાની ૮ ચોવીશી તથા ૧૩ - ૯ ના બંધની ૮ - ૮ ઉદયચોવીશી, કુલ ૨૪ ચોવીશી, દ્વિકોદયના ૧૨, અને એકોદયના ૧૧ મળીને કુલ ૫૯૯ ઉદયભાંગા, ઉદયપદ ૯ - ૮ - ૭ - ૬ - ૫ - ૪ ના ઉદયે અનુક્રમે ૯, ૩૨, ૪૯, ૪૨, ૨૦, ૪ કુલ ૧૫૬ હોય છે. પદવૃંદ ૧૫૬ × ૨૪ = ૩૭૪૪ + દ્વિકોદયનાં ૨૪, એકોદયનાં ૧૧ મળીને ૩૭૭૯ હોય છે. સત્તાસ્થાનક ૨૭ - ૨૬ વિના બાકીનાં ૧૩ હોય છે. ૨૭નું સત્તાસ્થાનક પહેલે અને ત્રીજે જ હોય છે. તથા ૨૬નું સત્તાસ્થાનક પહેલે જ હોય છે. ત્યાં સમ્યક્ત્વ ન હોવાથી ઉપરોક્ત માર્ગણાઓ નથી. બીજો બધો સંવેધ સામાન્ય સંવેધ પ્રમાણે જાણવો.

(૨૯) મનઃપર્યવજ્ઞાન માર્ગણા : ગુણસ્થાનક ૬ થી ૧૨, બંધસ્થાનક ૯, ૫, ૪, ૩, ૨, ૧ કુલ ૬, બંધભાંગા ૭, ઉદયસ્થાનક ૭ - ૬ - ૫ - ૪ - ૨ - ૧ કુલ ૬, ઉદયભાંગા ૮ ચોવીશી, ૧૨ દ્વિકોદયના અને ૧૧ એકોદયના મળીને ૨૧૫

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. ઉદયપદ ૪૪ ચોવીશી, અને પદવૃંદ ૪૪ × ૨૪ = ૧૦૫૬ + દ્વિકોદયનાં ૨૪, એકોદયનાં ૧૧ મળીને ૧૦૯૧ થાય છે. મતિજ્ઞાનાદિની જેમ ૨૭ - ૨૬ વિના બાકીનાં ૧૩ સત્તાસ્થાનક જાણવાં. સંવેધ સામાન્ય સંવેધની જેમ જ જાણવો.

(૩૦) કેવલજ્ઞાન માર્ગણા : આ માર્ગણામાં મોહનીયકર્મનાં બંધસ્થાનાદિ કંઈ હોતાં નથી.

(૩૧-૩૨-૩૩) મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન-વિભંગજ્ઞાન : ત્રીજા કર્મગ્રંથની ગાથા ૧૮મીમાં અને ચોથા કર્મગ્રંથની ગાથા ૨૦મીમાં "दुति अनाणत्तिगे" આ પદમાં ત્રણે અજ્ઞાનમાં બે અથવા ત્રણ ગુણસ્થાનક કહ્યાં છે. તો પણ ત્રીજા કર્મગ્રંથની ગાથા ૧૯માં અને ચોથા કર્મગ્રંથની ગાથા ૨૧માં મતિજ્ઞાનાદિમાં ૪ થી ૧૨ ગુણસ્થાનક કહ્યાં છે. એટલે આ અજ્ઞાન માર્ગણામાં ત્રણ ગુણસ્થાનક સમજીને એટલે કે જ્ઞાનમાર્ગણા ચોથેથી હોવાથી ત્રીજે અજ્ઞાન જ છે એમ સમજીને આ સંવેધ લખાય છે.

૨૨ - ૨૧ - ૧૭ એમ ૩ બંધસ્થાનક, ૬ - ૪ - ૨ એમ કુલ ૧૨ બંધભાંગા, ૧૦ - ૯ - ૮ - ૭ એમ ૪ ઉદયસ્થાનક, ૨૨ના બંધે ૮ ઉદયચોવીશી, ૨૧ના બંધે ૪ ઉદયચોવીશી, અને ૧૭ના બંધે ત્રીજા ગુણઠાણે ૪ ચોવીશી એમ કુલ ૧૬ ચોવીશી, કુલ ૩૮૪ ઉદયભાંગા, ૬૮ - ૩૨ - ૩૨ કુલ ૧૩૨ ઉદયપદ, ૩૧૬૮ પદવૃંદ હોય છે. સત્તાસ્થાનક ૨૨ના બંધે અનંતાનુબંધી વિનાની ૪ ચોવીશીમાં એક ૨૮નું, અનંતાનુબંધીવાળી ૪ ચોવીશીમાં ૨૮, ૨૭, ૨૬. એમ ત્રણ ત્રણ, ૨૧ના બંધે ચારે ચોવીશીએ ૨૮નું એક જ, અને ૧૭ના બંધે ચારે ચોવીશીમાં ૨૮ - ૨૭ - ૨૪ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનક હોય છે.

(૩૪-૩૫) સામાયિક-છેદોપસ્થાનીય ચારિત્ર માર્ગણા : ગુણસ્થાનક ૬ થી ૯ હોય છે. તેથી તે ચાર ગુણસ્થાનકમાં સંભવતો સંવેધ અહીં સમજી લેવો. ૯-૫-૪-૩-૨ -૧ એમ કુલ ૬ બંધસ્થાનક, ૭ બંધભાંગા, ૭-૬-૫-૪-૨-૧ કુલ ૬ ઉદયસ્થાનક, ૭ - ૬ - ૫ - ૪ ના ઉદયે ૬ - ૭ ગુણઠાણે અનુક્રમે ૧ - ૩ - ૩ - ૧ કુલ ૮ ઉદયચોવીશી (આઠમા ગુણઠાણે તેમાંની સમ્યક્ત્વ મોહનીયના ઉદય વિનાની ૪ ચોવીશી). દ્વિકોદયના ૧૨ ઉદયભાંગા, એકોદયના (દશમા ગુણઠાણાનો અબંધે ઘટતો ૧ ભાંગો છોડીને) ૧૦ ઉદયભાંગા હોય છે. ૪૪ ઉદયપદ, અને ૪૪ × ૨૪ = ૧૦૫૬ + ૨૪ + ૧૦ = ૧૦૯૦ પદવૃંદ થાય છે. ૨૭ અને ૨૬ વિનાનાં બાકીનાં ૧૩ સત્તાસ્થાનક જાણવાં. ૬ થી ૯ ગુણસ્થાનકની જેમ સંવેધ જાણવો.

(૩૬) પરિહાર વિશુદ્ધિ ચારિત્રમાર્ગણા : છટ્ઠુ-સાતમું એમ ૨ ગુણસ્થાનક, તેને અનુસારે ૯નો એક બંધ, ૨ બંધભાંગા, ૪ - ૫ - ૬ - ૭ એમ ૪ ઉદયસ્થાનક,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ માર્ગણામાં સ્ત્રીવેદનો ઉદય ન હોવાથી ૮ ષોડશક, ૧૨૮ ઉદયભાંગા, ૪૪ ઉદયપદ, ૭૦૪ ઉદયપદવૃંદ અને આ બે ગુણઠાણે સંભવતાં ૨૮ - ૨૪ - ૨૩ - ૨૨ - ૨૧ એમ કુલ પાંચ સત્તાસ્થાન હોય છે.

(૩૭) સૂક્ષ્મસંપરાય ચારિત્રમાર્ગણા :

દશમું એક જ ગુણસ્થાનક, અબંધ, ૧નો ઉદય, ૧ ઉદયભાંગો, ઉપશમશ્રેણીમાં ૨૮ - ૨૪ - ૨૧ અને ક્ષપકશ્રેણીમાં ૧ એમ કુલ ૪ સત્તાસ્થાનક જાણવાં.

(૩૮) યથાખ્યાત ચારિત્ર માર્ગણા : ૧૧ થી ૧૪ કુલ ૪ ગુણસ્થાનક છે. પરંતુ માત્ર ૧૧મા ગુણઠાણે ઉપશમશ્રેણીમાં ૨૮ - ૨૪ - ૨૧ એમ ૩ સત્તાસ્થાનક હોય છે. શેષ ગુણસ્થાનકમાં યથાખ્યાત હોય છે પણ મોહનીયકર્મ હોતું નથી.

(૩૯) દેશવિરતિ ચારિત્ર માર્ગણા : પાંચમું માત્ર એક ગુણસ્થાનક છે. તેની જેમ અહીં સઘળું જાણવું. ૧૩નો ૧ બંધ, ૨ બંધભાંગા, ૫ - ૬ - ૭ - ૮ ચાર ઉદયસ્થાનક, ૮ ચોવીશી, ૧૯૨ ઉદયભાંગા, ૫૨ ઉદયપદ, ૧૨૪૮ પદવૃંદ અને ૨૮ - ૨૪ - ૨૩ - ૨૨ - ૨૧ કુલ પાંચ સત્તાસ્થાનક સંભવે છે.

(૪૦) અવિરતિ માર્ગણા : ૧ થી ૪ ગુણસ્થાનક, ૨૨ - ૨૧ - ૧૭ એમ ૩ બંધસ્થાનક, ૬ - ૪ - ૨ = ૧૨ બંધભાંગા, ૧૦ - ૯ - ૮ - ૭ - ૬ એમ પાંચ ઉદયસ્થાનક, ૨૨ના બંધે ૮, ૨૧ના બંધે ૪, ૧૭ના બંધે ત્રીજે ગુણઠાણે ૪ અને ચોથે ગુણઠાણે ૮, સર્વે મળીને કુલ ૨૪ ચોવીશી, ૫૭૬ ઉદયભાંગા, ઉદયપદો ઉદયસ્થાનવાર અનુક્રમે ૧૦ + ૫૪ + ૮૦ + ૪૨ + ૬ = ૧૯૨ અને પદવૃંદો ૪૬૦૮ હોય છે. સત્તાસ્થાનક ૨૮ - ૨૭ - ૨૬ - ૨૪ - ૨૩ - ૨૨ - ૨૧ મળીને કુલ ૭ હોય છે. ૧ થી ૪ ગુણઠાણાની જેમ સંવેધ જાણવો.

(૪૧-૪૨) ચક્ષુદર્શન-અચક્ષુદર્શન માર્ગણા : આ બન્ને માર્ગણામાં ૧ થી ૧૨ ગુણસ્થાનક હોય છે અને મોહનીય કર્મ-બંધમાં ૯ સુધી, ઉદયમાં ૧૦ સુધી અને સત્તામાં ૧૧ સુધી જ હોય છે. તેથી મૂલ ગાથા ૧૨ થી ૨૫માં કહેલા સંવેધ પ્રમાણે જ સામાન્ય સંવેધ અહીં સમજી લેવો.

(૪૩) અવધિદર્શન માર્ગણા : અવધિદર્શનમાં ૪ થી ૧૨ ગુણસ્થાનક છે અને અવધિજ્ઞાનની જેમ સંપૂર્ણપણે સંવેધ જાણવો.

(૪૪) કેવલદર્શન માર્ગણા : અહીં મોહનીયકર્મનાં બંધાદિ કંઈ હોતું નથી. ૧૩ - ૧૪ એમ બે જ ગુણસ્થાનક હોય છે.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪૫ થી ૪૯) કૃષ્ણાદિ પ્રથમની પાંચ લેશ્યા માર્ગણા : કૃષ્ણ-નીલ અને કાપોત આ પ્રથમની ૩ લેશ્યામાં પ્રતિપદ્યમાનને આશ્રયી ૧ થી ૪ ગુણસ્થાનક છે. પૂર્વપ્રતિપન્નને આશ્રયી ૧ થી ૬ ગુણસ્થાનક છે. તેજો અને પદ્મલેશ્યામાં પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાન એમ બન્નેને આશ્રયી ૧ થી ૭ ગુણસ્થાનક છે. પ્રથમની ૩ લેશ્યામાં પૂર્વપ્રતિપન્નને આશ્રયી ૬ ગુણસ્થાનક અને તેજો-પદ્મમાં ૭ ગુણસ્થાનકની વિવક્ષા કરીને અહીં સંવેધ લખેલ છે. પ્રતિપદ્યમાનને આશ્રયી સ્વયં સમજી લેવો.

૨૨ - ૨૧ - ૧૭ - ૧૩ - ૯ એમ પાંચ બંધસ્થાનક, તેના ૧૬ બંધભાંગા, ૧૦ - ૯ - ૮ - ૭ - ૬ - ૫ - ૪ એમ ૭ ઉદયસ્થાનક, પૂર્વે કહ્યા મુજબ ૪૦ ચોવીશી, ૯૬૦ ઉદયભાંગા, ૨૮૮ ઉદયપદ, ૬૯૧૨ પદવૃંદ, અને પ્રથમની ત્રણ લેશ્યામાં ૨૮ - ૨૭ - ૨૬ - ૨૪ - ૨૨ - ૨૧ કુલ ૬ સત્તાસ્થાનક તથા તેજો પદ્મમાં ૨૮ - ૨૭ - ૨૬ - ૨૪ - ૨૩ - ૨૨ - ૨૧ એમ કુલ ૭ સત્તાસ્થાન જાણવાં. કારણ કે કૃષ્ણ-નીલ-કાપોત- લેશ્યા હોતે છતે ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકાતું નથી. તેથી તે ત્રણ લેશ્યામાં ૨૩નું સત્તાસ્થાનક હોતું નથી. સમ્યક્ત્વ મોહનીયનો અંતિમ ગ્રાસ વેદતાં વેદતાં ચારે ગતિમાં જીવ જાય છે. અને લેશ્યા પણ બદલાય છે. તેથી ૨૨ - ૨૧ નું સત્તાસ્થાન આ ત્રણ લેશ્યામાં હોઈ શકે છે. તેજો-પદ્મલેશ્યા શુભ હોવાથી સાતે સત્તાસ્થાનક હોય છે. ૨૨ આદિના બંધવાર સંવેધ સામાન્ય સંવેધની જેમ જાણવો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

(૫૦) શુક્લલેશ્યા માર્ગણા : આ લેશ્યામાં ૧ થી ૧૩ ગુણસ્થાનક છે. તેથી મોહનીયકર્મનું તમામ ચિત્ર ઘટી શકે છે. માટે મૂલ ગાથા ૧૨ થી ૨૫માં કહ્યા પ્રમાણે જાણી લેવું.

(૫૧) ભવ્ય માર્ગણા : આ માર્ગણામાં ૧ થી ૧૨ અથવા ૧ થી ૧૪ ગુણસ્થાનકો છે. તેથી અહીં પણ મોહનીયનો મૂલગાથા ૧૨ થી ૨૫ માં કહ્યા પ્રમાણે સામાન્ય સંવેધ ઘટી શકે છે.

(૫૨) અભવ્ય માર્ગણા : માત્ર પહેલું જ ગુણસ્થાનક, ૨૨નો બંધ, ૬ બંધભાંગા, ૮ - ૯ - ૧૦ કુલ ૩ ઉદયસ્થાનક, ૧ - ૨ - ૧ કુલ ૪ ચોવીશી, ૯૬ ઉદયભાંગા, અનુક્રમે ૮ - ૧૮ - ૧૦ = ૩૬ ઉદયપદ, ૮૬૪ પદવૃંદ અને માત્ર ૨૬નું ૧ જ સત્તાસ્થાનક. અભવ્ય જીવો સમ્યક્ત્વ પામતા નથી. તેથી સમ્યક્ત્વના પ્રભાવે થનારી સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયની સત્તા ઘટતી નથી. માટે ૨૭ - ૨૮ ની સત્તા નથી. તથા અનંતાનુબંધીના ઉદય વિનાની ૪ ચોવીશી તથા તેના ઉદયભાંગા વગેરેનો આ જીવોમાં સંભવ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫૩) ઔપશમિક સમ્યક્ત્વ માર્ગણા : ગુણસ્થાનક ૪ થી ૧૧, બંધસ્થાનક ૨૨ - ૨૧ વિના બાકીનાં ૮, બંધભાંગા ૧૧, ઉદયસ્થાનક ૮ - ૭ - ૬ - ૫ - ૪ - ૨ - ૧ કુલ ૭, કારણ કે ૧૦નો ઉદય પહેલા ગુણઠાણે, અને ૯નો ઉદય ૧ - ૨ - ૩ ગુણઠાણે તથા ચોથા ગુણઠાણે ક્ષાયોપશમિકવાળાને જ હોય છે. તેથી તે બે ઉદયસ્થાન ઔપશમિક સમ્યક્ત્વમાં સંભવતાં નથી. આઠ આદિ ઉદયસ્થાનોમાં પણ સમ્યક્ત્વ મોહનીયના ઉદય વિનાની જ ચોવીશીઓ લેવાની છે. સત્તાસ્થાનક ૨૮ - [1]૨૪ એમ બે જ હોય છે. બાકીનાં સત્તાસ્થાનો મિથ્યાદૃષ્ટિને, ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાને અને ક્ષાયિક સમ્યક્ત્વવાળાને યથાયોગ્ય હોય છે. તેથી અહીં સંભવતાં નથી. સંવેધ આ પ્રમાણે છે.

| | બંધ સ્થાનક | બંધ ભાંગા | ઉદય સ્થાન | ઉદય ચોવીશી | ઉદય પદ | પદવૃંદ | સત્તાસ્થાનક |
|---|---|---|---|---|---|---|---|
| | ૧૭ | ૨ | ૬-૭-૮ | ૪ | ૨૮ | ૬૭૨ | ૨૮-૨૪ |
| | ૧૩ | ૨ | ૫-૬-૭ | ૪ | ૨૪ | ૫૭૬ | ૨૮-૨૪ |
| | ૯ | ૨ | ૪-૫-૬ | ૪ | ૨૦ | ૪૮૦ | ૨૮-૨૪ |
| | ૫ | ૧ | ૨ | ૧૨ ભાંગા | | ૨૪ | ૨૮-૨૪ |
| | ૪ | ૧ | ૧ | ૪ ભાંગા | | ૪ | ૨૮-૨૪ |
| | ૩ | ૧ | ૧ | ૩ ભાંગા | | ૩ | ૨૮-૨૪ |
| | ૨ | ૧ | ૧ | ૨ ભાંગા | | ૨ | ૨૮-૨૪ |
| | ૧ | ૧ | ૧ | ૧ ભાંગા | | ૧ | ૨૮-૨૪ |
| | અબંધ | ૦ | ૧ | ૧ ભાંગા | | ૧ | ૨૮-૨૪ |
| કુલ | ૮ | ૧૧ | ૭ | ૩૧૧ | ૭૨ | ૧૭૬૩ | ૨ |

(૧) ઔપશમિક સમ્યક્ત્વીને ૨૮ - ૨૪ એમ બે સત્તાસ્થાનક હોય છે. પરંતુ ૨૮નું સત્તાસ્થાનક પ્રાથમિક ઔપશમિકને પણ હોય છે અને શ્રેણીસંબંધી ઔપશમિક સમ્યક્ત્વવાળાને પણ હોય છે. પ્રાથમિક ઔપશમિક ચારે ગતિમાં પમાય છે. તેથી ૨૮નું સત્તાસ્થાનક ચારે ગતિમાં ઔપશમિક સમ્યક્ત્વ પામનારને હોય છે. પરંતુ ૨૪નું સત્તાસ્થાનક અનંતાનુબંધીની વિસંયોજના કરવાથી જ આવે છે. અને ઔપશમિક સમ્યક્ત્વી જીવ અનંતાનુબંધીની વિસંયોજના તો જ કરે છે. જો ઉપશમશ્રેણી પ્રારંભવાની હોય, તેથી ૨૪ની સત્તા ઉપશમશ્રેણીના પ્રારંભક મનુષ્યને જ હોય છે. અન્યત્ર ૨૪ની સત્તા ઔપશમિક સમ્યક્ત્વીને ઘટતી નથી. તથા ઉપશમશ્રેણીમાં ઉપશમ સમ્યક્ત્વી જીવ મૃત્યુ પામીને દેવ ગતિમાં જાય છે. અને ત્યાં ઉપશમ સમ્યક્ત્વ અંતર્મુહૂર્ત કાળ હોય છે. તે મતે દેવગતિમાં પણ ૨૪ની સત્તા ઘટે છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવ જો અનંતાનુબંધીની વિસંયોજના કરે તો ચારે ગતિના જીવો કરી શકે છે. તેથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં ચારે ગતિમાં ૨૪ની સત્તા ઘટી શકે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૫૪) ક્ષાયિક સમ્યક્ત્વ માર્ગણા : ૪ થી ૧૪ ગુણસ્થાનક છે. ૧૭ - ૧૩ - ૯ - ૫ - ૪ - ૩ - ૨ - ૧ કુલ ૮ બંધસ્થાનક, ૧૧ બંધભાંગા, ૮ - ૭ - ૬ - ૫ - ૪ - ૨ - ૧ કુલ ૭ ઉદયસ્થાનક, ૧૨ ઉદયચોવીશી, દ્વિકોદયના ૧૨ અને એકોદયના ૧૧ કુલ ૩૧૧ ઉદયભાંગા, ૭૨ ઉદયપદ ૧૭૬૩ પદવૃંદ. આ બધી હકીકત ઉપશમ સમ્યક્ત્વીની જેમ જ જાણવી. સત્તાસ્થાનકમાં તફાવત છે. ક્ષાયિક સમ્યક્ત્વીને પ્રથમ ૨૧ની સત્તા હોય છે. ત્યારબાદ ક્ષપકશ્રેણીમાં ૯માના પ્રથમ ભાગથી યથોચિતપણે ૧૩ - ૧૨ - ૧૧ - ૫ - ૪ - ૩ - ૨ - ૧ સત્તાસ્થાનો હોય છે. તેથી ૧૭ - ૧૩ - ૯ ના બંધે બારે ચોવીશીમાં ફક્ત એક ૨૧નું જ સત્તાસ્થાનક હોય છે. ૫ના બંધે ૨૧ - ૧૩ - ૧૨ - ૧૧, એમ ૪ સત્તાસ્થાનક હોય છે. ૪ના બંધે ઉપશમશ્રેણીમાં ૨૧, અને ક્ષપકશ્રેણીમાં ૫ - ૪ કુલ ૩, એવી જ રીતે ૩ના બંધે ૨૧ - ૪ - ૩, બેના બંધે ૨૧ - ૩ - ૨, અને એકના બંધે ૨૧ - ૨ - ૧ સત્તાસ્થાન જાણવાં. દસમે ગુણઠાણે અબંધે ૨૧ - ૧ એમ બે સત્તાસ્થાનક જાણવાં, તથા અગિયારમા ગુણઠાણે અબંધે ૨૧નું ૧ સત્તાસ્થાનક જાણવું.

(૫૫) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ : ૪ થી ૭ સુધીનાં ૪ ગુણસ્થાનકો છે. તેથી ૧૭-૧૩-૯ એમ ૩ બંધસ્થાનક, ૬ બંધભાંગા, ઉદયસ્થાનક ૫-૬-૭-૮-૯ કુલ પાંચ, ૧૭ના બંધે સમ્યક્ત્વ મોહનીયના ઉદયવાળા ૭-૮-૯ ના ઉદયે અનુક્રમે ૧-૨-૧ કુલ ૪ ચોવીશી, ૧૩ના બંધે ૬ - ૭ - ૮ ના ઉદયે અનુક્રમે ૧ - ૨ - ૧ કુલ ૪ ચોવીશી, અને ૯ના બંધે ૫ - ૬ - ૭ના ઉદયે અનુક્રમે ૧ - ૨ - ૧ કુલ ૪ ચોવીશી. આમ ૧૨ ચોવીશી, ૨૮૮ ઉદયભાંગા હોય છે. ઉદયપદ ૫ - ૬ - ૭ - ૮ - ૯ ના ઉદયે અનુક્રમે ૫ - ૧૮ - ૨૮ - ૨૪ - ૯ કુલ ૮૪ હોય છે. પદવૃંદ ૨૦૧૬ હોય છે. સત્તાસ્થાનક ૨૮ - ૨૪ - ૨૩ - ૨૨ એમ કુલ ૪ હોય છે. ૨૮નું સત્તાસ્થાનક ચારે ગતિમાં, ૨૪નું સત્તાસ્થાનક અનંતાનુબંધીની વિસંયોજના કરનારા ચારે ગતિના જીવોને, ૨૩નું સત્તાસ્થાનક ક્ષાયિક પામતા માત્ર મનુષ્યને જ, અને ૨૨નું સત્તાસ્થાનક મનુષ્યગતિમાં ક્ષાયિક પામતાં તથા ત્યાંથી અંતિમગ્રાસ વેદતાં વેદતાં મૃત્યુ પામીને ચારે ગતિમાં જનારા જીવને આશ્રયી ચારે ગતિમાં હોય છે.

(૫૬-૫૭-૫૮) મિશ્ર-સાસ્વાદન-મિથ્યાત્વ માર્ગણા : આ ત્રણે માર્ગણામાં પોતપોતાનું એક જ ગુણસ્થાનક છે અને તે તે ગુણસ્થાનકે કહ્યા પ્રમાણે બંધસ્થાનકાદિ સંભવે છે. માટે તે તે ગુણસ્થાનકના સંવેધમાંથી જ જાણી લેવાં.

(૫૯) સંજ્ઞી માર્ગણા : આ માર્ગણામાં ૧ થી ૧૨ અથવા ૧ થી ૧૪ ગુણસ્થાનક છે. માટે મોહનીયકર્મનો મૂળગાથા ૧૨ થી ૨૫ માં કહેલા સંવેધ પ્રમાણે જ સંવેધ જાણવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૬૦) અસંજ્ઞી માર્ગણા : આ માર્ગણામાં ૧ - ૨ ગુણસ્થાનક છે. આ માર્ગણામાં શરીરાકારે દ્રવ્યવેદ ત્રણે હોય છે. તો પણ ભોગની અભિલાષાત્મક વેદોદયરૂપ ભાવવેદની અપેક્ષાએ માત્ર નપુંસકવેદનો જ ઉદય હોય છે. તેથી ચોવીશીને બદલે અષ્ટક જાણવાં. એકેન્દ્રિય માર્ગણાને પણ આ જ બે ગુણસ્થાનક છે. તેથી અસંજ્ઞી માર્ગણામાં એકેન્દ્રિયની જેમ બંધસ્થાનક, બંધભાંગા, ઉદયસ્થાન વગેરે જાણવું.

(૬૧) આહારી માર્ગણા : ગુણસ્થાનક ૧ થી ૧૩ છે. તેથી સામાન્ય સંવેધની જેમ સઘળું જાણવું.

(૬૨) અનાહારી માર્ગણા : અનાહારીપણું વિગ્રહગતિમાં, તેરમા ગુણઠાણે કેવલી સમુદ્ઘાતમાં ૩ - ૪ - ૫ સમયે અને ચૌદમા ગુણઠાણે હોય છે. ત્યાં તેરમા-ચૌદમા ગુણઠાણે તો મોહનીયના કોઈ વિકલ્પો હોતા નથી. તેથી માત્ર વિગ્રહગતિમાં જ આવતા અનાહારીપણાને આશ્રયી મોહનીયનો સંવેધ જાણવો. ગુણસ્થાનક ૧ - ૨ - ૪ કુલ ૩ હોય છે. તેથી બંધસ્થાનક ૨૨ - ૨૧ - ૧૭ એમ ૩, બંધભાંગા ૬ + ૪ + ૨ = ૧૨, ઉદયસ્થાનક ૬ - ૭ - ૮ - ૯ - ૧૦ કુલ પાંચ હોય છે. પહેલા ગુણઠાણે ૨૨ના બંધે ૮ ચોવીશી છે. તેમાંથી અનંતાનુબંધીના ઉદયવાળી ૪ ચોવીશી અનાહારી માર્ગણામાં જાણવી. કારણ કે અનંતાનુબંધીના ઉદય વિના (ની ૪ ચોવીશીમાં વર્તતો) જીવ મૃત્યુ પામતો નથી. અને મૃત્યુ વિના અનાહારીપણું સંભવતું નથી. માટે ૨૨ના બંધે અનંતાનુબંધીવાળી ૪ ચોવીશી, ૨૧ના બંધે સાસ્વાદને સંભવતી ૪ ચોવીશી અને ૧૭ના બંધે માત્ર અવિરત સમ્યગ્દૃષ્ટિને સંભવતી ૮ ચોવીશી એમ કુલ ૧૬ ચોવીશી, ૩૮૪ ઉદયભાંગા, તથા ૧૦ - ૯ - ૮ - ૭ - ૬ ના ઉદયે અનુક્રમે ૧૦ - ૩૬ - ૪૮ - ૨૮ - ૬ એમ કુલ ૧૨૮ ઉદયપદ, ૩૦૭૨ પદવૃંદ હોય છે. સત્તાસ્થાનક આ પ્રમાણે જાણવાં ૨૨ના બંધે ૪ ચોવીશીમાં ૨૮ - ૨૭ - ૨૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનક, ૨૧ના બંધે ૪ ચોવીશીમાં માત્ર ૨૮નું જ સત્તાસ્થાનક, અને ૧૭ના બંધે સમ્યક્ત્વ મોહનીયના ઉદયવાળી ૪ ચોવીશીમાં ૨૮ - ૨૪ - ૨૨ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનક, તથા સમ્યક્ત્વ મોહનીય વિનાની ૪ ચોવીશીમાં ફક્ત એક ૨૧નું જ સત્તાસ્થાનક હોય છે. કારણ કે ત્યાં ક્ષાયિક સમ્યક્ત્વી જીવ જ સંભવે છે. ઉપશમ સમ્યક્ત્વી મૃત્યુ પામતો નથી. તેથી અનાહારીપણું આવતું નથી માટે ૨૮ - ૨૪ નાં સત્તાસ્થાન સંભવતાં નથી. શ્રેણી સંબંધી ઉપશમ સમ્યક્ત્વવાળો જીવ મૃત્યુ પામે છે અને દેવગતિમાં જાય છે. જો આ મત લઈએ તો સમ્યક્ત્વ મોહનીય વિનાની ૪ ચોવીશીમાં ૨૧ની સત્તા ઉપરાંત ૨૮ - ૨૪ ની સત્તા પણ હોઈ શકે છે.

## ૬૨ માર્ગણામાં મોહનીયનો સંવેધ સમાપ્ત થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૬૨ માર્ગણામાં નામકર્મના બંધસ્થાન આદિનો વિચાર

## ગતિમાર્ગણા

નરકગતિ : આ જીવો માત્ર પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ કરે છે. માટે પર્યાપ્ત પં. તિ. અને પર્યાપ્ત મનુ. પ્રાયોગ્ય ૨૯ નો બંધ તેમજ ઉદ્યોત સહિત પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ નો બંધ અને જિનનામની સત્તાવાળા નારકો જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરી શકે છે. માટે નરકગતિમાં ૨૯ અને ૩૦ આ બે જ બંધસ્થાનો હોય છે.

૨૩ આદિ પ્રથમનાં ૩ બંધસ્થાનો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય તેમજ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ તથા અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય હોવાથી આ જીવો બાંધતા નથી. વળી નારકીના જીવો દેવ અને નરક પ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી ૨૮નું બંધસ્થાન પણ ન હોય, તેમજ ૩૧ અને ૧ નું બંધસ્થાન પણ મનુષ્યગતિમાં જ હોવાથી આ છ બંધસ્થાનો અહીં ઘટતાં નથી.

બંધભાંગા : પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ એમ (૯૨૧૬) બાણુંસો સોળ, ૩૦ના બંધના પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ યોગ્યના ૪૬૦૮ અને જિનનામ સહિત મનુષ્ય યોગ્યના ૮ એમ (૪૬૧૬) છેંતાલીશસો સોળ-એમ બન્ને બંધસ્થાનના મળી કુલ બંધભાંગા (૧૩૮૩૨) તેર હજાર આઠસો બત્રીશ હોય છે.

ઉદયસ્થાન તથા ઉદયભાંગા : નારકને પોતાનાં ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ અને ૨૯ આ ૫ ઉદયસ્થાન અને દરેક ઉદયસ્થાનનો એક-એક ભંગ હોવાથી ઉદયભાંગા ૫ હોય છે.

સત્તાસ્થાન : જિનનામ અને આહારક ચતુષ્ક ઉભયની સત્તાવાળો જીવ નરકમાં જતો નથી તેથી ૯૩નું સત્તાસ્થાન ન ઘટે. ૯૨ - ૮૯ અને ૮૮ એમ સામાન્યથી ૩ સત્તાસ્થાન હોય છે.

૨૯ના બંધનો સંવેધ : અહીં મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધે પોતાના પાંચે ઉદયસ્થાન અને પાંચે ઉદયભાંગામાં ૯૨, ૮૯, ૮૮ એમ સામાન્યથી ત્રણ સત્તાસ્થાનક અને દરેક ઉદયસ્થાને ૩ - ૩ હોવાથી ઉદયસ્થાન તથા ઉદયભાંગા ગુણિત સત્તાસ્થાન ૧૫ હોય છે. પરંતુ તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધે ૮૯ વિના પાંચે ઉદયભાંગે બે જ સત્તાસ્થાન હોય છે એટલું વિશેષ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦ના બંધનો સંવેધ : અહીં પણ ૫ ઉદયસ્થાન, ૫ ઉદયભાંગા, તિર્યંચ તથા મનુષ્ય પ્રાયોગ્ય સંવેધ સાથે વિચારીએ તો સામાન્યથી ૯૨ આદિ ૩ અને પાંચે ઉદયસ્થાનમાં ૩ - ૩ હોવાથી ઉદયસ્થાન તથા ઉદયભંગ ગુણિત સત્તાસ્થાન ૧૫ હોય છે. પરંતુ ભિન્ન રીતે વિચારીએ તો જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધે પાંચે ઉદયસ્થાને ૮૯નું ૧ જ અને તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના બંધે ૯૨ - ૮૮ આ ૨ - ૨ સત્તાસ્થાનો હોય છે.

તિર્યંચગતિ :

બંધસ્થાન : ૩૧ અને ૧નો બંધ માત્ર મનુષ્યગતિમાં મુનિઓને જ હોવાથી આ ૨ બંધ વિના શેષ ૨૩ થી ૩૦ સુધીનાં ૬ બંધસ્થાનો હોય છે. તિર્યંચો સામાન્યથી ચારે ગતિ પ્રાયોગ્ય બંધ કરી શકે છે. માટે દરેક બંધસ્થાનના બધા જ બંધભાંગા હોઈ શકે છે. પરંતુ આ જીવો જિનનામનો બંધ કરતા ન હોવાથી જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ના ૮ તેમજ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધના ૮ અને આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્ય ૩૦ના બંધનો ૧ એમ કુલ ૧૭ અને ૩૧ તથા ૧ ના બંધનો ૧ - ૧ એમ ૧૯ બંધભાંગા વિના શેષ (૧૩૯૨૬) તેર હજાર નવસો છવ્વીશ બંધભાંગા હોય છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યાં ૨૩ના બંધના ૪, ૨૫ ના બંધના ૨૫, ૨૬ના બંધના ૧૬, ૨૮ના ૯, ૨૯ના ૯૨૪૦ અને ૩૦ના બંધના ૪૬૩૨ કુલ ૧૩૯૨૬ બંધભાંગા હોય છે.

ઉદયસ્થાન : સામાન્યથી ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાન હોય છે. અને એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૪૯૦૬) ચાર હજાર નવસો છ, અને વૈક્રિય તિર્યંચના ૫૬-એમ નવે ઉદયસ્થાને મળી (૫૦૭૦) પાંચ હજાર સીત્તેર ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર ભંગ સંખ્યા : ૨૧ના ઉદયે એકેન્દ્રિયના ૫, વિકલેન્દ્રિયના નવ પંચેન્દ્રિય તિર્યંચના ૯, એમ ૨૩, તથા ૨૪ના ઉદયે એકેન્દ્રિયના ૧૧, ૨૫ના ઉદયે એકેન્દ્રિયના ૭, વૈક્રિય તિર્યંચના ૮ એમ ૧૫, ૨૬ના ઉદયે એકેન્દ્રિયના ૧૩, વિકલેન્દ્રિયના ૯, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૨૮૯) બસો નેવ્યાસી એમ ત્રણસો અગિયાર, ૨૭ના ઉદયે એકેન્દ્રિયના ૬, વૈક્રિય તિર્યંચના ૮ એમ ૧૪, ૨૮ના ઉદયે વિકલેન્દ્રિયના ૬, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬ એમ પાંચસો અઢ્ઢાણું, ૨૯ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૨, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૧૬ એમ અગિયારસો એંશી, ૩૦ના ઉદયે વિકલેન્દ્રિયના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮, સા. પં. તિ. ના ૧૭૨૮, વૈક્રિય તિર્યંચના ૮ એમ (૧૭૫૪) સત્તરસો ચોપન, ૩૧ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૨, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, એમ (૧૧૬૪) અગિયારસો ચોસઠ ઉદયભાંગા હોય છે. સર્વે મળીને ૫૦૭૦ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન : ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ અને ૭૮ સામાન્યથી આ ૫ સત્તાસ્થાનો હોય છે. ૯૩ અને ૮૯ જિનનામ સહિત હોવાથી અને ૭૯ આદિ ૫ સત્તાસ્થાનો માત્ર ક્ષપકશ્રેણીમાં જ ઘટતાં હોવાથી આ ૭ સત્તાસ્થાનો અહીં સંભવતાં નથી.

૨૩ આદિ પ્રથમનાં ત્રણ બંધસ્થાનોનો સંવેધ : ૨૩, ૨૫ અને ૨૬ના બંધે ઉપર બતાવેલ ૨૧ આદિ નવ ઉદયસ્થાનો અને પાંચ હજાર સીત્તેર ઉદયભાંગા હોય છે.

સામાન્યથી સત્તાસ્થાન પણ ૫ હોય છે. અને ઉદયસ્થાન વાર વિચારીએ તો ૨૧ - ૨૪ - ૨૫ અને ૨૬ આ ચાર ઉદયસ્થાનોમાં ૫ - ૫ હોવાથી ૨૦, અને ૨૭ આદિ ૫ ઉદયસ્થાનોમાં ૭૮ વિના ૪ - ૪ હોવાથી ૨૦, એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૪૦ હોય છે.

जैन साईट JAINSITE.com

ઉદયભંગવાર સત્તાસ્થાન : ૨૧ના ઉદયના ૨૩ ઉદયભાંગામાં ૫ - ૫ હોવાથી ૧૧૫ સત્તાસ્થાન.

૨૪ ના ઉદયે પહેલાંની જેમ ૫૩.

જૈનમ્ જયતિ શાસનમ્

૨૫ના ઉદયે એકેન્દ્રિયના ૭માં પહેલાંની જેમ ૨૯ (ચાર ભાંગે ચાર ચાર, અવૈક્રિય વાઉકાય અને તેઉકાયના બે ભાંગે પાંચ પાંચ, તથા વૈક્રિય વાઉકાયના એક ભાંગે ત્રણ એમ કુલ ૨૯) અને વૈક્રિય તિર્યંચના ૮માં બે બે માટે ૧૬, એમ ૪૫.

૨૬ના ઉદયે એકેન્દ્રિયના ૧૩માં પહેલાંની જેમ ૫૩, શેષ ૨૯૮ માં ૫ - ૫ હોવાથી ૧૪૯૦, એમ કુલ પંદરસો તેતાલીશ.

૨૭ના ઉદયે એકેન્દ્રિયના ૬ માં ૭૮ વિના ચાર-ચાર માટે ૨૪, વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨ - ૮૮ બે-બે માટે ૧૬. કુલ ૪૦.

૨૮ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૧૬ માં ૯૨ - ૮૮ બે-બે માટે ૩૨ અને શેષ ૫૮૨ માં ૯૨ આદિ ચાર-ચાર માટે ૨૩૨૮ એમ કુલ બે હજાર ત્રણસો સાઠ.

૨૯ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૧૬ માં ૯૨ - ૮૮, બે-બે હોવાથી ૩૨ અને શેષ ૧૧૬૪ ભાંગામાં ૯૨ આદિ ચાર-ચાર હોવાથી ૪૬૫૬ એમ કુલ છેંતાલીશસો અઠ્ઠાસી. (૪૬૮૮)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨ - ૮૮ બે-બે તેથી ૧૬ અને શેષ ૧૭૪૬ માં ૯૨ આદિ ચાર-ચાર માટે ૬૯૮૪. એમ કુલ સાત હજાર. (૭૦૦૦)

અને ૩૧ના ઉદયે ૧૧૬૪ માં ૯૨ આદિ ચાર-ચાર હોવાથી છેંતાલીશસો છપ્પન. (૪૬૫૬)

એમ તિર્યંચગતિમાં ૨૩-૨૫-૨૬ના બંધે ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૨૦૫૦૦) વીશ હજાર પાંચસો થાય છે.

૨૮ના બંધનો સંવેધ : દેવ અને નરક પ્રાયોગ્ય ૨૮ના બંધે સામાન્યથી ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો હોય છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ જીવો અપર્યાપ્ત અવસ્થામાં દેવપ્રાયોગ્ય બંધ કરતા જ નથી. પરંતુ સમ્યક્દૃષ્ટિ જીવો જ દેવ પ્રાયોગ્ય બંધ કરે છે. તેથી સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ આશ્રયી પોતાનાં ૬ ઉદયસ્થાનો અને વૈક્રિય તિર્યંચ આશ્રયી વૈક્રિય તિર્યંચનાં ૨૫ આદિ ઉદયસ્થાનો પણ ઘટે છે.

ઉદયભંગ : એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચો દેવ પ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી તેઓના અનુક્રમે ૪૨ - ૬૬ અને ૨ એમ ૧૧૦ ઉદયભાંગા ૫૦૭૦ માંથી બાદ કરતાં શેષ ચાર હજાર નવસો સાઠ (૪૯૬૦) ઉદયભાંગા દેવપ્રાયોગ્ય ૨૮ના બંધે હોય છે.

ઉદયસ્થાનવાર ઉદયભંગ :

૨૧ના પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૮, ૨૫ના વૈક્રિય તિર્યંચના ૮, ૨૬ના પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૮, ૨૭ના વૈક્રિય તિર્યંચના ૮, ૨૮ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬ એમ ૫૯૨, ૨૯ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, અને વૈક્રિય તિર્યંચના ૧૬ એમ અગિયારસો અડસઠ, ૩૦ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૭૨૮, અને વૈક્રિય તિર્યંચના ૮ એમ સત્તરસો છત્રીશ અને ૩૧ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ ઉદયભાંગા છે. કુલ ૪૯૬૦ ઉદયભાંગા હોય છે.

નરક પ્રાયોગ્ય ૨૮નો બંધ સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ કરે છે તેમજ વૈક્રિય તિર્યંચ કંઈક વિશુદ્ધ હોવાથી નરક પ્રાયોગ્ય બંધ કરતા નથી, માટે ૩૦ અને ૩૧ આ બે જ ઉદયસ્થાનો નરક પ્રાયોગ્ય ૨૮ના બંધે હોય છે. અને ૩૦ના સ્વરના ઉદય સહિતના (૧૧૫૨) અગિયારસો બાવન અને ૩૧ના (૧૧૫૨) અગિયારસો બાવન-એમ (૨૩૦૪) તેવીશસો ચાર ઉદયભાંગા નરકપ્રાયોગ્ય બંધે હોય છે. અહીં વૈક્રિય તિર્યંચો પણ નરકપ્રાયોગ્ય બંધ કરે છે. એમ વિવક્ષીએ તો ૨૫ આદિ ઉદયસ્થાન અને ૫૬ ઉદય ભાંગા વધારે જણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામાન્યથી ૯૨ - ૮૮ અને ૮૬ આ ત્રણ સત્તાસ્થાનો હોય છે. તેમાં પણ ૮૬નું સત્તાસ્થાન, વૈક્રિય અષ્ટકની ઉદ્વલના કરી ૮૦ની સત્તાવાળા થયેલ એકેન્દ્રિય જીવ મરીને પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યાબાદ ૩૦ અને ૩૧ના ઉદયસ્થાનમાં વર્તતાં પહેલી વાર દેવ અથવા નરક પ્રાયોગ્ય બંધ કરે ત્યારે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ સુધી જ હોય છે. પણ આ ઉદયસ્થાનોમાં શેષ કાળે તેમજ ૨૯ સુધીનાં પહેલાંના ઉદયસ્થાનોમાં ૮૬નું સત્તાસ્થાન હોતું જ નથી.

ઉદયસ્થાન વાર વિચારીએ તો ૨૧ અને ૨૫ થી ૨૯ સુધીનાં છ ઉદયસ્થાનોમાં ૯૨ અને ૮૮ બે-બે સત્તાસ્થાન માટે ૧૨, અને ૩૦ તથા ૩૧ના ઉદયસ્થાનમાં ૯૨ આદિ ત્રણ તેથી ૬, એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૧૮ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ના ઉદયે ૮ ભાંગાઓમાં ૯૨-૮૮ બે-તેથી ૧૬, એ જ પ્રમાણે ૨૫ના ઉદયે ૧૬. ૨૬ ના ઉદયે ૫૭૬, ૨૭ના ઉદયે ૧૬, ૨૮ના ઉદયે ૧૧૮૪, ૨૯ના ઉદયે ૨૩૩૬, ૩૦ના ઉદયે સ્વરવાળા અગિયારસો બાવનમાં ૩ - ૩ તેથી ચોત્રીશસો છપ્પન, અને શેષ ૫૮૪ માં ૯૨ આદિ ૨ માટે અગિયારસો અડસઠ. ૩૧ના ઉદયે ૧૧૫૨ માં ૩ - ૩ તેથી (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન. એમ ઉદય ભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો (૧૨૨૨૪) બાર હજાર બસો ચોવીશ થાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૨૯ના બંધનો સંવેધ :

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધે તિર્યંચ ગતિમાં બતાવેલ નવ ઉદયસ્થાન, ૫૦૭૦ ઉદયભાંગા, તેમજ સામાન્યથી ૯૨ આદિ પાંચ અને ઉદયસ્થાન ગુણિત ૪૦ સત્તાસ્થાન હોય છે. અને દરેક ઉદયસ્થાને ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો પણ આજ માર્ગણામાં ૨૩ આદિના બંધસ્થાનના સંવેધમાં બતાવ્યા પ્રમાણે હોય છે. માટે જીજ્ઞાસુએ ત્યાંથી જોઈ લેવું.

ઉદ્યોત સહિત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના બંધે પણ સંવેધ ૨૯ના બંધ પ્રમાણે જ હોવાથી ફરીથી બતાવેલ નથી.

મનુષ્યગતિ :

અહીં સર્વ ગુણસ્થાનક અને સર્વ ગતિ પ્રાયોગ્ય બંધનો સંભવ હોવાથી ૨૩ આદિ આઠ બંધસ્થાન અને બધા બંધભાંગા હોય છે. પરંતુ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ માત્ર દેવો અને નારકો જ કરે છે. મનુષ્યો કરતા નથી. તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦ના જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ બંધભાંગા અહીં ઘટતા ન હોવાથી ૩૦ના બંધે ૪૬૪૧ના બદલે ૪૬૩૩ બંધભાંગા હોય છે. અને આઠે બંધસ્થાનના (૧૩૯૩૭) તેર હજાર નવસો સાડત્રીશ બંધભાંગા હોય છે.

ઉદયસ્થાન : ૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયને જ હોવાથી તેને બાદ કરતાં સામાન્ય મનુષ્યો, વૈક્રિય મનુષ્યો, આહારક મનુષ્યો અને કેવળી મનુષ્ય આશ્રયી સામાન્યથી શેષ ૧૧ ઉદયસ્થાન હોય છે. અને મનુષ્યના ૨૬૫૨ ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર ઉદયભાંગા : ૨૦નો ૧, ૨૧નો તીર્થંકર પરમાત્માનો ૧, અને સામાન્ય મનુષ્યના ૯ એમ ૧૦, તથા ૨૫ના વૈક્રિય મનુષ્યના ૮, આહારકનો ૧ એમ ૯, ૨૬ના સામાન્ય મનુષ્યના ૨૮૯, ૨૭ના વૈક્રિયના મનુષ્યના ૮, આહારકનો ૧ અને તીર્થંકર પ્રભુનો ૧ એમ ૧૦, ૨૮ ના સા. મનુ. ના ૫૭૬, વૈક્રિયના ૯, અને આહારકના ૨ એમ ૫૮૭. ૨૯ના આજ પ્રમાણે ૫૮૭ તથા તીર્થંકર પ્રભુનો ૧ એમ ૫૮૮. ૩૦ ના સા. મનુષ્યના ૧૧૫૨, વૈક્રિય યતિ અને આહારક યતિનો ૧ - ૧ અને તીર્થંકર પ્રભુનો ૧ એમ કુલ અગિયારસો પંચાવન. ૩૧નો તીર્થંકર પ્રભુનો ૧ તથા ૯ અને ૮ના ઉદયના ૧ - ૧ એમ ૨૬૫૨ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન : મનુષ્યોને મનુષ્યદ્વિકની સત્તા અવશ્ય હોવાથી ૭૮ નું સત્તાસ્થાન ઘટતું નથી. માટે શેષ ૧૧ સત્તાસ્થાનો હોય છે.

૨૩ના બંધનો સંવેધ :

અહીં ૨૧ અને ૨૫ થી ૩૦ સુધીનાં ૬ એમ કુલ ૭ ઉદયસ્થાનો હોય છે. અને ઉદયભાંગા યતિને જ ઘટતા ૧૦ અને કેવળીના ૮ એમ ૧૮ છોડી શેષ (૨૬૩૪) છવ્વીશસો ચોત્રીશ ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર વિચારીએ તો આ પ્રમાણે : ૨૧ના સામાન્ય મનુષ્યના ૯. ૨૫ ના વૈક્રિય મનુષ્યના ૮. ૨૬ ના સામાન્ય મનુષ્યના ૨૮૯. ૨૭ ના વૈક્રિય મનુષ્યના ૮, ૨૮ ના સામાન્ય મનુષ્યના ૫૭૬, અને વૈક્રિયના ૮ એમ ૫૮૪. ૨૯ ના એ જ પ્રમાણે ૫૮૪ અને ૩૦ના સામાન્ય મનુષ્યના ૧૧૫૨ ઉદયભાંગા ૨૩ના બંધે થાય છે.

સત્તાસ્થાન સામાન્યથી ૯૨ - ૮૮ - ૮૬ અને ૮૦ આ ચાર હોય છે. ત્યાં ૨૫ અને ૨૭નો ઉદય માત્ર વૈક્રિય મનુષ્યને જ હોવાથી ૯૨ - ૮૮ બે-બે સત્તા હોય છે. તેથી ૪, અને શેષ ૫ ઉદયસ્થાનોમાં ૯૨ આદિ ચારે હોવાથી ૨૦ એટલે કુલ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨૪ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદયભંગવાર વિચારીએ તો વૈક્રિયના ૩૨ ભાંગામાં ૯૨ - ૮૮ બે-બે માટે ૬૪ અને શેષ ૨૬૦૨ ભાંગાઓમાં ૪ - ૪ હોવાથી ૧૦૪૦૮ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્તાન દશ હજાર ચારસો બહોંતેર (૧૦૪૭૨) હોય છે.

ઉદયસ્થાન વાર ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો :

૨૧ના ઉદયે ૩૬. ૨૫ ના ઉદયે ૧૬. ૨૬ ના ઉદયે ૧૧૫૬, ૨૭ના ઉદયે ૧૬. ૨૮ ના ઉદયે ૨૩૨૦. ૨૯ ના ઉદયે પણ ૨૩૨૦. અને ૩૦ ના ઉદયે ૪૬૦૮ થાય છે. કુલ ૧૦૪૭૨ સત્તાસ્થાન હોય છે.

૨૫ તેમજ ૨૬ના બંધનો સંવેધ પણ ૨૩ના બંધ પ્રમાણે હોવાથી જુદો બતાવવામાં આવેલ નથી. બન્ને બંધમાં ૧૦૪૭૨-૧૦૪૭૨ સત્તાસ્થાન થાય છે.

૨૮ના બંધનો સંવેધ :

આ બંધસ્થાનમાં ૨૧ અને ૨૫ થી ૩૦ સુધીનાં ૭ ઉદયસ્થાનો હોય છે. અપર્યાપ્ત અવસ્થામાં સમ્યગ્દૃષ્ટિ જીવ જ દેવ પ્રાયોગ્ય બંધ કરી શકે છે અને લબ્ધિ અપર્યાપ્ત જીવોને ચોથું ગુણસ્થાનક ન હોવાથી ૨૧ અને ૨૬ના ઉદયનો લબ્ધિ અપર્યાપ્તનો ૧ - ૧ અને કેવળીના ૮ એમ ૧૦ વિના શેષ મનુષ્યના ૨૬૪૨ ઉદયભાંગા હોય છે. જિનનામની સત્તા વિનાના આહારક અને વૈક્રિય મનુષ્યો પણ છઠ્ઠા ગુણસ્થાનકે દેવપ્રાયોગ્ય ૨૮નો બંધ કરી શકે છે, માટે યતિના ૧૦ ભાંગા અહીં ઘટે છે.

ઉદયસ્થાનવાર ઉદયભંગ : ૨૧ના પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા ૮. ૨૬ ના ૨૮૮. ૨૫ ના વૈક્રિયના ૮, અને આહારકનો ૧ એમ ૯. ૨૭ ના પણ એજ ૯. ૨૮ અને ૨૯ના એક-એકના સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિયના ૯, અને આહારકના ૨ એમ ૫૮૭. ૩૦ ના સામાન્ય મનુષ્યના ૧૧૫૨ અને વૈક્રિય તથા આહારકનો ૧ - ૧ એમ ૧૧૫૪ થાય. સર્વે મળીને ૨૬૪૨ ઉદયભાંગા હોય છે.

સામાન્યથી સત્તાસ્થાન ૯૨ - ૮૯ - ૮૮ અને ૮૬ આ ૪ હોય છે. ત્યાં ૨૧ થી ૨૯ સુધીના છ ઉદયસ્થાનોમાં ૯૨ - ૮૮ બે-બે, માટે ૬ × ૨ = ૧૨ અને ૩૦ના ઉદયમાં ૯૨ આદિ ૪ તેથી ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૧૬ થાય છે.

અહીં ૨૯ સુધીના ઉદયસ્થાનોમાં ૯૨ - ૮૮ બે જ કેમ ? અને ૩૦ના ઉદયસ્થાનમાં ૮૬ નું કઈ રીતે હોય છે ? તેમજ આ ઉદયસ્થાનમાં ૮૯નું સત્તાસ્થાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નરક પ્રાયોગ્ય ૨૮ના બંધમાં જ કેમ હોય છે ? વગેરે ૨૮ના બંધે સામાન્ય સંવેધમાં બતાવેલ હોવાથી જિજ્ઞાસુએ ત્યાંથી પાના નંબર ૧૦૪-૧૦૫ માંથી જોઈ લેવું.

ઉદયભંગવાર સત્તાસ્થાન વિચારીએ તો આહારકના સાતે ભાંગામાં આહારક ચતુષ્કની સત્તા અવશ્ય હોવાથી ૯૨નું ૧ - ૧, તેથી ૭, ૩૦ના ઉદયના સામાન્ય મનુષ્યના ૧૧૫૨ ભાંગામાં ૯૨ આદિ ૪ - ૪ માટે ૪૬૦૮, શેષ વૈક્રિય મનુષ્યના ૩૫ અને સામાન્ય મનુષ્યને અપર્યાપ્ત અવસ્થામાં ઘટતા ૧૪૪૮ - એમ ૧૪૮૩ ભાંગામાં ૯૨ - ૮૮ બે-બે તેથી ૨૯૬૬ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૭૫૮૧) સાત હજાર પાંચસો એકાશી થાય છે. દરેક ઉદયસ્થાને ઉદયભંગવાર સત્તાસ્થાનો સુગમ હોવાથી અલગ બતાવેલ નથી. દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધનો સંવેધ તથા નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધનો સંવેધ સામાન્ય સંવેધમાંથી જાણી લેવો.

૨૯ના બંધનો સંવેધ :

૨૯ પ્રકૃતિ બાંધતા મનુષ્યોને સામાન્યથી ૭ ઉદયસ્થાન અને દરેક ઉદયસ્થાને ઉદયભંગની સંખ્યા આ માર્ગણામાં બતાવ્યા પ્રમાણે સમજી લેવી. સત્તાસ્થાન સામાન્યથી ૯૩ આદિ પ્રથમનાં ૬ હોય છે. ત્યાં તિર્યંચ તથા મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધે ૯૨ - ૮૮ - ૮૬ અને ૮૦ આ ૪ - ૪ સત્તાસ્થાનો હોય છે. અને જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ના બંધે ૯૩ અને ૮૯ આ ૨ સત્તાસ્થાનો હોય છે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ઉદયસ્થાન વાર વિચારીએ તો ૨૫ અને ૨૭નો ઉદય માત્ર વૈક્રિય તથા આહારકને જ હોવાથી ૯૩ આદિ પ્રથમનાં ૪ અને શેષ ૫ ઉદયસ્થાનમાં ૯૩ આદિ ૭-૭ હોવાથી ૩૦, બન્ને મળીને કુલ ૩૮ સત્તાસ્થાન હોય છે.

ઉદય ભંગવાર સત્તાસ્થાનો આ પ્રમાણે :

૨૧ના ઉદયે પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા ૮ માં ૯૩ આદિ ૬ - ૬ તેથી ૪૮ અને અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા ૧ માં ૯૨ - ૮૮ - ૮૬ અને ૮૦ આ ૪, કુલ ૫૨. ૨૫ ના વૈક્રિયના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨, અને આહારકના ૧ માં ૯૩નું ૧ એમ ૩૩. ૨૬ ના પર્યાપ્તના ૨૮૮ માં ૯૩ આદિ ૬ - ૬ તેથી (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીસ, અને અપર્યાપ્તના ૧ માં ૯૨ - ૮૮ - ૮૬ અને ૮૦ આ ૪ કુલ (૧૭૩૨) સત્તરસો બત્રીશ. ૨૭ના ૯ ભાંગામાં ૨૫ના ઉદય પ્રમાણે ૩૩. ૨૮ ના સામાન્ય મનુષ્યના ૫૭૬ માં ૯૩ આદિ ૬ - ૬ માટે (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન, અને વૈક્રિયના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨, ઉદ્યોત સહિત વૈક્રિયના ૧ માં ૯૩ અને ૮૯, અને આહારકના ૨ માં ૯૩ નું ૧

- ૧ એમ કુલ (૩૪૯૨) ચોત્રીશસો બાણું. ૨૯ ના ઉદયે પણ એજ પ્રમાણે (૩૪૯૨) ચોત્રીશસો બાણું. ૩૦ ના ઉદયે સામાન્ય મનુષ્યના (૧૧૫૨) અગિયારસો બાવનમાં ૯૩ આદિ ૬ - ૬ તેથી (૬૯૧૨) છ હજાર નવસો બાર, વૈક્રિયના ૧ માં ૯૩ અને ૮૯, અને આહારકના ૧ માં ૯૩ નું ૧ કુલ ૬૯૧૫, એમ ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાન (૧૫૭૪૯) પંદર હજાર સાતસો ઓગણપચાસ થાય છે.

૩૦ના બંધનો સંવેધ :

અહીં મનુષ્યો ઉદ્યોત સહિત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય તથા તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરે ત્યારે તેના (૪૬૩૨) છેંતાલીશસો બત્રીશ બંધભાંગા અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરે ત્યારે ૧ એમ ૩૦ના બંધના કુલ બંધભાંગા (૪૬૩૩) છેંતાલીશસો તેત્રીશ હોય છે.

ઉદયસ્થાન ૨૧ અને ૨૫ થી ૩૦ સુધીનાં ૬ એમ કુલ ૭ હોય છે. અને ઉદયભાંગા કેવળીના ૮ અને યતિમાંજ ઘટતા ૧૦ એમ ૧૮ વિના શેષ (૨૬૩૪) છવ્વીશસો ચોત્રીશ હોય છે. અને ૩૦ના બંધે સામાન્ય સંવેધમાં બતાવ્યા મુજબ આહારકના ૨૯ અને ૩૦ના ઉદયનો ૧ - ૧ એમ ૨ ભાંગા લઈએ તો (૨૬૩૬) છવ્વીશસો છત્રીશ ઉદયભાંગા હોય છે.

દરેક ઉદયસ્થાને ભાંગા આ પ્રમાણે : ૨૧ના ઉદયે મનુષ્યના ૯. ૨૫ ના ઉદયે વૈક્રિય મનુષ્યના ૮. ૨૬ ના ૨૮૯. ૨૭ ના વૈક્રિય મનુષ્યના ૮. ૨૮ ના સામાન્ય મનુષ્યના ૫૭૬, અને વૈક્રિય મનુષ્યના ૮, એમ ૫૮૪. ૨૯ ના પણ એજ પ્રમાણે ૫૮૪ અને મતાંતરે એક આહારક ભાંગા સહિત ૫૮૫. ૩૦ ના ૧૧૫૨ અને મતાંતરે આહારકના ૧ સહિત (૧૧૫૩) અગિયારસો ત્રેપન ઉદયભાંગા થાય છે.

અહીં ૩૦ ના બંધે ૯૨ - ૮૮ - ૮૬ અને ૮૦ આ ૪ અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ના બંધે એક ૯૨ નું સત્તાસ્થાન હોવાથી સામાન્યથી ૪ સત્તાસ્થાનો હોય છે. આ ગતિમાં ૩૦ના બંધે જિનનામનો બંધ ન હોવાથી ૯૩ અને ૮૯ નાં સત્તાસ્થાન ઘટતાં નથી. ત્યાં ૨૫ અને ૨૭નો ઉદય વૈક્રિય મનુષ્યને જ હોવાથી ૯૨ - ૮૮ બે-બે માટે ૪ અને શેષ ૫ ઉદયસ્થાને ૪ - ૪ તેથી ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૨૪ હોય છે.

ઉદયભાંગા વાર સત્તાસ્થાનો આ પ્રમાણે : ૨૧ના ઉદયે નવે ભાંગામાં ૯૨ આદિ ૪ - ૪ હોવાથી ૩૬. ૨૫ અને ૨૭ના ઉદયે ૮ - ૮ ભાંગામાં ૯૨ - ૮૮ બે-બે માટે ૧૬ - ૧૬. ૨૬ ના ૨૮૯ માં ૯૨ આદિ ૪ - ૪ હોવાથી (૧૧૫૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગિયારસો છપ્પન. ૨૮ના સામાન્ય મનુષ્યના ૫૭૬ માં ૯૨ આદિ ૪ માટે (૨૩૦૪) ત્રેવીશસો ચાર, અને વૈક્રિય મનુષ્યના ૮ માં ૯૨ - ૮૮ બે તેથી ૧૬ કુલ (૨૩૨૦) ત્રેવીશસો વીશ. ૨૯ ના ઉદયે પણ એ જ પ્રમાણે (૨૩૨૦) ત્રેવીશસો વીશ અને મતાંતરે આહારકનો ૧ ભાંગો લઈએ તો ૯૨નું ૧ વધારે તેથી (૨૩૨૧) ત્રેવીશસો એકવીશ અને ૩૦ના ઉદયે સામાન્ય મનુષ્યના (૧૧૫૨) અગિયારસો બાવનમાં ૯૨ આદિ ૪ તેથી ૪૬૦૮ અને મતાંતરે આહારકનો ૧ ભાંગો લઈએ તો ૯૨નું એક વધારે ઘટવાથી (૪૬૦૯) છેંતાલીશસો નવ - એમ કુલ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૧૦૪૭૨ અને મતાંતરે ૧૦૪૭૪ હોય છે.

૩૧ અને ૧નો બંધ તેમજ અબંધ આ માર્ગણામાં જ હોવાથી સામાન્ય સંવેધમાં બતાવેલ છે. તે જ પ્રમાણે હોય છે. માટે વિસ્તારના ભયથી ફરીથી બતાવવામાં આવેલ નથી.

દેવગતિ :

આ માર્ગણામાં જીવો પર્યાપ્ત બાદર પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્ય તેમજ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ કરે છે. માટે ૨૫ - ૨૬ - ૨૯ અને ૩૦ આ ૪ બંધસ્થાનક હોય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યાં ૨૫ના બંધે બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્યના ૮. ૨૬ ના બંધે ૧૬ બંધભાંગા હોય છે. ૨૯ના બંધે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્યના (૪૬૦૮) છેંતાલીશસો આઠ અને મનુષ્ય પ્રાયોગ્યના ૪૬૦૮ એમ (૯૨૧૬) બાણુંસો સોળ અને ૩૦ના બંધે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્યના (૪૬૦૮) છેંતાલીશસો આઠ અને મનુષ્ય પ્રાયોગ્યના આઠ એમ ૪૬૧૬ એ પ્રમાણે ચારે બંધસ્થાને મળી કુલ બંધભાંગા (૧૩૮૫૬) તેર હજાર આઠસો છપ્પન થાય છે.

ઉદયસ્થાન : અહીં દેવના પોતાના ૨૧ અને ૨૫ થી ૩૦ એમ ૬ ઉદયસ્થાનો અને ૬૪ ઉદયભાંગા હોય છે.

૯૩ - ૯૨ - ૮૯ અને ૮૮ એમ સામાન્યથી ૪ સત્તાસ્થાન હોય છે.

૨૫ના બંધનો સંવેધ : આ બંધસ્થાનને બાંધતા દેવતાનાં છએ ઉદયસ્થાને સામાન્યથી ૯૨ - ૮૮ એમ ૨ - ૨ અને ઉદયસ્થાન ગુણિત ૧૨ તેમજ દરેક ઉદયભંગમાં પણ આ બે - બે સત્તા હોવાથી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૬૪ × ૨ = ૧૨૮ હોય છે. અને ૨૬ના બંધે પણ સંવેધ એજ પ્રમાણે સમજવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૯ના બંધનો સંવેધ : અહીં તિર્યંચ પ્રાયોગ્ય તથા મનુષ્ય પ્રાયોગ્ય એમ બન્ને પ્રાયોગ્ય ૨૯ના બંધે છએ ઉદયસ્થાને સામાન્યથી ૯૨ - ૮૮ બે, અને ઉદયસ્થાન ગુણિત ૧૨, તેમજ ઉદયભંગ ગુણિત ૧૨૮ સત્તાસ્થાનો હોય છે.

૩૦ના બંધનો સંવેધ : અહીં સામાન્યથી ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો અને છએ ઉદયસ્થાને ૪ - ૪ હોવાથી ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨૪ હોય છે. પરંતુ તિર્યંચ પ્રાયોગ્ય તથા મનુષ્ય પ્રાયોગ્ય એમ બન્ને પ્રાયોગ્ય બંધ જુદા જુદા વિચારીએ ત્યારે તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ના બંધે દરેક ઉદયસ્થાને ૯૨ - ૮૮ આ ૨ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધે દરેક ઉદયસ્થાને ૯૩ - ૮૯ આ બે બે સત્તાસ્થાનો હોય, આટલી વિશેષતા છે. ચોસઠે ઉદયભાંગામાં આ ૪ - ૪ સત્તાસ્થાનો હોવાથી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૨૫૬ હોય છે.

ઈન્દ્રિય માર્ગણા :

એકેન્દ્રિય : આ જીવો દેવ તેમજ નરક પ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી ૨૮નું અને મુનિને જ ઘટતું ૩૧ અને ૧ નું બંધસ્થાન વર્જી શેષ ૨૩ આદિ ૫ બંધસ્થાન હોય છે.

બંધભાંગા : ૨૩ના ૪, ૨૫ના ૨૫, ૨૬ના ૧૬, ૨૯ના જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૮ વિના (૯૨૪૦) બાણુંસો ચાળીશ અને ૩૦ના બંધના આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્યનો ૧ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ એ નવ વિના (૪૬૩૨) છેંતાલીશસો બત્રીશ, પાંચે બંધસ્થાને મળી કુલ (૧૩૯૧૭) તેર હજાર નવસો સત્તર બંધભાંગા હોય છે. અને એકેન્દ્રિયને પોતાના ૨૧ આદિ ૫ ઉદયસ્થાનોના અનુક્રમે ૫-૧૧-૭-૧૩ અને ૬ ઉદયભાંગા હોવાથી કુલ ૪૨ ઉદયભાંગા હોય છે.

સામાન્યથી તિર્યંચગતિમાં ઘટતાં ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ અને ૭૮ એમ ૫ સત્તાસ્થાન હોય છે.

સંવેધ : ૨૩ના બંધે સામાન્યથી ૫ સત્તાસ્થાનક છે અને પ્રથમનાં ૪ ઉદયસ્થાનમાં ઉદયસ્થાનવાર ૫ - ૫ તેથી ૨૦ અને ૨૭ના ઉદયે ૭૮ વિના ૪ એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨૪ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ના પાંચે ભાંગામાં ૫ - ૫ હોવાથી ૨૫, ૨૪ના ૧૦ માં ૫ - ૫ તેથી ૫૦ અને વૈક્રિય વાયુકાયના ૧ માં ૯૨ - ૮૮ અને ૮૬ એ ત્રણ તેથી કુલ ૫૩. ૨૫ ના સૂક્ષ્મ-બાદર પર્યાપ્ત પ્રત્યેક અયશવાળા ૨ માં ૫ - ૫ તેથી ૧૦, વૈક્રિયવાયુકાયના ૧ માં ૩, અને શેષ ૪ ભાંગામાં ૭૮ વિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪ - ૪ હોવાથી ૧૬ એમ કુલ ૨૯. ૨૬ ના ઉદયે સૂક્ષ્મ-બાદર પર્યાપ્ત પ્રત્યેક અયશવાળા ૨ માં ૫ - ૫ માટે ૧૦, વૈક્રિય વાયુકાયના ૧ માં ૩, અને શેષ ૧૦ માં ૭૮ વિના ૪ - ૪ તેથી ૪૦ એમ કુલ ૫૩, ૨૭ના ઉદયે છએ ભાંગામાં ૭૮ વિના ૪ - ૪ તેથી ૨૪ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો ૧૮૪ થાય છે. આ વિષય સામાન્ય સંવેધમાં સમજાવેલ છે.

૨૫ આદિ શેષ ચારે બંધસ્થાનોનો સંવેધ પણ આ એકેન્દ્રિય માર્ગણા હોવાથી એજ પ્રમાણે જાણવો.

વિકલેન્દ્રિયની ૩ માર્ગણા : એકેન્દ્રિય માર્ગણામાં બતાવ્યા મુજબ અહીં પણ ૨૩ આદિ ૫ બંધસ્થાનક અને (૧૩૯૧૭) તેર હજાર નવસો સત્તર બંધભાંગા હોય છે. અને વિકલેન્દ્રિયનાં પોતાનાં ૨૧ - ૨૬ અને ૨૮ થી ૩૧ પર્યંતનાં ૬ ઉદયસ્થાનો અને દરેકના ૨૨ - ૨૨ ઉદયભાંગા છે. સામાન્યથી સત્તાસ્થાન તિર્યંચગતિ પ્રમાણે ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ અને ૭૮ આ ૫ હોય છે.

સંવેધ : ૨૩ના બંધે ૨૧ આદિ પોતાનાં ૬ ઉદયસ્થાન અને દરેકના ૨૨ - ૨૨ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાન સામાન્યથી ૯૨ આદિ ૫, અને ૨૧ તથા ૨૬ના ઉદયે ૫ - ૫ ઘટતાં હોવાથી ૧૦, અને ૨૮ આદિ ૪ ઉદયસ્થાનોમાં શરીર પર્યાપ્તિ પૂર્ણ થયેલ હોવાથી ૭૮ વિના ૪ - ૪ તેથી ૧૬ એમ ઉદયસ્થાન ગુણિત સર્વ સત્તાસ્થાનો ૨૬ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો બેઈન્દ્રિયના ૨૧ના ૩ માં ૫ - ૫ તેથી ૧૫, એજ પ્રમાણે ૨૬ માં પણ ત્રણે ભાંગે ૫ - ૫ હોવાથી ૧૫, ૨૮ના બંને ભાંગામાં ૭૮ વિના ૪ - ૪ તેથી ૮, ૨૯ના ૪ ઉદયભાંગામાં આજ ૪ - ૪ માટે ૧૬, ૩૦ના ૬ માં પણ આજ ૪ - ૪ તેથી ૨૪, અને ૩૧ના ૪ માં પણ આ ૪ તેથી ૧૬ એમ બેઈન્દ્રિયમાં ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો ૯૪ થાય છે. તે જ પ્રમાણે તેઈન્દ્રિયમાં અને ચઉરિન્દ્રિયમાં પણ ૯૪ - ૯૪ સત્તાસ્થાન જાણવાં.

૨૫ - ૨૬ - ૨૯ અને ૩૦ના બંધનો સંવેધ પણ આ જ પ્રમાણે હોવાથી ફરીથી બતાવેલ નથી.

પંચેન્દ્રિય માર્ગણા : આ માર્ગણામાં ચારે ગતિના જીવો હોવાથી ૨૩ આદિ ૮ બંધસ્થાન અને ૧૩૯૪૫ બંધભાંગા હોય છે. અને ૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયને જ હોવાથી તેને બાદ કરતાં શેષ ૧૧ ઉદયસ્થાન હોય છે. તેમજ એકેન્દ્રિયના ૪૨ અને વિકલેન્દ્રિયના ૬૬ એમ ૧૦૮ વિના શેષ (૭૬૮૩) સાત હજાર છસો ત્ર્યાશી ઉદયભાંગા આ પંચેન્દ્રિય માર્ગણામાં હોય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દરેક ઉદયસ્થાને ઉદયભાંગા વિચારીએ તો એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયના ભાંગા બાદ કરી શેષ સર્વ ઉદયભાંગા હોય છે. તે આ પ્રમાણે -

૯, ૮ અને ૨૦નો ૧ - ૧, ૨૧ના ૨૮, ૨૫ના ૨૬, ૨૬ના ૫૭૮, ૨૭ના ૨૭, ૨૮ના ૧૧૯૬, ૨૯ના ૧૭૭૩, ૩૦ના (૨૮૯૯) અટ્ઠાવીશસો નવ્વાણું અને ૩૧ના ૧૧૫૩ હોય છે. કુલ ૭૬૮૩ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન સામાન્યથી ૯૩ આદિ ૧૨ હોય છે.

સંવેધ : ૨૩ના બંધે ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો અને ઉદયભાંગા આ માર્ગણામાં જે (૭૬૮૩) સાત હજાર છસો ત્ર્યાશી બતાવેલ છે. તેમાંથી દેવતાના ૬૪, નારકના ૫, યતિને જ સંભવતા આહા. અને વૈ૦ મનુષ્યના ૧૦ અને કેવલીના ૮ એમ ૮૭ ભાંગા બાદ કરતાં શેષ (૭૫૯૬) સાત હજાર પાંચસો છન્નુ ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર ઉદયભાંગા આ પ્રમાણે : ૨૧ના પંચેન્દ્રિય તિર્યંચના ૯, અને મનુષ્યના ૯ એમ ૧૮. ૨૫ ના વૈક્રિય તિર્યંચના ૮ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ ૧૬. ૨૬ ના પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯, અને મનુષ્યના ૨૮૯ એમ ૫૭૮. ૨૭ ના ૨૫ પ્રમાણે ૧૬. ૨૮ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ (૧૧૭૬) અગિયારસો છોત્તેર. ૨૯ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ (૧૭૫૨) સત્તરસો બાવન. ૩૦ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૭૨૮) સત્તરસો અટ્ઠાવીસ, સામાન્ય મનુષ્યના (૧૧૫૨) અગિયારસો બાવન, વૈક્રિય તિર્યંચના ૮ એમ કુલ (૨૮૮૮) અટ્ઠાવીસસો અઠ્યાસી, અને ૩૧ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન ઉદયભાંગા છે. કુલ ૭૫૯૬ ઉદયભાંગા જાણવા.

સત્તાસ્થાન સામાન્યથી ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ અને ૭૮ એમ ૫, ત્યાં ૨૧ અને ૨૬ના ઉદયે ૫ - ૫ માટે ૧૦, ૨૫ અને ૨૭ના ઉદયે ૯૨ - ૮૮ બે-બે તેથી ૪ અને ૨૮ આદિ ચારે ઉદયસ્થાનોમાં ૭૮ વિના ૪ - ૪ માટે ૧૬. એમ ૨૩ના બંધે ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૩૦ થાય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ના તિર્યંચના ૯ માં ૫ - ૫ તેથી ૪૫, અને મનુષ્યના ૯ માં ૭૮ વિના ૪ - ૪ માટે ૩૬ એમ ૮૧. ૨૫ ના ૧૬ ભાંગામાં ૯૨ - ૮૮ બે-બે માટે ૩૨. ૨૬ ના તિર્યંચના ૨૮૯ માં ૫ - ૫ તેથી (૧૪૪૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચૌદસો પીસ્તાલીશ, અને મનુષ્યના ૨૮૯માં ૭૮ વિના ૪ - ૪ તેથી ૧૧૫૬ કુલ (૨૬૦૧) છવ્વીશસો એક. ૨૭ના ઉદયે ૨૫ પ્રમાણે ૩૨. ૨૮ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૧૬, અને વૈ૦ મનુષ્યના ૮, એમ ૨૪ માં ૨ - ૨. માટે ૪૮, અને શેષ (૧૧૫૨) અગિયારસો બાવનમાં ૪ - ૪ માટે ૪૬૦૮ કુલ (૪૬૫૬) છેંતાલીશસો છપ્પન. ૨૯ના ઉદયે વૈક્રિય તિર્યંચ અને મનુષ્યના ૨૪ માં ૯૨ - ૮૮ બે-બે તેથી ૪૮, શેષ ૧૭૨૮ માં ૯૨ આદિ ૪ - ૪ તેથી (૬૯૧૨) છ હજાર નવસો બાર, કુલ (૬૯૬૦) છ હજાર નવસો સાઠ, ૩૦ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨ - ૮૮ બે માટે ૧૬ અને શેષ ૨૮૮૦ માં ૯૨ આદિ ૪ - ૪ તેથી (૧૧૫૨૦) અગિયાર હજાર પાંચસો વીશ, ૩૦ના ઉદયે કુલ (૧૧૫૩૬) અને ૩૧ના ઉદયે અગિયારસો બાવનમાં ૯૨ આદિ ૪ તેથી (૪૬૦૮) છેતાલીશસો આઠ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૩૦૫૦૬) ત્રીશ હજાર પાંચસો છ થાય છે.

૨૫ અને ૨૬ના બંધનો સંવેધ ૨૩ના બંધ પ્રમાણે જ છે. માત્ર ૨૩નો બંધ મિથ્યાદૃષ્ટિ મનુષ્ય અને તિર્યંચ જ કરે છે. પરંતુ ૨૫ અને ૨૬નો બંધ તો ઈશાન સુધીના દેવો પણ કરે છે તેથી દેવતાના ૬૪ ઉદયભાંગા અધિક હોવાથી કુલ ૭૫૯૬ ને બદલે (૭૬૬૦) સાત હજાર છસો સાઠ ઉદયભાંગા થાય છે. અને દેવોને સંભવતા ૨૧ આદિ છ ઉદયસ્થાનોમાં પોતાના ૮ - ૮ - ૮ - ૧૬ - ૧૬ અને ૮ ઉદયભાંગા અધિક જાણવા. અને આ દરેક ભાંગાઓમાં ૯૨ - ૮૮ બે-બે સત્તાસ્થાનો હોવાથી ૨૩ના બંધમાં બતાવેલ જે ઉદયસ્થાનવાર ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો છે. તેમાં ૨૧-૨૫ અને ૨૭ માં ૧૬ - ૧૬, ૨૮ અને ૨૯માં ૩૨ - ૩૨ અને ૩૦ માં ૧૬ સત્તાસ્થાનો અધિક હોય છે. એટલે ઉદયભંગ ગુણિત પૂર્વે બતાવેલ ૩૦૫૦૬ સત્તાસ્થાનોમાં દેવતાના ૬૪ ભાંગાનાં ૧૨૮ સત્તાસ્થાનો અધિક કરતાં કુલ (૩૦૬૩૪) ત્રીશ હજાર છસો ચોત્રીશ સત્તાસ્થાન છે.

૨૮ના બંધક પંચેન્દ્રિય જીવો જ હોવાથી સામાન્ય સંવેધમાં પાના નંબર ૧૦૪ થી ૧૦૮ માં બતાવેલ છે. તે જ પ્રમાણે અહીં પણ બરાબર હોય છે. કંઈપણ ફેરફાર ન હોવાથી જીજ્ઞાસુએ ત્યાંથી જોઈ લેવું.

૨૯ના બંધે ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતના ૮ ઉદયસ્થાનો અને આ માર્ગણામાં બતાવેલ (૭૬૮૩) સાત હજાર છસો ત્યાસી જે ઉદયભાંગા છે, તેમાંથી કેવળીના ૮ ભાંગા બાદ કરી શેષ (૭૬૭૫) સાત હજાર છસો પંચોતેર ઉદયભાંગા હોય છે. અને ઉદયસ્થાન વાર ઉદયભાંગા પણ કેવળીના ભાંગા બાદ કરતાં સર્વે હોય છે તે આ પ્રમાણે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૧ના ૨૭, ૨૫ના ૨૬, ૨૬ના ૫૭૮, ૨૭ના ૨૬, ૨૮ના ૧૧૯૬, ૨૯ના (૧૭૭૨) સત્તરસો બ્હોંતેર, ૩૦ના ૨૮૯૮ અઠ્ઠાવીસસો અઠ્ઠાણું, ૩૧ના (૧૧૫૨) અગિયારસો બાવન મળીને કુલ ૭૬૭૫ ઉદયભાંગા જાણવા.

સામાન્યથી સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમનાં ૭, તેમજ ઉદયસ્થાનવાર વિચારીએ તો ૨૧ અને ૨૬ના ઉદયે આ ૭ - ૭ હોવાથી ૧૪, ૨૫ અને ૨૭નો ઉદય અહીં વૈક્રિય તિર્યંચો, વૈક્રિય મનુષ્યો, આહારક મનુષ્યો, દેવો તથા નારકોને જ હોવાથી ૯૩ આદિ પ્રથમનાં ૪ - ૪ તેથી ૨૫ અને ૨૭ ના ઉદયનાં મળીને કુલ ૮, અને ૨૮ થી ૩૦ સુધીનાં ૩ ઉદયસ્થાનોમાં બધા જીવોની અપેક્ષાએ ૭૮ વિના ૬ - ૬ તેથી ૧૮ તેમજ અહીં ૩૧નો ઉદય માત્ર તિર્યંચોને જ હોવાથી ૯૨ - ૮૮ - ૮૬ અને ૮૦ એમ ૪ હોવાથી ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૪૪ હોય છે.

ઉદયભંગવાર સત્તાસ્થાન આ પ્રમાણે : ૨૧ના પંચેન્દ્રિય તિર્યંચના ૯ માં ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ અને ૭૮ આ ૫ - ૫ તેથી ૪૫, અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા મનુષ્યના ૧ માં ૭૮ વિના આજ ૪, અને પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા મનુષ્યના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૬ તેથી ૪૮, દેવોના ૮ માં ૯૨ - ૮૮ બે માટે ૧૬, અને નારકના એકમાં ૯૨ - ૮૯ અને ૮૮ આ ૩ એમ કુલ ૨૧ના ઉદયે ૧૧૬. ૨૫ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨ - ૮૮ તેથી ૧૬, મનુષ્યના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨, દેવતાના ૮ માં ૯૨ - ૮૮ બે માટે ૧૬, અને નારકના ૧ માં ૯૨ આદિ ૩, અને આહારકના ૧ માં ૯૩ નું ૧ એમ કુલ ૬૮. ૨૬ ના પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯ માં ૯૨ આદિ ૫ માટે (૧૪૪૫) ચૌદસો પીસ્તાલીશ, અપર્યાપ્ત મનુષ્યના ૧ માં ૭૮ વિના આજ ૪, અને પર્યાપ્ત મનુષ્યના ૨૮૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૬ તેથી (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીશ, એમ ૨૬ના ઉદયે કુલ (૩૧૭૭) એકત્રીશસો સત્યોતેર. ૨૭ના ઉદયે ૨૫ની જેમ ૬૮. ૨૮ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬ માં ૯૨ આદિ ૪ તેથી (૨૩૦૪) ત્રેવીશસો ચાર, સામાન્ય મનુષ્યના ૫૭૬ માં ૯૩ આદિ પ્રથમનાં ૬ તેથી (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન, વૈક્રિય તિર્યંચના ૧૬ અને દેવતાના ૧૬ આ ૩૨માં ૯૨ - ૮૮ બે માટે ૬૪, વૈક્રિય મનુષ્યના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨, ઉદ્યોતવાળા યતિના ૧ માં ૯૩ - ૮૯ બે, આહારકના ૨ માં ૯૩નું ૧ માટે ૨, અને નારકના ૧ માં ૯૨ આદિ ૩ એમ કુલ (૫૮૯૫) અઠ્ઠાવનસો પંચાણું.

૨૯ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવનમાં ૯૨ આદિ ૪ માટે (૪૬૦૮) છેંતાલીશસો આઠ, સામાન્ય મનુષ્યના ૫૭૬ માં ૯૩ આદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬ તેથી (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન, વૈક્રિય તિર્યંચના ૧૬ અને દેવતાના ૧૬ આ ૩૨ માં ૯૨ - ૮૮ બે માટે ૬૪, વૈક્રિય મનુષ્યના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨, ઉદ્યોતવાળા ૧ માં ૯૩ અને ૮૯ એમ ૨, આહારકના ૨ માં ૯૩ નું ૧ માટે ૨ અને નારકના ૧ માં ૯૨ આદિ પ્રથમનાં ૩ તેથી કુલ (૮૧૬૭) એકાશીસો સડસઠ. ૩૦ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીશમાં ૯૨ આદિ ૪ તેથી (૬૯૧૨) છ હજાર નવસો બાર, સામાન્ય મનુષ્યના અગિયારસો બાવનમાં ૯૩ આદિ પ્રથમનાં ૬ તેથી છ હજાર નવસો બાર, દેવતાના ૮, વૈક્રિય તિર્યંચના ૮ એ ૧૬ માં બે-બે માટે ૩૨, ઉદ્યોત સહિત વૈક્રિય મનુષ્યના એક માં ૯૩ - ૮૯ બે અને આહારકના ૧ માં ૯૩ નું ૧ તેથી કુલ (૧૩૮૫૯) તેર હજાર આઠસો ઓગણસાઠ. ૩૧ના પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ માં ૯૨ આદિ ૪ તેથી (૪૬૦૮) છેતાલીશસો આઠ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૩૫૮૫૮) પાંત્રીશ હજાર આઠસો અઠ્ઠાવન થાય છે.

૩૦ના બંધે સામાન્યથી ૮ ઉદયસ્થાન અને આ માર્ગણામાં બતાવેલ (૭૬૮૩) સાત હજાર છસો ત્યાસી ઉદયભાંગામાંથી કેવળીના ૮ અને યતિના ૧૦ એમ ૧૮ બાદ કરતાં શેષ (૭૬૬૫) સાત હજાર છસો પાંસઠ ઉદયભાંગા અને સામાન્ય સંવેધમાં બતાવેલ છે તે પ્રમાણે મતાંતરે આહારકના ૨ ભાંગા લઈએ તો (૭૬૬૭) સાત હજાર છસો સડસઠ ઉદયભાંગા હોય છે.

જૈનમ્ જયતિ શાસનમ્

ઉદયસ્થાનવાર ભાંગાઓ આ પ્રમાણે : ૨૧ના પંચેન્દ્રિય તિર્યંચના ૯, સામાન્ય મનુષ્યના ૯, દેવતાના ૮, અને નારકનો ૧ એમ ૨૭. ૨૫ ના વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૮ અને નારકનો ૧ એમ ૨૫. ૨૬ ના પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯ અને મનુષ્યના ૨૮૯ એમ ૫૭૮. ૨૭ ના ૨૫ પ્રમાણે ૨૫. ૨૮ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૧૬, અને નારકનો ૧ એમ (૧૧૯૩) અગિયારસો ત્રાણું. ૨૯ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૧૬, અને નારકનો ૧ એમ (૧૭૬૯) સત્તરસો ઓગણસિત્તેર. અને મતાંતરે સ્વરવાળા આહારકના ૧ સહિત (૧૭૭૦) સત્તરસો સિત્તેર. ૩૦ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૭૨૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૮, દેવતાના ૮ એમ (૨૮૯૬) અઠ્ઠાવીશસો છન્નું અને મતાંતરે આહારકના ૧ સહિત (૨૮૯૭) અઠ્ઠાવીશસો સત્તાણું. ૩૧ના પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્તાસ્થાન અહીં પણ સામાન્યથી ૯૩ આદિ પ્રથમનાં ૭ હોય છે.

૨૫ અને ૨૭ નો ઉદય વૈક્રિય તિર્યંચ-મનુષ્ય, દેવો તથા નારકોને જ હોવાથી અનેક જીવો આશ્રયી ૯૩ આદિ પ્રથમનાં ૪ - ૪ તેથી બન્ને ઉદયનાં મળીને ૮. ૨૧ના ઉદયે અનેક જીવ આશ્રયી ૭. ૨૬ના ઉદયે ૯૩ અને ૮૯ વિના ૫. ૨૮ થી ૩૦ સુધીનાં ૩ ઉદયસ્થાનોમાં ૯૩ આદિ પ્રથમનાં ૬ - ૬ તેથી ૧૮ અને ૩૧નો ઉદય માત્ર તિર્યંચનેજ હોવાથી ૯૨ - ૮૮ - ૮૬ અને ૮૦ આ ૪ એમ ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૪૨ છે.

ઉદયભંગવાર આ પ્રમાણે : ૨૧ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૯ માં ૯૩ - ૮૯ વિના ૯૨ આદિ ૫ - ૫ તેથી ૪૫, મનુષ્યના ૯ માં ૭૮ વિના આ જ ૪ - ૪ માટે ૩૬, અને દેવતાના દરેક ભાંગામાં જ્યારે ઉદ્યોત સહિત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦નો બંધ કરે ત્યારે ૯૨ અને ૮૮ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ કરે ત્યારે ૯૩ અને ૮૯ હોય છે. તેથી અહીં દેવતાના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ માટે ૩૨ અને નારકના દરેક ભાંગામાં તિર્યંચ પ્રાયોગ્ય ૩૦નો બંધ કરે ત્યારે ૯૨ - ૮૮ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ કરે ત્યારે ૮૯નું ૧ હોય તેથી અહીં નારકના ૧ માં ૯૨ આદિ ૩ એમ ૨૧ના ઉદયે કુલ ૧૧૬.

૨૫ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, અને વૈક્રિય મનુષ્યના ૮ આ ૧૬ માં ૯૨ - ૮૮ તેથી ૩૨, દેવતાના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨ અને નારકના ૧ માં ૯૨ આદિ ૩ એમ કુલ ૬૭.

૨૬ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯ માં ૯૩ - ૮૯ વિના ૫ - ૫ માટે (૧૪૪૫) ચૌદસો પીસ્તાલીશ, અને મનુષ્યના ૨૮૯ માં ૯૩ - ૮૯ અને ૭૮ વિના ૪ - ૪ તેથી (૧૧૫૬) અગિયારસો છપ્પન એમ કુલ (૨૬૦૧) છવ્વીશસો એક.

૨૭ના ઉદયે ૨૫ના ઉદય પ્રમાણે ૬૭.

૨૮ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, મનુષ્યના ૫૭૬, આ (૧૧૫૨) અગિયારસો બાવનમાં ૯૨ આદિ ૪ માટે (૪૬૦૮) છેતાલીશસો આઠ. વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ ૨૪ માં ૯૨ - ૮૮ બે તેથી ૪૮, દેવતાના ૧૬ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ માટે ૬૪ અને નારકના ૧ માં ૯૨ આદિ ૩ એમ ૨૮ના ઉદયે કુલ (૪૭૨૩) સુડતાલીશસો ત્રેવીશ સત્તાસ્થાન.

૨૯ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન અને મનુષ્યના ૫૭૬ એમ (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીશમાં ૯૨ આદિ ૪ - ૪ તેથી (૬૯૧૨) છ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હજાર નવસો બાર, વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ આ ૨૪ માં ૯૨ - ૮૮ બે - માટે ૪૮, દેવતાના ૧૬ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૬૪ અને નારકના ૧ માં ૯૨ આદિ ૩ એમ કુલ (૭૦૨૭) સાત હજાર સત્તાવીશ અને મતાંતરે આહારકના ૧ માં ૯૨ નું ૧ અધિક હોવાથી (૭૦૨૮) સાત હજાર અઠ્ઠાવીશ.

૩૦ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૧૭૨૮ અને મનુષ્યના ૧૧૫૨ આ (૨૮૮૦) અઠ્ઠાવીશસો એંશીમાં ૯૨ આદિ ૪ - ૪ હોવાથી (૧૧૫૨૦) અગિયાર હજાર પાંચસો વીશ, વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨ - ૮૮ બે-બે માટે ૧૬ અને દેવતાના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨ એમ (૧૧૫૬૮) અગિયાર હજાર પાંચસો અડસઠ અને મતાંતરે આહારકના ૧ માં ૯૨ નું ૧ અધિક ગણીએ તો (૧૧૫૬૯) અગિયાર હજાર પાંચસો ઓગણસીત્તેર. ૩૧ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવનમાં ૯૨ આદિ ૪ - ૪ તેથી ૪૬૦૮ એમ ઉદયભંગ ગુણિત આઠે ઉદયસ્થાનમાં મળીને કુલ સત્તાસ્થાનો (૩૦૭૭૭) ત્રીશ હજાર સાતસો સત્યોતેર થાય છે.

૩૧ અને ૧નો બંધ તેમજ અબંધનો સંવેધ સામાન્ય પ્રમાણે જ હોવાથી ફરી બતાવવામાં આવેલ નથી. જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવો. આ પંચેન્દ્રિય જાતિમાર્ગણા જાણવી.

ગતિ અને જાતિ આમ બે મૂળ માર્ગણાઓમાં સંવેધ બતાવી હવે કાય વગેરે બાકીની ૧૨ માર્ગણાઓમાં વિસ્તારના ભયથી સંવેધ ન બતાવતાં માત્ર બંધસ્થાન, બંધભંગ,. ઉદયસ્થાન, ઉદયભંગ અને સત્તાસ્થાનો જ બતાવવામાં આવે છે.

કાય માર્ગણા :

પૃથ્વીકાયમાં એકેન્દ્રિય માર્ગણામાં બતાવ્યા મુજબ ૨૩ આદિ ૫ બંધસ્થાનો અને (૧૩૯૧૭) તેર હજાર નવસો સત્તર બંધભાંગા હોય છે. ૨૧ અને ૨૪ થી ૨૭ સુધીનાં ૫ ઉદયસ્થાનો હોય છે. ત્યાં ૨૧ના ઉદયના ૫. ૨૪ના ઉદયે બાદર પર્યાપ્ત પ્રત્યેકના યશ-અયશ સાથેના ૨, બાદર અપર્યાપ્ત પ્રત્યેક અને સૂક્ષ્મ પર્યાપ્ત-અપર્યાપ્ત પ્રત્યેકના અયશ સાથેના એ ત્રણ, એમ પ્રત્યેક નામકર્મના ઉદયવાળા કુલ પાંચ હોય છે. પૃથ્વીકાયાદિ ૪ માં સાધારણનો ઉદય નથી. ૨૫ના બાદર પર્યાપ્ત પ્રત્યેકના યશ-અયશ સાથેના ૨ અને સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક નો અયશ સાથેનો ૧ એમ ૩. ૨૬ના આ ૩ તેમજ ઉચ્છ્વાસના અનુદયે બાદર પર્યાપ્ત પ્રત્યેકના યશ-અયશ સાથે આતપના ૨ અને ઉદ્યોતના ૨ એમ ૪ બધા મળીને ૨૬ ઉદયે કુલ ૭. ઉચ્છ્વાસ સહિત આતપ અથવા ઉદ્યોતના ઉદયે ૨૭ના ઉદયમાં પણ આજ ૪-એમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચે ઉદયસ્થાને મળી ૨૪ ઉદયભાંગા અને સત્તાસ્થાન સામાન્યથી ૯૨ - ૮૮ - ૮૬ - ૮૦ અને ૭૮ એમ ૫ છે. સંવેધ પૂર્વે સમજ્યાના અનુસારે જાણી લેવો.

અપ્કાયમાં આજ પ્રમાણે ૨૩ આદિ ૫ બંધસ્થાન, (૧૩૯૧૭) તેર હજાર નવસો સત્તર બંધભાંગા, ૨૧ આદિ ૫ ઉદયસ્થાનો અને ૯૨ આદિ ૫ સત્તાસ્થાનો હોય છે. પરંતુ અપ્કાયને આતપનો ઉદય ન હોવાથી ૨૬ અને ૨૭ના ઉદયના આતપવાળા ૨ - ૨ એમ ૪ ભાંગા ન હોવાથી ૨૧ના ૫, ૨૪ના ૫, ૨૫ના ૩, ૨૬ના ૫, ૨૭ના ૨ એમ ૨૦ ઉદયભાંગા હોય છે.

તેઉકાયમાં ૨૩ આદિ ૫ બંધસ્થાન હોય છે. પરંતુ તેઉકાય અને વાયુકાય મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરતા નથી. કેવળ તિર્યંચ પ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી બંધભાંગામાં ફેર પડે છે. ૨૩ના બંધના ૪, ૨૫ના બંધના અપર્યાપ્ત મનુષ્યના ૧ વિના ૨૪, ૨૬ના ૧૬, ૨૯ ના વિકલેન્દ્રિયના ૨૪ અને પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના (૪૬૦૮) છેતાલીશસો આઠ એમ (૪૬૩૨) છેતાલીશસો બત્રીશ અને એજ પ્રમાણે ૩૦ના બંધના પણ ૪૬૩૨, સર્વે મળીને ૫ બંધસ્થાનના બંધભાંગા ૯૩૦૮ થાય છે.

તેઉકાય તથા વાયુકાયને આતપ તેમજ ઉદ્યોતનો ઉદય ન હોવાથી ૨૭ નું ઉદયસ્થાન હોતું નથી. માટે ૨૧ અને ૨૪ થી ૨૬ સુધીનાં ૪ ઉદયસ્થાનો હોય છે. આ જીવોને યશનો ઉદય પણ હોતો નથી. પરંતુ કેવળ અયશનો જ ઉદય હોય છે. તેથી ૨૧ના ઉદયના બાદર અને સૂક્ષ્મ પર્યાપ્ત-અપર્યાપ્તના અયશ સાથેના ૪ ભાંગા હોય છે. ૨૪ના ઉદયે પણ પ્રત્યેક નામકર્મના ઉદય સહિત આ ૪. ૨૫ના બાદર-સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેકના અયશ સાથેના ૨, અને ૨૬ના પણ આ જ પ્રમાણે ૨ એમ કુલ ૧૨ ઉદયભાંગા અને ૯૨ આદિ ૫ સત્તાસ્થાન હોય છે.

વાયુકાયમાં બંધસ્થાન આદિ સર્વે તેઉકાય પ્રમાણે જ હોય છે. પરંતુ ૨૪ - ૨૫ અને ૨૬ ના ઉદયે વૈક્રિય શરીર બનાવનાર વાયુકાયને બાદર પર્યાપ્ત પ્રત્યેક અયશનો ૧ - ૧ એમ ૩ ભાંગા અધિક હોવાથી ઉદયભાંગા ૧૨ને બદલે ૧૫ હોય છે.

વનસ્પતિકાયમાં પૃથ્વીકાયની જેમ ૨૩ આદિ ૫ બંધસ્થાન અને (૧૩૯૧૭) તેર હજાર નવસો સત્તર બંધભાંગા તેમજ ૨૧ અને ૨૪ થી ૨૭ સુધીનાં એમ ૫ ઉદયસ્થાનો હોય છે. પરંતુ પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ હોય છે. તેથી પ્રત્યેક વનસ્પતિ કાયમાં સૂક્ષ્મના પ્રત્યેક સાથેના ભાંગાઓ ઘટતા નથી. તેમજ આતપનો ઉદય ન હોવાથી આતપના ભાંગા પણ ઘટતા નથી, આ વાત ધ્યાનમાં રાખવી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૧ના ઉદયે પાંચ. ૨૪ના બાદર પર્યાપ્ત પ્રત્યેક અને સાધારણના યશ-અયશ સાથેના ૪, બાદર અપર્યાપ્ત પ્રત્યેક અને સાધારણના અયશ સાથેના ૨, સૂક્ષ્મ પર્યાપ્ત અને અપર્યાપ્તના સાધારણ અયશ સાથેના ૨ એમ ૮. ૨૫ના બાદર પર્યાપ્ત પ્રત્યેક અને સાધારણ યશ-અયશ સાથેના ૪ અને સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણનો અયશ સાથેનો ૧ એમ ૫. ૨૬ના આ જ પ્રમાણે ૫ અને ઉદ્યોતના ૪ એમ ૯ અને ૨૭ના ઉદ્યોતવાળા ૪ એમ સર્વે મળીને ૩૧ ઉદયભાંગા અને સત્તાસ્થાન ૯૨ આદિ ૫ હોય છે.

ત્રસકાયમાં ચારે ગતિના જીવો હોવાથી ૨૩ આદિ ૮ બંધસ્થાન અને દરેક બંધસ્થાનના બંધભાંગા ઘટતા હોવાથી (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા. વળી ૨૪નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયને જ હોવાથી ૨૪ વિના શેષ ૧૧ ઉદયસ્થાન અને એકેન્દ્રિયના ૪૨ વિના કુલ (૭૭૪૯) સાત હજાર સાતસો ઓગણપચાસ ઉદયભાંગા અને ૯૩ આદિ ૧૨ સત્તાસ્થાન હોય છે.

## યોગમાર્ગણા :

ત્રણે યોગમાં ૨૩ આદિ ૮ બંધસ્થાન અને (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા હોય છે.

મનોયોગ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. તેથી દેવો આશ્રયી ૨૯ અને ૩૦, નારક આશ્રયી ૨૯, સામાન્ય મનુષ્યને આશ્રયી ૩૦ તથા તિર્યંચને આશ્રયી ૩૦ અને ૩૧, એમ પર્યાપ્ત જીવોની અપેક્ષાએ ૩ ઉદયસ્થાન હોય છે. અને વૈક્રિય તિર્યંચ તેમજ વૈક્રિય મનુષ્ય તથા આહારક મનુષ્યને આશ્રયી ૨૫ અને ૨૭ થી ૩૦ સુધીનાં ૫ ઉદયસ્થાનો હોવાથી સર્વે મળીને ૨૫ અને ૨૭ થી ૩૧ એમ કુલ ૬ ઉદયસ્થાનો હોય છે. જો કે તીર્થંકર પ્રભુને ૩૧ના ઉદયમાં ભાવ મન નથી હોતું, પરંતુ દ્રવ્ય મન હોય છે તેથી તે દ્રવ્ય મનની દૃષ્ટિએ મનુષ્યોની અપેક્ષાએ ૩૧નું ઉદયસ્થાન પણ ગણી શકાય છે. અને ઉત્તર શરીરી મનુષ્ય-તિર્યંચને ૨૮ સુધીના ઉદયસ્થાનોમાં મનઃપર્યાપ્તિએ અપર્યાપ્ત હોવા છતાં પણ મૂળ શરીરની અપેક્ષાએ પર્યાપ્તિ પૂર્ણ થયેલ હોવાથી મનોયોગ માનેલ છે.

ઉદયભાંગા : વૈક્રિય તિર્યંચના ૫૬, વૈક્રિય મનુષ્યના ૩૫, આહારકના ૭, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના સ્વરવાળા ૩૦ના ઉદયના ૧૧૫૨ અને ૩૧ના ઉદયના ૧૧૫૨ એમ (૨૩૦૪) ત્રેવીશસો ચાર, સામાન્ય મનુષ્યના ૩૦ના ઉદયના ૧૧૫૨ અને તીર્થંકર કેવળીનો ૩૧ના ઉદયનો ૧, દેવતાના સ્વરવાળા ૨૯ના ઉદયના ૮, અને ૩૦ના ઉદયના ૮ એમ ૧૬, નારકનો ૨૯ના ઉદયનો ૧ એમ છએ ઉદયસ્થાનોના મળી કુલ (૩૫૭૨) પાંત્રીશસો બહોંતેર ઉદયભાંગા હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં ૨૫ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહારકનો ૧ એમ ૧૭, ૨૭ના ઉદયે પણ આજ પ્રમાણે ૧૭, ૨૮ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૯ અને આહારકના ૨ એમ ૨૭, ૨૯ના ઉદયે ઉપર પ્રમાણે ૨૭, અને સ્વરવાળા દેવતાના આઠ તથા નારકનો ૧ એમ ૩૬, ૩૦ના ઉદયે સામાન્ય તિર્યંચના સ્વરવાળા (૧૧૫૨) અગિયારસો બાવન, મનુષ્યના (૧૧૫૨) અગિયારસો બાવન, વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યનો ૧, આહારકનો ૧, અને દેવતાના ૮ એમ (૨૩૨૨) ત્રેવીશસો બાવીશ, ૩૧ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ અને તીર્થંકરનો ૧ એમ ૧૧૫૩ ઉદયભાંગા થાય છે.

૭૮ નું સત્તાસ્થાન તેઉકાય-વાઉકાયને તેમજ ત્યાંથી આવેલા જીવોને અન્ય તિર્યંચમાં શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ હોય છે. અને ૯ તથા ૮ નું સત્તાસ્થાન અયોગીના ચરમ સમયે જ હોય છે. અને તે અવસ્થામાં મનોયોગ ન હોવાથી આ ત્રણ સત્તાસ્થાન વિના ૯૩ આદિ ૯ સત્તાસ્થાન હોય છે.

વચનયોગમાં પણ ઉદયસ્થાન-ઉદયભાંગા અને સત્તાસ્થાનો મનોયોગ પ્રમાણે જ હોય છે. પરંતુ વિકલેન્દ્રિયોને પણ વચનયોગ હોવાથી સ્વરવાળા ૩૦ના ઉદયના ત્રણેના ૪ - ૪ મળી ૧૨ અને આજ પ્રમાણે ૩૧ના ઉદયના ૧૨ એમ આ બે ઉદયસ્થાનમાં મનોયોગમાં બતાવેલ ભાંગાઓથી ૧૨ - ૧૨ ભાંગા અધિક કરતાં છએ ઉદયસ્થાને મળી (૩૫૭૨) પાંત્રીશસો બહોંતેર ને બદલે (૩૫૯૬) પાંત્રીશસો છન્નુ ઉદયભાંગા હોય છે. આટલી વિશેષતા છે.

કાયયોગ અયોગી ગુણસ્થાનક સિવાયના દરેક જીવોને હોવાથી માત્ર અયોગી અવસ્થામાં જ ઘટતાં ૯ અને ૮ સિવાયનાં ૧૦ ઉદયસ્થાન અને આના જ ૨ ઉદયભાંગા વિના (૭૭૮૯) સાત હજાર સાતનો નેવાશી ઉદયભાંગા અને આ જ ૨ સત્તાસ્થાન વિના ૯૩ આદિ ૧૦ સત્તાસ્થાનો હોય છે.

## વેદ માર્ગણા :

ત્રણે વેદોમાં ૨૩ આદિ ૮ બંધસ્થાન અને (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા હોય છે.

પુરુષવેદ : ૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયોને જ હોય છે. અને તેઓને પુરુષ તથા સ્ત્રીવેદનો ઉદય હોતો નથી, તેમજ ૨૦ - ૯ અને ૮ નું ઉદયસ્થાન કેવળી ભગવંતોને જ હોય છે, અને તેઓને કોઈપણ વેદનો ઉદય ન હોવાથી આ ચાર વિના ૨૧ અને ૨૫ થી ૩૧ સુધીનાં ૮ ઉદયસ્થાનો હોય છે. અહીં ભાવ વેદની વિવક્ષા કરી છે, પણ દ્રવ્યવેદની વિવક્ષા કરી નથી, આ ધ્યાનમાં રાખવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદયભાંગા : એકેન્દ્રિય ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, કેવળીના ૮ અને નારકના ૫ એમ ૧૨૧ વિના શેષ (૭૬૭૦) સાત હજાર છસો સીત્તેર ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર આ પ્રમાણે : ૨૧ના પંચેન્દ્રિય તિર્યંચના ૯, મનુષ્યના ૯, દેવતાના ૮, એમ ૨૬. ૨૫ ના વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહારકનો ૧ અને દેવતાના ૮ એમ ૨૫. ૨૬ ના પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯ અને સામાન્ય મનુષ્યના ૨૮૯ એમ ૫૭૮. ૨૭ ના ૨૫ની જેમ ૨૫. ૨૮ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨ અને દેવતાના ૧૬ એમ (૧૧૯૫) અગિયારસો પંચાણું, ૨૯ના પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન, વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨ અને દેવતાના ૧૬ એમ (૧૭૭૧) સત્તરસો એકોતેર. ૩૦ના સામાન્ય તિર્યંચના (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીસ, વૈક્રિય તિર્યંચના ૮, સામાન્ય મનુષ્યના (૧૧૫૨) અગિયારસો બાવન, વૈક્રિય મનુષ્યનો ૧, આહારકનો ૧ અને દેવતાના ૮ એમ (૨૮૯૮) અઠ્ઠાવીસસો અઠ્ઠાણું. ૩૧ના પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન છે.

સત્તાસ્થાન : ૯૩ આદિ પ્રથમનાં ૧૦ સત્તાસ્થાનો હોય છે.

સ્ત્રી વેદમાં પણ ઉદયસ્થાન, ઉદયભાંગા તેમજ સત્તાસ્થાન પુરુષવેદ પ્રમાણે જ છે. પરંતુ સ્ત્રીઓને આહારક શરીર ન હોવાથી આહારકના ૭ ભાંગા બાદ કરતાં શેષ (૭૬૬૩) સાત હજાર છસો ત્રેસઠ ઉદયભાંગા હોય છે. અને આહારકને સંભવતા ઉદયસ્થાનોમાં પણ આહારકના ભાંગા બાદ કરી દરેક ઉદયસ્થાનમાં પણ પુરુષવેદની જેમ જ છે.

નપુંસકવેદ એકેન્દ્રિયને પણ હોય છે. માટે ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતના ૯ ઉદયસ્થાન તેમજ દેવતાઓને નપુંસકવેદ ન હોવાથી તેમના ૬૪ અને કેવળીના ૮ એમ ૭૨ વિના (૭૭૧૯) સાત હજાર સાતસો ઓગણીશ ઉદયભાંગા હોય છે. ઉદયસ્થાનવાર ભાંગા સુગમ હોવાથી પોતાની મેળે જ ગણવા. સત્તાસ્થાનો અહીં ૯૩ આદિ પ્રથમનાં ૧૦ છે. ૯ અને ૮ નું સત્તાસ્થાનક હોતું નથી.

## કષાય માર્ગણા :

ક્રોધાદિક ચારે કષાયમાં ૨૩ આદિ ૮ બંધસ્થાન. (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા અને કેવળીમાંજ ઘટતાં ઉદયસ્થાન તથા ઉદયભાંગા અને સત્તાસ્થાન બાદ કરી શેષ ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતના ૯ ઉદયસ્થાન, કેવલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભુના ૮ ભાંગા વિના (૭૭૮૩) સાત હજાર સાતસો ત્ર્યાસી ઉદયભાંગા અને ૯૩ આદિ પ્રથમનાં ૧૦ સત્તાસ્થાનો હોય છે.

## જ્ઞાન માર્ગણા :

મતિ-શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાનમાં ૪ થી ૧૨ ગુણસ્થાનક હોય છે. અને આ જ્ઞાનમાર્ગણાવાળા જીવો સમ્યગ્દષ્ટિ હોવાથી ૨૩ - ૨૫ અને ૨૬ નું બંધસ્થાન તેમજ પંચેન્દ્રિય તિર્યંચ તથા નરક પ્રાયોગ્ય બંધ અહીં હોતો જ નથી તેથી ૨૮ થી ૧ સુધીનાં ૫ બંધસ્થાન અને ૨૮ના બંધે દેવ પ્રાયોગ્યના ૮, ૨૯ના બંધે જિનનામ સહિત દેવ પ્રાયોગ્યના ૮ અને મનુષ્ય પ્રાયોગ્યના ૮ એમ ૧૬, ૩૦ના બંધે જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્યનો ૧ એમ ૯ અને ૩૧ તેમજ ૧ના બંધનો ૧ - ૧ એમ કુલ ૩૫ બંધભાંગા હોય છે. એકેન્દ્રિય તથા કેવળીને આ જ્ઞાનો ન હોવાથી તેઓને સંભવતાં ૨૪ - ૨૦ - ૯ અને ૮ આ ૪ વિના શેષ ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો હોય છે.

એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય-તિર્યંચના ૪ અને કેવળીના ૮ એમ કુલ ૧૨૦ ઉદયભાંગામાં આ જ્ઞાનોનો સંભવ ન હોવાથી શેષ (૭૬૭૧) સાત હજાર છસો એકોતેર ઉદયભાંગા હોય છે. આ ત્રણે જ્ઞાનો ૪ થી ૧૨ ગુણસ્થાનક સુધી જ હોય છે. તેથી પહેલા ગુણસ્થાનકે જ ઘટતાં ૭૮ અને ૮૬ અને ચૌદમાના ચરમ સમયે જ સંભવતાં ૯ અને ૮ એમ ૪ વિના ૯૩ આદિ ૮ સત્તાસ્થાનો હોય છે.

મનઃપર્યવજ્ઞાન સંયમીને જ હોવાથી દેવ પ્રાયોગ્ય જ માત્ર ૨૮ આદિ ૪ અને ૧ નું એમ ૫ બંધસ્થાનો હોય છે. ત્યાં ૨૮ના ૮, ૨૯ના ૮, ૩૦નો ૧, ૩૧નો ૧ અને ૧નો ૧ એમ કુલ ૧૯ બંધભાંગા હોય છે.

ઉદયસ્થાન : ઉત્તર શરીરી યતિ આશ્રયી ૨૫ અને ૨૭ થી ૩૦ સુધીનાં ૫ અને સ્વભાવસ્થ યતિ આશ્રયી ૩૦નું એક જ એમ ૫ ઉદયસ્થાનો હોય છે.

અહીં ઉત્તરશરીરીને પરાવર્તમાન કોઈપણ અશુભ પ્રકૃતિનો ઉદય ન હોવાથી આહારકના જેમ ૭ છે. એ જ પ્રમાણે વૈક્રિય યતિના ૭ અને સ્વભાવસ્થ મુનિને ૩૦ના ઉદયે ૬ સંઘયણને ૬ સંસ્થાન સાથે ગુણતાં ૩૬, તેને બે વિહાયોગતિએ ગુણતાં ૭૨ અને બે સ્વરે ગુણતાં ૧૪૪, એમ પાંચે ઉદયસ્થાનના ૧૫૮ ઉદયભાંગા હોય છે. અને સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમનાં ૪ અને ૧૩નો ક્ષય થવાથી આવતાં પછીનાં ૮૦ આદિ ૪ એમ ૮ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળજ્ઞાનમાં ૨૪ અને ૨૫ વિના ૧૦ ઉદયસ્થાન, ૬૨ ઉદયભાંગા અને ૭૮ વિના ૮૦ થી ૮ સુધીનાં ૬ સત્તાસ્થાનો હોય છે.

મતિ-શ્રુતઅજ્ઞાનમાં ૨૩ આદિ પ્રથમનાં ૬ બંધસ્થાન તેમજ મિથ્યાત્વ ગુણસ્થાનકે બતાવ્યા મુજબ દરેક બંધસ્થાનના કુલ તેર હજાર નવસો છવ્વીશ બંધભાંગા (૧૩૯૨૬) હોય છે.

ઉદયસ્થાન : ૨૧ અને ૨૪ થી ૩૧ સુધીનાં ૯ અને યતિમાં જ ઘટતા ૧૦ તેમજ કેવળીના ૮ એમ ૧૮ વિના શેષ (૭૭૭૩) સાત હજાર સાતસો ત્હોંતેર ઉદયભાંગા હોય છે. અને સત્તાસ્થાન ૯૨ - ૮૯ - ૮૮ - ૮૬ - ૮૦ અને ૭૮ આ ૬ હોય છે.

વિભંગજ્ઞાન : અહીં પણ મતિ અજ્ઞાનની જેમ ૨૩ આદિ ૬ બંધસ્થાન અને (૧૩૯૨૬) તેર હજાર નવસો છવ્વીશ બંધભાંગા હોય છે.

આ જ્ઞાનની બાબતમાં બે મતો પ્રવર્તે છે. એક મત પ્રમાણે લબ્ધિ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને અપર્યાપ્ત અવસ્થામાં વિભંગજ્ઞાન હોઈ શકે છે. તેથી આ મત પ્રમાણે ૨૧ અને ૨૫ થી ૩૧ સુધીનાં ૮ ઉદયસ્થાનો હોય છે. અને એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય-તિર્યંચના ૪, કેવળીના ૮ અને યતિમાં જ સંભવતા ઉત્તર શરીરીના ૧૦ એમ ૧૩૦ ઉદયભાંગામાં વિભંગજ્ઞાનનો સંભવ ન હોવાથી શેષ (૭૬૬૧) સાત હજાર છસો એકસઠ ઉદયભાંગા હોય છે.

બીજા મત પ્રમાણે લબ્ધિ પર્યાપ્ત પંચેન્દ્રિય મનુષ્ય, તિર્યંચને પણ અપર્યાપ્ત અવસ્થામાં વિભંગજ્ઞાન હોતું નથી. માત્ર અપર્યાપ્ત અવસ્થામાં દેવો અને નારકોને જ ભવપ્રત્યયિક હોવાથી વિભંગજ્ઞાન હોય છે. તેથી આ બીજા મત પ્રમાણે ૨૬ નું ઉદયસ્થાન માત્ર મનુષ્ય અને તિર્યંચને જ અપર્યાપ્ત અવસ્થામાં હોવાથી અહીં ઘટતું નથી. તેથી ૨૫ અને ૨૭ થી ૨૯ સુધીનાં ઉદયસ્થાનો વૈક્રિય શરીરી તિર્યંચ તથા મનુષ્યોની અપેક્ષાએ તેમજ આ ૪ અને ૨૧ એમ ૫ ઉદયસ્થાનો દેવો તથા નારકોની અપેક્ષાએ અને પર્યાપ્ત તિર્યંચ-મનુષ્યો તેમજ દેવોની અપેક્ષાએ યથાસંભવ ૨૯ થી ૩૧ સુધીનાં ઉદયસ્થાનો હોય છે. તેથી ૨૧, ૨૫ અને ૨૭ થી ૩૧ પર્યંતનાં ૫ એમ કુલ ૭ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ૨૧ના ઉદયે દેવોના ૮ નારકનો ૧ એમ ૯, ૨૫ના દેવોના ૮, નારકનો ૧, વૈક્રિય તિર્યંચના ૮ અને વૈક્રિય મનુષ્યના ૮, એમ ૨૫, ૨૭ના આજ ૨૫,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૮ના વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૮, દેવોના ૧૬ અને નારકનો ૧ એમ ૪૧, ૨૯ના પણ આજ ૪૧, ૩૦ના સ્વરવાળા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૮, દેવોના ૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨ એમ (૨૩૨૦) ત્રેવીશસો વીશ અને ૩૧ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ એમ સાતે ઉદયસ્થાને મળીને કુલ (૩૬૧૩) છત્રીશસો તેર ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન ૯૨ - ૮૯ અને ૮૮ આ ત્રણ હોય છે. ૯૩ નું સત્તાસ્થાન પહેલા ૩ ગુણસ્થાનકે સંભવતું જ નથી. અને ૭૮ તેમજ ૮૦ નું સત્તાસ્થાન એકેન્દ્રિયમાંથી આવેલા જીવને સંજ્ઞી પંચેન્દ્રિયમાં અમુક કાળ પર્યંત જ હોય છે. તેથી આ સત્તાસ્થાનોમાં વિભંગજ્ઞાન સંભવતું નથી. અને ૮૬ નું સત્તાસ્થાન પણ ૮૦ની સત્તાવાળા એકેન્દ્રિય જીવો જ્યારે પંચેન્દ્રિયમાં આવી પર્યાપ્ત અવસ્થામાં પ્રથમ દેવ અથવા નરક પ્રાયોગ્ય બંધ કરે ત્યારે અન્તર્મુહૂર્ત કાલ સુધી જ સંભવે છે. તેથી તે વખતે પણ વિભંગજ્ઞાન સંભવતું નથી. તથા બીજાં સત્તાસ્થાનો સમ્યક્ત્વીને તથા શ્રેણીમાં જ ઘટતાં હોવાથી અહીં સંભવતાં નથી. બદ્ધનરકાયુ મનુષ્ય ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી જિનનામ નિકાચિત કરી મિથ્યાત્વ પામી નરકમાં ઉત્પન્ન થાય ત્યારે વિભંગજ્ઞાનમાં ૮૯ નું સત્તાસ્થાન ઘટે છે.

## સંયમ માર્ગણા :

અવિરત સંયમમાં પ્રથમનાં ૬ બંધસ્થાન તેમજ ૩૦ના બંધનો આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્યનો ૧ અને ૩૧ તથા ૧ના બંધનો ૧ - ૧ એમ ૩ વિના (૧૩૯૪૨) તેર હજાર નવસો બેતાલીશ બંધભાંગા હોય છે. ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાન તેમજ યતિ અને કેવળીમાં જ સંભવતા અનુક્રમે ૧૦ અને ૮ આ ૧૮ વિના (૭૭૭૩) સાત હજાર સાતસો ત્હોંતેર ઉદયભાંગા હોય છે. માત્ર ક્ષપક શ્રેણીમાં જ ઘટતાં ૫ સત્તાસ્થાન વર્જી ૯૩ આદિ પ્રથમનાં ૬ અને ૭૮ એમ ૭ સત્તાસ્થાનો હોય છે.

દેશવિરતિ સંયમ : પાંચમા ગુણસ્થાનકે બતાવ્યા મુજબ ૨૮ અને ૨૯ એ ૨ બંધસ્થાન અને ૧૬ બંધભાંગા, ૨૫ અને ૨૭ થી ૩૧ સુધીનાં ૬ ઉદયસ્થાન અને ૩૦ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના સ્વરવાળા ૧૪૪, સા. મનુષ્યના ૩૦ના ઉદયના ૧૪૪, ૩૧ના ઉદયના પંચેન્દ્રિય તિર્યંચના ૧૪૪, વૈક્રિય મનુષ્યના ઉદ્યોત વિનાના ૪, અને વૈક્રિય તિર્યંચના ૭ એમ કુલ ૪૪૩ ઉદયભાંગા તેમજ ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો હોય છે.

સામાયિક તથા છેદોપસ્થાપનીય સંયમ : મન:પર્યવજ્ઞાનમાં બતાવ્યા મુજબ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૮ આદિ ૫ બંધસ્થાન, ૧૯ બંધભાંગા, ૨૫ અને ૨૭ થી ૩૦ પર્યન્તનાં ૫ ઉદયસ્થાન, ૧૫૮ ઉદયભાંગા અને ૯૩ આદિ ૮ સત્તાસ્થાન હોય.

પરિહાર વિશુદ્ધિસંયમ : ૨૮ આદિ ૪ બંધસ્થાન અને ૧૮ બંધભાંગા હોય છે. આ સંયમમાં વર્તમાન જીવો લબ્ધિ ફોરવતા નથી તેમજ પ્રથમ સંઘયણી જ હોય છે. માટે ૩૦ નું ૧ ઉદયસ્થાન અને સામાન્ય મનુષ્યના પ્રથમ સંઘયણના છ સંસ્થાન, બે વિહાયોગતિ તેમજ બે સ્વર સાથેના ૨૪ ઉદયભાંગા, અને ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો હોય છે.

સૂક્ષ્મ સંપરાય : ૧ નું ૧ બંધસ્થાન, ૧ બંધભાંગો, ૩૦ નું ૧ ઉદયસ્થાન અને અહીં પ્રથમ ત્રણ સંઘયણ જ હોવાથી ૭૨ ઉદયભાંગા તેમજ ઉપશમ શ્રેણી આશ્રયી ૯૩ આદિ પ્રથમનાં ૪ અને ક્ષપકશ્રેણી આશ્રયી ૮૦ આદિ બીજાં ૪ એમ ૮ સત્તાસ્થાનો હોય છે.

યથાખ્યાત સંયમ : આ સંયમમાં બંધ નથી. અને ૨૪ તેમજ ૨૫ વિના ૧૦ ઉદયસ્થાન, કેવલી પ્રભુના ૬૨, તથા ઉપશમશ્રેણીમાં ૩૦ ના ઉદયના બીજા-ત્રીજા સંઘયણના ૪૮ સર્વે મળીને ૧૧૦ ઉદયભાંગા તેમજ ૮૬ અને ૭૮ વિના ૧૦ સત્તાસ્થાન હોય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## દર્શન માર્ગણા :

અચક્ષુ દર્શન તથા ચક્ષુ દર્શનમાં ૮ બંધસ્થાન અને (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા હોય છે.

ત્યાં અચક્ષુદર્શનમાં માત્ર કેવળીમાં જ સંભવતાં ૩ ઉદયસ્થાન વિના ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાન અને કેવળીના ૮ વિના (૭૭૮૩) સાત હજાર સાતસો ત્યાસી ઉદયભાંગા અને ૯ તથા ૮ વિના શેષ ૧૦ સત્તાસ્થાન હોય છે.

ચક્ષુદર્શન : લબ્ધિ પર્યાપ્તા જીવોને ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ શેષ ઈન્દ્રિયોથી અપર્યાપ્ત અવસ્થામાં પણ કેટલાએક આચાર્ય મહારાજા ચક્ષુદર્શન માને છે. તેમજ ઉત્તર શરીર બનાવનારને ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં પણ મૂળ શરીરની અપેક્ષાએ ચક્ષુદર્શન હોય જ છે. તેથી વૈક્રિય તિર્યંચ, વૈક્રિય-મનુષ્ય અને આહારક મનુષ્ય આશ્રયી ૨૫ અને ૨૭ આ ૨ ઉદયસ્થાનો અને સામાન્યથી સર્વ જીવો આશ્રયી ૨૮ થી ૩૧ પર્યંતનાં ૪ એમ કુલ ૬ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ૨૫ના ઉદયે વૈક્રિય તિર્યંચ અને મનુષ્યના ૮ - ૮ તેમજ આહારકનો

૧ એમ ૧૭, ૨૭ના ઉદયે પણ આજ પ્રમાણે ૧૭, તથા દેવતાના ૮ અને નારકનો એક એમ કુલ ૨૬, ૨૮ના ઉદયે વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨, વૈક્રિય તિર્યંચના ૧૬, દેવતાના ૧૬, અને નારકનો ૧ આ ૪૪ તેમજ પર્યાપ્ત ચઉરિન્દ્રિયના ૨, પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, મનુષ્યના ૫૭૬ એમ (૧૧૯૮) અગિયારસો અઢાણું, ૨૯ના ઉદયે પણ વૈક્રિય તિર્યંચ આદિના ૪૪, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન, મનુષ્યના ૫૭૬, પર્યાપ્ત ચઉરિન્દ્રિયના ૪ એમ (૧૭૭૬) સત્તરસો છોંતેર. ૩૦ના વૈક્રિય તિર્યંચના ૮, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીશ, સામાન્ય મનુષ્ય ૧૧૫૨, વૈક્રિય મનુષ્યનો ૧, આહારકનો ૧, દેવતાના ૮ અને પર્યાપ્ત ચઉરિન્દ્રિયના ૬ એમ (૨૯૦૪) ઓગણત્રીશસો ચાર, ૩૧ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન અને ચઉરિન્દ્રિયના ૪ એમ (૧૧૫૬) અગિયારસો છપ્પન એમ છએ ઉદયસ્થાનના કુલ (૭૦૭૭) સાત હજાર સત્યોતેર ઉદયભાંગા હોય છે.

પરંતુ કેટલાએક આચાર્ય મહારાજાઓ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ ચક્ષુદર્શન માને છે. તેથી તેઓના મતે ૨૫ આદિ પ્રથમનાં ૩ ઉદયસ્થાન ઉત્તરશરીરીની અપેક્ષાએ અને ૨૯ આદિ ૩ ઉદયસ્થાનો યથાસંભવ ઉત્તરશરીરી તેમજ મૂળ શરીરી ચારે ગતિના જીવોની અપેક્ષાએ ઘટે છે. પરંતુ આ મતે ૨૫ના ઉદયે પહેલાં બતાવ્યા પ્રમાણે ૧૭, ૨૭ના ઉદયે પણ આજ ૧૭, ૨૮ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૯, અને આહારકના ૨ એમ ૨૭, ૨૯ના ઉદયે પણ આ ૨૭ તેમજ દેવોના સ્વરવાળા ૮ અને નારકનો ૧ એમ ૩૬, ૩૦ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યનો ૧ આહારકનો ૧, દેવતાના ૮, પંચેન્દ્રિય તિર્યંચના સ્વરવાળા (૧૧૫૨) અગિયારસો બાવન, મનુષ્યના (૧૧૫૨) અગિયારસો બાવન અને ચઉરિન્દ્રિયના સ્વરવાળા ૪ એમ (૨૩૨૬) ત્રેવીશસો છવ્વીશ, ૩૧ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન અને ચઉરિન્દ્રિયના ૪ એમ (૧૧૫૬) અગિયારસો છપ્પન એમ કુલ (૩૫૭૯) ત્રણ હજાર પાંચસો ઓગણએશી ઉદયભાંગા અને ૯ - ૮ અને ૭૮ વિના શેષ ૯, સત્તાસ્થાનો હોય છે.

૭૮ નું સત્તાસ્થાન તેઉકાય-વાયુકાયમાંથી આવેલા ચઉરિન્દ્રિય વગેરે તિર્યંચોમાં પણ શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં હોય છે. પરંતુ ચક્ષુદર્શન ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ હોય છે. તેથી ૭૮ના સત્તાસ્થાનનું વર્જન કરેલ છે.

અવધિ તથા કેવળ દર્શન અનુક્રમે અવધિજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રમાણે જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## લેશ્યા માર્ગણા :

કૃષ્ણાદિ પ્રથમની ૩ લેશ્યામાં ૨૩ થી ૩૦ પર્યંતનાં ૬ બંધસ્થાન અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ના બંધનો ૧ અને ૩૧ તથા ૧ના બંધનો ૧ - ૧ એમ ૩ વિના (૧૩૯૪૨) તેર હજાર નવસો બેંતાલીશ બંધભાંગા હોય છે. ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાનો હોય છે. આ ૩ લેશ્યામાં જો ૬ ગુણસ્થાનકની વિવક્ષા કરીએ તો કેવળીના ૮ વિના (૭૭૮૩) સાત હજાર સાતસો ત્ર્યાસી અને ૪ ગુણસ્થાનકની વિવક્ષા કરીએ તો કેવળીના ૮ અને યતિને જ સંભવતા ૧૦ એમ ૧૮ વિના (૭૭૭૩) સાત હજાર સાતસો ત્હોંતેર ઉદયભાંગા હોય છે.

કૃષ્ણાદિક પ્રથમની ૩ લેશ્યા ભવનપતિ અને વ્યંતર દેવોમાં હોય છે. પરંતુ જ્યોતિષ આદિ ઉપરના દેવોમાં હોતી નથી. અને ભવનપતિ તથા વ્યંતરો જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ કરતા નથી. તેથી દેવોની અપેક્ષાએ આ ત્રણ લેશ્યામાં જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધના ૮ ભાંગા ઘટી શકતા નથી. પરંતુ પ્રથમની ૩ નરકના નારકો જિનનામ સહિત ૩૦ પ્રકૃતિ બાંધે છે. પણ તેઓને કાપોત અને નીલ લેશ્યા જ હોય છે. તેથી નારકની અપેક્ષાએ આ ૨ લેશ્યામાં જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના બંધના ૮ ભાંગા ઘટી શકે. પરંતુ કૃષ્ણ લેશ્યા પાંચમી વગેરે નરકમાં જ હોય છે. અને તેઓ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦નો બંધ કરતા નથી. તેથી કૃષ્ણ લેશ્યામાં તો આ ૮ ભાંગા ન ઘટે, છતાં કેટલાએક આચાર્ય ભગવંતના મતે ભવનપતિ અને વ્યંતરોમાં પણ જિનનામ કર્મનો બંધ હોય છે. તેથી તે મતે અથવા તો દેવો તથા નારકોને દ્રવ્ય લેશ્યા ભવપર્યંત અવસ્થિત હોવા છતાં છએ ભાવ લેશ્યાનું પરાવર્તન હોય છે. તે અપેક્ષાએ ત્રણ લેશ્યામાં જિનનામ સહિત ૩૦ના બંધના ૮ ભાંગા ઘટી શકે. અને જો આ અપેક્ષા ન લઈએ તો કૃષ્ણ-લેશ્યામાં આ ૮ ભાંગા બાદ કરતાં શેષ (૧૩૯૩૪) તેર હજાર નવસો ચોત્રીશ બંધભાંગા ઘટે એમ લાગે છે.

સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમનાં ૭ હોય છે. અવિરત સમ્યક્દૃષ્ટિ મનુષ્યને પણ છએ લેશ્યાનું પરાવર્તન હોવાથી આ લેશ્યાઓમાં ૯૩ નું સત્તાસ્થાન માનવામાં કોઈ હરકત લાગતી નથી.

તેજોલેશ્યા : આ લેશ્યાવાળા જીવો નરક, વિકલેન્દ્રિય, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ પ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી ૨૩ નું બંધસ્થાન અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય જ હોવાથી આ જીવો બાંધતા નથી. ૨૫ના બંધના પણ બાદર પર્યાપ્ત પ્રત્યેકના ૮ ભાંગા જ બાંધે છે. ૨૬ના ૧૬, ૨૮ના દેવ પ્રાયોગ્યના ૮, ૨૯ના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધના વિકલેન્દ્રિય પ્રાયોગ્યના ૨૪ વિના (૯૨૨૪) બાણુંસો ચોવીશ, ૩૦ના બંધના પણ વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૪ વિના (૪૬૧૭) છેતાલીશસો સત્તર, અને ૩૧ના બંધનો ૧ એમ ૨૫ થી ૩૧ પર્યંતનાં ૬ બંધસ્થાન એમ (૧૩૮૭૪) તેર હજાર આઠસો ચુમ્મોતેર બંધભાંગા હોય છે.

કેવળી ભગવંતને માત્ર શુક્લલેશ્યા જ હોવાથી તેઓમાંજ સંભવતાં ૨૦ - ૯ અને ૮ વિના ૨૧ આદિ ૯ ઉદયસ્થાનો હોય છે. સામાન્યથી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, લબ્ધિ અપર્યાપ્ત પં. તિ. તેમજ મનુષ્ય, નારક અને કેવળી ભગવંતમાં આ લેશ્યા ન હોવાથી તેઓના ૧૨૫ ભાંગા આ લેશ્યામાં સંભવતા નથી. તેથી શેષ (૭૬૬૬) સાત હજાર છસો છાસઠ ઉદયભાંગા હોય છે. પરંતુ તેજોલેશ્યાવાળા ઈશાન સુધીના દેવો કાળ કરી બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય છે. તેથી તે અપેક્ષાએ એકેન્દ્રિયમાં ૨૧ના બાદર પર્યાપ્તના યશ અને અયશ સાથેના ૨ અને ૨૪ના ઉદયના પ્રત્યેક સાથેના આ જ ૨ એમ એકેન્દ્રિયના ૪ ભાંગાઓમાં તેજોલેશ્યા સંભવે છે. માટે આ ૪ ભાંગા ઉમેરવાથી (૭૬૭૦) સાત હજાર છસો સિત્તેર ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમનાં ૬ હોય છે. ૭૮નું સત્તાસ્થાન તેઉકાય-વાયુકાયમાં તેમજ ત્યાંથી નીકળીને તિર્યંચોમાં ગયેલા જીવોને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ હોય છે. અને તે જીવોને તેજોલેશ્યાનો સંભવ નથી. તેથી ૭૮ નું સત્તાસ્થાન આ તેજો વગેરે ત્રણે લેશ્યામાં ઘટતું નથી.

પદ્મલેશ્યા : આ લેશ્યાવાળા જીવો માત્ર પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી ૨૮ થી ૩૧ પર્યંતનાં ૪ બંધસ્થાનો હોય છે. ત્યાં ૨૮ના બંધના દેવ પ્રાયોગ્યના ૮ તેમજ તેજોલેશ્યામાં બતાવ્યા મુજબ ૨૯ના બંધના (૯૨૨૪) બાણુંસો ચોવીશ, ૩૦ના બંધના (૪૬૧૭) છેતાલીશસો સત્તર અને ૩૧ના બંધનો ૧ એમ (૧૩૮૫૦) તેર હજાર આઠસો પચાસ બંધભાંગા હોય છે.

૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાન હોય છે. આ લેશ્યા જે જીવોને નથી, તે જીવોના અનુક્રમે એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ-મનષ્યના ૪, કેવળીના ૮, અને નારકના ૫ એમ ૧૨૫ વિના (૭૬૬૬) સાત હજાર છસો છાસઠ ઉદયભાંગા હોય છે. અને ૯૩ આદિ પ્રથમનાં ૬ સત્તાસ્થાનો હોય છે.

શુક્લલેશ્યા : કર્મગ્રંથના મત પ્રમાણે આ લેશ્યાવાળા જીવો માત્ર મનુષ્યો અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવ પ્રાયોગ્ય જ બંધ કરે છે. ત્રીજા કર્મગ્રંથની ગાથા ૨૩ પ્રમાણે તિર્યંચ પ્રાયોગ્ય બંધનો પણ નિષેધ છે. જો કે ૬ થી ૮મા દેવલોક સુધીના દેવો પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે છે. અને તેઓને શુક્લલેશ્યા છે એમ તૃતીય કર્મગ્રંથ ગાથા ૧૨ માં બતાવેલ છે. પરંતુ તેઓને અત્યંત મંદ શુક્લલેશ્યા હોય છે. તેથી તેની વિવક્ષા કરી હોય તેમ લાગતું નથી અથવા તો મતાંતર પણ કહી શકાય. તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

શુક્લલેશ્યા તેરમા ગુણસ્થાનક સુધી હોય છે. તેથી ૨૮ થી ૧ સુધીનાં ૫ બંધસ્થાનો હોય છે. ત્યાં ૨૮ના બંધના દેવપ્રાયોગ્યના ૮, ૨૯ના બંધના મનુષ્ય પ્રાયોગ્યના (૪૬૦૮) છેતાલીશસો આઠ અને જિનનામ સહિત દેવપ્રાયોગ્યના ૮ એમ (૪૬૧૬) છેતાલીશસો સોળ, ૩૦ના બંધના જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ અને આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્યનો ૧ એમ ૯, અને ૩૧ તથા ૧ના બંધનો ૧ - ૧ એમ પાંચે બંધસ્થાનના (૪૬૩૫) છેતાલીશસો પાંત્રીશ બંધભાંગા હોય છે. બીજા મત પ્રમાણે પદ્મલેશ્યામાં બતાવ્યા મુજબ (૧૩૮૫૦) તેર હજાર આઠસો પચાસ બંધભાંગા હોય છે.

૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયને જ હોવાથી અને તેઓને આ લેશ્યા હોતી નથી. તેમજ ૯ અને ૮ નું ઉદયસ્થાન ૧૪મા ગુણસ્થાનકે જ હોય છે. અને ત્યાં લેશ્યાનો જ અભાવ હોય છે. તેથી ૨૪ - ૯ અને ૮ વિના શેષ ૯ ઉદયસ્થાનો હોય છે. એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યના ૪, નારકના ૫, ૯ તથા ૮ના ઉદયના ૧ - ૧ એમ ૧૧૯ વિના (૭૬૭૨) સાત હજાર છસો બ્હોંતેર ઉદયભાંગા હોય છે.

૭૮ અને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે સંભવતાં ૯ તેમજ ૮ આ ૩ વિના શેષ ૯ સત્તાસ્થાનો હોય છે.

## ભવ્ય માર્ગણા :

ભવ્યમાં સર્વભાવોનો સંભવ હોવાથી નામકર્મનાં બંધસ્થાનાદિક તથા બંધભાંગા વગેરે સર્વે હોય છે.

અભવ્ય માર્ગણા : આ માર્ગણામાં બંધસ્થાનાદિક સર્વે મિથ્યાત્વ ગુણસ્થાનક પ્રમાણે જ છે. પરંતુ સત્તાસ્થાન ૮૮ - ૮૬ - ૮૦ અને ૭૮ આ ૪ હોય છે. જિનનામની સત્તાવાળું ૮૯ નું અને આહારકની સત્તાવાળું ૯૨ નું સત્તાસ્થાનક ઘટતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સમ્યક્ત્વ માર્ગણા :

મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્રમાં બંધસ્થાનાદિક અનુક્રમે પહેલા-બીજા અને ત્રીજા ગુણસ્થાનક પ્રમાણે હોય છે. તેથી અહીં ફરીથી બતાવવામાં આવેલ નથી.

ક્ષાયોપશમિક : આ સમ્યક્ત્વ ૪ થી ૭મા સુધીનાં ૪ ગુણસ્થાનકમાં હોય છે. તેથી ૧ના બંધ વિના અવધિજ્ઞાન માર્ગણા પ્રમાણે ૨૮ થી ૩૧ સુધીનાં ૪ બંધસ્થાન અને ૧ના બંધના ૧ ભાંગા વિના ૩૪ બંધભાંગા અને ૨૧ તેમજ ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાન અને (૭૬૭૧) સાત હજાર છસો ઈકોતેર ઉદયભાંગા હોય છે. અને ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો છે. (અવધિજ્ઞાનની જેમ જાણવું.)

ઉપશમ સમ્યક્ત્વ : આ સમ્યક્ત્વમાં અવધિજ્ઞાન પ્રમાણે ૨૮ આદિ ૫ બંધસ્થાન અને ૩૫ બંધભાંગા હોય છે. શતક ચૂર્ણિ વગેરે કેટલાએક ગ્રંથોમાં બતાવ્યા પ્રમાણે આ સમ્યક્ત્વ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. તેથી ૨૯ - ૩૦ અને ૩૧ આ ત્રણ ઉદયસ્થાનો હોય. ત્યાં ૨૯ના ઉદયના દેવોના સ્વરવાળા ૮ અને નારકનો ૧ એમ ૯, ૩૦ના ઉદયના સ્વરવાળા પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન અને મનુષ્યના (૧૧૫૨) અગિયારસો બાવન તેમજ ૩૧ના ઉદયના તિર્યંચના (૧૧૫૨) અગિયારસો બાવન એમ (૩૪૬૫) ચોત્રીશસો પાંસઠ ઉદયભાંગા હોય છે.

આ સમ્યક્ત્વમાં કોઈપણ જીવો ઉત્તર વૈક્રિય તેમજ આહારક શરીર બનાવતા નથી. માટે મનુષ્ય અને તિર્યંચના ઉત્તર વૈક્રિયના તેમજ આહારકના અને દેવોના ઉદ્યોતવાળા ઉત્તર વૈક્રિયના ભાંગાઓ ઘટી શકે નહીં. પરંતુ દેવોને ઉદ્યોત સહિત વૈક્રિય શરીરમાં ૩૦નો ઉદય હોય છે. અને તેઓને ઉત્તર વૈક્રિય શરીરનો ઉત્કૃષ્ટ કાળ અર્ધમાસ હોવાથી તેમજ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોના ઉત્તર વૈક્રિય શરીરનો કાળ પણ ઉત્કૃષ્ટથી ૪ મુહૂર્ત પ્રમાણ હોવાથી તે દરમ્યાન ઉપશમ સમ્યક્ત્વ પામે તો વૈક્રિય મનુષ્યના સ્વરવાળા ૨૯ના ૮ અને વૈક્રિય તિર્યંચના સ્વરવાળા ૨૯ના ૮ તથા ઉદ્યોત સહિત ૩૦ના ઉદયના ૮ તેમજ ૩૦ના દેવતાના ઉદયના ૮ એમ ૩૨ ભાંગા અધિક પણ ઘટે, માટે (૩૪૯૭) ચોત્રીશસો સત્તાણું ઉદયભાંગા પણ ઘટે છે.

કોઈપણ જીવોને અપર્યાપ્ત અવસ્થામાં આ સમ્યક્ત્વ હોતું નથી. પરંતુ સપ્તતિકા ચૂર્ણિ વગેરે કેટલાએક ગ્રંથકારોના મતે ઉપશમ શ્રેણીમાં ઉપશમ સમ્યક્ત્વી કાળ કરી વૈમાનિક દેવોમાં જાય છે. તેથી તેઓના મતે તે દેવોની અપેક્ષાએ ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ આ ૪ ઉદયસ્થાનો અને પર્યાપ્ત અવસ્થાનાં ૨૯ આદિ ૩ એમ સાત ઉદયસ્થાનો

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

હોય છે. અને દેવોના મૂળ શરીરના ૨૧ - ૨૫ - ૨૭ - ૨૮ આ ૪ ઉદયસ્થાનના ૮ - ૮ એમ ૩૨ ઉદયભાંગા અધિક થાય, અથવા ઉપશમ શ્રેણીમાં ઉપશમ સમ્યક્ત્વી કાળ કરી અનુત્તર વિમાનમાં જ જાય તો ત્યાં દુર્ભાગ્ય, અનાદેય, અપયશનો ઉદય સંભવતો નથી. માટે ૨૧, ૨૫, ૨૭, ૨૮ એ ચાર ઉદયસ્થાનના પ્રશસ્ત પ્રકૃતિના ઉદયવાળા માત્ર ચાર ભાંગા અધિક થાય, તેથી કુલ ૩૪૯૭ અથવા ૩૪૬૯ ઉદયભાંગા થાય અને તેમાં ઉત્તર વૈક્રિય શરીરના દેવો વગેરેના ૩૨ ભાંગા અધિક લઈએ તો ૩૫૨૯ અથવા ૩૫૦૧ ઉદયભાંગા આવે, એમ કુલ ૬ રીતે ઉદયભાંગા ગણવા ઠીક લાગે છે.

પરંતુ ગુજરાતી પુસ્તકોમાં કેટલાએક પંડિતોએ તેથી બીજી રીતે પણ ઉદયભાંગા ગણાવેલ છે. પરંતુ તે બહુ જ વિચારણીય લાગે છે. જિજ્ઞાસુઓએ તેનો વિશેષ વિચાર બહુશ્રુતો પાસેથી જાણવો. અને અહીં ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વ : આ સમ્યક્ત્વમાં અવધિજ્ઞાન પ્રમાણે ૨૮ આદિ ૫ બંધસ્થાન અને ૩૫ બંધભાંગા હોય છે. અને માત્ર એકેન્દ્રિયમાં જ સંભવતા ૨૪ વિના શેષ ૧૧ ઉદયસ્થાનો હોય છે.

जैन साईट JAINSITE

આ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર કેવળીના કાળમાં પ્રથમ સંઘયણી મનુષ્યો જ હોય છે. પરંતુ બદ્ધાયુ આ સમ્યક્ત્વ પામે તો ત્રીજા અથવા ચોથા ભવે મોક્ષમાં જાય તેથી ૨૧ વગેરે અપર્યાપ્ત સંબંધી ઉદયસ્થાનો અને ઉદયભાંગા પણ ઘટી શકે છે, પરંતુ જો બદ્ધાયુ જીવ ક્ષાયિક પામી મૃત્યુ પામીને મનુષ્ય અથવા તિર્યંચમાં જાય તો યુગલિકમાં જ જાય અને ત્યાંથી ત્રીજા ભવે દેવમાં જઈ ચોથા ભવે પ્રથમ સંઘયણવાળા મનુષ્ય થઈને જ મોક્ષમાં જાય અને બદ્ધાયુ જો દેવ અથવા નરકમાં જાય તો ત્યાંથી કાળ કરી ત્રીજા ભવે મનુષ્ય થઈ મોક્ષે જાય. માટે આ ૩ અથવા ૪ ભવની અપેક્ષાએ દરેક ઉદયસ્થાનોમાં પ્રથમ સંઘયણના જ ઉદયભાંગા હોય છે. અને યુગલિક મનુષ્ય-તિર્યંચમાં જાય તો ત્યાં પણ દેવોની જેમ દુર્ભગ-અનાદેય અને અયશ સિવાય બીજી કોઈ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી. તેથી ૨૧ના ઉદયના મનુષ્યના ૮, ૨૬ના ઉદયે એ જ આઠને ૬ સંસ્થાને ગુણતાં ૪૮, અને ૨૮ના ઉદયે તેને બે વિહાયોગતિએ ગુણતાં ૯૬, ૨૯ના ઉદયના પણ આજ ૯૬, ૩૦ના ઉદયે ૯૬ને બે સ્વરે ગુણતાં ૧૯૨, એમ મનુષ્યના ત્રીજા અથવા ચોથા ભવની અપેક્ષાએ કુલ (૪૪૦) ચારસો ચાલીસ, વૈક્રિય મનુષ્યના ૩૫, આહારકના ૭, અને કેવળીના ૮ એમ મનુષ્યગતિના કુલ (૪૯૦) ચારસો નેવું ઉદયભાંગા અને દેવોના ૬૪ તથા દેવોની જેમ યુગલિક તિર્યંચના ૬૪ અને નારકના ૫ એમ ચારે ગતિનાં ૧૧ ઉદયસ્થાનમાં કુલ ૬૨૩ ઉદયભાંગા હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂ. દુપ્પસહસૂરિજીની જેમ પાંચ ભવ કરનારના ક્ષાયિક સમ્યક્ત્વની વિવક્ષાએ તેથી વધારે ભાંગા પણ ઘટે. તે સ્વયં વિચારી લેવા, પહેલા ગુણસ્થાનકે જ સંભવતાં ૮૬ અને ૭૮ વિના ૯૩ આદિ ૧૦ સત્તાસ્થાનો હોય છે.

## સંજ્ઞી માર્ગણા :

સંજ્ઞીમાં ૨૩ આદિ ૮ બંધસ્થાન, ૧૩૯૪૫ તેર હજાર નવસો પીસ્તાલીસ બંધભાંગા અને કેવળીને સંજ્ઞી ગણીએ તો માત્ર એકેન્દ્રિયમાં સંભવતા ૨૪ વિનાનાં ૧૧ ઉદયસ્થાનો અને એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬ એમ ૧૦૮ વિના શેષ (૭૬૮૩) સાત હજાર છસો ત્ર્યાસી ઉદયભાંગા હોય છે અને કેવળીને સંજ્ઞીમાં વિવક્ષા ન કરીએ તો ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતના ૮ ઉદયસ્થાન અને કેવળીના ૮ ભાંગા વધારે બાદ કરતાં (૭૬૭૫) સાત હજાર છસો પંચોતેર ઉદયભાંગા થાય છે.

સત્તાસ્થાન કેવળીને સંજ્ઞી ગણીએ તો ૧૨ અને ન ગણીએ તો ૯ તેમજ ૮ વિના ૧૦ સત્તાસ્થાનક હોય છે.

અસંજ્ઞી માર્ગણા : તિર્યંચ ગતિની જેમ ૨૩ આદિ ૬ બંધસ્થાન અને (૧૩૯૨૬) તેર હજાર નવસો છવ્વીશ બંધભાંગા તેમજ ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાનો હોય છે. ઉદયભાંગા એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત અસંજ્ઞી મનુષ્યના ૨૧ તેમજ ૨૬ના ઉદયના ૨ એમ ૧૧૦ અને અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના બેઈન્દ્રિયની જેમ ૨૨ એમ સર્વ મળી ૧૩૨ ઉદયભાંગા હોય છે.

અહીં કેટલાએક ગ્રંથોમાં પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયની જેમ દરેક પરાવર્તમાન પ્રકૃતિઓનો ઉદય પણ બતાવેલ છે, માટે તે મત પ્રમાણે ગણીએ તો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની જેમ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના પણ (૪૯૦૬) ચાર હજાર નવસો છ અને પૂર્વોક્ત એકેન્દ્રિયાદિકના ૧૧૦ એમ (૫૦૧૬) પાંચ હજાર સોળ ઉદયભાંગા પણ હોય છે. અને તિર્યંચ ગતિ પ્રમાણે ૯૨ વગેરે ૫ સત્તાસ્થાનો હોય છે.

## આહારી માર્ગણા :

આહારી માર્ગણામાં ૨૩ આદિ ૮ બંધસ્થાન અને (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા હોય છે અને ૨૦ નું કેવળી સમુદ્ઘાતમાં કાર્મણ કાયોયોગે વર્તતાને તથા ૨૧ નું ઉદયસ્થાન કેવળ કાર્મણ કાયયોગમાં વર્તતા જીવોને વિગ્રહગતિમાં તેમજ કેવળી સમુદ્ઘાતમાં ત્રીજા-ચોથા અને પાંચમા સમયે જ હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અને તે વખતે જીવ અણાહારી હોય છે તેમજ ચૌદમા ગુણસ્થાનકે પણ અણાહારી હોવાથી ત્યાં સંભવતા ૯ અને ૮ એમ કુલ ૪ વિના ૨૪ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો હોય છે. ૨૦નો ૧, ૨૧ના ૪૨, ૯ અને ૮ના ઉદયનો ૧ - ૧ એમ ૪૫ વિના આઠે ઉદયસ્થાનના ૭૭૪૬ ઉદયભાંગા હોય છે. અને ચૌદમાના ચરમ સમયે સંભવતાં ૯ અને ૮ વિના શેષ ૧૦ સત્તાસ્થાનો હોય છે.

અણાહારી માર્ગણા : આ માર્ગણા વિગ્રહગતિ અને કેવળી સમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયે તેમજ ચૌદમા ગુણસ્થાનકે જ હોય છે. અન્ય સર્વ કાળમાં સર્વ ગુણસ્થાનકોમાં જીવ આહારીજ હોય છે. તેથી મુનિને જ સંભવતાં ૩૧ અને ૧ વિના ૨૩ આદિ ૬ બંધસ્થાન અને નરક પ્રાયોગ્ય બંધ પણ આ માર્ગણામાં ન હોવાથી નરક પ્રાયોગ્ય ૨૮ના બંધનો ૧, આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્ય ૩૦ના બંધનો ૧, ૩૧ અને ૧નાં બંધનો ૧ - ૧ એમ ૪ વિના (૧૩૯૪૧) તેર હજાર નવસો એકતાલીશ બંધભાંગા અને ૨૦ - ૨૧ - ૯ અને ૮ એમ ૪ ઉદયસ્થાનો અને તેઓના અનુક્રમે ૧ - ૪૨ - ૧ અને ૧ એમ ૪૫ ઉદયભાંગા હોય છે અને સત્તાસ્થાન ૯૩ આદિ ૧૨ હોય છે.

આ પ્રમાણે સામાન્યથી અને ૧૪ જીવસ્થાનક, ૧૪ ગુણસ્થાનક તેમજ ૬૨ માર્ગણામાં બંધસ્થાનાદિક તેમજ બંધભાંગા વગેરેની સત્પદપ્રરૂપણા પૂર્ણ થઈ અને આઠ મૂળ કર્મ તેમજ દરેક ૧ - ૧ કર્મની ઉત્તર પ્રકૃતિઓની પણ સત્પદપ્રરૂપણા પૂર્ણ થઈ તેમજ ઉદીરણા અમુક અપવાદ સિવાય ઉદય પ્રમાણે જ હોવાથી ફરીથી બતાવેલ નથી.

આ પ્રમાણે છઠ્ઠા કર્મગ્રંથના અર્થ તથા પરિશિષ્ટરૂપે બાસઠ્ઠિયાનો અર્થ સંક્ષેપથી અહીં સમાપ્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩.
(મો.) ૯૯૨૫૦૨૦૧૦૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com